શ્રી

નાભાસ્વામી કૃત ભક્તમાળની ગુજરાતી ટીકા.

ભક્તમાળ

પ્રસંગ સટીક.

મહાત્મા પ્રિયાંદાસની હીંદી ટીકાને અનુસરીને

બનાવનાર

ગોપાળરાય પ્રભુરામ મહેતા.

ગુડસ કલાર્ક—અમદાવાદ.

સોલ એજંટ

દેવ રામચંદ્ર જાગુષ્ટે બુકસેલર.

ત્રણદરવાજા—અમદાવાદ.

કીમત. ૧--૮—૦

ભકતમાળ પ્રસંગ.

અથવા.

નાભાસ્વામીકૃત ભકતમાળના ગુજરાતી ટીકા.

મહાત્મા પ્રિયાંદાસની હીંદી ટીકાને અનુસરીને

બનાવનાર.

ગોપાળરાય પ્રભુરામ મહેતા. ગુડસ કલાર્ક—નડીઆદ.

શ્રી ગુરૂ નાનકવંશ ઉત્પન્ન

શ્રી ગુરૂ સંગતીદાસના શીષ્ય

श्लोक. ॐ नमो स्त्वनन्ताय सहस्र मूर्तये
सहस्र पादा क्षिशिरो रुवाहवे
सहस्र नाम्ने पुरुषाय शाश्वते
सहस्र कोटी युग धारिणेनमः

છપાવી પ્રસિદ્ધ કરનાર.

દાકતર શંકરલાલ કેશવલાલ વ્યાસ.

ફર્સ્ટકલાસ હોસ્પીટલ એસીસ્ટંટ, સીવીલ હોસ્પીટલ-અમદાવાદ

સોલએજંટ મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે

ત્રણદરવાજા—અમદાવાદ

અમદાવાદ—મા " રાજનગર સર્વપ્રકાશીન્દ્રી પ્રીન્ટીંગપ્રેસ. "

કીંમત રૂ. ૧—૮—૦.

પ્રસ્તાવના.

"ભક્તમાળ" નામનો મૂળ ગ્રંથ નાભાસ્વામી નામના મહાત્માએ હીંદીમાં બનાવેલો પણ તેમનું કાવ્ય અતી ગંભીર અને પ્રૌઢ અર્થવાળું હોવાથી તેનો અર્થ ગ્રહણ કરવો ઘણો મુશ્કેલ પડવાથી તેમનાજ પંથના એક પ્રીયાંદાસ નામના મહાત્માએ તેની કવીત બંધ હીંદીમાં ટીકા કરેલી પણ તેનો અર્થ સમજવો ઘણો મુશ્કેલ પડતો કારણકે તેમાં ઘણી બાબતો અધ્યહાર રહેલી હોવાથી આપણા લોકોને તે ગ્રંથ ગુરૂ મુખ ભણ્યા વગર સમજી શકવો કઠણ પડે છે. આપણા લોકો ભક્તમાળનાં વખાણ સાંભળી તે વાંચવાની રૂચી કરે છે, પણ તે ગ્રંથ સહેલાઇથી સમજી શકાય તેવો નથી તેમજ તેને સમજાવનારા પણ કોઇ જવલાજ મળી આવે છે માટે તે ખોટ પુરી પાડવાને માટે મેં નડીયાદમાં કાછીઆવાડમાં નાગરદાસ રણછોડદાસ નામના વૃદ્ધ સાધુ મહાત્મા પાસે તે ગ્રંથ ઊપલક ઊપલક સમજી લેઇને મારી બુદ્ધી પ્રમાણે મેં આ "ભક્તમાળ પ્રસંગ" નામનો ગ્રંથ બનાવ્યો છે જેથી આપણા લોકો તે ભક્તમાળની વાતથી વાકેફ થાય અને તેમને મુળ ગ્રંથ સમજવા માટે કંઇક મદદ મળે. આજ કાલ વેદાંતનો પ્રસાર ઘણો હોવાથી વેદાંતના ગ્રંથ સમજાવનાર આપણને સહેલાઇથી મળી આવે છે પણ ભક્તિ વિષેના ગ્રંથના સમજાવનાર આપણને મળવા ઘણા મુશ્કેલ પડે છે માટે મારો આ પ્રયત્ન હું દેશ સેવામાં મુકુછું. ભક્તમાળના મૂળ કર્તા પુરૂષનો તેમજ ટીકા બનાવનારનો તેમજ તે ગ્રંથ મને સમજાવનાર મહાત્માનો જે ખરો ભાવ છે તે હું આ મારા ગ્રંથમાં વર્ણવી શકયો નથી તેથી હું વાંચક વર્ગની માફી માગું છું. તેમનો ખરો ભાવ તો આપણને ભક્તમાળની કથા સાંભળતાં ગદગદ કંઠ કરી નાંખે અને આંખમાંથી અશ્રુપાત કરાવે તેવો છે માટે તેમના મુળ ભાવની તો ગંધ પણ મારાથી આ ગ્રંથમાં લાવી શકાઇ નથી તોપણ જે સહેજ સાજ મારાથી બની શક્યું તે હું આપના આગળ મુકીને હું આપને અભિવંદન કરૂં છું. આ ગ્રંથમાં કોઇ કોઇ ઠેકાણે કેટલા એક ઇશ્વર કોટી આચાર્યો કે જેમને આપણે ઇષ્ટ કરી માનીએ છીએ તેમને ભક્તનું રૂપ આપેલું માલમ પડે તો તે ઉપરથી તેમને જીવકોટીમાં ગણેલા સમજવાના નથી પણ જેમ શીવપુરાણમાં શીવને ઉપાસ્યગણી વિષ્ણુને ઉપાસક ગણ્યા છે અને વિષ્ણુ પુરાણમાં વિષ્ણુને ઉપાસ્ય ગણી શીવને ઉપાસક ગણ્યા છે તેમ જ્યાં જ્યાં જેને જેને કારણ બ્રહ્મ ગણ્યું છે ત્યાં ત્યાં તેતે ઉપાસ્યનું રૂપ ગણ્યું છે અને કાર્ય બ્રહ્મને ઉપાસકનું રૂપ ગણ્યું છે. અને તેજ પ્રમાણે આ ભક્તિનો વિષય હોવાથી તેમને ભક્ત કહીને તેમનો પ્રસંગ ભક્તીની વિશેષતા દર્શાવવાને કહેલો છે. વળી કોઇ કોઇ ઠેકાણે એક ધર્મની વિશેષતા અને બીજા ધર્મની ન્યુનતા બતાવેલી હોય તો તે પણ આ ભક્તિના પ્રસંગની વિશેષતા ઘટાવવાના હેતુરૂપ સમજવી બાકી કંઇ વિધિ નિષેધની વાત સમજવી નહીં કારણ કે સર્વ ધર્મને સામાન્ય રીતે અનુસરીને આ ભક્તીનો પ્રસંગ ચલાવ્યો છે અને કોઇ મતમતાંતરનો પક્ષ ગ્રહણ કર્યો નથી જેથી સૌને તે અનુકુળ પડે.

અંતકરણની ખરી લાગણી પૂર્વક આપણે જે ભાવ લાવીયે અને જેવી ભક્તિ કરીએ તેવું આપણને ફળ મળે અને તેની સત્યતા દ્રઢ કરવાના હેતુરૂપ પુરાવા માટે તુલસીદાસ મહાત્માએ પણ કાકભુસંડજીના ગરૂડ પ્રત્યેના સંવાદમાં પણ કહેલું છે કે

॥ જાકો જાસો સત્ત સનેહુ ॥
॥ મીલે તાત નહીં સંદેહુ ॥

શ્રી કૃષ્ણ ભગવાને પણ અરજુન પ્રત્યે ગીતામાં કહેલું છે કે

ये यथामाम् प्रपद्यंतेतां स्तथैव भजाम्यहं ॥
मम वर्त्मानु वंर्तते मनुष्या:पार्थ सर्वश: ॥

ભાવાર્થ—જે માણસ મને જે રૂપે તથા જેના સારૂ ભજે છે તે માણસને હું તરૂપે તે તુંજ ફળ આપું છું. હું સર્વે વ્યાપક છું તેથી કોઈ તેનું ભજન કરેતો પણ તે મારૂંજ ભજન કરે છે અને તેમને તેમના ઇષ્ટ રૂપે હુંજફળ આપું છું અને તેમની ભાવનાને અનુસરૂં છું.

કેટલાએક લોકો વેદાંતની વાતને અનુસરીને ભક્તીને અંતઃકરણની શુદ્ધિના હેતુ રૂપ ગણીને તેને નમાલી ગણી કાઢીને બ્રહ્મજ્ઞાન અથવા આત્મજ્ઞાનનું ડોળ રાખીને તેને સ્વિકારતા ન હોયતો તેમ કરવું યથાર્થ ગણાય નહીં. કારણ કે જોકે તે તેમના કહેવા પ્રમાણે ચીત શુદ્ધિના હેતુ રૂપ છે તો પણ તે જ્ઞાનથી પેલે પારની વાત છે કારણકે જ્ઞાનનું પરિપકવ પણું તેજ સાચી ભક્તિ કહેવાય. કારણકે તે દશામાં તેને સર્વ ઠેકાણે તે એકજ બ્રહ્મ તત્વનું સદા ચીંતન રહે છે. અને તેથી તેવો ભક્તજ ફક્ત જ્ઞાની કહી શકાય. શ્રી ભગવાને ગીતામાં કહ્યું છે કે—

योमाम् पश्यति सर्वत्र सर्वंच मयि पश्यति ॥
तस्याहं नप्रणश्यामि सचमेन प्रणश्यति ॥

ભાવાર્થ—જે માણસ મને ચરાચર ભુત પ્રાણીને વિષે વ્યાપક દેખે છે અને જે માણસ સર્વ વિશ્વને મારે વિષે રહેલું દેખે છે તેનાથી હું દુર નથી. એટલે તેને હું પ્રગટ થાઉં છું કારણ કે તેનો જ્ઞાની મારો અભેદ ભક્ત હોય છે.

तपस्वीभ्योऽधिको योगी ज्ञानिभ्योऽपिमतोऽधक:
कर्मिभ्यश्चाधिको योगी तस्माद्योगी भवार्जुन ॥

ભાવાર્થ—તપકરનારા કરતાં ભક્તિ યોગ કરનારો વિશેષ છે. જ્ઞાની કરતાં પણ ભક્તિ યોગ કરનારો વિશેષ મનાયલો છે અને પુણ્ય કર્મ કરનારાથી પણ ભક્તિરૂપ યોગ કરનાર અધીક છે માટે હે અર્જુન તું ભક્ત યોગીથા અને તારી બુદ્ધિને તું ભક્તિને વિશે જોડ.

"योगि नामपि सर्वेषां मद् तेनांतरात्मना ॥
श्रद्धावान्भजते योमामुसमेयुक्त तमो मत: ॥

ભાવાર્થ—તપયોગી, જ્ઞાનયોગી, કર્મયોગી, અષ્ટાંગ સાધક યોગી વિગેરે સર્વે યોગીઓમાં જે યોગી મારે પરાયણ થઈને જે મને સર્વના અંતરાત્મા તરીકે જાણીને શ્રદ્ધાવાન થયો થકો જે મને ભજે છે તેને મેં ઉત્તમ યોગી માનેલો છે

માટે ભક્તી સૌથી છેવટનું પગથીયું છે અને મુક્તિથી પણ વિશેશ છે કારણ કે મુક્તિનો જેમ મહાકાશમાં ઘટાકાશ મળી જાય તેવા ભાવરૂપે છે અને ભક્તિને પરમ આનંદની પ્રાપ્તિ કરાવનાર હેતુરૂપ છે. દરેક માણસ પોતાની સૌથી પ્રીય વસ્તુને ઇષ્ટ માને છે. શુન્યવાદી પણ શુન્યને ઇષ્ટ ગણે છે અને તે પ્રમાણે પોતાના ઇષ્ટ પાસેથી તેવાજ ફળની અપેક્ષાએ તે તેવાજ ફળને પામે છે. માટે જેવો ભાવ તેવી ભક્તિ, અને જેવી ભક્તિ તેવું ફળ. ભાવિક લોકો આ ગ્રંથના અધિકારી. આ ગ્રંથ ભક્તિ સાથે સંબંધ ધરાવે છે. આ ગ્રંથનો વિષય ભક્તિનેપ્રતિપાદન કરે છે અને આ ગ્રંથનું પ્રયોજન ભક્તિ દ્વારાએ મોક્ષરૂપ ફળનો હેતુછે. એમ તેનો અનુબંધ કહીને વાત ટુંકામાં પતાવીદઉં છું. અને આ ગ્રંથની અંદર જે જે દોષ માલમ પડે તે સુધારીને વાંચશો અને તેમાં જે જે ન્યુનતા રહી ગએલી હોય તે મારી બુદ્ધિની હીનતા સમજીને મને તે માફ કરશો. આ ગ્રંથ ઉતારવાની અંદર તથા મને તેમાં અનુકુળતા કરી આપવા કેશવલાલ વજુભાઈ, જેઠાલાલ શીવરામ, ધનશંકર ગોવિંદરામ કાળાભાઈ મોરારજી, મોતીરામ ભગવાનદાસ માધવલાલ બાપાલાલ ફરદુનજી અરદેશર અને દેશાઈ. બાઈલાલભાઈ નરશીભાઈએ મને મદદ આપી છે માટે તેમને હું સાબાશી આપું છું.

નડીયાદ.

લી. સેવક
ગોપાળરાય મણીરામ મહેતા
ગુડ્સ કલાર્ક—નડીયાદ સ્ટેશન

અભિપ્રાય

श्लोक.

यद्यदाचरति श्रेष्टस्तत्तदेवेतरो जनः।
स यत्प्रमाणं कुरुते लोकस्तदनुवर्तते.।

ભાવાર્થ—શ્રેષ્ટ માણસ જેજે આચરણ કરેછે, તેજ પ્રમાણે ઇતર માણસ પણ તેગનો દાખલો લેઇને તેવાં આચરણ કરેછે. શ્રેષ્ટ માણસ જે વાતને પ્રમાણ કરેછે તે વાતને બીજા લોકો પણ માન્ય રાખેછે, અને તે પ્રમાણે પોતે અનુસરે છે માટે તે નિયમને અનુસરીને આ ચોપડી વિષેના અભિપ્રાય અત્રે મુકવા યોગ્ય સમજીને આ સ્થળે મુકયા છે તે નીચે પ્રમાણે:—

મેહેરબાન ભાઇશંકર નાનાભાઇ. સોલીસીટર સાહેબ, હાઇકોર્ટ મુંબઇ. તરફથી મળેલો અભિપ્રાય.

રા. ગોપાળરાય પ્રભુરામ.

તમે ભકતમાળ પ્રસંગ નામના પુસ્તકનાં પૃષ્ટ ૧૫૨ સુધીનાં પ્રુફ મને વાંચવા મોકલ્યાં તેમાંનાં ઘણાંખરાં મેં વાંચ્યાં છે.

એ પુસ્તક ઘણી સારી ઇબારતમાં અને સરળ ભાષામાં લખાયેલું છે, તેમજ એમાંનો કઠણ વિષય સર્વને સમજ પડે તેમ કરવાનો તમારો પ્રયત્ન સ્તુતીપાત્ર છે. એ પુસ્તકથી હું ઘણો પ્રસન્ન થયો છું અને તેની બે નકલ મારી લાયબ્રેરીને માટે મોકલવાની તમને વિજ્ઞપ્તી કરૂં છું.

લી. ભાઇશંકર નાનાભાઇ

૧૮-૩-૧૯૦૧

દીવાન બહાદુર અંબાલાલ સાકરલાલ. એમ. એ. એલ. એલ. બી. લેક્ટ, ચીફ જસ્ટીસ. બરોડા સ્ટેટ. તરફથી મળેલો અભિપ્રાય.

રાજેશ્રી ગોપાળરાય પ્રભુરામ

ગુડસ કલાર્ક નડીયાદ સ્ટેસન. જોગ

લી૦ શુભેચ્છુ અંબાલાલ સાકરલાલના જય જય વાંચવા. તમારી

રથી ભાકતમાળ પ્રસંગ નામની ચોપડીનાં તૈયાર થએલાં પાનાં મને મોકલ્યાં તેમાંની થોડી કથાઓ મેં વાંચી. એ પુસ્તકની ભાષા ઘણી સરળ ને સમજાય એવી છે ને એણે કરીને ખરી ભકતીને સન્માર્ગની વૃદ્ધિ થશે એમ મને દીસે છે.

બીજા કામને લીધે મારાથી વેળાસર ઉત્તર લખી શકાયો નહીં.

તા૦ ૨૭ ફેબરવારી ૧૯૦૧
લી૦ અંબાલાલ સાકરલાલ
તા૦ ક૦ તમારૂં પુસ્તક મંગાવી લેજો.

સરદાર બહાદૂર દેશાઇજી સાહેબ બેચરદાસ વિહારીદાસ. મા૦ દિવાનજી સાહેબ, જુનાગઢ સ્ટેટ. તરફથી મળેલો અભિપ્રાય—

આ પુસ્તકનાં પ્રુફ જોકે મને બરાબર રીતે વાંચવાનો જરૂરી કામને લીધે અવકાશ મળ્યો નહીં પણ બે ત્રણ જુદે જુદે ઠેકાણે પ્રુફો વાંચ્યા તેથી એ ગ્રંથ ઉપયોગી છે ને સારી ભાષાથી લખાએલો છે એમ મને લાગે છે.

નડીઆદ
તા. ૧૯—૩—૧૯૦૧

બેચરદાસ વિહારીદાસ

મેહેરબાન કૃષ્ણમુખરામ આતમારામ. લેઇટ જજ્જ સાહેબ સ્મોલકોઝ કોર્ટ. અમદાવાદ તરફથી મળેલો અભિપ્રાય.

શ્રી

સુરત તા૦ ૭ માર્ચ શને ૧૯૦૧

રા૦ રા૦ ગોપાળરાય

મુ૦ નડીયાદ

તમારો પત્ર તા૦ ૨ માર્ચનો પહોંચ્યો છે તથા બુક પોસ્ટથી મોકલેલું "ભકતમાળ પ્રસંગ" મને મળ્યું છે. બધું મને વાંચી જોવાનો વખત મળી શક્યો નથી તોપણ ઉપર ઉપરથી વાંચ્યું છે તે ઉપરથી હું કહુંછું કે પુસ્તક સારૂં છે. હાલના જમાનાના સુધારાવાળાઓ પોતાના ખરા ધર્મને ભુલી જઇ ભકતીનો ભાવ કેવો છે તથા ખરી ભકતીથી શું ફાયદો થઇ શકે છે એ સમજી શકતા નથી છતાં પણ હજુ ઘણા લોકો એવા છે કે તેને ભકતોનાં ચરીત્ર પ્રીયકર થઇ પડે છે તથા તેઓને આ પુસ્તક વાંચ્યાથી આનંદ થાય એમ છે. તમે જે મહેનત કીધી છે તે સ્તુતી પાત્ર છે તથા ગુજરાતી ભાષા બહુ સારી વાપરી છે એમ હું માનુંછું. એકંદર જોતાં તમારો શ્રમ ફોકટ જાય એમ મારૂં માનવું નથી.

હું શનીવારે અથવા રવીવારે અમદાવાદ જયાનો છઊં ત્યારે તમારો ગ્રંથ સાથે લેતો જઇશ ને તમને સ્વાધીન કરીશ પરમ દીવસે શનીવારે રાતે સાડા નવે જે ગાડી સુરતથી અમદાવાદ જવા આવે છે તે વખતે નડીઆદ સ્ટેસને મને મળશો એમ આશા છે.

લી૦ કૃષ્ણમુખરામ—
આત્મારામના નમસ્કાર

રા. બા. મણીલાલ અજીતરાય બી. એ. દીવાન સાહેબ. પોરબંદર સ્ટેઇટ તરફથી મળેલો અભિપ્રાય.

આપનું બનાવેલું "ભકતમાળ" નામનું પુસ્તક મેં ફુરસદ મળ્યા પ્રમાણે વાંચી જોયું છે. ભકિતમાર્ગના શિષ્યોને તે પુસ્તકમાં બતાવેલાં દ્રષ્ટાંતોથી સાત્વિક શ્રદ્ધા વૃદ્ધિ પામે તથા મનમાં ભકિતના પ્રભાવ વિષે કંઇ સંશય હોય તો તે નાશ પામી દ્રઢભાવ થાય એવો સંગ્રહ તેમાં કરેલો છે. વાર્તાઓ નીતિ જ્ઞાનથી સંપુર્ણ છે તથા ભકિત સાથે શુદ્ધ નીતિનો બોધ પણ કરે છે. પુસ્તક બહાર પડશે તો સ્ત્રીવર્ગ ભકતવર્ગ તથા શ્રદ્ધાળુજનોને ઘણું ઉપયોગી થઈ પડશે અને તેમની શ્રદ્ધામાં વૃદ્ધિ કરશે એમ હું માનુંછું.

અમદાવાદ
તા૦ ૩-૩-૧૯૦૧ } મણીલાલ અજીતરાય.

મહેરબાન ગોવરધનરામ માધવરામ ત્રિપાઠી સાહેબ બી. એ. એલ. બી હાઇકોર્ટ પ્લીડર મુંબઇ. સરસ્વતી ચંદ્ર તથા સ્નેહમુદ્રા આદીના કર્તા. તરફથી મળેલો અભિપ્રાય.

રા૦ગોપાળરાય પ્રભુરામજી

તમે છપાવવા માંડેલી "ભકતમાળ" જોઈ એ ગ્રન્થ જીર્ણોદ્ધાર રૂપે છે; નવીન કૃતિ નથી. નવા લેખકોની નવીન કૃતિ વીશે સાધારણ રીતે હું અભિપાય આપતો નથી, કારણ જો તેમાં મૂલ્ય હોય તો તે જાતેજ સાક્ષર વાંચકોને જણાવું જોઈએ ને તેમ થવાથીજ લેખક વાંચક અને તટસ્થને શુદ્ધ લાભ છે, પણ જે પુરૂષો જુના ગ્રંથોનો ભાષાન્તરથી કે અન્યદ્વારા જીર્ણોદ્ધાર કરેછે તેમણે યોગ્ય વસ્તુ હાથમા ઝાલી છે કે કેમ તેટલો અભિપ્રાય લેખક વાંચકને ઉપયોગી છે. વર્તમાન પત્રોમાં વિવેચન ને પરીક્ષણ તો સર્વેનાં થવાં જોઇએ.

ભકતમાળ ભકતજનને પ્રિય લાગે એતો કહ્યા વિના સમજાય એવી વાત છે. બાકીના લોક તેનો સત્કાર પોતપોતાની ભાવના પ્રમાણે કરશે એ પણ સ્પષ્ટ છે. તટસ્થ સાક્ષરવર્ગને ભક્તમાળમાં ઘણું જોવાનું, જાણવાનું,

અને વિચારવાનું મળશે. શ્રદ્ધા અશ્રદ્ધાનો પક્ષ દૂર રાખીને પણ આ ગ્રન્થ વિચારી શકાય છે. ઈસપની કથાઓ ને પંચતંત્રની ને હિતોપદેશની વાતો કેવળ કલ્પિત જાણીનેજ વંચાય છે, તો ભક્તમાળ પણ તેવીજ રીતે વાંચનારને પણ ફળ આપી શકશે અને સહૃદય જનોને ઉચ્ચ પ્રસંગોની ભાવના દર્શાવશે. આવા સંગ્રહ નવા યુગને બળે ક્ષીણ થશે તો આ દેશના અને આ આપણા લોકના ઇતિહાસનું એક પ્રકરણ ભુંસાઇ જશે. તે પરિણામ થતું અટકે એ સાક્ષરવર્ગને ઇષ્ટ લાગવું જોઇએ. તેનો ઉપયોગ વિવેકથી થાય તો સારોજ થાય આ અને એવા અન્ય વિચારોથી જોતાં તમે જે ગ્રન્થ પ્રસિદ્ધ કરવા ધારોછો તે ઉત્તેજન યોગ્ય છે.

નડીયાદ
૧૯૫૭ ફાલ્ગુણ વદ ૩૦

લી૦ શુભેચ્છક
ગોવરધનરામ માધરામ ત્રિપાઠી.

મેહેરબાન છગનલાલ હરીલાલ પંડ્યા બી. એ. સેક્રેટરી ટુ ધી દીવાનસાહેબ્સ ઓફીસ જુનાગઢ. કાદમ્બરીના ભાષાંતર કર્તા. તરફથી મળેલો અભિપ્રાય

રા. ગોપાળરાય

શ્રી નાભાસ્વામી કૃત "ભક્તમાળ" નામના હિંદી ગ્રંથ ઉપર તમોએ રચેલી ગુજરાતી ટીકાને "ભક્તમાળ પ્રસંગ" નામે પુસ્તકના આકારમાં તમે પ્રસિદ્ધ કરવા ધારો છો તેનાં છપાઈ તૈયાર થયેલાં અમુક પાનાં તમે મને વાંચવા મોકલ્યાં તે જોતાં જણાય છે કે આ સન્માર્ગ બોધક ગ્રંથ ગુજરાતી વાંચકવર્ગને ઉપયોગી થાય એવી રીતે પ્રકટ કરવામાં તમે જે શ્રમ લીધો છે તે સ્તુતિપાત્ર છે મહા જનોનાં ચરિત્ર મનન તથા અનુકરણ કરવા યોગ્ય હોય છે, એ વાત સર્વ માન્ય છતાં તેમાં ચરિત્રોની તેમાં વિશેષે કરીને આપણા દેશમાં જુદે જુદે સ્થળે અને કાળે પ્રસિદ્ધિ પામેલા ભક્તજનોના ભેગા કરેલા વૃતાન્તની આપણી ભાષામાં મ્હોટી ખોટ હોવાથી જન-મંડળના મ્હોટા ભાગને પોતાનાં રહેણી કરણી સુધારવામાં સહાય્ય કરે એવાં સાધન જોઇએ તેટલાં મળી શકતાં નથી પરંતુ તમોએ અતિ ઉત્સાહથી તથા ભક્તિમાર્ગના ગહન વિષય ઉપરની તમારી પ્રીતિથી જે આ પ્રયત્ન આરંભ્યો છે તેથી ઘણા જનનાં મન વિશુદ્ધ બની, ઇશ્વર ઉપરની આસ્થા વડે પરમસુખ પામશે એવી આશા રહે છે. હિંદી કવિતાના શબ્દાર્થ પ્રથમ આપીને ટીકામાં તેનું વિવેચન કર્યું હોતતો ગ્રંથ સમજવાનું વધારે સરળ પડત એમ મને લાગે છે, પરંતુ એકલી ગુજરાતી ટીકા વાંચવાથી પણ ગ્રંથનો હેતુ કેટલેક અંશે સફળ થાય છે, એટલે તેનો લાભ બહુ જણ લે એમ ઇચ્છું છું.

નડીયાદ.
૧-૩-૧૯૦૧

છગનલાલ હરિલાલ પંડ્યા. બી. એ.

દેસાઇજી ગોપાળદાસ વિહારીદાસ. રેવન્યુ કમીશનર ભાવનગર સ્ટેટ. તરફથી મળેલો અભિપ્રાય

ઉત્તરમાં વીનતી કે

નાભાસ્વામીકૃત ભકતમાળની ગુજરાતી ટીકાનું પુસ્તક આપે તૈયાર કરવા માંડયું છે તેનો કેટલીક ભાગ જોયો. ગુજરાતી બોલનારા ભકતજનોને એ પુસ્તક પ્રિય થઇ પડશે અને તેઓ આપના શ્રમને માટે આભાર માનશે.

શ્રી નડિઆદ. તા. ૧૯-૩-૧૯૦૧ } લી. ગોપાળદાસ વિહારીદાસના રામરામ.

તા૦ ૧૫—૨—૧૯૦૧
મુ૦ પાળીયાદ

રા૦ રા૦ ગોપાળરાય પ્રભુરામ.

મુ૦ નડીઆદ

આપના તરફથી ભકતમાળ પ્રસંગ નામની ચોપડી આવી તે વિશે લખવાનું કે આ નામનું પુસ્તક હીંદીભાષામાં આગળ મારા વાંચવામાં આવેલું પણ ભાષા ફેરથી કોઇ જાણીતા માણસના સમજવા શીવાય જેવી જોઇએ તેવી સમજ પડવાને ઘણી મુશ્કેલી જેવું જણાએલું અને તે વખતથીજ મારા મનમાં હતું કે આવું અમુલ્ય અને ભકિતમાં શ્રદ્ધા વધારે તેવું પુસ્તક જો ગુજરાતી ભાશામાં હોય તો ગુજરાતી જાણનારને ઘણું ઉપયોગી થઇ પડે અને લોકોને ઘણી ભકિત અને આસ્થા બેસે. મતલબે ગુજરાતી ભાષામાં આવા પુસ્તકની ખરેખરી ખોટ હતી તે આપે ઘણા કામના બોજામાંથી ફુરસદ લઇ તે ખોટ પુરીપાડીછે તેથી લોકો ઉપર એક અનુગ્રહ જેવું કરેલ છે.

મુ. પાલીઆદ
તા૦ ૧૫-૨-૧૯૦૧

શુભેચ્છક મણીલાલ કેશવલાલ
પાલીઆદ થાણદાર

બી. બી. સી. આઇ રેલ્વેના અમદાવાદ ડીવીઝનના કેરેજ એગ્ઝામીનર સાહેબ મેહેરબાન નારણદાસ નંદલાલ તરફથી મળેલો અભિપ્રાય.

શ્રી

સદા હેતકારીભાઇ ગોપાળરાય

લી. સ્નેહાંકીત ભગુભાઇ તથા નારણદાસ નંદલાલના પ્રણામ વાંચવા.

જત આપે જે ભકતમાળનાં પાનાં નમુના તરીકે મોકલ્યાં તે અમે બંને જણાએ ઘણે ભાગે વાંચી જોયાં અને તેથી અમને ઘણો આનંદ અને સંતોષ

થયો છે. એ અમુલ્ય ગ્રંથના ગુજરાતી તરજુમાની ઘણીજ જરૂર હતી અને તે ખોટ આજ સુધી કોઇએ પુરી પાડી હતી નહી. એ બાબતમાં તમે કેવળ પરમાર્થના હેતુથી તન મન ધનના ખર્ચથી જે સ્તુતી પાત્ર પગલું ભર્યું છે ને તે વળી તમારી રેલ્વેની સખત નોકરી હોવા છતાં આગ્રહ પુરવક આ કામ કીધું છે તેમાં પરમાત્માની પ્રેરણા તથા સાહેતા છે એમ અમે માનીએ છીયે. એ કામથી તમને સંતોષ થાએછે ને થશે તે સાથે અગણીત જીગ્નાસુજનની આર્ત પુરી પડશે એજ બદલો સમજવો. હું આપને પેહેલી જોગવાઇએ જરૂર મળીશ. પાનાં બધાં પાછાં મોકલું છુ. તે સાથે લીસ્ટ પણમોકલું છું. તમારો રૂ ૧ા હું મળીશ ત્યારે આપીશ. તમારી સુખશાતા તથા અમારા સરખું કામકાજ સુખે લખવું.

અમદાવાદ	લી૦ સ્નેહાંકિત
	ભગુભાઇ તથા નારણદાસ નંદલાલના પ્રણામ
૨૬-૩-૧૯૦૧	દા૦ ના૦ નં૦

તા૦ ૧૨-૩-૧૯૦૧
મુ૦ અમદાવાદ

મીસ્તર ગોપાળરાયજી

તમે મારી તરફ ભકતમાળનું પુસ્તક અવલોકન કરવાને સારૂં મોકલ્યું તે અવલોકન કરતાં મનને આનંદ આપે તેવું લાગ્યું. તમારો પરીશ્રમ યથાર્થ છે; નવધા ભકતીદ્વારાએ, ઐકયતાની સાથે એક અદ્વૈત આનંદકંદ પરમાત્માને મળવાને કેવી પ્રીતી જોઇએ કેવું મન જોઇએ કેવી વર્તણુક જોઇએ એ વિગેરેનો બોધ મળવાને આ પુસ્તક અતી ઉત્તમ છે; નિશ્ચય તે શું છે? તેને માટે આ પુસ્તક શિક્ષણ આપનાર છે; આમાં સર્વ મતલબનો સમાસછે; અદભુત રસનું ચિત્રછે, ચમત્કારી હકીકતોનું દર્શનછે. તેથી ઇશ્વરને ઓળખવાનો માર્ગ છે. જેટલી અતર્કય હકીકતો છે તે ઇશ્વરની સત્તા નીચેની છે. આ જગત પણ તેવુંજ છે અને તેનો પાર મેળવવાને ઘણાકના જુદા જુદા મત થયા છે તેમાં આ વિષય મનને દ્રઢતા આપે તેવો છે એટલે એ કારણો ઉપર જે તમારૂં તન મન અને ધન અરપીને આગળ પગ મુકી જીગ્નાસુઓને આપ જે કંઇ ઉપકૃત થવા ધરોછો તે કાર્ય તમારૂં સફળ છે. આ પુસ્તક માટે મને પણ કંઇક કવિતા લખવાનું મન થયું છે અને તે વીચારને દોરાઇને હું નીચે છપય વૃત લખું છું.

છપૈ.

હરિ ચિંતન ચિત લહે, તત્વ કોઉ ભકત માલકો
મિટે દ્વગનકો દાશ, લેહ પાવે ત્રિકાલકો

સદાનંદ પદ સહિત સદ્રુપન એક કતાલકો
શ્રવન મનન નિદિધ્યાસ યુકત, પાવે સુચાલકો
પુનિ મહાકાલકો કાલ બિકરાલ વ્યાલકો પેખહી
અસ નિશ્ચય કરિ હર્ષદ કહત, મિથ્યા જગકો લેખહી

ટીકા.

આ ભકતમાળ પુસ્તક ઉપર સંપૂર્ણ શ્રદ્ધા (ચીંતન) લાવીને તેમાંના તત્વને જે કોઇ જોશે કિંવા મનમાં દ્રઢ કરીને જે સત્ય માનશે તેનાં નેત્ર સ્વચ્છ થશે (અર્થાત દ્રગદોશ) નેત્ર દ્વારાએ કરીને જે જે વિક્રિયા થાય છે તે થશે નહીં અને તે નેત્રદ્વારાએ ત્રિકાલ જ્ઞાનની પ્રાપ્તી થશે. (ત્રિકાલજ્ઞાન—ભુત—ભવિષ્ય—અને વરતમાન ત્રણેનું જ્ઞાન વધશે, એમ કહેવાનો હેતુ એ છે કે શ્રદ્ધાએ કરીને એક અદ્વૈત પરમાત્માના રૂપમાં આનંદ. રહેનારા વિકાર રહીત થઇ કેવળ શુદ્ધ બને છે. મનને જીતે છે. મન સુદ્ધ હોય છે. જ્યારે તેમ થાય છે ત્યારે પાંચ કર્મેન્દ્રીયોના કર્મ ઉપર કેવળ દુર્લક્ષ રાખે છે. તે યોગે કરીને દ્રગદોશ દુર કરે એમ લખવાને અનુકુળ ગણે છે.) વળી સદાનંદની પ્રાપ્તિ સહીત દ્રઢ ચિતવડે કરીને માત્ર એકજ તાલમાં મગ્ન રહે છે (એક તાલનો અર્થ એ છે કે એક વસ્તુ નિર્ણય કરેલી હોય તે ફરે નહીં તેનું નામ એકતાલ છે એકતાલમાં અદ્વૈત બ્રહ્મ સત ચિત આનંદનો સમાસ છે અને એકતાલમાં અભેદ ઉર્મિનો રંગ છે. એકતાલમાં દ્રઢ નિશ્ચયનુ સ્વરૂપ છે. માટે તેવા પ્રકારના એકતામાં નિમગ્નન રહેવાની પ્રાપ્તિ રઈ શકે છે. શ્રવણુ મનન અને નિદિધ્યાસ યોગે સારા રસ્તા ઉપર આવી શકે છે. જ્યારે આ પ્રકારે શ્રદ્ધાયુકત સજ્જન પુરૂષોના મનનું વલણ થાય છે ત્યારે તે મહાકાળને ઓળખે છે, હર્ષદ કહે છે કે બ્રહ્મ સત્ય અને જગત મિથ્યા છે એમ તેને છેવટે પ્રતિત થાય છે.

(એટલા માટે આ પુસ્તકને હું ઘણું માન આપું છુ અને તેને માટે વિશેષમાં કહુ છું કે)

કવિત.

જાકે તન તપ્પરહે ત્રિવિધિકે તાપયુકત
તાકે હિત શ્રેષ્ટ કહુ શરબત સુધાકો જાન
કહે હરસિદ્ધ કો અજ્ઞાનતેં અંધત્વ પાયો
તાકો દ્રગ અંજનજુ દિવ્ય દ્રિષ્ટ યાકો જાન
પ્રેમ રસ પીયુષકી ધારાહે અપાર યામેં
અદ્ભુત વૃત્તાંત કર્મ ઐકયતા જાયાકો જાન
પેખતહિ મોહ મોક્ષ દ્વારકો પ્રયોગ યામેં
મનકો નિયોગ યોગ સમકે ક્રિયાકો જાન

અર્થ

ત્રિવિધિ તાપ (આધિ વ્યાધી ઉપાધી) વડે કરીને જેનું શરીર નિરંતર તપ્ત રહે છે તેના હિતને માટે આ ગ્રંથ અમૃતના શરબત રૂપી શાંત આપનાર છે. હર્ષદ કહે છે કે જેને

અજ્ઞાન યોગે કરીને નેત્ર છતાં અંધત્વની પ્રાપ્તી રહે છે તેને માટે તે અંધત્વ નેત્રને અંજન તુલ્ય અને દિવ્ય તેજ આપનાર આ ગ્રંથ છે પુસ્તકમાં પ્રેમરૂપી અમૃતની ધારા અત્યંત વરશી રહેલી છે. જેમાં અદ્ભુત વૃતાંતનું દર્શન છે, જેમાં ઐકયતાનું ચિત્ર તથા તેનો સાદ્રશ ભાવ છે. આ ગ્રંથનું અવલોકન કરતાં આનંદ આપે તેમ છે એટલુંજ નહી પણ મોક્ષદ્વાર ગળવાનો પ્રયોગ જણાય છે. જેમાં મનનો નિયોગ જણાય છે અને સર્વે ક્રિયા સાધ્ય થવાનો યોગ ભાસે છે.

રાજ્ય કવિ—હર્ષદરાય સુંદરલાલ મુનશી
સાઠોદરા નાગર બ્રાહ્મણ
અમદાવાદ

સ. રા. ગોપાળરાય પ્રભુરામ

તમારી ભકતમાળાની ચોપડી વાંચી. તે ભાષામાં સરળ અને ભક્તિભાવથી પૂર્ણ છે. શ્રદ્ધાવાન માણસોને આનંદ ઉપજાવે તેવી છે અને ઘરમાં નાનાં મોટાં સ્ત્રી અને પુરૂષો બધાંને વાંચવા યોગ્ય છે.

નડીયાદ
તા. ૨૮-૨-૧૯૦૧

લી. હીરાલાલ કેશવલાલ જોશી
આસીસ્ટંટ માસ્તર
હાઇસ્કુલ—નડીયાદ

પરમસ્નેહી ભાઇ શંકરલાલ

આપની તરફથી ભકતમાળ નામનું પુસ્તક મળ્યું તેની પહોંચ ઉપકાર સાથે સ્વીકારૂં છું.

આવાં આનંદ સાથે ધર્મનો બોધ આપનાર પુસ્તકોની ગુજરાતી ભાષામાં ખોટ છે અને તે ખોટ આ પુસ્તક કેટલેક અંશે પુરી પાડે તેમછે તેમ ઘણી સરળ ભાષામાં લખાયલું હોવાથી આ પુસ્તક સાધારણ વાંચક વર્ગને પ્રિય થઇ પડશે એવી મારી ખાતરી છે વળી માત્ર ઈતિહાસ સંબંધી જ્ઞાન ઇચ્છનારને પણ આ પુસ્તક ઉપયોગી છે, કારણકે તે ફેરફાર વગરનું ભાષાંતર છે અને તેથી અમુક વખતે અમુક વર્ગના ભક્તિ માર્ગ વિષે કેવા વિચાર હતા તે સારી રીતે દર્શાવે છે. આ પુસ્તકનો સારો પ્રસાર થવાથી તેવાં બીજાં પુસ્તકો લખાય અને તે સર્વે આ ભવસાગરમાં ઢંકાયલા અગણિત લાલચરૂપી ખડકોની ચેતવણી આપનાર દીવાદાંડીઓની પેઠે પ્રકાશી રહે એવી આશા રાખું છું

ગરાસીઆ કોલેજ
ગોંડલ
૭-૩-૧૯૦૧

લી. સ્નેહાધીન.
હીરાલાલ મોતીલાલ દેસાઇ

શ્લોકના અર્થ

અમદાવાદ શહેરમાં રહેનાર નાગર બ્રાહ્મણમાં ભુષણ રૂપ પ્રભુરામના પુત્ર ગોપાળરાયે મોટા શ્રમવડે ગુર્જરભાષા સહીત તે ગુર્જર ભાષામાં ચતુર પુરૂષોને આ ગ્રંથના અર્થને ગ્રહણ કરવા માટે સ્પષ્ટ કરેલો શ્રિયુત નાભાસ્વામીએ બનાવેલા ભકતમાળ નામના ગ્રંથ ને જોઇને મને અત્યંત સંતોષ થયો. આ પુસ્તક ભકિત જાણવાની ઇચ્છાવાળા મનુષ્યોને ભકિતની વૃદ્ધિ કરનારૂં છે તેમજ પુષ્ટિમાર્ગમાં રહેલા જનને પણ અત્યંત સંતોષ કરના રૂં છે કારણ કે આ ગ્રંથમાં અનેક ભકત જનોનાં વિવિધ ચરિત્રો સ્પષ્ટ રીતે બતાવ્યાં છે માટે સર્વે વિદ્યાવિલાસિ વિદ્વાનોને પરમાનંદ ઉત્પન્ન કરવા આ ગ્રંથ એક વખત પણ સર્વને અવલોકન કરવો એવી મારી માગણી છે.

નડીયાદ નગરમાં રહેલી સંસ્કૃત પાઠશાળાના અધ્યાપક ગોવીંદરામ ફકીરભાઇ શાસ્ત્રી લખનાર.

કવિત.

શ્રધ્ધાકો અંકુર પ્રતિપાદનકો હેતુ રૂપ
શ્રવન મનન નિદિધ્યાસ આલ બાલકો
પ્રેમરૂપ જલકો પ્રબોધ છંટકાવયામેં
સદ્દઢ હૃદયરૂપ ભાવના સુચાલકો.
એસેહી પ્રયોગતેં પ્રકાશ રૂપ વૃક્ષયામેં
સુરતરૂ તુલ્ય મને ચિંતક બિશાલકો
કેવળ ગોપાલ, હે ગોપાલ પ્રતિપાલ તરૂ
પરમ દયાળહે ગોપાલહે ગોપાલકો.

અર્થ.

આ ભકતમાળમાં–મુખ્ય પ્રથમ વાંચતાં શ્રદ્ધાનો અંકુર હૃદયમાં ઊપ્તન્ન કરાવનાર છે. તેમાં વિશેષે કરી શ્રવન મનન નિદિધ્યાસરૂપ તે અંકુરની આજુબાજુ દીપી રહેલ છે. વળી તે અંકુરને પ્રેમરૂપી જળ અને તે જળનો પ્રબોધરૂપી છંટકાવ દર્શીત છે. મન અડગ કેમ રાખવું તે વિશે ભાવનાનું દર્શન છે, આવા પ્રકારના પ્રયોગની સાથે તથા તે પ્રયોગ રૂપ આ ભકતમાળ રૂપી પવિત્ર ક્ષેત્રમાં તે પ્રકારનું વૃક્ષછે તે વૃક્ષને સુરતરૂ એટલે કલ્પવૃક્ષની ઊપમા આપવામાં આવે છે તે સુરતરૂ મનમાં ચીંતન થએલા અર્થને પાર પાડે છે તો જે ચૈતન્ય ને ભકતજનો ગોપાલ અર્થ સમજીને ઓળખીલે છે તે ગોપાલ, (ગો. ઇંદ્રી, ગ્નાન, તત્વ, પાલ, ધારણકરવું અર્થાત સર્વગ્નપણું થાય છે) તેથી આ કવિતના ચોથા ચરણમાં એવો ભાવ છે કે આ ભકતમાળમાં જે તત્વનું દર્શન છે તે ગ્નાનસ્વરૂપમાં અભિન્ન લીન થએલા સદ્દઢ એક અદ્વિતિય સત્‌ચિત આનંદમાં મગ્નરૂપ પરમાત્મા સ્વરૂપ મનુષ્ય દેહ નહીં રહેતાં પોતે ગોપાળરૂપ થાય છે અથવા તો સુદ્ધ ચૈતન્ય ગ્નાનમય થઇને તે દ્રષ્ટા રૂપે રહે છે. તેવી વૃતિવાળા ગોપાળ પરમાત્માનો હું ગોપાળ નામનો દીન દાસછું અર્થાત આ ભકતમાળનોહું દાસછું

દુહો.

કીટ ભ્રમરીકે સંગતે પલટત આપ નિદાન
તેસે યહ સદ બોધતે મીટત સબળ અજ્ઞાન

સર્વે વાંચક વર્ગને વિજ્ઞપ્તી કરવામાં આવે છે કે આ ગ્રંથ વાંચીને આપનો અભિપ્રાય લખી જણાવવા કૃપા કરશોજી.

અર્પણપત્રીકા.

રા. રા. શંકરલાલ કેશવલાલ વ્યાસ.

ફર્સ્ટ કલાસ હોસ્પીટલ એસીસ્ટંટ મુ. સીવીલ હોસપીટલ

અમદાવાદ.

પ્રિયમીત્ર. તમે મારા બાળસ્નેહી મીત્ર છો અને તેથી તમે જે મારા ઉપર અંતઃકરણ પુર્વક લાગણી ધરાવો છો તે હું તમારી યોગ્યતાજ માનું છું બાકી આજનાજગતમાં ઘણું ભાગે સ્વાર્થનાજ મીત્ર માલમ પડે છે અને અપેક્ષા રહીત મિત્ર તો કોઇક જવલ્લાજ મળીઆવે છે માટે તમારી નિષ્કામ દોસ્તી જોઇને અને વળી તે અત્યાર સુધી ટકી રહેલી હોવાથી હું તેની પ્રસંશા કરૂં છું.

તમારૂં નામ જે શંકરલાલ પાડેલું છે તે તમારા ગુણોને છાજતુંજ નામ પાડેલું છે. શંકર એટલે સારૂં કરનાર અથવા કલ્યાણ કરનાર તેનું નામ શંકર કહેવાય છે અને તે ગુણ તમારામાં પ્રકાશી રહેલો દેખાય છે કારણ કે તમે જે દાકતરની નોકરી કરોછો અને તેમાં જે સેંકડો દર્દીઓને યોગ્ય દવા આપીને તેમને પાછા તનદુરસ્ત કરોછો, વળી કેટલાક દર્દીઓને આરામ પાડવાનો દીલાસો આપોછો, અને કેટલાક દર્દીઓને તેમના અસાધ્ય મોટા રોગોને મટાડીને તમે તેમને જીવતદાન આપોછો, અને તેમની ખરી આશીસો લ્યોછો તેથી તમારૂં નામ જે શંકરલાલ પાડેલુંછે તે જાણ્યે પહેલેથીજ તમારૂં ભવિષ્ય વર્તાઇને પાડેલું ન હોય એમ મને લાગે છે

તમે સેંકડ કલાસ હોસ્પીટલ એસીસ્ટંટ હોવા છતાં તમારા ઉપરીઓએ તમારા પ્રમાણીકપણાની, તમારા નિયમીતપણાની, તથા તમારી હોંશિયારીની કદર બુજીને તમારાથી જુના હકદાર બીજા ઘણા દાકતરો હોવા છતાં તમને આખા મુંબઇ ઇલાકામાં, તમારા જેટલા અભ્યાસવાળા દાકતરોને

જે મળી શકે તેમાંની સર્વથી મોટી જગા આપી અને એ જગા ઉપર આવી તમે અમદાવાદ શહેરમાં આજ પાંચ વર્ષથી લોક પ્રીય બનીને તમારા ગુણોથી પ્રસશાને પાત્ર થયા છો અને તમારા ગુરૂ, દાતકર લક્ષ્મણસીંગની માફક તમારી કિર્તિની વાત સાંભળીને તે વાત નજરે જોઇને મને ઘણો આનંદ થયો છે.

આપણુ બન્ને જણુ એકજ પોળના રહીશ હોવાથી આપણુ બન્નેને નાનપણુથીજ એક બીજાઓ સાથે વાર્તાઓ કરવાને ઘણો પરીચય હતો અને તેવી સુવાર્તાઓ મારા મુખથી સાંભળવાનો તમને ઘણો શોખ હતો, પણ હાલ મોટા થવાથી તથા નોકરીને લીધે પરગામ જુદા રહેવાથી આપણો તે અભ્યાસ કે જે તુટી ગયેલો હતો તે પ્રસંગ હાલ યાદ લાવીને આ ભકતમાળ પ્રસંગ રૂપી સુવાર્તાઓનો ગ્રંથ આપણી અસલ દોસ્તીને લેઇને હું તમને પ્રેમપુર્વક અર્પણ કરૂં છું અને તેથી મારા નામ સાથે તમારૂં નામ જોડું છું જેથી આપને અતીઆનંદ થાય માટે મારી આ સુવાર્તાની પોથીનો આપ સ્વીકાર કરશો.

આ ગ્રંથને પ્રસીદ્ધીમાં લાવવાને માટે તમેં જે ખરા ભાવથી તમારૂ મન મોકળુ મુકયું તે સ્તુતી પાત્ર છે અને તે જોઇને હું ઘણો પ્રસંન થયો છું. આવું કામ કરવાને કોઇ જવલ્લેજ માથુ ઉચકે છે. આ ધર્મના કામને ઉત્તેજન આપવાથી ઘણા લોકો ભકતી માર્ગ તરફ દોરાશે અને તેથી ઉભય લોકમાં તમારો જય થશે.

નડીયાદ કાર્તક શુદ બીજ ને ગુરૂવાર સંવત ૧૯૫૭ તા. ૨૫-૧૦-૧૯૦૧	ગોપાળરાય પ્રભુરામ ગુડસ કલાર્ક

અનુક્રમણીકા

અથ ધર્મ વીચાર

ભકતમાળ પ્રસંગ.

૧ ઑંકાર સતગુરૂ પ્રસાદ.

શ્રી ગણેશાય નમઃ શ્રી સરસ્વત્યૈય નમઃ શ્રી સતગુરૂ સંગતી દાસાય નમઃ શ્રી કૃષ્ણાય નમઃ અથ, નાભાજી સ્વામીકૃત ભક્તમાળનાં આખ્યાન.

મહાપ્રભુ શ્રી કૃષ્ણ ચૈતન્ય કે જેમનાં ચરણ કમળ મનને હરણ કરવાં વાળાં છે તેમનું નામ હું મારે મોઢે ગાઉં, નાભાજીએ પ્રીયાદાસને આગ્ના કરી કે મેં જે ભક્તમાળ કરી છે તેની વિસ્તારથી ટીકા કરો. તે કવીત બંધ કરજો, અને અતી પ્યારા લાગે તેવા છંદમાં કરજો, કે જે જુગેજુગમાં પ્રકાશી રહે. જેમ આગળ શુકદેવજી થઇ ગયા કે જેમને વનમાં જોઇને વનમાં અનેક ઝાડ પણ શુક, શુક, હે શુક એમ પોકારી રહ્યાં હતાં તેમ આ ભક્તમાળ દેશ દેશાંતર વીશે નાભાસ્વામીની ભક્તમાળ એ નામથી ઓળખાય. નાભાજીએ કવીતા બંધ ભક્તમાળ બનાવી છે જે સુખ કારક લાગે છે અને ગુણી જનોને શોભા આપે છે. જેની અંદર કેવળ સાચે સાચીજ વાતો કહેલી છે અને કોઇ વાત ફરી ફરીને પુનરૂક્ત કરી નથી તેના અક્ષર મધુર તથા અનુપાસ બરોબર તથા તેની જડ ઝમક એવી ગુલતાન કરે તેવી બનાવી છે કે જાણે પ્રેમના વરસાદના ઝપાટા લાગી રહ્યા હોય. પોતાના કાવ્યની મોટાઇ પોતાને મોઢે કહેવી તે પંડીતને શોભતી નથી માટે નાભાજીની પ્રૌઢતા પ્રીયાદાસ કહે છે કે તે હું બતાવું છું. તેમની ભક્તમાલ અંતઃકરણને નીરમળ કરે છે અને હમેશ સાંભળવાનું મન થાય એવી અને ભક્તિરૂપી રસનો બોધ કરનારી છે. ભક્તમાળનું શ્રવણ અભીમાનરૂપી મેલને કાઢી નાંખી શ્રદ્ધારૂપી ફુલેલ તેલ લગાડે છે. ભક્તમાળના મનન રૂપી પાણીથી સ્નાન કરાવીને દયારૂપી રૂમાલથી લુછી લુછીને એક નિશ્ચયરૂપી નવીન ધોળાં વસ્ત્ર પહેરાવી પરમેશ્વરનાં નામ રૂપી ઘરેણાં પહેરાવી સાધુની સેવા રૂપી તેનાં કર્ણ ફુલ આભુષણ પહેરાવીને તથા માનસી પુજારૂપી તેને નાકની નથની પહેરાવી તથા સંતના સંગરૂપી તેને આંખે કાજળરૂપી અંજન કરતી હોય તેવી આ ભક્તિરૂપી મહારાણીનો શ્રંગાર મનને મોહીત કરે તેવો અને પરમેશ્વરની સૌથી પ્યારી રાણી કરાવે તેવો છે. શાંત ભાવ, દાસ ભાવ, સખ્યભાવ. શીયળભાવ અને શ્રંગારનો ભાવ વિગેરે રસોથી ભરપુર ભક્તિ રાણીનો ચમત્કાર જ્યારે કોઇ મનમાં પુર્ણ વિચાર કરે ત્યારે તે જાણે. કારણ કે તેના સ્વરૂપમાં જેની ઉપામા અપાય નહિ તે મહારાજ બતાવી દીધા છે. જેને આ ભક્તમાળ સાંભળતાં કોઇવાર પ્રેમનાં અશ્રુપાત ન થાય અથવા રૂવે રૂવાં ઉભા ન થાય તેવાં માણસો દરીયામાં ડુબાવી દેવા લાયક છે. જ્યાં સુધી માણસ આ ભક્તમાળથી દુર રહે ત્યાં સુધી તેનું અંતઃકરણ પરમેશ્વર તરફથી વીમુખતાથી પુરાઇ ગયેલું રહે છે; અને ભક્તમાળ સાંભળે તો તે ચુરેચુર થઇ જાય છે. પચરંગી ફુલના ઝાડની માફક ભક્તિરૂપી પચરંગી ઝાડના ફુલોની આ માળા હરીજનને પેહેરાવવાને બ-

નાખી છે જે માળા ડોકથી તે પગ સુધી લાંબી વૈજયતી માળા જેવી શ્રધારૂપી દ્રવ્ય ખરચીને નાભાજી નામની સખીને આ પોતાના સૌથી અભીરામ અને પ્રીતમ શ્યામ સુંદર શ્રી કૃષ્ણજી ની બુદ્ધિ લલચાવે તેવી માળા નાભા સખીએ પહેરી છે અને તેમણે પોતાની અંદરથી તે પ્યારી ગણી છે તેથી કોઇ દુર કરી શકતું નથી. અહો કેવી નવાઇ જેવી તે માળા ડેઠ પગ સુધી આવી ગઇ છે. ભક્તીરૂપી છબીના ભારથી તેના શણગાર નમી ગયા છે અને જે જુવે તેને તે વશ કરી દેછે માટે તે માળા સૌથી પ્યારી લાગે છે. ભક્તિરૂપી ઝાડ જ્યારે નાનું હોય ત્યારે તેને નીંદારૂપી બકરીઓ ખાઇ જાય તેવો ડર રહે છે માટે તેને વિચારરૂપી વાડ ચારે તરફ કરવી જોઇએ તેને સતસંગરૂપી પાણી સીંચવું જોઇએ જેથી તે વધવા લાગે. ચારે તરફ ડાળાં નાંખે અને આકાશ સુધી ફેલાવા લાગે એટલે દેશ દેશાંતરમાં પ્રગટ થાય છે જેમકે ફલાણા દેશમાં ફલાણો ભક્ત થયો છે માટે સુયશરૂપી તેનો ભકતીનો ફેલાવો થાય છે. સંત લોકોને ખુશ કરે અને પ્યારી લાગે તેવી તે તરૂની વિશાળ છાયા છે જેના પ્રસંગથી ત્રણે તાપ જે જીવોને જાળરૂપ હોય છે. તે જાય છે. જુઓ તેની મોટાઇ કે જે ઝાડને બકરી ખાઇ ગયાનો આગળ ભય રહે તો તે જ્યારે મોટું થયું ત્યારે રણ સંગ્રામમાં ઝુઝતા હાથીઓ બંધાય તેવું મજબુત થઇ ગયું. મતલબ ભક્તજન જે પહેલાં સંકોચ પામતાં તે ભકતી પરીપક્વ થયા પછી લોકોની લાજ મુકીને ભકતી કરે છે. ચીંથરે રતન હોય અને જેમ જણાઇ આવે તેમ જેમણે પોતાના ગુરૂની નાભીની વાત જાણી લીધી તેમના ગુણ અપાર છે જેમણે સાધુજનોની વાતો ચાર ચાર બોલોમાં કહી દીધી છે પણ જેના અર્થ મહાન વિસ્તાર કરવાથી થાય છે અને જે ટંકશાલના સિક્કારૂપે ગણાય છે એટલે તેમનું નામ દીધું કે હદ આવી જાયછે જેમની ભકતમાળ સાંભળીને સંત સમાજ નાભાજી નામની સખીની વાણી જાણે ચોતરફ ઘુમી રહેલી દેખેછે અને અચંબો પામેછે કે આતે કયાં સુધી રસવાળી લાગે જશે. અમે અગર એવું નામ સાંભળ્યું છે તે નામ અગર એટલે ચારેદીશે સુગંધી ફેલાવતું ચંદન અથવા ચુવો તે આજે સાચું પડયું કારણ કે તેનો અરક અથવા ચુવો નાભાજી શિષ્યે ભકત માળા રૂપી સુગંધથી ચારે તરફ ફેલાવી દિધો છે. મોટા ભકત જનો જે રાત દિવસ હરિ ગુણની કથા કરે અને જગતના પાપ ટાળે છે જેમના અંતઃકરણ જપથી પરિ પુર્ણ રહે છે સંતની સેવા અને સનમાન તથા હરિની સેવા સાચી માનીને તેઓ જગતની અંદર રહયા થકા અને જેમની પ્રિતિ એક ઇશ્વર ઉપર રહેલી છે તેમના ગુણ કોઇ કેવી રિતે કથન કરી શકે કારણકે તે કયાં થયા અને કયારે થયા તેની કોઇને કયાંથી ખબર હોય માટે એવા ભકત જનો દુર આરાધ્ય છે અને ભકતમાળ બનાવવાનું મહાન કાર્ય કરાવવામાં મન થાકી જાય છે જેના કપાળે ભાલ તીલક, માલા વિગેરે ચિન્હો હોય તેવા ભકતોને માટે આ ભકત માળા વીના ભકતી હોવી તે ઘણી દુર સમજવી. મૂલ મંગળાચરણમાં

દોહા ॥ ભકિત ભકત ભગવંતગુરૂ ॥ ॥ ચતુરનામ વપુ એક ॥
ઈનકે પદવંદ કિયે ॥ નાસહિં વિઘ્ન અનેક ॥

ભકતી - ભકત - ભગવંત અને ગુરૂ એ ચારે નામ જુદાં જુદાં છે. પણ તેમનું શરીર એટલે તેમનો વિષય એકજ છે માટે તેમના ચરણનું વંદન કરવાથી અનેક વિઘ્ન દુર થાય છે. હરિ અને ગુરૂનો દાસ તેજ સાચો સેવક અથવા ભકત છે કારણ કે જેણે એકવાર જે ટેક લીધી તે ફરિને મુકી દેનો નથી ભકની રસનું એજ સ્વરૂપ છે કે હરિનામ લેતાં પ્રેમના અશ્રુપાત થઇ જાય. અને ભગવંત તેને કહીએ કે જે પોતાના ભકતની પોતા ઉપરની

પ્રિતિનો વિચાર કરે અને પોતાની પ્રભુતા દુર રાખીને પોતાના ભકતને પ્રગટ થાય અને તેજ ગુરૂ કે જે પોતાના ગુરૂ પણાની સાચાઇ દેખાડી દે કે જે રંગ ભરી રીતી તથા ગુરૂ ભકતિને ભગવાને લક્ષ્મી પ્રત્યે કહેલી છે.

मुल ॥ दोहा ॥

मंगल आदी विचारीयह ॥ वस्तु न और अनूप ॥
हरिजनके यस गावते ॥ हरिजन मंगल रुप ॥
संतनि मिलि निरने कियो ॥ मथि पुराण इतिहास ॥
भजवेकौं दोइसुघर ॥ कैहरि कै हरिदास ॥
अग्रदेव आज्ञादइ ॥ भक्तनि कोयशगाव ॥
भवसागरके तरनको ॥ नाहिन आन उपाव ॥

આગ્રંથનું મંગલ વિચારીને એજ નક્કી કરયું છે કે બીજી કોઇ એવી અનુપ વસ્તુ નથી માટે હરિ જનના જશ ગાવામાં હરિજન પોતેજ મંગળ રૂપ છે. બધા સંતોએ પુરાણ તથા ઇતિહાસ મથીને એજ નક્કી કરયું છે કે (બીજી કોઇ એવી અનુપ વસ્તુ નથી) ભજવાને યોગ બે વસ્તુ છે કાંતો હરિ અને કયાંતો હરિના દાસ માટે તેજ મંગલા ચરણ નાભાજીના ગુરૂ અગ્રદાસજીએ નાભાજીને આજ્ઞા કરિકે ભકત જનોના તમે યશ ગાવો કારણ કે ભવ સાગર તરવાનો બીજો કોઇ ઉપાય નથી, એકવાર નાભાજીના ગુરૂ અગ્રદાસ માનસી પુંજામાં ધ્યાન કરિને, બેઠા હતા અને નાભાજી તેમને પવન નાંખતાં હતા તેવામાં અગ્રદાસનો કોઇ શિષ્ય વહાણમાં કોઇ મહા સાગરમાં મોટી આપદામાં તોફાનમાં પડયો તે વખતે તેણે પોતાના ગુરૂ અગ્રદાસનું સ્મરણ કરયું અને સંકલ્પ કર્યો કે જો હું આ દુ:ખમાંથી માલ સમેત નીકળું તો આ માલ ગુરૂને અર્પણ કરૂં. તે વખતે ગુરૂને માનસિ પુંજામાં શિષ્યની આપદા પ્રતિત થઇ તેથી પોતાના પ્રાણના ચલનથી બ્રહ્માંડના વાયુને ખેંચીને વહાણને પેલે પાર કરિ દીધું અને કંઇક વીલંબ થયો તેથી નાભાજી પંખો કરતા કરતા બોલી ઉઠયા કે હે મહારાજ તે વહાણતો કયારનું પેલે પાર ગયું માટે આપ ફરિને માનસિ છબીનું ધ્યાન કરો એવું સાંભળી તે ગુરૂએ આંખ ઉઘાડીને જોયું અને પુછયું કે એ કોણ બોલ્યું ત્યારે નાભાજીએ કહ્યું કે જેને સિદ્ધ પુરૂષોના પ્રસાદના કકડા ખવરાવીને તમે પોતાના છોકરા માફક પાળ્યો છે તેવો હું બોલ્યો ત્યારે તેમને નવાઈ અને અચરતની વાત લાગી કે અહો તે અહીં સુધિ જાણી લીધું ! એટલે મારા હૃદયની અથવા નાભીની વાત તેં જાણી લીધી તેથી તેમને મનમાં આનંદ થયો, અને જાણ્યું કે આ જાણવું તે સંત પ્રસાદનો પ્રભાવ છે માટે તેજ વખતે તેમણે નાભાજીને કહયું કે મારી નાભીની વાત તેં જાણી માટે આજથી તું નાભાસ્વામી કહેવાઇશ અને તારા ઉપર સાધુઓની કૃપા થઇ ચુકી માટે હવે તું તેમનાજ ગુણ હૃદયમાં ભાવ લાવીને કહે ત્યારે નાભાજી હાથજોડીને બોલ્યા કે હે મહારાજ શ્રી રામકૃષ્ણની ભક્તીદાવની વાત પણ હું ગાવાને અસમર્થછું તો પછી ભક્ત લોકો કે જે કયાં થયા કયારે થયા અને તે કોણ હતા તે હું કેમ જાણી શકું ત્યારે ગુરૂજીએ કહ્યું કે જેમણે તને દરીયામાં વહાણની વાત બતાવી દીધી તેજ (ભગવાન) તને ભક્તોની વાત સમજાવી દેશે, **નાભાજીની આદી અવસ્થા.** એક બ્રાહ્મણને ચાર દીકરા હતા તેમાં ત્રણને પ્રજા હતી અને એકને પ્રજા નહોતી,જ્યારે તે બ્રાહ્મણ મરવા પડયો ત્યારે પેલા વગર પ્રજાવાળાને પોતાનો હીસ્સો બાપની કમાઇમાંથી ન મળવા માંડયો તેથી પોતે જંગલમાં જઇ એક હનુમાનના

મંદીરમાં જઇ ત્રણ દીવસ સુધી લાંઘો ઘાલ્યો અને હનુમાન પ્રસન થયા નહિ તેથી છેવટે આપઘાત કરવા મંડયો ત્યારે હનુમાનજીએ પ્રગટ થઇને તેને પુછ્યું કે તું કેમ મરે છે ત્યારે કહ્યું કે મને પુત્ર નથી માટે પુત્ર આપો ત્યારે હનુમાનજીએ કહ્યું કે તારા નશીબમાં પુત્ર નથી તેથી હું તને શી રીતે પુત્ર આપું. પણ તું મારો ભક્ત થયો તેથી હુંજ પુત્ર રૂપે તારે ઘેર નવ માસે અવતરીશ તે સાંભળી પેલાને હીંમત આવી અને ઘેર આવીને પોતાના ભાઇઓ સાથે કબુલાત કરી કે જો બાર મહીનામાં મારે પુત્ર થાય તો ત્યાં સુધી વાટ જોઇને મારો ભાગ ત્રીજે ઠેકાણે મુકો કારણ કે મારી સ્ત્રીને ગર્ભ છે. ભાઇઓએ તે પ્રમાણે કર્યું અને નવ મહીને તેને પુત્ર થયો અને હનુમાનજી ત્યાં પોતે અવતર્યા અને તે તેજ કુળમાં પછીથી નાભાજી થયા માટે હનુમાન કુળમાં નાભાજી અવતર્યા હતા ને આંખે આંધળા હતા અને પોતે પાંચ વરસના હતા, અને પોતાના દેશમાં દુકાળ પડેલો તેથી તેમની માને પોશણ કરવુ મુશ્કેલ પડયું તેથી તેમની મા તેમને વનમાં મુકીને જતાં રહ્યાં, ત્યાં દૈવ યોગથી કલ્હ અને અગર નામના બે સાધુ જે ત્યાં આગળથી જતાં હતા તેમણે નાભાજીને દીઠા અને તેમને જોઇ દયા આવી તેથી ત્યાં દર્શન દીધાં અને ધણી વગરનું છોકરૂ જોઇને તે મોટા સીદ્ધ પુરૂષોએ કમંડળનું જળ તેની આંખોએ છાટયું જેથી આંખો ઉઘડીતો બન્ને સીધ્ધોને જોયા એટલે નાભાજી પગે પડ્યા અને આંખમાંથી આંસુ પડયાં તેથી તેમને દયા આવી અને નાભાજીને પોતાની સાથે લીધો અને અગરે આગ્ના કરી તેથી કિલ્હે તેમને મંત્ર ઉપદેશ સંભળાવ્યો.

ગલ્ત નામનુ કોઇ ગામ હતું ત્યાં સાધુના મઠમાં તેના પેટનો નભાવ થવા સારૂ તેને ત્યાં મુકયો અને કહ્યું કે તું અહી રહેજે, સાધુનું કામ કરજે, પગ ધોવાની કુંડીમાં જે પાણી એકઠું થાય તે પીજે અને એઠા પાત્રાળામાં કંઇ ટુકડો વધેલો હોય તે વીણી લઇને એકઠું કરીને ખાજે અને તારૂં પેટ ભરજે એ પ્રમાણે ત્યાં સીદ્ધ અને મહાત્માઓની પ્રસાદી મળવા માંડી તેથી તેના હૃદયમાં ભકિતનો રંગ ઉઠયો અને તેની મોટાઇ પછીથી ઘણી વધી ગઇ કે જેનો કોઇ પાર પામી શકે તેવો નથી એ તેનાજ પ્રતાપથી તેમણે આ ભકતમાળમાં જે જેવા ભક્ત થઇ ગયા તેમને તેજ પ્રમાણે બરોબર ગાયું છે. જયમીન જય વરાહ આદી ચોવીસ અવતાર તમારો જય થાવ, તમારી લીલા ઉપર જો કે મારી પ્રીતી છે તો પણ અગ્રદાસે ચોવીસે અવતારનું એકઠું એક સ્વરૂપ છે તેથી તેમનાં ચરણકમળ મારા હૃદયને વીશે ધારણ કરૂં છું.

मूल छप्पय छंद.

चरण चिन्ह रघुवीरके संत निसदा सहायका ॥
अंकुश अंबर कुलिशकमल जवध्व जाधेनुपद ॥
शंखचक्र स्वस्तीक जंबुफल कलश सुधाहद ॥
अर्ध चंद्र षटकोण मीन बिंदु उर्ध्वरेषा ॥
अष्टकोनरु त्रिकोण इंद्रधनु पुरुष विशेषा ॥
सीतापति पदनीतवसत एते मंगल दायका ॥
चरणचिन्ह रघुवीर के संतनी सदा सहायका ॥ ६ ॥

શ્રી રામચંદ્રજીના ચરણકમળના ચીન્હ સંતજનોને સદા શોભા આપેછે. સંતજનોની સહાયતા

ને સારૂ શ્રી રામચંદ્રજીએ પોતાના ચર્ણકમલ વિશે આવાં સુખદાયક ચીન્હ રાખેલાં છે કેમકે મનરૂપી મહા બળવાન હાથી જે કોઇના હાથમાં આવે તેવો નથી તેને કરવા સારૂ અંકુશ રૂપી ચીન્હ રાખેલું છે કે જેનું ધ્યાન કરવાથી મન વશ થાય છે. માયારૂપી તાઢની શઠતા સંતાપેનો અંબરરૂપી ચીન્હનું ધ્યાન કરવાથી માણસોને સુખ થાય છે તેવીજ રીતે પાપ રૂપી પર્વતને તોડવા સારૂ અને ભક્તોરૂપી દ્રવ્ય એકઠું કરવા તેમના ચરણમાં જે વજ ધારણ કરેલું છે. તેનું ધ્યાન કરવું. યવરૂપી ચીન્હ એટલા સારૂ ધર્યું છે. કે તેથી તે શુદ્ધ વિદ્યા, સુમતી, સુગતી સુખ સંપતી વિગેરેના દાતાપણું તે જણાવે છે માટે તેનું ધ્યાન કરવાથી તે પ્રમાણે ફળ થાય છે.

આ કલીયુગની કુચાલ જોઇને ક્ષણવારમાં ભીતી ઉતપન્ન થાય તેને સારૂ વિસ્વાસ લાવવા સારૂ ધ્વજાને તેમણે ધારણ કરી છે. ભવસાગરરૂપી દરીયો ઢોરની એક ખરીપુર થઇ જાય માટે ગાયની ખરી રૂપી ચીન્હ ધારણ કર્યું છે કે જેનું ધ્યાન કરવાથી ભવસાગરનો ત્રાસ છુટી જાય છે. કપટી માયાની કુચાલવાળી જાણીને અનાયાસે જીતવા શંખરૂપી ચીન્હનું ધ્યાન કરવું અને સદા મંગળ અને કલ્યાણને સારૂ સ્વસ્તીક રૂપી ચીન્હનું ધ્યાન કરવું ધર્મ, અર્થ, કામને મોક્ષરૂપી ચારે ફળ પામવાને સારૂ જંબુફળ રૂપી ચીન્હનું ધ્યાન કરવું હરીજન લોકો પોતાના કાન રૂપી પડીઆમાં કથા રૂપી અમૃત પીવા માટે અને મન સાથે યુદ્ધ કરવાને સમર્થ થાય તે સારૂ અમ્રતના કળશનું ધ્યાન કરવું ભક્તિને વધારે અને ત્રણે તાપ જેવા કે અધ્યાતમ અધીભુત, અધીદૈવ (પોતાને બીજા જીવોથી જે કલેશ થાય તે બીજા ભૌતીક જડ પદાર્થથી જે દુઃખ થાય તે તથા દેવતાઓ તરફથી જે દુઃખ થાય તે) એવા ત્રણે તાપને ઘટાડે તે સારૂ અર્ધચંદ્ર રૂપી ચીન્હનું ધ્યાન કરવું. વીશય રૂપી જે સાપ કે જે માણુસના શરીરને વીશે રહે છે. પણ તે હરીદાસને કરડતો નથી માટે યત્ન રૂપી ચીન્હને અનુસરવું. આઠ ખુણાવાળો, ત્રણખુણાવાળો અને છ ખુણાવાળો જે જંત્ર છે તે વશીકરણનો છે માટે તેનું ધ્યાન કરવાથી હરીવશ, થાયછે તે સારૂ જેને જેવું રૂચે તેવા ચીન્હનું ધ્યાન કરવું. મીનબીંદુ રૂપી ચીન્હથી રાંમચંદ્રજીએ વશી કર્ણ મેળવીને માણુસની જાતના મન હર્યા છે.

છેડા વગરનો અપાર સંસાર સાગર છે તેને, ભકત જનોએ પાર કરવાને પુલરૂપી ઉર્ધ્વ રેખા રૂપ ચીન્હનું ધ્યાન કરવું. ધ્યાન કરનારા પુરૂશોનો શોક હરવાને તથા અભીમાનીઓને મારવાને ધનુશ્ય રૂપી ચીન્હ તેમણે ધારણ કર્યું છે અને તે પ્રમાણે સવણ માર્યો તે વાત સૌ જાણે છે. જે રામચંદ્ર પુરૂશ વિશેશ છે જેમના ચરણ કમળમાં ઉપર કહેલાં ચીન્હો છે એવી શ્યામ સુંદર મુરતીની અભીલાસા માણસોએ નિષ્કામ કરવી જોઇએ. જેનું મન સીધું હોય, જેનું વેણ સીધું હોય અને જેની કરતુની સીધી હોય એવો જે નિષ્પ્રપંચ માણસ હોય તેને પ્રીયાદાસ પોતાના જુવાર કહે છે. કારણ કે એવા માણસ મળવા દુર્લભ છે. બુદ્ધીવાન રસવંત ગુણવંત અને સંપતીવાન હોઇને જે માણસ હરીનુ ધ્યાન કરે છે તથા મોઢે હરીનામ ઉચારણ કરે છે તેમને ધન્ય છે.

॥ मुल छपयछंद ॥

विधि नारद शंकर सनकादिक कपिलदेव मनुभुप ॥
नरहरिदास जनक भीष्मरु बलिशुक, मुनिधर्मस्वरुप ॥
अंतरंग अनुचर हरीजुके जो इनको यसगावे ॥

आदिअंत लो मंगलतिनके श्रोतावक्ता पावे ॥
अजामेल प्रसंग यह निरने परम धर्मको जान ॥
इनकी कृपा और पुनिसमुद्राके द्वादश भक्त प्रधान ॥

શીવજી આદી બાર ભક્ત થયા તેમનું સ્મરણ કરીને પરમ ધર્મના નીર્ણય રૂપ અજામેળજીની વાત કહું છું. બાર ભક્તરાજની કથા ભાગવતતમાં કહેલી છે પણ તેમાં એક શીવજીની વાત કોઇ જાણતું નહી હોય માટે તે હું કહુ છું.

શિવનો પ્રસંગ—

એક સમયે શ્રી રામચંદ્રજી શીતાના વિયોગમાં જ્યારે અતિ વિકળ થઇ વનમાં ફરતા હતા ત્યારે ત્યાં આગળ થઇને શીવજી પાર્વતી સહીત જતા હતા. રામચંદ્રજી ઉદાસ હતા તેથી તેમની પાસે ન રોકાતાં જયસત્ચીદાનંદ કરીને નીકલ્યા. આગળ જતાં પાર્વતીજીએ શીવજીને પૂછ્યું કે શ્રી રામચંદ્રજી તો માણુસ જેવા દેખાય છે માટે તમે તેને જગતના ઇશ કેમ કહ્યા અને તેમાં શંકા થાય છે માટે હુ તેમની પરીક્ષા કરૂં અને તે પ્રમાણે જો હોયનો તે તમારા ઇષ્ટ ખરા નહીંતો મને તો માણુસ પ્રતીત થાય છે માટે મને આજ્ઞા આપો તો હું તેમનું પારખું કરીને મારી ભ્રાંતી દૂર કરૂં. શીવજીએ કહ્યું ભલે તેમ કરો પણ તેમાં સારૂં ફળ આવશે નહીં. તોપણ પાર્વતીજીએ આગ્રહ કર્યો અને પાછા ફરીને રામચંદ્રજીના જવાના માર્ગ ઉપર તદરૂપ સીતાજીનું સ્વરૂપ કરીને બેઠાં અને શ્રી રામચંદ્રજીએ જ્યારે તેમને જોયાં ત્યારે પૂછ્યું કે પાર્વતીજી તમે એકલાં અહીં ક્યાંથી. શીવજી ક્યાં ગયા ? એવું સાંભલીને પાર્વતીજી ઝંખવાણાં પડી ગયાં અને લજ્જા પામી ગયાં અને પાછાં શીવજી પાસે આવી રહયાં. મહાદેવજીએ તે ધ્યાન કરીને જોયું અને પાર્વતીજીએ સીતાનું સ્વરૂપ લીધુ એમ માલમ પડ્યું તેથી પાર્વતીને કહયું કે હવે અમારે તમારે ઘર સુતરનો સંબંધ તુટયો. શ્રી સીતાજી જે મારાં ઇષ્ટ છે તેમનું તમે સ્વાંગ લીધું તેથી તમે આ દેહનો ત્યાગ કરી બીજે દેહે મને પામજો. દક્ષપ્રજાપતીજે પાર્વતીના બાપ હતા તેમને ત્યાં યજ્ઞ થતો હતો તેથી દેવતાઓ અંતરીક્ષથી જતા જોઇ પાર્વતીજીએ મહાદેવજીને પૂછ્યું કે દેવતાઓ ક્યાં જાયછે ત્યારે તેમણે કહ્યું કે દેવતાઓ તમારા બાપને ત્યાં યજ્ઞ—કરે છે ત્યાં જાય છે ત્યારે પાર્વતીએ કહયુ કે શું આપણે નહીં જઇએ ? ત્યારે શીવજીએ કહયું કે અમો ત્રણે ને બ્રહ્મ વિષ્ણુ અને રૂદ્રને આમંત્રણ કર્યું નથી તેથી અમે ત્રણે જવાના નથી ત્યારે પાર્વતીએ કહ્યું કે મને જવાદો તો હુંનો જઇ આવું ? ત્યારે શીવજીએ કહયું કે એમાં ક્ષેમ નથી તેમ છતાં જવું હોયતો બેગણુ આપું તે પ્રમાણે બેગણુ લેઇને પાર્વતી બાપને ત્યાં ગયાં અને પોતાના પતિને તેડું નહોતું કર્યું તેથી અને તેમનું આસન પણુ નહોતું રાખ્યું તેથી તે અતી ક્રોધ પામ્યાં અને યજ્ઞ કુંડમાં પડી બળી મુવાં તેથી યજ્ઞ ભંગ થયો તે વખતે પાર્વતીએ શીવજીને ફરી પામવાનુ ચીંતવ્યું તેથી તે હીમાલયને ત્યાં અવતર્યાં અને ફરીને શીવજી સંગાથે પરણ્યાં એ પ્રમાણે શીવજીએ રામભક્તી ઉપર ટેકને લીધે પાર્વતીનો ત્યાગ કર્યો હતો. એક વાર શંકર અને પાર્વતી રસ્તે ચાલ્યાં જતાં હતાં તેવામાં શંકર ધુળમાં લોટી પડ્યા અને નમસ્કાર કરવા લાગ્યા ત્યારે પાર્વતીએ પૂછ્યું કે અહીં કોઇ માણુસ દેખાતું નથી અને તમે કોને પ્રણામ કરો છો. ત્યારે શીવજીએ કહ્યું કે મને ભક્તી ઘણી પ્યારી લાગે છે અને આ જગો ઉપર દશહજાર વરસ ઉપર એક ભક્ત રાજ થઇ ગયો હતો તેથી તેની ચર્ણુ રજથી હુ પાવન થાઉ છું અને ફરી વળી બીજો ભક્ત થવાનો છે માટે હુ નમસ્કાર કરંછું. આ પ્રમાણે હરિદાસનો પ્રભાવ સાંભળવાથી પાર્વતીને ભક્તિનો રંગ ચડયો.

અથ અજામેળનો પ્રસંગ.

માબાપે નામ પાડેલો એવો અજામેલ ઊચ જાતીમાં જન્મેલો હતો પણ પછીથી દારૂ પીતો થઇ ગયો અને ગુણુકા રાખી બેઠો અને પોતાની જાતની બાયડીને મુકી દીધી અને કસાઈને ત્યાં નોકર રહયો અને રોજ કેટલાં બકરાં કપાયાં અને કેટલાં શીલકમાં છે એવો મેલ કાઢતો તેથી તેનું નામ અજામેલ પડયું ગુણુકાના પેટે તેને વસ્તાર થયો અને જગતમાં તે નિશંક ફરતો. કોઇ એક સમયે એક મહાત્મા તેના ગામમાં આવ્યા અને તેમણે કોઇને રહેવાનું સ્થાન પુછ્યું. ત્યારે મસ્કરીમાં અજામેલનું ઘર બતાવ્યુ, તે ત્યાં ગયા ત્યારે ગુણુકાએ તેમને આસન આપ્યું અને ચોખ્ખું જલ મંગાવી પાયું અને અજામેલને શેઠને ત્યાંથી તેડાવ્યો. અને બંનેજણે મહારાજને ભીક્ષા કરાવી અને ચાકરીમાં તત્પર રહયા. અને તેમને ખુશ કર્યા અને પોતે નીચ હતાં તે જાણુવા દીધું નહી. મહારાજે બીજે દિવસે જવા માંડયુ ત્યારે પોતે પોતાનો હેવાલ કહીને પોતાનો ઓદ્ધાર શી રીતે થાય તે વાત પૂછી તે સાંભળી મહાત્માને ખેદ થયો પણ હવે તેનો કંઇ ઊપાય નહોતો મહાત્માએ તેમને કહયું કે હાલમાં તમારી સ્ત્રીને જે ગર્ભ છેતે જન્મે ત્યારે તેનું નામ નારણુ પાડજો. અજામેળ જ્યારે મરવા સુતો અને યમદુતોને જોઇ તે બીન્યો ત્યારે પોતાનો છોકરો જેહે નામ નારણુ પાડયું હતુ તેને મોટેથી પોકારવા લાગ્યો, જેથી યમદુતોએ ધર્મ રાજા પ્રાસે જઇ ખબર કહી અને દેવગણોએ આવીને યમદૂતોને હરાવી તેમને યમ પાસમાંથી છોડાવી મુગતીને પહોંચાડયો, અને યમરાજાએ પોતાના દુતોને શીખામણ દીધી કે જયાં હરીગુણુ થતા હોય અને હરી નામ લેવાતું હોય ત્યાં તમારે કોઇ દીવસ ભુલેચુકે પણ જવું નહી.

मुल छपय छंद ॥

मोचित व्रत्तिनित तहां रहो जहां नारायण पारषद ॥
विष्वकसेन जय विजय प्रबल बल मंगल कारी ॥
नंदसुनंद सुभद्र भद्र जग आमयहारी ॥
चंड प्रचंड विनित कुमुद्दा क्षकु मुद करुनालय ॥
सील सुसील सुरशेन भावभक्तनि प्रतिपालय ॥
लक्ष्मीपति प्रीनन प्रविन महभजनानंद भक्तनिहद ॥
मोचितव्रत्तिनित तहां रहो जहां नारायण पारषद ॥

જ્યાં નારાયણુના પારસદ રહેતા હોય ત્યાં મારા ચીતની વૃતિ હમેશાં રહેજો કે જે પારસદો ભજના નંદી હોય છે તથા જે ભકતીની સીમારૂપ છે. પારસદોમાં સોલ પારસદ મુખ્ય છે. તેમાંના બે પારસદો કે જેમના નામ પ્રીનનઅને પ્રેવીણુ હતાં તે બંને જણુ હમેશાં ઇશ્વરનુ, ધ્યાન લગાવીને રહેતા હતા. લોકોનું પાલન કરતા હતા. અને પોતાની આંખોને ઠારીને ધ્યાન લગવતા હતા. એવા તે બે પારશદો શ્રીપતી નારાયણુના દ્વાર આગળ એકસમે બેઠા હતા અને કોઇને દ્વાર અંદર નહી જવા દેવાને તેમને હુકમ મળેલો હતો એક સમયે જ્યારે સનકાદીમુની વીચરતા વીચરતા ત્યાં આવ્યા ત્યારે તેમને નારાયણુ પાસે જતાં તેમણે રોકયા ત્યારે તેમણે તેમને શ્રાપ દીધો કે જાઓ તમે અસુર થાઓ આ શ્રાપ પોતે શ્રી નારાયણે મુનીના મનને અસર કરીને અપાવ્યો હતો કારણુકે પોતે પોતાના ભકતનું અપમાન

સહન કરી શકયા નહીં. આ પ્રમાણે જ્યારે શ્રાપ પામ્યા ત્યારે તે બંને પારસદો શ્રી નારાયણ પાસે તેના અનુગ્રહ માટે આવ્યા ત્યારે શ્રી નારાયણે તેમને કહ્યું કે તમે મારા ભક્ત સાથે પ્રતિકુળપણું લીધું તેથી તમને આ શ્રાપ થએલો યોગ્ય દંડ છે. માટે તે હું ફેરવી શકતો નથી ત્યારે તેમણે બહુ વીનંતી કરી ત્યારે શ્રી નારાયણે કહ્યું કે જો તમે મને ભકતી ભાવથી પ્રસન્ન કરશો તો તમે સાતમે જન્મે અસલગતીને પામશો અને વેર ભાવેજો. તમે મને ભજશો તો હું તમારો ત્રણ જન્મમાં નિસ્તાર કરીશ. કારણ કે વેર ભાવે હું હરદમ યાદ આવીશ તે ઉપરથી તેમણે વેર ભાવે ભકતી અંગીકાર કરી અને પહેલે જન્મે તેઓ રાવણ તથા કુંભકર્ણ અવતર્યા બીજે જન્મે હરીણ્યા કશ્યપ થયા. ત્રીજે જન્મે દંત વકૃયયા અને શ્રી હરીને ભાવે તેમણે પોતાના પ્રાણ ત્યાગ કર્યા તેથી પોતાની અસલગતીને પામ્યા.

मुछ छपय छंद.

हरी वल्लभ सब मारथो जिन पद रज आसाधरी ॥
कमला गरुड सुनंदआदी षोडश प्रभु पदरति ॥
हनुमंत जांबुवंत सुग्रीव बिभीषण शिवरीखगपति ॥
ध्रुव उद्धव अंबरीष विदुर अक्रुर सुदामा ॥
चंद्रहास चित्रकेतु ग्राह गज पांडवनामा ॥
कौषारव कुंती वधु पट अैचंत लज्जा हरी ॥
हरी वल्लभ सब मारथों जिन पद रज आसाधरी ॥ १ ॥

શ્રી હરીના જેજે પ્રેમી ભક્ત થયા તેમની હું પ્રાર્થના કરૂછું અને તેમના ચરણ કમળની રજની હું હમેશ આશા રાખી રહ્યો છુ. સોળ ભક્ત મુખ્ય થયા છે:— શ્રીહરી કહે છે કે મનેજ પ્રીતમ ગણનારા ભક્ત દુનીયામાં મળવા ઘણા દુરલભ છે કારણ કે તેમણે સર્વે મનોરથ પુર્ણ કરાવનારી એવી મારી પદરેનની એક આશા રાખી છે. પણ જેઓ જોગી છે જેઓ તપસ્વી છે, જેઓ યતી છે તે લોકો સાથે મારે કંઇ કામ નથી કારણ કે તેઓનો પોતાના યોગ બળથી મને પામશે પણ બીચારા ભકત જનો જે કંઈ જાણતા નથી તેથી તેઓ પોતાની પ્રીતી તથા પ્રતીતી એક મારા ઉપરજ રાખે છે તેથી મારી મતી તેમના તરફ હરાયેલી છે, તેના પુરાવા તરીકે લક્ષ્મી, ગરૂડ અને જાંબવાન આદીની રસીક કથાઓ શાસ્ત્રમાં કહેલી છે કે જેઓ મારી સાથે સચ્ચાઇથી વર્ત્યા છે અને મારી ભક્તિ કરી છે અને તેથી જગતમાં પ્રસિદ્ધ થઇ ગયાં છે તેઓ મને અતી પ્યારાં છે કે જેમની કથા ભક્તિ રસથી ભરપુર તથા સુખકારક છે.

હનુમાનજીનો પ્રસંગ.

રાવણને માર્યાબાદ વિભીષણને રાજ્યા ભીશેક કરીને એકવાર શ્રી રામચંદ્રજી સભા ભરીને બેઠા હતા ત્યાં સાગરના સાર રૂપ અપાર રત્નોની એક માળા કે જે રાવણે પોતાને સારૂ બનાવી હતી તે માળા વિભીશણને મળી તેથી તેણે તે અમૂલ્ય વસ્તુ શ્રી રામચંદ્રજીને ભેટ કરી ત્યારે બધાં વાંદર આદી અનુચરોને મન થયુ કે તે માળા મહારાજ અમને પહેરાવેતો ઘણું સારૂ પણ શ્રી રઘુનાથજીએ તો તે માળા હનુમાનજીને પહેરાવી દીધી અને તેમણે દરેક મણકાને ફોડી ફોડીને ફેંકી દીધી ત્યારે બધા સભાસદોએ હનુમાનજીને કહ્યું કે આવી અમુલ્ય ચીજની કીંમત તમે વાંદર જાતીછો તેથી કેમ હોય માટે તમે મોતીને ફોડીને ફેંકી દીધાં પણ

માહારાજે તે અમને કોઇને આપી હોત તો તે વધારે સારૂ થાત. ત્યારે હનુમાનજીએ કે તે મણકાઓમાં શ્રી રામનામ મને માલમ પડયું નહિ માટે તે મારા કામની નહોતી ફોડી નાંખી. ત્યારે બીજાએ કહ્યું કે જો તમે એવા સાચા ભક્ત હોતો તમે આ તમારૂં ૨ શું કરવા રાખ્યું છે એમાં રામનામ કયાં છે. તે ઉપરથી હનુમાનજીએ બધાના દેખતાં તાનું હૃદય ચીરી નાખ્યું અને ખોળીયું જુદું કર્યું તો તેમાં રોમ રોગમાંથી શ્રી રામ, રામ થવા માંડયું તે ઉપરથી બધાએ જાણ્યું કે તે સાચો ભકત છે અને તેણે પોતાના દેહને પણ વહાલો ન ગણતાં ચામડું જુદું કરી બતાવી આપ્યું કે એક રામ વગર મારે કોઇ ચીજ ઉપયોગની નથી.

વિભીષણનો પ્રસંગ.

વિભિષણે જે ભકતી કરી તે કોઇ કરી શકે તેમ નથી. તોપણ તેમાંની કંઇક હું અત્રે કહું છું તે ચીત દઇને સાંભળજો. લંકાનું રાજ્ય મળ્યા બાદ કંઇક મુદત પછી કોઇવાર લંકાની પાસેના સમુદ્રમાં એક વહાણ ભરદરીએ જતુ હતું તે એકદમ અટકી ગયું તેથી વાહાણના માણસોએ એક આદમીનો સાગરને ભોગ આપવાનું નકી કર્યું પણ કોનો ભોગ આપવો તેનો બધાએ વીચાર કર્યો છેવટે એક રકતપીતનો રોગી ઉતારૂ કે જે અહીં દુ:ખી થાય છે તેને દરીઆમાં નાખી દેવો. અને તેના દુ:ખનો અંત આવે અને તે આ દુનીઆને પણ નકામો છે. તેને નાંખી દેવો એમ નકી કરી તેને દરીયામાં નાંખ્યો પણ દૈવ યોગે તેના હાથમાં એક લાકડું આવવાથી તે લંકાને કીનારે નીકળ્યો. એટલે વીભીષણના અનુંચર રાક્ષસોએ તેને લઇ લીધો અને તેને એક નવાઇનું પશુ ગણીને પોતાના રાજા વિભીષણ આગળ શરપાવ લેવાની આશાએ ભેટ તરીકે તેને મુકયો. વિભીષણે તે રાક્ષસો ઉપર ખુશ થઇ તેમને શરપાવ આપ્યો અને તેમને વીદાય કર્યા રાજા સીહાસન ઉપરથી નીચે બેઠો અને વીચાર કર્યો કે આવા મનુષ્યના આકારમાં મને શ્રી રામચંદ્રજી મળ્યા હતા. અને ત્યાર બાદ આવી માણસની છબી મેં આજેજ જોઇ માટે મારૂ મોટું ભાગ્ય સમજવું એમ વીચારી તેને તે સીંહાસન ઉપર બેસાડયો અને તેમના મુખારવીંદ તરફ એકી નજરે ધ્યાન કરીને આંખે નીર વહે જાય તેમ એકી નજરે નીરખી રહયો. અને તેમની પ્રાર્થના કરી પણ (તે ઇતર મનુષ્ય હતો તેથી) પ્રસન્ન થયો નહી અને તેને મારી નાંખવાની હેબક લાગી ગઇ હતી ત્યારે વીભીષણે પૂછ્યું કે તમે કેમ પ્રસન્ન નથી થતા ત્યારે પેલાએ કહ્યું કે બીહીની ગયેલો છું માટે જો મને પ્રસન્ન કરવો હોય તો તમે મને દરીયાને પેલેપાર પોહોચાડી આપો ત્યારે વિભિષણે અનેક રત્ન લાવીને એક પોટલું બાંધી આપ્યું તથા તેના માથા ઉપર રામ લખ્યું અને કહ્યું કે જા સાચો ભાવ રાખજે અને આથી તું સાગર પાર થઇ જઇશ. તે દરીયા કીનારે ગયો તો જાણે પોતાનું શરીર નવું બનેલું હોય તેમ તેણે જોયું અને દરીયા ઉપરથી પગે ચાલીને ગયો. આગલ જતા પેલું વહાણ ફરીને પાછું જતું જોયું અને તેમાંના માણસોએ પેલાને ઓળખ્યો કે તે પેલો નાંખી દીધેલો માણસ છે. અને તેને જળ ઉપર પગે ચાલતો જોઇ તેને હકીકત પૂછી તો પેલાએ વીતેલી સર્વે હકીકત કહી બતાવી ત્યારે વાહાણ વાળાઓએ તેને માહાત્મા માની તેની પ્રાર્થના કરી અને વહાણમાં લેવા માંડયો પણ પેલો તેમાં બેઠો નહી. અને દરીયામાં પાછો કુદી પડયો અને પગે ચાલીને દરીઓ પાર કર્યો કારણ કે તેને દ્રઢ વિશ્વાસ શ્રી રામનામ ઉપર આવી ગયો હતો.

સવરીજીનો પ્રસંગ.

એક રાજાને એક કુંવરી હતી તેને સંત સાધુની સેવા કરવાને તથા ભજન ક[illegible] એકાંત વાસ મળી શકતો નહોતો તેથી તેણે મરતી વખતે ઇશ્વર પાસે માગી લીધું હ[illegible] મને વનમાં કોઇ નીચ કુળમાં જન્મ આપજો જેથી હું આપની ભકતી કરૂં તે ઉપરથી તે[illegible] નમાં એક ભીલને ઘેર છોકરી થઇને અવતરી હતી બાદ મોટી થયેથી એક ભીલ સંગાથે તેન[illegible] તેના માબાપે પરણાવી અને બને ધણી ધણીઆણી પહાડની એક ખોમાં વાઘની બીકથી ભરાઇ રહેતાં હતાં એક દિવસે સાંજે ત્યા આગળ મતંગરૂષી આવી ચડયા અને રાત જવાથી તે શવરીની ખો આગલ ગયા અને રાતવાસો રહેવાનું કોઇ ઠેકાણું બતાવાને પૂછ્યું ત્યારે બંને જણે વિચાર્યું કે રૂષી આપણા બાપ બરોબર છે અને આ ખીણમાં ફક્ત બેજ આદમી સમાય તેવડી પોહોળી છે તેથી તેનો ધણી ખીણ બહાર લાકડાં સળગાવી પોતે જાગતો રહીને ચોકી કરવાને (ખીણ બહાર) રહયો અને રૂષીને તથા શવરીને ખીણમાં રાખ્યા પણ પાછલી રાત્રે તે ભીલ ઉંધી ગયો અને વાઘ તેને લઇ ગયો. સવારે શવરીએ જોયું તો ધણીને વાઘ લેઇ ગયેલો છે એમ માલમ પડ્યું તેથી ઘણું કલ્પાંત કરવા વાગી તેથી રૂષિએ તેને સમજાવવા સારૂ વૈરાગની બે વાતો સંભળાવી અને તેના ઉપર દયા લાવી તેને પોતાની સાથે લીધી અને પોતાના આશ્રમમાંથી રોજ ટુકડો રોટલો આપી તેનો નીભાવ કરતા રહયા, એમ કરતાં કરતાં તેને સાધુ સેવા કરવાનો ભાવ થયો તેથી તે રોજ પાછલી રાતે ઉઠતી અને જે રસ્તેથી સાધુઓ ગંગાસ્નાન કરવા જતા તે આખો રસ્તો રોજ સવારમાં વાલી આવતી અને સાધુઓને કાંકરાના ખુંચે માટે કાંકરા વીણી લેતી તથા સાધુઓની ધુણી આગળ વનમાંથી સુકાં લાંકડાં વીણી લાવીને ધુણીએ ધુણીએ ઢગલા કરી આવતી, પણ તે વાત કોઇને જાણવા દેતી નહોતી કે આ રોજ કોણ કરી જાય છે કારણ કે પોતે જાતની ભીલ હતી તેથી તે લોકો તેને અભડછેટ ગણે એમ બહુ દીવસ વીત્યા ત્યારે સાધુઓએ વીચાર્યું કે આ આપણા સુકૃતનો ભાગ લેનાર કોણ ચોર પેદા થયો છે માટે તેને પકડવો તેથી એક દિવસ રાતે કેટલાક સાધુઓ જાગતા રહયા. અને પાછલી રાતે લાકડાનો ભારો લેઇ શવરીને આશ્રમમાં આવતી જોઇ અને પોતાની જાત જણાંવા દીધા વગર જેવી તે જાય છે તેવી તેને પકડી તેથી તેનું શરીર કાંપી ઉઠયું. અને તેને મારતા મારતા મતંગરૂષી પાસે લેઇ ગયા તેમણે તેને રોતી જોઇને પૂછ્યું કે તે કોણ છે? ત્યારે કહયું કે જેનું મોં જોઇએ નહીં તેવી ભીલડીની જાત સવરી આપણો આશ્રમ અભડાવી ગઇ છે. હવે તેને કેમ શુદ્ધ કરીએ માટે તેને મારીએ છીએ. પણ ભક્તીનો પ્રતાપ કે જેના ઉપર હજારો બ્રાહ્મણપણાની છાવર કરીએ તેવી ભકતીની વાત મતંગરૂષી સારી પેઠે જાણતા હતા તેણે તેને છોડાવી પોતાના આશ્રમમાં રાખી જેથી શીષ્યોએ પોતાના ગુરૂએ ભીલડીનો સંગ કર્યો ગણી તેમને જમાત બહાર કરીને તેમની પત્રાળી નોખી કરી. આ પ્રમાણે તેમણે ગુરૂ નીંદા કરવા માંડી તેનો દોષ ગુરૂ સમજ્યા અને આ લોકો નરકે જશે પણ તેઓ મારા શીષ્ય છે. માટે તેમને નરકે જતાં મારે અટકાવવા જોઇએ માટે પોતે પરલોક જવાનું વીચાર્યું કે જેથી હું ન હોઊં તો તેઓ મને દેખે નહી અને મારી કોઇ નીંદા કરે નહીં અને ગુરૂ દ્રોહથી તેઓ બચે તેથી ગુરૂ સ્વધામ ગયા અને શવરીને કહયું કે શ્રી રામનાં દર્શન થાય ત્યાં સુધી તું અહીંજ રહેજે તેથી શવરી ત્યાંજ રહી ગુરૂના વીયોગથી તેનું તન છુટી જાત પણ શ્રી રામદર્શનની આશાએ તેનું શરીર ટકી રહયું તેણે આગળની માફક ફરીને રસ્તો વાળવા માંડ્યો અને એક દીવસ મોડું થઇ જવાથી તેને બધાએ નજરો નજરે જોઇ તેથી પોતાને અભડાયલા માની ફરી

સ્નાન કરવા ગયા તો તળાવમાં જળનું રૂધીર થઇ ગયેલું જોયું અને તે અનેક જીવજંતુથી
ભરાઇ ગયું હતું તેથી તેમને બમણો શોક થયો કે આતે અમારૂં કેવું અભાગ્ય શવરીતો
શ્રી રામજી આવવાની આશાએ રોજ રસ્તા તરફ નીહાળી નીહાળી જોતી અને બોર વીણીવી-
ણીને લાવતી અને દરેક ચાખી જોતી અને જે બોર મીઠાં લાગતા તે શ્રી રામજીને ભેટ મુ-
કવા રાખી મુકતી. દરરોજ રસ્તો જોતાં જોતાં, એક દીને અચાનક શ્રી રામજી નજીક શુચી-
ના વનમાં આવવાની વાત સાંભળી પોતે પર્ણકુટીમાં સંતાઇ ગઈ કે રખેને તે, મને જુવે
અને વળી બ્રાહ્મણોની પેઠે અજાણે અભડાઇ જાય માટે નાશીને ઘરમાં ભરાઇ ગઇ. શ્રીરામજી
તેનો આશ્રમ પૂછતા પૂછતા જ્યારે નજીક આવ્યા ત્યારે શવરીએ જાણ્યું કે શ્રી રામજી તો
મારાથી અભડાતા જણાતા નથી એમ લાગે છે તેથી તે બહાર આવી અને સાષ્ટાંગ કરીને
શ્રી રામચંદ્રજીને નીહાળી રહી ત્યારે શ્રી રામજીએ તેને લાકડીની માફક ઉપાડી લીધી અને
કહયું કે હે શવરી, મારા નેત્ર તને પ્રેમથી જોવાને તલપી રહયાં છે. પછી શ્રી રામજીને બે-
સાડીને શવરીએ પેલાં બોર શ્રી રામજીને ખવરાવ્યા ત્યારે તે ખાતાં ખાતાં તેમણે તેના બહુ
વખાણ કર્યાં અને કહયું કે હું શું કહું ? વનમાં ફરવાનાં મારાં બધાં દુ:ખ આજે મટી
ગયાં છે અને એ પ્રમાણે એઠાં બોર ખાધાં એટલામાં બધા રૂષીઓ કે જેઓ પણ શ્રી રામ-
જીની વાટ જોઇ બેઠા હતા અને શ્રી રામજી અહીં આવે એટલે તેમને જળનું જે રૂધીર થઇ
ગયુ છે તેનું કારણ પૂછીએ. તેઓ શ્રી રામજીને મળવાને સારૂ આશ્રમમાંથી બહાર આવ્યા
અને જોયું તો શ્રી રામજીને શવરીના આશ્રમમાં બેઠેલા દીઠા તેથી તેઓ અચંબો પામ્યા અને
તેમણે શ્રી રામજીના પગ પકડી લીધા. પછી શ્રી રામજીને પાણી બગડી ગયાનુ કારણ પૂછયું ત્યારે
શ્રી રામજીએ કહ્યું કે તેનો ઉપાય એકજ છે કે તમે શવરી ભીલડીના સ્વચ્છ અને પવીત્ર પગ
તેમાં જઇ બોળો તો તે પાણી જેવું હતું તેવું થઇ જશે. શવરીનું અંગ તે વખતે શ્રધી
વાયુથી રહી ગયું હતું તેથી શવરીને ઉચકીને તેઓ ત્યાં લઇ ગયા અને તેના પગ જળમાં
બોળ્યા એટલે પાણી સ્વચ્છ થઇ ગયું. આ પ્રમાણે પોતાના ભક્તતનું મહાત્મ શ્રી રામજીએ
પોતે વધારી દીધું.

ખગ પતી જટાયુજીનો પ્રસંગ.

ગીધ પક્ષીની જાતમાં આગળ રામા અવતારના વખતમાં બે નાના ગીધ પક્ષી હતાં તે
આકાશનો છેડો લેવાને બહુ ઊંચા ઊડયાં અને તેમાંનું એક જેનું નામ જટાયું હતું તે
આકાશમાં બહુ ઊંચે ગયું ત્યાં સુર્યના તાપથી તેની આંખો દાઝી ગઇ અને તે નીચે પડી ગ-
યું તેથી તે ઘરડો થતાં સુધી ત્યાં રહયો. બીજો ગીધ તેનાથી પણ વધારે ઊંચો ગયો. અને
સુર્યના તાપથી તેની પાંખો બળી ગઇ તેથી તે પૃથ્વી ઊપર એક રૂષીઓના આશ્રમમાં પડયો
અને રૂષીઓએ તેને કહયું કે તું અહીંજ રેહેજે અને જ્યારે અહી શ્રી રામદુત આવશે ત્યારે
તારી પાંખો ફરીથી ઉગશે. અને તે વખતે તુ ફરીને નવો જુવાન થઇશ. શ્રી રામચંદ્રજીના-
દુતો સીતાની શોધ લેવા જ્યારે અહીં આવે ત્યારે તું તેમને સહાય કરજે. પેહેલો ગીધ જે
જટાયુનામનો હતો તેણે શ્રી જાનકી માતાને રાવણના હાથમાંથી છોડાવવાને પોતાનું જીવીત
અર્પણ કરીને પણ મદદ કરી તે એવી રીતે કે શ્રી રામચંદ્રજી લક્ષ્મણજી તથા સીતાજી જ્યારે
વનમાં નીકલ્યાંછે અને રાવણે પોતાના મામાને સોનાનો મૃગ કરીને કપટથી તેમની આગળ મોકલ્યો
અને સીતાજીએ તે મૃગને ચરતો જોઇ શ્રી રામચંદ્રજીને કહયું કે તમે મને આ મૃગના ચ-
મંની કાંચળી બનાવી આપો ત્યારે શ્રી રામજીએ લક્ષ્મણજીને સીતા સોંપી અને મૃગ પછવાડી નાઘ

ગયા. માયાવી મૃગ શ્રી રામજીને બહુ દૂર સુધી લઈ ગયો અને જ્યારે શ્રી રામજીના બાણુથી તે મુઓ ત્યારે મરતી વખતે તે મૃગે હાય લક્ષ્મણ ધાજો એવી બુમપાડી જેથી સીતાજીએ લક્ષ્મણજીને રામની મદદે જવા કહ્યું પણ લક્ષ્મણ ન ગયા તેથી સીતાએ લક્ષ્મણને બહુ કડવાં વાક્ય કહીને તેમની પછવાડે મોકલ્યા એટલે રાવણે આવીને સીતાજીનું હરણ કર્યું અને ઉભે રસ્તે સીતાજી હેરામ, હે રઘુનંદન, એમ પોકાર કરતાં કરતાં રાવણને ખભે રોતાં રોતાં આકાશ માર્ગે જતાં હતાં. તે જટાયુએ સાંભળ્યું અને માતા સીતાજીનું રાવણ હરણ કરી લેઇ જાય છે એમ જાણીને તે આકાશમાં ઉડયો અને તેણે રાવણના રથને ભાંગી નાંખીને જમીન ઉપર પાડી નાંખ્યો અને તેણે રાવણ સાથે બહુ દારૂણ યુદ્ધ કર્યું પણ તેનું શરીર વૃદ્ધ થઇ ગએલું હતું તેથી તેનાથી રાવણને જીતી શકાયું નહી. છેવટે રાવણે તેની પાંખો કાપી નાંખી જેથી તે ઉડતો બંધ થયો અને તેની તેજ જગ્યાએ તે પડયો રહયો પણ તેના પ્રાણ ગયા નહી કારણ કે તેણે જાણ્યું કે જ્યારે શ્રી રામચંદ્રજી સીતાજીની શોધને માટે અહીં આવશે ત્યારે હું તેમને આ વૃતાંત કહી સંભળાવીશ અને રાવણ સીતાનું હરણ કરી ગયાનો તેમને રસ્તો બતાવીશ અને શ્રી રામચંદ્રજીનું પ્રત્યક્ષ દર્શન હું મારી આંખોએ કરીશ અને પછી મારા પ્રાણ ત્યાગ કરીશ. પછીથી શ્રી રામચંદ્ર તથા લક્ષ્મણ ખોળતા ખોળતા તે જગાએ આવ્યા ત્યારે જટાયુએ તેમને સઘળું વૃતાંત કહયું અને પોતાનો દેહ છોડયો અને દેહાંત વખતે તેણે શ્રી રામજીને પોતાની પાસે હોવાથી ધ્યાનમાં ઉતારીને શ્રી રામચંદ્રજીના ધમને વીષે ગતીને પામ્યો શ્રી રામજીએ જટાયુની ક્રીયા જેમ પોતાના પીતાની સાસ્ત્રોક્ત ક્રીયા કરે તેમ પોતાને હાથેજ કરી અગ્નીદાહ દીધો એ પ્રમાણે પોતાના ભક્તનું પોતાના કુટુંબીઓ માફક પોતાપણુ ગણ્યું.

અંબરીસજીનો પ્રસંગ.

અંબરીશ કરીને અયોદ્ધાનો એક રાજા થઇ ગયો તેણે જે ભકતી કરી તે કોણ કરી શકે તેમ છે તે એવો બુદ્ધીવાન હતો કે તે કોઇથી કળી શકાય તેમ નહોતું એકવાર દુરવાસા રૂષી અંબરીશ રાજાની ભકતીની પ્રશંસા સાંભળીને અને તે અગીઆરસનું વ્રત પુર્ણરીતે કરે છે તે સાંભળીને પોતાને અદેખાઇ આવવાથી તે પોતાના શીષ્યોને લેઇને અગીઆરસને દીવસે અંબરીશને ઘેર આવ્યા. અંબરીશ રાજાએ તેમને સન્માન આપ્યું અને તેમને પોતાને ઘેર રાખ્યા અને તેમને કહયું કે આજતો એકાદશી છે માટે આવતે કાલે બારસના પારણા કરીને તમે જજો. બારસની સવારમાં દુરવાસા સ્નાન કરવાને ગયા અને ત્યાં જાણી જોઇને તે-મણે ઘણીવાર લગાડી કારણ કે તે દિવસે બારસ ઉપર તેરસ થવાની હતી. અને એકાદશીનાં પારણાં જો બારસે ન થાય તો એકાદશીનું ફલ નષ્ટ થાય તેમ હતું અંબરીશ રાજાએ પારણાં કરવા રૂષીજીની બહુ વાટ જોઈ દુર્વાસા આવે તો હું પારણાં કરૂં કારણ કે બારસનો વખત જતો રહે છે અને જો હું તેમના વગર પારણાં કરીશ તો દુર્વાસા મને મોટો શ્રાપ આપશે, કારણકે તે અતીથીને મુકીને મારાથી જમાય નહી અને જો હું પારણાં ન કરૂં તો મારૂ એકાદશી વ્રત નષ્ટ થઇ જાય છે પછી છેવટે તેમણે વિષ્ણુનું ચરણામૃત લીધું એટલે દુર્વાસાને સ્નાન કરતાં ધ્યાનમાં ખબર પડી કે અંબરીસે આપણને મુકીને પારણાં કર્યાં તેથી તે ઘણો ક્રોધ વાન થયો. દુરવાસાને દેવીની સાધના હતી, અને દેવીને તે પોતાની જટામાં રાખતો હતો તે-મને પેતે જટા ખેચીને બહાર કાઢયા અને કહયું કે જાઓ. અંબરીશને બાળી ભસ્મ કરો તેથી તે દેવી જવાળાના ભડકા કાઢતી અંબરીશ પાસે આવી ત્યારે અંબરીશની રક્ષા માટે વિષ્ણુએ સુદર્શન ચક્ર મુકયું તે દેવીની સામે ધાયું અને તેમાંથી મહાન અગ્ની નીકલ્યો

અને દેવીને બાળીને ભસ્મ કરી નાંખી તે જાણીને દુર્વાસાને મોટો ક્રોધ ચઢયો અને પોતે જાતે શ્રાપ દેવાને દોડતો અંબરીશ પાસે આવ્યો. પણ જ્યારે નજીક આવ્યો ત્યારે પેલું ચક્ર તેમની પછવાડે પડયું અને અતી દાહ કરતું એવું તે ચક્ર જ્યાં જ્યાં દુર્વાસા ગયા ત્યાં ત્યાં તેમની પાછલ ગયું તેથી દુર્વાસા તેને નીવારણુ કરવાને માટે છેવટે બ્રહમાજી, શીવજી, આદી દેવો પાસે ક્રમે ક્રમે શરણને માટે ગયા પણ તેમને કોઇએ શરણ રાખ્યા નહી ત્યારે તે સતોગણી દેવ જે શ્રી વીષ્ણુ તેમની પાસે ગયા ત્યારે શ્રી વીષ્ણુજીએ તેમને કહયું કે હું સતોગુણીછું ખરો પણ ભક્તના પ્રેમમાં હું સતોગુણ પણ ભુલી ગયોછું. અને મને સતોગુણનું પણ ભાન રહ્યું નથી. માટે મારાથી તમને શરણ રખાશે નહીં. એમ કહી પછી દુર્વાસાને ઠપકો આપ્યો કે આ તમારી ખોટી ટેવ પડી છે. મારા દાસનો ભેદ કે જે ફક્ત વેદ ધારી રહયા છે, તેવા મારા ભકતોને તમે વારંવાર સતાવોછો મારા ભક્ત મને અતી પ્યારા છે અને તેમનો મત અતી અગાધ છે તેમનો તમે અપરાધ કર્યો તે મારાથી કેમ સહન થાય તે મારા ભકતોને મારા સીવાય બીજી કોઇપણ ચીજ પ્રીતમ નથી અને તેઓ એક મારેજ સારૂ ધામ, ધન, બાયડી, છોકરાં પ્રાણ તથા તન સુદ્ધાં ત્યાગ કરે છે. રાત દીવસ મારા સનમુખ ચીત રાખીને તેઓ રહે છે તેઓ વગર મને પણ બીજું કોઇ વહાલુ નથી. તે હું સારું કહુંછું માટે તમે મારા ભક્ત અંબરીશ પાસે પાછા જાઓ કે જ્યાંથી તમને આ ચક્ર પાછળ પડયું છે અને તમે તેને વીનંતી કરી પ્રસન્ન કરોતો તે નીવારણ કરે, મારા ભક્ત સદા દયાળુશ્વભાવ વાળા હોય છે. ગરીબના પ્રતીપાળ કરવાવાળા હોય છે અને તેમને કોઇ માણસ ઓછું અદકું નથી, કારણ કે તેમને અંગોઅંગ મારી ભક્તીજ વ્યાપી રહેલી છે. તે સાંભળી દુર્વાસા રૂષી નીરાશ થઇ ગયા અને પાછા અંબરીશ રાજા-પાસે આવ્યા. અંબરીશ રાજા દુરવાસા પુઠે ચક્ર પડયું હતું ત્યારથી તે ખેદમાં ને ખેદમાં એક પગે તપ કરતો તથા શોક કરતો ઊભો રહેલો હતો તે દુર્વાશાએ દીઠો. દુર્વાસાને આવતા જોઇ પોતે ઘણો શરમીંદો થઇ ગયો. બ્રાહ્મણને આ પ્રમાણે દુ:ખ પડતું જોઇને તેનું મોત થયું હોતતો સારૂં એમ તેણે માન્યું. દુર્વાસા રૂષીએ હાથ જોડીને અમરીશ પાસે આવીને કહયું કે હે અંબરીશજી તમે નીષ્કામ ભક્તછો તમે ભક્તી શીવાય બીજું કંઇ ચાહતા નથી અને હું બ્રાહ્મણ અતી દુ:ખી થાઉંછું માટે તેનું દુ:ખ દુરકરો શાધુની આવી વીકળતા જોઇ તેમને હૃદયમાં દયા આવી એટલે તરત તે ચક્ર દુર જઇને ઉભું રહયું અને તેનું તેજ સમાઇ ગયુ.

અંબરીશનો બીજો પ્રસંગ.

અંબરીશ રાજાનો ભકતીભાવ સાંભળીને એક બીજા રાજાની છોકરીને તેની સાથે પરણુવાનો ભાવ થયો તેથી પોતાના બાપને કહયું કે મને અંબરીશ સાથે પરણાવો. તેથી તેના બાપે એક બ્રાહ્મણ સાથે માગું લખી મોકલ્યું અંબરીશે કહ્યું કે મારે રાણીઓ ઘણી છે અને હવે ભોગકામના મને નથી તેથી મારે ફરીને પરણવું નથી. ત્યારે કુંવરીએ કહેવરાવ્યું કે જો તમે મને નહીં પરણો તો હું સ્ત્રી હત્યા આપીશ, તે ઊપરથી અંબરીસે ખાંડુ મોકલી તેની સાથે લગન કરી પોતાને ત્યાં તેને તેડાવી અને એક જુદા મહેલમાં તેને રાખી તે રાણીએ અંબરીશ રાજા પાછલી રાતે રોજ ઉઠે તે પહેલાં તેની સેવાથી સામગ્રી છાની માની રોજ તૈયાર કરવા માંડી. એકવાર રાજાએ તે જોયું તેથી તેને કહયું કે તમારે સેવાનો ભાવ હોયતો ભલે તમે તમારે મુકામે જુદી સેવા રાખો પણ મારી સેવામાં તમે ભાગ પડાવશો નહીં તે ઉપરથી રાણીએ પોતાને મુકામે જુદી સેવા રાખી અને તેની સેવાની પ્રસંસા ગામમાં ફેલાઇ

ગઇ રાણી જેવી સેવા રાજા અથવા કોઇપણ માણસ કરતું નથી એવી વાત રાજાને કાને પડી તેથી તે એકવાર છાનામાના રાણીની સેવા જોવા ગયા અને તે રાણીને તદરૂપ લીન થએલી જોઇને તથા રાણીનું ગાનતાન સ્પષ્ટ સાંભળવા તે રાણી નજીક ગયા, રાણી તેમનામાં ગુરૂભાવ લાવીને તેમના આગળ શરમાઇ ગઇ અને રાજાએ ફરીને એ પ્રમાણે તાન કરવાનું રાણીને ઘણુંઘણું કહ્યું, પણ રાણીને તે આવ્યું નહીં. રાજા આ પ્રમાણે તે રાણીની સેવાને લીધે તેને મુકામે ગયો. તે જોઇ બીજી રાણીઓએ પણ તે પ્રમાણે પોતાને ત્યાં રાજાને તેડવા સારૂ ઠાકોર સેવાઓ ચલાવી અને તે પ્રમાણે આખા મુલકમાં એક રાજાને લઇને ભક્તીભાવ વધી ગયો, ઠાકોર સેવા થવા લાગી.

વીદુરજીનો પ્રસંગ.

શ્રીકૃશ્ણ મહારાજે વીદુરજીને ત્યાં આવવાનો એકવાર વાયદો કર્યો હતો. અને તે પ્રમાણે તે વીદુરજીને ઘેર ગયા. વીદુરજીએ ભગવાનને સારૂ ભોજન માટે કેળાં લાવીને પોતાની સ્રીને અગાઉથી આપી રાખ્યાં હતાં. પોતે કાંઇ કામ સારૂ ગામમાં ગયા, તેવામાં ભગવાન આવ્યા વીદુરજી ઘેર હાજર નહોતો અને તેમના સ્રી નહવા બેઠાં હતાં ત્યાં શ્રી કૃશ્ણજીએ વીદુરજીને હાક મારી કે ભગત છે કે ? એટલે તેમની સ્રીએ સાંભળ્યુ કે શ્રી કૃશ્ણ પધાર્યા તેથી પ્રેમને લીધે તેમને પોતાના શરીરનું પણ ભાન રહયું નહી. અને નગ્ન જઇને બારણાં ઊઘાડયા. શ્રી કૃશ્ણજીએ તેમને પ્રેમાતુર હોવાથી નગ્ન જોયાં કે તુરત પોતાનું પીતાંબર તેમના ઊપર ફેંકીને તેમને ઓઢાડયું ત્યારે વીદુરજીની સ્રીને ભાન આવ્યું કે હું નગ્નછું અને તેથી પોતે લજ્જા પામી ગઇ, પછી પોતે કેળાં લઇને આવી, અને ભોજન આરોગાવ્યું, તેણી હરખમાંને હરખમાં કેળાંના ગર્ભ નીચે નાંખતી ગઇ અને તેના છોતરાં શ્રી કૃશ્ણજીને ખવરાવતી ગઇ. શ્રી કૃશ્ણજી તેના પ્રેમને લીધે પોતે પણ ભાનરહીત થઇ ગએલા તેથી છોતરાં ખાધે ગયા, એટલામાં વીદુરજી બહારથી આવ્યા અને કેળાંનાં ગરભને નીચે પડેલો જોઇ તથા છોતરાંને શ્રી કૃસ્ણને ખવરાવતાં જોઇને પોતાની સ્રીને ઠપકો દીધો. પછી પોતે શ્રી કૃસ્ણજીને કેળાંનો ગર્ભ ખવરાવવા બેઠા. કેળાના છોતરાં ખવરાવ્યાનું જ્યારે ભાન આવ્યું ત્યારે તેમની સ્રીને ઘણું ખોટું લાગ્યું અને પોતાના હાથનો અપરાધ માની તે બંને હાથોને કાપી નાંખવાનો વિચાર કર્યો એટલે તે વિચાર અંતરયામી મહારાજે જાણી લીધો તેથી વીદુરજીને કહયું કે તમે જે મને ખવરાવો છો તેમાં મને મીઠાશ આવતી નથી, પણ તમારી સ્રી જે ખવરાવતાં હતાં તે મને બહુ મીઠાં કેળાં લાગતાં હતાં, તે સાંભળીને તે સ્રીને સારૂ લાગ્યું અને કૃષ્ણજીએ સ્રીને કહયું કે મને તમે ખવરાવો વીદુરજીના હાથે ખાતાં સ્વાદ પડતો નથી એમ કહી તેમના પ્રેમીની પ્રસંશા કરી પ્રેમીની વાત પ્રીતમજ જાણે !

સુદામાજીનો પ્રસંગ.

સુદામાજી ઘણા નિષ્કામ ભકત હતા. તેમની સ્રી રોજ ભીક્ષા માગી લાવીને પોતાના છોકરાંઓનું ભરણ પોષણ કરતી. એકવાર તેણીએ પોતાના સ્વામીને કહ્યું કે શ્રીકૃષ્ણ તમારા મીત્ર છે અને તે લક્ષ્મીપતી છે અને આપણે ખાવે પીવે હેરાન થઇએ છીએ માટે તમે તેમને ત્યાં દ્વારકા જઇને કંઇ યાચના કરી લાવો તો આપણું દુ;ખ ભાગે ત્યારે સુદામાજી એ કહ્યું કે મેં યાચના કરવા સારૂ તેમની દોસ્તી કરી નથી. ત્યારે તેમણે કહ્યું કે તમે અમથા મળવા સારૂ તો જાઓ. ભલે કંઇ માગશો નહીં જો તે તમારી દુર્બળ સ્થીતી જોઇને તમને

કંઇ આપેતો તે લેતા આવજો માગશો નહી તેઉપરથી દ્વારકાં ગયાં અને શ્રીકૃષ્ણજી તેમને બહુ હેતથી મલ્યા તેમની ચાકરી કરી. તેમની સ્ત્રીએ, તાંદુળ શ્રીકૃષ્ણજીને ભેટ કરવા સારૂ જતી વખતે બંધાવ્યા હતા તે સુદામાએ શ્રી કૃષ્ણજીની સમૃદ્ધિ જોઇને સંતાડી રાખ્યા પણ શ્રી કૃષ્ણજીએ તે સુદામા પાસેથી ખેંચી લેઇને પ્રેમસહીત આરોગવા બેઠા અને એક મુઠી ભરી ખાધા અને અંદર સંકલ્પ કર્યો કે સુદામાનું ગામ આખું સોનાનું થઇ જજો. બીજી મુઠી ભરીને દ્વારકાં તથા રાણીઓ, સુદામાને આપવાં, એમ સંકલ્પ કરી ખાવા માંડી તે રૂક્ષમણીએ જાણી લીધું તેથી રૂક્ષમણીએ તે મુઠી મુકાવી દીધી અને તે બાકીની ભેટ બધાંએ વહેંચીને ખાવીછે એમ કહી બીજી રાણીઓને તાંદુલ વહેંચી આપ્યા સુદામાને તે વાત કંઇ માલમ પડી નહીં નાનપણનો ગુરૂના ઘરનો પ્રસંગ બંનેએ સંભાર્યો ચણા એકલાએ ખાધા ત્યાંથી દરીદ્ર ચોટયું છેવટે સુદામાજીએ વીદાયગીરી માગી પણ શ્રીકૃષ્ણે તેમને કંઈ આપ્યું નહીં તેથી તે નીરાશ થઇ ગયા અને પોતાને ગામ આવ્યા, ત્યાં પોતાનું ગામ સુવર્ણમય જોઇને પોતાને દીગ ભ્રમ થયોછે એમ સમજ્યા પણ તેમની સ્ત્રીએ શ્રીકૃષ્ણજીની કૃપા થઇ ગયાની વાત તેમને સંભળાવી, આનંદ પાંમ્યાં.

ચંદ્રહાસજીનો પ્રસંગ.

એક રાજા હતો તેને ચંદ્રહાસ નામે એક ધાવણો છોકરો હતો, તેના રાજ ઉપર બીજો રાજા ચઢી આવ્યો અને કેર વર્તાવ્યો અને રાજ છીનાવી લીધું. પેલા કુંવરને લેઇને તેની ધાવ બીજા રાજાના રાજમાં નાશી ગઇ અને ત્યાં જઇ દરબારમાં નોકર રહી, આ રાજા પેલા નવા રાજાનો દીવાન હતો અને તે છોકરો તે ધાવનો છે એમ તે તથા બધા માણસો જાણતા હતા. તે છોકરાને નાનપણથી લખોટે રમવાની ટેવ હતી. ગળકી નદીના એક સાળંગરામ તે હમેશાં મોંમાં રાખતો હતો અને તે વતી તે લખોટે રમતો અને રમી રહીને તે સાળંગરામનો લખોટો તે પોતાના મોંમાં રાખી મુકતો અને સવારે તે મોંમાંથી રોજ કાઢી તેને ધોઇ તેની પુંજા કરીને તેનું ધ્યાન કરતો. મોટો થયો ત્યારે એકવાર રાજાને ત્યાં કોઇવાર બ્રહ્મ ભોજન હતું અને બ્રાહ્મણો એકઠા થએલા તેવખતે રાજાએ બ્રાહ્મણોને પુછ્યું કે મારી વીષયા નામની કુંવરી છે તેને કોણ પરણશે એ પ્રસંગ ચાલતો હતો એવામાં પેલો છોકરો રમતો રમતો ત્યાં આવ્યો, ત્યારે એક બ્રાહ્મણે કહ્યું કે આ છોકરો જે આવે છે તે કુંવરીને પરણશે એમ વરતાય છે બ્રાહ્મણનું કહેવું સાચું પડશે એમ જાણી તે રાજાએ તે છોકરાને મારી નાંખવા મારા મોકલી વનમાં મોકલ્યો કારણકે તે દાસી પુત્ર સાથે પોતાની કુંવરી પરણેતો તે રાજાની મોટી નાનમ કહેવાય, મારાઓ તે છોકરાના રૂપ ઉપર દયા લાવ્યા અને તેને મારવો નહીં એમ વીચાર્યું પણ પોતે નોકર હતા અને રાજાની તેમને બીક લાગતી તેથી તથા રાજાએ તેની એધાણ માગી હતી, તેથી તેને નકી મારવો એમ વિચારી તે છોકરાને પોતાના ઇષ્ટ સંભારવાનું કહ્યું. છોકરાએ પેલો લખોટો મોંમાંથી કાઢયો અને ધોઇને તેની પુંજા કરી, ધ્યાન લગાવ્યું અને પછી મારવાનો અણશારો કર્યો કે હવે મને મારો શ્રી વિષ્ણુજીના ધ્યાનમાં તે તલ્લીન થયો હતો તે જોઇને તેલોકોએ તેને માર્યો નહીં. પણ તેની એક આંગળી કે જે છઠ્ઠી આંગળી હતી તે તેની એધાણી તરીકે કાપીને લેઈ ગયા. એક નાનો ખંડીઓ રાજા જે ત્યાં શીકારે આવેલો હતો. તે ત્યાં આવી ચઢયો તેને કંઇ શંતાન નહોતું તેથી તે એકલો પડેલો છોકરો જોઇને પોતાને ઘેર લઇ ગયો. અને પોતાનો છોકરો કરીને તેને પોતાને ઘેર રાખ્યો કેટલાંક વર્ષ વીત્યાં બાદ તેનો બાપ તે છોકરાને રાજ આપી મર્ણ પામ્યો અને તે છોકરે પોતાના ઉપરી રાજાને ખંડણી ભરવી બંધ કરી અને સાધુ સેવામાં બધું

ધન ખરચવા માંડયું. તેથી તેનો ઉપરી રાજા ત્યાં જાતે આવ્યો અને પેલા છોકરાને ઓળખ્યો તેથી ફરીને મારી નાંખવા વીચારી તેને કાગળ લખી આપીને પોતાના છોકરાઓ પાસે મોકલ્યો કે આ ચીઠી લાવનારને તમે વીષ આપજો, તરત વીષ આપજો. એવું લખી કાગળ આપીને કહ્યું કે મારી ઉઘરાણીના ચોપડા હું ભુલી આવ્યો છું માટે મારે ઘેરથી લઇ આવો જેથી પેલો તેના ગામ ગયો અને ચાલવાથી થાકી ગયો હતો તેથી તે એક બાગમાં જઇને સુતો ત્યાં ઉંઘી ગયો, એવામાં પેલા રાજાની છોકરી કે જે ત્યાં ફરવા આવેલી હતી તેણે તેને દીઠો અને તેના ઉપર મોહીત થઇ ગઇ, પછી પેલો કાગળ બાંધેલો દીઠો તે છોડીને વાંચી જોયો તો પોતાને પસંદ આવેલો માણસ મરાશે એમ તેણે જાણ્યું તેથી આંખમાંથી કાજળ કાઢી વીષનું વીષયા કાગળમાં કરી નાંખી પાછો બાંધી દીધો અને પાછી પોતાને ઘેર ગઇ ત્યારબાદ પેલો જાગ્યો અને રાજાને ઘેર ગયો અને કાગળ વંચાવ્યો અને અંદર લખ્યા પ્રમાણે તે રાજાના છોકરાએ પોતાની બહેન પરણાવી દીધી. તે વાત ચાલતી ચાલતી તેના બાપ પાસે ગઇ તેથી તે પોતાને ઘેર આવ્યો અને પોતાના છોકરાને તેણે ઘણો ઠપકો દીધો છોકરે તે કાગળમાં વિષયા દેવાનું લખેલું હતું તે બતાવ્યું. તેને મારી નાંખવાને ફરીને તેણે નક્કી કરયું અને તેને ગામ બહાર એક દેવીના મંદીરમાં પુંજા કરી આવવાનું કહ્યું. અમારા જે જામાતૃ થાય તેણે દેવીની પુંજા પહેલી કરવી પડે છે એવો કુળાચાલ છે એમ કહી તેને મંદીર તરફ પુંજા લેઇને જવાનું કહ્યું અને અગાઉથી તેને મારી નાંખવાને રાજાએ મારાઓ મોકલી રાખ્યા. તે પ્રસંગે તે મુલકના ઉપરી રાજાને પોતાની છોકરીને પોતાની હયાતીમાં પરણાવવી હતી અને તે ચંદ્રહાસને તે જોવા માગતો હતો તેથી તેને તેના સાળા પાસે તેડાવરાવ્યો .ચંદ્રહાસ તે વખતે દેવીની પુંજા કરવા જતો હતો તેથી તેણે પછીથી આવવાનું કહ્યું, ત્યારે તેના સાળાએ કહ્યું કે તમારે બદલે હું પુંજા કરવા જાઉં છું અને તમે અમારા ઉપરી રાજા પાસે જાઓ અને ચંદ્રહાસ ઉપરી રાજા પાસે ગયો અને તેનો સાળો દેવીના મંદીરે ગયો. મારાઓ ચંદ્રહાસને અથવા તેના સાળાને કોઇને ઓળખતા નહોતા પણ પુંજાના થાળની નીશાની જે રાજાએ બતાવી રાખેલી હતી તે પ્રમાણે તેની પાસે પુંજાનો સામાન જોયો તેથી તેના સાળાને મારી નાંખ્યો અને કપટનું ચપટ થઇગયું. ચંદ્રહાસના સસરાએ પોતાનો છોકરો આપ્રમાણે ગરદન મરાયો તે વાત સાંભળી બાવરો થઇ ગયો અને તરત દેવીના મંદીરમાં ગયો અને પોતાના છોકરાનું મડદું જોઇને તરત એક પથ્થર સાથે પોતાનું માથું ફોડીને મરી ગયો. ચંદ્રહાસને પેલા મોટા રાજાએ જમાઇ તરીકે પસંદ કર્યો અને પોતાની કુંવરી પરણાવી અને તેને પોતાની ગાદીએ બેસાડયા અને તેને ઘરજમાઇ કરીને રાખ્યો.

પછી ચદ્રંહાસે પોતાના આગલા સસરાની વાત સાંભળી તેથી તે દેવી આગળ ગયો અને મરવા તૈયાર થયો દેવીએ તેને કહ્યું કે એ લોકો તારા દુશમંન હતા, માટે તેમને મેંજ મરાવ્યા છે તેથી હવે તું મરીશ નહી. ત્યારે ચંદ્રહાસે દેવીને કહયું કે જો તમે તેમને ફરીને સજીવન કરો તો હું મરતો અટકું, નહિતો હું મરીશ. તે ઉપરથી દેવીએ તેમને ફરીને સજીવન કરયા.

મૈત્રીરૂષીનો પ્રસંગ

મૈત્રીરૂષી એક ભક્તરાજ થઈ ગયા કે જેમની ભક્તિ જોઇને પ્રભુ પોતે સાધુને રૂપે તેમને ઘેર આવ્યા તે ઉપરથી પોતાના આખા ગામમાં કહેવરાવ્યું કે મારે ઘેર પ્રભુ પધારયા છે માટે જેમને દર્શન કરવાં હોય તે મારે ઘેર આવજો. એ પ્રમાણે તેમણે આખા ગામને પ્રભુનાં દર્શન કરાવ્યાં.

કુંતીજીનો પ્રસંગ

કુંતીજીએ જેવી કરતુતી કરી છે તેવી કરતુતી હાલ કોણ કરી શકે તેવું છે. જેમણે પ્રભુ પાસે હમેશાં દુઃખ અને આપનાજ માગી લીધી હતી તે રોજ પ્રભુની પ્રાર્થના કરતાં કે મહારાજ તમે મને હમેશ દુઃખજ આપજો. જો મને દુઃખ પડશે તોજ તમે મને યાદ આવશો, અને સુખમાં તો હું તમને ભુલીજઇશ. તેમની એવી દ્રઢ ભક્તિ હતી કે શ્રી કૃષ્ણનાં દર્શન કર્યા વગર તેમનાથી જીવી શકાતુ નહી તેથી તેમના રોજ દર્શન થાય એવું વરદાન તેમણે શ્રી કૃષ્ણ પાસે માગી લીધું શ્રી કૃષ્ણજી તેથી વીકળ થઇ ગયા જ્યારે શ્રી કૃષ્ણજી સ્વધામ પધાર્યાની વાત કુંતીજીએ સાંભળી કે તરત કુંતીજીનું તાળવું ફાટી ગયું અને પ્રાણ જતા રહ્યા.

દ્રૌપદીજીનો પ્રસંગ.

શ્રી કૃષ્ણજીને એકવાર આંગળીએ વાગ્યું હતું અને લોહી નીકળ્યું હતુ ત્યારે પાટો બાંધવાને રૂક્ષમણીજી પાસે શ્રીકૃષ્ણજીએ લુગડું માગયું તે વખતે દ્રૌપદી પાસે બેઠાં હતાં અને તેમને પોતાનું પહેરેલું ચીર તે વખતે ફાડીને પાટો બાંધવાને આપ્યું ત્યારે શ્રી કૃષ્ણે તેના તાંતણા ગણી જોયા તો તે નવસેં નવાણું થયા હતા. પછી એકવાર જ્યારે દુર્યોધનને પાંડવોએ પોતાને ઘેર જમવા તેડયો હતો ત્યારે ત્યાં પાંડવોનાં મકાંને કાચ ઢાળેલા હતા અને કાચમાં પાણી નહોતું ત્યાં પાણી પ્રતીત થતું હતુ. ને જ્યાં પાણી હતું ત્યાં જમીન પ્રતીત થતી હતી તેથી દુર્યોધને અંજાઇ જઇને પોતે જમીન જાણી ચાલ્યો ત્યાં પાણી નીકળ્યુ અને તેનાં લુગડાં પલળ્યાં તેથી બીજે ઠેકાણે તેણે લુગડાં ઉંચા રાખ્યાં કે જ્યાં પાણી નહોતું તે જોઇ દ્રુપદીએ દુર્યોધનની મશ્કરીકરી કે આંધળાનો છોકરો આંધળોજ છે તે સાંભળી તેણે તેનું વેર લેવાનો નિશ્ચય કરી રાખ્યો હતો અને તે જ્યારે જુગટામાં પાંડવો દ્રૌપદીને હારી બેઠા ત્યારે દુર્યોધને દ્રુપદીને ભર સભામાં તેડાવી અને પોતાના ધણી સમક્ષ તેને નગ્ન કરવા તેનું વસ્ત્ર ખેંચાવરાવ્યું. ત્યારે તે વખતે દ્રૌપદીએ પોતાની લાજ રાખવા સારૂ પ્રભુ નીપ્રાર્થના કરી અને હે દ્વારકાંનાથ તમે મારી વ્હારે દ્વારકામાંથી ફિરી આવીને ધાજો એમ પોકાર કર્યો તેથી પોતાના ભકતનું વચન સત્ય કરવા તથા તેનુ દુઃખ ભાગવાને ભગવાને જોકે સર્વવ્યાપક રૂપે તેમની પાસે હતા છતાં પોત દ્વારકાં જઇને પાછા આવ્યા નહીતો પોતે તો ત્યાંના ત્યાંજ હતા કારણ કે તેતો સર્વના અંતરયામી છે પણ દ્રુપદીએ તેમને દ્વારકાંનાથ કહીને બોલાવ્યા તેથી તેનુ વચન મીથ્યા ન કરવાના હેતુથી પોતે દ્વારકાં જઇને પાછા આવ્યા. આવતા વાર થઇ તેથી દ્રુપદીએ ભગવાનને પુછયું કે હે મહારાજ તમને આવતાં વાર કેમ થઇ ત્યારે ભગવાને કહ્યું કે તમે મને દ્વારકાંથી આવજો એમ કેમ કહ્યું હું તો તમારી પાસેજ હતો અને હજી પણ તેમજ છું અને હવે પછી પણ તેમજ હોઈશ. પછી દ્રુપદીનાં ચીર તેમણે પુર્યાં અને જેમ જેમ ચીર ખેચ્યા ગયા તેમ તેમ બીજા નવાં ચીર નીકળતાં ગયાં અને આખરે ખેંચનારા લોકો થાકી ગયા તેથી ચીર ખેંચવાનું બંધ કર્યું અને એ પ્રમાણે પોતાના ભકતની સહાય કરી મરીયાદા સાચવી એકવાર કૈરવોએ પાંડવોને શ્રાપ દેવરાવા સારૂ બીજે પ્રસંગે દુર્વાસા રૂષિને પાંડવોને ત્યાં પાંડવોના ભોજન કરી રહ્યા બાદ ભીક્ષા કરવા સારૂ મોકલ્યા. દ્રુપદી અક્ષયપાત્ર ધોઇને બેઠાં હતાં અને દ્રુપદીએ પણ જમી લીધેલું હતું તેથી બધાંને ગભરાટ થયો કે હમણાં રૂષિ આપણને કંઇ શ્રાપદેશે પછી દ્રુપદીએ રૂષીને કહ્યું કે મહારાજ તમે નદીએ સ્નાન કરી આવો એટલે અહીં રસોઇ તૈયાર થઇ જશે અને તે પ્રમાણે તેમને સ્નાન કરવા મોકલ્યા અને દ્રુપદીએ સહાય કરવા સારૂ ભગવાનની પ્રાર્થના કરી એટલે

તરત શ્રીકૃષ્ણજી ત્યાં આવ્યા અને શ્રીકૃષ્ણે દ્રુપદીને કહ્યું કે મને ઘણી ભુખ લાગી છે માટે મને કંઇ ખાવા આપો ત્યારે દ્રુપદીએ કહ્યું કે અમોતો આજે અક્ષયપાત્ર પણ ધોઇ નાખ્યું છે અને હવે કંઇ નથી અને તેમાં વળી દુર્વાસાઋષિ અમારે ત્યાં આવ્યા છે અને અમે તેમને સ્નાન કરવા નદીએ, મોકલ્યા છે તે હમણાં આવશે અને અમે તમને નહિ જમાડીએ એટલે તે અમને શ્રાપ દેશે માટે તમે મારા ઉપર આજ કંઇ અનુગ્રહ કરો તે ઉપરથી શ્રીકૃષ્ણજીએ તે અક્ષયપાત્ર મંગાવ્યું અને તેમાં એક તાંતણો ભાજીનો ચોંટેલો રહી ગયેલો દીઠો તે લઇને આચમન કર્યું એટલે આખા વિશ્વને તેમના સત્ય સંકલ્પથી તૃપ્તી થઇ ગઇ અને કોઇને ખાવાની રૂચી રહી નહિ સ્નાન કરતાં ઋષિને તેમજ બધા શીષ્યોને અમૃત જમ્યાના ઓડકાર આવ્યા અને ફરીને જમવાની જરા પણ રૂચી રહી નહિ તેથી તેઓએ જાણ્યું કે જો આપણે હવે પાંડવોને ઘેર જઇશું અને તેઓ આપણને જમાડશે અને આપણાથી કંઇ જમાશે નહિ ત્યારે તેઓ જાણશે કે આપણે તેમની મશ્કરી કરવા ગયા હતા અને એમ જાણીને તેઓ આપણને હવે ત્યાં ન જતાં બારોબાર આપડે આશ્રમે ચાલો જતા રહીએ એમ વિચારી બારોબાર જતા રહ્યા એ પ્રમાણે ભગવાને પોતાના ભકતોની લાજ રાખી.

मुल छप्पय छंद. ॥

पद्पंकज वांछों सदा जिनिके हरिउर नितबसें ॥
योगेश्वर तश्रृदेव अंगमुचुकुंद प्रियव्रत जेता ॥
पृथु परीक्षित शेष सुत सौनक परचेता ॥
सत्यरुपा त्रिसुता सुनीत सति सबहि मदालस ॥
जज्ञ पत्नि व्रजनारी कीय केशव अपने वस ॥
एसे नरनारी जीते तिनिहीके गाउ जसे ॥
पद्पंकज वांछों सदा जीनके नित वसे ॥

ગ્રંથકાર કહે છે કે જેમના ચત વીશે હમેશ વસે છે એવા ભકતરાજની ચરણરજની હું હમેશ વાંછના રાખુછું.

मुल छप्पय छंद. ॥

अंध्री अंबुज पांसुको जनम जनमहों जाचिहों ॥
प्राचिन बर्हि सत्यव्रत रहुंगण सगर भगीरथ ॥
वाल्मीक मिथलेश गए जैजै गोविंदपथ ॥
रुकमांगद हरिचंद भरथ दधीचि उदारा ॥
सुरथ सुधन्वा सिवरसुमति अती बलिकीदारा ॥
निळ मोर ध्वज ताम्र ध्वज अलर्क कीरती राची हो ॥
अंध्रो अंबुज पांसुकों जनम जनमहो जाचीहों ॥

વાલ્મીકજીનો પ્રસંગ.

આગળ નીચ જાતમાં બે વાલ્મીક થઈ ગયા છે તેમની કથા સાંભળો. એક વાલ્મીક ભીલનો સંગ કરતો હતો ત્યાંસુધી તે ભીલ ગણાતો હતો અને જ્યારથી રૂષિનો સંગ કરવા માંડયો ત્યારથી રૂષિ ગણાવા લાગ્યો અને શ્રી રામચંદ્રજીનાં તેમને પ્રત્યક્ષ દર્શન થયા કે જેના પ્રતાપથી તેણે રામાયણ બનાવી. વાલીઓ કરીને એક ભીલ વગડામાં પોતાના કુટુંબ સાથે રહેતો હતો અને ત્યાં થઇને જે જતું હતું તેને મારીને લુંટી લેતો હતો એકવાર ત્યાં થઇને કેટલાક રૂષીઓ જતા હતા ત્યારે તે વાલીઆએ તેમને મારવા માંડયા ત્યારે રૂષીઓએ તેના ઉપર દ્રષ્ટી કરી એટલે તેની બુદ્ધિ કંઇક સતોગુણી થઇ તેથી તેમણે તેને કહ્યું કે તું આ પ્રમાણે જે હીંસા કરે છે અને તારૂં કુટુંબ પોસેછે પણ તેમાં પાપ થાય છે તે કોણ ભોગવશે, તું કે તારા કુટુંબી ત્યારે તે ભીલે કહ્યું કે બધાં ઘરનાં માણસ ભોગવે તે ઉપરથી તે કુટુંબીઓને પુછાવરાવ્યું અને કુટુંબીઓએ કહ્યું કે જે પાપ કરે તે તેનું ફળ ભોગવે અમારે માથે કંઇ નહી તે ઉપરથી તેને વૈરાગ થયો અને તે પાપ છુટવાનો ઉપાય તેણે રૂષીઓને પુછયો ત્યારે રૂષિઓએ કહ્યુંકે અમે અહીં પાછા આવીએ ત્યાંસુધી તું આ એક વૃક્ષને ફેરા ફર્યા કરજે એમ કહી રૂષિઓ ગયા અને તેણે તેમ ફર્યા કર્યું અને છેવટ મરી ગયો પણ રૂષિઓ પાછા આવ્યા નહિ. બીજે જન્મે તે એક બ્રાહ્મણને ત્યાં જનમ્યો અને ત્યાં સપ્ત રૂષિઓએ તેને શ્રી રામનામનો ગુરૂમંત્ર આપ્યો કે જેના પ્રભાવથી તે પ્રખ્યાત થઇ ગયો બીજા વાલ્મીકનેતો કોઇ જાણતું નથી પણ શ્રી કૃષ્ણ ભગવાને તેને પોતાનો ભક્ત જાણીને પ્રખ્યાત કર્યો છે. મહાભારતનું યુદ્ધ થયા પછી પાંડવોને કુલઘાતનો દોશ છોડાવા જ્યારે શ્રી કૃષ્ણે રાજ સોઇ યજ્ઞ કરાવ્યો ત્યારે ત્યાં એક પાંચ મુખી શંખ મુકયો હતો તે યજ્ઞ પરીપુર્ણ થશે તો પોતાની મેળે તે વાગશે એવો તેનો સંકેત કરી રાખ્યો હતો પછી યજ્ઞ પુરો થયો અને શંખ વાગ્યો નહિ તેથી શ્રી કૃષ્ણજીને પાંડવોએ પુછયું કે શંખ કેમ વાગ્યો નહિ ત્યારે શ્રી કૃષ્ણજીએ કહ્યું કે એક સાધુ મારો ભકત છે તે તમારે ત્યાં જમ્યા વગર રહી ગયો છે તેથી શંખ વાગ્યો નહિ ત્યારે પાંડવોએ પુછયું કે તે કોણ છે અમને તે બતાવો તે ઉપરથી શ્રીકૃષ્ણજીએ કહ્યું કે તે અતીગુપ્ત ભકત છે અને તે ભંગીઆવાડમાં રહે છે અને તેનું નામ વાલીઓ છે અને તે સ્વપચ મારો પરંમભકત છે માટે તમે તેને લાવીને જમાડીને તૃપ્ત કરો એટલે તે શંખ વાગશે તે ઉપરથી ભીમસેન તથા અરજુન તેમને ઘેર ગયા અને વિનંતી કરીને તેમને ઉંચકીને તેડી લાવ્યા. શ્રી કૃષ્ણજી તેને હાથે પકડીને પાક શાળામાં લાવ્યા અને દ્રોપદીને કહ્યું કે તમે આજ તમારા હાથની સફળતા સમજજો તમે રસોઇમાં કંઇ પણ કસર રાખશો નહિ તે ઉપરથી દ્રોપદીએ આખી રાત વેઠી જુકતી બંધ રસોઇ કરી અને તે પેલા સ્વપચ વાલ્મીકજીને પીરસી સ્વપચજીએ તે પરમેશ્વરને ભોગ લગાવીને પછી બધું એકઠું કરીને ખાવા મંડયા એટલે પેલો શંખ થોડો થોડો વાગવા માડયો અને પાછો તરત બંધ થઇ ગયો ત્યારે તેમણે શંખને કારણ પુછયું ત્યારે શંખે કહ્યું કે તમે દ્રૌપદીને પુછો ત્યારે દ્રોપદીએ કહયું કે જમાડતાં મને એવો વિચાર આવ્યો કે આખરે આ ચંડાળ છે તેથી મારી રસોઇની કીંમત તે શું જાણે મેં રાત વેઠીને જુકિતબંધ આ રસોઇ કરી અને સ્વપચજીએ તો બધું એકઠું કરીને ખાધું બીજે દીવસે ફરીને રસોઇ કરાવી અને તેમને ફરીને આદર સહીત જમાડયા એટલે શંખ વાગ્યો એ પ્રમાણે ભકતનું મહાત્મ પોતે વધાર્યું. તેમણે જે એકઠું કરીને ખાધુ તેનું કારણ એ હતું કે તેમણે પહેલું પરમેશ્વરને ધરાવ્યું અને પછી એકઠું કર્યું. તે એટલા માટે કે ખાતી વખતે સ્વાદનો રસ તેમ

કંઇ આસક્ત કરે નહિ બીજું કારણ એ હતું કે પરમેશ્વરને જુદું જુદું કરીનેભોગ આપતાં પરમેશ્વરને ગુંચવણ પડે માટે બધું એકઠું કરીને મારે તેમને જમાડવું એવા તેમાં બે હેતુ હતા.

રૂકમાગદજીનો પ્રસંગ.

રૂકમાંગદ કરીને એક રાજા હતો અને તેણે પોતાના શહેરમાં સૌથી સારો બગીચો બનાવ્યો હતો અને ત્યાં સ્વર્ગમાંથી અપસરાઓ રોજ રાતે ફુલ વીણવાને અંતરીક્ષથી આવતી હતી રાજા રોજ બગીચાને જોતો ત્યારે તે બગીચાના ફુલ ચુંટી લીધેલાં જોતો તેથી તેણે એકવાર બગીચાના માલીને પુછ્યું કે રોજ ફુલ કોણ તોડી લે છે ત્યારે માલીએ કહ્યું કે અહીં કોઇ આવતું નથી તેમજ કોઈનું પગલું પણ પડતું નથી માટે તે ચોરને હું કેવી રીતે પકડી શકું ? એક દીન એક અપસરાને પગે કાંટો વાગ્યો તેથી તે ભ્રષ્ટ થઇ તેથી તેનું વીમાન અંતરીક્ષ ઉડી શક્યું નહી તેથી તે અપસરાઓ સાથે તે વીમાન ત્યાંજ રહ્યું સવારમાં ઊઠીને માલીએ તેમને જોયાં અને તુરત રાજા પાસે દોડતો ગયો અને ચોર પકડાયાની ખબર કરી. રાજાએ તે સાંભળી બગીચામાં આવી જોયું તો ત્યાં દેવાંગનાઓ જોઇઓ અને તેમને બધો હેવાલ પુછી વાકેફ થયો પછી તેમને પાછાં જવાનો ઉપાય પુછ્યો ત્યારે તેમણે કહ્યુ કે જો તમારા ગામમાં કોઇ માણસે ગઇ કાલ જે એકાદસી હતી તેનું વ્રત કરેલું હોય અને તે માણસ જો અમને તેની એકાદસીનું પુણ્ય સંકલ્પ કરી આપે તો અમારૂં વીમાન પાછું અંતરીક્ષ ઉડે. અગીઆરસની વાતતો તે ગામમાં કોઇ જાણતુંજ નહોતું પણ એક વાણીઆની દાસીને પોતાના શેઠે કંઇ વાંક શારૂ મારી હશે તેથી તે રીસમાં આખો દીવસ ભુખી રહેલી હતી અને તે ભુખના કારણથી તેને રાતે ઉંઘ પણ આવી નહોતી તેથી તેને અજાણપણે આવી રીતે એકાદશી થઇ ગઇ હતી તે તપાસ કરતાં રાજાને તપાસમાં મળી આવી અને તેણે તેનું પુન્ય દેવાંગનાઓને આપ્યુ એટલે તે દેવાંગનાઓ વીમાનમાં બેસી પોતાના લોકમાં ગઇઓ. એકાદશીનું આવું મહાત્મ જોઇ, પછીથી આખા ગામમાં રાજા શુધાંત બધા લોકોએ એકાદશી કરવા માંડી અને તેના પ્રતાપથી તે રાજાની આખી પુરી કે જેનું નામ અયોધ્યાપુરી હતું તેની વસ્તીનો ઓદ્ધાર થયો. તે રાજાને એક કુંવરી હતી અને તેનો પતી દુર દેશાવર રહેતો હતો તે એકવાર એકાદશીના દીવસે પોતાના ઘેર આવ્યો અને તેને ઘણી ભુખ લાગેલી તેથી તેણે પોતાની સ્ત્રીપાસે કંઇ ખાવાનું માગ્યું પણ તે દીવસે આખા ગામને એકાદશીવ્રત હતું તેથી તેણે તેને કંઇ ખાવાનું આપ્યું નહીં. ત્યારે તેણે કહ્યું કે હવે તો મારા પ્રાણ જાય છે. પણ તેની સ્ત્રીએ કહ્યું કે ભલે તમારા પ્રાણ જાઓ પણ ખાવાનું આપીશ નહીં અને છેવટે તેના પ્રાણ ગયા. તેને લેવાને વીમાન આવ્યું તે જોઇને તે કુંવરી ઊલટી વધારે ખુશી થઇ કારણ કે એકાદશીને દીવસે તેનું મૃત્યું થયું અને તે વીમાનમાં બેશી સ્વર્ગે ગયો માટે સારૂં થયું અને પોતે વીધવા થઇ તેને જરાપણ શોચ કર્યો નહીં. અને એક ટેકને વળગી રહી.

સમુદાયનો પ્રસંગ.

હરીચંદ્ર રાજા એક ટેકવાળો ભક્ત હતો, લોકોમાં તેની કીર્તી થતી સાંભળીને વિશ્વામીત્રને તેની અદેખાઇ આવી તેથી તેણે વાલ્મીક રૂષી સાથે એકવાર સરત કરી કે જો હું હરીચંદ્રને તેના ધર્મથી ભ્રષ્ટ ન કરૂંતો હું કુતરાની ઠુમલીમાં રસોઇ કરીને જમું. પછી એકવાર જ્યારે હરીચંદ્ર રાજા શીકારે ગયો હતો મારે ત્યાં પોતાની સીદ્ધીબળથી વિશ્વામીત્રે એક

છોકરો છોકરી બનાવ્યાં અને તેરાજાને વીનંતી કરી કે તમે આ વીપ્રના બાળક કે જે નબાપાં છે તેમને પરણાવી આપો. તે ઉપરથી હરીચંદ્ર રાજાએ તેમને કન્યાદાન દીધું અને તે દાનમાં વિશ્વામીત્ર તેનું રાજ ખુટવાડી દાન કરાવી દીધું પછી વીશ્વામીત્ર ગોર દક્ષણાની બાકી કાઢી ત્યારે રાજાએ રાણીનો અમુલ્ય હાર મંગાવ્યો પણ તે હાર વીશ્વામીત્ર પહેલેથી કંઇ કપટ કરી પોતાની પાસે રાખેલો હતો તેથી ગુરુ દક્ષણા આપવાને તેને કંઇ મળી આવ્યું નહીં, તેથી રાજપાટ વગરનો તે રાજા, રાણી, તથા તેનો કુંવર ગોર દક્ષણા પુરી કરી આપવા પોતાની જાતને વેચીને પુરી કરી આપવા કાશી ગયાં રાણી એક ગુણકાને ત્યાં વેચાઇ છોકરાને માળીને ત્યાં વેચ્યો અને પોતે રાજા એક ભંગીઆને ત્યાં વેચાયો અને વીશ્વામીત્રની દક્ષણા પુરી કરી આપી પછી વીશ્વામીત્ર એક માયાવી સાપ કરીને છોકરાને કરડાવી તેના પ્રાણ લીધા. રાણી છોકરાની લાસ લેઇને તેને બાળવાને સ્મશાન ગઈ ત્યાં હરીચંદ્રે પોતાના ભંગીઆ શેઠનો મસાણ કર લેવા માંડયો અને તે પ્રમાણે તેમને ઘણી આપતીમાં નાંખી તેને તપાવ્યાં પણ તેઓ જ્યારે જરાપણ સત્યથી ડગ્યાં નહીં ત્યારે તેઓ મને શ્રાપ દેશે એવી વીશ્વામીત્રને બીક લાગી તેથી તેમને વધારે કનડવું મુકી દીધું. પછી પરમેશ્વરે તેમની સચાઇ જોઇને તેમને પ્રગટ દર્શન દીધું અને તેમનો છોકરો સજીવન કર્યો અને પાછું રાજપાટ સોંપ્યું. તેમના સત્યને લીધે તેમનું નામ જગતમાં પ્રખ્યાત થઇ ગયું.

સુધન્વાજીનો પ્રસંગ.

સુધન્વા કરીને એકરાજ કુંવર ભકતરાજ થઇ ગયો. માહાભારતના યુદ્ધ પછી જ્યારે પાંડવોએ અશ્વમેધ કરવા સારૂ ઘોડાને છોડયો હતો ત્યારે તે ઘોડો સુધન્વાએ બાંધ્યો હતો અને તેથી અરજુન અને સુધન્વાને મોટું યુદ્ધ થયું. છેવટે અરજુને પ્રતીજ્ઞા કરી કે આ છેલ્લા ત્રણ બાણ હું કાઢું છું અને તેથી હું તારૂં મુસ્તક જરૂર છેદી નાંખીશ અને જો હું તે પ્રમાણે ન છેદી શકું તો મારા સાત પેઢીના પિત્રુ નર્કે જાય. સુધન્વાએ પણ પ્રતિજ્ઞા કરીકે આ છેલ્લા ત્રણ બાણ હું ન કાપી નાખું તો મારી પણ સાત પેઢીના પીતરૂ નર્કે જાય. એમ સરત કરીને પછી અરજુને બે બાણ મુકયાં તે સુધન્વાએ કાપી નાંખ્યા પછી છેવટે અરજુને ત્રીજું બાણ મુકીને ઉપર પોતાનું જે સુકૃત કરેલું હોય તેનું ફળ તેના ઉપર મુકયું તે બાણ પણ તેણે કાપી નાંખ્યું પણ તેનો એક કકડો ઉડીને સુધન્વાને મુસ્તકે વાગ્યો અને તેનું મુસ્તક છેદયું ત્યારે સુધન્વાએ શ્રીકૃષ્ણને કહ્યું કે હું તથા અરજુન આપણે સરખા ભક્ત છીએ છતાં તમે પક્ષ કરીને તેને કેમ જીતાડયો? ત્યારે શ્રીકૃષ્ણે કહ્યું કે તમારા બંનેની પ્રતિજ્ઞા સાચી પાડવા મેં આમ કરયું છે. પછી તે બાણે તે મુસ્તકને સુધન્વાના બાપના ખોળામાં ફેંક્યું તેના બાપે પોતાના પુત્રનું મૃત્યું થએલું જોઇને ઘણો શોક કરયો પછી તે મુસ્તક શ્રીકૃષ્ણજીની પાસે સરણે થવા ગયું અને શ્રીકૃષ્ણે તેને ગંગાજીમાં પધરાવા ગરૂડજીને આજ્ઞા કરી મોકલ્યા ત્યાં રસ્તામાં શીવજીને ખબર પડી તેથી પોતાના ગણનંદીને તે લેવાને મોકલ્યો ત્યાં ગરૂડ અને નંદીના વચ્ચે દારૂણ યુદ્ધ થયું અને ત્યાં બંને જણે પ્રતીજ્ઞાઓ લીધી ત્યારે તે પ્રતીજ્ઞા સાચવવા ગરૂડે જેવું તે મુસ્તક ગંગાજીમાં નાંખ્યું તેવું નંદીએ તેને અધર ઝીલી લીધું અને લેઇ જઇને શીવજીને રૂંઢ માલમાં નાંખવા આપ્યું ભકતનાં મુસ્તક શીવજી પોતાની રૂંઢ માળામાં નાંખી છાતી સરસાં રાખે છે કારણ કે તેવાં મુસ્તક તેમને ઘણાં પ્રીય છે.

સીબીરાજાનો પ્રસંગ.

સીબીરાજા એક મોટા ભક્ત થઇ ગયા એકવાર અગ્નીદેવ અને ઇંદ્રદેવ તેની પરિક્ષા લેવાને ગયા અને એક હોલો થયો અને બીજો બાઝ થયો અને બાઝ હોલા પછવાડે તેને મારવાને

દોડયો. હોલો બળીરાજાની પાસે શરણે ગયો ત્યારે બાજે આવીને તેને માગ્યો ત્યારે શીબીએ કહ્યું કે શરણે આવેલા હોલાને હું નહીં આપું જો તારે માંસથી કામ હોયતો હોલા બરોબર હું તને માંસ આપું પછી તે પ્રમાણે શીબીરાજાએ પોતાની જાંગ કાપી અને માંસ કાઢી આપ્યું અને હોલાના બરોબર તોળવા માંડયું પણ તે બનાવટી હોલો હતો તેથી હોલો ભારે થયો અને જેમ જેમ વધારે માંસ નાંખ્યું તેમ તેમ હોલો વધતો ગયો અને રાજાએ એ પ્રમાણે પોતાનું આખું શરીર કાપી નાંખ્યું. અને પોતાની ટેક સાચવી તેથી પ્રભુએ તેની દ્રઢતા અને ટેક જોઇને તેને પ્રગટ દર્શન દીધું.

દધીચરૂષીનો પ્રસંગ.

દાનવોથી જ્યારે દેવતાઓ બહુ દુઃખી થયા ત્યારે તેઓ બ્રહ્મા પાસે ગયા ત્યારે બ્રહ્મા એ તેમને કહ્યું કે તમે દધીચરૂષી પાસે જાઓ અને તમે તેની સેવા કરી તેમના હાડકાં માગીલ્યો અને તેનું વજર કરી દાનવોને મારો એટલે દાનવોનો નાશ થશે. ત્યારે દેવોએ કહ્યું કે તમો જાતે માગોતો તે તમને આપશે અને અમને તો ના કહેશે તેથી બ્રહ્મા બ્રાહ્મણનું રૂપ લેઇને રૂષી પાસે ગયા રૂષીએ બ્રહ્માને ઓળખ્યા અને તેમને આદર સત્કાર કર્યા પછી તેમને ત્યાં આવવાનું કારણ પૂછયું ત્યારે બ્રહ્માએ કહ્યું કે કાંઇક તમારી પાસે માગવા આવ્યોછું જો તમો તે આપો તો હું તે વાત કહું ત્યારે રૂષીએ કહ્યું કે હું તે આપીશ, ત્યારે બ્રહ્માએ તેમનું વચન લીધું અને પછી કહ્યું કે દેવતાઓનું દુઃખ ભાગવાને હું તમારાં હાડકાં માગવા આવ્યોછું ત્યારે દધીચે કહ્યું કે ભલે તે લઇ જાઓ પણ મને મારવાથી તમને બ્રહ્મહત્યા લાગશે માટે તમે માંખણ લાવી મારે શરીરે ચોપડો અને ગાયો પાસે મારૂ શરીર ચટડાવો એટલે તે ચાટતાં ચાટતાં મારી ચામડી ઉતરી જશે અને મારો પ્રાણ જશે એટલે તમે મારાં હાડકાં લઇ જજો અને તમને તેની હત્યા લાગશે નહીં એમ પોતાનું પણ સાચવવાને તેણે પોતાના પ્રાણ આપ્યા.

બળીરાજાની રાણી વીંધાવળીનો પ્રસંગ.

બળીરાજાનું અતી પુણ્ય જાણી ઇંદ્રદેવતાએ ભગવાનને બળીરાજા પાસે તેમની વિભુતી હરણ કરી લેવાને મોકલ્યા. ભગવાન વામનરૂપ ધરી બ્રાહ્મણ બનીને બળીરાજા પાસે આવ્યા અને દાનની યાચના કરી ત્યારે બળીરાજાએ તે આપવાનું વચન આપ્યું. પછી ભગવાને સાડા ત્રણ ડગલાં જમીન તેની પાસે માગી ત્યારે બળીરાજાએ તે આપવી સ્વીકારી પછી ભગવાને વૈરાટરૂપ ધારણ કર્યું અને સ્વર્ગ મૃત્યુ અને પાતાળમાં ત્રણ ડગલાં મુકયાં અને તેના ત્રણ લોક લીધા અને તે પ્રમાણે ભગવાને કર્યું. બળીરાજાને તેની રૈયતે તથા ગુરૂએ ઘણું સમજાવ્યો હતો પણ તેણે પોતાનું પણ સાચું કરવા માટે પોતાનું સર્વસ્વ આપી દીધું હતું તેમની રાણીએ કહ્યું કે હરીનું આપેલું હતું અને હરીને તમે આપ્યું તેમાં શી નવાઇ કરી છે તેમાં તમારૂં શું હતું પછી બળીરાજાએ પોતાની છાતી ઉપરનો ભગવાનનો પગ મસળવા માંડયો અને કહ્યું કે હે મહારાજ હું દૈત્ય છું અને મારી છાતી વજર જેવી સખત છે તેથી તમને ખુંચતુ હશે માટે હું તે સળું છું ભગવાને તેનો પ્રેમ જોઇને તેને વરદાન માગવા આજ્ઞા કરી ત્યારે બળીરાજાએ કહ્યું કે બારે માસ તમે મારે ત્યાં રહેજો તે ઉપરથી બ્રહ્મા વીષ્ણુ અને રૂદ્રના રૂપે ભગવાન ત્રણે રૂપમાંથી એક એક રૂપે ચાર ચાર માસના વારા કરી તે પ્રમાણે તે તેમને ત્યાં રહેવા માંડયું અને એ પ્રમાણે ભકતને આધીન થઇ ભગવાન પોતે પાતાળમાં રહયા છે.

મોરધ્વજનો પ્રસંગ.

મોરધ્વજરાજા ખંભાતમાં એક મોટો ભક્તરાજ થઇ ગયો. અરજુનને એકવાર અહંકાર થયો હતો કે મારા જેવો શ્રી કૃશ્ણનો કોઇ ભક્ત હશે નહી તેથી તે મેલરૂપ જે અહંકાર તે ઉતારવાને શ્રી કૃશ્ણજી તેને મોરધ્વજને ત્યાં લઇ ગયા. અરજુનને એક છોકરાનું રૂપ લેવડાવ્યું અને પોતે એક બ્રાહ્મણનું રૂપ લીધું પછી બંને જણુ મોરધ્વજને ઘેર ગયા અને મોરધ્વજને કહેવડાવ્યું કે તમારે ત્યાં કોઇ સાધુઓ ભીક્ષા માગવા આવ્યા છે ત્યારે તેણે તેમને કહેવડાવ્યું કે હું હાલ પુંજામાં બેઠોછું તેથી તમે જરા થોભો. હું થોડી વારમાં આવુંછું તે સાંભળી તે બંનેજણુ ત્યાંથી રીસાઇને પાછા ચાલ્યા. રાજાએ તે ખબર સાંભળી પુંજા કરવી પડતી મુકી તેમની પાસે તરત ઊઠીને ગયો અને તેમને વીનંતી કરી અને તેમને પાછા વાળી લાવ્યો. પછી તેમને પોતાને ત્યાં પધારવાનું કારણ પૂછ્યું ત્યારે તેમણે કહ્યું કે અમે તમારે ત્યાં એક ચીજ માગવા આવ્યા છીએ. પણ જો તમે તે ચીજ આપવાનું વચન આપો તો અમે તે માગીએ ત્યારે મોરધ્વજે તેમને વચન આપ્યું એટલે શ્રીકૃશ્ણે કહ્યું કે અમે બંનેજણુ બાપ દીકરો થઇએ છીએ અને અમે વનમાંથી ચાલી આવતા હતા ત્યાં વચમાં અમને એક વાઘ મળ્યો અને વાઘે છોકરાને ખાવા લીધો ત્યારે તેને બદલે મેં તે વાઘને મારો દેહ તથા તે જે માગે તે આપવા માંડયું અને તું છોકરાને મારીશ નહીં તેમ કહ્યું પણ તેણે તે માન્યું નહિ અને કહ્યું કે જો તમે મોરધ્વજ રાજાનું જમણું અંગ મને આપો તો હું તે છોકરાને મારૂ નહિ. તે ઉપરથી અમે તમારૂ જમણું અંગ માગવા તમારે ત્યાં આવ્યા છીએ તે સાંભળી તેની રાણીએ કહ્યું કે હુ રાજાની અર્ધાંગ છું માટે તમે મને લેઇ જઇને વાઘને આપો. તેના પુત્રે કહ્યું કે હું પુત્ર છું તેથી રાજાનુંજ રૂપછું માટે તમે મને તે વાઘને આપો પછી તે બ્રાહ્મણે કહ્યું કે તે બધી તકરાર મારે જોઇતી નથી મારે તો મોરધ્વજનુંજ જમણું અંગ જોઇએ છે અને તે પણ તમે તેની સ્ત્રી તથા તેનો છોકરો બન્ને જણુ ગાતાં ગાતાં તેને વહેરીને આપો અને મોરધ્વજને આંખે એક આંસુ પણ લાવે નહિ તો તે અમે લેવા કબુલ છીએ કારણ કે અમે વાઘ સાથે તે પ્રમાણે કબુલાત કરી છે તે ઉપરથી સ્ત્રી તથા દીકરા પાસે મોરધ્વજે પોતાનું અંગ વહેરાવ્યું ત્યારે ડાબી આંખે તેને પાણી આવ્યું તે જોઇ તે બ્રાહ્મણે રીસાઇને ત્યાથી જવા માંડયું, ત્યારે તેને મોરધ્વજે વારી રાખ્યો અને તેને સમજણ પાડી કે હું કંઇ દુઃખથી આંસુ લાવ્યો નથી પણ મારૂ ડાબુ અંગ મને કહે છે કે હુંતો નકામું પડયું રહ્યું અને દાન દેવાના કામમાં હું ખપ લાગ્યું નહિ તેથી ડાબા અંગને ખોટું લાગવાથી તેને આંસુ આવ્યું. તે સાંભળી બ્રાહ્મણના રૂપે આવેલા ભગવાન તેન ઉપર પ્રસન્ન થયા અને ચરતુભુજ મુર્ત્તી થઇને તેમને દર્શન દીધાં અને તેમને કંઇ વરદાન માગવાનું કહ્યું ત્યારે તેમણે માગ્યું કે હે મહારાજ આગળ કળીયુગ આવે છે તેથી તેમાં ધર્મની દ્રઢતા રહેવી ઘણી કઠણ પડશે માટે તમે આ પ્રમાણે કોઇને પરીક્ષા લેવા સારૂ તપાવશો નહિ અને જો તમે તેમ કરશો તો કોઇથી ભક્તિ થશે નહિ માટે કોઇની આજથી કસોટી ન કરવી એવું વરદાન આપો. અરજુન મોરધ્વજની તથા તેની રાણીની તથા પુત્રીની ભક્તિ જોઇ દીંગમુઢ થઇ ગયો અને તેનો ગર્વ ગળી ગયો:—

અલરકજીનો પ્રસંગ.

મંદાલસા કરીને એક રૂષિની છોકરી હતી તેને દત્તાત્રેય મુનીનો ઉપદેશ થયેલો હતો. મંદાલસાં વગડામાં રહેતી હતી તેને એક રાજા કે જે શીકાર કરવા વનમાં આવેલો હતો તે તેને ત્યાંથી પરણીને પોતાને ઘેર લઇ ગયો. મંદાલસા એ રાજા સાથે સરત કરી કે મારે પેટ

જે છોકરાં થાય તેને હુંજ ઉપદેશ કરૂં અને તે વાત તે રાજાએ કબુલ રાખી. તેને છ છોકરા થાય અને તે બધાને મંદાલસાએ ઉપદેશ કર્યો તેથી તેઓ સંસાર ત્યાગ કરી વેરાગી થઇ જંગલમાં જતા રહ્યા પછી રાજાએ પોતાના વંશની વૃદ્ધિ સારૂ એક છેલો છોકરો થયો તે માગી લીધો અને તેને ઉપદેશ કરવા દીધો નહિ. મંદાલસાએ તે પ્રમાણે કરી તે એકને રાજા થવા દીધો. જ્યારે તે મરવા સુતી ત્યારે તેના પ્રાણ જતા નહોતા તેથી તેના પુત્રે તેનું કારણ પુછયું ત્યારે મંદાલસાએ પોતાના પુત્રને કહ્યું કે હું તને એક માદળીયું આપું તે તું લે, તો મને શાંતી વળે અને તેણે લીધું. જ્યારે તારે માથે કોઇ સંકટ આવે ત્યારે તું તે માદળીયું ખોલીને અંદર જોજે એટલે તારૂ સંકટ દુર થશે એમ કહી માતાએ પ્રાણ છોડી દીધા પછી ઘણાં વરસ વિત્યાબાદ પેલા છ ભાઇઓને ચીંતા થઈ કે આપણો ભાઇ રાજ કરે છે માટે તે નરકે જશે અને તેથી બાપડી માની કુખ લાજશે માટે આપણે તેને આપણા જેવો કરવો એમ નકકી કરી પોતાના ભાઇ પાસે તેઓ આવ્યા અને તે રાજ્યનો પોતાનો હિસ્સો તેની પાસેથી માગ્યો, પણ તેણે તેમને કાંઇ આપ્યું નહિ અને કાઢી મુકયા તેથી તેઓ પોતાનો મામો કે જે કાશીનો રાજા હતો તેની પાસે ગયા અને ત્યાંથી સૈન લઇને તેઓએ પોતાના ભાઇના રાજ્ય ઉપર ચઢાઇ કરી તે વખતે સંકટ જોઇને તેને પેલા માદળીઆની વાત યાદ આવી અને તે ઉઘાડીને તેણે જોયું તો તેમાં પોતાની માને આપેલો દત્તાત્રેય મુનીનો મંત્ર લખેલો હતો તે તેણે વાંચ્યો અને તેથી તેણે દુનીઆને નાશવંત જાણી અને તેને વૈરાગ થયો અને તેથી તે પોતાના ભાઈઓને રાજ સોંપી દેવાને તેમની સનમુખ ગયો ત્યારે ભાઈઓએ કહયું કે અમારે રાજ્ય જોઇતું નથી પણ અમારે તો આટલુંજ કરવું હતું જેથી તને કંઇ વૈરાગ થાય. પછી તેમણે પોતાના મામાને રાજ્ય આપવા માંડયું પણ તેમની વાત ઉપરથી મામાને પણ વૈરાગ થયો અને તે પણ જોગી થયો તે વાત તેના પ્રધાને સાંભળી તેથી તેને પણ વૈરાગ થયો અને તે પણ જોગી થઇ ગયો એ પ્રમાણે એ સમર્થ મહાત્માના બોધનો આટલો બધો પ્રતાપ વર્તાયો.

मुल छप्पय छंद. ॥

तिन चरन धूरि मो भूरी शीर जे जे हारमाया तरे ॥
रिभु इक्ष्वाकु अैल गाधि रघु अंग शुचि सत धन्वा ॥
अमूर्ति अरु रंतिदेव उतंग भूरिदेवल वैवस्वत मन्वा ॥
नहुष ययाति दिलिप पुरु यदु गुह मान्धाता ॥
पिप्पल निमि भारद्वाज दक्ष सरभंग संघाता ॥
संजय समीक उत्तान पाद जाज्ञवल्क जग जस भरे
तिन चरन धूरिमो भूरी शीर जेजे हरी माया त्रंरे ॥

રંતીદેવનો પ્રસંગ.

દુસ્યંત રાજાના વંશમાં રંતીદેવ કરીને એક રાજા થયો તેણે આખર વખતે વાનપ્રસ્થ ધર્મ લીધો અને વનમાં ગયો ત્યાં ચાળીસ દીવસ સુધી તેને અનાજ મળ્યું નહિ તેથી તે ભુખ્યો રહયો. ચાળીશમેં દીવસે તેને કંઇક કંદ મળી આવ્યું તેથી તેની રસોઇ કરી. જ્યારે તે જમવા બેઠો ત્યારે તેને ત્યાં એક વિપ્ર જે ઘણો ભુખ્યો હતો તે માગવા આવ્યો તેથી

તેણે તેને રસોઇમાંથી એક ભાગ આપ્યો ત્યાર પછી એક શુકદ્ર જાતી ભંગીઓ ત્યાં આવ્યો અને તેને પણ એક ભાગ ભુખ્યો જાણીને આપ્યો ત્યારે પછીત્યાં એક કુતરૂ આવ્યું તેથી તેને પણ એક ભાગ આપ્યો એમ બધું ખાવાનું ખપી ગયું ને તેની પાસે પોતાને ખાવા કંઇ રહ્યું નહિ. આ પ્રમાણે છેવટ સુધી તેણે સંકટ વેઠયું તેથી શ્રીહરી તેની ભકિત ઉપર પ્રસન્ન થયા અને તેને દર્શન દીધું. તેથી તેનું દુઃખ માત્ર જતું રહ્યું અને તેને ભકિતનો રંગ લાગ્યો.

ગુહ્યરામજીનો પ્રસંગ.

રામચંદ્રજી વનવાસ નીકળ્યા ત્યારે ફરતા ફરતા ભીલના મુલકમાં આવ્યા ત્યાં ભીલનો રાજા ગુહ્યરામ નામનો એક મોટો ભકત હતો તેણે પોતાની ગાદી શ્રીરામચંદ્રજીને સોંપી તેમને બદલે પોતે વનમાં જવાની શ્રીરામચંદ્રજી પાસે આજ્ઞા માગી. શ્રીરામજીએ કહ્યું કે હું પીતાનું વચન પાળવા નીકળ્યો છું માટે હું ગાદી ઉપર નહિ બેસું એમ કહી રામચંદ્રજી ચાલી નીકળ્યા તેથી વીયોગના દુઃખે તેણે દારૂણ રૂદન કરવા માંડયું અને છેવટે તેને લોહીના આંસુ પડયાં અને પછીથી તેણે પોતાની આંખો બંધ કરી દીધી તે પછી કોઇવાર ઉઘાડીજ નહી. કારણ કે શ્રીરામચંદ્રજી વગર મારે હવે શું જોવું જોવું તો એક રામપુર જોવું. અને તે પ્રમાણે પોતે આંધળો રહયો. રાવણને મારી રામચંદ્રજી પાછા ફર્યા અને ત્યાં આવ્યા ત્યારે લોકોએ તેને કહ્યું કે શ્રીરામ પાછા આવ્યા! હવે તમો આંખો ઉઘાડો પણ તેને તેની પરતીત પડી નહી ત્યારે શ્રીરામચંદરે તેને કહ્યું કે હે ગુહ્યરામજી તમે મને મળો એટલે તેણે તેમનો સાદ ઓળખ્યો અને આંખો ખોલીને દર્શન કર્યાં અને પ્રેમના સાગરમાં લોટી પડયાં.

मूलछपछंद.

निमि अरुनव जोगेश्वरा पादत्रानकी हों शरन ॥
कविहरिकर भाजन भक्ति रत्नाकर भारी ॥
अंतरीक्ष अरु चमस अनन्यता पधातिउधारी ॥
प्रबुध प्रेमकी रासि भुरींदा आविरहोता ॥
पिप्पल द्रुमिल प्रसिद्ध भवाब्धि पारके पोता ॥
जयंतीनंदन जगतके त्रिविध तापआमय हरन ॥
निमि अरुनव जोगेश्वरा पादत्रानकीहो शरन ॥
पद पराग करुना करो जेनियंतानवधा भाक्तीके ॥
श्रवन परिक्षीत सुमती व्यास सावक कीरतन ॥
सुठी सुमिरन प्रहलाद प्रथुपुजा कमला चरननिमन ॥
वंदन सुफल कसुवन दासदंपति कपिश्वर ॥
सख्यत्व पार्थ समर्प्यन आत्मबलीधर ॥
उप जीवी इन नामके ए ते त्राता अगतीके ॥
पद पराग करुना करो जे नियंता नवधा भक्तिके ॥

પરીક્ષીતજીનો પ્રસંગ.

પાંડવ કુળમાં પરીક્ષીત રાજા થયો તેણે માતાના ગર્ભસ્થાનમાં શ્રી હરીની ભકતી કરી હતી અને તેમને ત્યાં આગળ સાક્ષાત દર્શન થયાં હતાં તે મહાધાર્મી રાજા નીવડયા હતા.

એકવાર તે શીકારે ગયા હતા ત્યાં કળીયુગે તેમના મુગટમાં પ્રવેશ કર્યો તેથી તેમણે એક ધ્યાનસ્ત મનીને કોટે મુએલો સાપ વળગાડ્યો અને પોતે ત્યાંથી ઘેર ગયા પછીથી મુનીના શીસ્ય આવ્યા અને તેમણે મુનીના કંઠે સાપ જોઇને અવગ્યા કરેલી જોઇને તે સાપ નાંખનારને શ્રાપ દીધો કે આ સાપ તક્ષક થઇને તેને સાતમે દીવસે કરડી તેના પ્રાણ લેજો. મુની ધ્યાનમાંથી જાગ્યા પછી શીસ્યોએ સાપની તથા શ્રાપની વાત કહી સંભળાવી તેથી મુની ખેદ પામ્યા અને શીસ્પોને કહ્યું કે આ વાત પરીક્ષીતથી થઇ ગઇછે માંટે તમે તેને પહેલેથીજ સુચવીશો. એટલે તે પોતાનું જે સાર્થક કરવું હોય તે કરી લે. તે ઉપરથી તેઓએ પરીક્ષીતને શ્રાપની વાત કહી. પોતાનું મોત નકી થશે એમ જાણી તેમણે સુકદેવજીને તેડાવ્યા અને ભાગવતની કથા મંડાવી અને સાતમે દીવસે તે મોક્ષને પામી ગયા.

સુકદેવજીનો પ્રસંગ.

માદેવજીએ પાર્વતીને મહામંત્ર સંભળાવ્યોં ત્યારે વનમાંના બધા જીવોને દૂર કર્યા હતા. પણ એક પોપટનું ઇંડું ત્યાં રહી ગયું હતું અને તેણે તે ઉપદેશ સાંભળ્યો અને જ્યારે પાર્વતી સાંભળતાં સાંભળતાં ઝોકું ખાઇ ગયાં ત્યારે તે ઇંડું ફાટી તેમાનો ગર્ભ પોપટ બની હુંકારો આપ્યો તેથી મહાદેવજી તેને મારવા દોડ્યા ત્યારે તે ઉડતો ઉડતો એક જગાએ જ્યાં વ્યાસ મુનીની સ્રી બગાસું ખાતાં હતાં ત્યાં પેટમાં પેસી ગયો ત્યારે મહાદેવજી ત્યાં રોકાઇ ગયા અને પાછા ફરયા પછી બાર વરસ સુધી ત્યા માતાના પેટમાં ને પેટમાંજ તે રહયે ત્યારે વ્યાસજીએ ભગવાનની પ્રાર્થના કરી અને તેથી ભગવાન ત્યાં આવ્યા અને સુકને બહાર નીકળવા કહ્યું ત્યારે તેણે કહ્યું કે એક ઘડીવાર જો તમે તમારી માયા સંકેલોતો હું બહાર નીકળું જેથી મને માયાનું આવરણ લાગે નહીં. ભગવાને તે પ્રમાણે કરયુ અને સુકદેવજી બહાર આવ્યા પણ જનમ્યા કે તરત ત્યાંથી નાશી ગયા અને તેના પીતા પુત્ર ભાવથી તેમની પછવાડે દોડયા પણ તે પાછા આવ્યા નહીં ત્યારે વ્યાસજીએ તેને રસ્તામાં ઉભો રાખીને એક વાત સંભળાવી એક ચોર કે જે બ્રાહ્મણ જાતીનો હતો તે વાણીઆને ઘેર ચાર રત્ન ચોરવા પેઠો અને તે પકડાઇ ગયો તેથી તેને સુળીની સજા થઇ સુળી આગળ તે એક રત્ન મનથી આપીને પોતે પરણ્યો અને તેણે પોતાની સ્રીને શીખામણ દીધી કે હું મરી જાઉછું અને તું વીધવા થઇશ પણ તારે પુત્ર નથી તેથી મારૂ શ્રાધ કોણ સરાવશે માટે તું એક રત્ન આપીને કોઇ પાસેથી ઋતુદાન લેજે અને તે તને જે છોકરો થાય તેના કપાલે એક રત્ન બાંધીને તેને બજારમાં મુકજે જેથી તેને કોઇ ઉચકી લેઈ ઉછેરે અને તે પ્રમાણે તેને એક રાજા લેઈ ગયો અને મોટો થયો ત્યારે તેને ગાદીએ બેસાડ્યો પછી તે રાજા જ્યારે મરી ગયો અને કુંવર તેનું શ્રાધ્ધ સરાવવા નદી ઉપર બેઠો ત્યાં પીંડદાન આપતી વખતે નદીમાં ત્રણ હાથ દેખાયા તેથી તેણે પોતાની રાણીમાને પુછ્યું કે મને ત્રણ હાથ કેમ દેખાયા ત્યારે તેણે કહ્યું કે તને તો રાજા બજારમાંથી રત્ન સાથે લાવ્યો હતો માટે તે તારો ખરો બાપ નથી તે ઉપરથી તેણે પોતાની ખરી મા ખોળી કાઢી અને પોતાની હકીકત પુછી અને પછી તેણે પોતાના બ્રાહ્મણ બાપના હાથમાં પીંડ આપ્યો તેવી વાત શુકને કહી સંભળાવી અને કહ્યું કે છોકરા વગર મને પીંડદાન કોણ દેશે? માટે તુ પાછો ચાલ તે ઉપરથી સુકજીએ પીતાને એક રાજાના છોકરાની વાત કહી, નારદે એક રાજાના નશીબમાં છોકરો થવો નહીં હતો, તો પણ છોકરો અપાવ્યો. અને રાજાને કહ્યું કે આ છોકરાથી તને સુખ અને દુઃખ બંને થશે. રાજાએ કહ્યું કે ભલે” પછી તે કુંવર પાંચમે વરસે મરી ગયો ત્યારે રાજાએ કલ્પાંત કરયું તેથી નારદે તેને સજીવન કરયો, પછી છોકરાએ બાપને કહ્યું કે કોણ કોનો બાપ અને કોણ કોનો છોકરો ? તું મારે પેટ કેટલીવાર આવ્યો હઇશ અને હું તારે પેટ કેટલીવાર આવ્યો હઇશ માટે એમાં કોણ કોનો બાપ અને કોણ કોનો છોકરો સમજવો માટે તું ખોટી મમતા મુકીદે તે ઉપરથી તે રાજાને વૈરાગ થયો અને તેને સમજ પડી સુકદેવે વ્યાસજીને કહ્યું કે હવે કોનો છોકરો અને કોણ બાપ સમજવો માટે તમે પાછા જાઓ

એટલું કહી સુકદેવજી વનમાં ચાલી ગયા. અને ભાગવતનો પાઠ કરતા રહ્યા. મોટા થયે સુકદેવજી એવા પ્રખ્યાત થયા કે જેમણે પરીક્ષીતની સભાને ભક્તીમાં ચકચુર કરી નાંખી હતી.

પ્રહલાદજીનો પ્રસંગ.

હીરણ્ય કસ્યપ રાજા પોતાને પરમેશ્વર કહેવરાવતો હતો તેના રાજ્યમાં એકવાર એક કુંભારે નીભાડો સળગાવ્યો હતો અને ત્યાં અજાણે એક બલાડીના બચ્ચાં એક માટલાં મહી રહી ગયાં હતાં. અને તે વચમાં મુકાઇ ગયાં હતાં તેની તે કુંભાર તથા કુંભારણને સરત રહી નહી પણ પછીથી સાંભળી આવ્યું તેથી ઘણું કલ્પાંત કરવા માંડયું અને આખી રાત મનમાં પરમેશ્વરની પ્રાર્થના કરતાં પ્રલાદે તે વાત સાંભળી અને સવારે બચ્ચાં જીવતાં નીકળ્યાં તેથી તેને આકીન આવ્યું અને પોતાનો બાપ જે હું પરમેશ્વરછું એમ જે કહે છે તે વાત ખોટી લાગી શ્રી રામનામ સાચું લાગ્યું તેના બાપે જાણ્યું કે મારો પુત્ર રામ ભક્ત થયો. અને મને ભજતો નથી તેથી તેને તરવારથી માર્યો પણ શ્રી રામે તેની રક્ષા કરી તેને પહાડ ઉપરથી ફેંકયો પણ તેને મરવા દીધો નહીં તેને હોળીમાં સળગાવ્યો પણ તે બળ્યો નહીં. તેને તાતા તેલમાં તળ્યો પણ તે મુવો નહીં. તેથી તેને એક તપ્ત લોહસ્થંભે બઝાડયો તે વખતે શ્રી હરીએ નરસીંહ રૂપ ધરી પ્રગટ થઇ તેના બાપને માર્યો પછી દેવતાઓ ત્યાં ભગવાનનાં દર્શણ કરવા આવ્યા પણ વિક્રાળ રૂપ જોઇને ડર્યા અને લક્ષ્મીને કહ્યું કે તમો તેમનું નાનું રૂપ કરાવો. લક્ષ્મીજી પણ ડર્યાં અને કહ્યું કે પ્રહલાદજી વીના કોઇ તે સ્વરૂપ સમાવે એવું નથી પછી પ્રલાદે જઇને ભગવાનની સ્તુતી કરી તેથી ભગવાને તેમને ખોળામાં લીધા અને તેમની છાતીમાંથી પરસેવાનાં બે ટીપાં પડયાં તે પોતે ચાટીને શાંત થયા. પછી ચતુર્ભુજ રૂપે બધાંને દર્શણ દીધાં.

અક્રુરજીનો પ્રસંગ.

કંસે શ્રી ક્રુસ્ણને તેડવાને અક્રુરજીને મધુપૂરી મોકલ્યા ત્યારે અક્રુરજીની આંખે જળધારા ચાલી કે હું શ્રી ક્રુસ્ણને કયારે દેખું રસ્તે જતા જતાં જ્યાં જ્યાં શ્રી ક્રુસ્ણજી ચાલ્યા હોય તથા બેઠા હોય તે તે જગ્યાએ તે લોટી પડતા અને પોતાને માથે તેમની ચરણ રજ ચઢાવતા. પોતાના દેહનું ભાન પણ તે દર્શણની આશાએ તે ભુલી ગયા. પછી મથુરાં પુરી આવી ત્યાં શ્રી ક્રુસ્ણજીના દર્શણ કર્યાં અને તેમનું હૈયું પ્રેમમાં ચકચુર થઇ ગયું જે વાત સુકદેવજીએ ભાગવતમાં વર્ણન કરી છે.

બળીરાજાનો પ્રસંગ.

બળીરાજાને ત્યાં ભગવાન વામન રૂપે માગવા ગયા ત્યારે તેમના ગુરૂએ તેમને દાન આપતાં વાર્યા હતા તેમ છતાં પોતાની પ્રતિજ્ઞા સત્ય કરવા સારૂ તેમણે જરા પણ પોતાનો પગ પાછો કર્યો નહી અને પોતાની સાચી ભક્તીથી ભગવાનને પોળીઆ કરી રાખ્યા.

छपयछंद. ॥

हरिप्रसाद रस स्वादके भक्त इते परवान ॥
संकर शुक सनकादि कपील नारद हनुमाना ॥
विष्वकसेन प्रहलाद बलिरु भिष्म भुजंगजाना ॥
अर्जुन ध्रव अंबरीश विभीषण महीमा भारी ॥
अनुरागी अक्रुर सदा उध्धव अधिकारी ॥
भगवंत भक्त उच्छिष्टकी कीरती कहत सुजान ॥
हरि प्रसाद रस स्वादके भक्त इते परवान ॥

ध्यान चतुर्भुज चीत्त धर्यो तीन्हें शरनहों अनुसरों ॥
अगसत्य पुलसत्य पुलह च्यिमन वसिष्ट सौभरीरुषी ॥
कर्दम अत्रि रचीक गर्ग गौत्तम व्यास रुषी ॥
लोमश भृगु दालभ्य अंगीरा श्रृंगी प्रकाशी ॥
मांडव्य विश्वामित्र दुर्वासा सहस्र अठयासी ॥
जाज्ञवल्क यामदग्नि मयादासिकश्यप परवत पाराशर पदरजधरों ॥
ध्यान चतुर्भुज चित्त धर्यो तिन्हें शरनहों अनुसरों ॥
साधन साधि सत्रह पुरान फलरूपी श्री भागवत ॥
ब्रह्मा विष्णु शीवलींग पद्मस्कंद विस्तारा ॥
वामन मीन वराह अग्नि कुरम उदारा ॥
गरूड नारदी भविष्य ब्रह्म वैवर्त श्रवनशुचि ॥
मार्कंड ब्रह्मांड कथा नाना उपजे रूचि ॥
परम धर्म श्रीमुख कथींत चतुर श्लोकी नीगमसत ॥
साधन साधी सत्रह पुरान फलरूपी श्री भागवत ॥
दश आठ स्मृति जीनी उच्चरी तिनि पदसर सीजभालमो ॥
मनुस्मृति आत्रे वैष्णवी हार्तीक यामि ॥
जाज्ञवल्क अंगीरा शनिश्वर सामृतकनामी ॥
कात्यायानि सांडिभ्य गौतमी वसिष्टदाषी ॥
सुरगुरू आसा तापी पराशर कृतमुनि भाषी ॥
आसा पास उदार धीरपरलोक लोक साधनसो ॥
दश आठ स्मृति जीनि उच्चरीतिनी पदसर सीजभालमो ॥
पावेभक्ति अन पायिनीजे रामसचीव सुमिरन करें ॥
सृष्टि विजयी जयंत नीतिपर शुचिरविनीता ॥
राष्ट्र वर्धन निपुन सुराष्ट्र परम पुनीता ॥
असोक सदा आनंद धर्मपालक तत्ववेत्ता ॥
मंत्री वर्य सुमंत चतुयुर्ग मंत्रि जेता ॥
अनायास रघुपति प्रसन्न भवसागर दुस्तर तरें ॥
पावेभक्ति अन पायिनीजे रामसचवि सुमिरनकरें ॥
सुभद्राष्ट्रिष्टि मे।परकरों जसहचर रघुबरिके ॥
दिनकरसुत हरिराज बाल वछकेशरी औरस ॥
दधिमुख दुविद मयंद रींछपति समको पौरस ॥

उल्का सुसेंन दरीमुख कुमुद नीलनल ॥
सरभांग वेग वांछपन सगंध मादन अतिबल ॥
पद्म अठारह जुथपाल रामकाज भठभीरके ॥
सुभद्रष्टि द्रष्टि मोपर करोजे सहचर रघुवरिके ॥
व्रज बडे गोप परजन्यके सुतनीके नवनंद ॥
धरानंद धृवनंद तृतीय उपनंद सुनागर ॥
चतुर्थ तहां अभीनंद नंद सुखसींधु उपजागर ॥
सुठीसुनंद पशुपाल निर्मल निश्चै अभिनंदन ॥
करमा धरमा नंद अनुज विदित वल्लभ जगवंदन ॥
आसपास वावगरके जहां विहरत पशु पशु छंद ॥
व्रजबडे गोप परजन्यके सुतनिके नवनंद ॥
बालवृद्ध नरनारी जीते गोपहौं अर्थी उनपादरज ॥
नंदगोप उपनंद धृव धरानंद महरीयशोदा ॥
किरतादी वृषभान कुंवरी सहचरी विहरति मनगोदा ॥
मधुमंगल सुबल सुभाहु भोज अर्जुन श्रीदामा ॥
मंडली ग्वाल अनेक श्यामसंगी बहुनामा ॥
घोष निवास निकीकृपा सुरनर वांछीत आदी अज ॥
वाल वृद्धनरनारी जितें गोपेहों अर्थि उनपाद रज ॥
व्रजराज सुवन संगसदन वन अनुग सदा तत्पर रहे ॥
रक्तक पत्रक अवर पत्रि सबहि मन भावे ॥
मधुकंठा मधुव्रत रसाल सुहावे ॥
प्रेमकंद मकरंद आनंद सदा चंद्रहासा ॥
पयद बकुल रसदान सारदाबुद्धि प्रकाशा ॥
सेवा समे विचारीके चारु चतुर चित्त कीलहे ॥
व्रतराज सुवंन संग सदन वन अनुग सदा ततपररहे ॥
सप्त द्वीपमे दास जेतें मेरे शीरताज ॥
जंबु एार प्लक्षि शाल्मलि बहुत राजरुषी ॥
कुश पवित्र पुनि कौंच कौंन महिमा जाने लखी ॥

शाक विपुळ विस्तार प्रसिद्ध नामि अतिपुष्कर ॥
परवत लोका लोक औक ठापु कंचनधर ॥
हरिभृत्य बसत जेजे जहां तिनीसों नित प्रतिकाज ॥
सप्त द्विपमे दासजेते मेरे शीर ताज ॥
मध्य द्वीपनवखंडमें भक्त जीते ममभुप ॥
इलावर्त अधीश संकर्षण अनुग सदाशीव ॥
रमणक मछ मनुदास हिरन्यकुर्म अर्जुनइव ॥
कुरू वराह भृत्यु वरिष हरीसिंह प्रह्लादा ॥
किंपुरूष राम कपि भरथ नारायन वीना नादा ॥
भद्रा सुग्रीव हय भद्र श्रवकेतु काम कमला अनुप ॥
मध्य द्वीप नवखंडमें भक्त जीते ममभुप ॥
स्वेत द्वापमें दासजे श्रवन सुनो तीनिकी कथा ॥
श्री नारायनको वदन निरंतर ताहि ॥
पलक परे जोत्रीच कोठी जुग जातन लखे ॥
तिनिके दरशन काज गय तहां बीनाधारी ॥
श्याम दइ करसंन उलांट अवनीह अधिकारी ॥
नारायन आख्यान द्रढतहां प्रसंग नाहिन तथा ॥
श्वेत द्वीपमें दासजे श्रवन सुनो तिनिकी कथा ॥

સ્વેતદ્વીપનો પ્રસંગ.

નારદજીને ભક્તીનું અભિમાન વધી ગએલું જોઇને એકવાર શ્રી કૃષ્ન તેમને શ્વેતદીપમાં લઈ ગયા ત્યાં એક પક્ષીને જોયું તો તે પક્ષી ભક્તિ કરતું દયાન ધરીને એક સરોવરમાં એક પગે ઉભુ ઉભું તપ કરતું હતું અને તેમ કરતાં તેને એક હજાર વરસ વીતી ગયાં હતાં અને તેને ઘણી તૃષા લાગી હતી અને પોતે સરોવરમાં ઉભું હતું તેમ છતાં તેણે જરા પણ પાણી પીધું નહોતું અને તેને ત્રષાનું કઇ દુઃખ જણાયું નહોતું કારણ કે તે ધ્યાન આસકત હતું શ્રી કૃષ્ણે તેની વાત જાણી તેથી નારદનેકહ્યું કે તમો પાણીનો કાગળો ભરીને તે પક્ષી આગળ નાંખો તો તે પક્ષી તેને સંતની પ્રસાદી જાણીને પીએ અને જ્યારે નારદે તેમ કરયું ત્યારે તેણે તે પાણી પીધું આગળ જતાં એક ઠેકાણે ઠાકોરજીની આરતી થતી જોઇ અને ત્યાં આરતી થઇ રહી ત્યારે એક માણસ ત્યાં નીત્ય નીયમે આવ્યો અને આરતી ન દેખી તેથી તેને પોતાના પ્રાણ ખેંચી લીધા તે પછી તેની સ્ત્રી આવી અને તેણે આરતી ન જોઇ તેથી ત્યાં મરી ગઇ અને તેના પછી તેનો છોકરો ત્યાં આવ્યો અને તેને પણ આરતીનાં દર્શન થયાં નહિ એટલે તે પણ તેજ પ્રમાણે ત્યાં મરી ગયો આ હકીકત જોઇને નારદજીતો દીંગ મુઢ થઇ ગયા અને આવો ભાવ પોતાનામાં નહોતો તેથી તેમણે પોતાની ભક્તિની હીનતા માની પછી ભગવાને ત્રણે જણને સજીવન કર્યા અને ચતુરભુજ દરશન દીધાં.

मलछप्पय छंद ॥

उरग अष्टकुल द्वारपाल सावधानहरि धामथिति ॥
इलापुत्र मुख अनंत कीरती विसतारत ॥
पद्ममंकु पनंग प्रगट ध्यान उरते नहि टारत ॥
अंसुकमल वासुकी अजीत अज्ञा अनुवर्ती ॥
कर कोटीक तक्षक सुभट सेवा सिरधर्ती ॥
आगमोक्ति शिवसंहिता अगर एक रसभजनरति ॥
उरग अष्टकुल द्वारपाल सावधान हरिधामथिति ॥
चोवीस प्रथम हरि वपुधरे त्यौं चतुर्व्युह कलियुग प्रगट ॥
श्रीरामानुज उदार सुधानिधि अवनि कल्पतरू ॥
विष्णु स्वामी बोधी त्थासिंधु संसार पारकर ॥
मध्वाचार्य मेघ भक्तिसर उसर भरिया ॥
निवादित्य आदित्य कुहर अज्ञान जुहरिया ॥
जनम करम भागवत धरम संप्रदाइ थापी अघट ॥
चोवीस प्रथमहरि वपुधरे त्यौ चतुर्व्युह कलीयुग प्रगट ॥

નિવાદીત્યનો પ્રસંગ.

નિવાદીત્ય નામનો સાધુ નિવાદીત્ય નામના ગામમાં રહેતો હતો. તે ગામમાં એક દંડી સન્યાસી આવ્યા હશે તેમને નીવાદીત્યે પોતાને ઘેર જમવાનું આમત્રણ કર્યું પણ સાંજે વાર થઇ અને રાત પડી ગઇ તેથી તે સન્યાસી તેમને ત્યાં જમવા આવ્યા નહી ત્યારે નિમાદીત્ય સ્વામીએ તે દંડી સ્વામીને પોતાની ભક્તીના સીદ્ધી બળથી રાત પડેલી નથી એમ બતાવા આથમતા સુર્યના દર્શન કરાવ્યા જેથી તે દંડીએ ભીક્ષા કરી અને ભીક્ષા કરી રહ્યા પછી જુવે છે તો બે ઘડી રાત ગયેલી જોઇ તેથી દંડી તેમની ભક્તિની સીદ્ધીને લીધે તેમને પગે પડયો અને તેમનો શીષ્ય થયો.

॥ छपयछंद, ॥

संप्रदाइ शिरोमनि सिंधु जारच्यो भकती वितान ॥
विश्वकसेन मुनिवर्य सपुन सठकोप प्रनीता ॥
बोपदेव भागवत लुप्त उधर्यो नवनीता ॥
मंगलमुनि श्रीनाथ पुंडरीकाक्ष परमजस ॥
रामामिश्र रसरासी प्रगट परताप परांकुश ॥
यामुन मुनि रामानुज तिमिर हरन उदैभान ॥
संप्रदाइ शिरोमनी सिंधुजारच्यो भकती वितान ॥

सहस्त्र आस्य उपदेश करी जगत उद्धारन जतन कीयो ॥
गोपुर व्हेआरूढ ऊंच स्वरमंत्र उच्चार्यो ॥
सुतेनर परेजागी वहतरी श्रवन निधार्यो ॥
नितने इशुरूदेव पद्धती भइन्यारी न्यारी ॥
कुरूतारक शिष्य प्रथम भकती वपु मंगळकारी ॥
कृपनपाल करुना समुद्र रामानुज समनाहि बियो ॥
सहस्त्र आस्य उपदेश करी जगत उद्धारन जतन कीयो ॥

રામાનુજ સ્વામીનો પ્રસંગ.

રામાનુજ સ્વામી સેષ નાગનો અવતાર હતા અને જેમ સેષ નાગને હજાર મોં હતાં તેમ તેમણે હજારો પ્રકારથી લોકોને ઉપદેશ કરીને હરી ભક્તિ શીખવી તેમને તેમના ગુરૂએ એક ગુરૂ મંત્ર આપ્યો હતો કે જે એવો સિદ્ધ મંત્ર હતો કે તેનો જાપ કરવાથી શ્રી હરી ધ્યાનમાં પ્રગટ મુર્તીમાન થઇ દર્શણ દેતા તે મંત્ર તેમના ગુરૂએ તેમને ગુપ્ત રાખવાનું કહ્યું હતું પણ પોતાને દયાનો ભાગ વીષેશ હતો તેથી તેમણે બીજા લોકોને તે મંત્ર સંભળાવવાને રૂચી કરી અને પોતાના પ્રમાણે અન્યલોકો પણ તે ફળને પામે તેમ જાણીને તેમણે દરવાજે ચઢીને મોટા ઉચ્ચાર કરીને તે મંત્ર જપવા માંડયો અને જે જે લોકોએ તે મંત્ર સાંભળ્યો અને જપવા માંડયો તે બધા સિદ્ધ દશાને પામી ગયા તેમને ભક્તીની ખરી ચોટ લાગી ગઇ હતી તેમના હજારો લોકો શિષ્ય થયા હતા. તે પોતે દક્ષિણ દેશમાં રહેતા હતા એકવાર ત્યાંથી જગનાથજી દર્શન કરવાને પોતાના હજારો શિષ્યને લેઇને ગયા પણ જગન્નાથજીમાં તેમણે ઘણો અસુદ્ધ આચાર જોયો તેથી ત્યાંના પુંજારીઓને તેમણે કાઢી મુકયા અને પોતાના શિષ્યો સાથે તેમણે પવિત્ર પણાથી ઠાકોરજીની પુજા કરવા માંડી પણ જગનાથજીએ તે અંગીકાર કરી નહીં અને તેમને પ્રગટ થઇને કહ્યું કે હુંતો મારા પંડયાઓની સેવાથી પ્રસન રહું છું કારણ કે તેઓ મારી સેવા ભાવ લાવીને કરે છે. અને હું તેમના ભાવને આધીન થઇ ગયો છું. તેથી હું તેમની પવિત્રતા અપવિત્રતા જોતો નથી. રામાનુંજ સ્વામીએ તેમને કહ્યું કે તમે કયા શાસ્ત્રમાં અશુદ્ધ સેવા કરવાનું કહ્યુંછે. તે મને કહો. તેમ કરીને તેમણે વેદના મંત્ર બોલીને પવિત્રતાથી ઠાકોર શેવા કરવી તે પોતાની વાત શિધ્ધ કરી આપી ત્યારે જગન્નાથજી તે સાંભળીને ચુપ થઇ રહયા. રામાનુજ સ્વામી પણ તેમના આરૂઢ ભક્ત હતા તેથી તેમના પ્રેમ આગળ જગન્નાથજી દેવનું કંઇ ચાલ્યું નહીં. અને તેમણે પ્રમાણ સાથે વાત કરી તેથી તેમની તેવાત ભગવાનને કબુલ કરવી પડી. અને તેમનો અવગુણ મનમાં લીધો નહીં રામાનુજ સ્વામીએ જગન્નાથજીની જોરાવરીથી પવિત્ર પણે સેવા કરવા માંડી તેથી ભગવાન અકળાયા તેથી પોતાના ગરૂડને પોતે આગ્ના કરી કે જ્યારે રામાનુંજ રાતે ઉંઘી જાય ત્યારે તમે તેના બધા શિષ્યો સહીત તમારી પાંખોમાં સાંભરીને ભરીને તેમને પોતાને ગામ રાતો રાત મુકી આવો. ગરૂડે તે પ્રમાણે કર્યું અને પછી પોતાના અસલના પુજારીઓને તેમણે ઠાકોર સેવામાં પાછા દાખલ કર્યાં રામાનુજ સ્વામી જ્યારે સવારમાં ઊઠયા ત્યારે તો તેમણે પોતાના ગામમાં પોતાને આવેલા દીઠા અને તેથી તેમણે વિચાર કર્યો કે શ્રી હરીની મરજી એમજ છે તો હવે આપણે ત્યાં પાછા જવું નહીં. અને પુંજારીઓના ભાવને લીધે ઠાકોરજીએ અશુદ્ધ સેવા પણ વિશેષ માની.

॥ छपयछंद, ॥

चतुर महंत दिग्गज चतुर भक्ति भुमी दावेंरहे ॥
श्रृमतिज्ञा श्रृतिदेव रिषभ पुहकर इभुऐसें ॥
श्रुतिधामा श्रुतिउदधि पराजीत वामनजेसें ॥
श्री रामानुज गुरु बंधु विदित जग मंगळकारी ॥
शीव संहीता प्रनीत ज्ञानसनकादिक सारी ॥
इंदीरा पद्धति उदारधी सभा साखी सारंग कहे ॥
चतुर महंत दिग्गज चतुर भक्ति भुमीदावें रहे ॥
आचारज जामातकी कथा सुनत हरी होइ रती ॥
कोउमाला धारी मृतक वहयो सरितामें आयो ॥
दाह कृत्य ज्यौं बंधु न्यौंति सब कुटुंब बुलायो ॥
नाक सको चहि विप्र तबहारि पुरतें हरीजन आयें ॥
जेंवत देखे सबनी जातकाहु नाहि पाये ॥
लाला चारजलक्षधा प्रचुर भइ महीमा जगती ॥
श्री आचारज जामातकी कथा सुनत हरि होई रति ॥

લાલા આચારજના પ્રસંગ.

લાલા આચાર્યે નામનો એક ભક્તરાજ હતો તેના જમાઇએ પોતાના સસરા [illegible] ઉપદેશ લીધો હતો સસરાએ તેમને પુછ્યું કે તમે સંતની સેવા કેવી રીતે કરશો. ત્યારે જમાઇએ કહ્યું કે હું સંમને બંધુ સનજીને તેમની સેવા કરીશ ત્યારે આચાર્યે કહ્યું કે ઠીક તે પ્રમાણે તમે સંત સેવા કરજો, અને સંતમાં તમો બંધુભાવ રાખજો અને તેમાં ભુલ પડવા દેશો નહિ તે પ્રમાણે ગમે તેવો સાધુ હોય તોપણ તેને બાનાધારી ગણી તેને ભાઇની માફક ગણી તે તેમની સેવા ચાકરી કરતો એકવાર એક તીલકમાળા ધારણ કરેલું એવું મડદુ તેના ગામની નદીમાંથી તણાતું જતું હતું તે વખતે તેમની વહુ નદીએથી પાણી ભરીને પોતાને ઘેર જતાં હતાં ત્યાં બીજા લોકોએ તેમની મશ્કરી કરી કે તમારા દીએરતો પેલા નદીમાં તણાયા જાય છે. તે વાત ઘેર આવીને પોતાના પતીને કહી તે સાંભળી તે નદી ઉપર ગયા અને જોયુ તો કોઇ સાધુનું મુડદું તણાતું હતું તેથી તેણે તેમને પોતાના ભાઇનું મુડદું ગણ્યું અને તેને નદી બહાર કાઢ્યું અને તેને પોતાને ઘેર લેઇ આવ્યા. અને ત્યાંથી ઓચ્છવ કરતા કરતા ફરીને તેને નદી ઉપર લાવ્યા અને ત્યાં પોતાના ભાઇના મ્રત્યુ સમાન તેના ઉપર સાચો ભાવ લાવીને રૂદન કર્યું અનેપછી તેની ક્રીયા કરીઅને તેને અગ્નિદાહ દીધો અને પાછા ઘેર ગયા અને પાછા ઘેર ગયા અને પોતાના ભાઇ સમાન તેમની બધી ક્રીયા કરીને તેનું કારજ કરવા પોતાની નાતના માણસોને પુછ્યું કે જો તમે મારે ઘેર આવો તો હું તેના કારજની નાત કરૂં ત્યારે ન્યાતના લોકોએ તેને મશ્કરીમાં હા કહી. અને તે ઉપરથી તેણે રસોઇ કરાવી. પણ ન્યાતના લોકો કોઇ જમવા આવ્યા નહીં અને ઉલટી તેમની મશ્કરી કરવાને તે લોકો છુપા છુપા એકઠા થયા અને બધાં માણસો તેમની ચરચા જોવા ને એકઠા થઇને બજારમાં બેઠા સાજ પડી અને લોકો જમવા આવ્યા નહી. અને તેઓતો ઉલટા મશ્કરી કરેછે અને કહે છે કે મડદાની નાત જાત જાણ્યા વગર અમે કેમ જમવા આવીએ એવું

કહે છે તેથી તે પોતાના ગુરૂ પાસે ગયા અને બધી હકીકત કહી સંભળાવી રસોઇ કરાવીને હને કોઇ જમવા આવતું નથી તેથી રસોઇ બગડે છે તેનું મારે શું કરવું ત્યારે તેમણે કહ્યું કે ન્યાતના લોકો પ્રસાદીના અધીકારી નથી માટે તમે ગેર પાછા જાઓ અને તે પ્રસાદીના જે અધીકારી હશે. તે તમારે ત્યાં આવીને જમી જશે તે ઉપરથી તે ઘેર ગયા અને જમનારાઓની વાટ જોઇને બેઠા અને ઉંચુ નીચુ જોયા કર્યું પણ કોઇને આવતા જોયા નહી. તેથી ભગવાનને તેનો શોચ થયો અને પોતાના પારસદોને આજ્ઞા કરી કે તમે પૃથવી ઉપર જાઓ અને તેને ઘેર જઇને રાંધેલી બધી રસોઇ જમી આવો. તે ઉપરથી પારસદો નીચે આવ્યા અને તેમણે તેમની ન્યાતના માણુસોનાં રૂપ લીધાં અને ગામ વચમાં થઇને ગયા અને તેમને ન્યાત વાળાઓએ જોયા અને પોતાની ન્યાતના તેઓ ફલાણા માણુસ છે એમ ઓળખ્યા તેઓ જમીને પાછા આવે. ત્યારે આપણે તેમને ન્યાત બહાર મુંકવા. માટે હાલ તેમને જવાદો અને તેમ તેઓ પછી તેમના વાટ જોતા બેઠા પેલા પારસદો તે ભક્તને ઘેર ગયા અને તે ભકતે તેમને ભકતીના પ્રભાવે પારસદો તરી કે ઓળખ્યા. અને તેથી તે પોતાને કૃતાર્થ માનવા લાગ્યો અને તેમની ઘણી સેવા કરી તેમને જમાડયા અને પછી તેઓ ગામમાંથી ન જતાં આકાશ માર્ગે પોતાના લોકમાં પાછા ગયા, જ્યારે તેમના નાતીલાઓ વાટ જોઇને અકળાયા ત્યારે તેઓ તેમની ખબર કાઢવા ભક્તને ઘેર આવ્યા તો બહાર પત્રાળાંનો ઢગલો પડેલો તેમણે જોયો તેથી તેઓ આશ્ચર્ય પામ્યા અને તેઓ ભગવાનના પારસદો હતા એમ સમજ્યા અને તેઓ આકાશ માર્ગે પાછા ગયા તે ઉપરથી તેમનો એઠવાડો પત્રાળાંમાંથી તેઓ વીણી વીણીને લઇને પ્રસાદી ગણીને ખાઇ ગયા અને તેમનાં જ્યાં પગલાં પડેલાં હતાં ત્યાં ધુળમાં આળોટી પડયા અને ધુળ માંથે ચડાવીને પવિત્ર થયા અને તે ભક્તની પાસે પોતાના અપરાધની ક્ષમા માગી અને પોતે મશ્કરી છોડી દીધી અને તેમના દાસ થઇને તેમના શિષ્ય બન્યા અને ભક્તી કરવા લાગ્યા.

मुल छप्पय छंद. ॥

श्री मारग उपदेश कृत श्रवन सुनो आख्यान शुचि ॥
गुरु गवन कीयो परदेश शिष्यनी स्वरध्वनि द्रढाइ ॥
एक मंजन नित पानं एक हद वंदन कराइ ॥
गुरु गंगामें प्रवेश शिष्यकों वेगीगुलायो ॥
विश्णु परीमयजांनी कमल पत्रनी परधायो ॥
पाद पद्मता दिन प्रगट सब प्रसन्न मुनि परम रुची ॥
श्री मारग उपदेशतक्रत श्रवन सुनो आख्यान शुचि ॥

એક ગુરૂ ભક્તનો પ્રસંગ.

ગંગાને કીનારે જ્યાં ઘણાં મંદીર હતાં ત્યાં એક મઠમાં એક મહાત્મા પોતાના ઘણા શીષ્યો સાથે રહેતા હતા તે શીષ્યોમાં એક શીસ્ય સાચો ગુરૂ ભક્ત હતો. ગુરૂ કહેતા તે પ્રમાણેજ તે ચાલતો હતો અને ગુરૂથી તે ઘડીવાર જુદો રહી શકતો ન હોતો. એક દીવસે તેના ગુરૂને કંઇ કામસર બહાર જવાની જરૂર પડી તેથી તે ગુરૂ ભક્ત શીસ્યે પોતાના ગુરૂને પુછ્યું જે તમે પરગામ જાઓ છો અને મારાથી તમારા દર્શન વગર રહેવાતું નથી તેનું શું કરવું ? ત્યારે ગુરૂએ કહ્યું કે શ્રી ગંગાજીને તું મારૂં રૂપ જાણજે અને તેમનાં દર્શન કરજે એટલે તને મારા દર્શનનું ફળ થશે એમ કહી ગુરૂજી ગયા અને તે શીસ્ય તે પ્રમાણેજ કરવા લાગ્યો અને રોજ શ્રી ગંગાજીના દર્શન કરતો અને નાવા ધોવાની શૌચ ક્રિયા તે કુવા ઉપર કરતો કારણ કે શ્રી ગંગાજીને તે ગુરૂ મૂર્તી સમજતો તેથી તેના ઉપર તે પગ મુકી

ભકતો નહોતો બીજા શિષ્યો તેના આ પ્રમાણેના વર્તાવાથી તેની નીંદા કરવા લાગ્યા. અને તેઓ કહેતા હતા કે લોકો હજારો ગાઉથી શ્રી ગંગા સ્નાન કરવા અહીંઆં આવે છે અને આ મુર્ખ શ્રી ગંગા તીરે રહેવા છતાં કુવા ઉપર સ્નાન કરવા જાય છે પછી જ્યારે ગુરૂ પાછા આવ્યા ત્યારે બધા શિષ્યોએ ગુરૂને તે શિષ્યની ચાડી ખાધી કે શ્રી ગંગાજીનું સ્નાન મુકીને તે કુવા ઉપર સ્નાન ક્રિયા કરતો હતો અને શ્રી ગંગાજીનું મહાત્મ તે જાણતો નથી, માટે આવા મુર્ખને તમે ક્યાંથી શિષ્ય કર્યો. ગુરૂનો તે વાત સમજી ગયા અને પોતે શીષ્યને ગંગાજીને ગુરૂ મુર્તીરૂપ સમજાવી છે તેથી તે શીષ્ય ગંગા ઉપર કેમ પગ મુકે એમ તેણે જાણ્યું અને તે વાત બીજા શીષ્યો જાણતા નથી માટે તેઓ સાચા ગુરૂ ભકત શિષ્ય નથી અને ગુરૂ ભકત શિષ્યતો એકજ છે. એક દીવસ ગુરૂજી બધા શિષ્યોને લેઇને ગંગાજી સ્નાન કરવા ગયા ત્યાં ગુરૂ સાથે તે બધા શિષ્યો નહાવા પેઠા પણ પેલો ગુરૂભકત શિષ્ય પેઠો નહીં, તેવામાં ગુરૂ શરીર લોવાનો અંગુચો ભુલી ગયા હતા તે સાંભરી આવ્યો તેથી તેમણે તે શીષ્યને અંગુચો આપી જવાનું કહ્યું તેથી તે શીષ્યને ઘણી ચીંતા થઇ કે હવે કેમ કરૂં. ગંગામાં જાઉંતો અવજ્ઞા થાય છે અને નહીં જાઉંતો ગુરૂની આ-જ્ઞાનો લોપ થાય છે એમ ચીંતા કરતો અંગુચો લેઇને તે કીનારા સુધી આવ્યો એટલે શ્રી ગંગાજી એ તેને શબ્દ કર્યો કે તું મુંઝાઇશ નહીં. હું તારે સારૂ કમળ ઉત્પન્ન કરૂં છું અને તું તેના ઉપર પગ મુકીને અંગુચો આપી આવ અને તે પ્રમાણે તે અંગુચો ગુરૂને આપી આવ્યો, અને શ્રી ગંગાજી ઉપર પગ મુકવાની તેને કંઇ જરૂર પડી નહીં અને તેના પગને પાણી પણ અડયું નહીં ગુરૂ પાંચ કદમ દુર હતા તેથી ત્યાં પાચ કમળ થઇ ગયાં હતાં અને તે પ્રમાણે તેનો ટેક સચવાયો તે જોઇ બધા શીષ્યો તેને પગે પડયા અને તેની ભકતીનો પ્રભાવ જાણીને તેનાં ઘણાં વખાણ કર્યાં.

मुल छप्पय छंद. ॥

श्री रामानुज पद्धाति प्रताप अवानि अमृत व्है अनुसर्यो ॥
देवा चारज द्रितिय महा महिमा हरि आनंद ॥
तश्य राघवानंद भये भकतनिको भानंद ॥
पत्रावलंब पृथिवी करी काशी स्थाइ ॥
चारि वरन आश्रम सबहींको भक्ति द्रढाइ ॥
तिनिके रामनंद प्रगट विश्वमंगल जिहिवपु धर्यो ॥
श्री रामानुज पद्धाति प्रताप अवनि अम्रत व्है अनुसर्यो
श्री रामानंद रघुनाथ ज्यों द्रितिय सेत जग तरनकीयो ॥
अनंतानंद कबीर सुखा सुरसूरा पदमावाति नरहारि ॥
पीपा भावानंद रैदास धनासेनसुरा सुरकी घेरहरि
औरों शिष्य प्रशिष्य एक तें एक उजागर ॥
विश्व मंगल आधार विश्वके सर्वानंद दशधाके आगर ॥
बहुत काल वपुधारीके प्रणत जननिको पार दियो ॥
श्री रामानंद रघुनाथ ज्यों द्वितीय सेत जग तर त कियो ॥
अनंतानंद पद परसिके लोकपाल सेते भये ॥

योगानंद गयेस करमचंद अल्ह पैहारी ॥
सारी रामदास श्रीरंग अवधिगुन महिमा भारी ॥
तिनके नरहरी उदित मुदित महा मंगल तन ॥
रघुवर यदुवर गाह विमल कीरती संच्यौधन ॥
हरिभक्ति सिंधु वेलारचे पनि पद्मजा सिर दिये ॥
अनंतानंद पद परसिके लोकपाल सेते भये ॥

શ્રી રંગજીનો પ્રસંગ.

ખોસા નામના ગામમાં શ્રીરંગ નામનો એક શાહુકાર રહેતો હતો અને તે શ્રાવકનો જૈન ધર્મ પાળતો હતો કારણ કે શ્રાવક ધર્મનો તે વખતે ઘણો પસારો થઇ ગએલો હતો તેને ત્યાં એક વાણોતર રહેતો હતો અને તે પણ તેજ ધર્મ પાળતો હતો જ્યારે તે વાણોતર મરી ગયો ત્યારે તેને ધર્મરાજને ત્યાં લેઇ ગયા અને તેને શરીરે મજબુત જોઇને ધર્મરાજે તેને પોતાના યમદુત તરીકે રાખ્યો અને તેથી તે લોકોના પ્રાણ લેવાનું રોજ કામ કરતો હતો અને તેથી તેને ઘણો ત્રાસ વેઠવો પડતો હતો. એકવાર તેણે વિચાર્યું મેં મારી જીંદગીમાં શ્રાવકનો ધર્મ પાળ્યો. તેથી મને આ ત્રાસદાયક કામ મળ્યું અને મારો શેઠ હજુ સુધી તે ધર્મ પાળ્યો જાય છે તો તેની શું ગતી થશે માટે મારો ધર્મ છે કે તેને ચેતાવી દેવો એમ વીચારી એક દીવસે તેણે પોતાની કામગરીએ જતાં જતાં વચમાં પોતાના શેઠને દ્રષ્ટિગુત દેખાવ દીધો ત્યારે શેઠે તેને પુછ્યું કે તું કોણ છે? ત્યારે તેણે તેને કહ્યું કે હું તારો નોકર જે મરી ગયો હતો તે છું અને હું યમદુતની ગતીને પામ્યો છું અને તું પણ તેવીજ ગતીને પામીશ માટે શ્રાવકનો ધર્મ પાળવો તું મુકીદે અને વૈષ્ણવ ધર્મ પાળ ત્યારે શેઠે કહ્યું કે તું જે કહેછે તે હું સાચું માનું નહીં માટે મને તેની ખાતરી પાડ ત્યારે તેણે કહ્યું કે જો હું એક અમુક વણઝારાના પ્રાણ લેવા આવ્યો છું અને તેના પોઠીઆના શીંગડાંઉપર બેસીને હું તેના પ્રાણ લેઇશ માટે તારે જોવું હોયતો ચાલ એમ કહી તે અદ્રષ્ય થયો અને પેલો શેઠ ત્યાંથી ગામ બહાર તે તમાશો જોવા માટે ગયો એટલે તેણે વણઝારાની પોઠ આવતી જોઇ તેથી તે ત્યાં બેઠો અને વણઝારાના નોકરોએ બધી પોઠો બલદો ઉપરથી ઉતારી બલદોને ટોળે કર્યા પણ તેમાંનું આખલું મસ્તીપર આવી ગયું હતું અને તેણે પોતાની પોઠ ઉતારવા દીધી નહી અને તેની આખો ફાટેલી વીકરાળ જોઇ તેથી તેના નોકરોએ તેને છંછેડયું નહીં એટલામાં પાછળથી વણઝારો આવ્યો અને પેલા આખલાને વગર ઉતારેલું જોયું તેથી તેણે નોકરોને ઠપકો દીધો ત્યારે નોકરોએ કહ્યું કે તેની આંખો ફાટેલી છે માટે અમારાથી તે વશ રહેતું નથી અને થોડી વારે તે નરમ પડશે. એટલે અમે તેની ગુણ ઉતારી લેઇશું ત્યારે તેણે કહ્યું કે તેના શું ભાર છે! લાવો હું ઉતારી નાંખું. એમ કહી તે વણજારો તે આખલાને પકડીને પોઠ ઉતારવા ગયો એટલે આખલે તેના પેટમાં પોતાનાં શીંગડાં ઘાલી દીધાં અને તે વણઝારો ત્યાજ મરી ગયો તે પેલા શેઠે નજરો નજર જોયું તેથી તેને પોતાના ગુમાસ્તાની વાત ઉપર શ્રદ્ધા આવી. અને ત્યારથી તેણે શ્રાવકનો ધર્મ પાળવો મુકી દીધો અને હરી ભક્ત થયો. તેનો એક છોકરો હતો તેને રોજ ભુત સતાવતું હતું તેથી તેણે એક દીવસે પોતાના બાપને તે વાત કહી કે મને રોજ રાત્રે ભુત સતાવે છે ત્યારે તેના બાપે કહ્યું કે આજ હું તારી પથારીમાં સુઇ જઇશ અને તું મારી પથારીમાં સુઇ જજે અ-

ને તે પ્રમાણે તે રાત્રે સુઇ રહયો ત્યારે પેલુ ભુત હમેશની માફક ત્યાં આવ્યું ત્યારે તેના બાપે પૂછયું કે તું કોણ છે! ત્યારે તેણે કહ્યું કે હું ભુતછું ત્યારે તેણે કહ્યું કે અહીંઆં કેમ આવ્યો છે ત્યારે તેણે કહ્યું કે હું પુર્વજન્મમાં એક સોની હતો અને વ્યભિચારમાં હું બહુ આસકતી રાખતો હતો અને તે પરિપુર્ણ ન થવાથી મરતી વખતે મારૂં ચીત તેમાં રહ્યું અને તેથી મને આ ભુતયોની પ્રાપ્ત થઈ છે માટે તેની મદ ગતી કરવા સારૂ હું દેશે દેશ ફરયો પણ કોઇ જગ્યાએ મારી ગતી થઇ નહીં. અને મેં તમારી કીર્તી મુલકો મુલક ઘણી સાંભલી તેથી મારી ગતીના હેતુંથી હુ તમારે ઘેર આવીને તમારા છોકરાને સતાવુંછું તેથી તમે કોઇ દીવસ મને ગતિને પોંચાડો માટે તમારે શરણે આવ્યોછું શ્રીરંગજીએ પોતાને ત્યાં જ્યારે સાધુ પધારતા ત્યારે પગ ધોઇને ચર્ણામરત એકઠું કરીને રાખી મુકતો તેમાંથી તેને આચમન આપ્યું એટલે તે દીવ્યરૂપ ચતુરભુજ મૂર્તી થઇ વિમાનમાં બેશીને ત્યાંથી ગયો,

मुल छप्पय छंद. ॥

निर्वेद अवधिकलि कृश्णदास अनपरिहरी पयपानकियो ॥
जाके शिरकर धर्यो तासु करतक नही अडयो ॥
अर्प्योपद निर्वाने सोइ निरभे करि छडयो ॥
तेजपुंज बल भजन महामनि उर्ध्वरेता ॥
सेवतचरन सरोजराइ नाना भुव जेता ॥
दाहिमा बंश दिनकर उदैसंत कमलहिय सुखदियो ॥
निर्वेद अवधि कालि क्रश्णदास अनपरिहरि पयपान किया ॥

પૈહારીજીનો પ્રસંગ.

પૈહારીજી દુધખાઇને રહેતા હતા અને તે ઉપરથી તેમનું નામ પેહારી પડ્યું હતું તે એવા પ્રતાપી થયા કે જેને માથે હાથ મુકત તથા શીષ્ય કરતાં તેને ફરીને બીજા કોઇ પાસે હાથ ધરીને માંગવાનો વખત રહેતો નહીં. ફુલુક નામનો રાજા તેમનો શિષ્ય થયો હતો પણુ તેની વાત કહેતાં પહેલાં હું પૈહારીજીની વાત કહુંછું પૈહારીજી પોતે પર્વતોની ગુફામાં એકાંત ભજનને માટે રહેતા હતા ત્યાં કોઇવાર એક વાઘ તેમના બારણા આગળ આવ્યો. ત્યારે તેને જોઇને તેમણે અતીથી માન્યો અને પોતાની જાંગ કાપીને તેને આપી તેનો આવો ભાવ જોઇને શ્રી હરીએ તે વાઘનું રૂપ મટાડીને પોતાનું ચતુરભુજ રૂપ દેખાડીને તેને દર્શન આપ્યું ત્યારે તેમણે શ્રી હરીને પુછયું કે આમ કેમ કર્યું ત્યારે ભગવાને કહ્યું કે તમારો આવો સાચો ભાવ જોઇને મેં તમને દર્શન આપ્યું આ વખતમાં કોઇ રોટલાનો કકડો આપી શકતું નથી અને તેને ઠેકાણે તમે પોતાનું શરીર કાપીને આપ્યું. એ તમારી ભારે ઉદારતા અને હરી ભક્તી છે અને તે જોઇ મેં તમને પ્રગટ દર્શન દીધુ. હવે પેલા રાજાની વાત ચાલી તે એવી છે કે તે રાજા સાચો ભક્ત થયો હતો તે એકવાર થાળમાં જલેબી લેઇને પોતાના ઠાકોરને નૈવેદ ધરાવવા લેઇ જતો હતો ત્યાં રસ્તામાં તેમાંથી એક કકડો પડી ગયો તે તેના કુંવરે લેઇને પોતાના મોંમાં મુકયો તે પછવાડેથી તેણે જોયું એટલે તેણે કુંવરને કહ્યું કે મારા ઠાકોરજીને ધરાવ્યા પહેલા તેં ખાધું માટે તને તલવારથી મારી નાંખું એમ કહી તલવાર લેઇ તે મારવા દોડયો એટલે તે છોકરો કોઇ સાધુની ઓથે સંતાઈ ગયો એટલે તે સાધુએ તેને મારવા દીધો નહીં અને તે છોકરાને સા-

ધુએ વેચાતો લીધો ને પછી તેને પાછો સોંપ્યો તે છોકરો પણ પછીથી એવો ભક્તીવાન થયો કે તેના જેવો બીજો કોઈ ભક્તીવાન થયો નહીં હશે એક વખત તે સાધુઓને જમાડતો હતો ત્યાં એક સાધુની સ્ત્રી જમવા બેઠી હતી અને તે ભક્તીના પ્રતાપે ગર્ભવંતી જણાઈ તેથી તેણે તેને બે પત્રાળા મુકયા અને બીજા બધાને એક એક મુક્યું ત્યારે બીજાઓએ તેનું કારણ પુછયું ત્યારે તેણે કહ્યું કે તે સંત વધુના પેટમાં ગર્ભ છે અને તે મારા ઇષ્ટદેવ પુજ્ય થવાના છે માટે તેમને નીમીતે મેં એક પત્રાળુ વધુ મુક્યું છે. એક પ્રસંગે સાધુઓ તેમને ત્યાં ઓચ્છવ કરવા આવ્યા હશે ત્યાં તેમના પગરખા એકઠા કરીને એક વેશધારી લેઈ જવા લાગ્યો ત્યારે તેમણે જાણ્યું કે પગરખા વગર, પછીથી સાધુઓને દુઃખ થશે તેથી તેને કહ્યું કે તમે સાધુ થઈને પગરખાંનું પોટલું માથે મુકશો તો લોકોમાં તમારી નીંદા થશે માટે લ્યો હું તમને તેની કીંમત આપું છું અને તમે તે પાછાં મુકીદો તે ઉપરથી તેની બુદ્ધિ ફરી ગઈ અને તેણે તે મુકી દીધા અને તેમની પાસેથી ભક્તીભાવ લીધો.

मूलछपयछंद.

पैहारी परसाद ते शिष्य सबै भयपारकर ॥
किल्ह अगर केवल चरन व्रत हटि नारायण ॥
सुरज पुरुषा पृथु त्रपुर हरि भक्ति परायन ॥
पद्म नाभ गोपाल टेक ठीला गदाधारी ॥
देवाहेम कल्यान गंगा गंगा समनारी ॥
विष्णुदास कन्हर गंगा चांदन सबहरि भजनपर ॥
पैहारी परसाद ते शिष्यसबै भयपारकर ॥
गांगेय म्रत्यु गंज्यो नहि त्यौं किल्ह करनी नहि कालावस ॥
रामचरन चितवन रहत निसिदिनले लागी ॥
सरवभुत शिर नमित सुर भजना नंद भागी ॥
सांख्य योग मत सुद्रढ कियौ अनु भौ हस्तामल ॥
ब्रह्म रंध्रकरी गौन भयें हरीतन करनी बल ॥
सुमेर देव सुत जग विदित भुविस्तार्यो विमलजस ॥
गांगय म्रत्यु गंज्यो नहि त्यौं कील्ह करनी नहि कालवस ॥

સુમેરદેવનો પ્રસંગ.

ગુજરાતમાં અમદાવાદ શેહેરમાં સુમેરદેવ કરીને એક ભકત હતો તેનો છોકરો પોતાના બાપનું ઘર છોડીને ત્યાગી થયો અને ગળતા નામના ગામમાં એક સાધુને ત્યાં ચેલો મુડાયો અને તેનું નામ કીલ્હ પડયું અને ત્યાંથી તે મધુપુરીમાં ગયો અને ત્યાં તે એકવાર કથા કરતો હતો અને ત્યાં માનસીંગ નામનો રાજા જે તેમનો શિષ્ય થયો હતો તે તે કથા સાંભળતો હતો તેવામાં તે કીલ્હ સાધુ તાળોટા પાડીને ભલે, ભલે, ભલે એમ બોલી ઉઠયા ત્યારે રાજાએ તેમને પુછયું કે આ તમે શું બોલ્યા ? ત્યારે તેમણે કહ્યું કે મારા બાપે આજે દેહ ત્યાગ કર્યો અને તે વીમાનમાં બેસીને દેવ લોકમાં જાય છે તે મેં જોયું તેથી તેમણે ભલી કરી માટે ખુશીના આવેશમાં હું બોલી ઉઠયો છું. ત્યારે રાજાએ પુછયું કે તે વાત

સાચી કેમ મનાય ત્યારે તેમણે કહ્યું કે આજની તારીખ તથા વખત નોંધી રાખો. અને તમે એક ખેપીઓ મોકલીને મારા બાપ મરી ગયાની ખબર કઢાવો કે તે કયે દીવશે અને કયે વખતે મરી ગયા અને તે બને વખત જો મળતા આવે તો આ વાત સાચી માનજો તે પ્રમાણે રાજાએ ખાતરી વાળું માણસ મોકલી તપાસ કરાવી લીધી અને તે વાત સાચી પડી તેથી તેને ઘણો અચંબો થયો અને તેણે કોઇ પોતાના પુર્વેના પુણ્યથી આવા સાધુ મળ્યા છે એવું માન્યું તે કીલ્હ નામના સાધુ એવા પ્રતાપી થઇ ગયા કે તે કાળને પણ આધીન થયા નહોતા એક વખતે તેમણે ઠાકોરજીની સેવા કરીને તેમને ફુલ ચઢાવવાને એક પેટીમાં જ્યાં ફુલ મુકયાં હતાં ત્યાં ફુલ લેવા હાથ ઘાલ્યો એટલે ત્યાં એક નાગ સંતાઇ રહેલો હતો તે તેમને કરડયો, તે જોઇને તેમને ત્યાં ફરીને હાથ ઘાલ્યો અને નાગને કહ્યું કે તું ફરીને કરડ એટલે તે ફરીને કરડયો એવી રીતે ત્રણ વાર તેમણે સાપને કરડાવ્યો પણ તેમણે સાપ કરડયાની વાત કોઇને કહી નહીં અને તે ભક્તીના રસમાં મગન રહયા અને મૃત્યુ પામ્યા નહીં પણ કેટલાંક વર્ષ વીત્યા બાદ બધા સાધુઓને એકઠા કરી તેમના વચમાં યોગીની માફક દશે દ્વારથી તેમણે પોતાનો પ્રાણ ત્યાગ કરયો અને સાપ કરડયો હતો તે વખતે પ્રાણ ત્યાગ કર્યો નહોતો.

मुलछप्पय छंद ॥

श्री अग्रदास हरिभजन बिन काल व्रथा नहि बीतयो ॥
सदाचार ज्यौं संतप्रात जैसे करी आये ॥
सेवा सुमिरन सावधान चरत राघव चितलाये ॥
प्रसिद्ध बागसों प्रीती स्वहस्त कृत करत निरंतर ॥
रचना निर्मल नाम मनहुं वरषत धाराधर ॥
कृष्णदास कृपा कारि भक्ति दत्त मनबच क्रम कारि अटल दिया ॥
श्री अग्रदास हरिभजन बिन काल व्रथा नहि बीतयो ॥

અગ્રદાસનો પ્રસંગ.

કિલ્હના શિષ્ય રાજા માનસીંગ અગ્રદાસ બાવા કે જે કિલ્હના ગુરૂભાઇ હતા તેમનાં દર્શન કરવાને ગળતા નામના ગામમાં આવ્યા અને તેમનું ઘર શોધી કાઢી ત્યાં તેમની તપાસ કરી ત્યારે માલમ પડયું કે તે બગીચામાં છે. તેથી તે બગીચામાં ગયા ત્યારે દ્વારપાલોએ તેમનો સામાન્ય વેશ હોવાથી તેમને અંદર જવા દીધા નહીં ત્યારબાદ બાવાજી અગ્રદાસ બગીચાના વૃક્ષનાં સુકાં પાંદડાંને વાળી બહાર નાંખવા ગયા અને માણસોની ઘણી ભીડ હોવાથી તેમનાથી અંદર પાછું જવાયું નહીં. તેથી તે એક વૃક્ષ નીચે બેસી રહ્યા. અને રાજા અંદર દાખલ થઇ ગયો પણ અંદર બાવાજીને ન દીઠા એટલામાં તેનો શિષ્ય નાભાજી તેમની શોધ કરવા લાગ્યો કે બાવાજી કયારના કયાં ગયા તો તેમને એક વૃક્ષ હેઠળ બેઠેલા જોયા પછી ત્યાં સાષ્ટાંગ નમસ્કાર કર્યા અને આંખોમાંથી આંસુ લાવીને તેમને કહ્યું કે હે મહારાજ તમે અહીંજ પડી રહ્યા ત્યારે બાવાજીએ કહ્યું કે લોકોની ભીડને લીધે મને રસ્તો મળ્યો નહીં તેથી હું અહીંજ બેસી રહયો છું પછી રાજાને દર્શન આંપવા સારૂ તેમને અંદર લેઇ ગયા અને રાજાને દર્શન કરાવ્યાં તે એવા દયાળુ થઇ ગયા કે દર્શન દેવાને પોતે ચાલીને ત્યાં ગયા.

मूळछपयछंद. ॥

कलियुग धर्म पालक प्रगट आचारज शंकर शुभट ॥
उत श्रृंखल अज्ञान जीते अन इश्वर वादी ॥
बौध्ध कुतर्की जीन और पाखंडाहि आदी ॥
विमुख नीकों दियो दंड औचिसन मारग आने ॥
सदा चाकरी शीव विश्व किरतीही बखाने ॥
इश्वर अंश अवतार महि मर्यादा मांडी अघट ॥
कलियुग धर्म पालक प्रगट आचारज शंकर शुभट ॥

શંકરાચાર્યનો પ્રસંગ.

જ્યારેં દુનિયા ઉપર વિમુખ લોક વધી ગયા અને ભકિતનો લોપ થવા લાગ્યો ત્યારે શંકરાચાર્ય ભગવાન લીલા અવતાર દેહ ધારણ કર્યો અને ધર્મને પાછો ઠેકાણે લાવ્યા. શંકરાચાર્ય એક વિધાવાને પેટે જન્મ્યા હતાતે વિધવાને દુષણ લાગવાથી તેના માબાપે તેને વગડામાં કાઢી મુકી હતી અને તે ત્યાં ફળ ફુલ ખાઇને ગુજારો ચલાવતી હતી અને તે સ્થિતિમાં તેણે પોતાના છોકરાને મોટો કરયો અનાજતો તે છોકરાએ કોઇ દીવસ સ્વપને પણ જોયું નહોતું. તે છોકરો જ્યારે પાંચસાત વરસનો મોટો થયો તેવામાં એકવાર બ્રાહ્મણો શેવડાની પ્રબળતાની બીકથી કઇ પુંજા કરવાને તથા રસોઇ ભોજન કરવાને તે વનમાં આવ્યા હતા ત્યાં પેલી રાંડીરાંડના છોકરાને તે રસોઇની ગંધ આવી તેથી તેણે પોતાની માને પુછ્યું કે આ સારી વાસ શાની આવે છે? ત્યારે તેની માએ કહ્યું કે કોઇ નજીકમાં રસોઇ કરતું હશે તેથી અનાજની વાસ આવે છે. ત્યારે તેણે કહ્યું કે મને તે લોકો તેમાંથી કંઇ ભીક્ષા આપશે? ત્યારે તેણે કહ્યું કે નહીં આપે તે છતાં તારે માગવા જવું હોય તો જા તે ઉપરથી તે બ્રાહ્મણો પાસે ગયો અને જઇને ભીક્ષા માગી પણ પેલા બ્રાહ્મણોએ કહ્યું કે તું વર્ણશંકર છે તું રાંડીરાંડને પેટે જન્મ્યો છે. ને તારે બાપ નથી માટે તું અમારી પાસે આવીશ નહીં અમે તારા આવવાથી અપવિત્ર થઇએ છીએ માટે તું જતો રહે ત્યારે તે બોલ્યો કે તમે બ્રાહ્મણો છો પણ ખરી વાત સમજતા નથી અને આભડછેટમાં વળગી રહોછો અને માણસની તમને પરખ નથી. તમે ગૌતમ મુનીને બહુ દુઃખ દીધું હતુ તેથી તેમણે જૈનમત ઉત્પન્ન કરીને તથા ફેલાવીને તમને આમ રઝળતા કર્યા. તે છતાં હજી તમને શીક્ષા લાગી નથી માટે હવે તમે મારો ચમત્કાર પણ જોજો; એમ કહી તે ચાલતો થયો તેથી તે લોક સમજ્યા કે આ કો પ્રતાપી માણસ લાગેછે તેથી તેને છેડવો યોગ્ય નથી માટે તેને પાછો બોલાવ્યો અને તેને રસોઇ આપવા માંડી ત્યારે તેણે કહ્યું કે હું તે વાત કબુલ કરતો નથી જો તમે મારા આજથી શિષ્ય થાઓ તો હું તમારી વાત સાંભળુ તેથી તેઓએ હા કહી અને તેમના શિષ્ય થયા અને શંકરાચાર્યે ચારે તરફ પોતાનો મત ફેલાવ્યો અને શેવડાઓનું જોર નરમ પાડ્યું, એકવાર તે પાટણ કે જ્યાં શેવડાઓનું જોર વધારે હતું. ત્યાં ગયા અને રાજાને ત્યાં ઊતર્યા. રાજા જો કે જૈન મતનો હતો તોપણ તેમના ઉપર ઘણો ભાવ રાખતો હતો; કારણ કે તેમની બુધ્ધી ઘણી તીવ્ર હતી. રોજ શેવડાઓની તથા શંકરાચાર્યની સભા થતી હતી તેથી તે કોઇ પ્રતાપી માણસછે એમ તે જાણતો હતો શેવડાઓની રોજ હાર થવાથી એક દીવસ શેવડાઓએ તેમને સંસાર વ્યવહારના સવાલ તથા કામવિષયનાં

સવાલ પુછ્યા શંકરાચાર્ય પોતે ત્યાગી હતા અને સંસારનો અનુભવ તેમને ન હોવાથી તે તેનો જવાબ આપી શક્યા નહીં, પણ તેમણે એક દીવસની મહેતલ માગી રાજાએ શંકરાચાર્યને કહ્યું કે તમે પરકાયા પ્રવેશની વિદ્યા જાણો છો તેથી તમે મારા શરીરમાં પેસો અને મારા મહેલમાં જઇ રાણીઓ સાથે ભોગ વિલાસ કરીને તેનો અનુભવ લઇને હાલે એનો જવાબ સભામાં આપજો અને ત્યાં સુધી મારો જીવાત્મા તમારા પેટીઆમાં રાખો. સવારે તમે જલદી આવજો નહીંતો તેઓ મને શંકરાચાર્ય જાણીને સવાલ પુછશે અને મારાથી તેના જવાબ દેવાશે નહીં. શંકરાચાર્ય રાજાના વેશથી મહેલ ગયા અને રાણીઓ સાથે રાત રહ્યા સવાર થતાં જ્યારે પાછા આવ્યા નહીં ત્યારે રાજા શંકરાચાર્યના દેહથી મહેલમાં જવા ગયો તેને દરવાનોએ અંદર પેસવા દીધો નહીં ત્યારે માલણ પાસે ગયો અને તેની દાસી તરીકે બનીને તે મહેલમાં દાખલ થયો. અને શ્લોક બોલીને શંકરાચાર્યને ચેતાવ્યા તેથી શંકરાચાર્યે શરીર અદલ બદલ કરીને શેવડાની સભામાં ગયા અને ત્યાં વાદ વિવાદમાં "મોહમુદ્ગર" નામનો ગ્રંથ બનાવ્યો અને તેમને પુર્ણ રીતે હરાવ્યા. શેવડાઓએ એક વાર રાજાને કહ્યું કે અમાસને દહાડે ચંદ્રમા ઉગશે અને તે પ્રમાણે ચંદ્રમા ઉગાડ્યો ત્યારે શંકરાચાર્યે રાજાને કહ્યું કે તેમણે તે જાદુના બલથી આકાશમાં ઢાલ ચઢાવીને ચંદ્ર દેખાડ્યો છે માટે તમે સ્વાર મોકલીને બાર બાર ગાઉ ફરતા ખોળાવો કે ત્યાં અજવાળું છે કે અંધારૂં જો ખરો ચંદ્ર હસે તો અજવાળું બધે સરખું હશે. પણ બાર ગાઉ પછી અંધારૂ છે એવી ખબર મળવાથી તેમણે ઢાલ ચઢાવી છે તે નક્કી પ્રતીત થયું અને શંકરાચાર્યની વાત ખરી પડી પછી શંકરાચાર્યે એક દીવસ માયા રચીને નદીમાં પુર આણ્યું અને બધા શેવડાઓને એકઠા કરી રાજાના મહેલ ઉપર ચઢાવી દીધા. અને સાતમા માળ સુધી પાણી ઊંચું ચડાવ્યું. અને પછી એક માયાવી વહાણ દેખાડયું અને કહ્યું કે આ વહાણમાં કુદી પડી બેસશે તે જીવશે અને બીજા બધા ડુબી મરશે. રાજા જાતે બેસવા ગયો ત્યારે શંકરાચાર્યે તેને પકડી રાખ્યો ને કહ્યું કે પહેલાં તમારા ગુરૂને બેસવાદો. એમ કહી એક પછી એકને તેમણે પડતાં મુકાવ્યાં અને બધા શેવડાઓના એ પ્રમાણે ચુરેચુરા કરાવી નાંખ્યા. એક કાંણીઓ જતી ત્યાંથી નાસી ગયો કે જેનો વિસ્તાર હાલ દેખાય છે શંકરાચાર્યે માયાને અલોપ કરી અને પુર અદ્રશ્ય થયું રાજા તેથી ખુશ થયો અને શંકરાચાર્યનો શિષ્ય થયો. શંકરાચાર્યે ભક્તિનો પ્રભાવ ફેલાવ્યો અને કેટલાક વિમુખ લોકોને ભક્તી તરફ વાળ્યા.

मुल छप्पय छंद. ॥

नामदेव प्रतिज्ञा निर्वही ज्यौं त्रेंतों नरहरी दासकी ॥
बालदशा विठल पानी जाके पयपीयो ॥
मृतक गउ जीवाइपरचो असुरानिको दियो ॥
सेज सलिल ते काटी पहिले हि जैसी होती ॥
देवल उलटो देखि सकुचि रहे सबही सोंती ॥
पढरिनाथ कृत अनुगज्यों छानि स्वकर छाइ घासकी ॥
नामदेव प्रतिज्ञा निर्वही ज्यों त्रेता नरहरि दासकी ॥

વામદેવજીનો પ્રસંગ.

વામદેવ કરી એક દરજી ભક્તરાજ હતો તેમને એક છોકરી હતી તે બાર વરસમાં રંડાઇ ત્યારે તેના બાપે તેને પુછયું કે તારે બીજો ધણી કરવો છે? ત્યારે તેણે કહ્યું કે ના મારે તો હવે શ્રીહરીની ભકતી કરવી છે માટે મને ઠાકોર સેવા સોંપો તે ઉપરથી તેને તેના બાપે ઠાકોર સેવા સોંપી અને કહ્યું કે તારા મનમાં જે જે મનોરથ થશે તે આ ઠાકોરજી પરિપુર્ણ કરશે અને મારી આ વાત તમે સાચી કરી માનજો. છોકરીએ ઠાકોરજીની તેજ પ્રમાણે સાચાભાવથી ભક્તિ કરી ઠાકોર સેવામાં તત્પર થઇ અને એક વાર તેણે ઠાકોરજી ઉપર પોતાના પતી તરીકે કામ ભોગ કરે એવી ભાવના કરી ભક્ત આધીન ઠાકોરજી, તેથી તેનો કામ વિષય પુર્ણ કરયો તેથી તે વિધવાને ગર્ભ રહયો અને તેથી ગામમાં તેની નીંદા થવા લાગી કે ફલાણા ભકતની છોકરીએ ભક્તિમાં ઘર ઘાલ્યું. તે વાત ચાલતી ચાલતી તેના બાપને કાંને આવી તે ઉપરથી તેણે ધ્યાન ધરીને જોયું ત્યારે માલમ પડયું કે તેને વ્યભીચારથી ગર્ભ રહ્યો નથી પણ ઠાકોરજીએ પ્રસન્ન થઇ તેને તેની ભાવના પ્રમાણે ફળ આપ્યું છે અને તેમાં છોકરીનો વ્યભીચાર નથી તેથા તે છોકરી ઉપર ગુસ્સે થયો નહી. તે છોકરીને જે બાળક જન્મ્યું તેનું નામ વામદેવ પાડયું અને તેની ખુશીમાં તેણે બહુ સંપતિ લુંટાવી દીધી દહાડે દહાડે તે છોકરો મોટો થતો ગયો અને તેને પણ ભકતીનો રંગ ચઢતો ગયો અને. તે રમત રમતો તેમાં પણ ઠાકોર શેવાનો ભાવ લાવતો અને ભોગ લગાવતો ઘંટા વગાડતો ધ્યાન કરતો આંખોમાં પ્રેમના આંસુ લાવતો અને તે વારંવાર પોતાના દાદાને કહેતો કે મને ઠાકોર શેવા આપો તેથી એકવાર તેમણે તેનેકહ્યું કે જયારે હું પરગામ જઇશ ત્યારે હું તને ઠાકોર શેવા સોંપીશ તે રોજ તેમના ગામ જવાની વાત પુછયા કરતો રહેતો હતો કે તમારે કયારે ગામ જવું થશે એમ કરતાં તેવો વખત આવ્યો ત્યારે તે પોતાના દોહીત્રને સેવા સોંપીને ગામ ગયા. અને તેને કહ્યું કે તારે ઠાકોરજીને દુધ ધરાવવું અને બાકી વધે તે પીવું હું ત્રણ દીવસ પછી આવીશ અને ત્યાં સુધી તું ઠાકોર સેવા કરજે. તે તે પ્રમાણે કહીને ગયો અને તેણે ઠાકોરજીને પહેલે દીવસે બશેર દુધ ધરાવ્યું અને વચમાં પડદો કર્યો અને પડદો ઉંચો કરીને ફરી જોવા માંડયું કે ઠાકોરજીએ તે પીધું કે નહીં. પણ ઠાકોરજીએ તો તે પીધું નહીં તેથી તેમને કાલાવાલા કર્યા અને કહ્યું કે હે મહારાજ મારા દાદા આવશે ત્યારે મને ઠપકો દેશે તથા મને મારસે તેમના હાથે તમે રોજ દુધ પીતા હતા અને આજ મારે હાથે કેમ પીતા નથી. મારો શો અપરાધ પડયો છે? બીજે દીવશે પણ તેણે તેજ પ્રમાણે કર્યું પણ ઠાકોરજીએ દુધ પીધું નહીં. તેને સેવા કરતાં વાર લાગી તેથા તેની માએ તેને ઠપકો દીધો કે તું શેવા કરતાં બહુવાર લગાડે છે ત્યારે તેણે કહ્યું કે ઠાકોરજી દુધ પીતા નથી. તેથી મને વાર લાગે છે મને દાદા કહી ગયા છે કે તું રોજ દુધ ધરાવજે અને વધે તે તું પીજે માટે મારે દાદાના કહેવા પ્રમાણે કરવું કારણ કે જો હું નહી કરૂં તો દાદા આવે ત્યારે મને મારે ત્રીજે દીવસે પણ તેણે તેજ પ્રમાણે દુધ લીધું, અંદર શાકર નાંખી કટોરામાં ભરી, ખુશી થતો ઠાકોરજી પાસે લેઇ ગયો અને કહ્યું કે ઠાકોરજી મહારાજ તમે આ દુધ પીઓ પણ ઠાકોરજીએ તે પીવું નહી તેથી તેણે જાણ્યું કે ઠાકોરજી શરમાય છે. તેથી તેણે વચમાં પડદો કર્યો તોપણ ઠાકોરજીએ તે પીધું નહી. ખુબ ધરાઇને પીઓ એમ તેણે કહ્યું પણ તેમણે તો કંઇ પીધુંએ નહિ તેમ કંઇ સાંભળ્યું પણ નહિ ત્યારે છેવટે ગુસ્સે થઇ તેણે કહ્યું કે હું તમને વારંવાર કહુંછું તે છતાં તમે તો સાંભળતાજ નથી અને મારા દાદા આવે ત્યારે તેમની પાસે મને

માર ખવરાવવો ધારો છો માટે જો તમે દુધ નહિ પી જાઓ તો આ છરી લાવું પહેલી હું તમારા પેટમાં તે ઘોચી દેઇશ અને પછીથી તે મારા પેટમાં ઘોચી ઘાલી એમ પહેલાં તમને મારી પછીથી હું મરીશ એમ કહી છરી પકડી અને જેવી તે ઠાકોરજીને ઘોચવા જાય છે કે તરત ઠાકોરજીએ તેનો હાથ પકડી લીધો ને કહ્યું કે હું દુધ પી જાઉં છું તું છરી ગોચીશ નહિ એમ કહી ઠાકોરજીએ દુધ પીવા માંડયું ત્યારે વામદેવજીએ જોયું કે આતો બધું દુધ પી જશે ને મારે માટે કંઇ રાખશે નહી અને દાદાએતો કહ્યું છે કે દુધ વધારીને તારે પીવું માટે ઠાકોરજીને કહ્યું કે હવે પીવું બંધ કરો અને થોડું દુધ મારે માટે રાખો અને તેપ્રમાણે તેમણે થોડું દુધ રાખ્યું અને તેણે તે પીધું. પછી ચોથે દીવસ તેના દાદા આવ્યા અને તેને દુધની વાત પુછી ત્યારે તેણે બધીએ વાત કહી. બે દીવસ સુધી તો ઠાકોરજીએ મને ઓળખ્યો નહોતો તેથી દુધ પીધું નહોતું પણ ત્રીજે દીવસે જ્યારે ઠાકોરજીને ડરાવ્યા અને તેમના પ્રાણ લેવાની વાત કરી ત્યારે તેમણે દુધ પીધું. તે બધું દુધ પી જતા હતા ત્યારે મેં થોડું મારે માટે રખાવ્યું અને તે મેં પીધું. તેના દાદાએ કહ્યું કે આ વાત હું સાચી કેમ માનું ત્યારે તેણે કહ્યું કે હું હાલ તમારા દેખતા દુધ પાઉં છું. તમે આ દુધ એમ કહી દુધ લઇ બન્ને જણા ઠાકોરજી પાસે ગયા અને ઠાકોરજીને કહ્યું કે તમે આ દુધ પીઓ પણ તેમણે દુધ પીધું નહી તેથી તેણે ઠાકોરજીને કહ્યું કે મારા દાદા આગળ શું તમો મને જુઠો પાડીને મને માર ખવરાવવાનો વિચાર છે. માટે જો તમે નહિ પીઓતો પેલી છરી સંભરજો એમ કહ્યું કે તરત ઠાકોરજીએ દુધ પીધું અને તે તેના દાદાએ નજરે જોયું.

તેમના આવા પડછાની વાત આખા શહેરમાં ફેલાઈ અને તે વાત પાદશાહ પાસે ગઇ કે વામદેવ ભકતનો એક છોકરો બહુ કરામત વાળો છે. ત્યારે તેણે તે છોકરાને બોલાવી મંગાવ્યો ને કહ્યું કે તારી કરામત અમને બતાવ ત્યારે તેણે કહ્યું કે મારી પાસે તો કંઇ કરામત નથી હું તો ભગવાનનું નામ જાણું છું. કરામત હોતતો દરજીનો ધંધો શું કરવા કરત અમે તો સાધુની શેવા કરી તેમની પ્રસાદી ખઇએ છીએ અને તેનાજ પ્રતાપથી તમે મને અહીયાં બોલાવ્યો છે. બીજી કરામત મારી પાસે નથી માટે તમે મને રજા આપો એટલે હું ઘેર આવ્યો જાઉં ત્યારે પાદશાહે એક મરેલી ગાય બતાવી અને કહ્યું કે આને તમે જીવતી કરો ત્યારે પેલા છોકરાએ સહેજ ભાવે પેલી ગાયને પુંછડે બેવાર હાથ ઠોકયો કે ગાય તરત ઉભી થઇ અને તેમાં જીવ આવ્યો તે જોઇ પાદશાહનો ભાવ તે છોકરા ઉપર વધારે થયો અને તેથી તેમને કહયું કે તમે કોઇ ગામદેશ માગો તે આપું ત્યારે તેણે કહયું કે મારે કાંઇ જોઇતું નથી ત્યારે પાદશાહે એક લાખ રૂપીઆની હીરા મોતીની એક શેજ હતી તે પોતાના નોકરો સાથે ઉંચકાવી તેમની સાથે મોકલાવી અને નોકરોને કહ્યું કે તેમને ઘેર જઇ મુકી આવો અને પછી તેમને વિદાય કર્યા. રસ્તામાં જતાં એક નદી આવી અને તેમાં એક ઉંડો ધરો અથાગ પાણીથી ભરેલો હતો તેમાં પેલી સેજ પોતે નોકરો પાસેથી લેઇને નાંખી દીધી ને નોકરોને કહ્યું કે હવે તમે જાઓ અને પાદસાહને કહેજો કે તેમને ઘેર પહોંચાડી આવ્યા. નોકરોએ ઘેર આવી પાદસાહને કહ્યું કે આવા મુર્ખ કે જેને સેજની કીમતની ખબર નહોતી તેને લાખ રૂપીઆની સેજ આપીને શું કર્યું તેણે તો તે સેજ નદીના ઉંડા ધરામાં નાંખી દીધી તે સાંભળી પાદસાહ ચમકી ઉઠયો અને નોકરોને કહ્યું કે તે સાધુ પાસે તમે પાછા જાઓ અને તેમને વિનંતી કરી કહો કે અમારા રાજાને એવી સેજ ફરીને બનાવવી છે માટે નમુનો બતાવવા માટે તે સેજ અમને જરા પાછી આપો. નોકરોનો વિશ્વાસ ન કરતાં રાજા પડે તેમની સાથે

ગયો અને તેમને તે પ્રમાણે કહ્યું તેથી નામદેવે જળદેવની સ્તુતી કરી એટલે જળદેવે તેથી હજારો સેજો જુદા જુદા પ્રકારની અને અમુલ્ય કીમતના તે નદીના કીનારા ઉપર બતાવી દીધી અને કહ્યું કે આમાંથી જે તારી હોય તે ઓળખી લે એ પ્રમાણે જોઇને પાદસાહ તેમને પગે પડયો અને પોતાના ગુનાની ક્ષમા માગી ત્યારે તેણે કહ્યુ કે હવે પછી કોઇ સાધુને કરામત જોવા સારૂ દુઃખ દેઇસ નહી એમ કહી તેને વીદાય કર્યો. નામદેવજીને રોજ એક મંદીરમાં દર્શન કરવા જવાનો નીત્ય નીયમ હતો અને ત્યાં આપ જોડીઆં પાંચ પદ બનાવી ને ગાતા. એક દીવસ તે ત્યાં નવા જોડા પહેરી ગયેલા તે દરવાજા આગળ કાઢયા પણ નવા જોડા કોઇ લેઇ જશે તેની બીકથી લુગડામાં લપેટી કમરે બાંધ્યા. અને પછી મંદીરમાં ગયા પણ જોડાનો કંઇ ભાગ દેખાયો તેથી પુજારીઓએ તેને ધક્કા મારીને તથા માર મારીને દરવાજા બહાર કાઢયો તેથી તે મંદીર પછવાડે ઓટલે જઇને બેઠા અને પોતાના પંડને કહ્યું કે ઠીક થયું કે તને માર પડયો જોડા બાંધીને અંદર ગયો માટે તને એવુંજ ઘટેછે માટે આજથી તારે મંદીર પછવાડે ઓટલે બેસવું અને પદ ગાવાં અંદર જવું નહીં એમ કહી તેણે અંદરના ઠાકોરજીને કહ્યું કે હે મહારાજ આજની વાત હું તમને કહુછું તે મનદેઇને સાંભળો. અને હવે પછી તમારાં પદ હું આ ઓટલેજ બેસીને ગાઇશ એમ કહી પદ ગાવા માંડયા એટલે મંદીરનું બારણું ફરીને તેમના તરફનું થઇ ગયું અને જયાં આગળ બારણું હતું ત્યાં પુઠ થઇ તે જોઇને પુજારીઓ ગભરાયા અને તેમનો અહંકાર ગળી ગયો. અને પેલા ભક્તરાજને આદર સત્કારથી અંદર તેડી લાવીને બેસાડયાઅને તેમના પગે પડયાં એક વાર તેના ઘરમાં આગ લાગી અને તે ઘરમાં નહોતા તેથી પાડોશીઓએ બળતો માલ કેટલોક બહાર કાઢી બચાવ્યો એટલામાં તે ઘેર આવ્યા અને આ પ્રમાણે માલ કાઢી લીધેલો જોઇ પોતે તે માલ પાછો અગ્નિમાં નાંખવા લાગ્યા અને કહ્યું કે હે પરમેશ્વર મારો બધો માલ અંગીકાર કરો ત્યારે લોકોએ કહ્યું કે અમે મહેનત કરી માલ બચાવ્યો અને તમે પાછો નાંખો છો માટે આવું જાણ્યું હોતતો અમે તેની મહેનત ન કરત ભગવાન માણસનું રૂપ ધરી તેનું છાપરૂ બનાવી ગયા તેનું બનેલું છાપરૂં તેના ગેરહાજરીમાં નવું કરી ગયા. રાંડેલીને પેટ થયેલા છોકરાએ આ પ્રમાણે ભક્તીથી પોતાની માતાને સતી ગણાવી એક ધનવાન રોજ તોલાદાન કરતો અને નામદેવ વગર બધા સોનાનું દાન લઇ ગયા એમ જાણીને એક વાર તેણે નામદેવ બોલાવ્યા અને કહ્યું કે હે મહારાજ તમે મારા કલ્યાણને અર્થે મારૂં દાન અંગીકાર કરો ત્યારે તેમણે કહ્યું કે મારે કાંઇ જોઇતું નથી ત્યારે તેમણે આગ્રહ કરી કહ્યું કે મારી પાસે કાંઇક દાન લો ત્યારે તેમણે કહ્યું કે મારે પૈસાની દરકાર નથી જેને દરકાર હોય તેને આપ તેમ છતા તેણે ન માન્યું તેથી તેણે કહ્યું કે એક તુળસીનું પત્ર લાવો અને તે, તે, લાવ્યો એટલે તેના ઉપર તેમણે રામ નામનું અરધું નામ એટલે "રા" લખ્યું અને કહ્યું કે આટલું સોનું અમને તોળી આપો તે ઉપરથી તે સાહુકારે કહ્યું કે શું અમારી મશ્કરી કરોછો ? તમે પુરેપુરી રીતે જે જોઇએ તે માગો જેથી અમે ખુશી થઇએ ત્યારે તેણે કહ્યું કે તમે આટલું આપશો તોએ બસ છે એમ કહીને એક કાંટો મંગાવી તુળસી પત્ર મુકાવ્યું અને બીજા પલ્લામાં તેના ઘરનું જેટલું ઘરેણું તથા માલ મીલકત હતી તેટલી બધી મુકાવી પણ તે ત્રાજવું જરા પણ નીચું નમ્યું નહીં તેથી તેની નાતના બધાં માણસોના ઘરેણાં મંગાવ્યાં પણ પેલું તુળસી વાળું ત્રાજવું નમેલું રહ્યું અને પેલું બીજું ઉંચુંને ઉંચું રહ્યું તેથી બધાને સોચ ઉત્પન્ન થયો કે આ બધાને ભીખારી કરી નાંખ્યાં તો પણ હજુ

પુરૂં થયું નહીં નામદેવે કહ્યું કે તમે જેટલાં વ્રત, દાન, સ્નાન, તીર્થ કર્યાં હોય તે બધાંના ફ-ળનો સંકલ્પ મુકીને તેમાં ઉમેરો કરો અને તેમ કરવા છતાં પણ તુલસી વાળું ત્રાજવું ન મે-લું રહ્યું ત્યારે શાહુકારે કહ્યું કે હવે તો હું થાકી ગયો અને તુળશી વાળું ત્રાજવું તો જ-મીનને અડેલુંજ રહ્યું હવે મારાથી તમારા માગ્યા પ્રમાણે અપાતું નથી માટે હવે આટલુંજ લેઇને ખુશ થાઓ મારાથી તમારા માગ્યા પ્રમાણે કંઈજ અપયું નહી પછી તેમણે કહ્યું કે મારે આ લેઇ ક્યાં નાંખવું અને માગ્યા પ્રમાણે તમારાથી અપાયું નહી માટે આ અધુરૂં હું લેતો નથી માટે જેનું હોય તેને પાછું આપીદો પછી તેમણે કહ્યું કે જુઓ નામનો પ્રભાવ કેવો છે કે એક અડધા નામમાં તમારી બધી મીલકત આવી ગઇ જો આખું નામ લખ્યું હોતતો શું થાત તે કેહેવાતું નથી માટે ભક્તોનો એવો પ્રભાવ છે કે જે આખું રામનામ ભાવ લાવીને બોલે તેના બરાબર કોઇ પદાર્થ નથી માટે ભકતી ભાવ લાવો. દરેક એકાદશીને દીવસે નામદેવ વ્રત કરતા હતા તેથી તેમની પરિક્ષા લેવાને શ્રીહરી એકવાર એક દુબળા બ્રાહ્મણનું રૂપ લેઇને તેમને ઘેર માગવા આવ્યા અને કહ્યું કે હું ઘણા દીવસનો ભુખ્યો છું માટે મને એક શેર અન્ન આપો ત્યારે નામદેવે કહ્યું કે આજ એકાદસી છે અને તેથી હું કોઇને અ-નાજ આપતો નથી અને કોઇનું લેતો પણ નથી ત્યારે તે બ્રાહ્મણે તેમનાં ઘણાં કાલાંવાલાં કર્યાં ત્યારે તેમણે કહ્યું કે તમે ઘી, ગોળ, દુધ, સાકર, ફળ હાર બીજું જે માંગો એ આપુ પણ અનાજ નહીં આપું ત્યારે બ્રાહ્મણે વધારે કલ્પાંત કરવા માંડયું અને ભુખથી પ્રાણ ત્યાગ ક-ર્યો લોકોએ તેને બ્રહ્મ હત્યારો કહી ઘણો ધીક્કાર્યો અને એક શેર અનાજ સારૂ બ્રાહ્મણ મા-ર્યો તેથી તેના સગાં પણ તેને ઠપકો દેવા મંડયા, તેથી નામદેવે તે બ્રાહ્મણ સાથે બળી મરવાનો નિશ્ચય કરયો અને સ્મશાનમાં જઇ ચીતા ખડકાવી તે બ્રાહ્મણનું માથું ખોળામાં લીધું અને ચીતા સળગાવી દેવાનું લોકોને કહ્યું સળગાવવા જતાં તે બ્રાહ્મણ ઉઠી ઉભો થયો અને ચતુ-ર્ભુજ મુર્તી થઇ નામદેવને દર્શણ આપ્યુ અને કહ્યું કે હું તારા ટેકની પરિક્ષા જોવા આવ્યો હતો તારી ભકતીની ટેક સાચી છે અને તારૂ ચીત મારામાંજ રહેલું છે માટે હવેથી એકાદ-સીનુ કષ્ટ વેઠવાની તારે જરૂર નથી. અને તું સાધુની સેવામાં તત્પર રહેજે એમ કહીને તે અંતર ધ્યાન થઇ ગયા એકવાર નામદેવ પોતાની મંડળીને લેઇને ઓચ્છવ કરવાને પરગામ ગયા હતા ત્યાં રાતે ભજન કરતાં એક જણને તરસ લાગી તેથી નામદેવને કહ્યું તેથી નામદે-વે તે ગામના લોકોને પુછયું કે આટલામાં કંઇ પાણી મળશે ત્યારે લોકોએ કહયું કે અહીં. પાસેજ એક વાવ છે પણ રાતે તેમાં ભુત આવીને રહેછે માટે રાતે તેમાં કોઇથી જવાતુ નથી માટે તમારી પાસે જો જાદુનો સાચો ઇલમ હોયતો તમે જાઓ અને પાણી લાવો પણ ભુત તમને મારી નાંખશે માટે હીમત હોયતો જજો નામદેવે કહ્યુ કે તેતો મારૂંજ કામ છે એમ કહી વાવમાં ઉતરયા ત્યારે એક મોટું લાંબું લાંબુ વાવને એક છેડે પગ અડેલી અને બીજે છેડે માથું અડાડેલું એવું એક ભયંકરરૂપ રૂપ જોયું એટલે તેમણે કંગરમાંથી કડતાલ કાઢીને ભજન ગાવા માંડયું કે "આવો મારાનાથ, તમારા લાંબા લાંબા હાથ" વીગેરે કહીને ભજન કરવા માંડયું ત્યારે ભુતે ચતુર્ભુજ મુર્તી થઇ દર્શણ દીધું ત્યારે નામદેવે પુછયું કે હે મહારાજ તમારે આમ કેમ કરવું પડયું ? ત્યારે ભગવાને કહ્યું કે ગામના લોકોએ મારા વિષે ભુતની ભાવના કરી તેથી મારે તે રૂપ થવું પડયું છે પછી પાણીનો ઘડો ભરીને નામદેવ ભજનની જગાએ ગયા તે જોઇ બધા લોકોને મોટું આશ્ચર્ય થયું અને નામદેવમાં જાદુની સાચી ક્રીયા છે એમ જાણી તેમની વીનંતી કરીકે હે મહારાજ અમારા ગામને તે ભુત ઘણું સતાવે છે માટે તમે તેને

તમારે ગામ લેઇ જાઓ અને તેના બદલામાં તમો અમને કહો તે પ્રમાણે કરીએ ત્યારે નામદેવે કહ્યું કે ઠીક હું તે લઇ જાઉછું પણ તમે તે જગાએ આજથી સદાવ્રત શરૂ કરો અને ધર્મની ધજા બાંધો તેઓએ તે કબુલ કર્યું એટલે પેલા ભુતને હચકીને નામદેવ પોતાને ગામ લેઇ ગયો તેનું બીહામણું રૂપ લાંબા લાંબા હાથ પગ જોઇ લોકો ડરીને નાશી ગયા તેમ તેમ નામદેવે તેમને ડાર્યા કે જો સદાવ્રતમાં કંઇ કસર પડશે તો આ ભુત પાછું તમારે ગામ આવશે માટે સારી રીતે તમે સાધુની સેવા કરજો અને સદાવ્રત આપજો લોકોએ તે કબુલ કર્યું અને તેમનું ભુત ત્યાંથી દુર થયું.

मुल छप्पय छंद. ॥

जय देव कवि नृप चक्कवे खंड मंडलेश्वर आन कवि ॥
प्रचुर भयो तिहुं लोक गीत गोविंद उजागर ॥
कोक काव्य नवरस श्रृंगारको सागर ॥
अष्टपदी अभ्यास करे तिहि बुद्धि बढावे ॥
श्री र धा रवन प्रसन्न सुनत निश्चे तहां आवे ॥
संत सरो रुह खंडकों पद्मावति सुखजनक रवि ॥
जय देव कवि नृप चक्कवै खंड मंडलेश्वर आन कवि ॥

જયદેવનો પ્રસંગ.

ગંગા કિનારે કીંદુબલ કરી એક ગામ હતું તેમાં જય દેવ નામે એક કવીરાજ રહેતો હતો તે નાના પ્રકારની ભગવાન વિષે કવિતા કરતો અને તેનીમગ્નત્તામાં તેણે ઘર બાર છોડી દીધું અને ત્યાગી થઇ ગયો અને સંસારની આશકતી પોતાને ન લાગે માટે તે રોજ નવાં નવાં ઝાડ હેઠળ રાત વાસો રહેતો તે એક ગોદડી અને એક કમંડળ રાખતો અને વનમાં ફરતો રહેતો હતો. એક બ્રાહ્મણને છોકરાં થતાં નહોતાં તેથી તેણે જગન્નાથજીની બાધા રાખેલી કે જો મને કંઇ છોકરૂ થશે તો તે હું તમને ભેટ મુકી જઇશ જગન્નાથજીએ તેને એક છોકરી આપી તે છોકરી મોટી થઇ ત્યારે તેના બાપે તેને પરણાવવાનો વિચાર કર્યો તે ઉપરથી તેની સ્ત્રીએ તેને કહ્યું કે એ છોકરી આપણી નથી પણ જગન્નાથજી દેવની સમજવી માટે તેમને ત્યાં આપી આવો તેથી તે બ્રાહ્મણ છોકરીને લેઇને જગન્નાથજી ગયો અને ઠાકોરજીને કહ્યું કે હે મહારાજ આ તમારી ભેટ છે તે તમે અંગીકાર કરો ત્યારે જગન્નાથજી બોલ્યા કે જયદેવ નામનો મારો એક ભકત વનમાં વિરકત દશામાં ફરે છે તેને જઇને તમે તે કન્યા પરણાવો એટલે તમારી ભેટ મને પહોંચશે. ત્યારે તે બ્રાહ્મણે કહ્યું કે તે માણસ તો ત્યાગી છે તેથી મારી કન્યાનો સત્કાર કરશે નહીં ત્યારે જગન્નાથજીએ કહ્યું કે મારૂં નામ દેઇને તમે તેમને કહેજો કે અમને જગન્નાથજી દેવે આજ્ઞા કરી છે તેથી તે અમે તમને પરણાવા લાવ્યા છીએ તમે પરમેશ્વરના સાચા ભકત છો માટે તેમની આજ્ઞા કેમ માનશો કે નહીં એમ કહી તે કન્યા તમે તેમને આપજો. તે પ્રમાણે તે બ્રાહ્મણે કવિરાજને વનમાંથી શોધી કાઢયા અને તેમને નમસ્કાર કરી કહ્યુંકે આ કન્યાનો તમે અંગીકાર કરો ત્યારે તેમણે કહ્યું કે અમે ત્યાગી છીએઅને વગડામાં ફરીએ છીએ અને અમારે સ્ત્રીની કંઇ અપેક્ષા નથી માટે જેને અપેક્ષા હોય તેને જઇને તમે આપો હું તેને લેઇશ નહીં ત્યારે બ્રાહ્મણે કહ્યું કે હું જગન્નાથજી દેવની આજ્ઞાથી આ કન્યા

તમારી પાસે લાવ્યો છું અને તમે તેમના સાચા ભક્ત છો અને તેમણે કહ્યું છે કે મારી આજ્ઞા માનજો ત્યારે કવીરાજે કહ્યું કે જગન્નાથજીને તમે જઇને કહો કે તમારે તો હજાર સ્ત્રી હોય તોપણ શોભે પણ મારે તો એક સ્ત્રી પણ પહાડ જેવી થઈ પડે માટે હું તે નહીં રાખું. તે સાંભળી તે બ્રાહ્મણે કહ્યું કે તમારે ફાવે તેમ કરજો હું તો આ મુકીને ચાલ્યો. એમ કહી તે બ્રાહ્મણ ગયો એટલે કવીરાજને મનમાં શોચ પડયો. પછી પેલી કન્યાને કહ્યું કે તું પણ તારા બાપ સાથે જા મારે તારો ખપ નથી ત્યારે તે કન્યાએ કહ્યું કે જગન્નાથજી દેવે મને તમને સોંપવાનું કહ્યું છે અને તે પ્રમાણે મારો બાપ તમને સોંપી ગયો માટે હવે હું ક્યાં જાઉં ? હું તમારી સ્ત્રી થઇ ચુકી માટે તમારે ફાવે તેમ કરો તે સાંભળી કવીરાજ સમજ્યા કે હવે આ વેઠ નક્કી વળગી માટે તેને ઉપાડવી પડશે હું તો રોજ ઝાડ તળે રહીને મારો નીવાસ નભાવું છું પણ આ સ્ત્રી જાત છે માટે એને રહેવા માટે કાંઇ આશ્રમ કરવો જોઇશે માટે આ વગડામાંથી લાકડાં કપાવી એક ઝુંપડી કરાવી આપું એમ વીચારી સેવકોને કહી એક છાપરૂં બંધાવી આપ્યું અને ત્યાં તે કન્યાને રાખી પછી વિચાર કર્યો કે તેની ખોરાકીને માટે મારે કંઇ વિચાર કરવો જોઇએ હું કોઇએક ગ્રંથ બનાવું અને કોઇ રાજાને તે ભેટ આપું અને તેના જે પૈસા આવે તે સ્ત્રીની ખોરાકી પોશાકી ને માટે આપું એમ વિચારી તેમણે એક ગ્રંથ બનાવવા માંડયો જેનું નામ “ ગીત ગોવિંદ ” રાખ્યું. તે ગ્રંથ લખતાં એકવાર તેમનાથી એવું લખાઇ ગયું કે “શ્રી કૃષ્નના માથા ઉપર રાધીકા બીરાજે છે” તે ઉપરથી તેમને શોચ પડયો અને તે વખતે લખવું બંધ રાખ્યું. કારણ કે રાધીકાજી તેમના સ્ત્રી થઇને પતીના માથા ઉપર કેવી રીતે હોઇ શકે. માટે હાલ મારૂં મગજ ઠેકાણે નથી; થોડીવાર બીજું કામ કરીને પછી લખવા માંડીશ એમ વિચારી તે નદીએ સ્નાન કરવા ગયા એટલે તે ગ્રંથમાં ભગવાને પોતે જ્યાંથી કવીતાની ટુંક અધુરી મુકી હતી ત્યાંથી ટુંક પુરી કરી જેથી કવિરાજને પોતાનું લખવું ખોટું છે એમ માનવામાં આવે નહીં. કવિરાજ સ્નાન કરી પાછા આવ્યા અને ચોપડી લખવાને ઉઘાડી તો તેમાં પોતાની અધુરી ટુંક પુરી લખેલી જોઇ અને વિસ્મય પામ્યા અને બોલ્યા કે પરમેશ્વરની જ્યારે એવીજ મરજી છે તો પોતે આવીને લખી ગયા અને તે વાત સાચી પડી. કારણ કે શ્રી રાધીકા શ્રી કૃષ્નના પગ આગળ છે તો પણ શ્રી કૃસ્ણજીએ માથે મુગટ પહેરેલો છે અને તેમાં દર્પણ છે અને તેમાં રાધીકાનુ પ્રતિબીંબ પડયું તેથી રાધીકા શ્રી કૃષ્ણના માથા ઉપર દેખાયાં અને તેથી કવીનું લખવું સાચું પડયું. જગન્નાથ પુરીનો રાજા તેજ પ્રમાણે ભગવાનના ગુણનો એક ગ્રંથ તેજ અરસામાં લખતો હતો તે પુરો કરીને પોતાના ગામના પંડીતોની એક સભા કરી તેમને કહ્યું કે તમો મારા ગ્રંથની દેશ દેશાંતર પ્રસિદ્ધિ કરો ત્યારે તેમણે કહ્યું કે તમારો ગ્રંથ જયદેવજીના ગ્રંથ જેવો અપુર્વ નથી પણ તેમાં ઘણા દોષ રહી ગયા છે માટે અમારાથી તેને પ્રસિદ્ધિમાં લેવાય તેમ નથી ત્યારે રાજાએ કહ્યું કે તમે કહો છો તે વાત મારા માનવામાં આવતી નથી માટે ચાલો આપણે જગન્નાથજી દેવ પાસે તેનો ન્યાય કરાવીએ. એમ કહી પોતાનો ગ્રંથ તથા જયદેવનો ગ્રંથ લેઇ જગન્નાથજીના મંદીરમાં જઇ મુકયા અને જગન્નાથજીને વિનંતી કરી કહ્યું કે આ બંને ગ્રંથમાંથી જે સારો ગ્રંથ હોય તેને તમે હાથમાં લેજો અને બીજાને તમે ફેંકી દેજો એમ કહીને મંદીરનાં દ્વાર બધ કર્યાં અને બધા બહાર નીકળ્યા. થોડીકવાર પછી દ્વાર ઉઘાડયાં અને જોયું તો જયદેવજી વાળો ગ્રંથ જગન્નાથજીના હૃદય સાથે ચોંટેલો અને પેલા રાજાનો ગ્રંથ ફેંકી દીધેલો જોયો અને તેનાં પાને પાનાં વીંખેલાં દીઠાં રાજાને તે ઉપર થી ઘણું ખોટું

લાગ્યું અને તેણે પોતાને કહ્યું કે મેં પરમેશ્વરના આટલા બધા ગુણ ગાયા છતાં તેમણે તે વાત મન ઉપર લીધી નહી. અને મારો ગ્રંથ ખોટો પાડયો અને જયદેવજીનો ગ્રંથ સાચો ગણી હૃદય સાથે દાબ્યો માટે મારે શું મોં લઈ જીવવું માટે આપઘાત કરવો એમ નિશ્ચય કરી દરીઆમાં ડુબી મરવા ગયો આગળ જતાં તેને આકાશ વાણી થઇ કે તુ નકામો શામાટે જીવ ખુવે છે. જે ગ્રંથ સારો છે તે સારોજ કહેવાય જયદેવજીનો ગ્રંથ તારા ગ્રંથ કરતાં સરો છે. તેમ છતાં તુ. નીરાશ થઇશ નહીં તારા ગ્રંથના બારમાં સર્ગના બાર શ્લોક જયદેવજીના ગ્રંથના પાંચમાં સર્ગમાં જયદેવજી ખુશીથી મુકશે અને તેથી જયદેવજીનો ગ્રંથ વંચાશે ત્યાં ત્યાં તારૂં નામ પણ આવશે માટે તારે ડુબી મરવું નહીં અને ઘેર પાછો જા. તેથી તે પાછો ગયો. જયદેવજીએ પોતાના ગ્રંથમાં તે રાજાના શ્લોકને પ્રેમી લખાણ જાણીને પોતાના ગ્રંથમાં દાખલ કર્યા અને પોતાનો ગ્રંથ પ્રસિદ્ધ કર્યો તે પ્રસિદ્ધ થએલા ગ્રંથના પાંચ શ્લોક જે તે રાજાના શ્લોક બનાવેલા હતા તે ઘણા રસીક લાગવાથી એક માળીની છોકરીએ તેને મોઢે કરી લીધા અને બગીચામાં રોજ ફુલ વીણવા જતી ત્યાં હરતાં ફરતાં તે ગાતી તેનો સ્વર મધુર હતો તેથી ઠાકોરજીને તે ગીત સાંભળવા પ્રેમ ઉપજતો અને તેથી તે છોકરી ગાવા માંડતી ત્યારથી તે સાંભળવાને તેની પાછળ પાછળ ફરવાનુ શરૂ કરતાં, અને જ્યાં જ્યાં તે છોકરી ફરતી ત્યાં પાછળ પાછળ જઇ સાંભળતા. અને કોઇવાર કાંટા ઝાડામાં થઇને તેને ફરવું પડતું. તેથી ઠાકોરજીના વાઘા ફાટી જતા અને તે ફાટેલા વાઘાથી રોજ ઠાકોરજી મંદીરમા માલમ પડતા. તેથી રોજ નવા વાઘા બદલવા પડતા આ પ્રમાણે રોજની હકીકત જોઇને રાજાને આશ્ચર્ય થયુ તેથી પુજારીઓને પુછયું કે હું રોજ નવો પોશાક આપુંછું અને રોજ તેને કોણ ફાડી નાંખે છે માટે તમે તેની પાકી તપાસ કરો. પણ તમને તેનો કંઇ પત્તો મળ્યો નહીં તેથી તેમણે તે વાત ઠાકોરજીનેજ પુછી ત્યારે ઠાકોરજી બોલ્યા કે એક માલીની છોકરી ગીતગોવીંદમાંથી એક સર્ગ મોઢે કરી મધુર સ્વરથી ગાય છે અને તે ગાયન ઉપર હું મોહીત થઈ ગયોછું માટે તેની પછવાડે પછવાડે હું બાગમાં ફરૂંછું, અને ત્યાં કાંટામાં મારો વાઘો ભરાય છે તેથી રોજ ફાટે છે માટે જો તમારે તે આખાં રાખવાં હોય તો તે છોકરીને શોધી કાઢીને તેને પાલખીમાં બેસાડી મંદીરમાં આદર સહીત તેડી લાવો અને તેને મારી પાસેજ હમેશ રાખો અને તે મધુર સ્વરે ગીત ગોવીંદ રોજ અહીંઆંજ ગવડાવો તો હું અહીંનો અહીં રહીશ એટલે મારા વાઘા આખા રહેશે. તે ઉપરથી રાજાએ આખા શહેરમાં તપાસ કરાવી તે છોકરીને શોધી કઢાવી અને તેને પાલખીમાં બેસાડી મંદીરમાં લાવ્યા અને તેને ત્યાંજ રાખી અને તેની પાસે રોજ ગીત ગોવીંદ ગવડાવવા માંડયુ રાજાની બનાવેલી કવિતા આવી સિદ્ધ બનેલી જોઇ રાજાને ઘણો આનંદ થયો ગીત ગોવીંદ જે જે મધુર સ્વરથી ગાય તેની પછવાડે ઠાકોરજી ફર્યા કરે છે એવું આખા ગામમાં પ્રસિદ્ધ થયું તેથી દરેક માણસે તે મોઢે કરી લીધું. દેવતાના લોકમાં દેવ વધુઓએ પણ તે મોઢે કરી તેને સ્વર્ગ લોકમાં ગાવા માંડયું જગન્નાથપુરીમાં એક મોગલે તે વાત સાંભળી કે જે ગીત ગોવીંદગાય છે તેના પછવાડે પછવાડે ઠાકોરજી ફરે છે માટે મારે પણ તેનું પારખું લેવું. તે ઉપરથી તેણે ગીત ગોવિંદ મોઢે કરી લીધું. અને પછી ઘોડા ઉપર સ્વાર થયો અને પુછડા તરફ મોઢું કર્યું અને પછી તે ઘોડાને જંગલમાં દોડાવી મુકયો. તોપણ ઠાકોરજીનું રૂપ તેના મોં આગળનું મોં આગળ દેખાયા કર્યું, અને જરાપણ છેટું પડયું નહી. તેથી તે વિસ્મય પામ્યો અને તે ઉપરથી તેને ઠાકોરજી ઉપર શ્રધા થઇ. પોથીની વાત થઇ રહી અને હવે કવીરાજની વાત કહુંછું.

કવીરાજે. જે ગ્રંથ બનાવી પુરો કર્યો હતો તે તેમણે કોઇ રાજાને ત્યાં જઇને અર્પણ કર્યો; અને તે રાજાએ તેને જે દ્રવ્ય આપ્યું, તે લેઇને તે પોતાના રહેઠાણે પોતાની સ્ત્રીને આપવા ગયો ત્યાં રસ્તામાં તેને સાધુના વેશે ચાર ઠગ મળ્યા તેમને જોતાં કવીરાજે તેમને ઓળખી કાઢયા કે આ કોઈ ઠગ છે. કવીરાજે તેમને પુછ્યું કે તમે કયાં જાઓ છો ? ત્યારે તેમણે કહ્યું કે જ્યાં તમે જાઓછો ત્યાંજ. ત્યારે કવીરાજે કહ્યું કે, ઠીક આપણો સંગાત થયો. પછી કવીરાજે મનમાં વિચાર્યું કે મારી પાસે જે પૈસો છે તે લેવાને આ ચારે તકાસે છે અને તેથી તે મને મારી નાંખશે માટે એ દ્રવ્ય હું તેમને પહેલેથીજ આપી દેઉં તો ઠીક કે જેથી મારો જીવ બચે એમ વિચારીને પેલા ચોરોને કહ્યું કે મારી પાસે થોડોક ભાર છે તે તમે ઊંચકી લેશો ત્યારે ચોરોએ કહ્યું કે હા, ઘણી ખુશીથી. અને તે પ્રમાણે તેમને પોટલું આપ્યું. તેઓ સમજ્યા કે હવે આપણું કામ પુર્ણ થયું. એક ચોરે કહ્યું કે તેણે આમ કરવામાં અક્કલ વાપરી છે. આપણને પૈસો આપી, આપણે જ્યારે ગામમાં જઇશું ત્યારે તે આપણને સરકારમાં પકડાવી દેશે માટે આપણે તેને અહીંજ ઠેર મારી નાંખવો બીજા ચોરે કહ્યું કે આપણને તેના પૈસાથી કામ છે અને તે પૈસો આપણી પાસે આવી ગયો માટે આપણે તેને મારવો યોગ્ય નથી. ચોરોએ એ પ્રમાણે અંદર અંદર રકઝક કરીને છેવટે વચલો રસ્તો પકડયો તે એકે તેના હાથ પગ કાપી નાંખી તેને એક ઊંડા ખાડામાં નાંખી દીધો જેથી તેને જીવતો મુકયો પણ ગણાયું અને તેનો માલ પણ લીધો અને તેમને સરકારમાં પકડાવાની ધાસ્તી પણ રહી નહી અને તેમ કરીને ચોરો પોતાને ગામ જતા રહ્યા. પેલા કવીરાજ હાથ પગ વગરના તેજ ખાડામાં પડી રહ્યા અને મોઢેથી શ્રી રામનામની ધ્વની કર્યે ગયા એવામાં રાત પડી ત્યારે ત્યાં આગળથી એક રાજાની સ્વારી નીકળી ત્યાં રાજાએ તે ખાડામાં રામ નામની ધ્વની થતી સાંભલી તેથી તેણે પાલખીમાંથી નીચે ઉતરી કાન દેઈ સાંભળ્યું તો ખાડામાંથી અવાજ આવતો માલમ પડયો તેથી તેણે ખાડામાં જોયું તો ચંદ્રમાના જેવું તેજ દેખાયું. અને તેથી અંદર તપાસ કરાવી તો એક મહાત્મા જાપ કરતા જણાયા તેથી તેમને બહાર કઢાવ્યા. અને તેમને પુછયું કે તમારા હાથ પગ કયાં ગયા ? ત્યારે તેમણે કહ્યું કે મારે તો જન્મથીજ આવા છે અને ચોરીની વાત કંઇ જણાવી નહીં, રાજાએ કહ્યું કે મારાં મોટાં ભાગ્ય કે આવા તપેશ્વરી મહાત્મા મને સેજ મળી આવ્યા. બીજા મહાત્માઓતો મારે ઘેર પગે ચાલીને પણ આવી શકે. પણ તમે મારે ત્યાં શી રીતે આવી શકો માટે હવે મારે ત્યાં પધારો. અને ત્યાં હું તમારા હાથ પગની સારવાર કરીશ. અને ત્યાં હું રોજ તમારી સેવા કરીશ અને તમારી આજ્ઞામાં વર્તીશ એમ કહી તેમને પાલખામાં બેસાડી પોતાના રાજ્યમાં લેઇ ગયો અને ત્યાં તેમની સારી સેવા ચાકરી કરી હાથ પગ રૂઝવ્યા અને તેમને પોતાની ગાદી ઉપર બેસાડયા અને રાજા તેમના સેવક રૂપે રહ્યો અને તેમની આજ્ઞા પ્રમાણે રાજ કરવા લાગ્યો તે કવીરાજે તે રાજા પાસે એક સદાવ્રત ચાલતું કરાવ્યું અને સંત સાધુની સેવા ચાકરી સારી પેઠે કરાવવા માંડી અને રાજાને જાતે પણ તેમાં તત્પર રાખવા માંડયો. એકવાર દેશમાં મોટો દુકાલ પડયો ત્યારે પેલા હાથ પગ કાપનારા ચોરો પણ સાધુનો વેશ લેઇને ભટકતા ભટકતા તે રાજાને ત્યાં સદાવ્રત લેવાને આવ્યા. તે પેલા કવીરાજે છેટેથી આવતા ઓળખ્યા તેથી રાજાને કહ્યું કે પેલા સાધુઓ જે આવે છે તે મારા બંધુ છે માટે તમે તેની ખાસ સેવા બજાવજો, તમે તેમને મહેલમાં જુદો ઉતારો આપજો અને તેમની સારી પેઠે સેવા કરજો અને તેમની તહેનાતમાં બે નોકરો વધારે રાખજો અને તમે પ્રસન્ન કરજો. રાજાએ તે પ્રમાણે,તેમની સેવા ચાકરી

રાજ મહેલમાં રાખીને કરવા માંડી તે ચોરોએ મનમાં વિચાર્યું કે રાજાનો ગુરૂ થઇને જે બેઠો છે તેનાતો આપણે હાથપગ કાપી નાંખ્યા હતા અને તેણે આપણને ઓળખ્યા છે માટે હાલ તે આપણને ખવરાવી પીવરાવી તાજા કરાવે છે અને પછીથી તે આપણને ગરદન મરાવશે માટે જેમ બને તેમ જલદીથી વિદાયગીરી માગીને આપણે જીવ લઇને નાશી જવું. રાજાતો તેમની સારી સેવા કરવાની આકાંક્ષાને લીધે તથા ગુરૂની આજ્ઞા પાળવાને માટે તેમને જવા દેતો નહોતો તેથી ચોરોએ એકવાર અકળાઇને રાજાને કહ્યું કે અમને ગરદન મારવા હોય તો ગરદન મારો નહીંતો અમને જવાદો તે વાત રાજાએ ગુરૂને કહી સંભળાવી ત્યારે ગુરૂએ કહ્યું કે તમે તેમને ખુબ દ્રવ્ય આપીને તમારા માણસો પાસે ઊંચકાવીને તેમના ગામ સુધી તેમને પહોંચડાવી આપો. રાજાએ તેમને પુષ્કળ દ્રવ્ય આપી, પોતાના નોકરો પાસે ઉંચકાવી તેમને પોતાને ગામ વિદાય કર્યા. કેટલેક દુર ગયા પછી ચોરોએ દ્રવ્ય ઉંચકી લીધું અને નોકરોને પાછા ફેરવ્યા ત્યારે નોકરોએ તેમને પુછ્યું કે તમારે અને રાજાના ગુરૂને શું હતું કે તેમણે તમારી આટલી બધી સેવા કરાવી અને પૈસો અપાવ્યો ત્યારે ચોરોએ કહ્યું કે એક રાજાને ત્યાં તે અને અમે બધા એકઠા નોકર હતા અને ત્યાં તેણે એક ખુન કર્યું હતું તેથી તે નાશી ગયો હતો તે હાલ સાધુ બનીને બેઠો છે અને તેણે અમને ઓળખ્યા તેથી અમે તેની એબ ઉઘાડી પાડીએ નહી માટે તેણે અમારી સૌથી સારી સેવા કરાવીને અમને દ્રવ્ય અપાવ્યું એવું કહેતામાં જમીનમાં ચીરાડા પડી ગયા અને તે ચોરો માલ સહીત અંદર ગરક થઇ ગયા અને તે જમીન પાછી જોડાઇ ગઇ તે જોઇને રાજાના નોકરો ગુરૂ પાસે આવ્યા અને બધી હકીકત કહી સંભળાવી તે સાંભળી ગુરૂને તેમના ઉપર દયા આવી કે અરે ! તે બીચારાં જમીનમાં ગરક થઇ ગયા. એમ કહી પોતાના હાથ પગ જમીન સાથે શોકના આવેશમાં ઘસ્યા કે તેમને હાથ પગ નવા આવ્યા તે જોઇને નોકરોને વધારે આશ્ચર્ય થયું અને રાજા પાસે જઇ તે સર્વે હકીકત કહી સંભળાવી. તે સાંભળી રાજા ગુરૂ પાસે આવ્યો અને તે છુપા ભેદનો હેવાલ ગુરૂને પુછ્યો ત્યારે ગુરૂએ વિસ્તારીને બધી હકીકત કહી સંભળાવી. સાધુ સાધુ ભાવ મુકતા નથી અને દુષ્ટ દુષ્ટતા તજતા નથી.

ગુરૂની આવી વૃત્તી જોઇને તે વિસ્મય થયો પછી ગુરૂને તેમની સ્ત્રી વિષેની હકીકત પુછી ત્યારે તેમણે તે કહી બતાવી અને તેનું ઠેકાણું તથા પત્તો બતાવ્યો અને રાજાએ પોતાના માણસો સાથે એક પાલખી મોકલીને તેમને પોતાના મહેલમાં તેડાવી મંગાવ્યાં અને તેમને રાણીઓ સાથે રાખ્યાં અને એ પ્રમાણે કવીરાજને તેમની સ્ત્રી સાથે મેળાપ કરાવી આપ્યો. એક દીવસ બધી રાણીઓ બેઠી હતી ત્યાં પટરાણીને તેમના ભાઇ મરી ગયાનો કાગળ આવ્યો અને તેમાં લખ્યું હતું કે તે રાજા પછવાડે કેટલીક રાણીઓ સતી થઇ કેટલાંકે અંગ કાપી નાંખ્યા અને કેટલાંકે વાળ તોડી નાંખ્યા. અને કેટલીક તો એમને એમ બળી મુઇઓ. એ સાંભળીને કવીરાજની સ્ત્રી કે જે ત્યાં બેઠા હતાં તેમણે કહ્યુ કે તે બધી સ્ત્રીઓ સતી નહોતી પણ બળાત્કારે તેમને સતીઓ કરેલી લાગે છે. જે ખરી સતી હોય તેના તો પોતાના પ્રાણનાથના પ્રાણ ત્યાગ થાય કે તરત તેમનુ તાળવું પણ ફાટી જઇને તેમનો જીવ જતો રહે. અને તે પ્રમાણે આમાંની કોઇ સતીને થયેલું નથી. પણ તેમને તો કેફ કરાવીને બળાત્કારે સતીઓ કરેલી છે, ત્યારે તે પટરાણીને તે કવિરાજની સ્ત્રી ઉપર ઝેર આવ્યું, શું દુનિયા ઉપર આટલી બધી સતીઓ થાય છે તે ખોટી અને આ એકજ સતી ખરી છે. માટે હવે તેની પરિક્ષા લેવી જોઇએ તેથી તે વાતને બે ચાર દીવસ વીતવા દેઇને તે વીસારે પડવા દેઇને પછી

તેણે પોતાના પતિ રાજાને કહ્યું કે મારે કવીરાજની સ્ત્રીની પરીક્ષા લેવી છે કારણ કે મારા ભાઇ પછવાડે જે સતીઓ થઇ તેને તે સતીઓ ગણુતી નથી અને ખરી સતી તો તે એકજ છે એવું ખરી સતીપણાનું તે ડોળ ઘાલે છે. તેનો પતી મરી જાય એટલે તરત તેનું તાળવું ફાટી જાય અને જીવ જતો રહે એવું તે કહે છે માટે તે વાતની પરિક્ષા લેવા સારૂ તમે કવીરાજને બાગમાં ફરવા લઇ જાઓ અને ત્યાંથી તમે કાગળ લખીને મને મોકલજો કે કવીરાજને બાગમાંથી સાપ કરડયો તેથી તે મરી ગયા. તે સાંભળી, રાજાએ તેને તેમ કરવાની ઘણી ના પાડી સતીની હત્યા લેવામાં તેણે ઘણું પાપ માન્યું પણ તે રાણીએ ઘણી હઠ પકડી તેથી સ્ત્રી હઠના મોં આગળ તેનું કાંઇ ચાલ્યું નહીં અને છેવટે નાખુશીથી તેણે તે પ્રમાણે કરવાનું કબુલ કર્યું અને એક દીવસે કવીરાજને બગીચામાં ફરવા લેઇ ગયો અને પછી ત્યાંથી એક કાગળ લખીને રાણીને મોકલાવ્યો. તે કાગળ રાણીએ કવીરાજની સ્ત્રી આગળ વાંચ્યો અને પોતે કલ્પાંત કરવાનું ડોળ કર્યું અને પોતાના માથાના વાળ ખેંચવા લાગી, કવીરાજ બહુ સારા હતા તેમ કહી શોક કરવા માંડયો અને જમીન ઉપર આલોટી પડી પણ કવીરાજની સ્ત્રીએ પોતાના સતીપણાના પ્રભાવને લેઇને તે વાત જાણી લીધી અને પટરાણીને કહ્યુ કે તમે શા માટે આટલું બધુ કલ્પાંત કરોછો કવીરાજ તો હજી જીવતા છે તે કંઇ મુવા નથી. અને તે આપણાથી કંઇ છેટા નથી પણ ગામ પાસે બગીચામાં છે માટે તમે શોક તજીદો તે સાંભળીને રાણી ઘણી લજ્જા પામી ગઇ અને પોતાની વાત ઉઘાડી થએલી સમજી તેથી તેમનીક્ષમા માગી. પછી કેટલીક મુદત વીતવા દેઇને ફરીને રાણીએ તેની પરિક્ષા લેવાનુ મન કર્યું અને રાજાને ફરીને આગ્રહ કરીને કહ્યુ કે તમે તે પ્રમાણે કવીરાજને ફરવાલેઇ જાઓ અને તેમના મરી ગયાની વાત ફરીને અમને કહેવડાવો રાજાએ ફરીને ઘણું ઘણું સમજાવી ના કહી પણ રાણીએ પોતાની હઠ મુકી નહીં છેવટે રાજાએ તે પ્રમાણે કર્યું અને કવીરાજની સ્ત્રી પાસે તે પ્રમાણે ફરી તેના પતી મરી ગયાની ખબર વાંચી તેણે વિચાર કર્યો કે મારી દેહતો નાશવંત છે. રાણીને આ પ્રમાણે ચમત્કાર જોવાનું મન છે અને તે તે નહીં જુવે ત્યાં સુધી મારો પીછો છોડવાની નથી. માટે બહેતર છે કે મારો પ્રાણ ત્યાગ કરવો. એમ નક્કી કરીને પોતાના પ્રાણને ઊંચે બ્રહ્મ રંધ્રમાં ચઢાવીને પ્રાણ ત્યાગ કર્યો તે જોઈ બધે ઠેકાણે હાહાકાર વર્તાઇ ગયો અને તેની ખબર રાજાને કહેવડાવી એટલે રાજા દોડતો ત્યાં આવ્યો અને પોતાના ગુરૂની સ્ત્રીને મરેલી જોઇ. તેની હત્યા પોતે કરી એમ તેણે માન્યું. સ્ત્રીને વશ થયો તેથી તેને કંઇ પણ સારૂં નરતું સુઝયું નહીં અને એક સતીની હત્યા કરી અને આજ દીન સુધી જે ભક્તી કરી તેની કંઇ પણ અસર તેને લાગી નહીં, માટે તે લજ્જાયમાન થઇ ગયો અને તેણે ઘણો પશ્ચાતાપ કર્યો અને છેવટે કવીરાજની સ્ત્રી સાથે પોતે બળી મરવા સારૂ ચીતા તૈયાર કરાવી. ગુરૂ મહારાજને તે વાતની ખબર પડી તેથી ગુરૂ મહારાજ ત્યાં જાતે આવ્યા અને રાજાને બળી મરતા રોકયો અને તેને ઘણું સમજાવ્યો અને કહ્યુ કે તેનો નીમત આવી રહ્યો હતો માટે તે મરી ગઇ તેમાં તમે કાંઇ કર્યું નથી રાજા લજ્જાયમાન થયો અને પોતાની કરેલી ભક્તિ ઉપર ધુળ ફેળવી તેથી તે મરવાનો આગ્રહ હજી છોડતો નહોતો ગુરૂએ જોયું કે કાંઇ પડચો જોયા વગરે તેનું મન શાંત થસે નહી એમ જાણી પોતે મધુર સ્વરથી "ગીત ગોવીંદનો" ગ્રંથ ગાવા માંડયો અને ગાતાં ગાતાં સ્વર લંબાવાની જરૂર પડી રોજતો તેમની સ્ત્રી તેમને સ્વર પુરાવાને સાથે ગાતાં પણ હાલ તે મરી ગયેલી તેથા એકલા ગાવા માંડયું પણ લાંબો સ્વર ખેંચીને ગાઇ શકયા નહીં ત્યારે તેમણે તે મુડદાને કહ્યું કે તમે હજી કેમ સુતા

રહ્યાં તો મારાથી એકલા રાગ ખેંચાતો નથી. માટે મને સુર પુરાવો. આટલું બોલતામાં કવીરાજની સ્ત્રી બેઠાં થયાં. અને તેમની સાથે ગાવા લાગ્યાં. તેથી બધા લોકો આશ્ચર્ય પામી ચકીત થઇ ગયા રાજા હજી પણ લાજનો માર્યો આપઘાત કરવા લાગ્યો, ભક્તીનો લેશ પણ મેં જાણ્યો નહી. ને આજ દીન સુધી વૃથાશ્રમ કર્યો. માટે મારે શું મોં બતાવવું. કવીરાજે તેને ઘણી રીતે સમજાવ્યો અને મરવા દીધો નહીં પછી કવીરાજ રાજાની મરજી લેઇને પોતાને વતન કિંદુબલ ગામ આવ્યા. તે ગામ ગંગાજીથી અઢાર ગાઉ દુર હતું. તેમણે એવો નિત્ય નિયમ લીધો હતો. કે રોજ ગંગાજીનું સ્નાન કરી આવવું અને તે પ્રમાણે તે રોજ છત્રીસ ગાઉની મજલ કરતા, ઘણાં એક વરસ સુધી તેમણે એ પ્રમાણે કર્યું પણ પછી અવસ્થા થવાથી તેમને ઘરડપણ આવ્યું અને રોજ મજલ કરવાથી ઘણા થાકી જતા તેથી ગંગાજીએ એક દીવસ તેમને મુર્તીમાન થઇને કહ્યુ કે તમારૂં સ્નાન મેં માની લીધેલું છે અને હવે તમે વૃદ્ધ થયા માટે આવી મજલ કરી અહીં આવવાનું છોડી દો. કવીરાજે તે વાત માની નહી. અને પોતાના ટેકને વળગી રહ્યા ત્યારે ગંગાજીએ તેમને કહ્યું કે હું પોતે તમારા ગામના તલાવમાં રોજ આવીશ અને તમે ત્યાં સ્નાન કરજો અને તમે અહી આવવાનું છોડીદયો તમારે અહીં આવી સ્નાન કરવું તે સ્નાન તમે તમારા ગામમાંજ કરજો ત્યારે કવીરાજે કહ્યું કે તમે તલાવમાં આવશો તેની મને શી ખાત્રી પડે ? ત્યારે ગંગાજીએ કહયું કે તે તળાવમાં તમે રોજ સવારમાં સ્નાન કરવા જશો એટલે ત્યાં પાંચ રંગના પાચ કમલ ઉગીને તમને દેખાશે એટલે તમે ત્યાંજ સ્નાન કરજો અને નઇ સ્નાન કરી બાહાર નીકળશો એટલે તે કમળ અદ્રસ્ય થશે અને તે પ્રમાણે થાય એટલે હું ત્યાં આવીછું એમ સમજજો એ પ્રમાણે તેમના ટેકને લીધે ગંગાજી પ્રસન્ન થઇ તેમને ગામ પ્રતીત થવા લાગ્યાં અને તેમણે પણ ત્યાંજ સ્નાન કરવા માંડયું.

मुल छप्पय छंद. ॥

श्रीधर श्री भागवतमे परम धर्म निर्नै कियो ॥
तीनिकांड एकत्व सानी कोउ अज्ञ वखानत ॥
कर्म विज्ञानी ऐंचि अर्थको अनर्थ ठानत ॥
परम हंस संहिता विदित टीका विस्तार्यो ॥
षट शास्त्र अविरुद्ध वेद संमतहि विचार्यो ॥
परमानंद प्रसादतें माधौ स्वकर सुधारी दियो ॥
श्रीधर श्री भागवतमें परम धर्म निर्नै कियो ॥

શ્રીધરજીનો પ્રસંગ.

શ્રીધર કરીને એક મોટા ભક્તરાજ પંડીત થઇ ગયા તેમણે ભાગવતની અપુર્વ ટીકા કરી તે પુસ્તક લેઇને તે એકવાર કાશીપુરીમાં ગયા અને ત્યાં પંડીતોની એક સભા કરીને તેમણે તેને કહ્યું કે આ મારા ગ્રંથને તમે પ્રમાણ ભુત કરી પ્રસિદ્ધ કરો ત્યારે પંડીતોએ તેમને કહ્યું કે અમારા ગ્રંથ તમારા ગ્રંથ કરતાં વધારે સારા ને માટે તમારા ગ્રંથને અમે પ્રમાણ કરી શકતા નથી તે ઉપરથી તે બન્ને પક્ષો વચ્ચે તકરાર થઇ અને તે તકરારનો ચુકાદો બંન્ને પક્ષે ઠાકોરજીને શોપ્યો. બિંદુમાધુના મંદીરમાં ઠાકોરજી પાસે તે બને પક્ષવાળા

પોતાના ગ્રંથ લેઇને ગયા અને ત્યાં શ્રીધરનું પુસ્તક છેક નીચે મુકયું. અને બીજાં બધાં પુસ્તકોને તેના ઉપર મુકયાં અને પછી ઠાકોરજીની પ્રાર્થના કરી કે આ બધા ગ્રંથમાં જે સૌથી ઉતમ ગ્રંથ હોય તેને આપ સૌથી ઉપર મુકજો એમ કહી બધા બહાર નીકળ્યા અને ઠાકોરજીના દ્વાર બંધ કરી દીધાં થોડીક વાર પછી તેમણે બારણા પાછા ઉઘાડીને જોયું તો શ્રીધરજીનો ગ્રંથ સૌથી ઉપર મુકેલો જોયો તે ઉપરથી બધા પંડીતોએ શ્રીધરજીના ગ્રંથને સર્વોપરી માન્યો.

मुल छप्पय छंद. ॥

कृष्ण कृपाको परम प्रगट बिल्व मंगल मंगल स्वरुप ॥
करुनामृत कबित उक्ति अनुचिष्ट उचारी ॥
रसिक जननि जीवनि हृदै हारावलिधारी ॥
हरि पकरायो हाथ बहुरि तहां लीयो छूटाझ ॥
कहा भयोकर छूटे वंदो जो हिये तें जाइ ॥
चिंतामनि संग पाइ कें ब्रज वधू केलि वरनी अनूप ॥
कृष्ण कृपाको पर। प्रगट बिल्व मंगल मंगल स्वरुप ॥

બિલ્વ મંગળજીનો પ્રસંગ.

કૃષ્ણવીણા નદીને કીનારે એક બુદ્ધિમાન બ્રાહ્મણ રહેતો હતો. અને તે નદીને બીજે કીનારે ચીંતામણી નામની ગુણકા રહેતી હતી તે બ્રાહ્મણનું મન ગુણકા ઉપર ચોટયું. તેથી રોજ તે ગુણકાને ઘેર જતો અને લોકોમાં તેની નીંદા થતી પણ તેને તે કંઇ મન ઉપર લેતો નહીં. પોતાની બધી ધનદોલત તેણે તે ગુણકાને ખવરાવી દીધી હમેશ તેને તે ગુણકાનુંજ ચીંતવન રહેતું હતું એક દીવસ તેને ઘેર તેના બાપનું શ્રાદ્ધ આવ્યું તેથી તે સગાં સ્નેહીઓને જમાડવામાં રહ્યો તેથી તે ગુણકાને ત્યાં જઇ શકયો નહી પણ ગુણકા વગર તેનાથી રહેવાયું નહીં તેથી છેવટે મોડી રાતે તે ગુણકાને ત્યાં જવા નિકળ્યો પણ વચમાં નદી હતી ત્યાં ઘણું પુર આવ્યું હતું. છતાં તેણે પોતાના પ્રાણની પણ દરકાર કરી નહીં અને તેણે નદીમાં પડતું મુકયું પણ તેને તરતાં આવડતું નહોતું તેથી તે ડુબવા લાગ્યો તેવામાં એક મુડદું તણાતું તેને હાથ લાગ્યું, ગુણકાએ મારે માટે નાવ મોકલ્યું છે. એમ સમજીને તે તેના ઉપર ચઢી બેઠો અને પાણીએ તેને અથડાતો કુટાતો મડદા સાથે પેલે પાર કાઢી નાખ્યો. ત્યાંથી તે ઉતરીને ગુણકાને ઘેર ગયો તો ત્યાં ગુણકાનાં બારણા બંધ દીઠાં પણ ત્યાં એક દોરડું લટકતું જોયું તેથી તેણે જાણ્યું કે આ દોરડું તેણે મારે માટે બાંધેલું લાગે છે માટે તેનો મારા ઉપર પુર્ણ ભાવ સમજાય છે હું જ્યારે તણાતો હતો ત્યારે તેણે મને નાવ મોકલ્યું અને પોતે જ્યારે સુઇ ગઇ ત્યારે મારે માટે આ દોરડું બાંધી રાખ્યું. પછી એ દોરડે ચઢીને તે એની અગાશીમાં ઉતર્યો. અને ત્યાંથી ભુસકો મારી તેના ચોકમાં પડયો ત્યાં એક ખાળકુંડી હતી તેમાં પડયો તેથી તેમાં ધબાકો થયો. અને ખાળકુંડીના પાણીથી તેનાં લુગડાં બગડયાં. તે ધબાકો સાંભળી ગુણકા જાગી ઉઠી અને દીવો કરીને જોયું તો પેલા બિલ્વમંગળ બ્રાહ્મણને જોયો ત્યારે તેણે કહ્યુ કે તારૂ નામ મંગળ છે પણ તે ઘણું અમંગળ કામ કર્યું. તારે આટલી મોડી રાતે કામાંધ થઇને તથા હરકતો વેઠીને મારે

ત્યાં આવવાની શી જરૂર હતી. નદીએ પુર આવેલુ છે તેમાં વખતે તું તણાઇ ગયો હોતતો તારો વાણુ પણુ જતો રહેત. પછી તેને નહવડાવીને તથા બીજાં કોરાં લુગડાં પહેરાવીને તેને બધી હકીકત પુછી કે તું અહીં કેવી રીતે આવ્યો ત્યારે તેણે કહ્યુ કે જો કે નદીએ પુર આવ્યું હતું તોપણ તેં હેત કરીને મારે માટે એક નાવ મોકલ્યું હતું તેથી હું તે ઉપર બેશી નદી પાર આવ્યો અને અહીં આવતાં બારણાં અગાડી એક દોરડું બાંધેલું દીઠું, તે ઉપર ચઢીને હું અગાશીમાં ઉતર્યો અને ચોકમાં કુદી પડયો માટે તારો ભાવ મારા ઉપર ઘણોજ હોય એમ લાગે છે ગુણુકાએ કહ્યું કે નાવ શું? દોરડું શું? મેંતો કાંઇ પણુ મોકલ્યું નથી તેં આ પ્રમાણે તારી જીંદગીને જોખમમાં નાંખી તે ઘણું ખોટું કામ કર્યું તેં જેવું મારામાં ચિત્ત રાખ્યું તેવું જો પરમેશ્વરમાં ચીત રાખ્યું હોત તો તારૂં કલ્યાણ થયું હોત મારા હાડકામાં ચામડામાં અને વિષ્ટાના કોથળા રૂપ આ મારા શરીરમાં તે આસક્તિ રાખી તેથી તારૂં શું સુધરયું સહવાર થશે કે તરત હુતો ઘરસંસાર છોડી દઇને પરમેશ્વરનું એકાંત ભજન કરવા વનમાં નીકળી પડીશ પછી તારી વાત તું જાણે આજથી મારે તારૂં કાંઇ કામ નથી માટે હવે તું મારી પાસે આવીશ નહીં. તારે જો મારી માફક ત્યાગ કરવો હોયતો ભલે કરજે નહીતો જેવી તારી મરજી પણુ હુતો સવારે જરૂર ઘર ત્યાગ કરીશ એમ કહી પછી તેને પેલું નાવ તથા દોરડું બતાવવા કહ્યુ અને દીવો લઇને તેણે દોરડાને જોયું તો તે દોરડું નહોતુ પણુ માટો વિષધર નાગ હતો અને નાવને ઠેકાણે એક સડેલું મુડદું જોયું. તે જોઇને બંનેજણુને અત્યંત વૈરાગ ઉત્પન્ન થયો. ગુણુકાએ કહ્યા પ્રમાણે સંસારનો ત્યાગ કર્યો અને તેજ પ્રમાણે તે બ્રાહ્મણે પણુ ત્યાગ કર્યો અને ત્યાંથીજ વનમાં ચાલી નીકળ્યો હાથમાં વીણા લેઇને તે વગાડતો વગાડતો હરીનાં ગુણુ ગાતો ગાતો ચાલ્યો અને તે એક અગોચર જગ્યોમાં સોમગીરી નામના મહાત્મા જ્યાં રહેતા હતા ત્યાંજ જઇ ચઢયો તેમના આશ્રયમાં જઇને તેણે તેમની ઘણી સેવા કરી તેથી તે પ્રસન્ન થયા એટલે તેણે તેમની પાસેથી ગુરૂમંત્ર લીધો અને તેણે તેમને પોતાના ગુરૂ તરીકે માન્યા અને ત્યાં તેમની પાસે એક વરસ સુધી રહ્યો અને ત્યાં રોજ નવા નવા શ્લોકો શીખતો અને તેથી તેને રોજ નવો નવો ભક્તીનો રંગ ચઢતો. એકવાર તેને વંદ્રાવન જવાનું તથા ત્યાં ઠાકોરજીના દર્શણુ કરવાનું મન થયું તેથી ગુરૂની આજ્ઞા માંગી ને તે ત્યાંથી વંદ્રાવન જવાનું તથા ત્યાં ઠાકોરજીના દર્શણુ કરવાનું મન રૂદ્રું. તેથી ગુરૂની આજ્ઞા માગીને તે ત્યાંથી વંદ્રાવન જવા નીકળયો. રસ્તામાં જતાં એક તળાવ આવ્યું ત્યાં એક સ્ત્રીને તેણે નહાતી જોઇ તેથી તેને ગુણુકાનો સહવાસ સાંભરી આવ્યો અને તેથી તેને કામ વિષય પ્રગટયો તેથી તે ત્યાંને ત્યાંજઉભો રહ્યો અને તે સ્ત્રી તરફ એકી નજરે જોય, કર્યે. તે સ્ત્રી નાહી રહીને પોતાને ઘેર ગઇ ત્યારે તે તેની પછાડેપછવાડે તેને ઘેર ગયો અને સ્ત્રી જ્યારે ઘરમાં પેઠી ત્યારે તે બહારે ઉભો થઇ રહ્યા થોડીવાર પછી તે સ્ત્રીનો ધણી આવ્યો અને તેને ઘર આગળ ઉભેલો જોયો તેથી તેણે તેને ઘરની અંદર આવવાનું કહ્યું અને ઘણી નમ્રતાથી તેની સ્તુતી કરીને પોતાના મેડા ઉપર લઇ ગયો અને પછી તેને ત્યાં બેસાડીને તે ઘરમાં પોતાની સ્ત્રી પાસે ગયો અને તેને પુછયું કે આ માહાત્મા આપણા ઘર આગળ ઉભા થઉ રહેલા હતા તે કોણુ છે? ત્યારે તેમની સ્ત્રીએ કહ્યુ કે હું તેમને ઓળખતીં નથી. પણુ હું તળાવમાં નહાતી હતી અને તે રસ્તે થઇને જતા હતા. તે મને જોઇને ત્યાંજ ઉભા રહ્યા, અને હું સ્નાન કરી જ્યારે ઘેર આવી ત્યારે તે પાછળ પાછળ આવ્યા અને હું ઘરમાં પેઠી અને તે બહાર ઉભા રહ્યા. મેં તેમને પુછયું નથી કે તમે કોણુ છો અને કેમ ઉભા છો? તેમ તેમણે પણુ મને કાંઇ પુછયું નથી. આટલી વાત સાંભળી તે સ્ત્રી

નો પતી સૂઝ્યો કે તેને કામ ઉત્પન્ન થયો લાગે છે. તે એક ભક્તરાજ હતો અને સાધુ સેવામાં ઘણો તત્પર રહેતો હતો અને આ સાધુને કામ વૃતિ થયેલી , જોઇને તે કામના પુર્ણ કરવા માટે તેણે પોતાની સ્ત્રીને આગ્ના કરી કે તમે રસોઇ કરીને તે સાધુ પાસે મેડે લઈ જાઓ. અને તેમને તૃપ્ત કરીને જમાડો. અને તેમની ઇચ્છા પ્રમાણે તમે તેમની સેવા કરો. અને તે જે કહે તે પ્રમાણે તમે કરજો અને તેમને પ્રસન્ન કરજો જેથી પરમેશ્વર આપણા ઉપર પ્રસન્ન થાય મારી ખાસ આગ્ના છે કે તમે કોઇપણ વાતે સંકોચ પામ્યા વગર તેમને પ્રસન્ન કરજો એમ કહી તેનો પતી પોતાની દુકાને ગયો. અને સ્ત્રીએ ત્યાં રસોઇ તૈયાર કરી અને શણગાર સજીને ભીક્ષા લેઇને તે સાધુ પાસે મેડેગઇ અને ત્યાં બંને હાથ જોડી તેમની વીનંતી કરીને ઉભી રહી અને કહ્યું કે હે મહારાજ આ રસોઇ તમે જમો અને આ દાસીને સેવા માટે આગ્ના કરો, તમે જે કહેશો તો કરવાને માટે હું તૈયારછું અને મારા પતીએ મને ખાસ તેવીજ આગ્ના કરી છે, માટે કોઇ પણ વાતે આપ મનમાં સંકોચાયા વગર જેવી તમારી ખુશી હોય તે પ્રમાણે તમે કરો. અને તમારી મન કામના પુર્ણ કરો. તે સાંભળી તે સાધુએ કહ્યું કે ઠીક મારે પહેલ વહેલાં, બે સોયા જોઇએ છે. તે લાવી આપો તે સ્ત્રીએ જલદીથી તે લાવી આપ્યા એટલે તે સાધુએ પોતાની બંનો આંખોમાં તે ઘોંચી દીધા અને આંખો ફોડી નાંખી અનેકહ્યું કે આંખોનો વાંક માટે પહેલી એને ઘટતી શિક્ષા કરવી જેથી ફરીને તે મને સતાવે નહીં. આ હકીકત જોઇને પેલી સ્ત્રી દોડતી પોતાના ધણી પાસે ગઇ અને તેને બધી હકીકત કહી સંભળાવી. તેનો ધણી તે સાંભળી તે સાધુ પાસે આવ્યો. અને કહ્યું કે હે મહારાજ તમને સાધુને અમે ઘણા દુ:ખવ્યા. અમે તમારો મોટો અપરાધ કર્યો છે. તે સાધુએ કહ્યું કે હે ભાઇ અમેતો નામના સાધુ છીએ અને ખરા સાધુતો તમે છો આમાં તમારો કંઇ વાંક નથી પણ જેનો વાંક હતો તેને મેં યોગ્ય ઓસડ આપ્યું તેમાં તમારે ખોટું લગાડવું નહીં એમ કહી તે સાધુએ ત્યાંથી ચાલવા માંડયું ત્યારે તેણે કહ્યું કે તમે અહીં રહો. અમે તમારી સેવાચાકરી કરીશું ત્યારે તેમણે કહ્યું કે તમે જે સેવા કરી છે અને મને જે ઉંધા રસ્તેથી સીધા રસ્તે ચઢાવ્યો તેથી હું પ્રસંન થયોછું અને તમે મારૂં મન હરી લીધું છે. મને દ્રષ્ટિરૂપી જે ભુત વળગ્યું હતું તેનાથી તમે મને આજે મુક્ત કર્યો તેથી હું આપનો ઘણો આભારી થયોછું હવે હું અહીંથી જાઉંછું અને તમે સાધુઓની સેવામાં જેમ તત્પર રહોછો તેમજ રહેજો. એમ કહી તે ત્યાંથી ચાલી નીકળ્યો પછી રસ્તામાં તેણે પોતાના મનને કહેવા માંડયું કે તારી ચર્મચક્ષુ હવે જતી રહી અને હવે હૃદય ચક્ષુ તમે મને રસ્તો બતાવજો જે આંખ્યો મને હમેશ રસ્તો બતાવતી હતી તે ગઇ તેથી હવે મને રસ્તો સુજતો નથી. તે અંધ બન્યો તેથી વાડોમાં ખાડાઓમાં અને કાંટાઓમાં પડતો પડતો અડબડીઆં ખાતો ખાતો વગડામાં ચાલતો ભુખ્યો થએલો અને થાકી ગએલો એક ઠેકાણે બેસી ગયો. શ્રી હરીને તેની ચીંતા થઇ કે આ બીચારો મારાં દર્શણ કરવા આવતો હતો અને રસ્તામાં તેને વિઘ્ન નડયું અને તેથી તેણે આંખો ફોડી નાંખી અને આટલું આટલું દુ:ખ મારે માટે સહન કરે છે, માટે હું તેને દોરીને વંદ્રાવન પોહોચાડું એમ વિચારી મનુષ્ય રૂપ લેઇને પેલા અંધ પાસે આવ્યા અને તેને કહ્યું કે તું અહીં કેમ બેઠો છે? જોતું દ્રષ્ટિહીન હોય અને તને રસ્તો સુઝતો ન હોય તો ચાલ હું તને દોરી લઉં એમ કહી તે અંધને પોતાનો હાથ પકડાવ્યો અને તેને છાંયડે છાંયડે થઇને ચલાવીને જલદીથી ઠેઠ વંદ્રાવન સુધી પહોંચાડી દીધો. પછી એક ઝાડ તળે તેને ઊભો રાખીને તેને કહ્યું કે આ વંદ્રાવન આવ્યું હવે તુ મને છોડીદે ત્યારે તેણે કહ્યું કે હવે હું તમને કેમ છોડું ? મેં તમને ઓળખી લીધા. મને છાંયડે છાંયડે દોરી લાવનાર તમારા વગર બીજું કોણ હોય? તમે મને આવું સુખ આપ્યું માટે હું તમને કેમ જવા દેઊં ?

શ્રી હરીએ જાણ્યું કે આતો ઉલટી વેઠ વલગશે. માટે જોર કરીને તેમણે પોતાનો હાથ છોડાવી દીધો અને દુર જઇ ઉભા ત્યારે તે સુરદાસ બોલ્યો કે તમે જોર કરીને મારો હાથ છોડાવી દુર ગયા પણ તમે મારા હૃદયમાંથી દુર જાઓતો હું તમને સાબાશ કહું? તે સાંભળી ભગવાન પ્રસન્ન થયા અને તેમને હૃદયમાં ચતુરભુજ મુર્તીના દર્શન કરાવ્યાં અને પછી પોતે અંતર ધ્યાન થઇ ગયા. તે સુરદાસ વીણા વગાડતા અને હરી ગુણ ગાતા ત્યાંજ બેઠા. વૃંદાવનના ઠાકોરજી શ્રી વિહારીલાલનાં દર્શન કરવાને તેને ઘણી ઊત્કંઠા થઇ હતી પણ તે અંધ તેથી મંદીર સુધી વગર દોર્યો જવાને તથા દ્રષ્ટિહીન તેથી દર્શણ કરવાને અશક્ત હતો તેથી ઠાકોરજી ત્યાં આગળ આવ્યા અને મધુરી મોરલી વગાડી જેથી તે સુરદાસનું ત્યાં આવવું સફળ થયુ. ઠાકોરજીએ જાણ્યું કે તે દ્રષ્ટિ હીન છે માટે મારૂં દર્શન પુર્ણ રીતે કરી શકશે નહી. તેથી તેના આંખો જેવી હતી તેવી કરી દીધી એટલે તેણે તે દીવ્યરૂપના પરીપુર્ણ દીલ નિહાળી નિહાળીને દર્શણ કર્યાં પછી ઠાકોરજી અંતર ધ્યાન થઇ ગયા અને સુરદાસ ગામમાં ગયા અને ઠાકોરજીના મંદીરમાં જઇને રહ્યા. ત્યાં તે આપજોડીઆ રોજ નવાં નવાં પદ બનાવી ઠાકોરજીના. આગળ ગાતાં અને એમ કરતાં કરતાં પથી તેમણે મોટા ગ્રંથ કરવા માંડયા. તેમાંનુ એકાદ પદ પેલી ગુણકાએ કોઇ પાસેથી એકવાર સાંભળ્યું. તેથી તેને તેમને જોવાને માટે ઘણી આતુરતા થઇ તેથી તે તેમની ગામે ગામ તપાસ કરતી કરતી વંદ્રાવન આવી, અને ત્યાં પોતાનો આગલો નાતો સંભારીને તેમની પાસે મળવા ગઇ તેને જોઇ તે સાધુએ તેને પોતાની ગુરૂ તરીકે માની અને આ બધું જે ફળ મળ્યું તે તે ગુણકાનો પ્રતાપ જાણ્યો. અને તેથી તેનો ઉપકાર માન્યો અને તેને આદર સત્કારથી પોતાની પાસે બેસાડી તે સાધુને રોજ અંતરાક્ષથી ઠાકોરજી દુધ અને ભાત એક વાસરણમાં ભરીને ખાવા સારૂ મોકલતા. તે ખાવાનું રોજની માફક જ્યારે ત્યાં આવ્યું ત્યારે તેમાંથી તેમણે ગુણકાને અડધું ભોજન આપવા માંડયું. ત્યારે ગુણકાએ તે લીધું નહી. અને કહ્યું કે શું ઠાકોરજી તમારા એકલાના છે? અને મારા નથી કે તે તમને ભોજન આપશે અને મને નહીં આપે? આ તમને મોકલ્યું તે તમે ખાઓ અને મને મોકલસે તો તે હું ખાઇશ અને નહીં મોકલેતો ભુખી રહીશ પણ તમારૂં ભોજન મારે કામનું નથી એમ કહીને તે તેણે લીધું નહીં તેથી તે બિલ્વમંગળ સાધુએ પણ ખાધું નહીં. અને બંન્ને જણ ભુખ્યાં રહ્યા તે જોઇ ઠાકોરજીએ બીજું વાસણ દુધ ભાતનું અંતરીક્ષથી મોકલ્યું ત્યારે બંને જણાએ ખાધું અને બંને જણ આનંદ પામ્યાં.

मूल छपय छंद.

काळि जीव जंजाली कारने घिष्णुपुरी बाडि निधि सची ॥
भागवत धर्म उतंग आनधर्म आनन देखा ॥
पीतलपट तर विगत निकष ज्यौं कुंदन रेषा ॥
कृष्ण कृपा कही बेल फलित सतसंग दिखायो ॥
कोटि ग्रंथको अथ तेरह विरचन में गायो ॥
महा समुद्र भागवततें भक्ति रतन राजी रची ॥
काळि जीव जंजालि कारने विष्णु पुरी बाडि धिधिसची ॥

વિષ્નુપુરીનો પ્રસંગ.

આગળ શ્રી કૃષ્ણ અને બળદેવજીના જે અવતાર થયા તેજ બીજા અવતારમાં મહા પ્રભુ કૃષ્ણ ચૈતન્ય રૂપે થયા તેમના મહા પ્રભુ જે ભક્ત લોકોમાં સર્વોપરી રાજા જેવા હતા તો તે ભક્તોની સભા કરીને એક વખતે જગન્નાથપુરીમાં બેઠા હતા, તે તેખતે વિસ્નુપુરી નામના સાધુ બોલ્યા કે કાશી પુરી એજ મોક્ષનું ધામ છે. બીજે ઠેકાણે મોક્ષ નથી તે વાત મહાપ્રભુએ મનમાં રાખી અને કાશીમાં એક પોતાનો ચેલો રહેતો હતો તેને એકવાર કાગળ લખી મોકલ્યો અને ત્યાંથી એક મણીગણ માળા મંગાવી. તેમનો ચેલો સમજી ગયો કે મારા ગુરૂ કંઇ જડ માળા મંગાવે તેવા નથી. પણ મારી પરિક્ષા લેવા માટે મને આમ લખે છે એમ સમજી તેમણે ભાગવત લખીને તેની સુંદર ટીકા બનાવીને મોકલી જેની અંદર મુકતીને કંઇ પણ હીસાબમાં ગણી નહી અને ભક્તીને સર્વેથી વીશેશ માનીને ભક્તીનું પ્રતીપાદન કર્યું અને મુક્તી કરતાં ભક્તી સર્વોપરી સિદ્ધ કરી આપ્યું અને તે ગ્રંથ તેણે માળાને બદલે પોતાના ગુરૂને મોકલી આપ્યો. ગુરૂ તે વાંચીને ઘણા પ્રસન્ન થયા અને શિષ્યની બુદ્ધિનાં વખાણ કર્યા અને વિસ્નુપુરીને તે પુસ્તક બતાવ્યું. વિસ્નુ પુરી જે પહેલાં કાશીપુરીને મુક્તિ રૂપ ગણતા હતા તે પછીથી ભક્તિથી પણ વિશેષ ગણવા લાગ્યા.

मुल छप्पय छंद. ॥

विष्णु स्वामी संप्रदाइ द्रढ ज्ञानदेव गंभीरमति ॥
नाम तिलोचन शिष्य सुरशशि सद्रश उजागर ॥
गिरा गंग उन हारी काव्य रचना प्रेमाकर ॥
आचारज हरिदास अतुल बल आनंद दाइन ॥
तिहि मारग वल्लभ विदितप्रभु पद्धति पराइन ॥
नवधा प्रधान सेवा सुद्रढ मन वच क्रमहरि चरन रति ॥
विष्णु स्वामी संप्रदाइ द्रढ ज्ञानदेव गंभीरमति ॥

જ્ઞાનદેવનો પ્રસંગ.

વિષ્નુ સ્વામી સંપ્રદાયના ગંભીર મતવાળાં. જે જ્ઞાનદેવ થઇ ગયા તેમના બાપે પોતે ઘરબાર ત્યાગ કરીને તથા પોતાની સ્ત્રીનો ત્યાગ કરીને કોઇ પરગામ જઇને એક મહાત્મા સન્યાસી પાસે સન્યાસ ગ્રહણ કર્યું તે સન્યાસીએ તેમને સ્ત્રી છે કે નહી? તે વાત પુછી ત્યારે તેમણે કહ્યું કે મારે સ્ત્રી નથી. અને તે ઉપરથી તેમણે સંન્યાસ આપ્યો તે વાત તેમની સ્ત્રીએ સાંભળી તેથી તે તે સંન્યાસી પાસે ગયાં અને તેમને કહ્યું કે મારા પતીને તેમની સ્ત્રી હું હયાત છતાં તમે કેમ સંન્યાસ આપ્યો, અને તે કયા શાસ્ત્રને આધારે છે તેનો કંઇ આધાર મને બતાવો નહીં તો તમે તેનો હાથ પકડીને મને પાછો સોંપો. ત્યારે સન્યાસીએ કહ્યું કે તેણે મારા મોં મારા આગળ જુઠું કહ્યું કે મારે સ્ત્રી નથી. માટે મેં તેને સંન્યાસ આપ્યો પછી તે સંન્યસીએ તેને આજ્ઞાકરી કે તમે ઘેર પાછા જાઓ. અને તે પ્રેમાણે તેઓ સાથે ઘેર આવ્યા અને ફરીને ઘર સંસાર ચલાવ્યો. અને નાતવાળાઓએ તેને નાત બહાર મુકયો. તેને પછી ત્રણ છોકરા થાય. તેમાંનો સૈથી મોટો છોકરો જેનું નામ જ્ઞાનદેવ હતું તેને શ્રી કૃષ્ણદેવની સાથે

સાચી પ્રેમ ભકતી થઇ તે ઉમર લાયક થયો ત્યારે વેદ ભણવાને કોઇ બ્રાહ્મણોને ઘેર ગયો ત્યારે બ્રાહ્મણોએ તેને કહ્યું કે તારો બાપ સન્યાસી થઇને પટલઇ ગયો અને પાછો ઘરમાં પેઠો અને તું તેનો છોકરો થયો તેથી તું વર્ણસંકર કહેવાય માટે તને વેદ ભણવાનો અધિકાર નથી. એમ કહી કોઇએ તેને વેદ ભણાવ્યા નહીં. ત્યારે તેણે બ્રાહ્મણોની એક સભા કરાવી અને તેમાં તેણે જઇને કહ્યું કે તમે મને વેદ ભણાવતા નથી તેનું કારણ શું? ત્યારે બ્રાહ્મણોએ કહ્યું કે તારામાં બ્રહ્મત્વ નથી માટે તને શ્રૃતિવેદનો અધીકાર નથી તે છોકરા પાસે તે વખતે એક પાડો ઉભો હતો તેથી તેના પુંછડાને તેણે બેચાર થાપડો મારી એટલે પાડાના પુંછડે ચારે વેદ ભણી દીધા જેથી તેણે તે બ્રાહ્મણોને કહ્યું કે તમારા વેદ જેને તમે આટલા પવિત્ર ગણો છો તેતો આ પાડાને પુંછડે બોલી દીધા ત્યારે હવે બ્રહ્મત્વ અને અધીકારપણું તમારૂં કયાં ગયું. આ ચમત્કાર જોઇને તથા તેની ભકતીનો સાચો ભાવ જાણીને બધા બ્રાહ્મણો તેમને પગે પડયા. અને તેને આધીન થઇ ગયા અને ઉલટા તેમના શિષ્ય થયા.

ત્રીલોચનજીનો પ્રસંગ.

નામદેવ અને ત્રીલોચન બે એક ગુરૂના ચેલા હતા. નામદેવની વાત આગળ કરી હવે બીજો ચેલો ત્રીલોચન તેની વાત કહું છું. તે વાણીઆના કુળમાં ઉત્પન્ન થયો હતો. અને તે અચ્યુત પંથના એટલે ગમે તે વર્ણના પણ સાધુભાવવાળા એવા સાધુઓની તે સેવા કરતો હતો. તેને એક સ્ત્રી હતી અને તે બંને સ્ત્રી પુરૂષ સાધુ સેવા કરતાં. તેમને ત્યાં ઘણા સાધુઓ આવતા તેથી તે સેવા કરતાં થાકી જતાં હતા. તેમને સાધુ સેવામાં મદદ કરવાને કોઇ નોકર નહોતો તેથી તેમને એકવાર એવી ભાવના થઇ કે જો કોઇ નોકર મળી આવેતો આપણે સાધુ સેવાનો સંપુર્ણ લાભ લેઇ શકીયે. એકવાર, સ્ત્રી સાથે આ પ્રમાણે નોકર વિષે ઘરમાં વાત કરી ત્રીલોચન બારણા ઉઘાડી બહાર આવ્યો. ત્યાં બારણા આગળ એક ફાટેલી કામળી ઓઢેલો અને ફાટાં ઝુંગડાં પહેરેલો એક માણસ તેણે જોયો. તે જોઇ તેણે તેને પુછ્યું કે કહો મહારાજ તમે કયાંથી પધાર્યા? તમે કોણ છો? તમારાં માબાપ કોણ ત્યારે તેણે કહ્યું કે મારે માબાપ કોઇ નથી. એ હું સાચું કહું છું અને હું જેની સાથે મળતો સ્વભાવ આવે તેની નોકરી કરવાનો ધંધો કરૂં છું. અને જે જેવો માણસ હોય, તેની જેવી સેવા કરવી ઘટે, તેવી સેવા હું કરી શકુંછું ગમે તેટલાં વધારે માણસ હોય તોપણ તે બધાંના મનને હું એકી વખતે સંતોષ પમાડી શકુંછું. મને કોઇ નોકરીએ રાખે તે હેતુથી હું ઘેરઘેર ભટકુંછું અને તેથી આજ હું તમારે ઘેર આવ્યો છું ત્યારે તેમણે કહ્યું કે અમે તમને નોકર રાખીએ તો રહેશો ત્યારે તેણે કહ્યું કે હા ઘણી ખુશીથી રહીશ પણ મારામાં એક દોષ છે તે એજ કે મારે ઘણુંજ ખાવાનું જોઇએ છે માટે હું ધરાઉ તેટલું મને રોજ ખાવાનું આપો તો હું તમારે ત્યાં નોકર રહું. મારે જે વધારે ખાવાની ટેવ છે તે વાત તમારે છુપી રાખવી પડે અને જો તમે કોઇને તેની કંઇ વાત કરો તો હું રીસાઇને ચાલ્યો જાઉં. એ સાંભળી ત્રીલોચને પોતાની સ્ત્રીને કહ્યું કે આપણે સાધુની સેવા કરવામાં રોજ થાકી જઇએ છીએ માટે જો આને એકનેજ સાચવીને એનીજ સેવા પરિપુર્ણ કરીએ. તો તે આપડા બધા સાધુની સેવા સારી રીતે કરી લેશે સ્ત્રીએ કહ્યું કે ઠીક. ત્યારે નોકરે કહ્યું કે તમેં કોઈ વાતે શંકા રાખશો નહીં. સાધુઓની સેવા કરતાં કરતાં તો મારો જન્મારો ગએલો છે અને ચાર વર્ણની સેવાતો મારે હાથે ચઢી ગયેલી છે. માટે જેટલી સેવા કરવાની હશે તેટલી બધી હું કરીશ. ત્રીલોચને તે ઉપરથી તેને નોકર

રાખ્યો નોકરે કહ્યું કે મારૂ નામ અંતરજામી છે અને આજથી હું તમારો નોકર થયોછું. ત્રીલોચને કહ્યું કે બહુ સારૂં થયું કે તમે અમને મળી આવ્યા. પછી પોતાની સ્ત્રીને કહ્યું કે તું તેની એકનીજ સેવામાં તતપર રહેજે અને તેનું કોઇ વાતે ઉંચું મન થવા દેઇશ નહી. કારણ કે જો તે રીસાઇ જશેતો અપણને એવો સેવા કરનાર ફરીને મલશે નહી માટે તે જેટલું ખાય તેટલું રોજ રાંધીને ખવડાવજે અને આપણે હવે નવરાં થઇ રોજ હરીગુણ ગઇશું. પછી નોકરે સેવા કરવી ચાલતી કરી ત્યાં અનેક સાધુ આવતા અને તે બધાની સેવા તે પરિપુર્ણ રીતે કરતો તે બધાના પગ દાબતો અને તેમને લાડ લડાવતો અને તેમને રીઝવી નાંખતો ત્રીલોચનની સ્ત્રીતો તેને ખવડાવવા સારૂ સવારથી રાંધવા પેસતી તે આખોં દીવસ તેના માટે રસોઇ કરીને સાંજે છુટી થતી એમ કરતાં કરતાં તેર મહીના વિતી ગયા અને પરમેશ્વરને એવી વાત બનાવવી હતી તેથી ત્રીલોચનની સ્ત્રી એક દીવસ એક પાડોસને ત્યાં સહેજ બેસવાને ગઇ ત્યારે પાડોસણે તેને પુછ્યું કે તું આવી મલીન કેમ થઇ ગઇ છે. કંઇ નાહતી ધોતી નથી અને તારાં વસ્ત્ર મેલાં થઇ ગયાં છે અને શરીરે પણ મેલ ચઢી ગયો છે. માટે તેનું કારણ શું છે, ત્યારે ત્રીલોચનની સ્ત્રીએ કહ્યું કે મારે ઘેર એક નોકર આવ્યા છે તે ઘણુંજ ખાય છે. માટે તેને સારૂ રોટલા કરીને તેને ખવડાવવામાં હું જરા નવરાશ પામતી નથી કે જેથી હું નાહી ધોઇ શકું. તેની એકની શેવામાંજ હુંતો થાકી રહુછું પણ આ વાત તમે કોઇને કહેશો નહીં. જો તે નોકર કંઇ સાંભળશે તો મારે ઘેરથી રીસાઇને ચાલ્યો જશે અને પછી અમારે બધા સાધુઓની શેવા જાતે કરવી પડશે. પાડોસણે કહ્યું કે બહુ સારૂં. પણ અંતરયામીએ તો તે વાત જાણી લીધી અને પોતાની સરત પ્રમાણે ત્યાંથી ચાલી નીકળ્યા. ઘેર આવી સ્ત્રીએ જોયું તો અંતરયામીને દીઠો નહીં તેથી પોતાના ધણીને પુછ્યું અને તેની બધે તપાસ કરાવી પણ કોઇ ઠેકાણેથી અંતરયામી મળી આવ્યો નહીં તેથી તેના શોકમાંને શોકમાં પાણી વગર જેમ માછલું તરફડે તેમ બંને જણ તરફડવા લાગ્યાં અને તેમણે ખાવું પીવું ત્યાગ કર્યું ત્રણ દીવસ સુધી બંને સ્ત્રી પુરૂષને એ પ્રમાણે લાંઘણો થઇ અને તેઓ ફરી ફરીને તેને સંભારીને રોતાં કહ્યું ત્રીલોચને સ્ત્રીને કહ્યું કે આવો પ્રવિણ નોકર હવે હું ક્યાંથી લાવીશ. તેં કંઇ તેને દુભાવ્યો હશે અથવા તે તેની કોઇ ઠેકાણે વાત કરી હશે જેથી તે નાશી ગયો ત્યારે સ્ત્રીએ કહ્યું કે મેં એક પાડોશણને એકલીને છાનુંગાનું ભોળે ભાવે કહ્યું હતું ત્યારે ત્રીલોચને કહ્યું કે તું ઘણી અભાગણી છે. જે માણસ સાધુની સેવામાં આવી પ્રીતીવાળો હતો તેની વાત તારે શું કરવા પાડોસણને કરવી પડી. સ્ત્રીને તેણે ઘણો ઠપકો દીધો ત્યારે ત્યાં આકાશવાણી થઇ કે તમે ભુખે મરશો નહીં. પ્રીતીની રીતી એવીજ હોવી જોઇએ, હુંજ તમારે ત્યાં આવ્યો હતો અને જયારે મારે જવાની મરજી થઇ ત્યારે મેંજ સ્ત્રીની મતી ફેરવી અને તે વાત તેની પાસે કરાવી માટે મારી મરજી હતી ત્યાં સુધી હું તમારે તાં રહ્યો તેમાં તેનો કંઇ દોષ નથી. હે ત્રીલોચન હુંતો તારે આધીન છું અને તું કહેતો હોયતો ફરીને તારે ત્યાં આવીને શેવા કરતો રહું. તે સાંભળીને ત્રીલોચને માન્યુ કે તે નોકર રૂપે બીજો કોઇ નહી પણ ભગવાન પોતેજ આવ્યા હતા. અને તેમની પાસે મેં જે અત્યાર સુધી ચાકરી કરાવી તે હું કેવો મુર્ખ કહેવાઉં આખું જગત મારી મશ્કરી કરશે. બધા લોકો મને જે ભક્ત કહે છે તે હું ભક્ત શાનો ? એમ કહી ભગવાનની પ્રાર્થના કરી કે હે પ્રભુ મારો અપરાધ ક્ષમા કરો મેં આપને ઓળખ્યા નહોતા તેથી મેં આપની પાસે સેવા કરાવી. આપ તે મનમાં લેશો નહી. આપના ભેદતો આપજ જાણો માટે મારા અવગુણ સામું જોશો નહીં. આપ મારે ઘેર પધાર્યા છતાં. હું મુઢ બુદ્ધિ

આપને ઓળખી શક્યો નહી. તેથી તેનો મને પસ્તાવો થાય છે. આપ જો હવે ફરીને મારે ત્યાં પધારો તો હવે હું આપના ચર્ણોમાં લપેટાઇ પડું એવું મન થાય છે. એમ સ્તુતી કરીને પછી તે મન વાળીને રહ્યા.

વલ્લભાચાર્યનો પ્રસંગ.

વલ્લભાચાર્ય નામના મહાત્મા ગોકુળમાં રહેતા હતા અને ત્યાં ઘણી પ્રીતીથી ઠાકોરની સેવા કરતા તે મહાજ્ઞાની, પંડીત અને ભકત હતા. અને તેમની ચતુરાઈની તથા તેમની આતુરતાની કંઇ હદ રહેતી નહોતી. તે ઠાકોરજીને નાના પ્રકારના ભોગ ધરાવતા. અને ઠાકોરજીને લાડ લડાવી તેમની સાથે સાચો ભાવ લાવતા. તેથી ઠાકજીનું મન તેમણે હરણ કરી લીધું હતું. તે વાતની પ્રસંશા ગામો ગામ થવા લાગી અને એક સાધુએ તે વાત સાંભળી તેને વલ્લભાચાર્યની સેવા જોવાનું મન થયું તેથી તે ગોકુલ આવ્યો અને એક ઝાડ ઉપર પોતાની સેવાનો બટવો ઊંચો બાંધ્યો અને પછી તે વલ્લભાચાર્યને ત્યાં દર્શન કરવા ગયો. અને ત્યાં વલ્લભાચાર્યને મળ્યો અને ત્યાં તેમની ઠાકોર સેવાના તેણે દર્શણ કર્યાં અને પછી તે પાછો ગયો તો તે ઝાડે તેણે પોતાની સેવા દીઠી નહીં. તેથી તે પાછો વલ્લભાચાર્ય પાસે આવ્યો અને તેમને કહેવા લાગ્યો કે મેં એક ઝાડે મારી સેવા બાંધી હતી તે હવે મને દેખાતી નથી તેથી હું ઘણો દુઃખી થઉં છું મારા જીવનરૂપ તે સેવા કોઇ લઇ ગયું હશે કે કેમ ત્યારે વલ્લભાચાર્યે કહ્યું કે તારી સેવા ત્યાંની ત્યાંજ છે કોઇ તેને લેઇ ગયું નથી. માટે તું ત્યાં ફરી જઇને જો અને તે પ્રમાણે તે ત્યાં પાછો ગયો અને જોયું તો ઝાડ ઉપર જેવી બાંધેલી હતી તેવીજ તેણે પોતાની સેવા જોઇ તેથી તે આશ્ચર્ય પામ્યો અને ખુશી થયો અને પછી તે છોડી લેઇને ફરી વલ્લભાચાર્ય પાસે આવ્યો અને તેમને કહ્યું કે મને તે મળી આવી. એમ કહી તે મંદીરમાં પેઠો એટલે તેના હાથમાંથી તે સેવાનો બટવો અલોપ થઇ ગયો એટલે તેણે ફરીને વલ્લભાર્યને પુછ્યું કે મારી સેવા ફરીને ક્યાં જતી રહી. ત્યારે વલ્લભાચાર્યે કહ્યું કે આ મંદીરમાં ઘણા ઠાકોરજી છે તેમાં જે ઠાકોરજી તારા હોય તે તું ઓલખી લે તે ઉપરથી તેણે અંદર જોયું તો પોતાના ઠાકોરજીને તેમના ઠાકોરજીની અંદર દીઠા તેથી તેમને ઉપાડી લીધા અને ખુશી થયો અને વલ્લભાચાર્યને પગે પડયો અને તેણે પોતાના ઠાકોરજીએ તેને આ પ્રમાણે બેત્રણ વાર ભમણામાં નાંખ્યો તેનું કારણ પુછ્યું ત્યારે તેમણે કહ્યુ કે તે સ્થુલ શાલીગરામની મુર્તીનેજ પરમેશ્વર માન્યા છે પણ ભકતીભાવ તારામાં નથી માટે તને ભકતીનો પ્રભાવ બતાવવા સારૂ પરમેશ્વરે તને આમ અથડાવ્યો જેથી તું ભકતીની વાત સમજે માટે હવેથી તારે ઠાકોર સેવાની સાથે ભકતીભાવ પણ વિશેષ કરતા રહેવું પછીથી તેણે ભક્તી અને ઠાકોર સેવા બંને કરવા માંડયા અને તેથી તેને રોજ જુદાજુદા ચમત્કાર દેખાવા લાગ્યા અને તેથી તે પોતાના ભાગ્યનો પુર્ણ ઉદય થયેલો સમજ્યો

मूल छप्पय छंद. ॥

संत साखि जाने सबे प्रगटप्रेम कलिजुग प्रधान ॥
भक्तदास भूप इक्र श्रवन साता हरकीनो ॥
मार मार करि खडग वाजा सागरमें दीनो ॥
नर सिंघको अनुकरन होइ हिरनाकुस मार्यो ॥

वहे भयो दशरथहिराम बिछुरत तन डार्यो ॥
कृश्नदास बांधे सुनत तिहि छिन दियो प्रांन ॥
संत साखि जाने सबे प्रगट प्रेम कलिजुग प्रधान ॥

ભક્તદાસ કુલ શેખર નામના રાજાનો પ્રસંગ.

કુલશેખર નામનો એક રાજા દરિયા કીનારે પોતાના નગરમાં રહેતો હતો. તે ભક્તિમાં કંઇ સમજતો નહોતો પણ એક બ્રાહ્મણ પાસે તે રોજ રામ કથા કરાવતો અને ત્યાં રામ કથામાં જે જે હકીકત તે સાંભળતો તે તે હકીકત જાણે હાલજ બનતી હોય તેમ તે સાચી કરીને હાલ બનતી ગાનતો. અને તેના કંઇક દાખલા, તે કથા કરનાર બ્રાહ્મણને મળેલાં તેથી તે જેટલુ સંભળાવવું ઘટતું તેટલુંજ તેને કથામાંથી સંભળાવતો અને બાકીનો કથા ભાગ તે છોડી દેતો. કથા ચાલતાં ચાલતાં એકવાર સીતાના હરણ થવા વિષેનો પ્રસંગ આવ્યો. ત્યારે તે બ્રાહ્મણે જાણ્યું કે સીતાનું હરણ થયુ અને તેમને રાવણ લેઇને નાશી ગયો. એવું જો આ રાજા સાંભળશે તો તે તેની શોધ કરવા સારૂ દરીયામાં જઇને પડશે અને મરશે. માટે તે પ્રસંગ આગળ તેણે કથા કરતી અધુરી મુકી. અને કથાનો વખત પુરો થવાથી તે પોતાને ઘેર ગયો. બીજે દીવસે તે માંદો પડયો. તેથી તેણે પોતાના છોકરાને કથા કરવાને મોકલ્યો પણ સીતા હરણની કથા છોડી દેવાનું તે પોતાના છોકરાને કહેવું ભુલી ગયો. તેથી તે છોકરાએ રાજા આગળ સીતાના હરણની કથા કરી કે તરત તે રાજા ચમકી ઊઠયો અને બોલી ઊઠયો કે એવો તે કેવો દુષ્ટ રાવણ છે કે તેણે મારી સીતા માતા કે જે આખા જગતને પાવન કરનારાં છે તેમનું હરણ કરીને તે લેઇ ગયો એમ કહી તેનું હૈયું ભરાઇ આવ્યું અને તેને સાચો આવેશ આવ્યો. તેથી એકદમ ઉઠીને ઘોડા ઉપર સવાર થયો અને હથીઆર બાંધીને દરિયા પર ગયો. અને ઘોડાને દરિયામાં મુકયો અને તે વખતે તેને પોતાના જીવનું પણ ભાન રહ્યું નહીં. દરિયાની સપાટી ઉપર તે જમીન માફક ચાલ્યો ગયો અને ઘણે દુર ગયો ત્યારે પરમેશ્વરને તેની ચીંતા થઇ કે આ રાજા મારે સારૂ જીવ ખોશે. માટે હવે હું તેને પાછો વાળું. રામા અવતાર કે જે કંઇ જુગ ઉપર થઇ ગયો તેની વાત હાલ સાંભળીને તે વાત હાલ બને છે એમ સાચી માની તે રાવણ પછવાડે જવા નીકળ્યો માટે જરૂર તે દરિયામાં કંઇ ડુબી મરશે એમ સમજી ભગવાન રામચંદ્રનું રૂપ ધારણ કરી લક્ષ્મણ સીતા અને હનુમાનજીને લીધા સાથે લેઈ દુરથી તેના સામા ચાલી આવીને તેને દરિયામાં મળ્યા અને તેને પુછ્યું કે તમે કયાં જાઓ છો ? ત્યારે તેણે કહ્યું કે દુષ્ટ રાવણ મારા પરમેશ્વર જે રામચંદ્રજી તેમની સ્ત્રી મારી માતા જે જાનકી તેનું હરણ કરીને તે લેઇ ગયો માટે તેમને છોડાવવા હું રાવણ સાથે લડવા જાઉં છું ત્યારે તેમણે કહ્યું કે હું પોતેજ રામચંદ્ર અને આ સીતાજીને છોડાવીને અમે પાછા આવીએ છીએ તે તમે જુઓ. આ લક્ષ્મણ અને આ હનુમાનજી જુઓ માટે હવે તમે તમારે ઘેર પાછા જાઓ. એમ કહીને રાજાને ત્યાંથી પાછો વાળ્યો એ પ્રમાણે જે હકીકત રામા અવતારમાં બની હતી તે હકીકત પણ રાજાના ભાવથી ભગવાને તે વખતે બનતી સાચી કરીને બતાવી.

લીલાઅનુકર્ણ તથા રંતીબાઇનો પ્રસંગ.

નીલાચલ નગરમાં લીલા અનુકરણ નામનો એક રાજા રાજ્ય કરતો હતો તે એક વખત સભા કરીને બેઠો હતો ત્યાં આગળ કોઇ ભવૈયા રમત કરવા આવ્યા અને ત્યાં તેમણે ઘણા ઘણા વેશ કાઢીને બતાવ્યા પણ રાજા ભક્ત હતો તેથી કોઇ રમતથી તે ખુશ થયો નહી

ત્યારે તેમણે તેને ખુશ કરવા સારૂ ભક્તિનો એક વેશ કાઢયો અને પોતામાંથી એક માણુસને પ્રેહેલ્લાદ બનાવ્યો એક માણુસને સ્થંભ કર્યો એક માણુસને હિરણ્યકસ્યપ કર્યો અને બેચાર ભવૈયાને નોકરો કર્યા, પછી તેમણે પ્રેહલ્લાદને ઘણાં દુઃખ દેવાં માડયાં અને છેવટે એક તપ્ત લોહસ્થંભે જાણે બઝાડતા હોય એવો ભાવ બતાવ્યો અને પ્રેહલ્લાદને પુછયું કે તારો પરમેશ્વર કયાં છે? ત્યારે તેણે કહ્યું કે તારામાં મારામાં આ થાંભલામાં અને બધામાં તે વ્યાપકછે ત્યારે તેણે કહ્યું કે જો એમ હોય તો તું આ થાંભલાને બાઝી પડ પછી તારા પરમેશ્વર જો તેમાં હશે તો તને બચાવી લેશે. તે ઉપરથી પેલા થાંભલા થએલા ભવૈયાને પ્રેહલ્લાદ ઉપર કરૂણા ઉત્પન થઇ અને તેથી તેને નરહરી નરસીંહ રૂપનો આવેશ આવ્યો અને તેણે પ્રેહલ્લાદના બાપને ત્યાં આગળ મારી નાખ્યો તેથી સભામાં હાહાકાર વર્તઇ ગયો ત્યારે કોઇ કહે કે આગળના દ્વેશથી તેણે માર્યો અને કોઇ કહે કે તેણે આ વેશથી માર્યો અને તે વાતનો નિર્ણય કરવા સારૂ રાજાએ તે ભવૈયા પાસે રામા અવતારનો વેશ લેવરાવ્યો અને પેલા મારનારાને દશરથનો વેશ લેવરાવ્યો પછી રામ વિયેગ થતાં તેના પ્રાણ છુટી ગયા તેથી બધાંને તેના સાચા આવેશની ખાત્રી થઇ.

રંતીબાઇનો પ્રસંગ.

રંતીબાઇ કરીને એક ડોસી હતી તે ઘણી પ્રેમી ભક્ત હતી. તેને એમ છોકરો હતો, અને તેપણુ શ્રી કૃશ્ન ઊપર ઘણો ભકતી ભાવ રાખતો. તેમના ઘર પાસે એક ધર્મશાળા હતી તેમા રોજ હરી કથા થતી પણ તે સાંભળવા જવાનેઘર સુનું રહેવાની ધાસ્તીથી તે બને જણ એકીવખતકથા સાંભળવાને જઇ શકતાં નહોતાં. તેથી એક દીવસ મા જતી અને એક દીવસ છોકરો જતો એમ કથા સાંભળવાનો તથા ઘર સાચવવાનો બને જણે વારો કર્યો. અને જે કથા સાંભળવા જતું તે ઘેર આવીને ગેર રહેલાને બધી કથા સંભળાવતું એકવાર કથામાં એવું આવ્યું કે ભગવાનને જસોદાએ દોરડાથી બાંધ્યા. કારણ કે તે માંખણ ચોરીને ખઇ ગયા અને લોકોનાં ગોરસ ફાડી આવ્યા તે તે કથા સાભળીને છોકરો ઘેર આવ્યો અને પોતાની માને તે સંભલાવી. ત્યારે તેની મા તરત હેબક ખાઇ ગઇ કે અરો એવી તે કેવી નીર્દય જસોદા હશે કે તેણે મારા સુકોમળ ભગવાનને દોરડાથી બાંધ્યા એટલું બોલી તેનું તાળવું ફાટી ગયું અને તેનો જીવ જતો રહયો. એ પ્રમાણે તેનો સાચો ભાવ આવ્યો કે જાણે હાલજ કૃષ્ણઅવતાર ચાલે છે. અને ભગવાન બંધાયા અને તેની કથા પણ હાલ વર્તમાન કાળમાંજ ચાલે છે. એવી સત્ય પ્રતીતીથી તેને સાચો આવેશ આવ્યો.

॥मुल छप्पय छंद, ॥

प्रसाद अवज्ञा जानिके पानितज्यो एके नृपाति ॥
होकहां कहो बनाइ बात सबही जगजाने ॥
करते दोनो भयो स्याम सौरभ मनमाने ॥
छपन भोगतें पाहिल खीच करमाकों भावें ॥
सिलपिल्लेके हेत कुवरीपैं हारिचलि आवे ॥
भक्तनिहेत सुत विष दियौ भुपनारी प्रभुराखिपाति ॥
प्रसाद अवज्ञा जानिकें पानि तज्यों एके नृपाति ॥

પુરૂષોતમ વાસી મહારાજનો પ્રસંગ.

રાજા ભક્તરાજ હતો. તે એકવાર પોતાના પ્રધાન મંડળ સાથે ચોપટ રમવાને બેઠો બાજીમાં તે ઘણો લીન થઇ ગયો તે વખતે ત્યાં જગન્નાથજીના બેટીઆ લઇને તેમને ત્યાં આપવા આવ્યા અને રાજા પાસે જઇને ઉભા. રાજાના હાથમાં બાજીના પાસા હતા તેથી તેણે પ્રસાદ લેવાને પોતાનો ડાબો હાથ ..ચો કર્યો પંડયાઓએ જાણ્યું કે આ રાજા પ્રસાદ લેવાનો અધિકાર નથી. બાજીના પાસા તેણે જમણા હાથમાં રાખ્યા અને ડાબા હાથમા તે પ્રસાદ માંગે છે માટે તેને તે આપવો નહીં એમ વિચારીને તેઓ રીસાઇને ત્યાંથી જગન્નાથજીપુરી પાછા ગયા બાજી પુરી થઇ ત્યારે તેને પંડયા સાંભર્યા તેથી તેણે તેમની ખબર કઢાવી તો માલુમ પડયું કે તેઓ રીસાઇને જતા રહ્યા, રાજાને તેથી ઘણો પશ્ચાતાપ થયો ઠાકોરજીનો પ્રસાદ લેવા સારૂ મારો જમણો હાથ આળસ કરી ગયો અને તે કામમાં ન આવ્યો માટે મારે તેને હવે સંઘરવો નહીં એમ સોચનામાં તે સુકાવા લાગ્યો તેના પ્રધાને તેને તેનું કારણ પુછયું ત્યારે રાજાએ કહ્યું કે રોજ રાત્ર મારા મહેલમાં એક ભૂત આવે છે અને તે મારા જાળીઆમાં હાથ ઘાલી મને બીવરાવે છે તેથી હું રોજ સુકાતો જાઉછું માટે જો તેનો હાથ કોઇ કાપી નાખેતો ફરીને તેમને બીવરાવે નહીં. પ્રધાને કહ્યું કે તે કામ હું કરૂં. એમ કહી પછી પ્રધાન તે દિવસે રાત્રે રાજાની પાસે ગયો અને રાજાએ તેને પોતાના પલંગમાં બેસાડયો અને તેને કહ્યું કે ભૂત હાથ નાંખે તે વખતે તમે સાવધ થઇને તેને કાપી નાંખજો એમ સોંપરત કરીને રાજા ત્યાંથી ગયો અને થોડીવાર પછી તેણે ફરીવળીને બહારથી પેલા જાળીઆમાં પોતાનો જમણો હાથ નાંખ્યો તે જોઇને પેલા પ્રધાને જાણ્યું કે ભુત આવ્યું તેથી તેણે તલવારનો ઝટકો માર્યો અને ભુતનો હાથ કાપી નાંખ્યો એમ સમજી પોતે ખુશી થયો અને પછી રાજા પાસ ગયો અને જોયું તો રાજાનોજ હાથ કપાયેલો દીઠા તેથી તેને ઘણો ખેદ થયો રાજાએ તેને કહ્યુ કે તેમાં તારો દોષ નથી તેમાંતો મારે તારો મોટો ગુણ માનવાનો છે. મને એજ ભૂત સતાવતું હતું કારણ કે ઠાકોરજીની પ્રસાદી લેવામાં જે જમણે હાથે આળસ કરી તેને રાખવો મારે લાયક નહોતો તેથા મેં તે કપાવરાવ્યો માટે તેમાં તારે દીલગીર થવું નહીં જગન્નાથજીએ તે ઉપરથી તરત પોતાના પુજારીઓને કહ્યું કે અમુક રાજાએ મારે સારૂ પોતાનો હાથ કાપી નંખાવ્યો છે માટે તમે પાલખી લઇને તે હાથને તેની પાસેથી વીનંતી કરી માગી લઇને પાલખીમાં મુકીને અહીં લાવો અને બગીચામાં રોપો અને તેનું એક ઝાડ થશે અને તેને ફુલ થશે અને તે ફુલ મારે માથે ચઢસે અને તે ફુલ મને ઘણુંજ પ્યારૂં રહેશે એમ કહી પંડયાઓને પ્રસાદી લેઇને મોકલ્યા અને તેમણે તે રાજાને ..યાં આવી પેલો હાથ જે જગન્નાથજીએ મંગાવ્યો હતો તે માગી લીધો અને તે લાવીને તેમણે બગીચામાં રોપ્યો અને તેનાં ફુલ થાવા માંડયાં જે આજ દીન સુધી જગન્નાથજીને ચઢયાં જાય છે. અને તેને દુણાનાં ફુલ કહે છે.

કરમાં બાઇનો પ્રસંગ.

કરમા બાઇ કરીને એક બાઇ મારવાડમાં રહેતી. હતીઅને તે સાચા ભાવથી ઠાકોર સેવા કરતી પણ સ્નાન ક્રીયાનો આચાર તેનાથી સચવાતો નહોતો ઠાકોરજી તેનો સાચો ભક્તી ભાવ જાણીને તેને ત્યાં રોજ આવતા અને તે ખીચડી રાંધીને તેમને ભોગ ધરાવતી તે તે આરોગતો તે વાત સાંભળીને એક સાધુ કરમા બાઇને ઘેર આવો. અને તેણે કરમાં બાઇને સવારમાં સૌચ સ્નાન

કર્યા વગર ખીચડી કરતી જોઇ ત્યારે તેને કહ્યુ કે નહાયા ધોયા વગર અપવિ ઠાકોરજીને ભોગ લગાવવો તે યોગ્ય નથી માટે હવેથી તારે નહાઇ ધોઇ ચોકો કરીને રવી. એ પ્રમાણે તે સાધુ બતાવીને ચાલતો થયો અને કરમા બાઇ એ નહાઇ ધોઇ અ ચુલે ખીચડી ચઢાવી, મોડું થવાથી ખીચડી રાંધતા વાર થઇ એટલામાં જગન્નાથજી લ અને જોયું તો ખીચડી તૈયાર થઇ નહોતી તોપણ તેને ચુલેથી ઉતરાવીને ઠાકોરજીએ ખાઇ લીધા લીધા કારણુ કે જગન્નાથજી પુરીમાં ભોગ ધરાવવાનો વખત થઇ જતો હતો. ઉતાવળ કરી અને ઉતાવળમાં ઠાકોરજી મોઢું ધોવું ભુલી ગયા અને એઠા મોઢે જગન્નાથજીના મંદીરમાં દેખાયા ભોગ વખતે ઠાકોરજીને મોઢે ખીચડી ચોટેલી જોઇને પંડયાઓ બોલ્યા કે ઠાકોરજી અત્યારમાં કોને ત્યાં ખીચડી ખાઇ આવ્યા અને તે જાણવા તેનણે ઠાકોરજીને વિનંતી કરી અને તેનો ભેદ પુછયો ત્યારે ઠાકોરજીને કહ્યું કે મારવાડમાં કરમા બાઇ નામની એક બાઇ મારી પરમ ભક્ત છે તેથી તેના ભાવને લેઇને હું રોજ તેને ત્યાં ખીચડીખાવા જઉછું પણ આજ એક સાધુ તેને નહાવા ધોવાનું બતાવી ગયો તેથી તેને ખીચડી કરતાં મોડું થઇ ગયું અને અંહીના મંદીરમાં ભોગ ધરા વાનો વખત થવા આવ્યો હતો, તે સાચવવા સારૂ હું ઉતાવળમાં મોં ધોવું ભુલી ગયો તેથ ખીચડી મોઢે ચોટેલી રહીગઇ માટે હવે તમે તે બાઇને ગામ જાઓ અને તેને કહો કે તમારેનહાવા ધોવાની કંઇ જરૂરનથી. તમે જેમ આગળ કરતાં હતાં તેમ ખીચડી કરજો સ્નાન કરાવાની અથવા બોટની જરૂર નથી હુંતો તમારા ભાવને વશછુ માટે પેલો સાધુ બતાવી ગયો છેતેમ કરશો નહી, તમારા સાચા ભાવ આગળ પવિત્રપણુ અથવા અપવિપણું હું કંઇ જોતો નથી.

સીલ અને પીલ્લે બંન્ને કુંવરીઓના પ્રસંગ.

સીલ અને પીલ્લે બન્ને રાજાઓની કુંવરીઓ હતી. એક મોટા રાજાની કુંવરી હતી અને એક નાના રાજા જમીનદારની કુંવરી હતી, તે બંને કુંવરીઓ બેહેન પણીઓ હતી તેમાંની જમીનદારની કુંવરી રાંડેલી હતી. અને રાજાની કુંવરી સેવાસણુ હતી તે બન્ને કુંવરીઓ રાજાને ત્યાં એક દિવસ બેઠી હતી ત્યાં એક સાધુ આવ્યો. કારણકે રાજા ભક્તરાજ હતો તેથી સાધુઓ તેને ત્યાં આવતા રેહેતા તે સાધુએ પોતાના ઠાકોરજીની પુજા કરવા માંડી અને તેને ગણો પ્રેમવાળો જોયો તેથી તે બંન્ને કુંવરીઓને તેવી સેવા કરવાનું મન થઇ આવ્યું. તેમણે તે સાધુને કહ્યું કે અમને તમે આવી સેવા કરવાનું આપો તેથી તે સાધુએ તેમને રસ્તામાંના પથરના બે કકડા લાવીને તે બન્ને કુંવરીઓને એકેકો આપ્યો અને કહ્યું કે આ તમારા ઠાકોરજી છે. તેમને તમે ભવપાર થવા સારૂ સાચો ભાવ લાવીને સેવા કરજો તેમ કહી તે સાધુ ત્યાંથી ગયો. કુંવરીઓ ને ઠાકોર સેવા કરતાં કરતાં ઘણો પ્રેમ વધી ગયો અને તેમની વીચીત્ર રીતી થઇ ગઇ હવે પછી બંનેની જુદી જુદી વાત તથા પડયા કહુંછું તે સાંભળો:—રાજાની કુંવરીને એક બીજા રાજા સાથે પરણાવેલી હતી. અને તેનાં સાસરીયાં ભક્તીની વાત કંઇ જાણતાં નહોતાં, તે છોકરી જ્યારે ઉમ્મર લાયક થઇ ત્યારે તે, રાજાનો જમાઇ કેટલાંક માણુસો તથા ગાડી લેઇ ને પોતાની સ્ત્રીને તેડવા આવ્યો પણ તે કુંવરીને તેમની સાથે જવું બીલકુલ ગમ્યું નહીં અને પોતાનો જીવ ગયા બરોબર તેને તેમની સાથે જવું તે લાગ્યું પણ પોતાનાં માબાપોએતેને તેમની સાથે મોકલી તેથી તેને જવું પડયું. પોતાના ઠાકોરજીને લેઇને તે ગાડીમાં બેઠી અને ત્યાંથી એક પણ દાસી તેણે સાથે લીધી નહીં. આગળ જતાં રસ્તામાં તેના પતીએ તેને કહ્યુ

જુઓ, મારી સાથે વાતચીત કરો પણ તે છોકરી તેના સામુ જોતી નથી. ળામાં ઠાકોરજીનું પોટલું બાંધી લીધું છે તેના સામુ જોયાં કરે છે. અને તેનુ મોં ગયેલું છે તે જોઇ તેના પતીએ તેને પુછ્યું કે તમને શો રોગ થયો છે અને થાય છે. જો તમને કાંઇ વ્યાંધી હોય તો તે મને બતાવો એટલે તેનું ઓસડ ાકરીએ કહ્યું કે તમે અભક્ત લોક છો તેથી તમારી સાથે અમારે બોલવું વ્યાજબી . ... તમારી સાથે કાંઇ બોલીએ તો અમે દોશીત થઇએ માટે જો તમારે અમારી સાથે વું હોય તો તમે ભક્તિ કરો એટલે હું તમારી સાથે પ્રસન્નતાથી બોલીશ તે સાંભળી તેના ને હાડો હાડ લાગી ગઇ અને આ એક ભગતડી છે અને તેના ખોળામાં કંઇક ઠાકોરજી ા છે તેના સામું તે જોયા કરે છે અને તેથી અમારા સામું જોતી નથી. માટેજો તેના ઠાકો-ને કુવામાં નાંખી દીધા હોય તો તે પછી અમારી સાથે બોલે તે ઉપરથી તે કુંવરી ઠાકોરજીનું પોટલું મુકી જ્યારે દીશા જંગલ ગઇ ત્યારે લાગ જોઈ તેણે તે પોટલું એક પાસેના કુવામાં નાંખી દીધું. કુંવરીએ પાછાં આવીને જોયું તો ઠાકોરજી દીઠા નહીં તેથી તેણે ઘણું કલ્પાંત કરવા માંડયું. અને તેને જીવ ગયા જેવું લાગ્યું. તેથી તે રોતીરોતી રસ્તો નીકાળતી પોતાના પતીને ગામ પહોંચી ત્યારે ત્યાં તેની સાસુ, સસરો નણંદ વિગેરે મળ્યાં પણ તે કોઇની સાથે કંઈ બોલી ચાલી નહીં અને તેણે રોયાંજ કર્યું અને ખાવાપીવાનું પણ ત્યાગ કર્યું અને ઉદાસ રહેવા માંડયું. તેથી તેની સાસુએ તેની ઉદાસીનતાનું કારણ પુછ્યું ત્યારે તેણે કહ્યું કે મારા ઠાકોરજી મને અહીં લાવી આપો તો હું અન્ન, જળ લઉ તે ઉપરથી તેના પતિને તેની હકીકત પુછી અને પતીએ તે પોટલીને પોતે કુવામાં નાંખી દીધી હતી તે વાત કહી તે ઉપરથી તેની સાસુ નોકરોને લેઇને તથા તે કુંવરીને તથા તેના ધણીને તથા નણંદને તથા સસરાને સાથે લેઇને તે કુવા ઉપર ગઇ અને ત્યાં આગળ એક બટક બોલો માણસ બોલી ઉઠયો કે જો તેમને ઠાકોરજીની સાથે આટલી બધી પ્રિતી છે તો તે ઠાકોરજીને બોલાવે એટલે ઠાકોરજી તેની પ્રીતીને લીધે એની મેળે ઉપર આવશે એટલે આપડે તેમને કાઢવાને કુવામાં માંણસ ઉતારવાની જરૂર રહેશે નહીં. એમ મશ્કરી કરી તે ઉપરથી તે કુંવરીએ ઘણીજ આતુર વાણીથી પોતાના ઠાકોરજીને બોલાવ્યા અને તેમની વિનંતી કરી કે તરતજ તે ઠાકોરજીનું પોટલું કુવામાંથી ઉછળીને બહાર આવ્યું અને તે કુંવરીના હૃદય સાથે લાગી ગયું. તે ઉપરથી બધા લોક વિસ્મય થઇ ગયા અને કુંવરીની સાચી પ્રિતી જોઈ બધા તેને પગે પડયા. પોતાને ઘેર આવી ભક્તરાજ વહુ આવી છે તે જોઈ તેનાં સાસુ સસરાએ પોતાનાં ઘણાં ધન ભાગ્ય માન્યા અને તે વખતથી પોતે ભકિત કરવા લાગ્યાં.

જમીનદારની છોકરીનો પ્રસંગ.

તે કુંવરીને બે ભાઇ હતા. તે બન્ને ભાઈઓ એક બીજાના વેરને લીધે જુદા ગામોમાં રહેતા હતા. તે કુંવરી તેમાંના એકના ગામમાં રહેતી હતી. અને પોતાના ઠાકોરની સેવા સંપુર્ણ રીતે કરતી હતી કેટલાંક વર્ષ વિત્યા બાદ બીજો ભાઇ કેટલુંએક લશકર લેઇ પેલી કુંવરીવાળા ભાઇના ગામ ઉપર ચઢી આવ્યો અને પહેલા ભાઇના ગામને હરાવીને ગામ લુંટી લીધુ તેમાં પેલી કુંવરીની ઠાકોર પુજા પણ ગઇ તેથી તે કુંવરી પોતાના ભાઇ પાસે જઇ અને અરજ કરી કે મારી પુજા મને મંગાવી આપો. પુજા વગર હું જીવી શક્તિ નથી અને મારો જીવ ગભરાય છે ત્યારે તેના ભાઈએકહ્યું કે તું મારી પણ બેન છે અને તેની પણ બેન છે અને તે મને હરાવી

ગામ લુંટી ગયો માટે તેમાં હું શું કરૂં ? અમારે ભાઇઓ ભાઇઓને વેર છે. વેર નથી માટે તું તેને ગામ જા, અને તેને વિનંતી કર એટલે તે તને પુજા પ ઉપરથી તે કુંવરી પોતાના બીજા ભાઇને ગામ ગઇ અને ત્યાં ચોરામાં જ્યાં બધ. ત્યાં આગળ જઇને પોતાના ભાઇને તેણે વિનંતી કરી. અને પોતાની ઠાકોર સેવા મ ભાઇએ નોકરોને આજ્ઞા કરી કે તમે તેની ઠાકોર સેવા કાઢી આપો તે ઉપરથી કહ્યું કે પેલા બધાં પોટલાં પડયાં છે તેમાંથી જે તેનું પોટલું હોય તે ભલે તે ઓળ એક અટકચાળો માણસ બોલી ઉઠયો કે તેને ઠાકોરજી ઉપર જો સાચો ભાવ હોય તો તે પોતા ઠાકોરજીને બોલાવે એટલે ઠાકોરજી તેના ભાવને લેઇને પોતાની મેળે તેની પાસે આવશે. તે સાંભ તે કુંવરીની આંખો રાતી થઇ ગઇ અને હૃદય ફાટવા જેવું થઇ ગયું. પછી ઘણી આતુર વાણી પોતાના ઠાકોરજીને બોલાવ્યા એટલે તે પોટલું બીજાં બધાં પોટલાંઓમાંથી ઉછળીને તેની પા આવી તેના હૃદય સાથે ચોંટી ગયું તે જોઇને બધા લોકો આશ્ચર્ય પામી ગયા અને તેનો સાચો ભક્તિભાવ જાણ્યો અને તે કુંવરી ત્યાં પધારી તેથી તેમણે પોતાનું મોટું ભાગ્ય માન્યું અને તેની આવીભકિત જોઇને પછી સૌએ ત્યાં ભકિત કરવા માંડી.

બે સ્ત્રીઓએ સંતનાં દર્શન કરવા સારૂ પોતાના છોકરાઓને ઝેર દીધું તેબંન્નેનાં પ્રસંગ.

પહેલી બાઇનો પ્રસંગ.

એક ભકતરાજ રાજા હતો અને તેને ત્યાં રોજ સંતસાધુનો અવર જવર રહેતો હતો. એક વાર તેને ત્યાં સાધુની મંડળી આવી અને તે ત્યાં ઘણા દિવસ રહી. અને તેમાં જે મહન્ત હતા તેમની સાથે રાજાની ઘણી પ્રિતી બંધાઇગઇ. રાજા રોજ તેમની ઘણાભાવથી સેવા કરતો હતો. અને તે મહન્ત સાધુ રાજાની પ્રિતી જોઇને ત્યાં ઘણા દિવસ રહ્યા. છેવટ એકવાર તે સાધુએ બીજે ગામ કેટલાક દિવસ કાઢી નાંખ્યા. પછી તે સાધુએ એક દિવસ ચાલી નીકળવાનો નક્કી વિચાર બતાવ્યો, અને રાજાને કહ્યું કે આવતી કાલ સવારે અમે જરૂર નીકળીશું. તે સાંભળી રાજાને ઘણું દુઃખ ઉત્પન્ન થયું અને સાધુના વિયેગથી પોતાનો પ્રાણ ત્યાગ થશે એવું પ્રતીત થયું. તે ઘેર ગયો પણ ત્યાં રાણીએ તેને ઉદાસ જોઇને તેનું કારણ પુછયું. ત્યારે તેણે કહ્યું કે મારા ગુરૂ મહારાજ આવતે કાલે જરૂર વિદાય થશે અને તે મારાથી સહન થશે નહીં અને તે ઉપરથી વખતે મારા પ્રાણ જશે, માટે હવે મને એકે ઉપાય સુઝતો નથી. રાણીએ તેને હિમ્મત આપી કહ્યું કે કાલનો દિવસ હું તેમને ગમે તેમ કરીને રોકી રાખીશ અને તે કામ હું મારે માથે લઉંછું માટે તમે કોઇ વાતની ચિંતા રાખશો નહીં એમ કહી રાજાનું મન શાંત પડયું. પછી રાત્રે રાણીએ ઝેર મંગાવ્યું અને પોતાનો જે એકનો એક કુંવર હતો તેને પાઇ દીધું અને તેથી થોડીવારે ને કુંવર મરી ગયો. એટલે. ત્યાં રો કકળ થઇ ઉઠી અને આખું ગામ કુંવરના મરણથી શોકાતુર થઇ ગયું, પરોઢીએ પેલા સાધુઓએ કંમરો બાંધીને જવાની તૈયારી કરવા માંડી એટલામાં તેમને કુંવરના મૃત્યુની ખબર પડી તેથી તે સાધુઓના મહંતે વિચાર કર્યો કે આ રાજાએ અત્યાર સુધી આપડી આટલી પ્રિતીથી સેવા કરી અને આજ તેનો કુંવર મરી ગયો અને આપણે વિદાય થઇએ તે ઠીક નહીં માટે આજ જવાનું બંધ રાખવું એમ

કહી કંમર છોડી નાંખી અને બધા સાધુઓને લેઇને રાજાને ત્યાં દુઃખ મનાવવા માટે ગયા. ત્યાં જઇને જોયું તો કુંવરનો દેહ લીલો થઇ ગયેલો જોયો તે ઉપરથી મહંત સાધુએ અનુમાન કર્યું કે આ કુંવર કંઇ મોતથી મુવો નથી પણ કોઇએ તેને ઝેર દેઇ મારી નાંખ્યો છે. માટે તેની સાચેસાચી હકીકત રાજા પાસે રાણીને પુછાવરાવી. રાણીએ ગુરૂ પાસે આવીને કહ્યું કે હું ગુરૂ મહારાજ રાજાને તમારા ઉપર ઘણો પ્રેમ છે અને તમારાં વિયોગથી તેમનો પ્રાણ ત્યાગ થવાનો હતો માટે કાલનો દિવસ આપને રોકવા ખાતર અને રાજાને એક દિવસ વધારે જીવાડવા ખાતર મેં આ કામ કર્યું છે એટલે મારા કુંવરને મેં ઝેર દીધું છે. અને આ હકીકત હું સાચે સાચી કહુંછું. તે સાંભળી તે મહાત્માને ઘણુંજ હૃદયભેદક લાગી આવ્યું. અને તેથી તેમનું હૈયું ભરાઈ આવ્યું અને ત્યાં પોકે પોકે રોયા. પછી બધા સાધુઓને ચર્ણામૃત લેઇને તે કુંવરના ઉપર છાંટયું એટલે કુંવર જીવતો થઇગયોઅને ઝેર ઉતરી ગયું. તે જોઇ બધાને આશ્ચર્ય લાગ્યું રાજાનો આવો પ્રેમ જોઇને તે મહારાજ પછી ત્યાંજ રહેવા અને બન્નેની હયાતી સુધી તેજ ગામમાં રહેવાનું કબુલ કરી બીજા સાધુઓ જેમને જવાની મરજી હોય તેમને જવાની આજ્ઞા કરી અને પોતે રાજાને લીધે બાકીનું આયુષ ત્યાં ગાળ્યું.

બીજી બાઇનો પ્રસંગ.

એક રાજા ઘણો ભક્તિવાળો હતો અને તેની કુંવરી ભક્તિ વગરના એક રાજાને ત્યાં પરણાવેલી હતી તે કુંવરી પોતાને સાસરે ગઈત્યાં પોતાના બાપના ઘરની માફક કોઇ સંત સાધુને આવતા દેખતી નહીં તેથી તે ઘણી અકળાતી. અને તે ઉપરથી તેણે પોતાની દાસીને કહ્યું કે તારે રોજ ગામમાં તેમજ ગામ બહાર તપાસ રાખતા રહેવું અને જો કોઇ ઠેકાણે કોઇ સાધુ ઉતરેલા હોય તો મને ખબર કહેવી. તે પ્રમાણે તે દાસી કરતી. એક દિવસે તેણે તળાવ કિનારે એક સાધુને પોતાના શિષ્યો સહીત ઉતરેલા તથા ઠાકોરની પુજા કરતા જોયા તે ઉપરથી તે દાસીએ પોતાની રાણીને તે ખબર કહી. એટલે રાણીએ થોડું ઝેર મંગાવ્યું. અને પોતાના છોકરાને પાઇ દીધું અને તેણે સાધુના દર્શન કરવાની પ્યાસ આગળ કુંવરનો શોક કંઇ ગણ્યો નહીં. થોડીવારે તે છોકરો મરી ગયો અને તેની ખબર પોતાના ધણીને તેમજ સાસુ સસરાને કહી તે ઉપરથી તે ઘણું રોવાં તથા કલ્પાંત કરવા લાગ્યાં પણ પોતે છોકરાની માંએ તેમ કરવા માંડયું નહીં તેથી બધાને આશ્ચર્ય લાગ્યું અને તેને તેનું કારણ પુછ્યું ત્યારે તેણે કહ્યું કે મારા બાપને ઘેર આવા કંઇક છોકરા મરી જતા પણ તેમને ત્યાં સાધુઓ આવીને ચર્ણામૃત છાંટતાં કે તે પાછા જીવતા થતા માટે તેના મૃત્યુનો મને કાંઇ શોક લાગતો નથી. તે વાત સાંભળી તેના પતીએ તેને પુછ્યું કે તે સાધુ કેવા હશે અને કયાં રેહેતા, હશે ત્યારે પેલી દાસી બોલી ઉઠી કે આપણા ગામની ભાગોળે કેટલાક સાધુ આજ આવ્યા છે અને મે તેમને જોએલા છે માટે ચાલો હું તમને તે બતાવું. એમ કહી તે દાસી તે રાજાને સાથે લઇ ચાલી. રસ્તામાં જતાં તેણીએ રાજાને સમજાવ્યો કે તમે કુંવર મુવાની વાત ત્યાં કહેશો નહીં. તમે સાધુ પાસે જઇને તેમને નમસ્કાર કરી વિનંતી કરી કહેજો કે હે મહારાજ અહીં આવીને તમે જેવું મારૂં ગામ પાવન કર્યું તેવું મારે ઘેર પધારીને મારૂં ઘર પાવન કરો ઘણા દિવસથી હું સાધુનાં દર્શન વગરનો રહ્યો છું માટે હું ઘણો અકળાઉં છું. એમ કહી તમે રડી પડજો. એટલે સાધું તમારો ભાવ સાચો સમજીને તમારાઉપર દયા લાવીને તમારે ઘેર આવશે એમ સમજાવી દાસી છેટેથી તે સાધુને બતાવી ઘેર પાછી ગઇ અને રાજાએ દાસીના કહેવા પ્રમાણે તે સાધુ પાસે જઇને વિનંતી કરીને

આખમાં આંસુ લાવ્યો તે ઉપરથી તે સાધુ તેનો સાચો ભાવ સમજીને તેને ઘેર ગયા અને ત્યાં રોવા કુટવાનું એટલી વાર સુધી બંધ રાખેલું હતું. સાધુ ઘરમાં ગયા કે તરત પેલી કુંવરી આવીને તેમને પગે લાગી અને તેણીએ પોતાની ઘણા દિવસની દર્શનની પ્યાસ પુરી કરી. તે સાધુ તેના બાપને ઘેર ઘણીવાર આવતા જતા હતા તેથી તેને ઓળખી. પછી તેમણે કુંવર મરી ગયાની વાત જાણી ત્યારે તેની હકીકત પુછી ત્યારે તે કુંવરીએ કહ્યું કે તમારા દર્શનની આશાથી મેં કુંવરને ઝેર દીધું છે. જે ઉપરથી તેને પાછો જીવતો કરવાની લાલચે મારાં સાસરીઆ તમને મારી પાસે તેડી લાવે અને મને આપના દર્શનનો લાભ મળે. કારણ કે તે લોકો અભકત છે. અને તેથી અહીં કોઇ સાધુ આવતા જતા નથી અને તેથી સંત દર્શન વગર હું ઘણી મુંઝાઉં છું અને તે ઉપરથી મેં આ છેતરનો ઉપાય લીધો છે. તે સાંભળીને તથા તેની પ્રિતી જોઇને તે આશ્ચર્ય પામ્યા અને પછી બધા સાધુઓના પગ ધોઇ તેનું ચર્ણામૃત લેઇને તે કુંવરને છાંટયું એટલે તરત તે જીવતો થયો અને તે બધું આ અભકત લોકોએ નજરે જોયું તેથી ચકીત થઇ ગયાં અને તેમને ભકિત ઉપર શ્રધ્ધા થઇ અને સાધુની સેવા કરવાને તેમની મતી પલટઇ અને ત્યારથી ભકિત કરવા માંડી. બધાં લોકો શાખ પુરે તે પ્રમાણે તે કુંવરીએ પોતાની ભકતીનો પડચો બતાવ્યો અને બધાંને ભકિત કરતાં શીખવી.

मूल छपय छंद.

आसय अगाध दुहुं भक्तको हरितोषन अतिसे कियो ॥
रंगनाथ कों सदन करन बहु वुध्धि विचारी ॥
कपट धर्म रचि जैन द्रव्यहित देह विसारी ॥
हंस पकरने काज वधिक बानो धारि आये ॥
तिलक दामकी सकुच जानि तिहि आप बंधाये ॥
सुत वध हरिजन देखिके दे कन्या आदर दियो ॥
आराय अगाध दुहुं भक्तको हरितोषन अतिसें कियो ॥

મામા ભાણેજ બન્નેનો પ્રસંગ.

એક મામો અને એક ભાણેજ જેમનો આસય અગાધ હતો તે બન્નેજણ સંસાર ત્યાગ કરીને પરમેશ્વરની ભકતી કરવા ચાલી નિકળ્યા આગળ જતાં વગડામાં તેમણે એક મૂર્તી જોઇ અને ત્યાં કોઇ મદિર નહોતું તે ઉપરથી તે બન્નેજણે વિચાર કર્યો કે આ ઠાકોરનું આપણે અહીં મંદિર કરીએ તો ઘણું સારૂં પણ તેમ કરવામાં પૈસો જોઇશે અને તે આપણી પાસે નથી માટે ગમે તેવી રીતે કમાવી લાવીએ અને આ રંગનાથ ઠાકોરજીનું મંદીર કરીએ કારણ કે તે મુર્તી રગનાથ દેવની હતી. તેઓ ત્યાંથી પાછા ફર્યા અને પૈસા પેદા કરવાને તેમણે બહુ બહુ પ્રયત્ન કર્યા પણ તેમને કોઇ ઠેકાણે પૈસો મળ્યો નહીં. એકવાર તેઓ શ્રાવકના મદીરમાં ગયા અને ત્યાં પારસમણીની મૂર્તી જોઇ તે ઉપરથી તેમનુ મન ત્યાં લલચાયું અને વિચાર્યું કે જો આ મુર્તી આપણે ચોરીને લઇ જઇએ અને લોઢા સાથે ઘસીએ તો તેનું સોનુ બનશે અને તેથી આપણને જોઇશે તેટલું દ્રવ્ય પેદા થશે તે ઉપરથી તે શ્રાવકના મંદીરમાં ગયા અને ત્યાં ચાકર થયા અને તેમના મુખ્ય ગોરજીની ઘણી સારી સેવા કરવા માંડી અને

પોતે શેવામાં જાણે ગળી ગયા હોય તેમ બતાવ્યું તે ઉપરથી ગોરજીએ તેમને તાળાં કુચીઓ પણ સોંપી દીધી. એક દિવસ રાજાનો કુંવર કે જેનો બાપ પણ શ્રાવક ધર્મનો હતો અને તેથી તેણે તે મંદિર બંધાવ્યું હતું તે મંદીરમાં દર્શન કરવા આવ્યો ત્યાં પેલા ભાણેજે તેણે પુછ્યું કે આ મંદીર એવું જાપતા બંધ બનાવ્યું છે કે તેની અંદર સાંજે મંદીર બંધ કર્યા પછી પવન પણ પેસી સકતો નથી પણ જો કોઈ અકસ્માત થાય અને મંદીર ખોલવું પડે અને કુંચી ન જડતી હોય તો તેનો બીજો કોઈ રસ્તો રાખેલો હશે કે નહી ત્યારે તેણે કહ્યું કે દેરા ઉપર એક ભમર કડી છે તેને ફેરવે એટલે તેની બારી થઇ જાય છે અને ત્યાંથી મંદીરમાં ઉતરવાનો બીજો રસ્તો બને છે. તે વાત ભાણેજે ધ્યાનમાં રાખી અને મામાને કહી. પછી એક દીવસે મામો તે મંદીરમાં સંતાઇ રહયો અને તે મંદીર સાંજે બંધ થયું અને તાળાં કુંચી થયાં પછી થોડી રાતે જ્યારે બધાં ઉંઘી ગયાં ત્યારે પેલો ભાણેજ દેહરા ઉપર ચઢગો અને ભમરકડી ફેરવી એટલે ત્યાં બારી થઇ ગઇ એટલે ત્યાં આગળથી તેણે એક દોરડું ફાંસ્યું અને મામાને ચેતાવ્યો કે પેલી મુર્તી બાંધી દો. મામાએ તે પારસમણીની મુર્તી બાંધી દીધી એટલે ભાણેજે તે ખેંચી લીધી. પછી ફરીવાર મામાને કાઢવા સારૂ તેણે દોરડું ફાંસ્યું અને તે ઉપર ચઢીને મામો આવ્યો અને બારી-માંથી નીકળતો હતો તેવામાં તેને મનમાં ઘણો આનંદ થયો કે આ મુર્તી હાથ લાગી તે બહું સારૂં થયું. અને બન્ને જણ આબાદ બહાર નીકળીને હવે જોઇશે તેટલો પૈસો પેંદા કરીને એક સુંદર મંદીર બંધાવીશું એવું વિચાર કરતાં તેનું હૃદય પ્રફુલ્લીત થઇ ગયું. અને તેનું શરીર ફુલી ગયું. ન તો હેઠે ઉતરાયુ કે ન તો ઉપર ચઢાયુ. અને અધવચ ભરાઇ રહ્યું. તે ઉપરથી મામાએ ભાણેજને કહ્યું કે સવારે બધા શ્રાવકો ઉઠશે ત્યારે મને ઓળખશે અને આપણા ભેખની તેઓ નિંદા કરશે અને આપણને પારકા ધર્મના અને ઠગ સમજશે. તેથી બહેતર છે કે તું મારૂ માથું કાપીને લેઇજા જેથી મને કોઇ ઓળખી શકે નહી એ પ્રમાણે ભાણેજે કર્યું અને માથું કાપી લીધું પણ માથું કાપતી વખતે મામાને એવી ભાવના થઇ કે ભાણેજ એકલો પડશે માટે તેની મદદમાં જો હું સાથે હોત તો બહુ સારૂં થાત. પણ ખેર નથી તો કંઇ નહી એમ સંકલ્પ કર્યો. તેથી તેનો ભાવનાનો બીજો દેહ બંધાયો અને પેલા રંગનાથ ઠાકોરની મુર્તી આગળ જઇને બેઠો અને ભાણેજતો હજુ રસ્તામાં હતો તે પહેલાં તે ત્યા ગયો ભાણેજ રસ્તામાં જતાં વિચાર કરવા લાગ્યો કે મામા જો જીવતા રહ્યા હોતતો મને ઘણી મદદ કરત એમ વિચાર કરતાં તે મુર્તી નજીક ગયો એટલે તેણે તે મંદીરનું કામ પાયા ખોદાવવાનું તથા સરસામાન લાવવાનું શરૂ કરેલું જોયું તે ઉપરથી તે ભાણેજ પસ્તાવા લાગ્યો અને પોતાની સેવા બીજાએ છીનવી લીધી એમ માન્યું પણ આગળ જઇને જોતાં પોતાના મામાનેજ ત્યાં દીઠો તેથી તે આશ્ચર્ય પામ્યો. પછી બન્ને જણ ત્યાં ભેટયા અને પછી બન્ને એ મળીને પોતાની મરજી પ્રમાણે તે મંદીર બનાવરાવ્યું-

હંશનો પ્રસંગ.

કોઇ એક રાજા હતો. તેના શરીરે કોડ નીકળ્યા હતા તેથી તેણે બધા વૈદોને એકઠા કરીને કોડની દવા કરાવરાવી પણ કોઇનાથી કંઇ મટયું નહીં ત્યારે તેણે વૈદોને હુકમ કર્યો કે આનો ઇલાજ તમો અમુક મુદતમાં નહી સોધી લાવો તો તમને બધાને હું ગર્દન મારીશ તે ઉપરથી બધા વૈદોએ વિચાર કર્યો કે કોઇ ન બની શકે એવી વાત આવડે તેને બતાવો કે જેવી તે આપણો ખ્યાલ મુકે એમ વિચારી રાજાને કહ્યું કે માનસરોવર ઉપર રાજ હંસ જે મોતીનો

ચારો ચરે છે અને જે ત્યાંજ રહે છે તેમને લાવીને તેનું તેલ કાઢીને જો કોઇ તમારે શરીરે ચોપડે તો તમને આ કોઢ મટી જાય તે ઉપરથી તે રાજાએ પારધીઓને બોલાવ્યા અને કહ્યું કે મારે રાજહંસ જોઇએ છે માટે તે અમુક મુદતમાં લાવી આપો નહી તો તે મુદત પુરી થયે. હું તમારી આખી જાતને ગરદન મારીશ. આખી જાત ગરદન મરાય તેનાં કરતાં ચાર જણનો જીવ જાય તો ખેર એમ વિચારી તેઓએ આખી નાતમાંથી ચાર માણસો આગેવાન ઉભા કર્યા અને તેઓ ચાર જણ રાજહંસની તપાસ કરવા ગયા. તેઓએ ઘણાં વન પસાર કર્યાં અને ઘણાં દુખ ભોગવ્યાં અને છેવટે માનસરોવર ઉપર જઇ પોહોચ્યા, ત્યાં રાજહંસને દીઠા પણ તે કોઇ રીતે હાથમાં આવતા નહીં એકવાર તેમણે જોયું તો તો કોઇ સાધુ આવ્યા હશે અને તેમને જોઇને તે હંસ ઉડી ગયા નહી તેથી તેઓ સાધુને ધીરે છે એમ જાણીને તેઓએ પોતાનો વેશ બદલ્યો અને મરડીઆ ઘસી ધોળાં ટીલાં કર્યાં અને રાતી માટીથી લુગડાં રંગીને પેહેર્યાં અને શંખલાઓની માળા બનાવી કોટે નાંખી અને પછી માનસરોવરપર ફરીને ગયા ત્યારે હંસને કહ્યું કે પેલા પારધીઓ વેશ બદલીને આપણને પકડવાને પાછા આવ્યા છે. માટે ચાલો આપણે ઉડી જઇએ ત્યારે હંસે કહ્યું કે તે હવે આપણા ઇષ્ટનો વેશ લેઇને આવ્યા છે માટે ઉડી જવું નહી તેમના મનમાં કપટ હશેતો તે જાણે આપણે તો તેમને સાધુ તરીકે માનવા જોઇએ અને ભલે તેઓ આપણને પકડીને મારી નાંખે આપણે તેના બાનાને માનવું છે. તેમના પેટની વાત આપણે જોવાની નથી તે ઉપરથી તે પંખી ત્યાંથી ઉડી ગયાં નહી અને પેલા વેશધારી સાધુ ત્યાં આવ્યા એટલે ઉલટાં તેમની પાસે જઇ તેમને પગે લાગ્યાં એટલે પેલા પારધીઓએ તેમને પકડી લીધાં અને રાજાને ત્યાં લેઇ જઇને આપ્યાં અને પોતાની આખી નાતને છોડાવી લાવ્યો. પરમેશ્વરને તે ઉપરથી ચીંતા થઇ કે મારા સાનોધુ વેશ લઇને તે પારધીઓ માનસરોવર પર ગયા અને તેથી તે હંસ હંસલીએ તેમને ધીર્યા અને તેઓ પકડાયાં અને તેમને રાજાને સોંપ્યાં અને રાજા તેમને મારીને તેલ કાઢશે તો ઘણું અયોગ થશે માટે તેમની સહાયતાએ મારે જલદી જવું નહી તો તેમના પ્રાણ નક્કી જશે તેથી વૈદનુ રૂપ લેઇને તે ગામમાં ગયા અને કેહેવા મંડયા કે કોડ, રગત પીત, અથવા જે રોગ હોય તેને હું જલદી મટાડી દઉંછું. કોઇને વૈદું કરાવવું હોય તો આવો. લોકોએ તેમને રાજાને ત્યાં મોકલ્યા અને રાજાએ તેમને તું જલદીથી છોડી દે. તે ઉપરથી તેણે તે બન્ને પંખીને ઉરાડી દીધાં અને તે વૈદે પોતાની ઝોળીમાથી એક મુળાડીયું કાઢી, ઘસીને રાજાને ચોપડી દીધુ તેથી તે રાજાનું શરીર કોડ મટી સોના જેવું કાંતીવાન થયું તેનો શરીર ઉપર ભગવાનનો હાથ ફર્યો તેથી પેહેલાંના કરતાં પણ સુંદર થઇ ગયુ તેથી રાજા આશ્ચર્ય પામ્યો અને ખુશી થયો અને વૈદને કહ્યું કે તમે કાંઇ ઇનામ માગો અથવા રાજ્ય માગો અથવા હું તૈયાર છું ત્યારે વૈદે કહ્યું કે મારે કાંઇ જોઇતું નથી. પણ તું સાધુઓની સેવા કરજે એટલે બસ છે. એમ કહી આગળ જઇને પોતે અંતર ધ્યાન થઇ ગયા. રાજાએ તથા બધા લોકોએ પછીથી તે વૈદના રૂપે ભગવાન આવ્યા હતા એમ જાણ્યું પછી પછી શું કામનું. પેલા ચાર પારધી જેમણે ફકત સાધુનો વેશ ધારણ કરી પોતાનાં ભુંડાં કૃત્ય કરવા સારૂં ઢોંગ કર્યો. હતો તેમણે વિચાર કર્યા કે આપણા ઢોંગની પ્રતિતી કરીને તે રાજહંસ પંખીઓએ પણ આપણને ધીર્યાં અને આપણી પાસે બંધાયાં અને પોતે મોત કબુલ કર્યું અને તેમને છોડાવવા સારૂ ભગવાન

વૈદનુ રૂપ લેઇને આવ્યા અને તેમને છોડાવી ગયા તો જો આપડે સાચા ભાવથી ભગવાનની ભક્તિ કરીશું તો આપણને શું શું થાય અને આપણું કેવુ ભાગ્ય થશે તે કહી શકાતુ નથી. માટે હવે ભક્તિ કરવી એમ વિચારી તેઓ ત્યાંથી બારોબાર વનમાં ગયા અને ખરા પ્રેમથી ઇશ્વરની ભક્તિ કરી અને પોતાનો ઓદ્ધાર કર્યો પણ ઘેર પાછા ગયા નહી તે રાજાએ તથા તેની રૈયતે પણ તે ઉપરથી ભક્તિ કરવા માંડી.

મહાજન સદાવૃતીનો પ્રસંગ.

એક વાણીઓ સદાવ્રત આપનારો અને ભક્ત હતો અને તેની સ્ત્રી પણ તેવીજ હતી. તે બંને રોજ સાધુની સેવા કરતાં એકવાર એક સાધુ તેમને ઘેર આવ્યો અને તે સ્ત્રી પુરૂષો તેની સારી સેવા કરી તેથી તેનું મન ત્યાં રેહેવાને લલચાઇ ગયું. તેથી તે વાણીઆને ઘેરજ તે જાથુક રહ્યો થોડાક દિવસ વિત્યા બાદ ગામમાં કોઇ ઠેકાણે લગન હશે તેનો વરઘોડો પાસે થઇને જતો જોઇને તેની વાત તેણે લોકોને પુછી લોકોએ કહ્યું કે આ માણસ પરણવા જાય છે તે સાંભળી તે સાધુને પણ મન થયું કે જો મારી પાસે પૈસો હોતતો હું પણ પરણીને આવી રીતે વરઘોડો ચઢાવત પછી તેણે એકવાર વિચાર કર્યો કે આ વાણીઆનો છોકરો જે હમેશાં ઘણું ઘરાણું પેહેરેલો રહે છે અને તેને મારી સાથે ઘણી મોહબત છે તેને દુર બોલાવી જઇને મારી નાંખીને દાટી દઇને તેનું ઘરાણું લેઇ લઉં તો હું પેલાની માફક પરણી શકુ પછી પોતાની મતલબ સાધવાનો નિશ્ચય કર્યો. અને જો કે તે વાણીઆને તે એકનો એક છોકરો હતો તોપણ તેને મારવામાં તેને કાંઇ ખેદ ઉત્પન્ન થયો નહીં અને એક દિવસ તેને ગામ બહાર તેડી ગયો અને તેને મારીને તેનું ઘરાણું કાઢી લીધું અને તેની લાસને દાટી દીધી અને પાછો તે વાણીઆને ઘેર આવીને બેઠો ઘણીવાર સુધી તે છોકરો ઘેર ન આવ્યો ત્યારે તેની માએ પોતાના પતી તે વાણીઆને ખબર કરી કે છોકરો હજી ઘેર આવ્યો નથી ત્યારે વાણીઆએ આખા ગામમાં ઢંઢેરો પીટાવી તપાસ કરાવીને દરબારમાં સંભળાવ્યું પણ તેનો કાંઇ પત્તો લાગ્યો નહીં પણ એક સાધુએ પેલા વાણીઆના સાધુને તે છોકરાને મારી નાખતાં દુરથી નજરે દીઠેલો હતો તેથી તેણે રાજાને આવીને કહ્યું કે એના ઘરમાં જે સાધુ રહે છે તેણેજ તે છોકરાને મારી નાખી દાટી દીધો છે. અને પાછો તેને ઘેર જઇ સાધુ થઇને બેઠો છે. વાણીઆએ તે વાત સાંભળી રાજાને કહ્યું કે આ સાધુએજ મારો છોકરો માર્યો છે માટે એને બાંધો ત્યારે તે સાધુએ કહ્યું કે હું તો ફકત વાત કહુંછું મેં કાંઇ છોકરો માર્યો નથી. ત્યારે વાણીઆએ કહ્યું કે અમારા સાધુએ અમારા છોકરાને માર્યો તેમા તમારે શું કામ ચાડી ખાવી પડે છે. તમે તમારે છાનામાના ઘેર જાઓ અમારા દેહ સુદ્ધાંત સર્વસ્વ સાધુનું છે માટે તમારે તેમની નિંદા કરવી નહીં અને કોઇના આગળ આ વાત હવે કરશો નહીં એમ કહી તે સાધુને રજા આપી. પછી તે વાણીઓ તથા વાણીઅણ ઘેર જઇ પેલા સાધુને કહ્યું કે આ ઘરની બધી ચીજ તમારી છે અને તેમાંથી એક ચીજ એક ઠેકાણેથી લેઇને બીજે ઠેકાણે મુકવાની તમારે શી જરૂર પડી એટલે તે સાધુ ચેતી ગયો અને પોતે તે છોકરાને માર્યો તે વાત કબુર કરી અને કહ્યું કે હુ ઘણો પાપી છું અને તમારૂં ખાઇને મેં તમારૂંજ ખોદયું માટે તમે મને જલદીથી મારી નાંખો ત્યારે તેમણે કહ્યુ કે તેમાં તમારો કંઈ દોષ નથી. જે બનવાનું હતું તે બન્યું પણ કૃપા કરીને અમને કહો કે એમ કરવાની તમને શી જરૂર પડી ત્યારે તેણે સ્ત્રી પરણવાનું મન થયાની વાત કહી તે ઉપરથી તે વાણીઅણે પોતાના પતીને કહ્યું કે હવે શોકને તજી આપડી છોકરી જે હજુ કુંવારી છે તે આ સાધુને પરણાવી દો જેથી આપ

ણી છોકરીને કોઇ અભકત પતી સાથે પરણાવવી પડે નહીં માટે આ સાધુ સાથેજ પરણાવી એ તો ઘણું સારૂં તે સાંભળી વાણીઆએ પોતાની સ્રીને સાબાશી આપી. પણ તે સાધુ ઘણો શરમીંદો થઇ ગયો અને પોતાને જીવથી મારી નાંખવાનું બન્ને જણને ઘણું ઘણું કહ્યું પણ બન્ને જણે તેને સમજાવ્યો અને કહ્યું કે તેમાં તમારો કાંઇ દોષ નથી એમ કહી પોતાની છોકરીને તેની સાથે ઉલટી પરણાવી આપી જુઓ ? પેલા વાણીઆ વાણીઅણની સાધુતાઇ કે તે સાધુ કે જેની તે લોકોએ સેવા કરી અને તે સાધુએ તેમનો અપકાર કર્યો તે છતાં પણ તેમણે તેનો ઉપકાર કરયો અને જરા પણ તેનો દોષ ગણ્યો નહીં પણ ઉલટું કહ્યું કે તમે છોકરીને અંગીકાર કરી જેથી મારા હૃદયનો દાહ મટે. અને એમ કહી પોતાની છોકરી પરણાવી આપી અને તેમને વિદાય કર્યા અને પછીં પોતાના છોકરાની લાશ જમીનમાંથી કાઢી તેને અગ્નીદાહ કર્યો. કેટલીક મુદત વિત્યા બાદ તે વાણીઆના ગુરૂ તેને ઘેર ફરતા ફરતા આવી ચઢ્યા અને છોકરાની ખબર પુછી ત્યારે તેમણે કહ્યું કે છોકરો તો મરી ગયો અને પેલા સાધુએ તેને મારી નાંખ્યો ને વાત કરી નહીં પણ ગામમાં ઉડતી વાત ઉપરથી તેના ગુરૂએ જાણ્યું કે તે છોકરાને એક સાધુએ મારી નાંખ્યો તે ઉપરથી તેમણે વાણીઆને સાચે સાચી વાત કહેવા કહ્યું ત્યારે તેણે માર્યાની વાત હા કહી. વાણીઆને તેમણે ભકિત કરતાં સીખવી અને તેને ભકિતનો ખરો રંગ ચડયો તે જોઇ તે ગુરૂ ખુશી થયા પણ ભકત કરતાં છોકરો ખોયો તેથી તેમને ઘણે શોક ઉત્પન્ન થયો તેથી તેમણે તેને કહ્યું કે આતો પરમેસ્વરે તારી પરીક્ષા લીધી. બાકી તારો છોકરો કાંઇ મરી ગયો નથી. માટે ચાલ જે જગાએ તેં તેને બાળયો હોય તે જગ્યા મને બતાવ તેથી તે વાણીઓ પોતાના ગુરૂને તે જગાએ લેઇ ગયો અને ગુરૂએ ત્યાં બેશીને ધ્યાન કર્યું અને પરમેશ્વરની સ્તુતિ કરી એટલે છોકરો જમીનમાંથી નીકળ્યો તે જોઇ બધા આશ્ચર્ય પામ્યા અને તેની ભકિતની પ્રસંસા કરી.

मुल छप्पय छंद. ॥

चारों जुग चतुर्भुज सदा, भक्त गिरा साची करन ॥
दारु मयी तरवार, सार मै रची भुवनकी ॥
देवा हित सित केश, प्रतिज्ञा राखी जनकी ॥
कमधुजके कपिचार, चिता परकाष्ट जुल्याए
जैमलके युध्ध मांहि, अश्व चढि आपुन धाए ॥
घृत सहित भेंस चौगुनी, श्रीधर संग सायक धरन ॥
चारों युग चतृभूज सदा, भक्त गिरा साची करन ॥

ભુવન ચોહાણનો પ્રસંગ.

કળીયુગના ભકતમાં ભૂવન ચોહાણ કરીને એક મોટો ભકત થઇ ગયો તે ઉદેપુરના રાણાને ત્યાં નોકર હતો. અને રાણાએ તેને બે લાખ રૂપિઆનો દરમાયો બાંધી આપ્યો હતો. કોઇથી થઇ શકે નહી તેવું કામ તેણે કરવું. એવી શરતે તે ત્યાં રહ્યો હતો. તેની હમેશ નોકરી તો ફકત કચેરી ભરાય ત્યારે કચેરીમાં જઇને રાજાને સલામ કરી આવવી એટલુંજ હતું. એકવાર રાજા શીકારે નીકળ્યો અને તેની સાથે બધા પટાવત નીકળયા

અને ભૂત્તન ચોહાણ પણ નીકળ્યો અને વનમાં જઇને એક ગર્ભવંતી હરણીને ઘેરી. હરણી ચારે તરફ જોઇ વળી કે હું ક્યાં થઇ નાશી જાઉં બધાઓની તરફ જોયું તો ત્યાં પોતાનો કાળ દીઠો પછી ચોહાણ તરફ જોયું તો તેના કપાળમાં તીલક દીઠું તેથી તે હરણી સમજી કે આ કોઇ ભક્ત દેખાય છે માટે તે મને મારશે નહીં એમ સમજી તે હરણી તેની તરફ થઇને નાઠી ત્યારે ચોહાણે વિચાર કર્યો કે આ હરણી મને ભગત જાણી મારી પાસે થઇ જવા ધારે છે માટે જો હું તેને મારૂં તો હું અભગત થાઉં ને જો હું નથી મારતો તો રાજાનો હરામનો પગાર ખાઉછું, એમ ઠરશે અને તેથી રાજા મને શિક્ષા કરશે માટે મારે શું કરવું છેવટે એમ વિચાર્યું કે હું તલવારને ઉંધી ફેરવીને એટલે ધારવાળું પાસું ઉપર અને બુઠું પાસું નીચે રાખીને તેને મારૂં એટલે તે હરણી મરે નહી અને જીવતી નાશી જાય અને મેં ચોટ મારી પણ ગણાય એમ વિચાર કરી જ્યારે હરણી આવી ત્યારે તેણે ઉંધી તલવાર મારી તેથી હરણીએ જાણ્યું કે હું તલવાર ઉપર કુદીને નાસી જઉં અને તે ઉપરથી તેણે ઠેકડો માર્યો એટલે ધારવાળું પાસું જે ઉપર હતું તેથી તેના કકડા થઇ ગયા તે ઉપરથી ચોહાણને ઘણો પશ્ચાતાપ થયો આ લોઢાની તલવાર હતી માટે હરણીનો જીવ ગયો માટે આજથી હવે મારે લોઢાની તલવાર રાખવી નહીં એમ નક્કી કરી તેણે એક લાકડાની તલવાર બનાવી અને તેને મુઠ સોનાની કરાવીને મ્યાનમાં રાખી મુકી અને તેને તલવારની જગાએ બાંધવા માંડી એકવાર તે સુની પડેલી હશે ત્યારે તેનું મ્યાન સારૂ જોઇને તે તલવાર કેવી હશે તે જોવાનું એક બીજા નોકરનું મન થઇ આવ્યું તેથી તેણે તે જોઇતો અંદર લાકડાની તલવાર દીઠી તે વાત તેણે મનમાં રાખીને એકવાર રાજાને ચાડી ખાધી કે ચોહાણ લાકડાની તલવારે મહીનો ખાય છે ત્યારે રાજાએ તે વાત સાચી માની નહીં કારણ કે થોડા દિવસ ઉપર તેણે હરણીના કકડા કરી નાખ્યા હતા તે પોતે નજરે જોયું હતું પેલો નોકર તો રોજ તે પ્રમાણે રાજાને કહેતો રહેતો પણ રાજા તે માનતો નહોતો એકવાર તે નોકરે અકળાઇને રાજાને પ્રતીજ્ઞા કરી કહ્યું કે ચોહાણની તલવાર નક્કી લાકડાની છે માટે તેની પરિક્ષા લેવી જોઇએ અને જો તે લાકડાની નહીં નીકળે તો મારૂં માથું હુલ ભલે તમે મને ગરદન મારજો તે સાંભળી રાજાને તેના ઉપર કંઇક પ્રતિતી આવી અને તેથી તેની પરિક્ષા લેવાની હા કહી એક દિવસે રાજાએ પોતાના બધા નોકરોને પોતાની તલવારો લેઇને એક વાડીમા મીજબાનીએ તેડાવ્યા અને ગમ્મતમાં રાજાએ બધાઓને કહ્યું કે બધા પોત પોતાની તલવારો મને બતાવો કારણ કે કોઇની બગડી ગઇ હોય તો તે હું સમરાવું. બધાએ તે પ્રમાણે બતાવી અને ફરતો ફરતો ચોહાણ ઉપર વારો આવ્યો. ત્યારે ચોહાણ સમજ્યો કે રાજાને કોઇએ મારી લાકડાની તલવારની ચાડી ખાધી લાગે છે માટે તેનું પારખું જોવાને રાજાએ આ મહેનત ઉઠાવી છે માટે તે જોતાં પહેલાંજ હુંજ તેને સાચી વાત કહી દઉં કે મારી તલવાર દારની એટલે લાકડાની છે પણ તેના મોંમાંથી સાર એવું નીકળી ગયું સાર એટલે સાર પરમેશ્વરે તેની વાણી સાચી પાડી અને રાજાએ જ્યારે તેની તલવાર જોવાનો આગ્રહ કર્યો ત્યારે તેણે તલવાર મ્યાનમાંથી ખેંચી અને ખેંચી તેવોજ વીજલીના જેવો ચમકારો થયો અને બધા અજંઇ ગયા અને મુર્છીત થઇ ગયા પછી તે તલવાર મ્યાનમા ઘાલી દીધી. રાજાએ પેલા ચાડીઆને ગરદન મારવાનો હુકમ કર્યો તે સાંભળી ચોહાણે રાજાને વિનંતી કરી કે એ જૂઠો નથી પણ સાચો મારી તલવાર તો લાકડાની છે પણ પરમેશ્વરેજ તેને લોઢાની કરીને બતાવી છે માટે તમે તેને ગરદન મારશો નહીં. અને તમારે તે જોવું હોયતો આ રહી ફરીને તે જુઓ એમ કહી તલ

વાર ફરીને બતાવી એટલે તે લાકડાની તલવાર દેખાઇ એ પ્રમાણે પેલાનો જીવ બચાવવા સારૂ તેણે ફરીને તલવાર બતાવી કારણ કે એક વાર ચોહાણની તલવારે હરણીનો જીવ લીધો હતો તેથી તેણે લાકડાની રાખી તોપણ તે આ માણસનો જીવ લેતી હતી તેથી તેને બચાવવા ખાતર પોતે સાચી હકીકત કહી દીધી તેનો ભક્તિનો આવો પડચો જોઇને તેને તે દિવસથી રાણાએ બમણો પગાર એટલે ચાર લાખનો પગાર કરી આપ્યો અને તેની નોકરી બરવી બંધ-કરી પણ ઉલટું રાજાએ તેમને કહ્યું કે હું આજથી તમારે ત્યાં તમારાં દર્શન કરવા રોજ આવીશ અને તમારી નોકરી આજથી માફ છે.

પુજારીનો પ્રસંગ

ઉદેપુરના એક રાણાએ ઠાકોરજીનું એક મંદીર બનાવ્યું હતું. અને તેની શેવા કરવાને તેણે એક પૂજારીને નીમ્યો હતો. અને તેની ભોગ સામગ્રી વિગેરેનું ખર્ચ તે આપતો હતો અને પોતે રોજ સાંજ કચેરી બરખાસ્ત કર્યાબાદ ઘેર જતી વખતે તે મંદીરમાં દર્શન કરવા જતો હતો. ત્યારે તે પૂજારી ઠાકોરજીને પેહેરાવેલો ફુલનો હાર જે તે રોજ એક ખુટીએ ભરાવી રાખતો તે રાજાના કોટમાં પ્રસાદી તરીકે નાખતો અને પછી રાજા દર્શન કરીને પોતાને ઘેર જતો. એક દિવસ તે પંડયાને મન થયુ કે હું રોજ રાજાના કોટમાં હાર નાંખુછું માટે આજ હું મારા કોટમાં હાર નાંખી જોઉં અને પછી હું કેવો દેખઉછું તે દર્પણમાં જોઉં તે પ્રમાણે તેણે કોટમાં હાર નાંખ્યો અને જેવું પોતાનું મોં દર્પણમાં જોતો હતો તેટલામાં રાજાની સ્વારી આવતી સાંભળી તેથી તેણે ધારતીને મારે તે હાર જલદીથી કાઢીને ખુંટીએ ભરાવી દીધો પણ ઉતાવળમાં તેની છાતીના વાળ કે જે ઘરડપણને લીધે ધોળા થયેલા હતા તેમાંના કેટલાક તે હાર સાથે ચપટી ભરવાથી ઉખડીને હારને ચોંટયા. રાજા અંદર આવ્યા અને દર્શને કરી રહ્યા એટલે પેલા પૂજારીએ પેલો હાર તેને પેહેરાવ્યો. રાજાએ તેમાં ધોળા વાળ જોયા. તેથી તે પૂજારીને પૂછ્યું કે શું ઠાકોરજી ઘરડા થયા કે આ ધોળા વાળ હારમાં આવ્યા. ત્યારે પૂજારીએ કહ્યું કે હા. ઘરડા થયા. ત્યારે રાજાએ કહ્યું કે ઠીક હું આવતે કાલ સવારમાં આવી ઠાકોરજીને તપાશી જોઇશ અને તેમને ધોળા વાળ આવ્યા છે કે નહીં તેની ખાતરી કરીશ અને જો ઠાકોરજીને ધોળા વાળ નહીં આવ્યા હોય તો હું તમારી ખબર લેઇશ એમ કહી રાજા તે વખતે ઘેર વિદાય થયો. અને પૂજારીના મનમાં ઘણી ચિંતા પેઠી કે હારતો મેં પેહેર્યો હતો તેથી ઉતાવળમાં તે કાઢતાં મારા ધોળા વાળ તેમાં વળગી રહ્યા હશે. અને તે વાત હવે રાજાને માલમ પડી અને ઠાકોરજી ઘરડા થયાની વાત મેં જુઠી બતાવી તેનું કેમ થશે. રાજા સવારે આવીને જોશે અને ઠાકોરજીને ધોળાવાળ નહીં દેખે એટલે તે મને જરૂર ગરદન મરાવશે માટે હવે જીવવાનો એકે ઉપાય નથી. હવે તો ઠાકોરજીની કંઇ સ્તુતી કરૂં. અને તે બચાવે તોજ હું બચું એમ વિચારી આખી રાત તે એકે પગે તપ કરતો ઉભો રહ્યો. અને ઠાકોરજીની ઘણી આતુરતાથી વિનંતી કરી. કે હે મહારાજ હું તો અભક્ત છું. ભક્તીની વાત તો હું કંઇ જાણતો નથી. અને પેટ ગુજરાનને સારૂ આ પૂજારીની નોકરી કરૂ છું અને મારી મુર્ખતાથી મેં હાર મારી કોટે ઘાલ્યો અને હવે તે વાત રાજાને માલમ પડી માટે તે મને ગરદન મારશે માટે હે મહારાજ મારા ઉપર આપ દયા લાવો અને મારો જીવ બચાવો હે હૃશીકેશ ભગવાન તમે સ્વેત કેશ કરો મોતની બીકથી વિનંતી કરતો તે આખીરાત જાગ્યો અને તેને ઉંઘ આવી નહી અને સવાર થઇ ત્યારે રાજા આવ્યો અને મંદીરનું તાળું ઉઘડાવી અંદર જો

યું તો ઠાકોરજીને ધોળા વાળથી ભરેલા જોયા અને તેને વૃધ્ધ સ્વરૂપની મુર્તી પ્રતીત થઈ તેથી તે આશ્ચર્ય પામ્યો તોપણ તેને સંશય રહ્યો કે વખતે પુંજારીએ કોઇના ધોળા વાળ લાવીને મુર્તીને ચોટાડયા હશે માટે તેની ખાતરી લાયક પરિક્ષા લેવી જોઇએ તેથી તેણે મુર્તીની દાઢી ઉપરથી એક વાળ ખેંચ્યો ત્યારે જેમ કોઇ માણસના વાળ ખેંચાય અને દુખ થાય તે પ્રમાણે તે મુર્તીએ વાળ તોડતાં ઉંચો શ્વાસ ખેંચ્યો અને તે વાળની જગાએથી લોહીની ધારા નીકળી અને તેથી રાજાનાં લુગડાં બગડયાં રાજા તે જોઇ મુર્છા પામ્યો અને થોડીવારે મૂર્છા વળી ત્યારે તેણે જે અપરાધ કર્યો તેની ક્ષમા માગી અને વારંવાર ઠાકોરજીની વિનંતી કરી ત્યારે ત્યાં આકાશ વાણી થઇ કે હે રાજા તેં મોટો અપરાધ કર્યો છે તો પણ હું તને તે ક્ષમા કરૂંછું પણ આજથી તને એટલી શિક્ષા કરૂંછું કે તને તથા તારી પછી જે બીજો રાજા તારી ગાદી ઉપર આવે તેને મારી મુર્તીનાં દર્શન કરવાનો અધીકાર નથી માટે તમારે અહીં દર્શન કરવા આવવું નહી અને જો આવશો તો વીપરીત થશે અને તે નિયમ આજદીન સુધી જે ગાદીએ બેસે છે તે પાળે જાય છે--

કમધ્વજનો પ્રસંગ.

ઉદેપુરના રાજ્યમાં કમુધ્વજ કહેવાતા એવા ચાર ભાઇઓ રહેતા હતા તેમાંના ત્રણ રાજાને ત્યાં સીપાઇની નોકરી કરતા હતા અને તેમાંનો એ સૌથી નાનો હતો તે કોઇની નોકરી કરતો નહોતો પણ વગડામાં જઇને પરમેશ્વરનું ભજન કરતો હતો અને ફક્ત ખાવાની વખતે બન્ને વેળા ઘેર આવીને તે ખાઇ જતો એકવાર તેના ત્રણે ભાઇઓએ તેને કહ્યું કે તું કંઇ નોકરી કરતો નથી અને વગડામાં જઇ ભજન કરે છે માટે જો તું નોકરીમાં તારૂં નામ લખાવે તો તારો પગાર ચાલતો થાય અને તારાં છોકરાંઓનો ગુજારો ચાલે અને તેમાં તારે જાતે નોકરી કરવા આવવું પડશે નહીં પણ તારી નોકરી અમે ઉઠાવી લેઇશું માત્ર તારૂ નામ નોકરીમાં નોંધાવીશ એટલે બસ છે પણ તેણે તે વાત સ્વીકારી નહીં ત્યારે ત્રણે જણે ખીજાઇને તેને કહ્યું કે તું કોઇની નોકરી કરતો નથી અને આવો વિરકત રહે છે ત્યારે તું જ્યારે મરી જશે ત્યારે તને કોણ બાળશે. ત્યારે તેણે કહ્યું કે તેજ મને બાળશે કે જેનો હું રોજ નોકરી કરૂં છું મતલબ કે પરમેશ્વર કેટલાંક વરસ વિત્યા બાદ તે નાનો ભાઇ કંઇ વગડામાં મરી ગયો અને તેની ખબર લોકોએ તેના ત્રણે ભાઇઓને કહી અને તેને અગ્નિદાહ દેવાનું કહ્યું પણ તે લોકોએ તે વાત ઉપર ધ્યાન આપ્યું નહી અને તેને બાળવા ગયા નહીં તેથી પરમેશ્વરને ચિંતા થઇ કે તે મારો ભક્ત હતો અને તેની લાશ કોઇ જનાવર બગાડશે તો તે ઠીક નહીં દેખાય માટે રામચંદ્રજીએ હનુમાન ને આજ્ઞા કરી કે મારા ફલાણા ભક્તની લાશને તમે અગ્નિદાહ કરી આવો અને તે પ્રમાણે હનુમાનજી મૃત્યુલોકમાં આવ્યા અને લાકડાં વીણી લાવી એકઠાં કરીને તે ભક્તને ત્યાંજ બાળ્યો. તે જગાએ એક મોટું ઝાડ હતું તેના ઉપર હજાર પ્રેત રહેતાં હતાં તેમાંનું એક તે વખતે ગામમાં ગયેલું હતું અને બાકીના ભુતોને તે ભક્તના બળતાની ધુણી લાગી તેથી તેઓ સદગતીને પામી વૈમાનમાં બેસીને દેવલોકમાં ગયા. હનુમાનજી તે લાશને બાળીને શ્રી રામચંદ્રજી પાસે ગયા. પછી પેલુ એક ભુત ત્યાં આવ્યું ત્યારે તેણે પોતાના સોબતીઓને ત્યાં જોયાં નહી તેથી તે ઘણો પશ્ચાતાપ કરવા લાગ્યું અને પોકેપોક મુકી રોવા લાગ્યું. તેનું રૂદન આવતા જતા લોકોએ સાંભળ્યું અને તેથી તે ઝાડ ઉપર જોયું તો કંઇ દેખાયું નહીં ત્યારે તેઓ અચંબો પામ્યા અને પુછયું કે અહીં કોઇ દેખાતુ નથી અને આ રૂદન કરે છે તે કોણ છે ત્યારે ભુતે કહ્યું કે હુ એક પ્રેત છું અમે હજાર પ્રેત અહીં રેહેતાં હતાં અને તેમાં

નો હું એક ગામમાં ગયો હતો અને અહીં એક ભક્તને બાળ્યો તેની ધુમાડી લાગવાથી બધા ભુતોની ગતી થઇ ગઇ અને હું એક અભાગીઓ બાકી રહી ગયો છું. ત્યારે લોકોએ કહ્યું કે તેનો કંઇ ઉપાય છે ત્યારે તેણે કહ્યું કે આ ભક્તની ચીતાની રાખોડી પડી છે તેમાં કોઇ હાડકાની કરચ રહી ગઇ હોય તો જુઓ અને જો કોઇ કરચ હોય તો તેને બાળો એટલે મારી ગતી થાય તે ઉપરથી તે લોકોએ તે રાખોડી તપાસી જોઇ તેમાંથી બે ચાર હાડકાના કકડા નીકળી આવ્યા તે લાકડા લાવીને બાળ્યાં અને તેનો ધુમાડો તે ભુતને લાગ્યો તેથી તે ભુત બધા લોકોના દેખતાં ચતુર્ભુજ મુર્તી થઇ વૈમાનમાં બેસી આકાશ માર્ગે ચાલ્યું ગયું તેથી બધા લોક અચંબો પામ્યા અને ભક્તની પ્રસંશા કરવા લાગ્યા અને તેના ભાઇઓ તથા બીજા લોકો આ બનાવ જોઇને પછીથી ભક્તિ કરવા લાગ્યા.

જેમલનો પ્રસંગ.

જેમલ નામનો એક રાજા કે જે મીરાં બાઇનો બાપ હતો તે પેહેલાં મારવાડમાં મેરતા ગામમાં રહેતો હતો. અને તે મોટો ભક્તરાજ હતો અને તે રોજ સવારમા સવા પોહોર દહાડો ઉગે ત્યાં સુધી ઠાકોર સેવા કરતો અને ત્યાં સુધી કચેરીમાં જતો નહોતો પણ પરમેશ્વરનું ધ્યાન કરતો હતો. અને જો કોઇ માણસ તેને તે દરમ્યાન બોલાવે તો તેની જીભ ખેંચી લેવાનો તેણે હુકમ કરી રાખેલો હતો. કચેરીમાં પણ તેણે એક મોટી માળા કરીને મુકાવી રાખેલી હતી અને બધા લોકો તે ત્યાં ફેરવતાં. તે માળાનો એક એક મણકો સવા સવા મણનો બનાવેલો હતો અને તેનો મોટો ચકરાવો થતો અને એક માણસ તેમાંનો એક મણકો આગળ ખસેડતો એટલે બીજો માણસ તેથી વધારે ખસેડતો અને તે પ્રમાણે તે માળાના બધા મણકા દરેક માણસથી ફેરવે જવાતા તે રાજાનો એક કરાયો હતો અને તેને રાજાએ દુર કરેલો હતો તેણે જાણ્યું કે સવા પોહોર દહાડો ઉગે ત્યાં સુધી તે પુજામાં રહે છે અને તે કોઇ સાથે લઢવા સામો થાય તેમ નથી માટે આ વખતે હું લશ્કર લેઇને તેના ગામને લુંટી લેઉં તો ઠીક એમ વિચારી તે લશ્કર લેઇને તેને ગામ આવ્યો અને દરવાજા પાસે આવીને તોપો છોડવા માંડી અને લઢાઇ કરવા માંડી તે જોઇ જેમલના પ્રધાને તથા મંત્રીએ વિચાર્યું કે રાજાને આ વાત જાહેર કરીએ તો ઠીક પણ જો આપણે કેહેવા જઇશું તો તે આપણી જીભ ખેંચી કઢાવશે માટે હવે શો ઉપાય કરવો. પછી તેઓ તેની મા પાસે ગયા અને રાજાને આ વાતની ખબર આપવા કહ્યું કારણ કે રાજા પોતાની માની જીભ ખેંચી શકશે નહી. તેમની માએ તે વૃતાંત તેમને જઇને કહ્યું ત્યારે પોતે પુજામાંથી બોલી ઉઠયા કે જેજ માણસ કે જેની હું પુજા કરૂં છું તે સહાય થશે અને દુશ્મનને પાછા હઠાવશે એવું સાંભળી તેમની મા પાછી ફરી. પરમેશ્વરને તેની ચિંતા થઇ તેથી તે શ્યામ સુંદર મુર્તીએ સીપાઇનું રૂપ લીધું અને ઘોડાહળમાંથી રાજાનો ઘોડો છોડી પોતે ઘોડેસ્વાર થઇ તથા હથિઆર બાંધીને દુશ્મન સામે ગયા અને તેમના દુશ્મનના આખા લશ્કરને પોતે એકલે કતલ કરી નાંખ્યું અને દુશ્મન જાતે જ્યારે નાશી જવા લાગ્યો ત્યારે પોતે તેની પાછળ પડીને તેને વગડામાં જતાં જતાં એક થપડાક મારી અને તેને મરણ તુલ્ય કરી નાંખ્યો. તેથી તેનામાં નાશી જવાની કંઇપણ તાકાત રહી નહી તેથી તે સાંજ રોતો પડયો રહ્યો. પછી તે સામળા સીપાઇએ પાછા ફરીને રાજાનો ઘોડો પાછો લાવીને તેને ઠેકાણે બાંધી દીધો અને પોતે અંતર ધ્યાન થઇ ગયા. થોડીવાર પછી રાજા પુંજામાંથી ઉઠયા અને દુશ્મનની ખબર જોવા સારૂ પોતાનો ઘોડો મંગાવ્યો ત્યારે તે ઘોડો ઘણો હાંફતો જોયો ત્યારે તેણે નોકરને પુછયું કે આના ઉપર કોણે સ્વારી કરી છે

ત્યારે તે કાંઇ બોલ્યો નહીં. કારણકે તે કંઇ જાણતો નહોતો પછી રાજાએ ઘોડા ઉપર બેસીને ગામ બહાર નીકળીને જોયું તો બધાં લશ્કરને મારી કતલ કરેલું જોયું અને આગળ જતાં તેમના ખુદ દુશ્મનને પણ રડતો જોયો તેથી તેને પુછ્યું કે તમે કેમ રડયા કરો છો ત્યારે તેણે કહ્યું કે તમારો એક કાળા રંગનો સીપાઇ આવ્યો હતો તેણે બધા લશ્કરને મારી નાંખ્યું અને મને એક સેજ થપડાક મારી તેથી હું મરણ તુલ્ય થઇ ગયો અને શકિત હીન થઇ ગયો છું તેથી રડયા કરૂંછું અને મારૂ મન તેણે હરી લીધું છે. મને મારે ગામ પાછા જવાની તાકાત રહી નથી. તમારો એક સીપાઇ અમને બધાંને પુરો પડયો છે માટે તમે હવે કોને મારવા જાઓ છો તે ઉપરથી રાજા સમજ્યો કે પરમેશ્વરે પંડે આવીને આ કામ કરેલું લાગે છે અને મારા ઘોડા ઉપર પણ પોતે જાતે સ્વાર થઇને આખું લશ્કર માર્યું માટે તેમના વગર બીજા કોઇનું ગજું નથી એમ વિચારી તેણે ધન્યવાદ માન્યો અને તેમણે પોતાના દુશ્મનનાં ઘણાં વખાણ કર્યાં કે તમે પરમેશ્વરને નજરો નજર જોયા અને હું આટઆટલું ભજન કરૂંછું તોપણ મને તે દર્શન દેતા નથી માટે તમે ધન્ય છો અને હું ભાગ્યહીન છું એમ કહી પછી તેની સાથે ભેટ્યો અને પછી તેણે એક મ્યાનો મંગાવી તેની અંદર તેને બેસાડી પોતાના નોકરો સાથે તેને આદર સહીત પોતાને ગામ મોકલાવી આપ્યો—

એક ગોવાળ ભકતનો પ્રસંગ.

એક ગોવાળીઓ ભેંસો ચારવાનો ધંધો કરતો હતો અને બીજી ભેંસો ભેગી તે પોતાની બે ભેંસો પણ ચારતો હતો. અને તેને ચરામણનું જે કાંઇ મળતુ તે તથા પોતાની ભેંસોનાં દુધ, ઘી, નું તેને જે કાંઇ મુલ આવતું તે બધું તે સાધુઓને ખવરાવી દેતો અને તેમાંથી પોતાનું ગુજરાન પણ કરતો. એ પ્રમાણે સાધુ સેવામાં તે એકવાર ગુંથાયેલો હતો ત્યારે તેની પોતાની ભેંસોને કોઇ ચોર ચોરી ગયો ત્યારે તેણે વિચાર કર્યો કે હવે મારે શું કરવું. ઘેર ડોશી જાણશે તો વઢશે પછી બીજા ઢોરોને ઘેર લાવીને તેમના ધણીઓને સોંપી દીધાં અને પોતે ભેંસો વગર ઘેર ગયો ત્યારે તેની માએ તેને પુછ્યું કે આજ આપણાં ઢોર કયાં ગયાં ત્યારે તેણે કહ્યું કે તમે ઘરડાં થયાં અને તમારાથી હવે દોહવા વલોવવાનું કામ થઇ શકતું નથી માટે મેં તેમને એક ઠેકાણે દોવરાવવા મુકયાં છે તે દુધ, ઘી, સાથે બમણાં થઇને પાછાં આવશે ત્યારે તેની માએ તે સાચું માન્યું. પછી તેણે તે વાત વિસારી મુકી તે દેશમાં એવો ચાલ હતો કે દિવાલીને બીજે દહાડે બધાં લોકો પોતે પોતાનાં ઢોરને નવરાવી ધોવરાવી રંગીને તથા દાગીના લુગડાં તેમના ઉપર નાંખીને તેમને ગામ બહાર કોઇ મેદાનમાં એકઠા કરતા અને પછી લોકોનો મેળો ભરી પુછ પાછ કરતા કે આ કોનું ને આ કોનું. તે પ્રમાણે દિવાલીનો બીજો દિવસ આવ્યો ત્યારે પેલા ચોરોએ પણ ઘરેણું લુગડાં નાંખીને તે ભેંસોને તેનાં પાડાં સહીત મેળામાં ઉભી કરી પણ ત્યાં કંઇ ભડકી અને તેઓ ઘણા દિવસથી અકળાએલીઓ હતી તેથી પુર પાટ દોડતી પોતાના અસલ ધણીને ઘેર આવી ઉભી રહી ત્યારે છોકરાએ માને ખબર કરી કે આપણી ભેંસો પાછી આવી પરમેશ્વરે તે છોકરાની વાણી આ પ્રમાણે સાચી પાડી અને બમણી ભેંસો પાડાં સમેત થઇને આવી અને ઘરેણાં લુગડાંથી ઘી દુધની કીમત પણ તેમાં સમઇ ગઇ તેથી તેણે પરમેશ્વરનો ઉપકાર માન્યો અને પછીથી પોતે વધારે ભાવથી ભકિત કરવા લાગ્યો.

શ્રીધર સ્વામીની આદી અવસ્તાનો પ્રસંગ.

શ્રીધર સ્વામી કે જેમણે ભાગવતની ટીકા કરેલી છે તે કોઇવાર પોતાના સેવકોમાં રમ-

વાને માટે ગયા હતા ત્યારે ત્યાંથી તેમને કાંઇક દ્રવ્ય મળેલું હશે તે લઇને તે પાછા ફર્યા ત્યાં રસ્તામાં તેમને ચોર મળ્યા. આગળ જતાં ચોરોએ વિચાર્યું કે એની પાસે કંઇ દ્રવ્ય લાગેછે માટે આગળ જતાં વગડામાં એને મારીને લુંટી લેવો એમ વિચારી શ્રીધરજીને પુછ્યું કે તમારી સાથે કોઇ વળાવો છે કે ત્યારે તેમણે કહ્યું કે જે બધાનો જીવનનો આધારછે તે શ્રીરામચંદ્ર મારો વળાવોછે. કેટલેક દુર ગયા પછી ચોરોએ તેમને લુંટી લેઇ મારી નાંખવાનો નિશ્ચય કર્યો એટલે ધનુષ્યબાણ લીધેલું એવો એક શ્યામ મુરતી પુરૂષ તેમણે જોયો અને શ્રીધરસ્વામીને જાણે કહેતો હોય કે ચાલો મહારાજ આપણને મોડું થાય છે એમ કહેતો દેખાયો તે ઉપરથી તે ચોરો સમજ્યા કે તેમનું કહેવું ખરૂં છે અને તેમની સાથે આ વળાવો છે થોડીક વાર પછી જ્યારે તે ન દેખાતો ત્યારે તેમને મારવાનો ફરીને વિચાર કરતા ત્યારે તે ફરીને દેખા દેતો અને આગળ ચાલતો એમ ઘણી વખતે તે લોકોએ લુંટવાનો વિચાર કર્યો પણ વળાવાને લીધે તેમનાથી તેમને લુંટી શકાયું નહીં આખરે પોતાનું ગામ આવ્યું અને પેલો વળાવો કંઇ દેખાયો નહી ત્યારે ચોરોએ તેમને પુછ્યું કે પેલો તમારી સાથે વળાવો હતો તે ક્યાં ગયો અને તે કોણ હતો ત્યારે તેમણે કહ્યું કે તે બીજું કોઇ નહીં પણ પરમેશ્વર પોતેજ હતા અને મને સલામતીથી અહીં પોહોચાડવા સારૂ તે મારી સાથે અહીં સુધી આવ્યા હતા અને મેં જે તમને કહ્યું હતું કે મારી સાથે શ્રીરામચંદ્ર છે તે મારા બોલને સાચો પાડવાને તે અહીં સુધી આવ્યા હતા તે સાંભળી ચોરો અચંબો પામ્યા અને તેમના ઉપર ભકિત ભાવ લાવ્યા.

मुल छप्पय छंद. ॥

भक्तनि संग भगवान, नित ज्यौं, गउवछ गोहन फिरें ॥
नहि किंचन इकदास तासके हरिजन आअे ॥
विदित बटोही रुप भये हरि आप लुटाए ॥
साखि देनकों स्याम खुरुदा प्रभु आप पधारे ॥
राम दासके सदन राय रनछोर सिधारे ॥
आयुध छत तन अनुगके बलि बंधन अप वपु धरे ॥
भक्त निसंग भगवान' नित, ज्यौं, गउ, वछ, गोहन फिरे ॥

નહિ કીંચનનો પ્રસંગ.

જેમ ગાય પછવાડે વાછડું તેમ ભકત પાછળ ભગવાન. બ્રાહ્મણોના કુળમાં હરીપાલ અડકવાળા બ્રાહ્મણોમા નિહ કંચન કરીને એક ભકતરાજ થઇ ગયો. તે ઘણો અનુરાગી સાધુ હતો. તેણે પોતાનો જે પૈસો હતો તે સંત સાધુઓને ખવરાવી દીધો પછી જ્યારે પૈસો ખુટી ગયો ત્યારે તેણે લોકોનું કરજે લાવીને સાધુઓને ખવરાવવા માંડયું પણ જ્યારે લોકોએ તેને કરજે આપવાનું બંધ કર્યું. ત્યારે હવે શો ધંધો કરવો તેનો તેણે વિચાર કર્યો અને છેવટે તેણે નકી કર્યું કે મારે લુંટવાનો ધંધો કરવો. લોકોને લુંટીને પૈસો લાવીને સાધુઓને ખવરાવવું. તે ઉપરથી તે રોજ ગામ બહાર જતો અને જે માણસ અભકત દેખાતો અને જેને તીલક માળા તે દેખતો નહી. તેની પાછળ તે પડતો અને તેને વગડામાં લુંટી લેઇ પૈસો લાવીને તે સંત સાધુને જમાડતો. એક દિવસ તે ગામ બહાર ઉભો હતો અને કાંઇ પણ ભક્ષ મળ્યું નહીં ત્યારે તે ચિંતા કરતો હતો. કારણ કે તે પોતાને ઘેર કેટલાક સાધુઓને બેસાડી પોતાની સ્ત્રીને કહીને આવ્યો હતો કે હું કોઇને લુંટીને હમણાં દ્રવ્ય લેઇ આવુંછું માટે ત્યાં સુધી તુ તેમની

સેવા કરતી રેહેજે પણ તેને મોડી વાર સુધી કંઇ ભક્ષ મળ્યું નહી ત્યારે શ્રીકૃષ્ણજી કે જે વૈકુંઠમાં રૂક્ષ્મણી સાથે બેઠા હતા ત્યાં તેમને ચિંતા થઇ અને તેથી તે ત્યાંથી ઉઠી ઉભા થયા અને લુગડાં પહેરવા લાગ્યા ત્યારે રૂક્ષ્મણીએ તેમને પુછ્યું કે હે મહારાજ તમે કયાં જાઓછો ત્યારે તેમણે કહ્યું કે પૃથવી ઉપર મારો એક ભાવીક ભક્ત છે અને તેને ઘેર વિવાહનો પ્રસંગ છે માટે હું ત્યાં જાઉંછું ત્યારે રૂક્ષ્મણીજીએ પુછ્યું કે મને સાથે લઇ જશો ત્યારે તેમણે કહ્યું કે ચાલો. રૂક્ષ્મણીજીએ ઘરેણું પેહેરી લીધું. કારણ કે વિવાહ ઉપર જવું તે ઘરેણા વગર સારૂ લાગે નહી. પછી ભગવાન લક્ષ્મીને લઇને પૃથવી ઉપર આવ્યા અને ત્યાં શેઠ શેઠાણીનું રૂપ લીધું અને ચો-રની પાસે થઇને વેહેલમાં બેસીને નીકળ્યાં. તેમણે શ્રાવક વાણીઆનો વેશ રાખ્યો અને માળા તીલક વગરના બનીને નીહકંચનને બીજા એક ગામનો રસ્તો પુછયો ત્યારે તેણે કહ્યું કે અહીંથી તે ગામ થોડા ગાઉ દુર છે પણ રસ્તામાં લુટારાનો ઘણો ભય છે માટે તમે કોઈ વળાવો કરો ત્યારે તેમણે કહ્યું કે જો કોઇ તેવો મળી આવે તો તેને કરીએ. ત્યારે ચોરે કહ્યું કે બે રૂ-પિઆ આપો તો હું આવું પણ એક રૂપિઓ મને અગાઉથી આપવો પડશે કારણ કે મારે ભાથુ જોઇએ તે હું કરી લેઉ. શેઠે કહ્યું ઠીક. તે ઉપરથી એક રૂપિઓ તેને આપ્યો. તે લેઇ તે ઘેર ગયો અને પોતાની સ્ત્રીને આપ્યો અને કહ્યું કે આનો કંઇ સરસામન લાવીને તું રસોઈ ચાલતી કર. અને હું એક મોટું ભક્ષ હાથ લાગ્યું છે તેને લુંટીને થોડી વારમાં પુષ્કળ દ્રવ્ય લેઇને પાછો આવું છું. જેથી આપણને જન્મારા સુધી ખુટશેજ નહીં, તેટલું મળશે એમ કહી તે પાછો તે શેઠ શેઠાણીની ગાડી પાસે ગયો અને તેમને લેઇને તે અઘોર વનમાં તેડી ગયો પછી ત્યાં શેઠને કહ્યું કે તમે લુગડાં ઘરેણાં ઉતારી આપો અને જો વધારે બોલશો તો હું તમને મારીશ તેથી શેઠ શેઠાણીએ મારની બીકથી લુગડાં ઘરેણાં ઊતારી આપ્યાં છે-વટે શેઠની આંગળીએ એક સોનાની વીંટી રહી અને તે નીકલતી નહોતી ત્યારે શેઠે કહ્યું કે તું આટલી વીંટી રહેવા દે ત્યારે તેણે કહ્યું કે રહેવા કેમ દઉં એટલી વીંટી હોયતો મારે કેટલા એક સાધુ તેથી જમે અને તારે ઘેરતો લાખો રૂપિઆ હશે માટે તને કંઇ જણાવાનું નથી માટે નહીં નીકળેતો આંગળી કાપી નાખુંછું એમ કહી માથામાંથી છરી કાઢી એટલે ભગવાને કહ્યું કે હું તને તે કાઢી આપુ છું તું આંગળી કાપીશ નહીં. પછી આંગળી નરમ કરીને વીંટી કાઢી આપી તેની સાધુ સેવાની આવી ભક્તિ જોઇને ભગવાન પ્રસન્ન થયા અને તેને ચતુર્ભુજ મુર્તીનાં દર્શન દીધાં ત્યારે તેને આશ્ચર્ય લાગ્યું અને ભગવાનને આમ કરવાનું કારણ પુછ્યુ ત્યારે તેમણે કહ્યું કે તારે ઘેર સાધુઓ ભુખ્યા બેઠા છે અને તને કાંઇ ભક્ષ મળ્યું નહીં તેથી મારે જાતે તારૂં ભક્ષ બનવું પડયું અને લક્ષ્મીને વગડામાં તારે હાથે લુંટાવરાવવી પડી તારા ભાવને લીધે હું અહીં આવ્યો છું માટે હવે તું તારે ઘેર પાછો જા. અને સાધુની સેવા આવાજ ભાવથી સારી રીતે કર્યા જજે એમ કહી પોતે અંતરધ્યાન થઇ ગયા.

સાખી ગોપાલનો પ્રસંગ.

બંગાળા દેશમાંથી એક વૃધ્ધ બ્રાહ્મણ વંદ્રાવન ઠાકોરજીનાં દર્શન કરવા સારૂ નિકળ્યો અને રસ્તામાં તેને એક બીજા બ્રાહ્મણના છોકરાનો સંગાથ થયો અને તે બન્ને સાથે સાથે ગયા અને વંદ્રાવનમાં એક ઠાકોર મંદીરમાં ઉતર્યા. કેટલાક દિવસ વિત્યા બાદ પેલો વૃદ્ધ બ્રાહ્મણ ત્યાં માંદો પડયો ત્યારે પેલા જુવાન છોકરાએ તેની બહુ સારી ચાકરી કરી તેથી તે વૃદ્ધ માણસ તેના ઉપર ઘણો પ્રસન્ન થયો ત્યારે તેણે તે છોકરાને કહ્યું કે હુંતો હવે મરી જાઉ છું પણ તારી ચાકરીનો બદલો વાળવાને હું મારી છોકરી તને આપું છું. તું મારે

ગામ જઇને મારૂ ઘર શોધી કાઢીને મારી સ્ત્રી તથા મારા છોકરાને કહેજે કે ફલાણો ડોસો મરી ગયો અને મેં તેની સારી રીતે ચાકરી કરી તેથી મરતી વખતે તેણે મને પોતાની છોકરી ચાકરીના બદલામાં આપી છે માટે મને તે પરણાવો ત્યારે તે છોકરાએ તે માંદાને કહ્યું કે તેઓ મારી વાત કબુલ કરશે નહી ત્યારે તે માંદાએ કહ્યું કે મારૂં નામ દેજે એટલે તે જરૂર તને આપશે. ત્યારે તેણે કહ્યું કે મારી પાસે સાક્ષિ પુરાવો માગશે તો તે હું ક્યાંથી લાવીશ ત્યારે તે માંદાએ કહ્યું કે આ વનમાલી ગોપાળના મંદીરમાં આપડે રહ્યા છીએ અને તેમણે આ આપડી વાત સાંભળી છે માટે તું તેમની સાક્ષિ આપજે એમ કહી તે ડોસો મરી ગયો અને તે છોકરાએ તેની ક્રીઆ કરી બાદ તે ડોસાને ગામ ગયો અને તેનું ઘર શોધી કાઢીને ત્યાં બધી હકીકત કહી ત્યારે તેના છોકરાએ તેને કહ્યું કે તે ડોસાએ દુખના બેભાનપણામાં ગમે તેમ બોલી દીધું હશે પણ હમે તને અમારી કન્યા કેમ આપીએ. તું શી નાતછે તે જાણ્યા વગર અમારાથી તને છોકરી કેમ દેવાય ત્યારે તે બ્રાહ્મણે તકરાર કરી અને ત્યાં ઘણા લોકો ભેગા થઇ ગયાં અને છેવટે રાજા પાસે તેની ફરિઆદ ગઇ ત્યારે રાજાએ તેને કહ્યુંકે સાક્ષિ પુરાવા વગરની વાત કબુલ થતી નથી માટે તારે આ બાબતમાં કોઇ સાક્ષી હોય તો લાવ. ત્યારે તે છોકરાએ કહ્યું કે વનમાલી ગોપાલના મંદીરમાં ઠાકોરજી સાંભળતા હતા અને તે ડોસાએ મને આ કહ્યું હતું અને તેણે મને ઠાકોરજીની શાખ દેવાનું કહ્યું હતું માટે તમે મને તે કન્યા અપાવો. ત્યારે રાજાએ કહ્યું કે તારા સાક્ષીને તું અહી લાવીને તારો પુરાવો આપ. તે ઉપરથી તે છોકરો તે ઠાકોરજી પાસે ગયો અને તેમની ઘણી ઘણી વિનંતી કરી ત્યારે તે ઠાકોરજી બોલ્યા કે પથરની મુરતી તે કોઇવાર પગે ચાલીને પરગામ આવતી હશે ત્યારે તે છોકરાએ કહ્યું કે ત્યારે શું પથરની મુરતી તે કોઇવાર બોલતી પણ હશે કે ? માટે જ્યારે તમે બોલ્યા ત્યારે તમે ચાલી પણ શકશો એમ નકી વાત છે. તે સાંભળી ઠાકોરજી હશી ઉઠયા અને તેને કહ્યું કે હું તારી સાથે આવીને તારી સાક્ષિ જરૂર પુરીશ પણ મારે તારી સાથે સરત કરવાની છે તે એકે તારે જ્યાં મને લેઇ જવો હોય ત્યાં જવા સારૂ તારે આગળ આગળ ચાલવું અને હું તારી પાછળ પાછળ આવીશ અને મારા પગમાં ઝાંઝર વાગે તેનો અવાજ સાંભળીને ઠાકોરજી મારી પછવાડે આવે છે એમ આકીન લાવી તું આગળ ચાલ્યો જજે અને પાછું વળીને જોઇશ નહી અને જ્યાં તું પાછું વાળીને જોઇશ ત્યાં આગળ હું અટકી ઉભો થઇ રહીશ. અને પછી તારી સાથે તે જગાએથી આવીશ નહી. છોકરાએ તે વાત કબુલ કરી અને બન્ને જણ ચાલ્યા અને તે ગામ આવ્યું અને તેની ભાગોળે ગયા એટલે છોકરાના મનમાં વિચાર થયો કે પથરની મુરતી કેવી રીતે ચાલે છે અને તેના પગ આગળીઓ કેવી રીતે વળે છે તે હું જોઇ લેઉં એમ વિચારી તેણે પાછું જોયું એટલે તે મુરતી ત્યાં ચોંટી ગઇ છોકરાએ કહ્યું કે હજી દુર છે માટે આગળ ચાલો ત્યારે ઠાકોરજીએ કહયું કે હવે હું નહીં આવું. મારે તારે કબુલાત છે તે પ્રમાણે મેં કર્યું માટે હવે તો તું તે લોકોને અહીં ગામ બાહાર બોલાવી લાવ અને મારી સાક્ષિ અહી લેવરાવ અને હું તે સાક્ષિ પુરીશ તે ઉપરથી તે છોકરો ગામમાં ગયો અને રાજાને સર્વે હકીકત કહી ઠાકોરજી ભાગોળે આવ્યા અને તેણે પાછળ નજર કરી જોયું તેથી તે ત્યાંજ અટકી રહ્યા છે એમ કહ્યુ તે ઉપરથી રાજાને અચંબો થયો કે શું પથરની મુરતી અહી સુધી ચાલીને આવી તે કેવી રીતે ? માટે તેને જોવાનું મન થયું. તેથી પોતાની કચેરીને લેઇને તથા તે બ્રાહ્મણની સ્ત્રી, તેનો છોકરા, તથા તેનાં સગાં સ્નેહીઓને લેઇને તે રાજા ભાગોળે ગયો અને ત્યાં તે છોકરાએ તે મુરતીની વિનંતી

કરી અને કહ્યું કે હવે મારી સાક્ષિ પુરો. ત્યારે મુર્તીએ કહ્યુ કે તે વાત સાચી છે. તે બ્રાહ્મણે મરતી વખતે તેની ચાકરીના બદલામાં પોતાની કન્યા આ છોકરાને આપી ચુકયો છે અને મને તે બાબત સાક્ષિ રાખેલો છે માટે તમે તેને તે કન્યા આપો. એ પ્રમાણે પથ્થરની મુર્તીના બોલવાથી અને શાખ પુરવાથી બધા લોકો અચંબો પામ્યા અને તે છોકરાનો સાચો ભક્તિ ભાવ સમજ્યા અને તેને તે કન્યા પરણાવી પછી તે રાજાએ તે ઠાકોરજીને વિનંતી કરી કહ્યું કે હે મહારાજ હવે તમે અહીજ રહો પછી ત્યાં મંદીર બંધાવી તે ઠાકોરજીની પ્રતિષ્ઠા કરાવી તે તેમને ત્યાંજ રાખ્યા તેથી તે મંદીરનું નામ સાખ ગોપાળ પડયુ જે મંદીર હાલ પણ શાખ ગોપાળના નામથી ઓળખાય છે.

બોડાણાનો પ્રસંગ.

ડાકોરમાં રામદાસ અથવા બીજે નામે બોડાણા કરીને એક ભક્ત રહેતો હતો તેના ગામની ભાગોળે બીજા દેશથી એક દિવસે એક સંઘ ઉતર્યો હશે. તેને રામદાસે પુછયું કે આટલા બધા લોકો તમે કઇ જાત્રાએ જાઓછો ત્યારે તેમણે કહ્યું કે અમે દ્વારકાં જઇએ છીએ અને ત્યાં ઠાકોરજીનાં અમો ભાવથી દર્શન કરીશું. તે ઠાકોજી જેમનું નામ શ્રી રણછોડજી છે તે અમારા મનના મનોરથ પુરા કરશે માટે અમે તે રણછોડરાયના દર્શન કરવા જઇએ છીએ એમ કહી ઠાકોરજીનાં કેટલાક વખાણ તે જાત્રાળુઓએ કર્યાં તે ઉપરથી રામદાસને દ્વારકાં જવાની રૂચી થઇ તેથી પોતે પણ તે સંઘની સાથે ગયો અને દ્વાવારકાંમાં જઇ ઠાકોરજીનાં દર્શન કર્યાં ત્યાં તેનો ભાવ વધ્યો તેથી તેણે એવો નીયમ લીધો કે વરસ દહાડામા બે ફેરા ત્યાં જવું કારણ કે દ્વારકાં પોતાના ગામથી છ મહિનાને રસ્તે દુર હતું. તે હાથમાં તુલસી વાવીને દ્વારકાં જતો અને ૭ મહિને ત્યાં પોહોંચતો અને તે તુલસી ઠાકોરને ચઢાવતો એમ કરતાં કરતાં ૭૨ વરસ નીકળી ગયાં અને તે ઘરડો થયો અને ચાલવાથી તે થાકી જવા માંડયો ત્યારે તે જોઇ ઠાકોરજીએ તેને કહ્યું કે તારે હવે અહીં આવવાની જરૂર નથી. તું હવે ઘરડો થયો માટે તારે ગામ રહે. તેમ છતાં તારો આટલો બધો ભાવ છે તેથી હુંજ પોતે તારે ગામ આવીશ. તું હવેને ફેરે આવે ત્યારે કોઇના બળદ અને વહેલ માગી લાવજે અને અગીઆરશને દહાડે તું અહીં આવીને મારા મંદિર પછવાડે વેહેલ છોડજે અને અગીઆરસને દિવસે અહીંઆ લોકો જાગૃણ કરે છે તેથી બારસને દિવસે રાત્રે બધાં ઉંધી જાય છે એટલે મધરાતે મારાં મંદિરમાં બારણાં પોતાની મેળે ઉઘડી જશે અને તું મને લઇને તારી વહેલમાં બેસાડીને તારે ગામ લઇ જજે તે પ્રમાણે તે વહેલ લેઇને અગીઆરશને દહાડે દ્વારકા આવ્યો અને મંદિર પાછળ ઉતર્યો અને બારશની રાત્રે જ્યારે બધા ઉંઘી ગયા ત્યારે મંદિરનાં દ્વાર ઉઘડી ગયાં એટલે તેણે ઠાકોરજીને ઉપાડી લેઇને તથા તેમનું ઘરાણું પોસાક ત્યાં ઉતારી નાંખીને તેમને પોતાની વહેલમાં બેસાડીને તેણે વેહેલ હાંકી મૂકી. રસ્તામાં ઠાકોરજીએ બોડાણાને કહ્યું કે તું થાકેલો છે માટે તું વેહેલમાં સુઇ જા અને હું વેહેલ હાકુછું. એમ કહી બોડાણાને સુવાડી દેઇ પોતે વેહેલ હાંકા અને પરોઢીયું થતાં ડાકોર ગામની નજીક આવ્યા એટલે બોડાણાને જગાડયો અને કહ્યું કે તારૂં ગામ આવ્યું હોયતોજો બોડાણો ઉઠયો અને પોતાના ગામનો સિમાડો જોઇને આશ્ચર્ય પામ્યો. પછી ઠાકોરજીને પોતાના ગામમાં લેઇ ગયો પણ મનમાં ધાસ્તી લાગી કે દ્વારકાંથી જો ગુગળીઓ આવશે તો ઠાકોરજીને પાછા લેઇ જશે માટે તેમને કંઇ સંતાડું તો ઠીક એમ ધારીને તેણેપાસે એક તળાવ હતું તેમાં ઠાકોરજીને પધરાવ્યા. હવે દ્વારકાંમાં જ્યારે પુજારીઓ જાગી ઉઠયા અને ઠાકોરજીને ત્યાં ન દીઠા અને ઘરાણું લુગડાં બધાં ઉતારેલાં જોયાં ત્યારે ઠાકોરજીને કોઇ લેઇ ગયુ એમ તેમણે માન્યું. અને

પેલો માણસ જે મંદિર પછવાડે વેહેલ હાંકીને ઉતર્યો હતો તેજ લેઇ ગયો હશે એમ નક્કી માન્યું. તેથી તેની પછવાડે જઇ ઠાકોરજી પાછા પડાવી લાવવાનો વિચાર કરી તેઓ ચાલી નીકળ્યા પણ ઠાકોરજી તો એક રાતમાં ડાકોર ગામમાં આવી ગયા હતા તેથી તેમને રસ્તામાં કોઇ ઠેકાણે ભેગા થયા નહી અને તેઓ તો છ મહીના પછી ડાકોર આવ્યા ત્યા આવીને બધી તપાસ કરી પણ ઠાકોરજીને કોઇ ઠેકાણે દીઠા નહી તેથી તે ગુગળીઓ અકળાઇ ગયા. બોડાણાએ ઠાકોરજી ચોરી જઇ કંઇક સંતાડયા તેથી તેમને તેના ઉપર ઘણી રીસ ચઢી તેથી તેમાંના એકે તેને જ્યારે જોયો ત્યારે તેને એક ભાલોડું માર્યું પણ બોડાણાને તે વાગ્યું નહી પણ ફક્ત ફુલ અડકે એટલું તેને લાગ્યું અને તેની ચોટ તળાવમાં ઠાકોરજીએ ઝીલી લીધી તેથી તળાવ લોહીવાળુ થઇ ગયું. પછી એક માણસે તેમને બાતમી આપી કે બોડાણો તળાવમાં મુરતી સંતાડતો હતો તે અમે નજરે જોયું હતું તે સાંભળી ગુગળીઓ ત્યાં ગયા અને જોયું તો તળાવ લોહીવાળું દીઠું. અને ત્યાં પાણીમાં તપાસ કરી ઠાકોરજીને શોધી કાઢયા તો તેમને ભાલોડું વાગેલું જોયું તે ઉપરથી તેઓ અચંબો પામ્યા અને ઠાકોરજીનો અહીં રહેવાનો ભાવ છે તેવું તેમને માલમ પડયું. પછી ઠાકોરજીએ બોડાણાને એકાંતમાં કહ્યું કે તું તેમને કહે કે ઠાકોરજી અહીં રહેવાના છે માટે તમે બધા પાછા જાઓ. અને તેમ છતાં જો તેઓ ન માને તો તું તેમને લાલચ આપજે કે હું તમને મુરતી બરોબર સોનું જોખીને આપું તે લેઇને પાછા જાઓ. ત્યારે બોડાણાએ કહ્યું કે તમારી મુરતી તો વખતે દસ પંદર મણની થાય તો હું તેટલું સોનું હું કયાંથી લાવું. ત્યારે ઠાકોરજીએ કહ્યું કે તારે તેની ચિંતા કરવી નહીં. તારી સ્ત્રીના નાકે સોનાની એક વાળી છે તે મુકજે એટલે બસ છે. પણ તેમને અગાઉથી વચ નથી બાંધી લેજે એ સાંભળી બોડાણો ગુગળીઓ પાસે ગયો અને તેમને કહયું કે ઠાકોરજીને અહીં રહેવાની મરજી છે માટે તમે પાછા જાઓ અને હું તમને ઠાકોરજી બરોબર સોનું જોખીને આપું છું તે સાંભળી ગુગળીઓ ખુશી થયા અને એક બીજાની સાથે કોલ કરાર કરીને તથા વચમાં આબરૂદાર માણસોને સાક્ષીમાં રાખીને એક કાંટો મંગાવ્યો અને તેના એક પલ્લામાં મુરતીને મુકી અને બીજામાં બોડાણાએ પોતાની સ્ત્રીના નાકની વાળી મુકી. પછી જોખ્યું તો વાળીવાળુ ત્રાંજવું બધાઓને દેખતાં જમીનને અડકેલું રહયું અને મુરતીવાળું ત્રાજવું ઉપર ગયું. તે જોઇ બધા વિસ્મય પામ્યા અને ઠાકોરજીને ડાકોરમાં રહેવાની મરજી છે એમ નકી માન્યુ ગુગળીઓ ઝંખવાણા પડી ગયા અને સોનાની એક વાળી માત્ર તેમના ભાગમાં મળી તેથી પશ્ચાતાપ કરવા લાગ્યા, પણ અગાઉથી વચને હારી ગએલા તેથી તેઓ કઇ બોલી શકયા નહી અને વાળી લઇને દ્વારકાં ગયાં. ત્યારે ઠાકોરજી એ તેમને કહ્યું કે બોડાણાના ભાવને લીધે હું તો અહીંજ રહુંછું પણ તમે દ્વારકા જઇ એક અમુક વાવમાં મારી બીજી મુર્તી છે તે કાઢીને મંદિરમાં પધરાવજો.

मूल छप्पय छंद. ॥

॥ वच्छ हरन पीछे बिदित सुनो संत अचिरज भयो ॥
॥ जसु स्वामि के वृषभ चौरी व्रज वासी लाये ॥
॥ तैसेइ, दिय श्याम बरष दिन खेत जुताये ॥
नामा ज्यों नंद दास मुइ इक वछि जीवाइ ॥
अंब अल्हको नये प्रगट जग गाथा गाइ ॥
बार मुखीकें मुकटकों श्रीरंगनाथको शिर नयो ॥
वछहरन पीछे बिदित सुनो संत अचिरज भयो ॥

જસુ સ્વામીનો પ્રસંગ.

જે દેશમાં થઈને ગંગા અને જમુના વહે છે તે વચ્ચેના પ્રદેશના એક ગામમાં જસુ સ્વામી કરીને એક બ્રાહ્મણ ભક્ત રાજ રહેતો હતો અને તે ખેતીનો ધંધો કરતો હતો. એક દિવસ તે પોતાના બળદીઆને ચરતા મુકીને કંઈ સાધુ શેવામાં ગયો હતો એટલામાં ચોરો આવીને તેમના બળદીઆ લેઈ ગયા. પછી તેણે પાછા આવીને જોયું તો બળદને દીઠા નહી ત્યારે તેમણે માન્યું કે કોઈ ચોર ચોરી ગયા હશે પરમેશ્વરને તેની ચિંતા થઈ કે આ મારો પરમ ભકત છે અને તેના બળદ ચોર લેઇ ગયા અને બળદ એ તેની ખેતીનું મુખ્ય સાધન છે માટે બળદ વગર તે શુ કરશે એમ જાણી તેમણે તેવાને તેવાજ બીજા બળદ ઉત્પન્ન કર્યા અને તે ત્યાંને ત્યાં ચરતા દેખાડયા તે ઉપરથી તેમને ચોર ચોરી ગયાનો વેહેમ દુર થયો અને પોતાના બળદ સમજી તેમને પાછા પોતાના કામે જોડયા પછી જ્યારે ચોરો તેમના બળદીઆને પોતાને ગામ મુકી આવીને પાછા બીજાના બળદ ફરી ચોરવા સારૂ ત્યાં આવ્યા ત્યારે તેમણે તેના તેજ બળદીઆ ત્યાં જોયા તેથી તેઓ અચંબો પામ્યા અને માંહો માંહે બોલ્યા કે આપડે હમણાંજ આ બળદીઆ ઘેર બાંધી આવ્યા હતા અને પાછા આપડી પેહેલાં અહી શી રીતે આવ્યા માટે ચાલો આપડે ઘેર જઈને તપાસ કરીએ ઘેર જઈને તેમણે જોયું તો તેજ બળદીઆ ફરીને પોતાને ત્યાં દીઠા તે ઉપરથી તેમને વધારે અચંબો થયો અને ફરીને પાછા બ્રાહ્મણના ખેતરમાં આવ્યા તો ત્યાં પણ તેના તેજ બળદીઆ જોયા અને તે પ્રમાણે તેઓએ બે ચાર વાર કર્યું પણ તેજ પ્રમાણે દીઠું તેથી છેવટે તેઓ મુંઝાઈ ગયા અને પેલા બ્રાહ્મણને પગે પડયા અને તેને આ અચંબાનો ભેદ પુછયો ત્યારે બ્રાહ્મણે કહ્યું કે હું તે કંઇ જાણતો નથી અને મારા બળદીઆ કંઈ ચોરાયા નથી માગતો જે બળદીઆ હતા તેના તેજ છે ત્યારે તેમણે કહ્યુંકે તમારા બળદીઆ તો અમે ચોરી લેઇ ગયા અને અમારે ઘેર બાંધી આવ્યા છીએ અને તમે તે બળદ અહીં પાછા શી રીતે લાવ્યા ત્યારે તે બ્રાહ્મણ મનમાં સમજ્યો કે આ કામ પરમેશ્વરનું લાગે છે. તેથી તેમને કહ્યું કે ત્યારે આ બળદીઆ મને પરમેશ્વરે આપ્યા હશે. તે ઉપરથી ચોર લોકો તેનો સાચો ભાવ સમજ્યા અને તેને પગે પડયા અને તેના ચેલા થયા અને ત્યારથી ભક્તિ કરવા લાગ્યા અને ચોરીનો ધંધો મુકી દીધો અને તે બ્રાહ્મણને અન્ન વસ્ત્ર, દુધ, દહી, વીગેરે સર સામાન પોહોંચાડવા લાગ્યા અને ત્યારથી બીજા સાધુઓની પણ શેવા કરવા લાગ્યા. અને તેમના ગુણ ગાવા લાગ્યા.

નંદદાસનો પ્રસંગ.

બરેલી ગામની પાસેના એક ગામમાં નંદદાસ કરીને એક બ્રાહ્મણ ભકતરાજ રહેતો હતો તે ઘરનો શ્રીમંત હતો અને તે સાધુ સેવાનો અનુરાગી હતો તેથી બીજા બ્રાહ્મણો તેની ઘણી અદેખાઈ કરતા અને તેને માથે કંઈ આળ લાવવા માટે એક દિવસ તેમણે તેના ખેતરમાં એક ગાયનું મરેલું વાછડું નાંખ્યું અને પછી તેની નિંદા કરવા લાગ્યા ગાય કે હીંદુ મારે નહી તે તેણે પોતાના ખેતરમાં મારી નાંખી માટે નંદદાસ ઘણો અભાગી દુષ્ટ અને હત્યારો છે. એમ વાતો ચલાવી અને તે સાધુ નહીં પણ ઢોંગી છે એમ તેની નિંદા કરવા લાગ્યા ત્યારે નંદદાસે કહ્યું કે હું તે કંઇ જાણતો નથી. ત્યારે બધા લોકો તેને તે બતાવવા સારૂ તેના ખેતરમાં લઇ ગયા તો ત્યાં તેણે મરેલી વાછડી દીઠી. તે ઉપરથી તે સમજ્યો કે મને દોષ દેવા સારૂ બીજા બ્રાહ્મણોએ આ કામ કરેલું લાગે છે. પછી નંદદાસે તે ગાયને એક સોટીથી જરા સ્પર્શ કર્યો અને કહ્યું કે હે ગાય માતા તમે ઉઠો એટલે તે ગાય ઉઠી ઉભી થઈ અને મરેલી ગાય સજીવન થઇ તેથી બધાને આશ્ચર્ય થયું. અને તેમની આવી સાચી ભક્તિએ તેમની બુદ્ધિને હરી લીધી અને તેથી આકર્ષાઈને તે બધા લોકો પછી ભક્તિ કરવા લાગ્યા.

અલ્હજીનો પ્રસંગ.

અલ્હ નામનો એક સાધુ પોતાની મંડલી લેઇને પરગામ વિચરવા જતો હતો ત્યાં એક નગરમાં જઇને રાજાનો બાગ જોઇ ત્યાં ઉતર્યો અને એક આંબાના ઝાડ હેઠળ તેણે પોતાના ઠાકોરની શેવા કરવા માંડી. શેવા કરી રહ્યા પછી ભોગ ધરાવવાની વખત થઇ ત્યારે ત્યાં તે આંબાને કેરીઓ આવેલી જોઇ તેમાંની એક કેરી ઠાકોરને ધરાવવા સારૂં ત્યાંના બાગવાન પાસે માગી ત્યારે બાગવાને કહ્યું કે આ કેરીઓ ઠાકોરજીની છે માટે તમારે જોઇએ તેટલી લેઇને ધરાવો. તે ઉપરથી તેમણે ધ્યાન કરીને હાથમાં જળ લીધું અને સંકલ્પ કર્યો કે હે મહારાજ આ કેરીઓ આરોગજો. હું તમને ધરાવુંછું. એમ કહી જળ મુકયું એટલે તે ઝાડનાં બધાં ડાળાં નીચાં નમ્યાં અને કેરીઓ ભોંય ઘસડાવવા લાગી તે જોઇ બાગવાન અચંબો પામ્યો અને દોડતો રાજા પાસે ગયો અને તેને સર્વ હકીકત કહી સંભળાવી. ત્યારે રાજાને તે જોવાનું મન થયું અને તેથી પોતે જાતે ત્યાં આવ્યો અને આખું ઝાડ નીચું નમી ગયેલું જોયું તેથી તે આશ્ચર્ય પામ્યો અને તે સાધુના આગળ લોટી પડ્યો અને તેમને કહ્યું કે હે મહારાજ હું આજદીન સુધી અનાથ હતો તે તમે અત્રે પધારીને આજે મને સનાથ કર્યો. પછી સાધુએ તેને કહ્યું કે હવે તું આજથી ભકિત કરતો રહેજે અને સંતસાધુની સેવા કરજે અને એટલો અમારો તારા પ્રત્યે ઉપદેશ છે. તે તું ગ્રહણ કર.

ગુણકાનો પ્રસંગ.

એક ગામમાં કે જ્યાં એક ગુણકા રહેતી હતી તે ગામમાં કોઇ સાધુ આવ્યા અને તેમણે પુછ્યુ કે આ ગામમાં કોઇ હરી જનનું ઘર છે? ત્યારે ત્યાંના લોકોએ મશ્કરીમાં ગુણકાનું ઘર બતાવ્યું. અને તે સાધુઓ ગુણકાને ઓટલે જઇ બેઠા અને ત્યાં ઠાકોર સેવા કરતા જોયા. તે ઉપરથી તેણે જાણ્યું કે હું સંતસાધુઓને તો લાયક નથી. અને મારે ઘેર આ સાધુઓ આવીને ઠાકોર શેવા કરે છે તે શું? માટે કોઇએ તેમની મશ્કરી કરીને અહીં મોકલ્યા લાગેછે. માટે મારે હવે તે વાત તેમને જણાવવી નહી અને પછી ઘરમાં જઇને મોહોરોનો એક થાળ ભરી લાવીને તેણીએ સાધુઓનાં મોં આગળ મુકયો અને તેમને કહ્યું કે આ ઠાકોરજીને તમે ધરાવો તે ઉપરથી સાધુઓએ તેને પુછ્યું કે તું કોણ છે? ત્યારે ગુણકા મુંઝાણી. અને વિચાર્યું કે જો હું ગુણકા છું એવું કહું તો તેઓ ભેટ લેશે નહીં એમ સમજી તે બોલ્યા વગર ઉભી થઇ રહી ત્યારે સાધુઓએ તેને કહ્યું કે તું શું કરવા સંકોચ રાખેછે જે ખરી હકીકત હોય તે કહી દે ત્યારે ગુણકાએ કહ્યું કે બારમુખી એટલે ગુણકા છું ત્યારે સાધુઓએ કહ્યું કે ત્યારે તારો પૈસો અમારે કામનો નથી. ત્યારે તેણે કહ્યુ કે મારી પાસે આવો ઘણોજ પૈસો છે અને તે કોઇ સાધુ લેતા નથી ત્યારે મારે તેનું શું કરવું ત્યારે સાધુઓએ કહ્યું કે આ ગામમાં એક શ્રી રંગનાથ ઠાકોરનું મંદીર છે માટે ત્યાંના ઠાકોરજીનો તું એક મુગટ બનાવરાવ અને તારૂં બધું દ્રવ્ય તેમાં ખરચીને તેને અમુલ્ય કરી લાવ એટલે તે ઠાકોરજીને પેહેરાવીએ, ત્યારે ગુણકાએ કહ્યું કે મારૂં દ્રવ્ય બ્રાહ્મણો પણ અંગીકાર કરતા નથી તો ઠાકોરજી કેમ અંગીકાર કરશે ત્યારે સાધુએ કહ્યું કે ઠાકોરજી તારા સાચા ભાવને લીધે તે અંગીકાર કરશે. તે ઉપરથી ગુણકાએ પોતાનો બધો પૈસો ખરચીને એક અમુલ્ય મુગટ બનાવ્યો અને તે સાધુઓને આપ્યો. સાધુઓ ગુણકાને સ્નાન કરાવી વસ્ત્રાભુષણ પેહેરાવી તેણીને સાથે લઇને ઠાકોરના મંદીરમાં ગયા ત્યારે ગુણકા મંદીર બાહાર ઉભી રહી કારણ કે પોતે નીચ જાતી શુદ્ર હતી તેથી અંદર પેસતાં ખમચાઇ ત્યારે સાધુઓએ તેને કહ્યું કે તું નીશંક અંદર ચાલી આવ તે ઉપરથી સાધુની આજ્ઞાથી તે મંદીરમાં ગઇ અને ઠાકોર

પાસે જઇ ઉભી એટલે તેને રજસ્વળા પ્રાપ્ત થઇ તે ઉપરથી તે પાછી હઠી એટલે ઠાકોરજીએ ડોક નમાવી અને તેણીએ સાધુઓને કહ્યું કે મને સ્ત્રી ધર્મ આવ્યો છે ત્યારે સાધુઓએ તેને કહ્યું કે તેની કંઈ ચિંતા કરીશ નહીં. જો ! આ ઠાકોરજી મુગટ પહેરવાને માથું નમાવી રહ્યા છે એટલે ઠાકોરજી બોલ્યા કે લાવ મને મુગટ પહેરાવ. એટલે તેણીએ પોતાને હાથે ઠાકોરજીને મુગટ પેહેરાવ્યો અને પોતાની જાતને કૃતાર્થ માની તે પ્રસન્ન થઇ.

मुल छप्पय छंद. ॥

और जुगनि तें कमल नैन कालिजुग बहुत कृपा करी ॥
बीच दिए रघुनाथ भक्त संग ठगिया, लागे ॥
निर्जन बनमें जाय दुष्ट क्रम कियो अभागे ॥
बीच दिये, सो, कहां राम, कहि नारिं पुकारि ॥
आए सारंग पानि शोक सागर तें तारी ॥
दुष्ट किये निर्जव दास प्राण संज्ञा धारी ॥
और जुगनि तें कमल नैन कालिजुग बहुत कृपा करी ॥

એક બ્રાહ્મણનો પ્રસંગ.

એક બ્રાહ્મણ પરગામ પરણેલો હતો તે પોતાની સ્ત્રીને લેવા સારૂ સાસરે ગયો અને ત્યાંથી પોતાની સ્ત્રી લેઇ પાછો ફર્યો ત્યાં રસ્તામાં તેમને વેશ ધારી સાધુના રૂપે ઠગ મળ્યા અને તેમને પુછ્યું કે તમે ક્યાં જાઓછો? ત્યારે તેમણે કહ્યું કે જ્યાં તમે જાઓછો ત્યાં અમે પણ જઇએ છીએ એમ કહી પછી બધાં આગળ ચાલ્યા થોડેક છેટે જઇને સ્ત્રી પછવાડે પડી અને ઉભી રહી અને પોતાના ધણીને પાછો બોલાવ્યો અને તેને કહ્યું કે મને પગે કાંટો વાગ્યો છે તે તમે આવીને કાઢો. ત્યારે ધણી પાછો આવ્યો એટલે તેણીએ તેને ચેતાવ્યો અને કહ્યું કે મને પગનો કાંટો નહીં પણ હૃદયનો કાંટો વાગ્યો છે. આ સાધુઓ નથી પણ ઠગ છે અને તેઓ તમને મારીને મારી પાસે જે ઘરાણું છે તે લેઇ જવાનો ઇરાદો રાખે છે માટે તમે પાછા ફરો. તેટલામાં તે ઠગ ચેતી ગયા અને તેમને આપણો વહેમ આવ્યો એમ સમજી તેઓ તેમની પાસે આવ્યા ત્યારે તે સ્ત્રી પુરૂષે કહ્યું કે અમેં આજ પાછાં જઈએ છીએ. ત્યારે ચોરોએ કહ્યું કે તમે અમારો વિશ્વાસ લાવો. અમે કાંઇ ઠગ નથી અને અમે તમને લુંટીશું નહીં. ત્યારે સ્ત્રીએ કહ્યું કે તે વાતની અમને પ્રતિત કેમ પડે. ત્યારે ચોરોએ કહ્યુ કે અમારા તમારા વચ્ચે શ્રી રઘુનાથજીછે માટે અમે તમને લુંટીશું નહીં ત્યારે તે સ્ત્રીને તે વાત ઉપર પ્રતિતી પડી અને પછી બધાં જણ આગળ રસ્તે ચાલ્યાં ત્યારે ચોરોએ તેમને સીધો રસ્તો ચુકાવીને આડે રસ્તે લીધાં અને વગડામાં લેઇ જઇને પેલા બ્રાહ્મણને મારી નાંખ્યો અને સ્ત્રીને લુંટી લીધી, ત્યારે સ્ત્રી ચારે તરફ આડું અવળું જોવા લાગી ત્યારે ચોરોએ તેને કહ્યું કે તારો ધણીતો મારી નાંખ્યો માટે તારી મદદે હવે કોણ આવનાર છે કે તું આડું અવળું જુએ છે? ત્યારે તે સ્ત્રીએ કહ્યું કે ધણીતો મરવાનો હતો તે બે દહાડા વેહેલે મોડો પણ મરત. માટે મને તેનો કાંઇ શોક નથી પણ જેને તમે વચ્ચે રાખ્યો હતો તે હજુ સુધી કેમ જણાતો નથી માટે હું તેનો શોક કરૂંછું અને તેનેજ હું આડી અવળી ફરીને જોઉંછું એમ કહી તે સ્ત્રીએ ત્યાં ઘણી આરત વાણીથી પરમેશ્વરની સ્તુતિ કરી એટલે ધનુષ બાણ લેઇને શ્યામ સુંદર મુર્તી શ્રીરામચંદ્રજી ત્યાં તરત દેખાયા અને તે ચોરોને મારી નાંખ્યા અને તે સ્ત્રીના મુએલા ધણીને સજીવન કર્યો અને તેનું લુંટેલું ઘરાણું પાછું આપ્યું અને તે પ્રમાણે તેના સાચા ભાવનું ફળ તેને આપ્યું.

मुल छप्पय छंद. ॥

एक भुप भागोतकी कथा सुनत हरि होइ रति ॥
तिलक दाम धरि कोय ताहि गुरुगोविंद जानै ॥
षट दरशनी अभाव सर्वथा घट करि मानै ॥
भांड हांसीको भेख हांसी हित भंड कुट ल्याए ॥
नर पतिके द्रढ नेम ताहिके पाव धुवाए ॥
भांड भेख गाढे गह्यो दरस परस उपजी भगति ॥
एक भुप भागोतकी कथा सुनत हरि होइ रति ॥

એક ભાંડનો પ્રસંગ.

એક રાજા મોટો ભક્તરાજ હતો અને તે સાધુની શેવા સારી રીતે કરતો અને ભાંડ ભવૈયાઓને તે કંઇ આપતો નહોતો તે ઉપરથી એક ભાંડે નીશ્ચય કર્યો કે જો, કે તે ભાંડને કંઇ નથી આપતો તો મારે તેના પાસેથી કંઇ દ્રવ્ય લેવું અને એમ વિચારી તે સાધુનો વેષ લેઇને તે રાજાને ત્યાં ગયો અને નાચીને તથા તાલ વગાડીને તેને સાધુનો ડોળ બતાવવા લાગ્યો. પણ રાજાએ તેને ઓળખી લીધો અને જો કે તે સાધુનો વેશ લઇને આવ્યો છે. પણ જાતે તે ભાંડ છે પણ સાધુના બાનાને લીધે તેણે તેની બહુ શેવા ચાકરી કરી અને પછી મોહોરોની એક થાળ ભરાને તેના આગળ ભેટ મુકી અને તેને વિનંતી કરીને કહ્યું કે હે માહારાજ તમે આ અંગીકાર કરો. ત્યારે તે ભાંડને રાજાની વર્તણુક ઉપર ચટકો લાગી ગયો. અને પોતે વિચાર કર્યો કે જોકે હું માગણ જાત છું છતાં રાજાએ મારી આ પ્રમાણે સેવા કરી અને મને આટલો બધો પૈસો આપવા માંડ્યો તે મારા આ વેશને લીધેજ છે માટે જો આ વેશ હું ખરા ભાવથી ભજવું અને સાચો ભકત થાઉં તો પછી શું બાકી રહે એમ વિચારી તેણે તે થાળ લીધી નહી. અને તેના મતીને ત્યારથી ભકિતનો રંગ ચઢવા માંડ્યો તેથી તેણે રાજાને કહ્યું કે આ થાળની મને વાસ આવે છે માટે અહીંથી જલદીથી ઉપાડી લ્યો. અને એ પ્રમાણે તેની બુદ્ધિ બદલાઇ ગઇ માટે જેની પરમેશ્વર બાંહ્ય પકડે તે પછી દુનિઆની આશકિતમાં શું કરવા રહેવુ પડે.

॥ मुल छप्पय, छंद ॥

अंतर निष्ट नरपाल इक पर्म धर्म नाहिन दुजी ॥
हरि सुमिरन हरि ध्नान आन काहु न जनावै ॥
अलगनि इहि विधि रहै अंगना भरम न पावै ॥
निंद्रावस सो भुप वदन तें नाम उचार्यो ॥
रानी, पति पै, रीझि बहू तब सुता परवार्यो ॥
रुषिराज शोच कर्यो नारिसो आजु भक्ति मेरीकुजी ॥
अंतर निष्ट नरपाल इक पर्म धर्म नाहिन दुजी ॥

એક સ્રીનો પ્રસંગ.

એક હરી ભક્ત રાજાની કુંવરી એક બીજા રાજાને ત્યાં પરણાવી હતી અને તે કુંવરી પણ પોતે હરીભક્ત હતી. પણ તેણે પોતાના પતીમાં તેનો કંઇ ભક્તિ માત્ર જોયો નહી

ત્યારે તે પસ્તાવા લાગી અને તેથી તે રોજ ઘણી સુકાતી જતી અને રોજ શોકાતુર રહેતી એક દિવસે તેનો ધણી ભર ઉંઘમાં વીહારીલાલ એવું બોલી ઉઠયો અને તે તેણીએ સાંભળી લીધું તેથી તે ઘણી ખુશી થઇ અને વિચાર્યું કે મારો ધણી તો સાચો ભક્ત લાગે છે અને પોતાની ભક્તિ ગુપ્ત રાખે છે અને તે કોઇને જણાવવા દેતો નથી પછી સવારમાં ઉઠીને તેની ખુશાલીમાં તેણે આખા ગામમાં સાકરો વેહેંચી તે જોઇ રાજાએ તેને પુછયું કે રોજ તું શોકાતુર રહેતી હતી અને આજ તું ઘણી આનંદમાં લાગે છે અને ગામમાં સાકરો વહેંચાવે છે તેનું કારણ શું છે, ત્યારે રાણીએ કહ્યું કે આજ દીન સુધી તો હું તમને વિમુખ સમજતી હતી પણ ગઇ રાત્રે મેં તમને ઉંઘમાં વિહારીલાલ બોલતાં સાંભળ્યા તેથી તમે ગુપ્ત ભક્તરાજ છો એમ મેં જાણ્યું માટે મને અતીહર્ષ થયો છે. તે સાંભળી તે રાજા બોલ્યો કે શું મારા પરમેશ્વર કે જેમને મેં આજદીન સુધી મારા હૃદયમાં રાખી મુકયા હતા તે આજ રાત્રે બહાર નિકળી ગયા અને તે વાત શું તેં જાણી લીધી. એ-મ કહી તરતજ તેના પ્રાણ નીકળી ગયા તેથી રાણીને ઘણો પસ્તાવો થયો અને પોતાને ધિક્કાર આપ્યો અને પોતાના પંડને કહ્યું કે તેં આ વાત ગુપ્ત કેમ ન રાખી પછી તેના વિરહમાં તે રાણીના પણ પ્રાણ છુટી ગયા.

मुल छप्पय छंद. ॥

गुरुगादित वचन शिष सत्य अतिद्रढ प्रतीति गाढोगह्यो ॥
अनुचर आज्ञा मागि कह्यो कारजकों जै हों ॥
आचारज इकबात तोहि आये तैं कै हों ॥
स्वामी रह्यो समाय दास दरसन कों आयो ॥
गुरुकी गिरा विश्वास फेर सब धरमैं ल्यायो ॥
शिष पन साचो करन कों विभुसब सुनन सोही कह्यो ॥
गुरुगादित वचन शिष सत्य अतिद्रढ प्रतीति गाढो कह्यो ॥

એક ગુરૂ નિષ્ટ શિષ્યનો પ્રસંગ.

એક ગુરૂ ભકત સાધુ હતો અને તે જે પ્રમાણે તેના ગુરૂ તેને કેહેતા તેજ પ્રમાણે તે ચાલતો અને સત સાધુઓની સેવામાં તત્પર રહેતો. એકવાર તેને કોઇ વાતની કંઇ શંકા થઇ તેથી તેણે પોતાના ગુરૂને તેનો ખુલાસો પુછયો. ત્યારે ગુરૂએ તેને કહ્યુ કે તે ખુલાસો હું તને કોઇ પ્રસંગોપાત કરીશ. થોડા દિવસ વિત્યા પછી તે ચેલાને કંઇ બહાર ગામ જવાનું બન્યું તેથી તેણે ગુરૂને કહ્યું કે મને પેલો ખુલાસો કહો કારણ કે મારે પરગામ જવાનું બન્યું છે. ત્યારે ગુરૂએ કહ્યું કે તું પરગામ જઇને આવ એટલે તને તે કહીશું. પછી ચેલો પરગામ ગયો અને ત્યાં બે ચાર દિવસ રહ્યો. એટલામા ગુરૂ અહિં માંદા પડયા અને દેવલોક પામ્યા તે વાત સાંભળીને તે ચેલો પેલી વાતનો ખુલાસો પુછવાને દોડતો ત્યાં આવ્યો તો ગુરૂને પાલખીમાં પધરાવીને લેઇ જતા જોયા તેથી તેણે પાલખી ઉતરાવી લોકોને કહ્યું કે ગુરૂએ મને એક બાબતનો ખુલાસો આ જગાએ કરી આપવાનું વચન આપ્યું છે અને તે પ્રમાણે મને ખુલાસો કરી આપ્યા વગર તે સ્વધામ કેમ ગયા માટે મને તે પુછી લેવા દો એમ કહી તેણે પાલખી ઉતરાવી અને ગુરૂની સાચા ભાવથી વિનંતી કરીને તેમને કહ્યું કે હે મ-હારાજ તમે મારો ખુલાસો પુરો કર્યા વગર સ્વધામ કેમ જાઓછો એટલે તેના સાચા ભાવને લીધે

તે મડદામાં પ્રાણુ ચેતના પાછી આવી અને તે ચેલાનું જે પૂછેલું હતુ તેનો સંપૂર્ણ રીતે ખુલાસો કર્યો. અને પછી પ્રાણુ પાછા જતા રહ્યા. આ પ્રમાણે તે ચેલાને સાચો ભાવ હતો તો મુવેલુ મડદું પણ સજીવન થયું અને તેની સાથે વાત ચીત કરી.

मुल छप्पय छंद. ॥

संदेह ग्रंथि खंडन निपुन बानि विमल रैदासकी ॥
सदाचार श्रृति शास्त्र वचन अविरुद्ध उचार्यो ॥
नीर खीर विवरन परम हंसनि उर धार्यो ॥
भगवत कृपा प्रसाद परमगति, इति, तन, पाइ ॥
राज सिंघासन बैठी ज्ञाति परतीति दिखाइ ॥
वर्णाश्रम अभिमान तजी पद, रज, वंदही जासकी ॥
संदेह ग्रंथि खंडन निपुन बानि विमल रैदासकी ॥

રઈદાસનો પ્રસંગ.

એક બ્રાહ્મણ રામાનંદનો શીષ્ય હતો અને તે બ્રહ્મચર્ય વ્રત પાળતો અને રોજ ગામમાંથી ભિક્ષા માંગી લાવીને રસોઇ કરીને રામાનંદને જમાડતો અને રામાનંદ તે રસોઇને પોતાના ઠાકોરજીને પેહેલી ભોગ લગાવીને પછી પોતે જમતાં એક દિવસે તે એક વાણીઆને ત્યાંથી સીધુ લાવ્યો હશે અને રસોઇ કરી રામાનંદને પીરસી અને રામાનંદે ઠાકોરજીનું ધ્યાન કરી ભોગ લગાવવા માંડયો ત્યારે ઠાકોરજી તેમના ધ્યાનમાં આવ્યા નહીં તે ઉપરથી તેમણે શિષ્યને પુછ્યું કે આજ તું કોનું શીધું લાવ્યોછું ત્યારે તેણે કહ્યું કે એક વાણીઆનું શાધું લાવ્યોછું ત્યારે રામાનંદે કહ્યું કે તે વાણીઆનું શીધું લાગતું નથી ત્યારે તેણે ફરીને કહ્યું કે તે વાણીઆનું છે. એમ બે ત્રણવાર તેમણે તેને પુછ્યું અને તેણે તેજ પ્રમાણે ઉત્તર આપ્યો પછી રામાનંદે શિષ્ય કહ્યુંને કે જા તેની પાકી ખાત્રી કરી લાવ. પછી તે શિષ્ય વાણીઆને ઘેર ગયો અને તેને પુછ્યું કે આજ તમે મને કોનું સીધું આપ્યુંછે. ત્યારે તે વાણીઆએ કહ્યુ કે સીધું તો મારૂ છે પણ તેના પૈસા અસલ એક ચામડીઆના હતા તેથી તે ચામડીઆનું સીધું કહેવાય એ સાંભળી તે શિષ્ય રામાનંદ પાસે આવ્યો અને તે હકીકત કહી સંભળાવી. રામાનંદે તે ઉપરથી જણાવ્યું કે આજ ચમારનું સીધું હતું તેથી ઠાકોરજી મારા ધ્યાનમાં આવ્યા નહીં અને શિષ્યને મેં બે ત્રણ વાર પુછ્યું તે છતાં તે હઠ કરીને મને વાણીઆનું સીધું કહે ગયો માટે મારે તેને શ્રાપ દેવો એમ વિચારી તેને શ્રાપ દીધો કે તું ચમારને ઘેર જન્મ લે પછી કેટલાંક વર્ષ વિત્યાં બાદ જ્યારે તે શિષ્ય ગુજરી ગયો ત્યારે શ્રાપને લીધે તે એક ચમારને ઘેર અવતર્યો. અને તેનુ નાંમ રૈદાસ પડયું. આગલે જન્મે તેણે સીધુ સેવા તથા ગુરૂ સેવા કરી હતી તેથી તેને આગલા જન્મનું સ્મરણ રહ્યું અને હવે ચમારને ઘેર અવતર્યો અને મોટપણમાં તેને ચમારનો નીચો ધંધો કરવો પડશે તેથી તેનોકંટાળો લાવીને તેણે દેહ ત્યાગ કરવાનો વિચાર કર્યો અને તેથી તે પોતાની માને ધાવ્યા નહી ત્યારે તેમાં મા બાપે બહુ કલ્પાંત કરવા માંડયું. પછી જ્યાં રામાનંદ સ્વામી બેઠા હતા ત્યાં તેમને આકાશ વાણી થઈ કે હે રામાનંદ તમે શિષ્યને ભારે દંડ દીધો તમે તેને શ્રાપ દીધો તેથી તે ચમારને ત્યાં જનમ્યો. પણ તે માને ધાવતો નથી અને દેહ પાડવાનું ધારે છે માટે તમે ત્યાં જઇને તેને સમજાવો કે મારા શ્રાપને લીધે પામેલો

આ ચમારનો જન્મ તારે પુરો કર્યા વગર છુટકો નથી. માટે તુ માને ધાવ અને આપઘાત કરવાનું છોડી દે. તે સાંભળી રામાનંદ સ્વામી ચમારને ત્યાં ગયા અને ત્યાં જઇ ખબર કાઢી તો તે બાળકનાં મા બાપ તેમને પગે પડતાં આવ્યાં. અને તેમનો છોકરો ધાવે તેવો ઉપાય કરવાનું તેમને કહ્યું. રામાનંદે પેલા બાળકને એકાંતમાં લેઇ જઇને કહ્યું કે મારા શ્રાપને લીધે તને આ ચમારને ત્યાં અવતરવું પડ્યું છે માટે તે મિથ્યા થશે નહીં અને તે અવતાર તારે પુરો કરવો પડશે. તેથી તું માતાને ધાવ અને બીજી વાત છોડી દે. એમ કહી રામાનંદ ત્યાંથી ગયા અને છોકરાએ માને ધાવવા માંડયું. પછી જ્યારે તે મોટો થયો ત્યારે તેને સાધુ સેવા ઉપર ઘણી પ્રીતિ થવા લાગી અને પરમેશ્વરનું ભજન કરવા લાગ્યો અને પોતાના ઘરનો પૈસો ટકો લેઇ જઇને તે સંત સાધુને ખવડાવી દેવા લાગ્યો તે ઉપરથી તેનાં મા બાપે જાણ્યું કે આ છોકરાને આપડે ઘરમાં રાખવો યોગ્ય નથી માટે તેને એક જુદું છાપરૂં બાંધી આપી જુદો રાખો. તે પ્રમાણે તે જૂદો રહ્યો પણ પાડોશમાં તેનાં મા બાપ રહેલાં હતાં તેથી તેનાથી જોઇએ તેવી છુટથી સાધુ સેવા થઇ શકતી નહોતી તેથી તેણે તેમનાથી દુર એક બીજી છાપરી બાંધી અને ત્યાં તે રહેતો અને ત્યાં ઠાકોર સેવા પધરાવી ને સાચા ભાવથી ભજન કરતો. તે પોતાનું ગુજરાન નભાવવાને ગામમાંથી ચામડું વેચાતુ લાવી જુના જોડાને થાગડાં મારી વેચતો અને સાધુ સેવા પણ કરતો. પણ ગરીબાઇને લીધે તેને સાધુ સેવા કરવામાં ઘણું દુઃખ સહન કરવું પડતું. તેથી પરમેશ્વરને તેની ચિંતા થઇ અને તેથી પોતે એક સાધુનું રૂપ ધરીને તેને ત્યાં આવ્યા ત્યારે રૈદાસે તેમની સારી પેઠે સેવા ચાકરી કરીને તેમને પ્રસન્ન કર્યા. ત્યારે તેમણે તેને પૂછયું કે તારા ઘરમાં તો કંઇ દ્રવ્ય જણાતું નથી અને તું સાધુ સેવા તો ઘણી સારીકરે છે માટે મને લાગે છે કે તારે સેવા કરવામાં ઘણુ દુઃખ વેઠવું પડતું હશે માટે લે આ મારી પાસે એક પારસમણી છે તે હું તને આપું છું. એમ કહી પારસ આપવા માંડયો અને કહ્યુ કે તે લોઢા ઉપર લગાડે એટલે તેનું સોનું થઇ જાય માટે એને લેઇને તું જોઇએ તેટલો પૈસો પેદા કરજે અને તે દ્રવ્યથી એક મંદીર બનાવજે અને ત્યાં ઠાકોર શેવા પધરાવજે અને ત્યાં રોજ સાધુઓને પણ જમાડજે. ત્યારે રૈદાસે કહ્યું કે હું તો ગરીબ સારો મારે કંઇ મોટાં મંદિર જોઇતા નથી. અને મારે શ્રીમંત પણ થવું નથી મારેતો ધનમાં ધન એક શ્રીરામનું નામ, તે ધનરૂપછે. મારે પારસ પથ્થરનું શું કામછે માટે જેને જોઇએ તો હોય તેને આપો નહીંતો તમે તમારી પાસે રાખો તે સાધુએ ધાર્યું કે એને આ પારસના ગુણની કંઇ ખબર નથી માટે તે આમ કહે છે માટે લાવ તેને નજરે દેખાડું તો તે લઇ લેય એમ વીચારીને રૈદાસની એક લોઢાની ખરપડી પડી હતી તેને તે પારસ ઘસ્યો અને તેને સોનાની કરી દીધી ત્યારે રૈદાસે કહ્યું કે અરે આ તમે શું કર્યું? મારેતો તે ચામડું સાફ કરવા માંથી પણ ગઇ. મારે સોનાનું કંઇ કામ નથી માટે મારો ખ્યાલ મુકો ત્યારે તે સાધુએ ઘણો આગ્રહ બતાવ્યો અને તેને કહ્યું કે તું આને લે અને તારે કામ નહોયતો તું તેને એક ઠેકાણે સંતાડી રાખજે અને જો તને કંઇ જરૂર પડેતો તેને તું વાપરજે ત્યારે રૈદાસે કહ્યું કે મારેતો તેના કંઇ જરૂરનથી પણજોતમારે તે આપવાનો ઘણો આગ્રહ હોયતો ભલે તમે મારા છાપરાની એક વળીએ તે બાંધી જાઓ અને જ્યારે તમે પાછા આવો ત્યારે તે છોડી લેજો. એટલે તેમણે તે પ્રમાણે કર્યું અને પછી બહાર જઇને અંતર ધ્યાન થઇ ગયા. પછી તેર મહીને તે ત્યાં પાછા આવ્યા અને રૈદાસને પારસમણીની વાત પુછી ત્યારે તેમણે કહ્યું કે જ્યાં તમે તે. બાંધી ગયા હો ત્યાં તેવાને તેવો તપાસી લ્યો. તે જોઇ પરમેશ્વરને તેની દુર્બળ અવસ્થાની વીશેષ ચિંતા થઇ કે ધન આપુંછું તોપણ તે લેતો નથી માટે હવે મારે તેને કેવી રીતે આપવુંપછી રૈદાસને તેમણે કહ્યું કે આજથી તારી ઠાકોર

સેવાના સંપુટમાં રોજ સવારમાં પાંચ મહોરો નિકળશે તે તું લેજે અને તે પૈસાથી તું ઠાકોર મંદીર બનાવજે અને સાધુ સેવા કરજે. અને આટલી મારી વાત સ્વીકારીને તું મોહોરો લેજે એમ કહી તે સાધુના રૂપે આવેલા પરમેશ્વર બહાર નીકળ્યા અને અંતરધ્યાન થઈ ગયા. રૈદાસે જાણ્યું કે આ સાધુ મને પરાણે બલા વળગાડી ગયા. માટે હવે તે લેવા પડશે. પછી રૈદાસ રોજ શેવા કરવા બેસતા ત્યાં રોજ પાંચ મહોરો નીકળતી અને તે પ્રમાણે મોહોરો નીકળવાથી તેમને ઘણુ દ્રવ્ય એકઠું થયું અને તે પૈસાથી તેમણે એક મોટું મંદીર ચુના ગચ્છીનું બંધાયું અને ત્યા ઠાકોર શેવા કરવા માંડી અને સંત સાધુની સેવા સારી રીતે થવા માંડી અને રોજ ઓચ્છવ થવા માંડયા. તેથી રૈદાસના ગામોગામ જશ ગવાવા લાગ્યાં. બધા લોક ત્યા મંદીરમાં દર્શન કરવા આવતા તે જોઇ તેના ગામના બ્રાહ્મણોને અદેખાઇ પેદા થઇ અને તેથી તેઓએ રૈદાસને ઘેર જઇને તેને કહ્યું કે તું ઠાકોર સેવાનો અધીકારી નથી. માટે ઠાકોર સેવા કરવી છોડી દે. તુંતો ચમાર છે અને ઠાકોરસેવાનો અધિકાર તો ફક્ત બ્રાહ્મણોનેજ છે અને જો તું અમારૂ કેહેવું નહી માનેતો અમે તને મારી નાંખીશું. રયદાસે કહ્યું કે મેં કોઇની કંઇ ચોરી કરી નથી કે તમારી ધમકીથી હું બીની જાઉં. હું તો પરમેશ્વરનું ભજન કરૂં છું અને તેમ કરવામા હું કોઇને કંઇ દુઃખવતો નથી માટે તમે મને શામાટે સતાવો છો? તમારો બીવરાવ્યો હું કાંઇ બીવાનો નથી. તે ઉપરથી તે બ્રાહ્મણોએ રાજાને ત્યાં જઇને ફરીયાદ કરી કે ઠાકોર શેવા કરવાનો અધિકાર ચમારનો નહી પણ વેદધ્વની કરનાર બ્રાહ્મણોને હોય છે. તેમ છતાં રૈદાસ નામનો ચમાર ઠાકોર સેવા કર્યે જાયછે માટે તેને આપડા ગામમાંથી કાંઢી મુકવો જોઇએ રાજાએ પોતે રૈદાસના ચરણા પડચા આગળ જોયેલા હતા તેથી તેમને તેણે કહ્યું કે રૈદાસ સાચો ભક્તરાજ છે. એમ હું સારીરીતે જાણુંછું માટે તમારી વાત હું કબુલ રાખી શકતો નથી બ્રાહ્મણોએ પછી રૈદાસને ત્યાં જઇને ભારે તોફાન કયુ ત્યારે તે વખતે રૈદાસના ગુરૂભાઇ કબીર ત્યાં આવેલા હતા. તેથી કબીરે બ્રાહ્મણોને કહ્યું કે તમે તોફાન શું કરવા કરોછો. તમે પંચ એકઠું કરીને પંચ સમક્ષ તેનો ન્યાય કરવો. અને તે ન્યાય અને તે ન્યાય કરવાનું કામ ઠાકોરજીને સોપો અને ઠાકોરજી જે કરે તે બન્ને પક્ષે કબુલ રાખવું. એટલે તે વાતને બ્રાહ્મણોએ સ્વિકારી. અને પછી પંચને એકઠુ કરીને ત્યાં રાજાને બોલાવ્યા પછી કબીરે એક બાજુ ઉપર રયદાસને બેસાડયા અને બીજી બાજુએ બ્રાહ્મણોને બેસાડયા અને વચમાં ઠાકોર સેવા પધરાવી અને બ્રાહ્મણોને કહ્યું કે આ ઠાકોરજીની સેવા કરવાનો રયદાસને અધિકાર નથી પણ તમને બ્રાહ્મણોને છે માટે આ ઠાકોરજીને તમે બન્ને પક્ષવાળા વારા ફરતી પોતાની પાસે બોલાવો અને ઠાકોરજી જેની પાસે જાય તેને તે સેવાનો અધિકાર છે એમ સમજવું અને તે વાત બંન્ને પક્ષે માન્ય કરી પછી પેહેલાં બ્રાહ્મણોએ ઠાકોરજીને બોલાવવાનું શરૂ કર્યું અને વેદ ભણવા માંડયા અને ઘણાં ઘણાં સ્તોત્ર ગાઇને ઠાકોરજીને પોતાની પાસે બોલાવ્યા પણ ઠાકોરજી તેમની તરફ ગયા નહીં. તેથી બ્રાહ્મણોનાં મોં ઉતરી ગયાં. પછી રયદાસનો વારો આવ્યો ત્યારે તેમણે એકજ પદ ગાયું એટલે ઠાકોરજી ત્યાંથી ઉપડીને રયદાસના ખોળામાં જઇને બેઠા તે ઉપરથી બ્રાહ્મણો માન ભંગ થઇ ગયા અને શરમાઇને પોતાને ઘેર જતા રહ્યા. તે વાત દેશદેશાંતર ચાલવા માંડી અને ફરતી ફરતી ચીતોડમાં ગઇ અને ત્યાં એક ઝાલી નામની રાણીને કાને તે પડી. એક વાર ઝાલી રાણીએ એક ભાવીક સાધુને પુછ્યું હશે કે મારે ગુરૂ કરવા છે તે હું કોને ગુરૂ કરૂં? ત્યારે પેલા સાધુએ તેણીને કહ્યુ કે ગુરૂ કરવા જેવું તો હાલમાં કોઇ જણાતું નથી પણ કાસીમાં રામદાસ સ્વામીના બે ચેલા છે જેમાંના એકનું નામ કબીર અને બીજાનું નામ રયદાસછે. અને તે ગુરૂ કરવા લાયક છે માટે તે બેમાંથી ગમે તે એકને તું ગુરૂ કર. તે સાંભળી તે રાણી કાસીએ ગઇ ત્યારે તેની પછવાડે તેના ગામના બ્રાહ્મણો પણ કાસીએ ગયા. રાણીએ કબીરને

ત્યાં જઇ તપાસ કરી તો ત્યાં કંઈ ભપકો દીઠો નહીં. કારણ કે કબીરનો ત્યાગ વૃતીના હતા તેથી એક ઝુંપડામાં રહેતા હતા અને રાણી પોતે લોભાથી રજોગુણી સ્વભાવની હતી. તેથી કબીરને ગુરૂ કરવાનું તેને ઠીક લાગ્યું નહીં. પછી તે રૈદાસને ઘેર ગઇ ત્યારે ત્યાં તો મોટાં મોટાં મંદિર અને ઘણો ઠાઠમાઠ જોયો તેથી તેનું ચિત્ત ત્યાં આગળ ચોંટયું. તેથી તે ત્યાં રહી અને રૈદાસને ગુરૂ કર્યા ત્યારે પેલા પોતાના ગામના જે બ્રાહ્મણો તેની પુંઠે આવ્યા હતા તેમણે તેણીને કહ્યું કે અમે તમારા ગોર છીએ અને તમે અમને મુકીને આ ચમારને ગુરૂ કરીને માનોછો અને તમે પૈસા ખરચાવોછો તે કંઇ ઠીક નહીં માટે તમે અમારો ઉપદેશ લ્યો. પણ ઝાલીએ તે કંઇ માન્યું નહીં. તેથી તેઓ ત્યાંના રાજા પાસે ફરિયાદ ગયા અને ત્યાં ન્યાય કરાવતાં આગળની માફક ઠાકોરજી બ્રાહ્મણો પાસે ન જતાં રૈદાસના ખોળામાં જઇને બેઠા તેથી તેઓ હારીને પાછા ગયા પછી રૈદાસે રાણીને કહ્યું કે તમે તમારે દેશ જાઓ અને ત્યાં ઘેર બેઠે સાધુ સેવા કરજો ત્યારે રાણીએ કહ્યું કે મને તમારાં દર્શન છોડીને ઘેર જવું બીલકુલ ગમતું નથી ત્યારે રૈદાસે તેણીને કહ્યું કે તમે તમારે વતન જઇને સાધુ સેવા કરો અને તે ઉપરથી તમારો ભકિતભાવ કેવો છે તે અમે જોઇશું અને ત્યાર પછી તેર મહીને અમે તમારે ગામ આવીશું તે ઉપરથી રાણી પોતાને ગામ ગઇ અને ત્યાં સદાવ્રત બાંધી સાધુઓની સારી રીતે સેવા ચાકરી કરવા લાગી અને તેના ભકિતભાવની તથા સાધુ સેવાની પ્રસંશા ચાલતી ચાલતી કાશીમાં રૈદાસ પાસે ગઇ ત્યારે તેમને તેના પ્રેમ ભાવની ખાત્રી થઇ અને પછી જ્યારે તેર મહિના પુરા થયા ત્યારે ઝાલીએ રૈદાસને કાગળ લખી મોકલ્યો અને તેમાં તેમને વિનંતી કરી લખ્યું કે તમે પ્રતિપાલકછો અને તમે જે કહ્યું હતું તેની અવધી પુરી થઇ માટે તમે હવે મારે ઘેર પધારો. તે ઉપરથી શિષ્યો લઇને રૈદાસ ચીતોડગઢ પધાર્યા અને ત્યાં આવી એક બગીચામાં ઉતર્યા. તે વાત સાંભળી ત્યાં બ્રાહ્મણો તે રાણી પાસે ગયા અને તેને કહ્યું કે અમે બ્રાહ્મણ છીએ માટે તમે અમને રૈદાસ પહેલું સીધું આપો અને પછી તમારા રૈદાસને જમાડવા સીધુ આપજો ત્યારે રાણીએ કહ્યું કે પહેલાનો મારા ઇષ્ટ જે ગુરૂ છે તે જમશે અને પછી તમે બધા જમજો બ્રાહ્મણોએ કહ્યું કે અમે બ્રાહ્મણ છીએ માટે અમારા પેહેલાં તેમને જમવા દેઇશુ નહી એમ કહીને તોફાન કરવા માંડયું અને તે વાત રૈદાસે કંઇ સાંભળી. તેથી રાણીને કહેવરાવ્યું કે તમે ખુશીથી બ્રાહ્મણોને પેહેલું સીધું આપો. અને તમે કંઇ ટંટો કરશો નહીં. તે ઉપરથી તેમને પેહેલુ સીધુ આપ્યુ. પછી બ્રાહ્મણોએ રૈદાસને ભુખે મારવા સારૂ રસોઇ કરતાં ઘણીવાર લગાડી અને મોડું કર્યું અને મોડા જમવા બેઠા. અને ત્યાં સુધી રૈદાસને ભુખે માર્યા. બ્રાહ્મણો જ્યારે જમવા બેઠા ત્યારે બબ્બે બ્રાહ્મણો વચ્ચે એક એક રૈદાસ દેખાયો તેથી બધા બ્રાહ્મણો આશ્ચર્યમાં પડયા કે આતે શો ગજબ થયો. ચમારતો આપડી સાથે આવીને બેઠો અને આટલા બધા રૈદાસ ક્યાંથી આવ્યા માટે કંઇ કોપ થવાજેવું લાગે છે. આપણે તેમનો તીરસ્કાર કર્યો તેનું આ ફળ છે માટે ચાલો આપડે રાણી પાસે જઇએ અને તેમને લઇને રૈદાસની પાસે જઇએ અને તેમની વીનતી કરીએ એટલે આટલાં બધાં બનેલાં રૈદાસનાં રૂપ સમઇજાય. જેથી આપડે જમવા બેશી શકીએ એમ કહી બધા બ્રાહ્મણો રાણીની પાસે ગયા અને પછી ત્યાંથી રાણીને લઇને રૈદાસ પાસે વિનંતી કરવા ગયા. પછી રૈદાસે તે બ્રાહ્મણોને ઘટતો ઠપકો દીધો અને કહ્યું કે હું પુર્વ જન્મનો બ્રાહ્મણ છું. જુઓ મારી જનોઇ એમ કહી પોતાનું હૃદય ચીરીને તેમાંથી સોનાની જનોઇ તેમને બતાવી. તે જોઇ બ્રાહ્મણો ખુશી થયા અને તેમને પગે પડયા.

॥ मुल ॥ छप्पय छंद ॥

कबीर कानि राखी नहि वर्णाश्रम षट दरसनी ॥
भक्ति विमुख जो धर्मसु सब अधरम करि गायो ॥
जोग्य जग्य व्रत दान भजन बिन तुच्छ दिखायो ॥
हिंदु तुरक प्रमान रमैंनी सबदी साखी ॥
पक्षपात नहि वाचन सबनिक हितकी भाखी ॥
आरूढ दसा व्है जगत परमुख देखी नाहिन भनी ॥
कबीर कानि राखि नहि वर्णाश्रम षट दरसनी ॥

કબીર સાહેબનો પ્રસંગ.

કબીર સાહેબ એક તેને ઘેર જન્મ્યા હતા. તેમની મતી અને ગંભીર અને સારી હતી તેમણે નાત જાતનો વિચાર ન કરતાં એક ભક્તિ ભાવજ લીધો હતો. તે ઉપરથી તેમને આકાશવાણી થઈ કે તમે માળા તીલક પેહેરો અને તમે ગુરૂ રામાનંદ સ્વામીના ચેલા થાઓ. ત્યારે કબીરે ઉત્તર આપ્યો કે રામાનંદ સ્વામી તો મ્લેચ્છનું મોં પણ જોતા નથી ત્યારે મને કેવી રીતે તે શિષ્ય કરશે. ત્યારે આકાશવાણીએ જવાબ આપ્યો કે રામાનંદ સ્વામી રોજ અંધારામાં ગંગા સ્નાન કરવા જાય છે તે વખતે ત્યાં ઘાટનાં પગથીઆં ઉપર તમે લાંબા થઇને સુઇ જજો એટલે ત્યાં અંધારાને લીધે તે તમને દેખશે નહી તેથી તે તમારા ઉપર પોતાના પગ મુકશે એટલે તમે તેનાથી ચગદાઓ એટલે તમે બુમ પાડી ઉઠજો અને રૂદન કરવા માંડજો એટલે રામાનંદ સ્વામી તમને કંઇ વાગ્યું એમ જાણીને તમારા ઉપર દયા લાવીને તમારા માથા ઉપર હાથ મુકશે અને તમને છાના રાખી રામરામ કહેવાનું કહેશે અને તમને વાગ્યું હશે તે ઠેકાણે તે ફુંક મારશે એટલે તે ફુંક તમે કાન આગળ લેજો તે સાંભળી તે ખુશી થયા અને પરોઢીએ ઉઠીને ગંગાના ઘાટ ઉપર જ્યાંથી રામાનંદ સ્વામી રોજ ગંગા સ્નાન કરવા જતા હતા ત્યાં ગયા અને ત્યાં જઇને સુતા એટલે રામાનંદ સ્વામી પોતાના શિષ્યોને લેઇને ગંગાસ્નાન કરવા આવ્યા અને ત્યાં કબીર ઉપર તેમનાથી પગ મુકઇ જવાયો એટલે કબીર બુમ પાડી ઉઠયો ત્યારે રામાનંદસ્વામીએ જાણ્યું કે કોઇનું છોકરૂં કંઇ સુતું હશે તે ચગદાયું તેથી તેમણે દયા લાવીને તેના માથા ઉપર હાથ મુકયો અને તેને કહ્યું કે "બચ્ચા ચુપ રહ તેરેકું કાં લગા રામ રામ બોલો, રોવો મત" એટલે એ પ્રમાણે રામનામનો મંત્ર ગુરૂમંત્ર તરીકે કબીરે માની લીધો. પછી પોતાના કાનઆગળ વાગ્યું છે. એમ તેણે બતાવ્યું તેથી સ્વામીજીએ ત્યાં ફુંકો મારી એટલે એ પ્રમાણે તેનો કાન ફુંકયો એમ તે સમજ્યો એટલે કબીર છાનો રહ્યો. સ્વામીજી પછી ત્યાંથી સ્નાન કરવા ગયા અને કબીર પોતાને ઘેર ગયો. પછી તેને ભારે અનુભવ ઉપડવા માંડયો. પોતાને ઘેર જઇ તેણે કોટમાં માળા નાંખી અને ગોપીચંદનું તીલક કર્યું તેથી તેની મા શોર બકોર કરી ઉઠી કે આપડે મુસલમાન થઇ આ તેં શું કર્યું પણ તે વાત કબીરે ગણી નહીં. પછી પોતે પદ બનાવા માંડયા અને તેમાં છેવટે રામાનંદ ગુરૂનું નામ વાળવા માંડ્યું. તેથી જતા આવતા લોકોએ તે સાંભળીને રામાનંદની ચર્ચા કરવા માંડી કે શું રામાનંદને કોઇ શિષ્ય કરવાને ન મળ્યું કે તેમણે આ મલેચ્છને શિષ્ય કર્યો ? તે વાત ચાલતી ચાલતી રામાનંદ પાસે ગઇ ત્યારે તેમણે કબીરને પોતાને ત્યાં તેડાવ્યો. અને પોતે મ્લેચ્છનું મોં જોતા નહોતા તેથી પોતે પડદામાં બેઠા અને કબીરને પડદા બહાર રાખીને તેને પુછ્યું કે બોલ અમે તને ક્યારે ચેલો કર્યો છે કે તું અમારૂં નામ જુઠું ભણે છે. ત્યારે તેણે ગંગા-

જીએ સ્નાન કરવા ગયાનો પ્રસંગ કહી સંભળાવ્યો ત્યારે રામાનંદે કહ્યું કે એવા રામનામતો અમે ઘણાઓને કહીએ છીએ માટે શું અમે તેમના ગુરૂ થઇ ગયા ? ત્યારે કબીરે કહ્યું કે એક રામ વગર કઇ ચીજ ખાલી છે રામનામ મંત્ર બધા તંત્રોમાં અને શાસ્ત્રોમાં લખેલો છે. રામાનંદ સ્વામી તે સાંભળી ચુપ થઇ રહ્યા. અને તે વખતે પોતે માનસીક પુજા કરવા બેઠેલા હતા તેથી તેમણે તેમાં ચીત લગાવ્યું અને તે વખતે તે માનસીક પુજામાં પોતાના ઇષ્ટિને ગળામાં હાર પેરાવતા હતા અને તે હાર ઠાકોરજીને કાને અટકી ગયો હતો તે છતાં રામાનંદ તેને ખેંચીને નીચે ઉતારતા હતા. તે કબીરે જાણી લીધું તેથી બહાર રહ્યાં રહ્યાં રામાનંદ સ્વામીને તેણે કહ્યુ કે હારતો કાને ભરાઇને ગયો છે માટે તમે સાચવીને કાઢો તે સાંભળી રામાનંદ સ્વામી આશ્ચર્યમાં પડયા કે મારી માનસીક પુજાની વાત એણે પડદા બહાર રહીને શી રીતે જાણી. માટે તે કોઇ પ્રતાપી માણસ લાગે છે. તે ઉપરથી તેમણે પડદો દુર કર્યો અને ત્યાં બંન્ને જણ એક બીજા સાથે ભેટયા. પછી કબીર પોતાને ઘેર ગયો. પોતે વણકરનો ધંધો કરતાં અને વણતાં વણતાં મોઢે રામ રામ કહેતા જતા. એમ તેમની રીતી કાંઇ જુદા પ્રકારની હતી. પોતાનું ગુજરાન થઇ શકે એટલું તે રોજ કામ કરતા અને વધારે કામ કરતા નહોતા અને તેમાંથી અડધી કીમત જેટલું તે પોતાને ખાવા સારૂ રાખતા અને અડધી જેટલું સંત સાધુઓને ખવરાવી દેતા. એકવાર તે એક તાકો લઇને બજારમાં વેચવા ગયા. ત્યાં તેમને એક સાધુ મળ્યો અને તેણે તેમને કહ્યું કે મારો દેહ ઉઘાડો છે માટે મને કંઇ લુગડું ઓઢવા આપો ત્યારે કબીરે તેમને તેમાંથી અડધું થાન આપ્યું ત્યારે સાધુએ કહ્યું કે અડધાથી મારૂં કામ સરે એમ નથી માટે જો તમે મને આખું થાન આપો તો બહુ સારૂં તે ઉપરથી કબીરે તેમને આખુએ થાન આપી દીધું, એટલે ઘેર સીધું સામન લઇ જવાને તેમને કંઇ પૈસા મળ્યા નહી એટલે તેમને શોચ પડયો. તેથી તે ઘેર ગયા નહીં પણ પોતાના ઘરની પાસે એક વાણીઆની દુકાન કે જે અવઢ જગા હતી ત્યાં જઇને બેશી રહ્યા. ઘર આગળ તેમની સ્ત્રી તથા તેમનાં છોકરાં ભુખે મરતાં હતાં અને તેમની વાટ જોઇને બેઠાં હતાં કે હમણા તે આવશે અને કંઇ અનાજ લાવશે એટલે આપડી ઘંટી ચાલશે અને રોટલા કરીને ખાઇશું પણ કબીર સાહેબ તો છુપાઇને બેશી રહ્યા અને ઘેર ગયા નહીં અને ઘરનાં માણસો દુ:ખી થવા માંડયા અને રાત પડવા આવી તેથી પરમેશ્વરને તેની ચિંતા થઇ. કારણ કે તે કૃપાનીધાન છે. કબીરનો સાચો ભકિત ભાવ જાણીને તેનું કામ કરવાને માટે પોતે ઉઠયા અને એક વણઝારાનું રૂપ લેઇ એક પોઠીઆ ઉપર સીધું સામન નાંખી લેઇને કબીરને ઘેર આવ્યા અને ત્યાં પોઠ ઉતારી. ત્યારે કબીરની માએ તેને કહ્યું કે આ કોણે મોકલ્યું ત્યારે વણઝારાએ કહયું કે કબીરે મોકલ્યું. ત્યારે તેમની માએ કહયું કે મારો છોકરો તો કોઇનો ફોકટ પૈસો લેતો નથી અને તું આ પ્રમાણે માલ લાવીને નાખે છે તે શું કહેવાય માટે પાછું લેઇ જા. કોઇ હાકેમ જાણશે તો અમને ગરીબને કંઇ આળ ચઢવી અમને બાંધી મારશે. ત્યારે તે વણઝારાએ કહયું કે તમે ડરસો નહી એનો એક રાજાએ મહાદેવની માનતા માની હતી તેથી તેણે મહાદેવને સીધું આપ્યું, ત્યારે મહાદેવે તે રાજાને કહ્યુ કે કબીર મારો પરમભકત છે અને તેનાં છોકરાં ઘેર ભુખે મરે છે માટે તુ તેને ઘેર આ શીધું પોહોચડાવી દે એટલે તે ઉપરથી તે રાજાએ મને અહીં મોકલ્યો અને તે રસ્તે પડયો. હું તો તેનો મજુરછું અને મારા ભાડાના પૈસા પણ તેણે અગાઉથી આપ્યા છે. માટે હવે હું પાછું લેઇ જઇને તે કોને આપું માટે હુંતો તમને એ પુંછું પછી તમારે ફાવે તેમ કરો. એમ કહી તે વણઝારો ખાલી પોઠીઆને લેઇને પાછો ફર્યો અને થોડે દુર જઇને પોતે અંતરધ્યાન થઇ ગયા. થોડીવારે બે ચાર જણ જે કબીરને શોધવા

નીકળ્યા હતા તે તેને શોધીને ઘેર લાવ્યા. અને ઘેર જોયું તો તેણે અનાજના પોટલાં દીઠાં તેથી તેની હકીકત માને પુછી ત્યારે તેની માએ બધી હકીકત કહી. તે ઉપરથી તેને પ્રતીતી પડી કે આ કામ પરમેશ્વર વગર બીજા કોઈનું નથી. આપણા દુઃખની પણ તેને ફીકર રાખવી પડે છે અને તેથી તે આપણી ખબર લેછે. માટે હવે શું કરવા લુગડાં વણવાનો ધંધો કરવો જોઇએ એમ વીચારી તેણે લુગડાં વણવાનો ધંધો મુકી દીધો. પછી પેલું વણઝારાનું સીધું તેણે ત્રણ દહાડામાં સાધુ સંતને ખવડાવી પુરૂં કરી દીધું. આ ઉપરથી કબીરની ઉદારતાનાં ગામમાં બહુ વખાણ થવા લાગ્યાં બ્રાહ્મણો તે વાત સાંભળી કબીરને ઘેર આવી તેને કહ્યું કે તેં સાધુઓ કે જે શુદ્ર જાતીમાંથી થયેલા હોય છે તેમને ત્રણ દીવસ સુધી લાગટ જમાડ્યા અને અમને બ્રાહ્મણને તો તું કંઇ ગણતોજ નથી માટે તું અમને રસોઈ આપ. ત્યારે કબીરે તેમને કહ્યું કે શું હું કોઇનું કંઇ ધન ચોરી લાવ્યો હતો કે તમે મને સતાવો છો! હુ તો પરમેશ્વરનું ભજન કરૂંછું. અને તેમના ગુણ ગાઉછું અને સાધુ શેવા કરૂંછું માટે તેમાં તમારૂં શું વળગે છે. હું કંઇ કોઇનું લુંટી લાવ્યો નહોતો કે તમે હક કરતા આવો છો? પણ બ્રાહ્મણોએ તે વાત માની નહી અને તેને ત્યાં લાંઘો ઘાલ્યો. તેથી કબીર પાછા ફરીને સંતાઇ ગયા એટલે પરમેશ્વરને તેની ચિંતા થઇ અને ફરીને તે બીજી પોઠો લેઇને તેને ઘેર આવ્યા અને તેમણે દરેક બ્રાહ્મણને અઢી અઢી શેર શીધું તોળીને આપ્યું તેથી બધા બ્રાહ્મણો ખુશી થતા થતા પોતાને ઘેર ગયા અને બાકીના શીધાના વણઝારે કબીરને ઘેર ઢગલા કર્યા અને પછી બહાર જઇ પોતાનું વણઝારાનું રૂપ અંતરધ્યાન કર્યું અને એક બ્રાહ્મણનું રૂપ લેઇને કબીર જ્યાં સંતાઈ રહ્યા હતા ત્યા પોતે ગયા અને તેમને કહ્યુ કે તુ અહિંઆ ભુખે કેમ મરેછે? તું કબીરને ઘેર જા, તો તને કંઇ મળે. કબીરને ઘેર બધા બ્રાહ્મણને અઢી અઢી શેર સીધું અપાયછે માટે તું ત્યાં જા. એમ કહીને પોતે પાછા ફર્યા અને થોડે છેટે જઈ અંતરધ્યાન થઇ ગયા. તે સાંભળી કબીર પોતાને ઘેર ગયો અને ત્યાં જોયું તો અનાજના ઢગલે ઢગલા કરેલા દીઠા. આ પ્રમાણે નવાં નવાં કૌતક તેને રોજ થવા લાગ્યાં અને તે ઉપરથી કબીરની કીરતી ચારે તરફ ફેલાવા માંડી અને ત્યાંનો રાજા પણ તેના પડચા જોઇને તેનો શિષ્ય થયો અને તેથી કબીરનું ભારે સન્માન થવા માંડયું એટલે કબીરને અભિમાન ચઢી ગયાની શંકા થઈ તેથી તેનો ઉપાય કરવાનું ધારી તે એક ગુણકાને ઘેર ગયા. અને તેને કહયું કે બેટા આજ મારૂ એક કામ કર ત્યારે ગુણકાએ કહયું કે કહો મહારાજ શું કરવું છે? ત્યારે કબીરે કહયું કે તુ તથા એક બીજી એમ બન્ને જણીઓ આજ મારી સાથે બજારમાં થઇ રાજાની કચેરી સુધી ચાલો અને મારા બન્ને હાથ તમારા બન્નેના ખભા ઉપર મુકું. અને તમારા બંન્ને જણાના હાથમાં બે સીસા ભંગા જળ ભરીલો અને તેમાં રાતો રંગ નાંખીને મને તે પાણી ઉભે રસ્તે પાતાં જાઓ અને તમે મને બજારમાં ફેરવો. તે ઉપરથી ગુણકાએ કહયુ કે એમ કરવાથી લોકોમાં આપની ઘણી નિંદા થશે. ત્યારે કબીરે કહયું કે તેની તમારે ચિંતા કરવી નહી પછી કબીર ગુણકાઓને લેઇને પ્યાલા પીતા પીતા બજારમાંથી નીકળ્યા. તે જોઈ લોકોએ તેમની નિંદા કરવા માંડી કે નીચ જાતીનાથી તે ખરી ભગતી શેની થાય! છેવટે મલેચ્છની જાત. તે જાત ઉપર ગયો. કોઇના અંકુશમા રહયો નહી અને છકી ગયો અને હવે ગુણકાએ સાથે ફરવા લાગ્યો. એનાથી તે ભકિત ફરવી બને? તે વાત ચાલતી ચાલતી રાજા પાસે ગઇ એટલે રાજાને પોતાના ગુરૂએ આવું નીંદીત કામ કર્યું તે સાંભળી ઘણું ખોટું લાગ્યું. એટલામાં કબીર ગુણકા સાથે ત્યાં આવ્યા ત્યારે રાજાએ તેમને રોજની માફક સનમાન દીધું નહીં અને ગાદી ઉપર

બેસાડયા નહી. એટલે કબીર ત્યાં કચેરીમાં સઉથી છેલા બેટા અને ગુણકાઓને રજા આપી. પછી થોડીક વાર થઇ એટલે કબીરની પાસે એક પાણીનો ચંબુ ભરેલો હતો તેમાથી તેમણે થોડું પાણી જમીન ઉપર ઢોળીને ઉપર હાથ ફેરવ્યો. તે જોઇ બધા લોકોએ વિચાર કરવા માં ડયો કે તે દારૂ પીને ગાંડો થઇ ગયો છે. તેથી આમ કરે છે. ત્યારે કેટલાક બોલ્યા કે એતો સત માહાત્મા છે અને તેમની અનંત કળા હોય માટે તેમણે આમ કર્યું તેમાં કઇ બીજો ભેદ હશે અને તે ભેદનો તે જાણે માટે તેમને પુછી જુઓ કે આ તમે શું કર્યું? ત્યારે રાજાએ કબીર સાહેબને પુછ્યું કે આ પાણી જમીન ઉપર રેડીને તમે હાથ ફેરવ્યો તે શું કર્યું? માટે અમને તેનું કારણ સમજાવો ત્યારે કબીરે કહ્યું કે જગન્નાથજીમાં ભાત ઓસાવતાં એક પંડયો દાઝયો તેથી મેં તેને પાણી રેડીને બચાવ્યો નહીંતો તે દાઝી મરત. રાજાએ કહ્યું કે તમે તો અહીંછો અને જગન્નાથજી ગામતો ઘણું દૂર છે. તમે અહીં પાણી છાંટયુ અને તેને પગ દાઝતો બચાવ્યો એ વાત સાચી કેમ મનાય? ત્યારે કબીરે કહ્યું કે તમે એક માણુસ મોકલીને તેનો ખાતરી કરાવી જુઓ. તે ઉપરથી રાજાએ જગન્નાથજી પુરી એક માણુસ મોકલ્યું અને તેણે ત્યાં જઇ તપાસ કરીતો એક પંડયો દાઝેલો જોયો અને તેને રૂઝ આવી ગએલી દીઠી તેથી તેણે તેને તે દાઝવાનું કારણ પુછ્યું ત્યારે તેણે કહ્યું કે અમુક દહાડે હું ઠાકોરજીની સામગ્રીના ભાત ઓસાવતો હતો ત્યારે ઓસામણનું તપેલું ઢળી ગયું તેથી હું દાઝયો પણ મારે સારા નસીબે કબીર અહીં આવી ચઢયા અને તેમના હાથમાં પાણીનો ભરેલો એકઘડો હતો તે તેમણે મારા પગ ઉપર રેડયો અને તેથી હું બચી ગયો નહી હું આખો બળીમરતતેણે કહ્યું કે કબીર અહીં જગતોથજીનાં દર્શન કરવા રોજ આવેછે. એટલુ સાંભળીને તે માણસે આવીને રાજાને ખબર કહી એટલે રાજા વિસ્મય પામ્યો અને કચેરીમાંથી ઘેર ગયો અને પોતાની રાણીને તે વાત કહી. રાણીએ તેને કહ્યું કે કબીર આપણા ગુરૂ છે અને આપણે તેમને ભારે અવજ્ઞા કરી માટે આપણે ગમે તેમ કરીને તેમને પ્રસન્ન કરવા જોઇએ. નહી તો આપડું સર્વ રાજપાટ રસાતલ જસે અને આપણે મહાનર્કમાં જઇશુ. માટે આપણે બન્ને જણે માથે ઘાસના ભારા લઇને ડોકમાં કોવાંડી બાંધી બજાર વચમાંથી નીકલીને તથા લોક મર્જાદા મુકીને તેમની પાસે જઇને તેમની વિનંતી કરવી. પછી તે પ્રમાણે તેઓ બંનેજણ કરીને બજારમાંથી નીકળ્યાં. તે જોઈ લોકોને ઘણો શોચ પડયો કબીર સાહેબ તેમને દૂરથી આવતાં જોઇ પોતાના સ્થાનેથી ઉઠી તેમના ભારા જમીન ઉપર નંખાવી દીધા અને તેમને કહ્યું કે તમારે આમ કરવાની શી જરૂર છે? ત્યારે રાજા રાણીએ તેમની બહુ વિનંતી કરી અને પોતે જે તેમની ભારે અવજ્ઞા કરી હતી તેની ક્ષમા માગી કબીર તે જોઇ તેમના ઉપર પ્રસન્ન થયા. પછી રાજા રાણી બંને ઘેર ગયાં. આ ઉપરથી કબીર સાહેબની પ્રતિષ્ટા ઘણી વધી ગઇ. તે જોઇને ગામના બ્રાહ્મણોને તેની અદેખાઇ પેદા થઇ અને તે રાજાનો જે ઉપરી જે આખા મુલકનો બાદશાહ કેહેવાય અને જેનું નામ સીકંદર હતું. તે ફરતો ફરતો ત્યાં આવ્યો ત્યારે તેમણે તેને ફરિયાદ કરી. કબીરની મા સાથે તેઓ મળી ગયા અને બાદશાહ પાસે તેને પણ ફરિયાદ કરવા મોકલી કે મારો છોકરો મને ગાંઠતો નથી અને કાફર થઇ ગયો છે. અને તેણે હીંદુ ધર્મ પકડી લીધો છે. અને તે બધા લોકોને દુઃખ દે છે. વળી તેમણે આખા ગામના લોકોને પણ તે પ્રમાણે શીખવીને બાદશાહ પાસે ફરીયાદ કરવા મોકલ્યા ત્યારે બાદશાહે નોકરને કહ્યું કે તમે એને અહીં પકડી લાવો. હું તેને સીધો કરૂં. તે ઉપરથી સીપાઇઓ કબીરને બાદશાહ પાસે લેઇ ગયા. બાદશાહ પાસે તે વખતે એક કાજી ઉભો હતો તેણે કબીરને કહ્યું કે તું બાદશાહ સલામતને સલામ કર. ત્યારે કબીરે કહ્યું કે સ-

લામ કેવી થતી હશે તે હું જાણતો નથી હું તો રામ રોગ કરવા જાણુંછું અને તેમને એકનેજ હું માનુંછું. બાદશાહને તે ઉપરથી ગુસ્સો ચઢયો તેથી તેણે સીપાઇઓને હુકમ કર્યો કે તેના હાથ પગમાં બેડી નાંખો અને તેને ગંગાનદીના એક ઊંડા ધરામાં નાંખી દ્યો. તે હુકમથી સીપાઇઓએ તેના હાથ પગમાં બેડી નાંખી અને તેને ગંગા નદીમાં નાંખી દીધો ત્યારે તેની બેડીઓ ઓગળી ગઇ અને ગંગાજીએ તેને કીનારા ઉપર પાછો લાવીને સુખમાં બેસાડી દીધો તે જોઇ લોકોએ બાદશાહને કહ્યુ કે કબીર તો જાદુગર છે માટે એ પાણીમાં નાંખેલો ડુબવાનો નથી. ત્યારે બાદશાહે કહ્યું કે એને લાકડાં ખડકીને જલાવી દો. તે ઉપરથી લાકડાનો એક ઢગલો કરી એને બેસાડી ઢગલો સળગાવી દીધો. અને લાકડાં સળગીને ઓલવાઇ ગયાં અને રાખોડી થઇ ગઈ પણ કબીરને તો ઉલટી સોના જેવી કાંતીમાન દેહવાળો થએલો ત્યાંને ત્યાં જોયો તેથી બાદશાહને તે જાદુગર છે એમ પાકી ખાતરી થઈ તેથી તેણે એક જબરો હાથી ગાંડો કરીને કબીરની સામી મુકયો. હાથીનો માહવત હાથીને કબીર તરફ આખો ફેરો લેઈ જવા લાગ્યો પણ હાથી કબીરની પાસે એક સિંહ બેઠેલો દેખતો તેથી જતો નહી અને ડરીને પાછો ભાગતો તે જોઇને બાદશાહ વિસ્મય પામ્યો અને માહવતને તેનું કારણ પુછ્યું ત્યારે માહવતે કહ્યું કે કબીર પાસે સિંહ બેઠેલો દેખાય છે. તેથી હાથી ત્યાં જતો નથી. કબીર પાસે તો કાંઇ બેઠેલુ નહોતું તે બાદશાહ નજરે જોતો હતો તેમજ બધા લોકો પણ તે જોતા હતા અને મહાવતની આ વાત સાંભળીને બાદશાહ હેરત પામી ગયો અને તેથી કબીરને પગે પડયો અને તેની ક્ષમા માગી. તેની સાચી ભક્તિ જોઇને પરમેશ્વરે ત્યાં સિંહ રૂપ દેખાડયું. તેથી બધા લોકો અચંબામાં પડયા અને કબીરને વશ થઇ ગયા બાદશાહે પછી તેમની વિનતી કરી કે તમે અમને બચાવી લો. અમે તમારા ઉપર મોટો ગજબ ગુજાર્યો છે. તમે હવે પ્રસંન થાઓ અને કોઇ ગામ અથવા દેશ માગો ત્યારે કબીર સાહેબ કહ્યું કે અમારે કંઇ જોઇતું નથી. અમારે તો એક રામ નામ જોઇએ છે. કે જેને આઠે પોર જપીએ. અમારે દામથી કઇં કામ નથી. દામમાં તો કોટી રોગ ભરેલા છે એમ કહી બાદશાહ પાસેથી ઉઠીને પોતાને ઘેર ગયા. તેમની પરમેશ્વર ઉપરની પ્રીતી જોઇને બધા લોકોને તેમની સાચી ભકતી ઉપર પ્રતીતી આવી. તેમના સેવકો તથા બીજા સાધુઓ તે બાદશાહ પાસેથી છુટીને આવ્યા તેથી તેમને ઘેર મળવા ગયા અને જોકે બ્રાહ્મણો ખશીયાણા પડી ગયા તોપણ તેમણે એક નવું તતંગ ઉભુ કર્યું તે એકે તેમણે પોતામાંથી ચાર બ્રાહ્મણોને સન્યાસીનો વેશ લેવરાવ્યો અને એસી એસી ગાઉ ફરતાં બધાં ગામ ફરી વળવા તેમને મોકલ્યા અને દરેક ગામમાં જેટલાં જેટલાં મંદીર હતાં ત્યાં તેમણે બધા સાધુઓને નોતરાઓની ચીઠીઓ પોહોચાડી કે અમુક દિવસે તમને કબીરને ઘેર તેડાવ્યા છે કારણ કે કબીર સાધુઓનો મોટો મેળાવડો કરવાનો છે. અને તે પ્રમાણે નીમેલે દિવસે સાધુઓની જમાતો એકઠી થવા લાગી તે જોઇ કબીરે એકાદ સાધુને પુછ્યું કે તમે અહીં કેમ આવ્યા છો ત્યારે તે સાધુએ કહ્યું કે કબીરે મેળાવડો કર્યો છે અને બધાંને તેડાવ્યા છે માટે આજ બધા સાધુઓ દેશે દેશથી આવી અહીં ભેગા થવાના છે. કબીર તે સાંભળી ભારે શોચમાં પડયો કે આ બધાતો આવ્યા અને હવે મારે તેમને શું ખવરાવવુ મારી પાસે તો કાંઇ નથી એમ વિચારી તે જંગલમાં જઇને પાછા સંતાઇ ગયા ત્યારે પરમેશ્વરને તેની ચિંતા થઇ અને પોતે કબીરનું રૂપ ધરીને કબીરને ઘેર આવ્યા અને રસોઇ કરવાનું મોડું થઈ ગયેલું હતું તેથી તેમણે બધાને જુદાં જુદાં સીધાં આપી રસોઇઓ કરાવી અને તેમને ખુબ

જમાડયા અને તેમને પ્રસન્ન કર્યાં અને એ પ્રમાણે ત્રણ દિવસ સુધી લાગટ તે બધા સાધુઓને રાખીને જમાડયા અને પછી તેમને વિદાય કર્યાં અને પછી પરમેશ્વર અંતર ધ્યાન થઇ ગયા અને એક સાધુનું રૂપ લેઇને પાછા કબીર પાસે જઇને તેમણે તેને કહ્યું કે તું અહીં ભુખે કેમ મરેછે! કબીરને ઘેર જા ત્યાં સાધુઓની જમાત ત્રણ દહાડાથી લાગટ જમે છે તે તને પણ જમવાનું આપશે એમ કહી પોતે અંતર ધ્યાન થઇ ગયા. કબીરે ઘેર જઇ જોયું તો પરમેશ્વરે આવીને કામ કરેલું જોયું તેથી તેણે તેમનો ધન્યવાદ માન્યો. એકવાર ભગવાને કબીરની ભક્તિ જોવા સારૂ અપસરાઓને કબીર પાસે મોકલી ત્યારે કબીરે તેમને ઓળખી લીધી તેથી તેમને કહ્યું કે હે માતાઓ તમે તમારા દેવ-લોકને છોડીને અહીં શું કરવા આવ્યાંછો! પછી તેમણે નાચ રંગ કરીને કબીરને લલચાવા ઘણાં ફાંફાં માર્યાં પણ કબીરની આંખમાં જરા પણ ફરક આવ્યો નહીં અને તેને કામ ઉપજયો નહીં. પણ ઉલટો તેમને મા માનીને પગે લાગ્યો. તેથી તે અપસરાઓ હારી ગઇઓ અને ભગવાન આગળ જઇને તેમણે કહ્યું કે કબીર આગળ અમારૂં કંઇ ચાલ્યું નહીં તે ઉપરથી ભગવાન ઉઠીને ત્યાં આવ્યા અને કબીરને ચતુરભુજ મુર્તીનું દર્શન કરાવ્યું અને તેને કહ્યું કે હે કબીર તું મારા દર્શનનો લાભ લે. હું તારી સાચી ભક્તિ જોઇને પ્રસન્ન થયો છું જયાં સુધી તારે આ મૃત્યુ લોકમાં રહેવાની ખુશી હોય ત્યાં સુધી તું અહીં રહેજે અને જયારે તારે મારા ધામમાં આવવાની મરજી થાય ત્યારે તું આ મનુષ્ય દેહ સહીત મારે ધામ આવજે એમ કહી પોતે અંતરધ્યાન થઇ ગયા. કબીરે કોઇવાર એવું સાંભળેલું હતું કે ગંગાજીની પેલી પાર એક મગ્ગા કરીને જે ગામ છે તેની હદમાં જે કોઇ મરી જાય છે તે અવગતીને પામે છે અને કાશીની હદમાં જે મરી જાય છે તે ગતીને પામે છે તે ઉપરથી તેણે પોતાની અવસાન વખતે મગ્ગામાં જવાનું વીચાર્યું અને તેનુ પારખુ લેવું એમ નક્કી કરીને તે ત્યાં ગયા અને ત્યાં ફુલોનો ઢગલો કરાવ્યો અને તેની અંદર પોતે જઇને સુઇ રહ્યા અને ઉપરથી બીજાં ફુલ નંખાવ્યા પછી મુસલમાન લોકો ત્યાં આવ્યા અને તેમણે કહ્યું કે કબીરતો અમારા ધર્મનો માણસ હતો માટે તેની લાશ અમે લેઇ જઇને દાટીશું ત્યારે હિંદુ ધર્મ વાળાઓએ કહ્યું કે તે અમારા ધર્મનો માણસ હતો માટે તેને અમે લેઇ લેઇશું. અને અગ્નિદાહ દેઇશું. એમ બન્ને પક્ષ વચ્ચે ભારે રક ઝક થઇ પછી મુસલમાનોએ જોરાવરી કરીને તે ફુલનો ઢગલો કાઢી નાખ્યો અને અંદર જોયું તો કબીર સાહેબની લાશ દીઠી નહીં આ પ્રમાણે લાશ મળી નહી તેથી બધા લોકો અચંબામાં પડયા પછી હિંદુ લોકોએ માન્યું કે તેમની સાચી ભક્તિના પ્રભાવને લીધે તે સ્વદેહે ઇશ્વરના ધામને વિષે ગયા અને તેથી તેઓ તેમના ગુણ ગાવા લાગ્યાં.

॥ मुल ॥ छप्पय छंद ॥

पीपा प्रताप जगवासना नाहरकों उपदेश दियो ॥
प्रथम भवानी भक्त मुक्ति मांगनकों धायो ॥
सत्य कह्यो तिहि शक्ति सुद्रढ हरि सरन बतायो ॥
रामानंद पद पाय भऐ अति भक्ति कि सींवा ॥
गुन असंख्य निर्मोल संत राखत धरि ग्रीवा ॥
परस प्रनालि सरस भइ सकल विश्व मंगल कियो ॥
पीपा, प्रताप, जग वासना नाहरकों उपदेश दियो ॥

પીપા ભક્તનો પ્રસંગ.

ગાંગરોઢ ગઢનો પીપા નામનો એક રાજા નાનપણમાં દેવી ભક્ત હતો અને મોટો થયો ત્યારે તે દેવીની સારી રીતે પૂજા કરતો અને બ્રાહ્મણો પાસે દેવીનું અનુષ્ટાન કરાવતો અને દેવીને ભોગ આપતો. એકવાર તેને ગામ તે દેવીના મંદિરમાં કોઇ સાધુઓ આવીને ઉતર્યા હતા અને તેમણે પીપા રાજા પાસેથી સીધું માગી લઇને ત્યાં દેવીના મંદિરમાં રસોઇ કરી હતી અને તેજ દિવસ દેવીના કોઇ નૈવેદનો દીવસ હતો તેથી ત્યાં સાધુઓના પાડોશમાં રાજાના બ્રાહ્મણોએ પણ રસોઇ કરી હતી. પછી સાધુઓને જ્યારે જમવાની વખત થઇ ત્યારે તેમણે પોતાના ઠાકોરજીને ભોગ લગાવા સારૂ રસોઇને પાણી છાંટી માર્જન કર્યું ત્યારે તેનો કોઇ છાંટો તે બ્રાહ્મણોની રસોઇને લાગી ગયો હશે તેથી તે બ્રાહ્મણોની રસોઇનો પણ ઠાકોરજીએ ભોગ કરી લીધો અને તેથી તે દેવી તે બ્રાહ્મણોના નૈવદનો ભોગ લેઇ શકી નહી અને તેથી તે ભુખી રહી. તેથી તે ચીઢાઇ ગઇ અને તેથી રાત્રે જ્યાં પીપો રાજા ઉંઘતો હતો ત્યાં ગઈ અને એક ભૂતનું રૂપ લેઇને તેના ઉપર ચઢી બેઠી અને તેને ખાટલા હેઠે નાંખી દીધો અને તેને ખુબ બીવડાવ્યો ત્યારે તે રાજા જાગી ઉઠયો અને તેણે પોતાની ઇષ્ટ દેવીની સ્તુતિ કરી ત્યારે તે દેવી પ્રસન્ન થઇ તેને પ્રગટ દર્શન દેઇ તેને કહ્યું કે આજે હું ભુખી રહીછું. કારણ કે તેં જે બ્રાહ્મણો પાસે રસોઇ કરાવી હતી તે તો ઠાકોરજી આરોગી ગયા અને મારાથી તેનો ભોગ લેવાયો નહી. ત્યારે રાજાએ પુછ્યું કે શું ઠાકોરજી તમારાથી જબરા છે ત્યારે તેણે કહ્યું કે હા મારાથી ઠાકોરજી મોટા કારણ કે તેમનાથી તો મુક્તિ મળે. ત્યારે રાજાએ કહ્યું કે શું તમે મને મુક્તિ ન આપી શકો ત્યારે દેવીએ કહ્યું કે મુક્તી તો મારી પાસે નથી એટલે રાજાએ કહ્યું કે ત્યારે શું આટલા દિવસ સુધી તમે મારી પાસે નકામી સેવા કરાવી ત્યારે તે દેવીએ કહ્યું કે અમે ક્યાં તને કહ્યું હતું, કે તું અમારી સેવા કર. તારી ખુશીથી તું તે કરતો હતો. ત્યારે અમારે તને શું કરવા ના કહેવી પડે. તેમ છતાં હવે જો તારે મુક્તિ જોઇતી હોય તો તું કાશી પુરી જા અને ત્યાં જઇ રામાનંદ સ્વામીને તું ગુરૂ કર. એટલે તે તને મુક્તી આપશે. તે ઉપરથી તે કાશી જવા નિકળ્યો અને પોતાનું લાવ લશ્કર સાથે લેઇને તે કાશીએ ગયો અને ત્યાં રામાનંદનું ઘર પુછતો રામાનંદને ઘેર ગયો રામાનંદના બારણાગમાં સિપાઇઓ બેસાડી રાખેલા હતા તે કોઇને રજા સિવાય અંદર પેસવા દેતા નહીં. તેથી તેમણે પીપા રાજાને અંદર જતાં રોક્યા ત્યારે તેણે રામાનંદને કહેવરાવ્યું કે તમને ગાંગરોઢનો પીપો રાજા મળવા આવ્યો છે, અને તે શિષ્ય થવા સારૂ અંદર આવવા માગે છે ત્યારે રામાનંદે કહેવરાવ્યું કે અમારે રાજા સાથે શું કામ છે. ત્યારે રાજાએ કહેવરાવ્યું કે હું તમારો ઉપદેશ લેવા આવ્યો છું ત્યારે મહારાજે કહેવરાવ્યું કે જો તમારે શિષ્ય થવાની મરજી હોય તો તમે તમારો બધો પૈસો લુંટાવી ઘો અને તમે એકલા થઇને આવો તે ઉપરથી તે રાજાએ પોતાનો બધો પૈસો ખર્ચી નાખ્યો અને પોતાના બધા નોકર ચાકરને ઘેર પાછા મોકલી દીધા. અને પોતે એકલો થઇને ત્યાં ગયો ત્યારે રામાનંદે કહેરાવ્યું કે હવે જાઓ કુવામાં પડો અને જો જીવતા રહેશો તો અમે તમને ઉપદેશ કરીશું તે ઉપરથી તે રાજા કુવે પડવા દોડયો એટલે રામાનંદે તેના પાછળ બે નોકર દોડાવ્યા અને તેમને કહ્યું કે તમે રાજાને કુવામાં પડવા દેશો નહીં પણ તેને પકડી રાખીને અહીં પાછો તેડી લાવજો અને તે પ્રમાણે તેમણે રાજાને કુવામાં પડતો રોકી રાખ્યો. ત્યારે રાજાએ કહ્યું કે મને કુવામાં પડવા ઘો. કુવે પડવાથી મને ગુરૂ જલદીથી મળે માટે તમે મને રોકો નહીં. પણ તે લોકોએ તેને કુવે પડવા દીધો નહીં અને ગુરૂ પાસે તેને પાછો તેડી લાવ્યા.

તે ઉપરથી રામાનંદે તેનો સાચો ભાવ જાણ્યો અને તેને મંત્ર ઉપદેશ કર્યો પછી તેને કહ્યું કે હવે તું તારે ઘેર પાછો જા. અને ત્યાં સાધુ સેવા કરતો રહેજે. ત્યારે રાજાએ કહ્યું કે હવે મારે ઘેર પાછા જવું નથી. હું તો અહીંજ તમારા પાસે રહીશ ત્યારે ગુરૂએ તેને કહ્યું કે અમારી આજ્ઞાથી તું ઘેર પાછો જા અને ત્યાં ઘર સંસાર ચલાવ, અને સાધુઓને વીશે પ્રીતિ રાખતો રહે અને તું સાધું સેવા કરવામાં કેવો ભાવ રાખે છે તે અમે કોઇ જતા આવતા સાધુ પાસેથી સાંભળીશું ત્યારે અમે બાર મહિને તારે ગામ આવીશું. રાજા તે ઉપરથી પોતાને ગામ પાછો આવ્યો અને ત્યાં તેણે સદાવ્રત આપવાનું ચાલતુ કર્યું અને સાધુઓની સેવા સારી રીતે કરવા માંડી. અને તે સંત સેવાની પ્રસંશા ગામે ગામ ફેલાઇ અને તે વાત ચાલતી રામાનંદને કાને ગઇ કે પીપો રાજા સંતની સેવા ચાકરી સારી રીતે કરે છે. તે સાંભળી રામાનંદ પ્રસન્ન થયા. અને તેને ભકિતનો સાચો રંગ ચઢયોછે એવું પોતે પારખી લીધું. બાર મહીનાની અવધી પુરી થઇ, એટલે રાજાએ તેમને કાગળ લખી મોકલ્યો અને તેમને વિનંતી કરી લખ્યું કે "હે મહારાજ હવે બાર મહિનાની તમારી કહેલી મુદત પુરી થઇ. માટે હવે તમે કહ્યુ હતુ તે પ્રમાણે અતરે પધારીને તમારાં વચનનું પાલન કરો. કારણ કે તમે પ્રતીપાળ છો" તે કાગળ વાંચીને રામનંદ સ્વામી પોતાના ચેલાઓ કબીર તથા રૈદાસ વગેરેને સાથે લેઇને પીપાને ત્યાં આવ્યા. અને પીપાએ તેમને આવતાં સાંભળી પાલખી અને કેટલાંક માણસ સામા મોકલ્યાં અને ઘણા આદર સત્કારથી તેમને પોતાને ઘેર તેડી લાવ્યો અને તેમને પોતાના બાગમાં ઉતાર્યા અને ત્યાં તેણે તેમને ઘણા ઘણા સાષ્ટાંગ નમસ્કાર કરીને તથા તેમની વિનંતી કરીને તેમને પ્રસન્ન કર્યા. તેમની આગળ ઘણી જાતના મેવા મુકયા અને ઘણું દ્રવ્ય લુટાવી દીધું. પછી એક દિવસ વાતો વાતમાં રામાનંદે તેને પુછયું કે તને ઘેર રહેવું ઠીક લાગે છે કે ઘર છોડવું ઠીક લાગે છે. ત્યારે પીપાએ કહ્યું કે મને તો ઘર છોડી દેવાની મરજી થાય છે. એટલે રામાનંદે કહ્યું કે ત્યારે અમે દ્વારકા જઇએ છીએ. તે તારે અમારી સાથે આવવું છે? જો આવવું હોય તો તૈયાર થા. તે ઉપરથી તે દ્વારકાં જવાને તૈયાર થયો. ત્યારે તેની રાણીઓએ તેને કહ્યુ કે અમે પણ તમારી સાથે દ્વારકા આવીશું. ત્યારે રાજાએ કહ્યું કે ત્યાં સ્ત્રીઓનું કામ નથી. અમે તો સાધુઓ સાથે જઇએ છીએ તેમાં તમારે સાથે આવવું ઠીક નહીં પણ તે રાણીઓએ માન્યું નહીં. ત્યારે તેણે ગુરૂ પાસે જઇને તે વાત કરી. ત્યારે ગુરૂએ તેને કહ્યું કે તમે એમને કંઇ બીક દેખાડો જેથી તેઓ સાથે આવવાનું મુકી દે. પીપાએ રાણીઓને કહ્યુ કે ત્યાં રસ્તામાં ભુખ તરસ વેઠવી પડશે. ટાઢ તડકો વેઠવો પડશે અને ઘણા વિકટ રસ્તામાં થઇને પસાર થવું પડશે ત્યાં તમારી કોમળ કાયા મુસાફરીનું દુઃખ સહન કરી શકશે નહીં માટે તમે બધાં ઘેર રહો. પણ તે વાત રાણીઓએ માની નહીં. ત્યારે તેણે તે હકીકત ગુરૂ પાસે જઇને કહી ત્યારે ગુરૂએ પીપાને કહ્યું કે તમે તેમને એમ કહો કે સાધુઓ ઘરબારી માણસને સાથે લઇ જવા ના કહે છે અને તે કહે છે કે જે તેમના જેવા થાય તેમને તે સાથે લઇ જાય. માટે જેમને આવવું હોય તે મુંડ મુંડાવે અને ધોળા લુગડાં પહેરે અને ગોપીચંદનનું તીલક કરે અને કોટે માળા નાંખે અને સાધુ થઇને તેમની સાથે ચાલે તે સાંભળી બધી રાણીઓ પાછી હઠી ગઇ એકે કહ્યું કે જો હું એવું કરૂંતો મારૂં પીયર લજવાય બીજીએ કહ્યું કે મારૂં સાસરૂ લજવાય એમ કહી બધી રાણીઓ પાછી હઠી ગઇ અને દ્વારકા જવાની ના કહી પણ એક સીતા નામની રાણીએ તે બધું કરવાનું સ્વીકાર્યું અને સાથે જવાને આગ્રહ બતાવ્યો. ત્યારે રાજાએ તે વાત ગુરૂને કહી કે બધી રાણીઓ તો પાછી ભાગી પણ એક સીતાની લપ છુટે તેમ નથી તેને જો કહીએ

જીએ તે તે હા કહે છે માટે તેનું શું કરવુ ત્યારે ગુરૂએ કહ્યું કે તેને તમે ખુશીથી સાથે લો તે રાણી બધી રાણીઓમાં સતી લાગે છે, માટે તેને સાથે રાખવાથી તમારી ભક્તિ દીપી નીકળશે પછી તેને સાથે લીધી અને બધા દ્વારકાં જવા નીકળયા. ત્યાં એક ઘરડો બ્રાહ્મણ રસ્તામાં આવી સુતો અને તેણે રામાનંદને કહ્યું કે મારા રાજા રાણીને તમે ક્યાં લેઇ જાઓછો જો તમે તેમને લેઇ જશો તો હું અહીં મારો જીવ આપીશ ત્યારે સાધુઓએ તેને ઘણું સમજાવ્યો પણ તેણે કંઇ માન્યું નહી અને કહ્યું કે હુંતો ઝેર ખાઇ મરીશ અને તે પ્રમાણે ઝેર ખાઇ તે સુતો ત્યારે ગુરૂ રામાનંદે તેને પાણી છાંટયું એટલે તેનું ઝેર ઉતરી ગયું એટલે તે ગામમાં નાશી ગયો પછી બધા ત્યાંથી દ્વારકાં ગયાં ને ત્યાં કેટલાક દીવસ રહ્યા પછી રામાનંદ ત્યાંથી વંદ્રાવન જવા નીકળયા, અને તે રાજારાણી તેમની આજ્ઞાથી દ્વારકામાંજ રહ્યા કેટલાક દીવસ વીત્યા પછી પીપા રાજાએ ત્યાંના લોકોને પુછ્યું કે અહીં સોનાની દ્વારકા કહેવાય છે તે ક્યાં હશે ત્યારે લોકોએ તેની મશ્કરી કરી કે સોનાની દ્વારકા તો દરિયામાં છે એટલે તે વાત સાચી માની તેઓ બંને સોનાની દ્વારકાં જોવાનો અને ત્યાં ભગવાનનાં દર્શન કરવાનો ભાવ લેઇને જઇને દરીયામાં પડયાં ભગવાનને તેની ચીંતા થઇ તેથી તેમને ડુબવા દીધાં નહી પણ ભોંયરાની માફક તેમને રસ્તાની ગમ પાડી અને તેઓ ચાલીને અંદર ગયા ત્યાં ભગવાને બે સેવકને તેમને તેડી લાવવા સામા મોકલ્યા અને તેઓ તેમને લેઇને ભગવાન પાસે આવ્યા ત્યાં તેમણે શ્રી કૃષ્ણજીનાં તથા રાધીકાજીનાં પ્રેમ પુર્વક દર્શન કર્યાં. પછી ભગવાને તેમને સાત દીવસ સુધી ત્યાં રાખી તેમની સારી રીતે પરોણા ચાકરી કરાવી અને સાતમે દહાડે તેમને કહ્યું કે હવે તમે પાછાં જાઓ ત્યારે તેમણે કહ્યુ કે હવે અમે પાછાં જવાનાં નથી અમે તો તમારી સેવામાં અહીંજ રહીશું ત્યારે ભગવાને તેમને કહ્યું કે જો તમે પૃથ્વી ઉપર પાછાં નહિ જાઓ તો દુનીયામાં લોકો મારી નીંદા કરશે તમે પ્રેમને લેઇને દરીયામાં પડયાં અને ડુબી મુવાં અને મેં તમને બચાવ્યાં નહી એમ કહી લોકો મારી નીંદા કરશે માટે તમે પાછાં જાઓ અને તમે મારાં દર્શન પામ્યાં તેની એંધાણી તરીકે શંખ ચક્રની છાપ હુ તમને આપું છું તે તમે લઇ જાઓ અને ભગવાને તે અમને આપીછે એમ કહી તે દ્વારકાંના રાજાને તમે આપજો અને તેને કહેજો કે જે જાત્રાળુ લોકો દ્વારકાંની જાત્રા કરવા આવે તેમને તમે તે છાપ મારીને પાવન કરજો. પછી ત્યાંથી નીકળી તેઓ દરીયાની બહાર આવ્યાં અને જેમ દરીયામાં માછલું ફરી આવે અને તેને પાણી અડકે નહિ તેમ તેઓ કોરે લુગડે બહાર નિકળ્યા તે જોઇ બધાં લોકો આશ્ચર્ય પામ્યાં અને તેમને સાચાં ભાવીક સમજીને તેમને પગે પડયા પછી તેમણે પેલી છાપો ત્યાંના રાજાને સોંપી અને પછી દ્વારકાંથી બીજે ગામ જવા નિકળ્યાં આગળ જતાં રસ્તામાં તેમને એક પઠાણ મળ્યો તે સીતાનું રૂપ જોઇને તેના ઉપર મોહીત થઇગયો અને આ સ્ત્રી આ સાધુને યોગ્ય નથી એમ સમજી તેની પાસેથી તેને છીનવી લીધી અને પોતાના ગામ તરફ વળ્યો સીતા શ્રી રામચંદ્રને સંભારતાં તેની સાથે ચાલ્યાં ભગવાનને તેની ચીંતા થઇ અને તેથી તેમની સહાય કરવા આવ્યાં અને તેમણે પઠાણ પાસેથી સીતાને છોડાવી અને પીપા પાસે પાછી મોકલી. પીપાએ પછી સીતાને કહ્યું કે મારી સાથે રહેવામાં તમને આટલાં બધાં સંકટ વેઠવા પડે છે તો હજુ કંઇ સમજો અને ઘેર પાછાં જાઓ. ત્યારે સીતાએ કહ્યું કે સંકટથી હું પાછી ભાગતી નથી માટે હુંતો તમારી સાથેજ રહીશ. તમે ગુરૂનાં વચનને યાદ કરો તેમણે તમને શું કહ્યુ હતું પીપાએ કહ્યું કે હુંતો તમારી પરીક્ષા જોવાને કહું છુ. પછી બન્ને જણ ત્યાંથી આગળ ચાલ્યાં એટલે રસ્તામાં એક વાઘ, એક વાઘણ અને તેમનાં બે બચ્ચાં ઘણાં દહાડાનાં ભુખ્યાં તેમને રસ્તામાં મળ્યાં પણ તેમનાં ભક્તિના તેજ આગળ તેઓ ગરીબ બની ગયા અને

વાઘે આવીને પીપાજીને પગે પોતાનું મુસ્તક નમાવ્યું ત્યારે પીપાએ તેના માથા ઉપર હાથ મુક્યો અને તેને ગુરૂ મંત્ર ફુંક્યો જેથી તે સદગતીને પામ્યો અને બીજા અવતારમાં તે વાઘ, નરસિંહ મહેતાના રૂપે અવતર્યો. અને વાઘણ તેમની સ્ત્રી થઇ અને બચ્ચાં તેમનાં છોકરાં થયાં. પછી ત્યાંથી આગળ જતાં ચીંધર ભકતનો આશ્રમ આવ્યો તેથા તેને મળવાને તેઓ તેમને ત્યાં ગયાં ચીંધર અને તેમની સ્ત્રીએ તેમને છેટેથી આવતાં જોયાં તેથા કોઇ સંત આપડે ત્યાં પરોણા આવે છે એમ તેમને લાગ્યું. પણ તેમને ભોજન કરાવવાને તેમની પાસે કંઇ નહોતું પણ તેમની સ્ત્રીને કોઇ હરી ભકતે એક સાડી પહેરાવી હતી તે તેણીએ એક કોઠીમાં પેશીને ચીંધર ભક્તને ઉતારી આપી અને પોતે નગ્નરૂપ કોઠીમાં રહી અને તે ઉપર એક માટલું ઢંકાવ્યું અને પોતાના પતીને કહ્યું કે આ સાડીને તમે બજારમાં વેચી આવો અને તેની જે કીંમત આવે તેનું સીધુ સામન લાવીને તેમને ભોજન કરાવજો અને હું નગ્ન હોવાથી કોઠીમાં રહીશ. તે પ્રમાણે ચીંધરે કર્યું. અને પછી પીપો તથા સીતા ત્યાં આવી પહોચ્યાં અને ચીંધરને મળયાં અને તેમની સ્ત્રીની ખબર પુછી ત્યારે તેમણે કહ્યું કે તે તો બહાર ગઇ છે. પછી રસોઇ કરાવી અને ભોજન પીરસ્યું ત્યારે સીતાએ તેમની સ્ત્રીને જમવા બોલાવવાનો ઘણો આગ્રહ કર્યો તેથી ચીંધર પેલી કોઠી સામો ઇસારો કરી બતાવ્યો. તેથી સીતા ત્યાં ગયા અને કોઠીમાં તેમની સ્ત્રીને જોયાં અને વસ્ત્ર નહિ હોવાથી તેમને કોઠીમાં પેસવું પડયું એમ જાણીને તેણીએ પોતાની ભક્તિની લઘુતા માની. પછી તેણીએ પોતાનું પહેરેલું વસ્ત્ર અડધુ ફાડીને કોઠીમાં નાખ્યું તે પહેરીને તે સ્ત્રી કોઠીની બહાર આવ્યાં અને પછી ચારે જણે ભોજન કર્યું. પછી થોડીવાર વાતચીત કરીને પીપો તથા સીતા ત્યાંથી વિદાય થયાં. પછી પીપાએ સીતાને કહ્યું કે ચીંધર અને તેની સ્ત્રી ઘણાં દુઃખી થાય છે માટે આપડે તેમનું દરિદ્ર કાઢવું જોઇએ. ત્યારે સીતાએ કહ્યું કે બહુ સારૂ. ચાલો આપડે ગામમાં જઇએ અને હું થઉં બાર મુખી ગુણકા અને તમે થાઓ મારા તબલચી અને પછી ગઇ બજાવીને આપડે લોકોને રીઝવીએ અને તેમની યાચના કરીને કંઇ દ્રવ્ય એકઠું કરીને તેમને પહોંચાડીએ. ત્યારે પીપાએ કહ્યું કે ઠીક. પછી બંનેજણ ગામમાં ગયાં અને ત્યાં ગુણકાનો સ્વાંગ લેઇને બહુ આલાપથી ગાયું અને લોકોને રીઝવ્યા તેથી લોકોએ તેમને ઘણું દ્રવ્ય તથા અન્ન વસ્ત્ર આપ્યાં તે તેમણે લોકો પાસે ચીંધર ભક્તને ત્યાં મોકલાવી દીધાં, ત્યારે લોકોને તેમને સાધુ તરીકે ઓળખ્યાં અને પછી તેમની ભકિતથી આકર્શાઇ ગયાં અને તેથી તેમને તાબે થઇ ગયા. પછી ત્યાંથી વિદાય થયાં અને ટોડા નામના ગામમાં આવીને તેઓ રહ્યા. ત્યાં તેમને ખાવાનું પણ પુરે પુરૂ મળી શકતું નહોતું. કોઇ વાર મળતુ તો કોઇ વાર તેમને ભુખ્યા રહેવું પડતું. એવી રીતે દિવસો ગુજારતાં કોઇ સમે પીતાજી નદીના એક કોતરમાં ઝાડે ફરવા ગયા હશે ત્યાં તેમણે મહોરોનું ભરેલું એક હાલ્લું જમીનમાં દાટેલુ જોયું. તેથી તેમણે તે લેવાનું મન કર્યું પણ મનને પાછું વારી રાખ્યું. અને મનને શીખામણ દીધીકે ઘેર આગળ તારે શી ખોટ હતી? ઘેર આખું રાજ ચાલે છે. અને તે મુકીને તું અહી આવ્યો છું અને હજી તું મોહોરોમાં ચિત રાખે છે માટે જો તારે દ્રવ્યની અપેક્ષા હોયતો હજી પણ ઘેર પાછો જા. એમ કહીને પોતાના મનને વાર્યું અને તે હાલ્લું ત્યાંને ત્યાં રહેવા દીધુ. અને પછી ઝાડે ફરીને ઘેર આવ્યા અને રાતે પોતાની સ્ત્રીને તે વાત કરી કે હું આજે ઝાડે ફરવા ગયો હતો ત્યાં મોહોરોનું એક હાલ્લું દાટેલું જોયું હતું અને મને તે લેવાનું મન થયું હતું પણ મેં તે લીધું નહી. ત્યારે સ્ત્રીએ કહ્યું કે તમે ઘણું સારૂં કર્યું દ્રવ્યની આપડે કંઇ જરૂર નથી અને આપણે ઘેર દ્રવ્યની શી ખોટ હતી? જે કોઇએ તે હતું અને દ્રવ્ય જોઇતું હોયતો

હજી પણ આપણા ઘેર પાછા ચાલો. નહીતો આપણને તો નિર્ધનતાજ અહીં સુખ રૂપ છે. આ-વખતે પીપાજીને ઘેર ખાતર પાડવાને ચોર આવ્યા હતા તેમણે તે વાત સાંભળી તેથી ખાતર પાડવું બંધ રાખ્યું અને તેમણે અંદર અંદર કહ્યું કે આના ઘરમાં તો કંઇ નથી માટે ચાલો આપણે પેલું મહોરોનું હાંલ્લું શોધી કાઢીએ એટલે આપણું કામ થાય એમ કહી તેઓ તે હાંલ્લું લેવાને જંગલના કોતરોમાં ગયા અને ત્યાં હાંલ્લું શોધી કાઢીને તે ઉઘાડીને જોયું તો તેમાં સર્પ દીઠા તે ઉપરથી તેઓ પીપા ઉપર ચીડાઇ ગયા અને બોલ્યા કે આપણને ચોરી કરવા આવે આ જાણીને તેણે આપણને મારી નંખાવવાના હેતુથી તે બંને જણે મળી આ વાત જોડી કાઢેલી લાગે છે માટે આપણેજ ખરા કે તેમનાં કર્યાં તેમની પાસે ભોગવરાવીએ એમ કહી તે હાંલ્લી ઢાંકી તેનું મોં બાંધીને તેઓ પીપાને ઘેર લાવ્યા અને તેને છાપરે ચડયા અને છાપરામાંથી એક બાકું પાડયું અને જ્યાં આગળ તે બંને સુતાં હતાં ત્યાં આગળથી તેમના ઉપર તે હાંલ્લું છોડીને ઉંધું વાળ્યું એટલે ત્યાં ખડખડતી મહોરો થઇને તે અંદર પડી જેના તે બન્ને જણે ગણતરી કરીતો તે પાંચ પાંચ રૂપીઆ ભારની અકેકી મોહોર એવી સાતસેને વીસ મહોર થઇ પછી તે બે જને તેમણે સંત સાધુને ખવરાવવામાં વાપરીને થોડા દીવસમાં ખુટવાડી દીધી. એટલે તેમની ઉદારતાની તે ગામમાં પ્રસંશા થવા માંડી અને તે વાત જ્યારે ત્યાંના રાજાએ સાંભળી ત્યારે તે તેમનાં દર્શન કરવાને પીપાજીને ત્યાં આવ્યો અને પોતાને શીષ્ય કરવાની પીપાજીના વિનંતી કરી ત્યારે પીપાજીએ તેને કહ્યું કે જો તું માળા તીલક કરે તેવો હોય અને ત્યાગવૃતી પાળી શકે તેવો હોય અને જો તું તારી રાણીઓમાંથી. એક રાણી અમને સોંપી દેતો હોયતો અમે તને ગુરૂ ઉપદેશ આપીએ ત્યારે તે રાજાએ તેમ કરવાની હા કહી અને પોતાની એક રાણીને તેડી લાવીને પીપાજીએ સોંપી ત્યારે પીપાજીને તેને ખરો આસ્તવાન જાણીને તેને મંત્ર ઉપદેશ કર્યો અને રાણીને પાછી આપી અને તેને કહ્યું કે અમારી થાપણ તરીકે આ રાણી અમે તને પાછી સોંપીએ છીએ માટે તે તું પાછી રાખ અને અમારે જ્યારે તેની જરૂર પડશે ત્યારે અમે તારી પાસેથી તે પાછી લેઇશું એમ કહી રાણીને પાછી સોંપી પછી પીપાજીએ કહ્યું કે આ રાજ વહીવટ પણ અમે તને પાછો સોંપીએ છીએ માટે તે પણ તું અમારા વતી ચલાવજે અને સંત સાધુની સેવા કરતો રહેજે. એમ કહી તેની પરીક્ષા જોયા પછી બધું તેને પાછું સોંપી દીધું. પછી રાજાએ પીપાને એક ઘોડો અને પુષ્કળ દ્રવ્ય ભેટ આપ્યું પીપાજી તે ઘોડા ઉપર બેશીને રોજ સ્નાન કરવા જતા અને સ્નાન કરતી વખતે તે ઘોડાને છુટો ચરતો મુકતા. તેથી તે રાજાના એક ભગતના ખેતરમાં તે પેશી જતો અને ત્યાં ઘણો બ-ગાડ કરતો. તે ઉપરથી તેણે એકવાર તે ઘોડો લેઇ જઇને પોતાને ઘેર બાંધ્યો અને પછી રાજાને જઇને ફર્યાદ કરી કે તમારા ગુરૂનો ઘોડો અમારા ખેતરનો ઘણો બગાડ કરે છે. ત્યારે રાજાએ ગુરૂને બોલાવીને પુછયું ત્યારે ગુરૂએ કહ્યું કે ઘોડો તો મારે ઘેર બાંધેલો છે અને તેનો બીગાડ શી રીતે કરે છે? ત્યારે તે ભાયાત પીપાને ઘેર ગયો અને જોયું તો તે ઘોડો તેમને ઘેર બાંધે-લો દીઠો. તે ઉપરથી તે આશ્ચર્ય પામ્યો અને ગુરૂને પગે પડયો. એકવાર તે ગામમાં કોઇ વ-ણજારો બળદીઆ લેવાને આવ્યો હશે અને તે ગામમાં બળદના વેપારી વીશે પુછપરછ કરતો હશે ત્યારે લોકોએ તેને મશ્કરીમાં પીપાજીને ઘેર મોકલ્યો. અને તેણે આવીને પીપાજીને કહ્યું કે મારે ત્રણ જાતના બળદ જોઇએ છીએ નાના, મોટા અને વચલા વડના માટે તે મને બતાવો ત્યારે પીપાજીએ કહ્યું કે બળદ હાલ પરગામ છે. ત્યારે તેણે તેમની કીમત ગણી ઉચ્ચક કીંમતના પૈસા પીપાને આપ્યા અને તેણે તેમને વાયદો કર્યો કે હું અમુક દીવસે પાછો બળદ

એવાને આવીશ માટે તમે પરગામથી બળદ મંગાવી રાખજો. એમ કહી વણજારો ગયો અને પીપાએ તે વાયદાને દીવસે ગામો ગામથી સાધુ તેડાવી તે દ્રવ્યની રસોઈ કરાવીને તેમને જમવા બેસાડયા અને તેમના ત્રણ જથ્થા પાડયા નાની ઉમરનાને જુદા બેસાડયા જુવાન સાધુને જુદા બેસાડયા અને વૃદ્ધ સાધુઓને જુદા બેસાડયા એટલે તેટલામાં તે વણઝારો ત્યાં આવ્યો ત્યારે તેમણે તેને કહ્યું કે આ ત્રણે વડના બળદ છે તારે જેટલા અને જે જોઇએ તે લેઇ જા તે સાંભળી તે વણઝારો ગુસ્સે થવાને બદલે રાજી થયો અને પીપાજીને પગે પડયો અને તેનું દ્રવ્ય જે ઘણા દીવસથી બળદમાં રખડતું હતું તે આજ સમાર્ગે ઠેકાણે પડયું તે જોઇને તેણે તેમનો ઉપકાર માન્યો અને પછી તે પોતાને ગામ ગયો. એકવાર પીપાજી ઘેર નહોતા અને તેમને ઘેર કોઇ સાધુ આવ્યા ત્યારે તેમની સ્ત્રી તેમને સારૂ સીધું લાવવા બજારમાં ગયાં પણ તેમની દુર્બળતાને લીધે તેમને કોઇએ ઉધારે સીધું આપ્યું નહિ પણ ત્યાં એક વિષયી દુકાનદાર વાણીઆની નજર બગડી તેથી તેણે સીતાને પોતાની પાસે બોલાવી અને તેમને ઉધારે સીધું આપ્યું અને તેમની સાથે સરત કરી કે આજની રાત તેમણે તેને ઘેર રહેવું જે તેણીએ કબુલ કર્યું અને પછી સીધું લેઇને તે ઘેર આવ્યાં અને રસોઇ કરીને સાધુઓને જમાડયા. એટલામાં પીપો ભક્ત બહારથી આવ્યા અને જોયું તો પોતે ઘેર નહોતો તથા ઘરમાં પૈસો પણ નહોતો તે છતાં તેમની સ્ત્રીએ સાધુઓની સેવા કરી તેથી પોતે પ્રસન્ન થયો અને સીતાને પુછયું કે તું સીધું કયાંથી લાવી ? ત્યારે સીતાએ કહ્યું કે હું બજારમાં સીધું લેવા ગઇ પણ મને કોઇએ ઉધારે આપ્યું નહિ ત્યારે એક વિષયી વાણીઆએ મને એવી સરતે સીધું આપ્યું કે આજની રાત મારે તેને ત્યાં રહેવું અને તે પ્રમાણે હું કબુલ કરીને સીધુ લાવી. તે સાંભળી પીપાજી પ્રસન્ન થયા અને ગમે તે પ્રકારે પણ તે સાધુની સેવા થઇ તેથી તેમણે પોતાનું ધન ભાગ્ય માન્યું. પછી રાત પડી એટલે સીતા વસ્ત્ર પહેરીને તે વાણીઆને ઘેર જવાને તૈયાર થઇ ત્યારે તે વખતે વરસાદ વરસતો હતો તેથી ગામમાં આખે રસ્તે કાદવ કાંચડ થયેલો હતો તેથી પીપાએ સીતાને કહ્યું કે ચાલો હું તમને મારે ખભે બેસાડી તથા મારો કામળો ઓઢાડીને તેના ઘર સુધી મુકીજઉ જેથી તમારા પગ બગડે નહિ અને તમારાં લુગડાં પણ કોરા રહે એમ કહી તેણે સીતાને કામળો ઓઢાડયો અને પોતાના ખભા ઉપર બેસાડી જ્યાં તેણે બતાવ્યું ત્યાં તેને લેઇ ગયો અને પછી તેણીને ખભેથી ઉતારી તેના મેડા ઉપર મોકલી અને પોતે આઘો જઇને અંધારામાં ઉભો રહયો પછી સીતાએ તે વાણીઆને કે જે સીતાની વાટ જોતોજ બેસી રહયો હતો તેને હાંક પાડી એટલે તે પાણીનો એક ઘડો ભરીને તેણીના કાદવ વાળા પગ ધોવાને લેઇ આવ્યો અને જેવો દાદરો ઉઘાડયો અને સીતા અંદર ગયાં એટલે તેમને કોરે લુગડે તથા કોરે પગે આવેલાં જોયાં તેથી તે ઘણો અચંબો પામ્યો અને બોલ્યો કે "હે માતાજી તમે કોરાં અહીં સુધી શી રીતે આવ્યા" ત્યારે સીતાએ કહ્યું કે તારે માતાજી શું કરવા કહેવું પડે છે તારે જે કામની અપેક્ષા હોય તે તું પુર્ણ કર. હું મારા વચન પ્રમાણે તૈયાર છું ત્યારે તે વાણીઆએ કહ્યું કે તમે તો મારી મા છો અને મેં તમારામાં કુદ્રષ્ટી કરી તે મેં તમારો મોટો અપરાધ કર્યો છે માટે તે ક્ષમા કરો અને તમે અહીં સુધી જે કોરાં આવ્યાં તેનો ભેદ બતાવો ત્યારે સીતાએ કહ્યું કે મારો પતી મને અહીં સુધી ખભે ઉંચકીને લાવ્યો અને તેનો કામળો મને ઓઢાડયો તેથી હું કોરી આવી શકી છું. ત્યારે વાણીઆએ પુછયું કે તમારા પતી કયાંછે? ત્યારે સીતાએ પોતાના પતીને અંધારામાં દુર ઉભેલા બતાવ્યા. તે ઉપરથી તે વાણીઆએ તેમને બોલાવ્યા અને તેમની ઘણા પ્રકારે વીનંતી કરી અને તેણે જે પોતાની મા સમાન જે સીતા તેમના ઉપર કુદ્રષ્ટી કરી તેનો

મચ્છો પશ્ચાતાપ કર્યો. અને એ પ્રમાણે તેણે પીપાજીના તથા સીતાના ભક્તિના તેજ આગળ તેને વિષયનું ઝેર ઉતરી ગયું. તેથી તે તેમને પગે પડયો એ પછી બોલ્યો કે હવે તમે મને ઉગારી લ્યો. જો ધરતી ફાટી જાય તો હું અંદર સમાઇ જાઉં એમ લજ્જા પામીને તે કહેવા લાગ્યો ત્યારે પીપાએ તેને કહ્યું કે તેમાં તારો કંઇ દોષ નથી; એતો કામનો દોષ છે. પછી તે વેપારીએ પીપાજીને કહ્યું કે મને કંઇ ઉપદેશ કરો ત્યારે પીપાજીએ તેને ગુરૂમંત્ર આપ્યો. પછી તે વાણીઆએ તેમને ઘણું દ્રવ્ય ભેટ આપ્યું અને તેમને ઘેર પહોંચાડી આવ્યો આ વાત ચાલતી ચાલતી ત્યાંના રાજાને કાને ગઇ અને ગામના બ્રાહ્મણો કે જે તેમનો આગળથી દ્વેષ કરતા હતા તેમને આ લાગ ફાવ્યો એટલે તેમણે પણ રાજાને જઇને કહ્યું કે આવા સાધુને તે આપે શું જોઇને ગુરૂ કર્યા હશે આવી આવી વાતો સંભળાવીને રાજાને પીપાજી ઉપર અભાવ કરાવ્યો પીપો રોજ જ્યારે રાજાને ત્યાં જતો ત્યારે રાજા તેને ઘણુ સન્માન આપતો પણ તે દિવસે જ્યારે તે રાજાને મળવા ગયા અને જ્યારે બારણેથી નોકરો પાસે તેને ખબર અપાવી ત્યારે રાજાએ પીપાજીને કહેવરાવ્યું કે રાજા હાલ પુજામાં બેઠા છે ત્યારે પીપાજીએ કહ્યું કે રાજા ઘણો મુર્ખ છે તે તો મોચીને ત્યાં જોડા તપાસે છે અને કહે છે કે હું પુજામાં બેઠો છુ? તે વાત જ્યારે નોકરે જઇને રાજાને કરી ત્યારે રાજાને સંતની અનંત કળાનું ભાન આવ્યું અને પુજામાંથી ઉઠીને દરવાજે આવ્યો ગુરૂને પગે પડયો અને તેણે પોતાના અપરાધની માફી માગી અને પછી તેમને મહેલની અંદર તેડી ગયો અને તેમને જોડા તપાસવાની વાત વિષે ખુલાસો પુછ્યો ત્યારે પીપાએ કહ્યું કે તારૂ મન પુજામાં નહોતું પણ તું મનમાં જોડાનો વિચાર કરતો હતો ત્યારે રાજાએ કહ્યું કે તે સાચી વાત છે મારે હાલ પરગામ જવું હતું અને મારે જોડા ફાટી ગયા હતા તેથી બીજા નવા લેવાનો હું વિચાર કરતો હતો પણ તે વાત આપે બધી જાણી લીધી? લોક અફવા સાંભળીને મારો જે દોષ થયો છે તે આપ હવે માફ કરો. પછી ગુરૂએ રાજાને કહ્યું કે મારી સીતા સંત સેવા કરતાં હવે થાકી જાય છે માટે પેલી મારી થાપણ મુકેલી રાણીને તું મને પાછી આપ ત્યારે રાજા ચુપ થઇ રહ્યો અને તેણે મનમાં વીચાર્યું કે તે પોતાની સ્ત્રીની માફક મારી રાણી પાસે પણ બંદ કામ કરાવશે તો હું શું કરીશ! પણ હવે તેમણે તેને માગી એટલે ના પણ કેમ કહેવાય. તેથી તે વગર ખુશીથી મોં ઉપરનું બોલ્યો કે ભલે લેઇ જાઓ એમ કહી તે પોતાની રાણીને ચેતાવવા ગયો કે હું તને આપું ત્યારે તું તેમની સાથે જવાનું ના કહેજે. એમ વીચારી તે રાણી પાસે ગયો ત્યારે જો કે તે રાણી વાંઝણી હતી તોપણ તેના ખોળામાં તેણે એક પાંચ વરસનો કુંવર રમતો જોયો અને તે જોઇ તે આશ્ચર્ય પામ્યો અને તે કહેવાને તે ગુરૂ પાસે આવ્યો ત્યારે તેણે ગુરૂને બદલે એક વાઘને ત્યાં જોયો ત્યારે ત્યાંથી તે પાછો ગયો તો તે વાંઝણી રાણીને છોકરો થયેલો તેણે ફરીને જોયો તેથી તે મોટી ભ્રાંતીમાં પડયો અને પોતે ઘણું અકળાવા લાગ્યો ત્યારે તેણે ગુરૂ પાસે આવીને તેમની ઘણી વિનંતી કરી ત્યારે ત્યાં વાઘનું રૂપ બદલાઇને પીપાનું રૂપ દેખાયું પછી તેણે ઘણી નમ્રતાથી તેમની સ્તુતિ કરી ત્યારે પીપાજી પ્રસન્ન થયા અને તેના હીતને માટે તેમણે ક્રોધ કરીને તેને કહ્યું કે જે વખતે તું લોક લાજ દુર મુકીને તારી રાણીને મને ભેટ આપવાને લેઇને શીષ્ય થવા આવ્યો હતો તે વખતનો તારો ભાવ હવે ક્યાં જતો રહ્યો પછી તેમણે પોતાની આકર્ષણ શક્તિ તેના હૃદયમાં પ્રેરી અને તેને ફરીને ઉપદેશ કર્યો અને ફરીને શંકા ન લાવવાને તેને બોધ કર્યો અને પછી ગુરૂ પોતાને ઘેર ગયા. એક દહાડો એક વેશ ધારી પીપાને ત્યાં આવ્યો અને પીપાને કહ્યું કે સાધુ

આજની રાત તમે મને તમારી સ્ત્રી આપો ત્યારે પીપાએ કહ્યું કે ભલે પછી તે રાત્રે આવીને સીતાને લેઇ ગયો અને રસ્તે ચાલતા ચાલતા તેણે વિચાર કર્યો કે હું તેને અહીં એક રાત રાખી શકીશ નહી અને સવાર થશે એટલે તો તે મારી પાસેથી જતી રહેશે માટે તેને કંઇ દૂર દેશાવર લઇ જાઉં અને ત્યાં તે એકલી પડશે અને તેનો પતી ત્યાં નહીં હોય એટલેતો તે, મને હમેશાને માટે પછી પતી તરીકે કબુલ રાખશે. એમ વિચારી તે સાધુએ તેણીને કહ્યું કે મારૂં ઘરતો ઘણું દુર છે માટે તમે મારી સાથે સાથે ચાલ્યાં આવો એમ કહી તેણે આખી રાત ચાલવામાં કાઢી અને જ્યારે સવાર થયું ત્યારે સીતા રસ્તામાં ઉભી થઇ રહી ત્યારે તે સાધુએ સીતાને કહ્યું કે કેમ આગળ ચાલતી નથી ત્યારે સીતાએ કહ્યું કે મારા પતીની મને એક રાતની આજ્ઞા હતી અને તે પ્રમાણે હું એક રાત તારી સાથે રહી. હવે હું તારી સાથે નહીં રહું. તમારી બંનેની બોલી પ્રમાણે હું વર્તી ચુકી છું. માટે હવે હું તારી સાથે નહીં આવું. ત્યારે તે સાધુ ન્યાય કરાવવા પાસેના ગામમાંથી લોકોને તેડી લાવવા ગયો. ત્યારે જ્યાં જ્યાં તે ગયો ત્યાં ત્યાં દરેક ઠેકાણે તેણે સીતાને બેઠેલી જોઇ ત્યારે તે મુંઝાઇ ગયો અને તેના કેટલાક રૂપ હશે એમ વિચારીને તે વિસ્મય પામ્યો અને તેથી તે પાછો સીતા પાસે આવ્યો અને તેમને પગે પડ્યો અને તેણે પોતાના અપરાધની માફી માગી અને પછી તેમને પોતાનાને ઘેર તે પાછો પહોચાડી આવ્યો. એ પ્રમાણે તેનો કામ વિષય જતો રહ્યો અને તેને માતા ભાવ ઉદય થયો. એકવાર વિષયી અને કુટીલ એવા ચાર માણસોએ સાધુનો વેશ લીધો અને પીપાને ઘેર જઇને તેમને પુછયું કે આજની રાત તમારી સ્ત્રી અમને સોંપશો? ત્યારે પીપાએ કહ્યું કે હા ભલે તમે રાતે આવજો તે ઉપરથી તે વેશધારી ચાર સાધુઓ પીપાને ત્યાં રાતે આવ્યા. ત્યારે પીપાએ તેમને સીતાની ઓરડી બતાવી અને તેમને સીતા પાસે મોકલ્યા. ત્યારે ત્યાં એક વિકરાળ સીંહણ કે જે ઘણા દીવસની ભુખી રહેલી સાંકળે બાંધી રાખેલી અને તેમને ફાડી ખાવાને જાણે ધસી આવતી હોય એવી સીંહણ તેમને જણાઇ. તેથી તેઓ જીવ લેઇને ત્યાંથી નાઠા અને બહાર આવી પીપાને કહ્યું કે તું સાધુ શેનો તું તો કપટી છે. તેં અમને કપટથી વાઘણ પાસે મારી નંખાવા મોકલ્યા હતા માટે તું સાધુ નહી પણ ઠગ છે. ત્યારે પીપાએ કહ્યું કે વાઘણ વળી ક્યાં છે? ચાલો મને તે બતાવો એમ કહી પીપો તેમને તેડીને સીતા પાસે ગયો અને સીતાને બોલાવી એટલે સીતાએ જવાબ દીધો અને તેમને સ્ત્રી રૂપે પ્રતીત થઇ તે ઉપરથી પીપાએ કહ્યું કે જેવી તમારી ભાવના હતી તેવું તમને દેખાયું. કામવિષયની ભાવનાને લીધે તમને તે સીંહણ પ્રતીત થઇ. બાકી તે કંઇ સીંહણ નથી પણ સ્ત્રી રૂપેજ છે. તે ઉપરથી તેમની વિષય બુદ્ધિ જતી રહી અને પછી તેમણે પોતાના અપરાધની ક્ષમા માગી અને તેમને પગે પડ્યા. એકવાર એક ભરવાડણ દહીં વેચતી પીપાજીના ઘર આગળથી નીકળી તે વખતે, પીપાજીને ત્યાં કોઇ સાધુ જમવા બેઠા હશે અને તેમને દહીં ખાવાની ઇચ્છા થઇ તેથી પીપાજીએ દહીં વાળીને બોલાવી અને તેની પાસેથી એક શેર દહીં લીધું, પણ તેની કીંમતના પૈસા આપવાને તેમની પાસે કંઈ નહોતું તેથી તેમણે તેને કહ્યું કે મારી પાસે હાલ કંઇ નથી પણ આજની જે કાંઇ મારે ત્યાં સેવા આવશે તે હું તને આપી દેઇશ એમ કહી તેને ત્યાં બેસાડી એટલે થોડીવારમાં એક વાણીઓ એક થાળમાં મોહોરો ભરીને ભેટ મુકી ગયો એટલે તે લેઇને તેમણે પેલી દહીં વાળીને આપવા માંડી ત્યારે તે દહીંવાળીએ કહ્યું કે મારા દહીંની કીંમતનો ફકત એેજ પૈસા થાયછે માટે આટલી બધી મોહોરો હું તમારા સાધુની લેઉં તો હું કયે જન્મે છુટું? માટે હું તો નહીં લેઉં ત્યારે પીપાજીએ પોતે પોતાનો બોલ પાળવા માટે તેને તે લેવાને ઘણોજ આગ્રહ કર્યો. અને એમ રકઝક કરતાં ત્યાં રસ્તે જતા લોકો એકઠા થયા અને તેમણે તે દહીં

વાણીને કહ્યું કે પીપાજી તને બોલ્યા પ્રમાણે તે આપ્યા વિના રહેવાના નથી માટે હાલ તે તું લેઇ લે અને પછી તેમાંથી દહીંના રાંગતના જે બે પૈસા થાય તે વાળી રાખીને બાકીનું તું ફરીને તેમને ભેટ કર એટલે તે તે લેશે તે ઉપરથી તેણીએ તે પ્રમાણે કર્યું એટલે પીપાજીએ તે લીધું અને પછી તે દહીં વાળી પોતાને ઘેર ગઇ. એકવાર એક બ્રાહ્મણ કે જે દેવી ઉપાસક હતો તેણે પોતાની દેવી પાસે મુક્તિ માગી ત્યારે તે દેવીએ તેને કહ્યું કે મુક્તિતો મારી પાસે નથી પણ જો તારે મુક્તિ જોઇતી હોયતો તું રામાનંદના શિષ્ય પીપા પાસે જા એટલે તે તને મુક્તી આપશે. તે ઉપરથી તે બ્રાહ્મણ પીપાજી પાસે આવ્યો અને તેણે તેમને ગુરૂ કર્યા. પછી પીપાએ તેને ભક્તિની રીતી બતાવી અને એ પ્રમાણે તેને મુક્તિનું દ્વાર ઉઘાડી આપ્યું. એક દીવસ એક રૂપવંતી તેલણ તેલ વેચતી વેચતી પીપા પાસેથી નીકળી ત્યારે પીપાએ તેને કહ્યું કે જેવું તારૂં રૂપ સુંદર લાગેછે તેવુ જો તું રામ રામ કહેતો તારૂં હૃદય પણ સુંદર લાગે ત્યારે તેણીએ કહ્યું કે મારે શું કરવા રામ રામ કહેવા પડે. જેનો ધણી મરી જાય તે રામ રામ કહે ત્યારે પીપાજીએ તેને કહ્યું કે ત્યારે જેવો તારો ભાવ. પછી તેલણ આગળ ચાલી. પછી થોડીવારમાં કંઇ અકસ્માત થવાથી તેનો ધણી એકાએક મરી ગયો. અને તે તેલણને ઘેરથી માણસ બોલાવા આવ્યું. અને તે રોતી પીટતી પોતાને ઘેર ગઈ. પછી વાંસદોણું મંગાવી તેણીના પતીની લાશ બાંધીને તેનાં સગાં મસાણ તરફ રામ રામ કહેતાં લેઇ ચાલ્યાં તેની પછવાડે તે પણ વિલાપ કરતી રામ રામ કહેતી ઘરમાંથી નીકળી ત્યારે પીપાજી બોલ્યા કે પહેલાં તો રામ રામ કહેવાની ના પાડતી હતી અને હવે કેવી તે રામ રામ કહેછે તે સાંભળી તેણે તેમણે જાણ્યું કે આ સાધુના શ્રાપથી મારો ધણી મરી ગયો લાગે છે માટે હવે હું તેનેજ કંઇ વિનંતી કરૂંતો તે મારા ધણીને પાછો જીવતો કરે એમ વિચારી તેણે પીપાજીની ઘણા પ્રકારે વિનંતી કરી અને તેમનાં બહુ કાલાવાલાં કર્યા એટલે પીપાજીને તેના ઉપર દયા આવી અને તેથી તેના ધણીના શબને તેમણે પાછું મંગાવરાવ્યું અને તેના ઉપર તેમણે પાણી છાંટયું એટલે તે તેલી ઉઠીને બેઠો થયો અને તેલણને લેઇને તે પોતાને ઘેર ગયો એકવાર પીપાજી પોતાના ગુરૂભાઇ શ્રીરંગને ગામ ગયા હતા ત્યાં તે ગામની ભાગોળે ભંગીઆની બે છોકરીઓ રૂપવંતીઓ તેમણે રમતી જોઇ તેથી તેમણે તેમને માથે હાથ મુકયો અને તેમને ઉપદેશ કરી રામ રાંમ કહેવાનું કહ્યું અને તે પ્રમાણે ભંગીઅણો જે તેમની ચેલીઓ થઇ હતી તેઓ એકવાર પોતાના ગુરૂનાં દર્શન કરવા જવાને સારૂ પોતાને ગામથી નીકળી અને ગુરૂને ગામ જતી હતી ત્યાં રસ્તામાં એક ગામ આગળ તેમણે એક મડદું બળતું જોયું ત્યારે તેમણે તે ગામના લોકોને પુછયું કે તમે કોને બાળોછો, ત્યારે તે લોકોએ કહ્યું કે અમે પીપા ભકતને બાળીએ છીએ. કારણ કે પીપાજી થોડા દીવસથી અમારે ગામ આવ્યા હતા તે અહીં માંદા પડયા અને મરી ગયા. તે સાંભળી ને ભંગીઅણોને ઘણો શોક પેદા થયો અને ત્યાંથી પાછા ફરવાનું ધાર્યું પણ આટલે દુર આવ્યા હતા તેથી તેમના સ્ત્રીનાં દર્શન કરવા જવાનું ધારી તેઓ આગળ ચાલ્યા તો બીજે ગામ પણ તેમણે એ પ્રમાણે પીપાજીને બાળતા જોયા એ પ્રમાણે પાંચ ગામ સુધી તેમણે પીપાજીને બળતા સાંભળ્યું તેથી તેમને ઘણું આશ્ચર્ય લાગ્યું કે એક પીપાજીને પાંચ દેહ શી રીતે થયા કે પાંચે ઠેકાણે પીપાજીને તેઓ બાળે છે.

પછી છેવટે જ્યારે તેઓ પીપાજીને ગામ ગયાં ત્યારે ત્યાં પીપાજીને જીવતા દીઠા અને ત્યાં તેમનાં દર્શન કર્યા અને તેમને ઘણો આનંદ થયો. એકવાર શ્રીરંગે પીપાજીને કાગળ મોકલીને પોતાને ગામ તેડાવ્યા હતા અને ત્યાં જઇને પાછા ફર્યા ત્યારે રસ્તામાં એક તેમને બી-

ક્ષુદ્ર બ્રાહ્મણ મળ્યો અને તેણે તેમને વિનંતી કરી કે હું ઘણો ગરીબછું માટે તમે મને કંઇ દ્રવ્ય આપો ત્યારે તેમણે કહ્યું કે તું મારી સાથે ચાલ અને હું કહું તે પ્રમાણે તું કર પછી તેમણે તેનું મુંડ મુંડાવ્યું અને સન્યાસીનો વેશ લેવડાવ્યો અને તેને પોતાને ગામ લેઇ જઇને રાજાને ત્યાં ગયા અને રાજાને કહ્યું કે અમારા ગુરૂ જે રામાનંદ સ્વામી કહેવાય છે તે આ સ્વામી અને તે અહી મારી પાસે આવ્યા છે માટે તું તેમને ઘણું દ્રવ્ય આપ તે ઉપરથી રાજાએ તેને ઘણું દ્રવ્ય આપ્યું. એટલે પીપાજીએ તે બ્રાહ્મણને કહ્યું કે હવે તુ તારે ઘેર જા અને આનંદથી દ્રવ્ય વાપરજે. એકવાર પીપાજી રાજાની સભામાં બેઠા હશે. ત્યાં તેમણે પોતાના બે હાથ મસળ્યા ત્યારે રાજાએ તેમણે તેનું કારણ પુછ્યું ત્યારે પીપાજીએ કહ્યું કે હાલ દ્વારકામાં કંઇ ઓચ્છવ થાય છે અને ત્યારે એક માણસે મસાલ ઉંચી કરી તેથી મંદીરનો ચંદરવો સળગી ઉઠયો તેથી મેં ઓલવી નાંખ્યો તે ઉપરથી રાજાને આશ્ચર્ય લાગ્યું અને તેથી ખબર કાઢી લાવવા દ્વારકા એક માણસ મોકલ્યું અને તેણે દ્વારકાં જઇ તપાસ કરી તો ત્યાં નવાં ચંદરવામાં એક થાગડું મારેલું દીઠું તેથી તેણે ત્યાંના લોકોને તેનું કારણ પુછ્યું કે આ નવા ચંદરવામાં થાગડું કેવું ? ત્યારે તેણે કહ્યું કે અમુક દીવસે ઓચ્છવ થતો હતો અને એક જણે મસાલ ઉંચી કરી તેથી ચંદરવો સળગ્યો પણ એટલામાં સારે નસીબે અહી પીપાજી આવ્યા અને તેમણે બે હાથવતી મસળીને તે ઓલવી નાંખ્યો નહિંતર આખો ચંદરવો બળી જાત તે વાત સાંભળી લાવીને તેણે રાજાને કહી તે ઉપરથી રાજાને ઘણું આશ્ચર્ય લાગ્યું કે અહીંથી ત્રણસેં ગાઉ ઉપર તે બીજું રૂપ ધરીને શી રીતે કામ કરી આવ્યા.? પીપાજી સાધુઓની સેવા કરવા સારૂ એક વાણીઆ પાસેથી ઉધાર પૈસા લેતા કારણ કે તેમની પાસે કંઇ દ્રવ્ય હતું નહિ જ્યારે તે દેવું વધી ગયું ત્યારે તે વાણીઆએ પીપાને કહ્યું કે અમને પૈસા આપો ત્યારે પીપાએ કહ્યું કે હાલ મારી પાસે પૈસા નથી પણ થોડા મહીનામાં સવડ કરીને હું તને આપીસ પણ તેને ધીરજ રહી નહિ તેમાં એકવાર તેણે પીપાજીને ત્યાં તોફાન કરવા માંડયું તેથી ત્યાં રસ્તે જતાં લોકો ભેગા થઇ ગયા ત્યારે પીપાએ તેને કહ્યું કે તારૂં નામું લાવ. અને મને બતાવ કે તું કેટલા રૂપીઆ માગે છે. ત્યારે તે પોતાના બધા ચોપડા લેઈ આવ્યો અને ત્યાં પીપાનો ચોપડો ખોલીને બતાવ્યો ત્યારે તેમાં કંઇ લખેલું દીઠું નહી અને આખો ચોપડો કોરો દેખ્યો ત્યારે તેણે ગભરાઇને બીજો ચોપડો જોયો તો તે પણ કોરો દીઠો એમ બધા ચોપડા કોરા દીઠા તેથી તે માથું કુટવા લાગ્યો. અને પછી તેણે પીપાજીને વીનંતી કરી કહ્યું કે મારે તમારા પૈસા જોઇતા નથી પણ મારે બીજા લોકોનું લેણું ખોટું થાય છે માટે મારૂં બીજું નામું જેવું હતું તેવું તમે કૃપા કરીને મને કરી આપો કારણ કે ઉઘરાણી એજ મારીધનદોલત છે. ત્યારે પીપાએ તેને કહ્યું કે તું ઉતાવળ કરીશ નહિ મારા પૈસા હું તને સવડ કરીને આપીશ. પછી તેના ઉઘરાણીના જે ચોપડા કોરા થઇ ગયા હતા અને તેથી તે જે પાયમાલ થઇ ગયો હતો તેથી તેમને તેના ઉપર દયા આવી અને તેથી તેમનું અંતઃકરણ તેના ઉપર દ્રવિભુત થયું એટલું તેનું બધું નામું હતું તેવું થઇ ગયું. એકવાર દેશમાં ભારે દુકાળ પડયો અને ઘણા જીવો દુઃખ પામવા લાગ્યાં ત્યારે તેમણે ઘણા પૈસો ખર્ચી નાખ્યો અને લોકોને જીવતા રાખ્યા એ પ્રમાણે તેમના સાચી ભકિતને લીધે તેમને અનંત ચમત્કાર પ્રતિત થતા.

એકવાર રાત્રે પીપાજીને ત્યાં ચોર ચોરી કરવાને આવ્યા અને તેમના ઘરને આગણે બેસો બાંધેલા હતી તે છોકાને લેઇ ગયા એટલામાં પીપાજી જાગા ઉઠયા અને બહાર જઈ જોયું તો બેસોને ચોરી લેઇ જતા દીઠા તેથી તેમણે વિચાર કર્યો કે બેસો દુઝણી છે અને તેનાં

પાડાં વગર તે દુધ દેશે નહિ અને પાડાં ઘરમાં બાંધેલાં હતાં તેથી તે લોકોથી તે લેઇ જવાયાં નહી માટે ચાલો પાડાંને દોરીને હું આપી આવું એમ વિચારી પાડાં લેઇને તે તેમની પાછળ ગયા અને તેમને હાંક મારીને ઉભા રાખ્યા અને તેમને કહ્યું કે તમે ભેંસોને એકલી લેઇ જાઓ છો પણ પાડાં વગર તે દુધ દેશે નહી માટે આ પાડાંને તમે લેઇ જાઓ. તે સાંભળી ને ચોરોની બુદ્ધ ભક્તિના બળથી પલટાઇ ગઇ અને તેમણે ભેંસો પાછી આપી અને તેમને પગે પડયા. અને તેમણે પોતાના અપરાધની માફી માગી આ પ્રમાણે તેમના અનંત ચમત્કાર છે.

એકવાર પીપાજી બહાર ગામ ફરવા ગયા હશે ત્યાં તેમણે ગાડું ભરીને અનાજ તથા કેટલાક રૂપીઆ મળ્યા હશે તે લેઇને ગાડું પોતે હાંકીને તે પોતાને ગામ આવતા હશે ત્યાં વગડામાં તેમને ચોર મળ્યા અને તેમને પુછયું કે તમે કયાં જાઓ છો? અને આ ગાડું કોનું છે ? ત્યારે તેમણે કહ્યું કે સેવકોએ મને અનાજ આપ્યુ હતું તે લેઇને હું મારે ઘેર જાઉં છું. એટલે ચોરોએ તેમને કહ્યું કે ગાડા ઉપરથી તમે ઉતરી પડો અને તે અમને સોંપાદો એટલે તે ઉતરી પડયા એટલે ચોરો ગાડું હાંકીને લઇ ગયા ત્યારે રૂપીઆની વાંસળી પોતાની કેડે બાંધેલી હતી તે તેમને યાદ આવી તેથી તેમણે ચોરોને પાછા બોલાવ્યા અને તેમણે તેમને કહ્યું કે આ મારી પાસે રૂપીઆ રહી ગયા તે તમે લેઇ જાઓ અને તેનું ઘી લાવજો અને અનાજની સાથે ખાજો અનાજ લુખું ખાસો તો તે તમને પેટમાં દુઃખશે માટે આ રૂપીઆની વાંસળી પણ લેઇ જાઓ. અને હવે તેની કોઇને રાવ ફરીયાદ નથી માટે સુખેથી તમે તે વાપરજો આ. જોઇને ચોરો અચંબામાં પડયા અને તેમનું દુઃખ તે સાલુ પોતાના મનમાં લાગ્યો અને રહી ગયલા રૂપીઆ પણ તેણે પાછા બોલાવીને આપ્યા તે જોઇ પીપાજીની સાચી ભક્તી આગળ તેમની ચોર બુદ્ધિ ત્યા બદલાઇ ગઇ અને તેઓ પીપાજીને પગે પડયા અને તેમણે પોતાના ગુન્હાની માફી માગી અને તેમને ગાડું તથા રૂપીઆ પાછા આપ્યા અને તે લેઇ પીપાજી પોતાને ઘેર ગયા.

એકવાર પીપાજી તળાવમાં નહાતા હતા ત્યાં આગળ એક તેલીનો છોકરો કે જેને તેના બાપે બળદને પાણી પીવરાવવા મોકલ્યો હતો તે બળદને પાણી પાઇને તેને ચરતો મુકીને તળાવમાં નહાતો હતો અને પીપાજી તળાવમાંથી સ્નાન કરીને બહાર નિકળ્યા તે વખતે એક ભીક્ષુક બ્રાહ્મણે આવીને પીપાજીને યાચના કરીકે હે મહારાજ હું ઘણો ગરીબ છું માટે તમે મને કંઇ આપો ત્યારે પીપાજી પાસે તે વખતે કઇ નહોતું તેથી તેમણે તે બળદનો અછોડો પકડીને તે બ્રાહ્મણને આપ્યો અને કહ્યું કે લે આ બળદ લેઇ જા ત્યારે તે બ્રાહ્મણે કહ્યું કે આ પારકો બળદ મારાથી કેમ લવાય તેનો ધણી મને ચોરી ચડાવે. ત્યારે પીપાજીએ કહ્યું કે હું તને આપું છું માટે તું તે લેઇજા. મેં આપ્યો માટે તેનો ગુનો મારે માથે છે પછી તે બ્રાહ્મણ બળદ લેઇને ગયો. એટલે પેલો છોકરો રોતો રોતો પોતાના બાપ પાસે ગયો અને પીપાજીએ બળદ બ્રાહ્મણને આપી દીધો એમ કહ્યું તે ઉપરથી તેનો બાપ રાજા પાસે ફરીયાદ ગયો એટલે રાજાએ પીપાજીને બોલાવ્યા ત્યારે પીપાજીએ તે તેલીને કહ્યું કે તારે ઘેર જઈનેતો તું જો કે બળદ કયાં છે? તે ઉપરથી તે તેલી પોતાને ઘેર ગયો અને જોયું તો પોતાનો બળદ પોતાને ઘેર ખીલાએ બાંધેલો જોયો તેથી તે આશ્ચર્ય પામ્યો અને રાજા પાસે પાછો આવ્યો અને તે હકીકત કહી અને તેણે પોતાના ગુન્હાની પીપાજી પાસે માફી માગી. એ પ્રમાણે તેમની સાચી ભક્તિથી તેમને અનંત ચમત્કાર થતા અને તેમાંના જેટલા જાહેરમાં પડયા તેટલા મેં કહ્યા સાચી ભક્તિનો પ્રતાપ જાણી, જે માણસ પીપાજીની વાત એકવાર પણ સાંભળશે તેને તે ફરી ફરીને સાંભળવાનું મન થશે.

॥ मुल ॥ छप्पयछंद ॥

धन्य धनाके भजनकों बिनाहि बीज अंकुर भयो ॥
घर आये हरिदास तिनहि गोधुम खवाये ।
मात तात डर थो थेत लांगुल बुवाये ॥
आसपास कृषिकार खेतकी करत बडाइ ॥
भक्त भजे ‍ारती प्रगट परतीति जुपाइ ॥
अचिरज मानत जगतमें कहुं निपज्यो कहुं वैरयो ॥
धन्य धनाके भजनको बिनाहि बिज अंकुर भयो ॥

ધના ભકતનો પ્રસંગ

ધનો કરીને પ્રખ્યાત ભકત થઇ ગયો. તેનાં મા બાપ ખેતીનો ધંધો કરતાં હતાં તેથી ધનો પણ નાનપણથી તે ધંધામાં કેળવાયેલો હતો પણ તેના મનનું વલણ અસલથી સાધુ સેવા ઉપર ઘણું હતું. મા બાપ ઘરડાં હતાં તેથી ખેતરનું કામકાજ તેઓ ધના પાસે કરાવતાં. એક વાર ઘઉં વાવવાનો વખત આવ્યો ત્યારે તેમની દુર્બળ સ્થિતિને લીધે તેમના ઘરમાં ઘઉંનું બી ન હોવાથી તે એક વાણીઆને ત્યાંથી ઉધારે તેથી આવ્યુ તે લેઇને ધનો ઘઉં વાવવા ખેતરમાં જતો હતો ત્યારે તેને કેટલાક સાધુ મળ્યાથી તેણે પાછા ફરીને તે ઘઉંનો લોટ કરાવી દીધો અને તે સાધુઓને સીધું આપીને તેમને જમાડી દીધા. એટલે ઘઉં વાવવાને તેની પાસે કંઇ રહ્યું નહી અને ઘેર માબાપની તેને બીક હતી તેથી તેણે રસ્તામાંથી રેત એકઠી કરીને પોટલું બાંધ્યું અને ખેતરમાં ગયો અને ઘઉંને બદલે રેત ઓરીને ખેતર વાવ્યું અને તે વાત તેણે પોતાનાં મા બાપને જાણવા દીધી નહી. થોડાક દીવસ પછી ખેતરમાં ઘઉં ઉગી નીકળ્યા અને જ્યારે ગામના લોકોએ તે ઘઉં પોતાના ખેતર કરતાં તેના ખેતરમાં સારા ઉગેલા જોયા ત્યારે તેમણે ધનાને કહ્યું કે તમારા ઘઉં તો સૌથી સારા ઉગ્યા છે. ત્યારે ધનો તે વાતને મશ્કરી સમજ્યો. કારણ કે પોતે રેત વાવી હતી તે ઘઉં ક્યાંથી ઉગે ? અને તેથી તે ખેતર સામુ જોવા પણ ગયો નહીં. પછી જ્યારે ઘઉંના છોડ મોટા થયા અને અંદર દાણા ભરાયા ત્યારે લોકોએ તેને ફરીને કહ્યું કે હવે ઘઉંના દાણા બેઠા માટે તમે અમારી માફક ખેતરમાં જાનવર ઉરાડવાને રાતે વાસો રહેવા જાઓ નહી તો તમારા ઘઉં ભેળાઇ જશે. પણ ધનાએ તે સાચુ માન્યું નહીં. ત્યારે ભગવાનને તેની ચીંતા થઇ તેથી તેમણે એક ટોયાનું રૂપ લીધું અને તેના ખેતરમાં પંખી ઉરાડવાને તથા ખેતર સાચવવાને ત્યાં આવી રહ્યા. અને તેમણે એક ચકલુ સરખુ પણ ખેતરમાં પેસવા દીધું નહી. તે જોઇ ગામના લોકોએ ધનાને પુછ્યું કે તમે આવો ટોયો ક્યાંથી લાવ્યા છો? કે રાતને દીવસ તે જપીને બેસતો નથી અને જાનવર ઉરાડયા કરે છે, માટે એવો એકાદ ટોયો તમે અમને પણ લાવી આપો ત્યારે તે સાંભળીને ધનાને આશ્ચર્ય લાગ્યુ અને તે ઉપરથી તે પોતાનું ખેતર જોવા ગયો તો ત્યાં ખેતી અગાધ દીઠી અને પેલા ટોયાને પણ તેમણે દીઠો ત્યારે તેમને શંકા થઇ કે મારૂ ખેતર સુનું જોઇને તેની અંદર કોઇ ઘઉં વાવી ગયું હશે અને તે વાવનારે આ ટોયાને રખવાળ મુક્યો હશે અને તે વાવનાર ઘઉંની પેદાશ લેઇ જશે અને ખેડનો કર મારે ભરવો પડશે માટે તે ટોયાને હું પુછી જોઉં કે આ ઘઉં કો

વાવ્યા છે અને તેને કોણે નોકર રાખ્યો છે? એટલે તે વાવનારને હું સોધી કાઢીને તેને સરકાર કર ભરવાનું સંભળાવી દેઉં. એમ વિચારી તે ટોયાને પુછવાને ગયો એટલે તે ટોયો સામે ખુણે જતો રહ્યો ત્યારે તે તેની પાછળ ત્યાં ગયો ત્યારે તે પેલે ખુણે ગયો એ પ્રમાણે ફરવીને તેણે ધનાને થકવ્યો ત્યારે ધનાને માલમ પડયું કે આ કંઇ ટોયો નથી પણ ભગવાન પોતે ટોયાનું રૂપ લઇને રહ્યા લાગે છે. એમ જાણીને તેણે તેમની વીનંતી કરી એટલે ભગવાનને તેમને ચતુરભુજ મુર્તી બનીને દર્શન દીધું. પછી ધનાએ ભગવાનને પુછયું કે હે મહારાજ તમારે આ પ્રમાણે શુદ્રાશ્રમ લેવો પડયો ત્યારે ભગવાનને તેને કહ્યું કે તેં ધઉં સાધુને ખવરાવી દીધા અને ખેતરમાં રેત વાવી ત્યારે મારે તેના ધઉં ઉગાડવા પડયા. પછી લોકોએ જ્યારે તને ધઉં ઉગ્યાની ખબર કહી તથા ધઉંના દાણા બેઠાની પણ ખબર કહી ત્યારે તું ખેતરના સામુ જોવા પણ આવ્યો નહી ત્યારે મારે તેની સંભાળ લેવી પડી. તે સાંભળીને ધનો ગદ ગદ થઇ ગયો પછી ભગવાને તેને કહ્યું કે હવે આ ધઉં તૈયાર થયા છે માટે તે ઉઠાવી લે અને ઘેર લેઇ જઇ ખાજે અને સાધુ સેવા કરજે એમ કહી પોતે અંતરધ્યાન થઇ ગયા પછી ધનો તે ધઉંને પોતાને ઘેર ગાડેગાડાં ભરીને લેઇ ગયો. એ પ્રમાણે જો કે તેણે રેત વાવી હતી તો પણ તેની પ્રેમ ભકિતને લીધે ભગવાને તેને ધઉંનાં ગાડેગાડાં ભરાવ્યાં. એકવાર ધનાને ત્યાં કોઇ સાધુ આવ્યો હશે અને તેને ધનાએ ભાવયુક્ત ઠાકોર શેવા કરતો જોયો તેથી તેણે તેની વિનંતી કરીને કહ્યું કે આવા ઠાકોરજી તમે મને આપો તો હું પણ તેમની શેવા તમારા જેવો ભાવ લાવીને કરૂં. તે ઉપરથી તેણે તેને એક પથરો લાવીને આપ્યો અને પછી તે ત્યાંથી વિદાય થયો. તે ઠાકોરજીને સાક્ષાત ભગવાન સમજીને ધનાએ તેની શેવા કરવા માંડી અને તેમને પોતાના શાક રોટલાનો ભોગ ધરાવ્યો પણ તેના ઠાકોરજીએ તે કંઇ ખાધું નહી ત્યારે તેણે તેમની ઘણી ઘણી વિનંતી કરી તોપણ તે ઠાકોરજી કંઇ આરોગ્યા નહિ ત્યારે ધનાએ પણ પછી કંઇ ખાધું નહિ અને ભુખ્યો રહયો અને એ પ્રમાણે તે ત્રણ દીવસ સુધી ઠાકોરજી પાસે રોટલા લેઇને બેસી રહ્યો, ત્યારે ભગવાને તેનો સાચો ભાવ જાણીને તેને સાક્ષાત ચતુરભુજ મુર્તી દર્શન દીધુ. અને એ પ્રમાણે તેને પથ્થરની મુર્તી પણ માણસના રૂપમાં દેખાઇ અને તેનો ધરાવેલો સાક રોટલો ખાઇ ગઇ અને પાછી ફરીને પથ્થર રૂપ થઇ ગઇ અને એ પ્રમાણે હમેશ તેમણે ખાવા માંડયું, એકવાર ધનાએ વિચાર્યું કે ઠાકોરજી રોજ મફતનું ખાય છે અને મારે એકલાને ઘણું હેરાન થવું પડે છે માટે તેમની પાસેથી હું કંઇ મહેનત લેતો રહુ તો મને કામકાજમા મદદ મળે અને મારે એકલા હેરાન થવું મટે તે ઉપરથી તેણે એક દીવસે ઠાકોરજીને કહ્યું કે તમે રોજ મફતનું ખાઓછો તે કેમ નભે. જેનુ ખાવું તેનું કામ પણ કરવું પડે. ગાયો ચારી આવવાનું અને રસોઇ કરવાનું એ બંને કામ મારા એકલાથી બની શકતું નથી માટે તેમાનું એક કામ તમે કરો અને એક કામ હું કરૂં. ત્યારે ઠાકોરજીએ કહ્યું કે તારી ગાયો ચારવાનું કામ હું કરીશ અને તું ઘેર રહી આપણ બન્ને સારૂ રસોઇ કરજે. પછી તે દીવસથી તે મુર્તી નોકરનું રૂપ ધરીને રોજ ગાયો ચરાવા જતી અને સાંજે ગાયોને પાછી લાવીને બાંધીને પાછી પોતાના સીંહઆસન ઉપર મુર્તીરૂપ થઇને બેશી જતી. કેટલીક મુદત વિત્યા બાદ પેલો સાધુ ફરતો ફરતો પાછો ધનાને ત્યાં આવ્યો અને તેણે સીંહાસન તરફ જોયું તો ઠાકોરજીને દીઠા નહિ ત્યારે તેણે કહ્યું કેઠાકોરજી કયાં ગયા? ત્યારે ધનાએ કહ્યું કે ગાયો ચારવા ગયા છે ત્યારે તેણે તે વાત સાચી માની નહિ તે ઉપરથી તેને ફરીને મશ્કરીમાં પુછયું કે તે કયારે પાછા આવશે? ત્યારે ધનાએ કહ્યું કે હવે આવવાનો વખત થયો છે માટે થોડીવારમા તે આવશે. પછી થોડીવારમાં ઠાકોરજી ગાયો લેઇને ઘેર આવ્યા ત્યાં પેલા સાધુને આવેલો

જાણ્યો તેથી પોતે બારણેથી ન આવતાં એક જાળીઆમાંથી મંદીરમાં પેઠા અને પાછા મુર્તીરૂપ થઇ ગયા. તે ધનાએ પેલા સાધુને બતાવ્યું કે જો પેલા ઠાકોરજી જાળીઆમાંથી પેશીને શીંહાસન ઉપર બેશી જાયછે તે તે સાધુએ નજરે જોયું. ને ઉપરથી તે આશ્ચર્ય પામ્યો. અને વિચાર્યું કે ધનાએ સાચો ભાવ બાંધીને પથ્થરની શેવા કરી અને તે તેના ભાવથી દ્રવીભુત થઇ અને તેનુ માણસની માફક કામકાજ કરવા લાગી માટે ધનાની ભકિત હદ વગરનીછે. એમ જાણીને તેણે પોતાને ધીક્કાર આપ્યો. ધનાનો ભાવ જોઇને તે સાધુને સાચી ભકિતની ચોટ લાગી અને તેથી તેની આંખોમાથી આંસુ પડયાં અને તેણે ધનાની માફક સાચી ભકિત કરવાને નીશ્ચય કર્યો. પછી ત્યાંથી તે પોતાને ઘેર પાછો ગયો અને સાચા ભાવથી ભકિત કરવા લાગ્યો તેથી તેને ભકિતનો રંગ ચઢયો. જેવી પ્રીતીથી ધનો ભકિત કરતો હતો તેવીજ પ્રીતીથી તેણે ભકિત કરવા માંડી અને ધનાના પ્રસંગથી તેણે પોતાના ભાગ્યનો ઉદય માન્યો. એકવાર ઠાકોરજીએ ધનાને કહ્યું કે તેં આજદીન સુધી કોઇને ગુરૂ કર્યો નથી માટે તું કાશીમાં જઇને રામાનંદ સ્વામીને ગુરૂ કર તે ઉપરથી તે રામાનંદસ્વામી પાસે ગયો. અને રામાનંદસ્વામીએ ધનાની પ્રસંશા અગાઉથી સાંભળેલી હતી તેથી જ્યારે તે તેમને ત્યાં આવ્યો ત્યારે રામાનંદ તેને છાતી સાથે ભેટયા પછી તેમણે તેને મંત્ર ઉપદેશ કર્યો અને પછી તેને આજ્ઞા કરી કે હવે તમે ઘેર પાછા જાઓ અને જેવી ભકિત આજદીન સુધી કરે ગયાછો તેવીને તેવી હવે પછી પણ કરે જજો એમ કહી તેને વિદાય કર્યો.

॥ मुल ॥ छप्पय छंद ॥

विदित बात जग जानीयें हरी भये सहायक सेनके
प्रभुहदासके काज रुप नापीतको कीनो
क्षिप्र छुरह ढिगहीपानी दर्पन तहांलीनो
तादृशव्है तिहिकाल भुपके तेल लगायो ॥
उलटीराव भयो शिष्य प्रगट परचो जबपायो
स्याम रहत सनमुख सदाज्यों बछाहित धेनके
विदित बात जन जानीयें हराभए सहायक सेनके

સેના ભક્તનો પ્રસંગ.

બાંધોગઢમાંસેનો કરીને એક ધાંયજો રહેતો હતો અને તે સંતશેવા તથા ભક્તિ ઘણી પ્રીતીથી કરતો અને તે ત્યાંના રાજાની હજામત તથા તેલ લગાવાનું તથા તેની પગચંપીની નોકરી કરવાનો ધંધો કરતો હતો એકવાર જ્યારે રાજાની હજામત કરવાની પાળી હતી ત્યારે તે હમેશાંના વખત પ્રમાણે રાજાની હજામત કરવાને સારૂ ખભે કોથળી લેઇને ઘર બહાર નિકળ્યો એટલે રસ્તામાં તેને સાધુ મળ્યા એટલે તેને ચીંતા થઇ અને વિચાર કરવા લાગ્યો કે જો હું સાધુની શેવા કરવા પાછો જઇશ તો રાજાને હજામતનું મોડું થશે તેથી તે ગુસ્સે થઇને મને ગરદન મારશે અને જો હું રાજાને ત્યાં જઇશ તો આ સાધુઓ મારે ઘેરથી વિમુખ જશે અને તેથી સંત શેવા થશે નહિ. માટે હવે મારે શું કરવું? છેવટે તેણે નક્કી કર્યું કે રાજાને જેમ કરવું હોય તેમ કરે પણ મારે હાલતો સાધુની શેવા કરવાને ઘેર પાછા ફરવું એજ યોગ્ય છે એમ નિશ્ચય કરીને તે સાધુઓની સાથે ઘેર પાછો ગયો અને તેમની સારી પેઠે સેવા ચાકરી કરવા મંડયો એટલે હજામતનો વખત વીતી જવા આવ્યો તેથી ભગવાનને તેની ચીંતા થઈ કે સેનાતો ઘેર સાધુ

સેવામાં ઘુંચાયો અને રાજાને હજામતનું મોડું થાય છે તેથી ગુસ્સે થઇને તેને ગરદન મારશે માટે પોતે સેનાનું કામ કરી આવું એમ વિચારીને તેમણે સેનાનું રૂપ લીધું અને અસ્ત્રાની કોથળી ખભે ભરવીને પોતે રાજાને ત્યાં ગયા અને ત્યાં રાજાની હજામત કરી અને તેને ચોળી મસળીને નવરાવ્યો અને તેને તેલ લગાવ્યું. પછી તેની રજા લઇને પોતે પાછા ફર્યા અને થોડે છેટે જઇને અંતરધ્યાન થઇ ગયા. કેટલીક વાર થયા પછી સેનો સાધુઓને ભોજન કરાવી નવરો થયો. પછી તેમને વિદાય કરીને તે પોતાની કોથળી લેઇને ડરતો ડરતો રાજા પાસે ગયો ત્યારે રાજાએ તેને પુછ્યું કે ફરીને તું કેમ આવ્યો ? એટલે સેનો સમજ્યો કે આમ કહીને રાજા મારી મશ્કરી કરેછે માટે તેણે રાજાની વિનંતી કરી કહ્યું કે મારે ઘેર આજ સાધુ આવ્યા હતા અને હું તેમની શેવા કરવામાં રોકાયો હતો તેથી આજ મને મોડું થઇ ગયું માટે તે મને માફ કરો. તે સાંભળી રાજા વિચારમાં પડ્યો કે સેનો તો હમણાં મારી હજામત કરી ગયો અને આ વળી શું બોલેછે ? અને જો તે આ સેનો નહોતો તો બીજો સેનો ક્યાંથી આવ્યો ? એમ વિચાર કરી તેણે પોતાના શરીર સામું જોયું તો તેના શરીરે જે આગળ કોડ હતા તે જતા રહેલા દીઠા અને તેણે પોતાના શરીરની કાંતી કાંચન જેવી થયેલી જોઇ તેથી તેણે વિચાર્યુ કે સેનાને બદલે મારી ચાકરી કરવાને ભગવાન પોતે સેનાનું રૂપ લઇને મારી પાસે આવ્યા હોવા જોઇએ. માટે અરે ! મેં ભગવાન પાસે મારી ચાકરી કરાવી અને મેં તેમને ઓળખ્યા નહિ ! એમ વિચારી તેણે ઘણો પસ્તાવો કર્યો અને પછી સેનાને પગે પડ્યો અને તેને તે ભેદની હકીકત કહી સંભળાવી અને તેને કહ્યું તારી ચાકરી કરવાને બદલ ભગવાનને પોતાને અહીં આવવું પડ્યું અને મારી પગચંપી તથા હજામત કરવી પડી માટે આજથી હવે તમને હું નોકરી માફ કરૂંછું અને આજથી તમારે મારે ત્યાં આવવું નહિ પણ હું તમારાં દર્શન કરવાને રોજ તમારે ત્યાં આવીશ. એમ કહી પછી તેને ઘણું દ્રવ્ય આપ્યું. અને તેને કહ્યું કે આ દ્રવ્યથી હવે તમે સાધુ શેવા સારી રીતે કરજો અને ભગવાનની ભક્તી કરજો આખો દીવસ હવે તમને નવરાશ મળશે માટે ફાવે ત્યાં સુધી તમે ભજન કરજો. એમ કહી તમને વીદાય કર્યો પછી તે રાજાએ રોજ સેનાને ત્યાં દર્શન કરવા જવા માંડ્યું અને પછી તેને ભાવ વધી જવાથી તે તેમનો શિષ્ય થયો અને ગુરૂમંત્ર લીધો અને ત્યારથી તે પછી સેનાભક્તનો દાસ થયો. અને તે રીવાજ આજદીન સુધી પળાયો જાય છે સેનાના કુળના માણસો જે થાય છે તે સાધુ શેવા કરે છે અને ત્યાંના રાજા થાય છે તે તેમને ભાવ સહીત માનતા રહે છે.

मुल छप्पयछंद ॥

भक्तिदान भैहरन भुज सुख नंद पारस परस
सुख सागरकी छाप राग गौरी रूचि न्यारी
पद रचना गुरू मंत्र मनो आगम अनुहारी
निमदिन प्रेम प्रवाह द्रवत भुधर ज्यों निर्जर
हरिगुन कथा अगाध भाल राजत लीलाभर
संतकेज पोखन विमळ अती पियुष सरसी सरस
भक्तिदान भैहरन भुज सुखानंद पारस परस
महिमा महा प्रसादकी सुर सुरानंद सांची करी

एक समै अशा चलत बरावा कछल पाए
देखा देखी शीष्य तिनहु पीछे तें खाए
तिनीपर स्वामी खिज्ये वचन करी बिन विश्वासी
तिनि तैसें परतछ भुमिपर कीनी रासी
सुर सुरीसु वर पुरि उदगले पहु परेन तुलसी हरी
महिमा महा प्रसादकी सुर सुरानंद सांची करी
महा सती सत उपमा त्यौ सत सुर सुरीको रह्यो
अति उदार दंपति त्यागी ग्रह वनकों गवनें
अचीरज भयो तहां एक संत सुनि जीनिहो विमने
बैठे हुते एकांत आय असुरनी दुःख दीयो
सुमिरें सारंग पानि रुप नरहरीको कीयो
सुरसुरानंदके घरनिको सुत राख्यो नरसिंघ ज्यो
महासती सतउपमा त्यों सत सुरसुरिको रह्यो
निपट नर हरीआनंदके करदाता दुर्गाभइ
अरवर लकरी नांहि शक्तिको सदन विदारे
शक्ति भक्तसों बोल दीनही प्रतीवरही डारे
लगी परौं तिनहीस भवानी भैंसो मारे
बदलेकी बेनार सुहवाके शिरडारै
भरथ प्रसंग ज्यों कालीका लहु देखी तनमें तइ
निपट नरहरीआनंदके करदाता दुर्गा भइ
कबिर कृपा तें परमतत्त्व पध्मनाभ परचो लह्यो
नाम महानिधी मंत्र नामही सेवा पुजा
जप तप तीरथ नाम, नाम बिन औरन दुजा
नाम प्रीति नाम बेर नामकहि नामी बोले
नाम अजामेल साखि नाम बंधनतें खोले
नाम अधीक रघुनाथ तें राम निकट हनुमत कह्यो
कबीर कृपातें परमतत्व पध्मनाभ परचो लह्यो

પદ્મનાભનો પ્રસંગ.

એક રોગી વાણીઓ કાશીમાં રહેતો હતો તેને શરીરે રગતપીતના કોડ નીકળેલા હતા તેથી તે ઘણો હેરાન થતો હતો અને જ્યારે તેને શરીરે છાલા પડયા ત્યારે તે દુઃખ તેનથી સહન કરી શક્યું નહિ તેથી તેણે આપઘાત કરવાનો નિશ્ચય કર્યો અને તેથી તે એક દીવસે પરોઢીએ વહેલો ઉઠ્યો અને શરીરે ચાદર ઓઢી બેઠને ગંગાજીમાં ડુબી મરવાને ગયો ત્યાં પ-

પદ્મનાભ નામના મહાત્મા સ્નાન કરીને ગંગાજીમાંથી નીકળ્યા અને તેને જોઇને તેને પુછ્યું કે તું કોણ છે? ત્યારે તેણે કહ્યું કે હું એક દુખી વાણીઓ છું અને મારે શરીરે પીત કોઢ નિકળ્યા છે અને અંદર જીવડા પડયા છે તે માગથી સહન થઈ શકતુ નથી માટે હું ગંગાજીમાં ડુબી મરવાને અહીં આવ્યો છું તે સાંભળી પદ્મનાભે તેને કહ્યું તારા લુગડાં ઉતારીને તારૂ શરીર મને બતાવ એટલે તેણે લુગડાં કાઢી શરીર ખુલ્લુ કરીને બતાવ્યું તો તેના શરીરમાંથી દુર્ગંધ ઉડી અને આખું શરીર કોડાથી ખદબદતું જોયું. એટલે તેમણે તેને કહ્યું કે તું ડુબી મરીશ નહિ. તું ત્રણવાર મોઢેથી રામ, રામ, બોલ એટલે તારૂં સઘળું દુઃખ હમણાને હમણાં જતું રહેશે એટલે તે ત્રણવાર રામ, રામ બોલ્યો એટલે તેના શરીરનો કોઢ અદ્રશ્ય થઇ ગયો અને બધું દુઃખ જતું રહ્યું અને તેનું શરીર કંચન જેવું બની ગયું તેથી તે તેમને પગે પડયો અને તેથી રામનામનો અર્થ અને તેનું મહાત્મ સમજવાને તેણે તેમને વીનંતી કરી ત્યારે પદ્મનાભે તેને કહ્યું કે રામનામના ગુણ અને રામનામનું મહાત્મ હું જાણતો નથી પણ કાશીમાં કબીર સાહેબ રહે છે તે તે જાણે છે માટે તું તેમને ત્યાં જઇને તેમને પુછ અને તેમને તું ગુરૂ કર. તે ઉપરથી તે વાણીઓ કબીર સાહેબ પાસે ગયો અને તેમની પાસેથી ગુરૂ મંત્ર લીધો અને કબીર સાહેબે તેને રામનામનો મહીમા સંભળાવ્યો.

छप्पानी राह.

नाम तणुं छे नाव, नामथी भवजल तरशे,
नाम तणुं छे नाव, नामथी प्रभुपद दरसे.
नाम तणुं छे नाव, नामथी करी सांभळशे.
नाम तणुं छे नाव, नामथी उत्तरदेशे.
नाव मोटुं हरिनामनुं, योग यज्ञनी पार छे,
गोपाळ संगत शुं कहे, एक नामनो आधार छे.

અને તે ઉપરથી પછી તે ભાવ સહીત ભક્તિ કરવા લાગ્યો.

मुळ छपयछंद.

तत्वाजीवा दक्षिनदेश वंशोधरा राजीत विदित.
भक्ति सुधा जल समुद्रभयो बेलावलि गाढी.
पुरवजा ज्यौं रीति प्रीति उत्तरोत्तर वाढी.
रघुकुल सद्रश स्वभाव सृष्टगुन सदा धर्मरति
सुर धीर उदार दया परतक्ष नान्यव्रति
पद्म खंड पद्मा पद्धति प्रफुलीत कर सविता उदीत.
तत्वा जीवा दक्षिणदेश वंसोधरा राजीत विदित.

તત્વા અને જીવા બન્ને ભાઇઓના પ્રસંગ.

તત્વા અને જીવા બન્ને ભાઇઓ બ્રાહ્મણ જાતીના હતા અને તેઓ સાધુ સેવા સારી રીતે કરતા હતા પણ તેમણે કોઇને ગુરૂ કર્યા નહોતા અને તેઓ ગુરૂ કરવાને

લાયક કોઇ પ્રતાપી મહાત્માને સોધતા હતા અને તેવા મહાત્માને ઓળખી કાઢવા સારૂ તેમણે પોતાના ઘર આગળ એક સુકુ લાકડું દાટયું હતું અને જે સંત સાધુ તેમને ત્યાં આવતા તેમના પગનું ચર્ણામૃત લઇને તેઓ તે લાકડાને તે રેડતા અને તે પ્રમાણે કરતાં કરતાં જેના પ્રતાપથી તે સુકુ લાકડું લીલું થઇ જાય અને ફરી ફુટી નીકળે તેને પોતે ગુરૂ કરવા એવો તેમણે નિશ્ચય કર્યો હતો અને તે પ્રમાણે તે રોજ કર્યે જતા હતા એમ કરતાં કરતાં એકવાર તેમને ત્યાં કબીર સાહેબ આવ્યા અને તેમના પગનું ચર્ણામૃત લેઇને તેમણે તે લાકડાને રેડયું એટલે તે લીલું થયું અને તેને નવાં પાંદડાં ફુટી નીકળ્યાં એટલે તે બન્ને ભાઇઓએ તેમને ગુરૂ કર્યા અને તેમની પાસેથી તેમણે મંત્ર ઉપદેશ લીધો પછી કબીર સાહેબ ત્યાંથી કાશીએ ગયા અને તે બન્ને ભાઇઓની વાત તેમની નાતના માણસોએ જાણી કે તેમણે મ્લેચ્છને ગુરૂ કર્યા માટે તેઓ વટલાયા અને તે ઉપરથી તેમણે તે બન્ને ભાઇઓને નાત બહાર મુકયા અને તેમની સાથે જમવાનો તથા કન્યા આપ લે કરવાનો વહેવાર બંધ કર્યો અને તે પ્રમાણે તે કેટલાંક વર્ષ સુધી ન્યાત બહાર રહ્યા અને તેમનાં છોકરાં મોટાં પરણાવવા લાયક થઇ ગયાં પણ તેનો કંઇ નીકાલ આવ્યો નહિ તેથી બન્ને ભાઇઓ અકળાયા અને પોતાનાં છોકરાંને કયાં પરણાવવા તેની ચીંતામાં પડયા. અને છેવટે તેનો ખુલાસો ગુરૂ પાસે જઇને પોતે પુછી આવવો એવો નિશ્ચય કરીને એક ભાઇને ઘેર મુકયો અને એક ભાઇ કબીર સાહેબ પાસે કાશીએ ગયો અને તેમને સઘળી હકીકત કહી ત્યારે ગુરૂએ તેમને પુછયું કે તમારે શું છોકરાં છે ત્યારે તેણે કહ્યું કે એકને છોકરો છે અને બીજાને છોકરી છે તે સાંભળી કબીર સાહેબે તેમને કહ્યું કે તમે અંદર અંદર વવિશાળ કરો એટલે તમારા બન્નેની એક જુદી નાત થશે તે સાંભળીને તે પોતાને ગામ આવ્યો અને બીજા ભાઇને તે હકીકત કહી સંભળાવી અને પછી તેઓએ મોરત જેવડાવીને લગ્નની તૈયારી કરી તે જોઇ નાતના લોકો અચંબો પામ્યા અને તેમને પુછયું કે તમે કોને ઘેર વીવાહ કર્યો ત્યારે તેમણે કહ્યું કે અમે માંહો માંહે એક બીજાને ત્યાં વિવાહ કર્યો તે સાંભળી તેઓએ અંદર અંદર વાતો કરવા માંડી કે આ બન્ને ભાઇઓએ તો ઘણું અણઘટતું કરવા માંડયું. તેઓ મુસલમાનની પેઠે એક બીજાને ઘેર છોકરાં પરણાવશે તો આપણા ગામની નાતને પરગામમાં મહેણું ચોંટશે અને દેશે દેશ વાત ચાલશે કે ફલાણા ગામના બ્રાહ્મણોએ મુસલમાનોનો રીવાજ પકડવા માંડયો. અને તેમ જાણીને તે લોકો આપણને બીજા ગામોથી ન્યાત બહાર મુકશે અને પછી કોઇ ગામવાળા આપણું પાણી પીશે નહિ.

માટે આપણે તેમને અંદર અંદર લગ્ન કરવા દેવાં નહિ એમ વિચારીને તેમનાં બન્ને છોકરાંને નાતમાં પરણાવવાને તેઓએ અંદર અંદર ગોઠવણ કરી અને તે બન્ને ભાઇઓને ખબર આપી ત્યારે તત્વાજીવાએ તેમને કહ્યું કે અમારા ગુરૂની આજ્ઞા લઇ આવ્યા વગર અમે તમારી વાત કબુલ રાખીશું નહિ એમ કહી એકજણ ગુરૂને પુછવા ગયો ત્યારે ગુરૂએ તેને કહ્યું કે તમે તે લોકો પાસેથી કંઇ દંડ લેવો અને પછી તેમની વાત કબુલ રાખો અને તે દંડ એ કે તેમણે ભકિત કરવાનું બધાએ કબુલ કરવું. એ પ્રમાણે કહીને ગુરૂએ તેને વિદાય કર્યો. અને તેણે આવીને નાતવાળાને તે વાત કહી સંભળાવી અને તે પ્રમાણે તેઓએ તે દંડ આપ્યો એટલે ભકિત કરવાનું કબુલ કર્યું ત્યારે તે બન્ને ભાઇઓએ પોતાનાં છોકરાં નાતમાં પરણાવ્યાં એ પ્રમાણે આખી નાતને તે બન્ને ભાઇઓએ ભકિત કરતાં શીખવ્યા અને વિમુખ લોકોને પરમેશ્વર તરફ ફેરવી નાખ્યા

मुल छप्पयछंद ॥

बिने व्यासमनो प्रगट व्है जगको हित माधौ कियो
पहिले वेद विभाग कथित पुरानाष्टादश
भारतादि भागवत मथित उद्धार्यो हरिजस
अबसोधे सबग्रंथ अर्थ भाषा विस्तार्यो
लीला जे जे जेति गाय भवपार उतार्यो
जगन्नाथ इष्ट वैराग्य सींवा करुनारस भीज्यो हियो
बिनै व्यासमनो प्रगट व्है जगको हित माधौ कियो

માધવસ્વામીનો પ્રસંગ.

માધવદાસ કરીને એક બ્રાહ્મણ હતો તેનું પરમેશ્વરની ભક્તિ તરફ મનનું વિશેષ વલણ હોવાથી જ્યારે તેની સ્ત્રી ગુજરી ગઈ ત્યારે તેણે સંસાર ત્યાગ કરવાનો વિચાર કર્યો પણ તે વખતે તેનાં છોકરાં ઘણી નાની ઉમરનાં હતાં તેથી તે મોટાં થાય ત્યાંસુધી તેણે તે વિચાર અમલમાં લાવવાનું બંધ રાખ્યું ત્યારે ભગવાને જાણ્યું કે છોકરાંને ઉછેરવાનું તેને મિથ્યા અભીમાન વળગી રહ્યું છે માટે તેને તે અભીમાન છોડાવવું જોઈએ. પછી એકવાર તેને કાશીએ જાત્રા જવાનું મન થયું તેથી તેણે પોતાની વૃદ્ધ માને તે વિચાર જણાવ્યો ત્યારે તેની માએ તેને કહ્યું કે તું ગામમાંથી ભીક્ષા માગી લાવે છે ત્યારે છોકરાંનું ગુજરાન ચાલે છે અને તું હવે જઈશ એટલે આપણા ઘરમાં કંઈ સંઘરો નથી કે મારાથી તેમનું ગુજરાન નભાવી શકાય માટે જો તારે કાશીએ જવું હોય તો તેનો બંદોબસ્ત કરીને તું જજે. તે ઉપરથી તેણે દશ દિવસમાં બે ચાર ઠેર ભીક્ષા માગી લાવીને થોડા દીવસમાં આઠ દીવસ ચાલે એટલું અનાજ ભેગું કર્યું અને પછી પોતાની માને આઠ દીવસમાં પાછો આવવાનો વાયદો કરીને તે કાશીએ ગયો પણ કાશી ક્ષેત્ર તેના ગામથી ઘણું દૂર હતું તેથી વાયદા પ્રમાણે તેનાથી પાછા આવી શકાયું નહિ. ઘેર આગળ એકઠું કરેલું અનાજ પુરું થવા આવ્યું ને જ્યારે એક દિવસનું બાકી રહ્યું ત્યારે તેમની પાડોશમાં એક ગ્રહસ્થ કે જે રોજ સવારમાં માધવદાસને પરભાતીઆં ગાતા પોતાને ઘેરથી સાંભળતો હતો અને જે તે સાત દીવસથી સાંભળતાં બંધ થયેલાં જોઈને માધવદાસની ખબર પુછવા તેમને ઘેર તેમની મા પાસે ગયો. ત્યારે તેની માએ કહ્યું કે માધવદાસ તો કાશીએ ગયો છે ત્યારે તેણે પુછ્યું કે તમારું ગુજરાન શી રીતે નભાવો છો ત્યારે તેણે કહ્યું કે તે આઠ દીવસની ખર્ચી કરી આપીને ગયા છે તેમાં સાત દીવસ થઈ ગયા અને એક દીવસનું અનાજ બાકી રહ્યું છે. તે સાંભળીને તે ગ્રહસ્થને દયા આવી અને પોતાને ઘેર જઈને તેણે બીજા આઠ દીવસનું સીધું તેમને મોકલાવી આપ્યું એ પ્રમાણે એકવીસ દીવસ સુધી તેમણે નભાવ્યું એટલામાં માધવદાસ પાછા આવી પહોંચ્યા અને ઘેર આવીને જોયું તો પોતાનાં છોકરાં તથા માને આનંદમાં દીવસ ગુજારતાં જોયાં તેથી તે આશ્ચર્ય પામ્યો અને પોતાની માને પુછ્યું કે હું આઠ દીવસનું સીધું મુકી ગયો હતો અને તમે બીજા પંદર દીવસ સુધી ગુજરાન શી રીતે નભાવ્યું ત્યારે તેની માએ કહ્યું કે આપણી પાડોશમાં એક ગ્રહસ્થ રહે છે તેને આપણી દયા આવી તેથી તેણે આપણો બંદોબસ્ત રાખ્યો તે સાંભળી માધવદાસે વિચાર્યું કે છોકરાંને હું ઉછેરીને મોટાં કરીશ એ મારું ધારવું મિથ્યા અભીમાન છે. તેમની સંભાળ

તો ભગવાન શિવે હું શું સંભાળ લેવું છું ? એમ વિચાર આવવાથી તેને ભગવાન ઉપર શ્રદ્ધા બેઠી. તેથી તે છોકરાંને ઉછેરી મોટાં કરીને પછી હું સંસાર ત્યાગ કરીશ એ વિચાર તેણે છોડી દીધો અને ત્યાંથીજ ચાલી નિકળ્યો અને જગન્નાથજી ગયો. અને ત્યાં નીલગીરી પર્વતની ગુફામાં જઈને બેઠો અને ભીક્ષા માગી લાવવાને પણ તે ગામની વસ્તીમાં ગયો નહિ અને તેણે એવો આગ્રહ રાખ્યો કે ભગવાન મને અહીં ગુફામાં ભીક્ષા પહોંચાડશે. પણ ત્યાં એકાંત વાસમાં તેને કોઈ આપી ગયું નહિ તેથી તેને ત્રણ લાંઘણો થઈ ત્યારે જગન્નાથજી દેવને ચીંતા થઈ કે તે હરામાંને હરામાં ભુખે મરી જશે માટે ચોથે દીવસે રાત્રે જ્યારે બધા પુજારીઓ ઉંઘી ગયા ત્યારે ઠાકોરજીએ લક્ષ્મીને આજ્ઞા કરી કે માધવદાસ કરીને મારો ભક્ત પર્વતની ગુફામાં ત્રણ દીવસથી ભુખે મરે છે માટે તેને સોનાની થાળમાં ભોગની સામગ્રી તથા સોનાના કળશમાં પાણી લઈને તમે તેને આપી આવો એટલે લક્ષ્મીજી ત્યાં ગયાં અને ત્યાં વીજળીના જેવો ચમકારો થયો તેથી માધવદાસ અજાગઈ ગયા પછી જોયું તો થાળમાં ખાવાનું તથા કળસમાં પીવાનું પાણી દીઠું તે લઈને તેમણે ખાધું અને પાણી પીધું અને ઠાકોરજીનો શુકરાનો માન્યો પછી સવારમાં જ્યારે પુજારીઓ ઉઠયા અને મંદીરમાં સોનાનો થાળ તથા કળસ ન જોયા ત્યારે તે કોણ ચોરી ગયું તેની તપાસ કરવા માંડી અને બધે જોતાં જોતાં પછી તે પર્વતની ગુફામાં માધવદાસ પાસે તે પડેલા જોયા. તેથી આજ ચોર છે એમ સમજી તેમણે તેને અવળે હાથે બાંધ્યો અને તેને મારતે મારતે મંદીરમાં લાવ્યા ત્યારે ઠાકોરજી બોલ્યા કે તમે આને શું કરવા મારો છો જો કે તમે તો અને મારો છો પણ તે મારો પરમ ભક્ત છે તેના તેને ચોર હું લઈ લેવું છું તેથી તે માર મને વાગે છે આ તેના સોળ મારે વાંસે ઉઠે છે તે જુઓ. તે ત્રણ દીવસથી પર્વતની ગુફામાં ભુખ્યો પડી રહ્યો હતો તેથી મેં તેને સારૂ મારો પ્રસાદ મોકલી હતી માટે તેનો કાંઈ દોષ નથી માટે તેને છુટો કરો. પુજારીઓએ ઠાકોરજીના બરડા તરફ જોયું તો નેતરના સોળ જોયા તેથી તેમણે પોતાના અજાણપણે કરેલા અપરાધની ઠાકોરજીની પાસે ક્ષમા માગી અને માધવદાસને પગે પડયા. બીજા સાધુઓ પોતાની ભક્તિની હીનતા જોઈને શરમાયમાન થઈ ગયા અને માધવદાસના સાચા ભાવની પ્રસંશા કરવા લાગ્યા. માધવદાસ હમેશાં જગન્નાથજીના મંદીરમાં દર્શન કરવા આવતા અને તે વખતે પ્રેમને લીધે તેમને પોતાના શરીરની શુદ્ધ પણ રહેતી નહોતી તેમજ જતા આવતાં લોક તેમને મંદીરમાં આવતા જતા જોતા પણ નહિ કે તે ક્યારે આવ્યા અને ક્યારે ગયા.

એકવાર શીયાળાને દહાડે માધવદાસ મંદીર બહાર ટાઢને લીધે ધ્રુજતા હતા ત્યારે ઠાકોરજીએ પોતાની ઓઢેલી સકલાત એટલે બનાત તેમને ઓઢાડી દીધી સવારે પુજારીઓએ મંદીરમાં બનાત ન દીઠી ત્યારે તેની તપાસ કરતાં તે માધવદાસ પાસેથી મળી આવી એટલે તે પાછી લઈને મંદીરમાં મુકી. એકવાર માધવદાસને ઝાડો થઈ ગયો તેથી વારેઘડીએ જાજરૂ જવું પડતું અને તેમને કંઈ ચાકરી કરનાર નહોતું તેથી તે પાસેના દરીયા કીનારે જઈને પડયા જેથી ત્યાં પાણી નજીક પડે. ત્યારે ત્યાં ભગવાન પોતે તેમની ચાકરી કરવા માટે ખડા થયા અને તેમની ગુદા ધોવા માંડી ત્યારે માધવદાસે તેમને વિનંતી કરી કહ્યું કે હે મહારાજ! તમારે આટલું બધું શું કામ કરવું પડે છે. ત્યારે તેમણે કહ્યું કે તમારી ચાકરી કરનાર કોઈ નથી અને તમે માંદા પડયા માટે મારે પંડે તમારી ચાકરી કરવા આવવું પડયું છે. ત્યારે માધવદાસે કહ્યું કે જ્યારે તમારે આટલું બધું કરવું પડે છે ત્યારે તેના કરતાં તમો તે રોગ જ મટાડો તો કેવું ત્યારે ભગવાને તેમને કહ્યું કે તારૂં પ્રારબ્ધ તારે ભોગવવા

વગર છુટકો નથી અને તેથી કરીને જો હું હાલ રોગને મટાડી દઉં તો તે તને બીજી વખતે ઘણો હેરાન કરશે માટે તેને તું હાલ ભોગવી લે એટલે તારૂં જે શેષ પ્રારબ્ધ હશે તે પુરૂં થશે પછી થોડીવારે તેમનો ઝાડો મટી ગયો. આ પ્રમાણે તેમને રોજ નવા નવા ચમત્કાર થતા દેખાતા તેથી તેમનાં વખાણ થવા માંડયા અને તેમની કીર્તી પ્રસરી ગઇ ત્યારે તેમને માન રૂપી દોષની ધાસ્તી લાગી તેથી તેનો ઉપાય કરવાને ધાર્યો અને તેથી તેમણે ગામમાંથી ભીક્ષા માગી લાવીને ખાવાનું શરૂ કર્યું કારણકે તેમની પ્રસિદ્ધીને લીધે લોકો તેમને પોતાને ઘેર તેડતા તથા તેમની શેવા ચાકરી કરતા પણ તેથી તે રાજી થતા નહોતા. તેથી તેમણે ભીક્ષા માગી લાવવા માંડી જેથી લોકો તેમને આનગુપણામાં માન અપમાન કરતા અને વખતે ભીક્ષા પણ આપતા નહોતા તે સહન કરીને તેમણે માન રૂપી દોષ મટાડયો. એકવાર તે એક બાઇને ત્યાં ભીક્ષા માગવા ગયા હશે અને ત્યાં સીતારામ કહી ઉભા રહ્યા એટલે તે બાઇ તેમના ઉપર ઘણી ચીડાઇ ગઇ કારણકે તે અભક્ત હતી. તે વીખરનું પોતું લઇને તે વખતે ચુલા અબોટ કરતી હતી અને તે તેણીએ તેમને છુટું માર્યું. અને તે તેમને છાતીમાં વાગ્યું. એટલે તે તેમણે ભેટ માની લીધી અને પછી દરીયા કીનારે ગયા અને ત્યાં જઇને તેને ધોઇ નાંખ્યું અને સુકવીને તેના તાંતણા કાઢયા અને તેની દીવટો કરી અને રાત પડી એટલે તેમણે તેના ઠાકોરજીના મંદીરમાં લેઇ જઇને સળગાવીને ઠાકોરજીની આરતી ઉતારી તેથી તે બાઇના હૃદય રૂપી મંદીરમાં અંધારૂ મટીને જ્ઞાનરૂપી અજવાળું થયું એટલે તેને વિચાર થવા માંડયો કે અરે! મેં વિના અપરાધે પેલા સાધુનેજ આજ માર્યો માટે જો તે કાલે અહીં પાછા આવે તો હું કાલે તેને પગે પડું અને તેની માફી માગી લેઉં. માધવસ્વામીએ આરતી ઉતારતાં ઠાકોરજીને વિનંતી કરી કે તે બાઇએ મને આ પ્રેમથી ભેટ આપી છે માટે તમે તે અંગીકાર કરજો. બીજે દીવસે માધવસ્વામી જ્યારે તે બાઇને ત્યાં ભીક્ષા માગવા ગયા ત્યારે તે બાઇ તેમને પગે પડી અને તેમની પાસે પોતાના ગુનાહની માફી માગી અને તેમને કહ્યું કે હે મહારાજ! મેં મોટો અપરાધ કર્યો કે કાલે તમને પોતું માર્યું માટે હવે મને બચાવી લ્યો ત્યારે માધવસ્વામીએ કહ્યું કે તેમાં તારો દોષ નહોતો પણ તારા અજ્ઞાનનો દોષ હતો અને તારૂં તે અજ્ઞાન આજે ઠાકોરજીએ દુર કર્યું અને તને આવો ભાવ ઉદય કર્યો તે બહુ સારૂં થયું. પછી તેણીએ માધવસ્વામીની ઘણી વીનંતી કરી ત્યારે માધવસ્વામીએ તેને કહ્યું કે તું સંતની શેવા કરજે અને ભક્તિ કરતી રહેજે. આ પ્રમાણે તે ડોસીએ સંતને ખીજવાઇને પોતું માર્યું તો પણ સંતે તેનું કલ્યાણ કર્યું તો જે માણસ પ્રેમ લાવીને સંતની શેવા કરે તો તે ન્યહાલ થાય તેમાં શી નવાઇ.

એકવાર એક પંડીત કાશીએ ભણીને બધા મુલક મુલક જીતતો જગન્નાથજીમાં આવ્યો અને ત્યાં તેણે પંડીતોની સભા કરીને પોતાની સાથે વાદવિવાદ કરવાનું તેમને કહ્યું ત્યારે બધાએ તેને માધવદાસ સોંપ્યા કે અમે કાંઇ જાણતા નથી માટે અમારા તરફથી માધવદાસ તમારી સાથે વાદવિવાદ કરશે. ત્યારે તે બ્રાહ્મણ માધવદાસ પાસે ગયો અને તે હકીકત કહી ત્યારે માધવદાસે કહ્યું કે હું તો હારેલોજ છું. ત્યારે તે પંડીતે કહ્યું કે મને કાગળ ઉપર લખી આપો તે ઉપરથી માધવદાસે લખી આપ્યું કે વાદવિવાદ કરતાં માધવદાસ હર્યાછે. તે કાગળ લેઇ તે બ્રાહ્મણે કાશીમાં જઇને ત્યાંના પંડીતોને પોતાની કીર્તી માટે બતાવ્યો ત્યારે "બ્રાહ્મણ હાર્યોછે અને માધવદાસ જીત્યો છે" એવું લખેલું તેમાંથી નીકળ્યું તે ઉપરથી તે બ્રાહ્મણ ચીડાઇ ગયો. અને જગન્નાથજીમાં પાછો આવ્યો અને માધવદાસને તે કહ્યું ત્યારે માધવદાસે તેને કહ્યું કે મેં તો

મારે હાર્યાની વાત લખી હતી, પછી તારે કરેવું તું જાણે ત્યારે બ્રાહ્મણે કહ્યું કે જો તમે હારેલા છો તો હું તમને ગધાડે બેસાડું અને તમારે બે કાને બે જુનાં ખાસડાં બાંધીને તમને આખા ગામમાં ફેરવું ત્યારે હું તમને હારેલા નક્કી માનું ત્યારે માધવદાસે તે વાતની હા કહી ત્યારે તે બ્રાહ્મણ એક ગધેડો લાવ્યો ત્યારે માધવદાસે વિચાર્યું કે હું સ્નાન કરીને બેસું તો ઠીક તે ઉપરથી તે સ્નાન કરવા ગયા એટલે ઠાકોરજી માધવદાસનું રૂપ લઇ મંદીરમાંથી આવ્યા અને ખાસડાં બાંધી ગધાડે બેઠા અને તે બ્રાહ્મણે તેમને આખા ગામમાં ફેરવી લીધા એટલે ઠાકોરજી પાછા મંદીરમાં જતા રહ્યા અને એવામાં માધવદાસ સ્નાન કરીને પાછા આવ્યા અને તે બ્રાહ્મણને કહ્યું કે ચાલ મને ગધાડે બેસાડી દે હું તૈયાર થયેલું. ત્યારે તેણે કહ્યું કે એકવારતો હું તને ફેરવી આવ્યો અને હવે ફરી શાનું કહે છે ત્યારે તેણે કહ્યું કે હું તો નહાવા ગયો હતો તે હાલ આવું છું અને તેં કોને ગધાડે બેસાડયો પછી તે બ્રાહ્મણને માલમ પડયું કે માધવદાસને બદલે માધવદાસનું રૂપ લઇને ઠાકોરજી આવીને ગધાડે બેઠાને ફર્યા તે ઉપરથી તેણે ઘણો પસ્તાવો કર્યો અને માધવદાસને પગે પડયો અને પોતે આ પ્રમાણે ઠાકોરજીને ગધાડે બેસાડયા તેથી તે લજ્જાયમાન થઇ ગયો અને ત્યાંથી પાછો કાશીએ જતો રહ્યો. વંદ્રાવનની લીલાનાં વખાણ જગન્નાથજી પુરીમાં થતાં સાંભળવાથી માધવદાસને એકવાર વંદ્રાવન જોવા જવાની ઇચ્છા થઇ તેથી તે વંદ્રાવન જવા નીકળ્યા ત્યારે આગળ ચાલતાં રસ્તામાં એક ગામ આવ્યું અને ત્યાં તે ભુખ્યા થયા ત્યારે હરીભક્ત એક ડોશીને ત્યાં ભીક્ષા કરવાને તે ગયા ત્યારે, તે ડોશીએ તેમને સત્કાર આપીને બોલાવ્યા અને રસોઇ કરીને તેમને જમવા બેસાડયા ત્યારે જમતી વખતે એક સુકુમાર નાનો છોકરો તેમની પાસે બેઠેલો જોઇને તે ડોશીએ પોક મુકીને રડવા માંડયું ત્યારે માધવદાસે તેને રડવાનું કારણ પુછયું ત્યારે ડોશીએ તેમને કહ્યું કે આ તુમારી પાસે સુકુમાર કોમળ અંગ શ્યામ સુંદર સ્વરૂપ નાનો કુંવર છે તે તમે કોનો લાવ્યા છો? અને તમે તેની માને ભોળવીને શી રીતે તમારી સાથે લાવ્યા? અને તેના વિયોગના દુઃખે તેની માતા શી રીતે જીવી શકિત હશે? માટે તેની માતાનું દુઃખ સંભારીને મને રડવું આવ્યું. ત્યારે માધવસ્વામીએ વિચાર્યું કે મારી પાસે તો કોઇ નથી પણ આ ડોશીને નવલ કીશોરરૂપ પ્રતિત થયું માટે નક્કી તેને ભગવાને દર્શન દીધું એમ માની પછી તે ત્યાંથી ચાલી નીકળ્યા અને બીજે ગામ ગયા કે જે ગામ તેમના એક ઓળખાણવાળા ભકતનું હતું કે જે ભક્ત તેમનો શીષ્ય થયો હતો અને વરસો વરસ જગન્નાથજી જતો ત્યારે માધવસ્વામીને વિનંતી કરી કહેતો કે તમે એકવાર મારે ગામ પધારો અને તે ઉપરથી માધવસ્વામીએ તેને કહી રાખેલું હતું કે કોઇવાર પરગામ જતા હોઇશું ત્યારે રસ્તે રસ્તામાં તમારે ગામ પણ આવી જાઇશું અને તેથી માધવસ્વામી તેનુ ઘર પુછતા ગયા, ત્યાં તે ભકત ઘેર નહોતો પણ તેની સ્ત્રીએ તેમને ઓળખ્યા કારણ કે તેના પતીએ તેને અગાઉથી કહી રાખેલુ હતું કે એકવાર માધવસ્વામી આપડે ઘેર પધારશે. તે સ્ત્રીએ તેમને સત્કારથી નમસ્કાર કરીને પોતાને ઘેર બેસાડયા અને તેમને કહ્યું કે ભકત ગામમાં ગયા છે તે થોડીવારમાં આવશે પછી તેણીએ એક મહંત સાધુ કે જે તેમને ત્યાં અગાઉથી આવીને તેમને મેડે ઉતરેલો હતો અને જેને તેમણે સીધું આપેલું હતું તેનો તે રસોઇ કરતો હતો તેને મેડા ઉપર જઇને તેણીએ કહ્યું કે તમે એક માણસ માટે વધારે રાંધજો ત્યારે તે સાધુએ તેને કહ્યું કે એકની રસોઇમાં બીજો જમનાર સમાશે નહીં માટે તેની પાસે જુદી રસોઇ કરાવી લેજો. તે વાત માધવસ્વામીએ સાંભળી લીધી તેથી તે બાઇને કહ્યું કે મારે કંઇ જમવાની અપેક્ષા નથી અને મારે તાકીદથી

જવું છે મરે હું ભડકું તે સાંભળી તે ભય દૂધદોડી લાવીને માધવદાસના મોઢ આગળ મુક્યું તે પીને માધવદાસ ચાલતા થયા પછી થોડી વારે તેનો પતી આવ્યો ત્યારે તેની સ્ત્રીએ તેને ખબર કહી કે માધવસ્વામી હમણાં થોડીવાર ઉપર આપણે ત્યાં આવ્યા હતા અને હમણાંજ તે ચાલી ગયા અને મેં મહંતને કહ્યું કે તમારો રસોઇ ભેગી તમે તેમને માટે પણ રસોઇ કરીને તેમને જમાડજો પણ મહંતે તેની ના પાડી એટલે મેં તેમને દૂધ પાયું અને તે દૂધ પીને હમણાંજ ચાલી નીકળ્યા મહંત તે વાત સાંભળીને મેડા ઉપરથી નીચે ઉતર્યો અને તે માધવસ્વામી હતા એમ જાણી ને પસ્તાવો કરવા લાગ્યો પછી તેનો પતી માધવસ્વામીને પાછા વાળી લાવવા તેમની પછવાડે ગયો અને પેલો મહંત પણ તેની સાથે ગયો અને છેટેથી ધાંટો પાડીને માધવસ્વામીને ઉભા રાખ્યા અને પછી ત્યાં જઇને તેમને પગે પડીને તેમને પોતાને ઘેર પાછા પધારવા કહ્યું ત્યારે તેમણે કહ્યું કે તમારે ઘેર તમારાં સ્ત્રી હતાં તેમણે મારી સેવા ચાકરી સારી રીતે કરી છે અને તેથી હું પ્રસન્ન થયો છું માટે હાલ મને જવાદો કારણ કે મારે વૃંદાવન જવું છે અને ત્યાંથી પાછાં વળતાં જો અનુકુળ હશે તો વળી હું અહીં આવીશ પછી પેલા મહંતે તેમની વિનંતી કરી અને વગર ઓળખ્યે તેમની અવજ્ઞા કરી તેથી પોતાના અપરાધની ક્ષમા માગી ત્યારે માધવસ્વામીએ તેને યોગ્ય ઠપકો દીધો કે એકલપેટા થવું સંતોને છાજતું લક્ષણ નથી માટે તમારે તે ટેવ મુકી દેવી અને સાધુ થયા ત્યારે હવે સ્વાર્થ બુદ્ધિ રાખવી નહિ પણ પરમેશ્વર પરાયણ થઇને આકાશ વૃત્તિ રાખવી અને ફાવે તેવો સાધુ હોય તોપણ તેને બીના ભારી સમજી તેની સેવા કરવી અને પરમેશ્વરનું ભજન કરવું. એમ કહી પોતે રસ્તે પડ્યા અને તે બન્ને જણ ઘેર પાછા આવ્યા. પછી ચાલતાં ચાલતાં તે વૃંદાવન આવી પહોંચ્યા ત્યાં બિહારીલાલ ઠાકોરજીના મંદીરમાં ગયા ત્યારે ત્યાંના મહંતે માધવદાસને એક સાધારણ ભીક્ષુક સાધુ તરીકે જાણીને તેમને ચણાનું સદાવ્રત આપીને ત્યાંથી વિદાય કર્યા. એટલે તે ચણા લઇને તે નદી કીનારે જઇને ત્યાં સ્નાન કરીને ઠાકોરજીને ભોગ લગાવીને પછી પોતે ખાધા અને પાણી પીને ત્યાં બેઠા થોડીવાર પછી પેલા મહંતે રસોઇ કરીને ઠાકોરજીને ભોગ ધરાવ્યો ત્યારે ઠાકોરજી બોલી ઉઠ્યા કે મને કાંઇ ખાવાની રૂચી નથી આજતો મેં ધરાઇને ચણા ખાધા કારણ કે મારો પરંભક્ત માધવસ્વામી અહીં મારાં દર્શન કરવા આવ્યો તેને તમે વગર ઓળખ્યે ચણા આપીને વિદાય કર્યો પણ તેને અહીં રાખ્યો નહિ અને તેણે જમના કીનારે જઇને મને ચણા ભોગ લગાવ્યો અને તેથી હું ચણા ખાઇને ધરાઇ ગયો છું. માટે હવે મને કંઇ ખાવાની રૂચી નથી અને જો તમારે મને તૃપ્ત કરવો હોય તો જમના કીનારેથી એને શોધી લાવીને એને સારી રીતે જમાડીને તૃપ્ત કરો એટલે તે તૃપ્તો હું મની લઇશ તે ઉપરથી તેણે તેને શોધી લાવીને તૃપ્ત કર્યા પછી ત્યાંથી તે ભંડોર વનમાં ગયા ત્યાં એક મંદીરમાં દુધપાકની રસોઇ થતી હતી તે ત્યાંના સાધુઓએ છાની રાખીને તે માધવદાસને ન બોલાવતાં પોતે જમવા બેઠા ત્યારે ત્યાં તે દુધપાકમાં કીડા ખદબદતા પ્રતિત થયા તે ઉપરથી તેઓ મુંઝાયા ત્યારે ઠાકોરજી બોલ્યા કે માધવસ્વામી જે મારા પરંભક્ત છે તે અહીં આવ્યા છે અને તમે તેમનાથી છાનું રાખીને એકલા દુધપાક ખાવા બેઠા છે માટે તે મારાથી સહન થતું નથી માટે તમને કીડા દેખાય છે તે સાંભળી તેઓ માધવસ્વામી પાસે ગયા અને તેમની ઘણા પ્રકારે વિનતી કરી તેમને પ્રસન્ન કર્યા પછી માધવદાસ ત્યાંથી હરીયાન વનમાં ગયા ત્યાં એક મંદીરમાં ત્યાંના મહંતે તેમને એક સાધારણ સાધુ જાણીને ખવરાવ્યું પછી તે ત્યાં રહ્યા ત્યારે ત્યાં મંદીરની માલેની કાંઇ બરદાસ કરવું

ત્યાંની ગાયોનું છાણુ વાસીદું કરવાને તે ત્યાં રહ્યા. એ પ્રમાણે પોતાના ખાવા કામ તેમણે ફકાવી લીધું. એકવાર માધવદાસ છાણાં થાપતા હતા તે વખતે માધવદાસનાંજ બનાવેલાંજ પુસ્તકનું એક કાવ્ય વાંચતો હતો ત્યારે તેને અશુદ્ધ જોઇને તેમણે તેને કહ્યું કે આમ નહિ પણ આમ વાંચવું જોઇએ ત્યારે મહંતે તેને તકરારી કાઢયો અને તેને કહ્યું કે આતો માધવસ્વામીનો ગ્રંથ છે માટે તેની વાત તું શું સમજે તું તારે છાણ પુંજે કરતો હોય તે કર. તે સાંભળી માધવસ્વામી ચુપ થઇ રહ્યા તે વાતને કેટલીક મુદત વિત્યા પછી જગન્નાથપુરીનો રાજા જે માધવસ્વામીનો શિષ્ય હતો અને માધવસ્વામી જગન્નાથ પુરી છોડી પાછા નહિ ગયેલા તેથી તેમનાં દર્શન વગર જે અકળાઇ ગયે લો હતો તે માધવસ્વામીને ખોળતો ખોળતો વંદ્રાવન હરીયાન વનમાં તે મંદીરમાં આવ્યો. ત્યારે ત્યાં એક સાધુ ઉભો હતો તેણે જાણ્યું કે આ કોઇ રાજા મહંતના દર્શન કરવા આવ્યો છે એમ સમજી તેને કહ્યું કે મહંતજીતો અંદર ગાદી ઉપર બેઠા છે ત્યારે તે રાજાએ તેને કહ્યું કે મારે તારા મહંતનું કામ નથી હું તો મારા મહંતને સોધું છું એમ કહી તે રાજા માધવસ્વામી પાસે ગયા અને ત્યાં જઇ સાષ્ટાંગ દંડવત નમસ્કાર કરી ઘણા દીવસનો મુંઝાઇ ગયેલો તે રડી પડયો અને પછી પોતાના ગુરૂની તેણે બહુ બહુ પ્રકારે વિનંતી કરી અને કહ્યું કે હું તમ ને જગન્નાથજી લેઇ જવા આવેલો છું. એવી વાત કહી એટલામાં પેલો મહંત તે વાત સાંભળીને ત્યાં આવ્યો અને તે સાધુ માધવદાસ હતા એમ જાણીને તે લજ્જા પામી ગયો અને તેમની પાસે છાણ પુંજે કરાવ્યો તેના તેમની ઘણા પ્રકારે, વિનંતી કરીને તેમની માફી માગી. પછી માધવસ્વામી ત્યાંથી રાજાની સાથે જગન્નાથપુરી ગયા અને ત્યાંથી પછી પોતાની મા તથા છોકરાંને મળવાને પોતાને અસલ ગામ જવા નિકળ્યા ત્યાં રસ્તે જતાં એક ગામ આવ્યું ત્યાં ઠાકોરજીએ એક શાહુકારને સ્વપ્ન આપ્યું કે માધવસ્વામી મારો પરમ ભક્ત છે અને તે પોતાને ઘેર જતાં આજે આ ગામમાં રાત વાસો રહ્યો છે માટે તું તે તેમને ખોળી કાઢીને તેમને એક હુંડી લખી આપ જેથી તે ઘેર લેઇ જઇને પોતાની માને તથા છોકરાંને ગુજરાન માટે આપે જેથી તેઓ સુખેથી દીવસ ગુજારે એટલે તે શાહુકારે તેમને શોધી કાઢીને હુંડી લખી આપી ત્યારે તેમણે તે લેવાની આનાકાની કરી ત્યારે તે શાહુકારે સ્વપ્નાની વાત કહી અને આગ્રહ કરીને તેમને આપી જે લેઇને તેમણે ઘેર જઇને આપી. આ પ્રમાણે તેમનાં ચરીત્રનો કંઇ છેડો નથી પણ જેટલાં મારાં જાણવામાં આવ્યાં તેટલાં મેં પ્રસિદ્ધ કર્યા.

॥ मुल ॥ छप्पयछंद ॥

श्री रघुनाथ गुसांइ गरुडज्यों सिंध पौरीठाढे रहै
सतिकाल सकलात बिदित पुरुशोत्तम दीनी
सीच गये हरीसंग कृत्य सेवककी कीनी.
जगन्नाथ पद प्रीती निरंतर करतखवासी.
भगवत धर्म प्रधान प्रसन्न नीला चलवासी
उतफलदेश उडी सालगर वैन तेय सबको कहै.
श्री रघुनाथ गुंसांइ गरुडज्यों सिंध पौरीटाढ रहै.

એક રાજ કુંવરનો પ્રસંગ.

એક રાજાનો કુંવર મહા અનુરાગી ભક્ત હતો તે પોતાનું ઘર ત્યાગ કરીને જગન્નાથજી

જઇને રહ્યા. તેનો બાપ તેને ખર્ચ માટે પૈસા મોકલતો પણ તે લેતો નહિ સ્થીતીમાં તે મંદીર પાસે રહેતો. એકવાર શીયાળાની રૂતુ આવી અને તાઢ ઘણું તે તાઢથી ધ્રુજવા લાગ્યો ત્યારે જગન્નાથજી ઠાકોરજીથી તેનું દુઃખ જોઇ શકાયું ... તેને પોતાની સકલાત એટલે બનાત ઓઢાડી દીધી જે બીજે દીવસે પુજારીઓને ખબર પડી અ. તેની પાસેથી પાછી લેઇ લીધી. પછી ઠાકોરજીએ તેને આજ્ઞા કરીકે તમે મહા પ્રભુ કૃષ્ણ ચૈતન્યને ગુરૂ કરો અને તે ઉપરથી તેણે કૃષ્ણ ચૈતન્યને ગુરૂ કર્યા અને મંત્ર ઉપદેશ લીધો. કેટલાંક વર્ષ વીત્યાબાદ તેને વંદ્રાવન જવાનું મન થયું તેથી ગુરની આજ્ઞા લેઇને તે વંદ્રાવન ગયા અને ત્યાં જઇને રાધાકુંડ ઉપર રહ્યા. તે એવા પ્રતાપી હતા કે તેમની રહેણી કહેણી કંઇ કહી જાય તેવી નથી અને તે સાંભળતાં થાકી જવાય તેવી અપાર છે કારણકે તેમને ઠાકોરજી ઉપર ઘણોજ ભાવ હતો. ત્યાં રહેતાં તેમણે એકવાર માનસીન પુજામાં ઠાકોરજીને દુધ અને ભાતનો ભોગ ધરાવ્યો હશે ત્યારે તે વાત તે રાધાકુંડ મંદીરના ઠાકોરજીએ ત્યાંની પુજારણ કેજે એક વૃદ્ધ ડોશી હતી તેના આગળ પ્રસિદ્ધ કરી આપી અને જ્યારે તે બાઇ રસોઇ કરીને ઠાકોરજીને ભોગ ધરાવા ગઇ ત્યારે ઠાકોરજીએ તેને કહ્યું કે મનેતો તે રાજકુંવરે પોતાની માનસીક પુજામાં દુધ અને ભાત ખુબ ખવરાવ્યો છે તેથી હવે મને કંઇ ખાવાનો રૂચી નથી તે સાંભળી તે ડોશીએ તેમને શોધી કાઢયા અને તેમનાં દર્શન કર્યાં.

मुल छप्पयछंद ॥

श्री नित्यानंद कृष्ण चैतन्यकी भक्ति दशोंदीश विस्तरी.
गौडदेश पाखंड मेटी कीयो भजन परायन.
करुना सींधु कृतज्ञ भये अगतिनि गतिदायन.
दसधा रस अक्रांत महंतजन चरन उपासे.
नाम लेत निहपाप दुरित तीही नरके नासे.
अवतार विदित पुरव मही उभै महंत देही धरी.
श्री नित्यानंद कृष्ण चैतन्यकी भक्ति दशोंदिश विस्तरी.

નિત્યાનંદનો પ્રસંગ.

કૃષ્ણા અવતારમાં જશોદાને પેટે જે શ્રી કૃષ્ણ અને બળદેવજી થયા હતા તે બીજે જન્મે તેમાંના બળદેવજીએ નિત્યાનંદનો અવતાર ધારણ કર્યો હતો. તેમને પ્રેમનો આનંદ એટલો બધો વર્તતો હતો કે જાણે તે રોજ નીશો કરેલા રહેતા હોય. તેમણે મહંતપદી ધારણ કરી હતી અને તેમણે આખો બંગાળો દેશ ભક્તિથી ચેતાવી દીધો કે જેમનાં વખાણ કહેતાં અથવા સાંભળતાં પાર આવે તેવો નથી કારણ કે તે અપાર છે કારણ કે તેમના પંથમાં ઘણા શીષ્ય થયા અને તે શીષ્યોએ ઘણાં ઘણા ગ્રંથો રચ્યા કે જે તેમના મહાન પ્રતાપની સાખ પુરી આપે છે.

કૃષ્ણ ચૈતન્યનો પ્રસંગ.

આગલા અવતારમાં જે શ્રી કૃષ્ણ ગોપીકાઓ સાથે પ્રેમમાં હારી ગયેલા હતા અને જેથી ગોપીકાઓની લાલાઇ તેમની સ્યામતાની અંદર ભળી ગઇ હતી તે પોતાનું આગળનું સ્યામ

સુંદર રૂપ મુકી દેઇને આ અવતારે ગૌરરૂપ જેવા થયા હા અને તે સચીને પેટે કૃષ્ણ ચૈતન્ય રૂપે જનમ્યા હતા. તેમને આ જીવકાટી દશામાં રોજ નવા નવા ચમત્કાર માલમ પડયા. કોઇ કોઇવાર પ્રેમને લીધે તે ગાતા ત્યારે તદ્દરૂપ બની જતા. અને કોઇ કોઇવાર તે પ્રેમથી ઘણા પ્રફુલ્લત થઇ જતા. અને કોઇવાર તેમને આંખમાંથી અશ્રુપાત થતો અને તેથી કોઇવાર તેમની આંખોમાંથી આંસુની પીચકારીઓ છુડતી માટે તેમના એવા પ્રેમની વાત હું કેટલીક કરૂં, તે જ્યારે જગન્નાથ ક્ષેત્રમાં ગયા ત્યારે ત્યાંના લોકોએ તેમને કહ્યું કે શ્રી કૃષ્ણ તો ચતુરભુજ મૂર્તી હતા માટે તમે તેવા કેમ નથી દેખતા. ત્યારે ત્યાં તેમણે પોતાની ચારને બદલે છ ભુજાઓ દેખાડી તે ઉપરથી કૃષ્ણ ચૈતન્યનું માહાત્મ જગતને વિષે ઘણું પ્રસિધ્ધ થયું અને તેથી તેમને જગન્નાથજીના મંદીરના ગહંત બનાવ્યા કે જેમણે પછીથી બંગલો દેશ કે જેમાં આગળ ભભકતી જરાપણ નહોતી તેમાં ભકતી ફેલાવી અને ત્યાં બધાને પ્રેમના સાગરમાં બોળી દીધા. તેમના એક એક શિષ્ય એવા પ્રતાપી બન્યા કે તેમણે જગતનો ઉધ્ધાર કરીને બધાને તારી નાંખ્યા જેથી તેમનું નામ દરેક પોથીને શિરે મુકેલું છે, અને તે તે વાતને સિદ્ધ કરી આપે છે, પહેલાં તે ગૌડ બંગાળા દેશના લોકો એવા કઠોર બુધ્ધિના હતા કે કોઇયાંન કોટી અજામેળ પણ તેમના પાપની બરાબરી કરી શકતા નહીં. પણ પછીથી તેમણે બધા લોકોને ભકતી શાખવી અને તેમણે તે આખો દેશ તારી દીધો.

॥ मुल ॥ छप्पय छंद.

सुर कवित सुनी कोंन कवि जो नाहि सिर चालन करै.
ऊकितचोज अनुप्रास वरन आस्थाति अतीभारी.
वचन प्रीति निर्वाह अर्थ अद्‌भुत तुक धारी.
प्रति बिंबित दिवि द्रष्टिहृदे हरि लीला भासी.
जनम करम गुनरुप सबै रसना जुमकाशी.
विमळ बुध्धि गुनी औरकी जो वह गुन स्रवननी धरै
सुर कवित सुनिकोंन कविजो नहीं शिर चालन करै
ब्रज वधुरीती कलीजुग विपे परमानंद भयो प्रेमकेत.
पौगंढ बाग किशोर गोपलीला सबगाइ.
अचिरज कहावत बात हुतौ पहिलौ जुसखाइ.
नैनानि निर प्रवाह रहंत रोमांचरन दिन.
गदगद गिराउदार श्याम शोभा भीज्यै तिन.
सारंगछाप ताकीभइ स्रवन सुनत आवेसदेत.
ब्रजवधु रीती कलीजुग विषे परमानंद भयो प्रेमकेत
श्रीकेसौ भट नरमुकटमनि जिनकी प्रभुता बिस्तरी.
कास्मीरकी छाप पाप ताप जुगमंडन.
द्रढ हरि भाकत कुठार आन धर्म विटप विहंडन.

मथुरां मध्य मलेच्छवाद करि वरवट जीती.
काजी अजीत अनेक देखी परचे पै भीते.
विदितवात संसार सब संत साखि नाहिंनदुरि.
श्रीकेसौभट नरमुकटमनि जिनकी प्रभुताविस्तरी.

કેશવભટનો પ્રસંગ.

કેશવભટ કરીને કાશ્મીરનો એક પંડીત હતો, તે ગામે ગામ જઇ દિગ્વિજય કરતો અને ત્યાં મોટા મોટા પંડીતોને જીતીને તેનો માન ભંગ કરતો અને તે હાથી ઘોડા ઉંટ વીગેરેની સ્વારી સાથે બેઠને પોતાની ઠાકોર સેના સહીત જેમ કોઇ નદીનો પ્રવાહ ચાલે તેમ તે ઠાઠથી ગામોગામ ફરતો અને તે પ્રમાણે ફરતો ફરતો તે જ્યાં મહાપ્રભુ કૃષ્ણ ચૈતન્ય રહેતા હતા ત્યાં આવ્યો ત્યારે ત્યાંના પંડીતો તેનાથી ડરી ગયા ત્યારે મહાપ્રભુએ તેમને કહ્યું કે તમે ડરશો નહીં અને તેની સાથે વાદ વિવાદ કરવાને હું તેના સામો જઇશ ત્યારે તે વખતે કૃષ્ણ ચૈતન્યની ઉમ્મર નાની હોવાથી પંડીતોએ તેમને કહ્યું કે તમે નાની ઉમરનાં છો અને હજી પુરૂં ભણેલા પણ નથી તેથી તમે તેને શી રીતે જીતી શકશો ત્યારે તેમણે કહ્યું કે તેની તમારે ચીંતા કરવી નહી પછી મહાપ્રભુ કેશવભટની પાસે ગયા અને તેમને નમ્રતાથી પુછ્યું કે હે મહારાજ તમે કે જેમણે મોટા મોટા પંડીતોને જીત્યા છે અને તેથી જેમનો જશ જગતમાં છવાઇ રહ્યો છે એવા તમે કોણ છો ? અને તમે શાનો વાદ વિવાદ કરોછો ? ત્યારે કેશવભટ બોલ્યો કે તું તો હજી છોકરાઓના ભેગો ભણે છે. અને નાને મોઢે મોટી મોટી ડહાપણની વાતો શાની કરે છે ? પંડીતાઇની વાતમાં તું શું સમજે ? ત્યારે મહા પ્રભુએ તેને કહ્યું કે જો તમે એવા મોટા પંડીત હો તો તમે ગંગાજીનું સ્વરૂપ વર્ણવી બતાવો ત્યારે કેશવભટે કહ્યું કે તેનું બીજું સ્વરૂપ શું વર્ણવાનું છે ? આ જે પ્રવાહ વહે છે તેજ તેનું સ્વરૂપ છે એમ કહી તેણે પછી ત્યાંને ત્યાં સો નવા શ્લોક જોડીને ગંગાજીનું સ્વરૂપ વર્ણવી બતાવ્યું. કારણ કે તેને જીહ્વાગ્ર સરસ્વતી પ્રસન્ન હતા તેથી શ્લોક જોડતાં વાર લાગી નહી ત્યારે એટલામાં એક શ્લોક યાદ રાખીને કંઠે કરી લીધો અને ફરીને કહી સંભળાવી તેને કહ્યું કે તમારા આ શ્લોકની મને વ્યાખ્યા કરીને સંભળાવો એટલે તે સાંભળીને કેશવભટ મોટા અચંબામાં પડ્યો અને મહાપ્રભુને તેણે પુછ્યું કે આ શ્લોક તેં શીરીતે મોઢે કરી લીધો ત્યારે તેમણે કહ્યું કે તમારા દરેક શ્લોકમાં ઘણાં ઘણાં દુષણ છે એમ કહી તે પ્રત્યેકને બોલવાની તથા તેનું વ્યાખ્યાન કરવાની તેમણે કેશવભટ પાસેથી રજા માગી ને પછી તેમણે તેનું વ્યાખ્યાન કરી બતાવ્યું એટલે કેશવભટને ઘણો સોક પેદા થયો અને તેથી તેણે તે દીવસે વિવાદ કરવો બંધ રાખ્યો અને તે બીજે દીવસે કરવા ઉપર મુલતવી રાખીને તે પોતાને ઉતારે ગયો અને ત્યાં જઇ સરસ્વતીનું ધ્યાન કર્યું એટલે સરસ્વતી દેવી ત્યાં મૂર્તિમાન આવ્યાં ત્યારે કેશવભટે તેમને પુછ્યું કે તમે મને મોટા મોટા પંડીતો આગળ તો જીતાડ્યો અને હવે આ નાના છોકરા આગળ મને કેમ હરાવ્યો. ત્યારે સરસ્વતિ બોલ્યાં કે જેમને તું નાનું છોકરૂં સમજેછ નહિ તે તો મારા ઇષ્ટ છે માટે તેમના મેં આગળ મારૂં કંઇ ચાલશે નહી તેનો મારે પગે લાગવા જોગ છે કારણ કે તે શ્રીપ્રભુના અવતાર છે માટે તેમના તું દર્શન કરી લે અને તેમનામાં છોકરાપણું તું જે બુદ્ધ કરે છે તે છોડી દે તે સાંભળી કેશવભટ બીજે દીવસે મહાપ્રભુ પાસે આવી તેમને સાષ્ટાંગ [illegible] તેમની બહુ બહુ વીનંતી કરી અને તેમને

પ્રસન્ન કર્યા અને તેમની પાસેથી મંત્ર ઉપદેશ લીધો પછી શ્રીકૃષ્ણ ચૈતન્યે તેને કહ્યું કે આજથી હવે તારે કોઈ દીવસે સુપનમાં પણ કોઇને હરાવવો નહિ અને તે વાત હવે તું તારા હૃદયમાં ધારણ કરી લે એટલે તેણે તે વાત માથે ચઢાવી પછી કેશવભટે દીગવિજયના અભીમાનરૂપી બિછાનારને મુકી દીધો અને પછી ત્યાંથી તે કાશ્મીર ગયો અને ત્યાં કાશ્મીરમાં તેણે એકવાર એવું સાંભળ્યું કે મથુરામાં એક મુસલમાન ઘણો જબરો પેદા થયો છે અને તે હીંદુઓને વટલાવે છે. તેણે દરવાજા ઉપર એક જંત્ર બાંધ્યો છે અને તે દરવાજા નીચે થઇને જે નીકળે છે તેને નાગો કરીને તે જુવે છે એટલે જંત્રના પ્રતાપે તેની ઇદ્રી સુન્નત કરેલી દેખાય છે એટલે તે તેના મોમાં થુંકીને તેને વટલાવે તે ઉપરથી તે પોતાના હજાર શીષ્યને લેઇને મથુરાં ગયો અને ત્યાં જઇને તેણે પેલા જંત્ર તોડી નાંખ્યો અને ત્યાના રાજાને ફરીયાદ કરી એટલે તે રાજાએ પોતાના નોકરોએ હુકમ કર્યો કે તમે તે કાજીને પકડી લેઇને તેમને ઉંડા પાણીમાં ડુબાવીદીયો અને એ પ્રમાણે તેમણે ડુબાવી માર્યા.

मुळ छपयछंद.

श्रीभट सुभट प्रगट्यो अघटरस रसिकाँग मनमोदघन.
मधुरभाव रसमिलित ललीत लीलासुवलितछबि.
निरखत हरखत हदे प्रेमबरखत सुकलित कवि.
भवनिसतारन हेतदेत द्रढ भक्ति सबनिनित.
जासु सुजस शशि उदे हरत अतितम भ्रमश्रम चित.
आनंदकंद श्रीनंद सुत श्री वृषभान सुता भजन.
श्रीभट सुभट प्रगट्यो अघट रसरसिकानि मनमोदघन.
श्रीहरिव्यास तेज हरी भजनके देवीकों दिक्षादइ.
खेचर नरकी शिष्य निपट अचिरज यह, आवै.
विदित बात संसार संत मुख किरती गावै.
वैरागिनि के वृंद रहतसंग स्याम सनेही.
ज्यौं योगेश्वरमध्य मनोहु शोभित बिदेही.
श्रीभट चरन रज परसते सकल सृष्टि जाकों नइ.
श्री हरि व्यासतेज हरी भजनके देविकों दिक्षादइ.

શ્રીભટજીનો પ્રસંગ.

શ્રીભટજી નામના એક મહાત્મા હતા, તે પોતાના ગામથી ફરતાં ફરતાં ચંદ્રયાવલ ગામમાં આવ્યા ત્યાં એક બગીચો જોઇને તેમણે પોતાનો મુકામ કર્યો ત્યારે ત્યાં તેની પાસે એક દેવીનું સ્થાનક હતું. ત્યાં કોઇએ એક પશુને મારીને ચઢાવ્યું એટલે શ્રી ભટજી કે જે ગઢાધારી હતા, તેમને તે જોઇને ઘણું લાગી આવ્યું તેથી તેમને ત્યાનું પાણી પીવું પણ ભાવ્યું નહિ. તેથી આખી રાત તે ત્યાં ભુખ્યા તરસ્યા સુઇ રહ્યા એટલે તેમની ભક્તિના તેજના પ્રતાપથી તે સ્થાનની દેવી કંપી ઉઠી અને દેહ ધરીને તેમની પાસે આવી અને તેમને કહ્યું કે તમે શા માટે ભુખ્યા કેમ પડી રહ્યા છો? ત્યારે તેમણે તે દેવીને કહ્યું કે તારા સ્થાનમાં એક માણસ મારી દેખતાં એનુ

કે પ્રભુ નમેરી ગયો તેથી મને પાણી પીવું પણ ખાર છું નથી માટે મારે હવે અહીંયાં રહેવું યોગ્ય નથી ત્યારે તે દેવીએ તેમને કહ્યું કે મેં તેને ક્યારે કહ્યું હતું કે તું પ્રભુને મારી આડે તેમાં મારો શો દોષ પછી દેવીએ તેમની વિનંતી કરીને તેમને કહ્યું કે હે મહારાજ તમે મને ગુરુમંત્ર આપો અને મને તમારી ચેલી બનાવો ત્યારે શ્રી ભટજીએ તે દેવીને મંત્ર ઉપદેશ કર્યો અને તેને ચેલી બનાવી. પછી તે દેવી ગામમાં ગઇ અને ત્યાં ગામનો જે હાકેમ હતો તેને ખાટલેથી હેઠો નાંખ્યો અને તેના ઉપર ખાટલો ઉંધો પાડી તેને ઘણું બીવરાવ્યો અને પછી તેને કહ્યું કે આજ મારે સ્થાનકે એક વ્યાસ આવ્યા છે તેમને ગામના બધા લોકો સવારે આવીને પગે લાગે અને તેમના શીષ્ય થાય અને તેમને પુસ્કળ દ્રવ્ય આપીને પ્રસન્ન કરે એવો બંદોબસ્ત કરવાને તું આખા ગામમાં સવારે ઢંઢેરો પીટાવજે નહિતો હું તારા આખા ગામને મારી નાંખીશ તે ઉપરથી તેણે સવારે ઢંઢેરો પીટાવ્યો. અને બધા લોક તેમની પાસે ગયા અને તેમની ખુબ સેવા કરી. અને તેમના આગળ પુસ્કળ દ્રવ્ય ભેટ મુંક્યું અને પછી બધા લોકોએ તેમની પાસેથી મંત્ર ઉપદેશ લીધો અને તેમના શીષ્ય બન્યા અને એ પ્રમાણે તેમને ભવસાગરથી પાર કર્યા. ત્યાં નાનાપ્રકારના ભોગ ભોગવતા પોતે કેટલાક દીવસ ત્યાં રહ્યા અને તેવામાં એકવાર ત્યાં એક ભંગીઓ કે જેને તેમના બોધની શ્રદ્ધા થઇ તેથી તે મહારાજ પાસે તે આવ્યો ત્યારે તેને પણ તેમણે મંત્ર ઉપદેશ કર્યો.

मुल छप्पयछंद ॥

अज्ञान ध्वांत अंतःकरण द्वितीय दिवाकर अवतर्यो.
उपदेश नृपासिंघ रहतनित आज्ञाकारी.
पक्वव्रक्ष ज्यौंनाय संतपोषक उपकारी.
बानी भोलाराम सुहृदे सवाहिनि परछाया.
भक्त चरन रजजाचि विशद राघव गुन गाया.
करमचंद कस्यप सदन बहुरी आये मनों वपुधर्यो.
अज्ञानध्वांत अतःकरन द्वितीय दिवाकर अवतर्यो.
श्री विठ्ठलनाथ व्रजराज ज्योंलाड लडायके सुखलियेः
रागभोग नित विविध रहतपरिचर्या ततपर.
सज्या भुषन बसन रचित रचना अपनेकर.
वह गोकुल वहनंद सदन दीक्षवकोंहैसोहे.
प्रगट विभो जहांघोष चंदेखी सुरपतिमन मोहे ॥
वल्लभ सुत वल्लभ भजनके कलियुगमे द्वापराकियो.
श्री विठ्ठलनाथ व्रजराजराज ज्यौंलाल लडायके सुखलीयो

ત્રીપુરદાસનો પ્રસંગ.

ત્રીપુરદાસ કરીને એક કાયચ હતો અને તે રાજાનો દીવાન હતો અને તેને શ્રી નાથજી ઉપર ઘણો ભાવ હતો તેથી તે દરેક શીયાળાની રૂતુમાં ઠાકોરજી આરૂ વરસોવરસ એક અમુલ્ય ડગલો

ભેટ મોકલતો. એકવાર તેને રાજાએ કંઇ કારણસર દીવાનની જગ્યા ઉપ-
ના અને તેનું ઘરબાર લુંટી લીધું અને તેથી તે ગરીબ દશામાં આવી ગયો
પાસે કંઇ રહ્યું નહી ત્યારે તેની વખતમાં જ્યારે શિયાળાની રૂતુ આવી ત્યારે વરસો
ના પેઠે ઠાકોરને ડગલો મોકલવાની વાત તેને સાંભરી આવી તેથી તેની આંખોમાં પાણી
ઇ આવ્યું અને તેને મનમાં એવું આવ્યું કે હવે આ નિર્ધન દશામાં હું કેવી રીતે ડગલો
કલી શકીશ પછી તેણે ઘરમાં તપાસી જોયું તો પીતળની એક દવાત અને કલમ દીઠી તે
લેઇને તે બજારમાં ગયો અને તેને વેચીને તેના જે પૈસા આવ્યા તેનું તેણે એક રતું સેલાનું
કપડું લીધું પણ તેમાં કંઇ ગરમાવો નહોતો અને ફક્ત તે લાલ રંગનુંજ દેખાતું હતું. તે
લેઇ તેણે નાથદ્વારાનો એક માણસ કે જેને તેણે પોતાના ગામમાં બજારમાં ફરતો જોયો
તેને તે આપ્યું અને તેને કહ્યું કે આટલું કાપડ તમે શ્રી નાથજીના ભંડારીને આપજો અને
તેને કહેજો કે આ ત્રીપુરદાસે મોકલ્યું અને હાલ તેની દુર્બળ અવસ્તા છે માટે તે આટલુંજ
મોકલી શક્યો છે અને જો કે તે ઠાકોરજીના કામમાં વાપરવા લાયકતો નથી અને તેથી જો કે
મને તે મોકલતાં પણ શરમ આવે છે પણ હું મારી દુર્બળ અવસ્તાને લીધે આ વખતે જે
મોકલી શક્યો તે આપ મારા ભાવને લેઇને અંગીકાર કરજો અને તેને તમે કોઇ શેવકના
કામમાં વપરાવજો. અને તે પ્રમાણે લેઇ જઇને તે માણસે તે કપડું ભંડારીને આપ્યું અને
ભંડારીએ તે લેઇને બારોબાર એક પટારામાં મુકી દીધું. અને તે નજીવી કીમતનું હોવાથી તેણે
તેની કોઇને વાત પણ કરી નહિ. પછી બીજે દીવસે ઠાકોરજી તાઢથી ધ્રુજવા લાગ્યા અને ઘણી
તાઢ વાય છે તેવો ભાવ બતાવ્યો ત્યારે પુજારીઓએ તેમને ગરમ કપડાં ઓઢાડયાં તથા સગ-
ડીઓનાં તાપ કરી તપાડયા પણ કોઇ વાતે તેમનો ધ્રુજારો મટયો નહિ ત્યારે ત્યાંના કારભારીએ
બધાને પુછ્યું કે કોઇની કંઇ ભેટ આવેલી રહી ગઇ હોય તો તેની તપાસ કરો. ઠાકોરજીને
કોઇ વાતે તાઢ બંધ રહેતી નથી તેનું શું કારણ હશે તે કંઇ સમજાતું નથી ત્યારે પેલા
ભંડારીએ કહ્યું કે બધા લોકોની ભેટો ઠાકોરજીને ધરાવી ચુકયા છીએ અને કોઇની ભેટ આવ-
વાની બાકી રહી નથી પણ એક ત્રીપુરદાસ કાયસ્થ કે જે વરસો વરસ એક અમુલ્ય ગરમ ડગલો
મોકલતો હતો તે હાલ ગરીબ થઈ ગયો છે અને તેથી તે તેવો ડગલો આણ મોકલી શક્યો નથી
માટે તેણે આ વખતે એક શેલું મોકલ્યું, અને મેં તે બારોબાર પટારામાં મુક્યુંછે. અને
તે ફક્ત ધરાવ્યા વગરનું બાકી રહેલું છે તે સાંભળીને કારભારીએ તે શેલું મંગાવરાવ્યું અને
તેને તરતને તરત શીવડાવીને તેનો ડગલો કરાવી ઠાકોરજીને પહેરાવ્યો એટલે ઠાકોરજી ધ્રુજતા
બંધ થઇ ગયા અને તેમની તાઢ સમી ગઇ. એ પ્રમાણે ઠાકોરજીએ પોતાના ભકતનો ભાવ
પ્રસિદ્ધ કરવા સારૂ પડયો દેખાડયો.

छप्पानी राह.

श्री विठलेस सुत सुहृद श्री गोवरधनधर ध्याइयै.
श्री गीरधर जुसरस सील गोविंदजु माथहि.
बाल कृश्ण जशवीर धीर श्री गोकुल नाथहि.
श्री रघुनाथजी महाराज श्री जदुनाथहि माजि
श्रीघन श्यामजु पगे प्रभु अनुरागी सुधि सजी
ए सात प्रगट विभु भजन जग तारन तस जसगाइयै

श्री विठ्ठलेशसुत सुहृद श्रीगोवर्धनधर ध्याइये
गिरि धरन रिझि कृष्णदासको नाम बांझ सानै ।
श्री वल्लभ गुरुदत्त भजन सागर गुन आगर
कवित नोख निर्दोष नाथ सेवामें नागर
बानि विदित विदुख सुजन गोपाल अलंकृत
ब्रज रज अति आराध्यवहे धारी सर्व सुचित.
सानिध्य सदा हरीदास वर्य गौरश्याम द्रढ व्रत लियो.
गिरिधरन रीझि कृष्ण दासको नांम बांझ साझो दीयो.

વિઠલજીનો પ્રસંગ.

વિઠ્ઠલદાસ કરીને એક પ્રેમી ભકત હતા અને તેમનું બીજું નામ સુરદાસ હતું અને તે શ્રીનાથમાં રહેતા હતા. એકવાર તે દીલ્હી શેહેર ગયા અને ત્યાં બજારમાં તેમણે કંદોઇને ત્યાં જલેબી જોઇ ત્યારે તેમને તે શ્રીનાથજીના ઠાકોરજીને ધરાવવાનું મન થયું પણ તે વખતે તેમની પાસે કંઇ પૈસા નહોતા કે તેથી તે જલેબી વેચાતી લેઇ શકે અને તેથી તેમણે ત્યાં ઉભાં ઉભાં સાચી ભાવનાયુક્ત સંકલ્પ કર્યો કે હે ઠાકોરજી મહારાજ ! તમે આ જલેબીનો ભોગ લેજો. એ પ્રમાણે ભોગ લગાવી અને પછી તે ત્યાંથી શહેર જોતા જોતા આગળ ચાલ્યા ત્યાં એક જગાએ તેમણે એક રૂપાળી નટડીને ઘણા આલાપ કરીને ગાયન કરતી જોઇ ત્યારે તેમને એવું મન થયું કે આ નટડીને જો હું શ્રી નાથજી લેઇ જઇને ત્યાં તેણીની પાસે ઠાકોરજી આગળ આવું આલાપથી ગાન તાન કરાવું તો ઠાકોરજી પ્રસન્ન થશે. એમ વિચારી તેણે તે નટડીને બોલાવીને પુછયું કે તું શ્રી નાથજી આવીશ? ત્યાં આવીને જો તું ઠાકોરજી આગળ આવું ગાયન કરશે તો ઠાકોરજી મહારાજ તારી સકળ મનકામના પરીપૂર્ણ કરશે. ત્યારે તેણીએ તે હા કહી અને પછી જ્યારે તેઓ ત્યાંથી શ્રી નાથજી જવા નિકળ્યાં એટલે ત્યાંના લોકો તેમના ઉપર વિષય બુદ્ધિની શંકા લાવીને તેમની નીંદા કરવા લાગ્યા. પછી તે ત્યાંથી નટડીને લેઇને શ્રી નાથજી આવ્યા અને ત્યાં તેમણે ઠાકોર મંદીરમાં તે નટડીને ગાયન કરવા બેસાડી. અને ત્યાં તેણીએ એવા આલાપથી ગાયું કે તે સાંભળી ત્યાંના લોકો તે વખતે ચીત્રામણના છબીઓ જેવા બની ગયા અને નટડી પોતે ઠાકોરજી આગળ નાચરંગ અને ગાનતાનમાં તલ્લીન થઇ ગઇ અને પોતાના દેહનું ભાન પણ ભુલી ગઇ. ઠાકોરજીએ તેણીનો સાચો ભાવ જાણીને તે અંગીકાર કરી લીધું અને તેજ વખતે તે નટડીના પ્રાણ છુટી ગયા અને તે મોક્ષધામને પામી. તે મંદીરના મહંતકે જે સારૂં કાવ્ય બનાવી જાણતા હતા તે એકવાર કંઇ પદ રચતા હતા અને ત્યાં આગળ સુરદાસજી ઠાકોરજીનાં દર્શન કરવાને આવ્યા અને ત્યાં તેમણે પોતાનાં બનાવેલાં પદ ગાયાં એટલે મહંત તથા સુરદાસ વચ્ચે ત્યાં આગળ વાદ વિવાદ થયો. ત્યારે સુરદાસે મહંતને કહ્યું કે તમે સ્વતંત્ર પદ બનાવી શકતા નથી કારણ કે તમારા પદમાં મારા પદનો આશય આવે છે માટે જો તમે મારા પદની છાયા લાવ્યા વગર તમારી બુદ્ધિથી બીજાં નવાં પદ બનાવો ત્યારે ખરા. એટલે તે મહંતે બીજાં પદ બનાવ્યાં પણ તેમાં સુરદાસના પદની છાયા આવી. એટલે મહંતે તે દીવસે વાદ કરવો બંધ રાખ્યો. અને સુરદાસ પોતાને મુકામે ગયા. પછી તે મહંતને આખી રાત ચીંતા થઇ કે સવાર થશે એટલે સુરદાસ આવીને મને હરાવશે. તે ઉપરથી તે આખી રાત ઠાકોરજીની સ્તુતી કરતો રહયો

પણ જ્યારે તે ઉંઘી ગયો. ત્યારે ઠાકોરજીએ તેની પથારીમાં ... ઊને મુક્યાં પછી જ્યા-
રે સવાર થઇ ત્યારે તે પેલો પદનો કાગળ જોઇને ખુશ થયે ... ઠાકોરજીનો ધન્યવાદ
માન્યો. પછી ત્યાં સુરદાસ આવ્યા ત્યારે તેણે તે કાગળનાં ... એટલે તેમાં સુરદાસની
છાપ આવી નહિ. ત્યારે સુરદાસે તે પદ વાંચી લીધાં. અને ... આ પદ તમારાં બ-
નાવેલાં નથી પણ ઠાકોરજીનાં બનાવેલાં છે. તમે ઠાકોરજીના ... થી તેમણે તમારી પક્ષ
કરી. ઠાકોરજીએ તો આપણું બન્નેને સરખા ગણ્યાં જોઇએ ... તો તમને જીતાડવા સા-
રૂ તમારી પક્ષ કરી અને તમને પદ બનાવી આપ્યાં એમ વાણી વિનોદ કરી પછી બન્ને જણ આનંદ પામ્યા. એકવાર વિઠ્ઠલજી એક પડી ગયેલા કુવામાં પાણી પીવાને ઉતર્યા ત્યારે ત્યાં તેમનો પગ લપસી ગયો અને તેઓ તે કુવામાં પડી ડુબી ગયા. તેથી લોકોએ તેમની લાશને કુવામાંથી કાઢીને અગ્નિદાહ દિધો. તે હરિભક્તનું આ પ્રમાણે અકાળ મૃત્યુ થયેલું જોઇને ત્યાંના લોકોને લાગ્યું કે તે અવગતિને પામ્યા હશે. તે ઉપરથી ભગવાને તેમને પરચો બતાવ્યો. અને પોતાના ભક્તનું મહાત્મ બતાવવા સારૂ તે અવગતીને પામ્યા નથી એમ બતાવ્યું. તેજ અરસામાં શ્રીનાથજીનો એક માણસ વૃંદાવન ગયેલો હશે. તેને વિઠ્ઠલદાસ ત્યાં મળ્યા અને તેમણે ત્યાંથી તેની સાથે શ્રીનાથજીના મહંતને એક સંદેશો કહેવરાવ્યો કે હું ગોવર્ધન પર્વત જાત્રા કરવા જઉંછું અને તે તમે શ્રીનાથજીના મહંતને કહેજો. અને વળી તેમને કહેજો કે મંદીરમાં ફલાણે ઠેકાણે ધન દાટેલું છે પણ હું તમને તે કહેવું ભુલી ગયો માટે તમે તે કાઢી લેજો. આ પ્રમાણે મહંતને સંદેશો મળવાથી તથા ત્યાંના દાટેલાં ધનનો દાખલો મળવાથી બધા લોકોને ખુશી પેદા થઇ અને તે કુવામાં પડી જવાથી અવગતીને પામ્યા હશે એવી જે તેમની શંકા હતી તે દુર થઇ અને તેમના મનને દ્રઢ નીશ્ચય થયો કે ભગવત ભક્તનું ગમે તેમ મોત થયેલું હોય પણ હમેશ તે સદ્‌ગતીનેજ પામે છે.

मुल छप्पय छंद.

वर्धमान मंगल गंभीर उभै थंभहरि भक्तिके
श्री भगवत बखानि अमृतमय नदीवहाइ
अमलकरी सब अवनी तापहारक सुखदाइ
भक्तनि सों अनुराग दीनसों परमदयाकर
भजनयसोदानंद संत संघटको आगर
भीषमभट अंगज उदार कलियुगदाता सुगतिके
वर्धमान मंगल गंभीर उभै थंभहरिभक्तिके
रामदास परतापतें खेम गुसांइ खेमकर
रघुनंदनको दास प्रगट भु मंडल जाने
सर्वसु सीताराम और कछु उरनाहि आने
धनुषबानसों प्रीतिस्वामिके आयुध प्यारे
निकट निरंतर रहतहोत कबहुं नहि न्यारे
सुर धीर हनुमत सदृश परम उपासिक प्रेमभर
रामदास परतापतें खेम गुसांइ खेमकर

विट्ठ[illegible] [illegible]मुकटभये अमानिन मानदद
तिल[illegible] [illegible]ति गुनहिगुन अंतर धार्यो
भक्त[illegible] [illegible]ं जनमभरि रसन उचार्यो
सरल[illegible] [illegible]जहांतहां पर उपकारी
उत्सवमें सुतदान कियो कर्मदुष्कृतभारी
हरि गोविंद जैजै गोविंद गिरासदा आनंदद
विट्ठलदास माथुर मुकट भये अमानिन मानदद

મથુરાંવાસી બે ભાઇઓનો પ્રસંગ.

મથુરાંમા બે ભાઇઓ રહેતા હતા અને તેઓ ઉદેપુરના રાણાના ગોર હતા અને તેઓ રાણાના ગોર પદાસારૂ આપસ આપસમાં લડાઇ કરીને મરી ગયા. તેમાંના એક ભાઇની પાછળ એક છોકરો મુકેલો હતો. અને બીજા ભાઇને કંઇ પ્રજા નહોતી. તે છોકરાએ નાનપણથીજ ભગવાનની ભક્તિ આદરી. અને આગળ જતાં તે એક મોટો ભક્તરાજ થયો. પછી બેત્રણ વરસ સુધી જ્યારે રાણાને ત્યાં કોઇ મથુરાંના ગોર દક્ષણા લેવા ગયો નહિ ત્યારે રાણાએ એક દિવસ સભામાં બધાંને પુછ્યું કે આજ બેત્રણ વરસ થયાં મથુરાંના ગોર આપણે ત્યાં દક્ષણા લેવા આવતા નથી તેનું કારણ શું હશે? ત્યારે એક જણે જવાબ દીધો કે અનદાતા એ બન્ને ભાઇઓનો આપસ આપસમાં લઢીને મરી ગયા અને હાલ તેમાંના એક જણને એક છોકરો છે કે જે એક મોટો ભક્તરાજ નિવડ્યો છે અને તેથી તે ગોરપદામાં બીલકુલ લક્ષ આપતો નથી અને નીસ્પ્રેહી રહે છે. તે સાંભળી રાણાએ કહ્યું કે ત્યારેતો તેને અહીં તેડાવો એટલે રાણાનાં માણસો તેને પોતાની ભક્ત મંડળી સહીત તથા તેની મા તથા તેની સ્ત્રી સહીત આદર પુર્વક ઉદેપુર તેડી લાવ્યા અને ત્યાં તેમને ઉતારો કરાવી પછી તેમની પાસે ઓચ્છવ કરાવા જમાની ગોઠવણ કરવા રાણાએ લોકોને કહ્યું. ત્યારે લોકોએ રાણાને કહ્યું કે આપની અગાશી વિશાળ છે માટે અગાશી ઉપર ભજન કરવાનું રાખો ત્યારે રાણાએ કહ્યું કે નીચે જમીન ઉપર રાખવુ ઠીક પડશે કારણ કે પ્રેમી ભક્તનો ભરોસો નહિ. વખતે પ્રેમમા નાચતાં નાચતાં પડી જાય તો આપણને નામોશી આવે. પણ લોકોએ અગાશીનો ઘણો આગ્રહ બતાવ્યો તેથી છેવટે રાણાએ અગાશીની વાત કબુલ રાખી. અને પછી તેમને મંડળી સહીત અગાશી ઉપર બોલાવ્યા અને ત્યાં તેમણે પોતાની ઠાકોરસેવા પધરાવી અને પછી નાચવા માંડ્યું અને નાચતાં નાચતાં તે પ્રેમમાં એવા તલ્લીન થઇ ગયા કે પોતાના દેહનું ભાન પણ ભુલી ગયા.

छप्पानी राह.

प्रेम भक्तिनी वात प्रेमथी भानज भूले
प्रेम लग्नमां मग्न प्रेमथी मनमां फुले
प्रेम धर्यो व्रजनार उपमा जेनी आपे
प्रेम धर्यो प्रेहेलाद स्तंभथी निकळ्या आपे
प्रीतम दर्शण प्रेमविण अधकुं को अेके नथी
सुख स्वर्ग तणां समे गोपाळ संगल कहे कथी

નાચવામાં તેમને અગાશીના છેડાની પણ ખબર રહી નહિ તેથી તે નિચે પડી ગયા. એટલે ત્યાં હાહાકાર વર્તેઇ ગયો. પ્રેમની સમાધીને લીધે તેમનો પ્રાણ ઉંચે ચઢી ગયો અને તેથી તેમને પડી જવાની કંઇ ખબર રહી નહિ અને તેથી તેની કંઇ પણ વ્યથા તેમને માલુમ પડી નહિ. પણ બીજા લોકો તથા તથા રાણીજી તે જોઇને ઘણા ગભરાયા અને તેમને ઘણું વાગ્યું સમજીને તેમની ઘણી ચાકરી કરી અને પછી તેમને ઉતારે પહોંચાડવી તેમને ત્યાં પુશ્કળ દ્રવ્ય મોકલ્યું પછી ત્રણ દીવસે તેમને તે સમાધી ઉતરી ત્યારે તેમને ભાન આવ્યું. અને જ્યારે સાવચેત થયા ત્યારે તેમની માએ તેમને અગાશી ઉપરથી પડીગયાની વાત કહી અને ત્રણ દીવસની સમાધી લાગ્યાની વાત પણ કહી એટલે તે સાંભળીને તેમને ચટકી લાગી ગઇ અને પથારીમાંથી ઉઠીને કોઇને ખબર કર્યા વગર તે ત્યાંથી છાનામાંના નાસી ગયા અને આગળ ચાલતાં છદ્દીકસ નામના એક ગામમાં ગયા અને ત્યાં જઇને ગરુડગોવિંદ નામના એક મંદીરમાં તે રહ્યા અને ત્યાં તે પરમેશ્વરની સાચા ભાવથી સેવા કરવા લાગ્યા. અને ત્યાં ઠાકોરજીનું ધ્યાન ધરતા આનંદમાં દીવસો ગાળતા. તેમની મા તથા તેમની સ્ત્રી તેમના આ પ્રમાણે નાસીજવાથી રાણાની પાસે ગયાં અને ત્યાં ઘણો શોક બતાવ્યો એટલે રાણાએ તેમની શોધ કાઢવા ગામે ગામ માણસોને મોકલ્યાં પણ કોઇ ઠેકાણેથી તેમનો પત્તો મળી આવ્યો નહિ. ત્યારે રાણાએ તેમને કહ્યું કે ભક્તરાજતો કોઇ ઠેકાણેથી મળી આવતા નથી માટે તમે મથુરાં પાછાં જાઓ. એટલે તેમની મા તથા તેમની સ્ત્રી તથા તેમનું ભક્ત મંડલ સૌ મથુરાં પાછા ગયાં. તેમની મા અને તેમની સ્ત્રી મથુરાંમાં શોકમાં દીવસો ગુજારતાં તે ઉપરથી ગરુડ ંદ ઠાકોરજીએ તેમને સ્વપ્નામાં દર્શન દેઇને ત્રણ વાર તેમને કહ્યું કે તમે મથુરાં જાઓ કે ત્યાં તમારાં મા તથા સ્ત્રી તમારે માટે ઘણ કલ્પાંત કરે છે. એટલે તે ઉપરથી તે ગયા ત્યારે ત્યાં તેમને નાતના લોકો મળ્યા એટલે તે તે જગ્યાએજ બેસી ગયા. ત્યાં એક સુતાર આવ્યો કે જે તેમને અગાઉથી ઓળખતો હતો અને તે આવીને ે તાને ઘેર લેઇ ગયો અને તેમને પોતાને ત્યાં ઉતારો કરાવ્યો અને તેમની મા ી સ્ત્રીને પણ તેણે ત્યાંજ રહેવાને તેડાવ્યાં. તેમની સ્ત્રી તે વખતે ગર્ભવંતી હતી ્રકાલ નજીક આવ્યો હતો તેથી તેણે તેમને એક ઇલાયદું ઘર આપ્યું અને ર પુત્ર જન્મ્યો. ત્યારે તે છોકરાની ઓર દાટતાં ખોદવા જતાં તે ઘરની જમીનમાંર ્ક દ્રવ્ય નિકળી આવ્યુ. ત્યારે ભક્તરાજે તે સુતારને આપવા માંડયું એટલે સુતારે કહ્યું દ્રવ્ય તમારા નસીબનું છે માટે તમને મળ્યું માટે તેમજ તે સુખો મારે ને કામ ત્યારે ભક્તરાજે કહ્યું કે તે તારા ઘરમાંથી નીકળ્યું માટે તારૂં ધન કહેવાય. ત્યારે ર હ્યું કે જો તે મારૂં ધન હોત તો આજ દીન સુધીમાં મારે હાથ ક્યારનું એ આવી ્ ત પણ તે મારા નસીબનું નથી માટે મને મળ્યું નહિ અને તે તમારા નસીબનું છે માટે તમને મળ્યું એમ કહી સુતારે તે દ્રવ્ય લીધું નહી. ત્યારે ભક્ત રાજે તે દ્રવ્યથી ત્યાં એક મોટું મંદીર બંધાવ્યું અને ત્યાં ઠાકોર સેવા પધરાવી અને પછી ત્યાં ઘણા લોકો તેમના શીષ્ય થયા અને ત્યાં મેટો ઠઠ જામી રહ્યો. એકવાર એક નટીએ ત્યાં આવીને ભક્તરાજ આગળ ઘણા રંગ રાગથી ગાવા માંડયું એટલે તે ઘણા પ્રસન્ન થઇ ગયા અને તેમણે તેને ઘણાં વસ્ત્ર, આભુષણ ભેટ આપ્યાં પણ તોપે તેમને તૃપ્તી થઇ નહી કારણકે જે પ્રમાણે તેણીએ તેમને ખુશ કર્યા તે પ્રમાણે તેણીને ખુશ કરવાને તે આપી શક્યા નહિ એમ સમજીને તેમણે પોતાનો એકનો એક પુત્ર કે જેનું નામ રંગાનાથ હતુ તેને તે નટડીને ભેટ આપી દીધો. તે રંગીનાથ ત્યાંના રાજાના કુંવરનો પુજ્ય ૯૯ હતો. પણ તેને ભેટ આપ

આ"એટલે તે નટડી રંગીનાથને લેઇને ખુશી થતી પોતાને ઘેર ગઇ. પછી બીજે દીવસે તે રાજાની કુંવરી પોતાના ઇષ્ટ પ્રભુનાં દર્શન કરવાને તેમને ત્યાં આવી અને ત્યાં પોતાના પ્રભુને તેણે દીઠા નહિ ત્યારે તેણે ભક્તરાજને પુછયું કે રંગીરાય કયાં ગયા? ત્યારે તેમણે કહ્યું કે રંગીરાય તો એક નટીને બક્ષીસ આપી દીધા. તે સાંભળી તે કુંવરી ઘણી મુંઝાઇ અને તે નટીને શોધી કહાડવા નીકળી અને આખા ગામમાં ફરીને તેને શોધી કાઢી અને તેની વિનંતી કરી તથા તેને પુષ્કળ દ્રવ્ય આપીને તેની પાસેથી રંગીરાયને પાછો માગ્યો અને વળી તેને કહ્યું કે રંગીરાય તો મારા ઇષ્ટ છે અને તેમનાં દર્શન વગર હું જીવી શકતી નથી માટે તું મને મારા પ્રભુને સોંપી દે ત્યારે તેણે કહ્યું કે જો તારે રંગીરાય જોઇતા હોય તો જેવી રીતે મેં તેને તેના બાપને ખુશ કરીને લીધો છે તેવી રીતે જો તું મને ખુશ કરીને લેતો હું આપું. તે સાંભળી તે કુંવરીએ ત્યાં કેટલાક ગવૈયાને તથા કેટલીક નટડીઓને ત્યાં બોલાવી અને તેમની પાસે ગાનતાન કરાવીને તેને રીઝવી અને વળી તેને ઘણું દ્રવ્ય આપ્યું ત્યારે તે નટી રંગીરાયને બહાર લાવીને બોલી કે આ છે. તે હું ઠાકોરજીને સોંપુછું પછી તને ફાવે તો લેઇ જા અને તારે ફાવે તો અહીં રાખ. એમ કહી રંગીરાયને ત્યાં બેસાડયો ત્યારે રંગીરાયે મનમાં વિચાર કર્યો કે મારા બાપે તો મને આ નટીને સોંપ્યો અને તે નટી મને ઠાકોરજીને સોંપે છે અને તેમાં વળી આ કુંવરી મને પોતાને ઘેર લઇ જવા માગે છે માટે હવે મારાથી તેને ત્યાં કેમ જવાય? એમ વિચારી તેણે પોતાનો પ્રાણ ઉંચો ચઢાવી દીધો અને દેહ ત્યાગ કર્યો.

मुल छप्पर छंद,

हरीराम हठीले भजनबल राना उत्तर दीयो ॥
उग्रतेज उदार सुघरसु धरा ॥
प्रेम पुंज रस रासि गद गद ॥
भक्तनीको अपराध करे ताको ॥
हिरण्यकश्यप प्रल्हाद परम द्रष्टांत ॥
स्फुट वक्ता जगतमेंराज सभा निवरक ॥
हरिराम हठीले भजनबल रानाको उत्तर ॥

હરીરામનો પ્રસંગ.

ઉદેપુરના રાણાને એક સન્યાસી સાથે સ્નેહ થયેલો તેથી તે બ. રોજ ચોપાટબાજી રમતા અને એમ કરતાં જ્યારે રાણાનો સ્નેહ વધી ગયો ત્યારે તે સન્યાસીએ રાણાને શીખવી ને એક બીજા સાધુનો ગામ ગરાસ છીનવી લેવરાવ્યો કારણકે સન્યાસી અને સાધુને સાંગી પ્રીત હોયછે. તે સાધુ તે ઉપરથી રાણા પાસે હજુરમાં ગયો અને પોતાનો ગરાસ છીનવી લીધાની તેણે ફરીયાદ કરી ત્યારે તે રાણાએ તેને કહ્યું કે કયા હકથી આ ગરાસ ખાઓ છો તે બતાવો અને જો તમે ખરા સાધુ હોતો અમને તેનો કંઇક ચમત્કાર બતાવો ત્યારે તે બીચારા સાધુ પાસે કંઇ ચમત્કાર નહિ હોવાથી છ.નોમાનો પોતાને ઘેર ગયો. અને પોતાને ઘેર હરીરામ કરીને એક બીજા સાધુ તેને ત્યાં પરોણા આવ્યા હતા તેમને તેણે તે વાત કરી એટલે તે ઉપરથી તે હરીરામ તે રાણા પાસે ગયા. હરીરામ એક મહા પ્રતાપી પંડીત હતા તેથી તેમણે તેને સારી પેઠે સમજાવ્યો અને તેને કહ્યું કે બાદશાહે આપેલા ધર્મદા ગરાસ પાછો

છીનવી લેવામાં મોટો દોષ છે અને તેનો શાસ્ત્રાર્થ કાઢીને તેને બતાવ્યો. એટલે તેમના તેજ આગળ તે રાણાની બુદ્ધિ પલટઇ ગઇ અને તેના તેણે તે ગરાસ અસલ સાધુને પૂછી સ્વતા કરી આપ્યો.

मुल छप्पय छंद.

कमलाकर भट्ट जगतमें तत्ववादरोपी ध्व ॥
पंडीत कला प्रविन अधिक आदरदेहि
संप्रदायसिर क्षेत्र द्वितीय मनो मध्वा
जीतेक हरीअवतार सबैं पुरन करी
परपाटी ध्वजविजे सद्रस भागवत
श्रुतिस्मृति संमत पुराण तप्त मु जा
कमलाकर भट्ट जगतमें तत्ववा ध्वजा
व्रज भुमि उपासक भट्टसो हरि ऐके कियो
गोप्य स्थल मथुरा मंडल ह बखाने
ते किये नारायन भट म ग्रीमे जाने
भक्ति सुधाको सिंधु ग ग समाजन
परम रसज्ञ अनन्य कृ शाको भाजन
ज्ञान समारत पक्ष हेन कोउखंडन वियो
व्रजभुमि उपासक भट्टसो रचिं पचि हरि ऐकै कियो

નારાયણ ભટનો પ્રસંગ.

નારાયણ ભટ્ટ કરીને એક ભક્તરાજ થઇ ગયા. તે પોતાનું ગામ છોડીને વ્રજમાં જઇને રહ્યા હતા. તે મહાપ્રતાપી મહાત્મા થઇ ગયા હતા. આગળના બાદશાહી રાજની બીકને લીધે જેજે તીર્થ અને ધામ લોકોએ દાટીને સંતાડી દીધાં હતાં અને તેથી ગુપ્ત થયેલાં હતાં તે તે ધામ તેમણે ફરીને પ્રસિદ્ધ કરીને લોકોને બતાવી આપ્યાં હતાં. એક ઠેકાણે જ્યાં રોજ એક ગાય આવીને ઉભી રહેતી, અને જ્યાં આગળ તેમાંથી રોજ દુધ ઝરીને દુધનું કુંડાળું પડતું હતું ત્યાં આગળથી તેમણે એક મુર્તી ખોદી કઢાવી હતી અને તેની એક મંદીરમાં સ્થાપના કરાવી હતી. નદી કીનારાના ઊંચા ગામમાં એકવાર ત્યાંના લોકોએ તેમને પુછ્યું કે ત્રીવેણી સંગમનું તીર્થ ક્યાં છે? ત્યારે તેમણે ત્યાં આગળ ખોદાવીને ત્રણ ધારાઓ વહેતી દેખાડીને ત્રણ નદીઓ બતાવી દીધી અને આ પ્રમાણે અનંત છુપાં તીર્થનો ભેદ તેમને પ્રગટ માલમ પડ્યો હતો.

मुल छप्पय छंद.

श्रीव्रजवल्लभ सु वल्लभ दुर्लभ सुख नैननि दीये
नृत्यगान गुन निपुन रासमैं रस बरषावत

अब लीला ललितादि बलित दंपतिहि रिझावत
अतिउदार निस्तार सुजस ब्रजमंडल राजत
महा महोत्सव करत बहुत सबही सुख साजत
श्रीनाराय भट्ट प्रभु परम प्रीति रस, बस, किये
भ सु वल्लभ दुर्लभ सुख नैननि दिये
सं खवांत ज्यौं दुहुंरुप सनातन त्यागिदियो
गौड हुते सबही अधीकारी
हयगय र विभो भुभुज अनुहारी
यहसुख ७ गर बास वृंदावन कीनौं
यथालाभ क कर वामनन दीनो
ब्रजभुमी रहस ण भक्ति तोष उद्धार कीयो
संसार स्वाद सु यौं दुहुं रुप सनातन त्यागिदीयो

બંગાળા નો પ્રસંગ.

બંગાળાનો એક ભક્ત વૈરાગ્ય શાર ાભાજી પાસે ગયો ત્યારે ત્યાં નાભાજીએ એક એક કવિતાનો કોટી કોટી અર્થ કરીને મહાત્મ તેને બતાવ્યું. નાભાજીની બનાવેલી ભક્તિ રસ અને પ્રેમ રસથી ભરપુર એવી જે કે જેનું નામ ભક્તમાળ છે તે નાભાજીનું સાચું અનુરાગી પણું જણાવી આપે છે. તેમણે ીતની ભક્તિની વાત ઉપાડી કે તેથી આખા વંદ્રાવનમાં બધા લોકોને તેમણે પ્રેમમગ્ન બના અને જેવી રીતે આગળ શુકદેવજીના વખતમાં આખું વન શુકને પોકારી રહ્યું હતું તેમ તે વખતમાં એક નાભા સ્વામીને લેઇને જ્યાં ત્યાં પ્રેમ ભક્તિ નજરે પડતી હતી તેમની ઉપાસનાની રીતિ સૌથી શ્રેષ્ટ હતી. અને તેમણે જે સુંદર રાસ બનાવ્યો તેમાં અદ્ભુત વાતને તેમણે એવી તરેહથી દર્શાવી કે તે સાંભળવાથી સાંભળનારનું શરીર પુલ કાયમાન થઇ જાય અને તેની આંખોમાંથી પ્રેમનાં આંસુની ઝડીઓ પડવા લાગે.

રૂપ અને સનાતનો પ્રસંગ.

નંદગામમાં રૂપ અને સનાતન કરીને બે ભાઇઓ રહેતા હતા જેઓ બન્ને એક રૂપ જેવાજ હતા. એક વાર તે બન્ને જણ નહાતા હતા ત્યાં નાહ્યા પછી એકની લંગોટી બીજાથી પેહરાઇ ગઇ તેથી તે બન્નેને તકરાર થઇ અને ત્યાંથી બન્નેજણ જુદા પડયા અને તેમણે જુદુ રહેવા માંડયું. પછી એકવાર સનાતન રૂપને ત્યાં નંદગામ ગયો ત્યારે તે વખતે તેમને જમાડવા સારૂ રૂપની પાસે કંઇ નહોતુ તેમ છતાં તેમને દુધપાક જમાડવાની તેને ઇચ્છા થઇ અને પછી સનાતન ત્યાંથી જરાવાર બહાર ફરવા ગયા ત્યારે ત્યાં એક છોકરી દુધ ચોખા ખાંડ વગેરે દુધપાકનો સામન લેઇ આવીને રૂપને આપી ગઇ અને રૂપે તેનો દુધપાક બનાવ્યો અને પછી સનાતન પાછો આવ્યો એટલે બન્નેજણ તે દુધપાક જમ્યા પછી જ્યારે ભોજનનો અમલ ચડયો ત્યારે સનાતન ઘણો પ્રસન્ન થયો અને તેથી તેણે રૂપને પુછયું કે આજ-તમારે ત્યાં કોનું સીધું આવ્યું હતું ત્યારે રૂપે કહ્યું કે આજતો મને રાધીકાજી સીધુ આપી

ગયાં હતાં. ત્યારે સનાતને રૂપને કહ્યું કે રાધીકાજી તો આપણા ઇષ્ટછે માટે તેમની પાસે આપણે
સેવા કરાવવી યોગ્ય નથી ખાવાનું ના મળે તો ભુખ્યા પડી રહેવું પણ ઇષ્ટની પાસે ચાકરી
ની નહી એમ કહી તેને શીખામણ દીધી. પછી સનાતને રાધીકાની આખાં ગામમાં
ોધ પણ કોઇ ઠેકાણે તેને રાધીકાજીનાં દર્શન થયાં નહિ. પછી તે ત્યાંથી પોતાને
એકવાર રૂપ સનાતનને ત્યા ગયો ત્યારે ત્યાં સનાતને ઘેર એક શ્યામસુંદર
દુધ આપી ગયો અને તેની સનાતને રસોઇ કરી. અને બન્ને ભાઇ જમ્યા.
તેને પુછ્યું કે આજ તમે રીધું કોનું લાવ્યા હતા? ત્યારે સનાતને કહ્યું કે આજતો
ક બાળમૂર્તી રૂપ છોકરો બનીને મને રીધું આપી ગયા હતા ત્યારે રૂપે પુછ્યું
હે છે? ત્યારે રૂપે કહ્યું કે તેનો મને ખબર નથી પણ જ્યારે મેં તે છોકરાને તેનાં
. . . વીશે પુછ્યું ત્યારે તેણે જવાબ દીધો કે મારે ચાર ભાઇ છે અને માબાપની વાત
તેણે ઉડાવી દીધી. તે ઉપરથી શ્રી કૃષ્ણજી ત્યાં આવ્યા હતા એમ સમજીને તેઓએ ઘેર ઘેર ત
ાસ કરી પણ કોઇ ઠેકાણે તેમને તે છોકરાનો પતો મળ્યો નહી એકવાર બન્ને ભાઇ ભજન
ેઠા હતા ત્યાં પાછળથી એક કર્ણપુરી નામના ગોસાઇ ત્યાં આવ્યા પણ તે વખતે રૂપ
ામાં એવા લીન થઇ ગયેલા હતા કે તેમને પોતાના શરીરનું પણ ભાન રહ્યું નહોતું અને
તેમને કર્ણપુરીના આવ્યાની ખબર રહી નહિ કર્ણપુરી પણ એક પ્રતાપી મહાત્મા હતા
તેથી તેમના નસકોરાંમાંથી જે શ્વાસ નિકળતો તે અગ્નિની જ્વાળા જેવો ગરમ હતો અને
શ્વાસ જ્યારે તેમની પીઠે તેમને લાગ્યો ત્યારે તે ભજનની સમાધીમાંથી જાગી ઉઠયા અને
ને કર્ણપુરીના આવ્યાની ખબર થઇ એટલે તેમને જોઇને તેમણે નમસ્કાર કર્યા. એકવાર
દચંદ્ર નામના ઠાકોરજીએ રૂપને સ્વપ્ન દીધું છે કે હું જમીનમાં દટાઇ ગયેલો છું અને મારા
ઉપર રોજ એક ગાય દુધની ધારા કરી જાય છે માટે તે એંધાણી જોઇને તું મને જમીનમાંથી
બહાર કાઢ એટલે તે ઉપરથી તેણે તે મુરતીને બહાર કાઢી અને તેને એક મંદીરમાં પધરાવી એક
વાર સનાતન બહાર ફરવા ગયો હતો અને ત્યાં ઝાડની ડાળીએ રાધીકા જેવી એક સુંદર છો
કરીને તેણે હીંચકા ખાતાં જોઇ અને તે હીંચકો જ્યારે ઉંચો ગયો ત્યારે તેણીનો ચોટ-
લો તેણે જમીન સુધી ઘસડાતો જોયો તે ઉપરથી તે રાધીકાજી હશે અને તેથી તેને રાધીકાજીનાં
દર્શન થયાં એમ માન્યું. આવી રીતે બન્ને ભાઈઓના ચરીત્ર અપાર છે.

मूल छप्पय छंद,

श्रीहरिवंश गुसांइ भजनकी रीति सुकृत कोउ जानिहे
श्री राधा चरन प्रधान हदे अति सुदृढ उपासी
कुंजकेली दंपती तहांकी करत खवासी
सर्वसु महा प्रसाद प्रसिध्ध ताके अधिकारी
विधि निषेध नाहि दासअनन्य उत्कंठ व्रतधारी
व्यास सुवन पथ अनुसरे सोइ भले पहिचानिहे
श्रीहरिवंस गुसांइ भजनकी रीति सुकृत कोउ जानिहे

હરીવંશ ગોસાંઇજીનો પ્રસંગ.

ઉતરાખંડમાં હરીવંશમાં એક ગોસાંઇજી થઇ ગયા તે ઘણા પ્રેમી હતા અને તેથી

અને વિધિ નિષેધનું પણ ભાન રહેતું નહોતું. તેમની સ્ત્રી જ્યારે ગુજરી ગઈ ત્યારે તે સંસાર ત્યાગ કરીને વંદ્રાવન જવાને નીકળ્યા ત્યાં રસ્તામાં એક ગામ આવ્યું ત્યાં એક ભકતને ત્યાં તે રાતવાસો રહ્યા. તે ભકત જાતે બ્રાહ્મણ હતો અને રાધાવલ્લભ ઠાકોરજીનો તે ઉપા[illegible] હતો. રાત્રે રાધાવલ્લભ ઠાકોરજીએ તેને સ્વપનું આપ્યું કે આ ગોસાંઇજી જે તારે [illegible] ઉતરેલા છે તેમને તું તારી બે છોકરીઓ જેઓ કુંવારી છે તે તેમણે પરણા[illegible] ભગે ઠાકોરજીને કહ્યું કે તે ગોસાંઇજીનો ત્યાગ વૃતિવાળા છે માટે હું તેમને [illegible] આપું ? ત્યારે ઠાકોરજીએ તેને કહ્યું કે તું મારૂં નામ દેઇને તેમને કહેજે કે ઠા[illegible] મને સ્વપ્નું આપ્યું હતું અને મારી કન્યાઓ તમને પરણાવવાની તેમણે મને આજ્ઞા[illegible] અને તમે ઠાકોરજીના ભકત છો માટે આ કંન્યાઓને અંગીકાર કરો, પછી સવારમાં ગોસાંઇજીને તે પ્રમાણે કહ્યું અને પોતાની બન્ને કન્યાઓ પરણાવી દીધી અને તેમને [illegible] તે વંદ્રાવન ગયા અને ત્યાં તેમણે ઠાકોરજીનાં દર્શન કર્યાં. જો કે તેમને બે સ્ત્રીઓ થઇ તોપણ તેમની સાથે તેમણે ઘર સંસાર ભોગવ્યો નહીં પણ તે પોતે પ્રેમ ભક્તિમાંજ રહ્યા.

मुल छप्पय छंद.

आस धीर उद्योतकर रसीक छाप हरीदासकी
जुगलनाम सो नेम जपत नित कुंज विहारी
अवलोकत रहे केली सखी सुखको अधिकारी
गानकला गंधर्व श्याम श्यामाको तोषे
उत्तम भोग लगाय मोर मरकट नित पोषै.
नृपति द्वार ठाढे रहे दरसन आसा जासकी.
आस धीर उद्येतक रसिक छाप हरीदासकी

હરીદાસનો પ્રસંગ.

હરીદાસ કરીને એક ભકત હતા તે પોતાને ગામથી એકવાર વંદ્રાવન ગયા ત્યાં મંદીર માં જતાં તેમણે લોકોની ઘણી ભીડ દીઠી તેથી તે મંદીરમાં ન જતાં જમનાજીના ઘાટ ઉપર ગયા અને ત્યાં નદીના એક બેટ ઉપર જઈને તે બેઠા ત્યારે ત્યાં એક વાણીઓ ઠાકોરજીને ધ-રાવવા અતરની શીશી લેઇને તેમને આપવા સારૂ તેમને સોધતો સોધતો ત્યાં આવ્યો અને તેમને તે અમુલ્ય અત્તરની શીશી આપી. એટલે તેમણે તે લેઇને તે ખોલી અને જમીનમાં ઉંધી વાળી. તે જોઇ તે વાણીઓ ઘણો ખેદ પામ્યો કે આવું અમુલ્ય અત્તર મેં ઠાકોરજીને ભેટ આપ્યું અને હરીદાસે લેઇને તેને ધુળમાં નાંખી દીધું હરીદાસે તેના મનની વાત જાણી લીધી એટલે તેને તેડીને તે ઠાકોર મંદીરમાં ગયા એટલે ત્યાં ઠાકોરજીને જાણે કોઇએ અત્તર ચોળેલું હોય તેવી તેને અત્તરની સુગંધ માલમ પડી તેથી તે વાણીઓ આશ્ચર્ય પામ્યો અને હરીદાસને પગે પડયો અને પછી તેણે પોતાની પાસે એક પારસમણી હતો તે હરીદાસને આ-પવા માંડયો અને તેમને કહ્યું કે તમે મને શીષ્ય કરો ત્યારે હરીદાસે તેને કહ્યું કે જો તું પારસમણીને નદીના ઉંડા ધરામાં નાંખીદે તો પછી હું તને શીષ્ય કરૂં. એટલે તે ઉપરથી તેમ કર્યું એટલે હરીદાસે તેને મંત્ર ઉપદેશ કર્યો.

मुल छप्पय छंद.

उत्कर्ष तिलक अरु दामको, भक्त इष्ट अति व्यासके
काहुके आराध मछ कछ सुकर नरहरि
बामन फरसा धरन सेतबंधन, सैल, करि
एकनिके इह रीती नेम नवधासों लाये
सुकल सुपोषन सुवन अच्युतगोत्रीजु, लडाये
नौगुन तोरी नुपुर गुथ्यो महत, सभामधि रासिके
उत्कर्ष तिलक अरु दामको भक्त इष्ट अति व्यासके

વ્યાસ ભક્તનો પ્રસંગ.

વ્યાસભક્ત કરીને એક ગામનો ગોર ઘણો અનુરાગી ભક્ત હતો તે પોતાનું ગામ છોડીને વૃંદાવન જઈને રહ્યો અને ત્યાં તે ઠાકોર શેવા કરવા લાગ્યો ત્યારે રાજા તેને પાછો તેડવા પણ તેનું મન ઠાકોરજીની શેવામાં બીજાઈ ગયેલું હતું તેથી તે તેની સાથે પાછો નહિ. એકવાર તે ઠાકોરજીની પાઘડી બંધાવતો હતો ત્યારે ઠાકોરજીની મુર્તી લીસી હતી પાઘડીનો આંટો બરોબર બેસતો આવતો નહોતો અને ખશી જતો તેથી તેને પાઘડી તાં અકળામણ આવી તેથી તે ઠાકોરજી ઉપર રીસાયો અને ચીડાઈને ઠાકોરજીને કહ્યું કે મારે સરખી પાઘડી બંધાવતા નથી ત્યારે હવે તે હું બાંધતો પણ નથી. માટે તમારે હવે હાથે બાંધી લેજો હું તો મારે આ ચાલ્યો એમ કહી તે મંદીરની બહાર જઈને અને થોડીવાર પછી મંદીરમાં આવીને તેણે જોયું તો પાઘડી બાંધેલી દીઠી ત્યારે તેણે ઠાકોરજીને કહ્યું કે જ્યારે હું બાંધતો હતો ત્યારે તો તમે બાંધવા દેતા નહોતા અને જ્યારે રીસ ચઢાવીને હું બહાર જઈને બેઠો ત્યારે તમે કેવી પોતાને હાથે તે બાંધી લીધી. એવી રીતે પ્રેમને લીધે તેમણે ઠાકોરજી સાથે સાચો ભાવ માની લીધો હતો. એકવાર તેમને ત્યાં કેટલાક સાધુ આવ્યા હતા તેથી તેમની સ્ત્રી તે સાધુની પંગત બેસાડી જમાડતી હતી ત્યાં દુધ પીરસતાં દુધની-તરી તેમના ભાણામાં પડી ગઈ કારણકે તે સૌથી છેલ્લા બેઠા હતા તેથી છેવટના દુધ સાથે તે તરી પડી ગઈ ત્યારે પોતાની સ્ત્રી ઉપર તે ગુસ્સે થઈ ગયા અને તેનો ત્યાગ કર્યો. બધા સાધુ કરતાં તેમને વિશેષ ગણીને ભાગમાં પતી ભાવ લાવીને મને તરી મુકી અને આ સાધુઓને તો તેં સાદુ દુધ આપ્યું માટે તું હવે મારા કામની નથી માટે હવેથી તારે રસોઈ કરવી નહી એમ કહી તેનો ત્યાગ કર્યો ત્યારે તેમની સ્ત્રીએ તેમને કરુણરીતે કહ્યું કે તેમાં મારો કંઈ દોષ નહોતો પણ છેવટનો ભાગ હતો તેથી તે મલાઈ વાસણમાંથી સરકી પડી માટે મેં તે તમને જાણી જોઈને આપી નહોતી. પણ તેણે તે કંઈ માન્યું નહિ. બીજા સાધુઓએ પણ તેને ઘણું કહ્યું પણ તેણે તે કંઈ મન ઉપર લીધું નહિ ત્યારે તેણીએ ત્રણ દીવસ સુધી કંઈ ખાધું પીધું નહી અને ભુખી રહી ત્યારે તે સાધુઓએ તેને કહ્યું કે આ બિચારી સ્ત્રી ત્રણ દીવસથી કંઈ ખાતી નથી અને તે વાતમાં તેનો કંઈ અપરાધ નહોતો માટે તમે તે માફ કરો ત્યારે તેણે કહ્યું કે તે કંઈ દંડ આપે તો હું તેને તે માફ કરું. તે પોતાનાં બધાં ઘરેણાં વેચીને તેનો પૈસો કરીને તે આરા સાધુઓને જો જમાડી દે તો હું તેને પાછી રસોઈ કરવા રજા દઉં. તે ઉપરથી તેણે તેમ કહ્યું ત્યારે તેને રસોઈ કરવાની રજા આપી. એકવાર તેને ત્યાં પોતાની છોકરીનાં લગ્ન આવ્યાં હશે

અને નાત જમાડવા ઘેર પકવાન પાડયાં હશે, તે તેમના છોકરાએ એક ઓરડામાં ભર્યાં હતાં ત્યારે તેમણે વિચાર્યું કે નાતના વિમુખ લોકો આ પકવાન ખાઇ જશે માટે તેનાં કરતાં જો કોઇ સાધુ આવે તો હું તેમને તેનાં પોટલાં બંધાવી આપું તો તે હરીજનને પેટે જાય. એવો તે વિચાર કરતા હતા તેવામાં તેમણે સાધુઓની એક મંડળીને ત્યાં થઇને જતી જોઇ. એટલે તેમણે તેમને પોતાને ત્યાં બોલાવ્યા અને તે વખતે તેમનાં ઘરનાં માણસો કંઇ બહાર ગએલાં હતાં તેથી તે લાગ જોઇને તેમણે છાનામાનાં તે પકવાન તે સાધુઓને કાઢી આપ્યાં અને તેની ગાંસડીઓ બંધાવીને તેમને વિદાય કર્યા અને તેમને કહ્યું કે તમે નદીપર લેઇ જઇને તે ખાજો. અહીં ખાશો તો તમને હરકત પડશે. અને તે પ્રમાણે તે સાધુઓ પોટલાં બાંધીને ગયા. તેમણે એકવાર ઠાકોરજી પાસે હાથમાં વાંસળી ઝલાવીને એક બ્રાહ્મણને ભક્તિની દ્રઢતા કરાવી હતી અને તેમણે એકવાર એક સાધુની ઠાકોર સેવાના સંપુટમાંથી તેના ઠાકોરને ચકલી કરીને ઉડાવી દીધા હતા અને એકવાર તેમણે શરદપુનમની રાત્રે અખંડ રાસ ગાયો કે જે સાંભળવાને ત્યાં રાધીકાજી પોતે આવ્યાં હતાં જેમના આવવાથી ત્યાં ઓચીંતો વિજળીનો એક ચમકારો થયેલો દેખાયો હતો અને તેથી ત્યાં બધાંની આંખો અંજવાઇ ગઇ હતી અને તેથી ત્યાં રાધીકાજી આવ્યાં હશે એવું બધાંને પ્રતિત થયું હતું. અને ત્યાં રાસમાં નાચતાં તેમના ઘુઘરા તુટી ગયા હતા ત્યારે તેમણે પોતાની જનોઇ તોડીને તેનાથી બાંધ્યા હતા અને તે જનોઇને તેમણે કહ્યું હતું કે બહુ દહાડાથી મેં તારો ભાર વેંઢ્યો હતો માટે આજ તું મારા કામમાં આવી એ પ્રમાણે તેમના સાચા પ્રેમના ભાવનો પાર નથી

એક મંહત તેમનાં વખાણ સાંભળી તેમની પરીક્ષા લેવા તેમને ત્યાં આવ્યો અને ત્યાં ઘણામાં ભીડ હતી તેથી તેણે તેમને સંદેશો કહેવડાવ્યો કે તમારે બારણે એક સાધુ આવ્યો છે ને ભોજન કરવું છે. ત્યારે તેમણે ઉતાવળ કરીને ઠાકોરજીને જલ્દી ભોગ ધરાવ્યો અને બધા સાધુ જમવા બેસાડયા ત્યાં પેલા સાધુને પણ લાડુવા મૂકયા પણ તેને ઘણી રીસ ચઢી ગઇ હતી તેથી તેણે લાડુવાને પાતરાળામાં વાળીને તે ભક્તરાજની છાતીમાં માર્યા અને ત્યાંથી ચાલી નિકળ્યો અને તેમને કહ્યું કે બધા લોકો તારાં વખાણ કરેછે પણ આજ મેં તને ઓળખ્યો કે તું કેવો પ્રેમી ભક્ત છે પણ ભક્તરાજે તે વાત કંઇ મનમાં લીધી નહિ પણ ઉલટી તેને સંતની પ્રસાદી ગણી તે લાડુવા બધાં લોકોને ત્યાં આગળ વહેંચી આપ્યા.

એકવાર તેમણે પોતાના ત્રણે છોકરાને પુછ્યું કે તમેં શું કામ કરશો? ત્યારે એકે કહ્યું હું દ્રવ્ય રાખીશ, બીજાએ કહ્યું કે હું રસોઇ કરીશ, અને ત્રીજાએ કહ્યું કે હું સંતની શેવા કરીશ. અને તે ઉપરથી તેણે તે ત્રણે કામ તેમને વહેંચી આપ્યાં અને પોતે પછી રોજ રાસ ગાતા રહ્યા.

मुल छप्पय छंद.

श्री रुप सनातन भक्ति जल श्रीजीव गुसांइ सर गंभीर
वेला भृजनसुपक्व कपायन कबहुं न लागी.
वृंद्रावन द्रढवास जुगल चरननि अनुरागी
पोथी लेखनी पानी अघट अक्षर चित दीनो
सद ग्रंथनको सार सबे हस्तामल कीनो

संदेह ग्रंथि छेदन समय रस रास उपासक परम धीर.
श्री रूप सनातन भक्तिजल श्रीजीव गुसांई सर गंभीर.

ગુસાંઇજીનો પ્રસંગ.

ગુસાંઇજી મહારાજ એક મહાત્મા થઈ ગયા તે હૃદય ગ્રંથીને તોડી નાંખે તેવા નાના પ્રકારના ગ્રંથ બનાવતા અને તેના જે પૈસા આવતા તેને તે જમનાજીના ઊંડા ધરામાં નાંખી દેતા. ત્યારે તેમના શીષ્યે તેમને કહ્યું કે તમે આમ નકામો પૈસો નાંખી દ્યો છો તેના કરતાં કંઇ સંત સેવામાં તે વાપરો તો વધારે સારૂં. ત્યારે તેમણે કહ્યું કે સંત શેવા કરવી તો ઘણી કઠણ છે ત્યારે ચેલાએ તેમને કહ્યું કે તે ગમે તેવી કઠણ હશે તોપણ હું કરીશ. ત્યારે તેમણે તેને કહ્યું કે તારે સાધુને પરમેશ્વરનું રૂપ સમજીને તેમની શેવા કરવી. ત્યારે ચેલાએ તે કબુલ કર્યું અને તે ઉપરથી તેમણે જમનાંજીમાં દ્રવ્ય નાખી દેવું બંધ કર્યું. વળી તેમણે તેને કહ્યું કે તારે મધુરવાણીથી સાધુની સાથે બોલવું અને તેમને ઇષ્ટમૂર્તી તરીકે સમજવા અને તેમની શેવા કરવી. મારે એવો અપાર ભાવ છે પણ હું તને ભક્તિનો રાગ સાર સાર કહું છું એમ કહી તેને સાધુ સેવાની રીતી બતાવી.

मूल छप्पयछंद.

श्री वृंदावनकी माधुरी इनमिलि आस्वादनकियो
सर्बसु राधारवन भट्टगोपाल उजार
हृर्षीकेश भगवान विपुल वीठल रस सागर
थानेश्वरी जगन्नाथ लोक नाथ, महामुनि मधु, श्रीरंग
कृष्णदास पंडित उभै अधिकारी हरीअंग
घमंडी जुगल किशार भृत्य भुगर्भ जीव दृढव्रतलियो
श्री वृंद्रावनकी माधुरी इनीमिली आस्वादन कियो.

ગોપાળભટનો પ્રસંગ.

ગોપાળભટ્ટ ઘણા પ્રિતીવાન મહાત્મા થઇ ગયા કે જેમને ભગવાને રાધારમણ શ્રી કૃષ્ણ રૂપે પ્રગટ દર્શન દીધું હતું તેમને જુદીજુદી જગાએ જુદાંજુદાં કૌતક થતાં અને તે ફક્ત જીવોને ગ્રહણ કરતા અને તેમના અવગુણો છોડી દેતા એવા તે ધરમના સેતુરૂપ અને ભકતમાં ભૂપરૂપ થઇ ગયા.

અલીભગવાનનો પ્રસંગ.

અલીભગવાન નામના મહાત્મા શ્રીરામ સેવામાં સાવધાન રહેતા હતા અને તે પોતાને ગામથી વૃંદાવન ગયા અને ત્યાં તેમણે ઠાકોરજીનાં દર્શન કર્યાં અને ત્યાં ઠાકોરજીની છબી જોઇને તેમની શુદ્ધિબુદ્ધિ જતી રહી હતી અને ત્યાં પછી તેમણે બિહારીલાલ ઠાકોરજીની શેવા કરવા માંડી.

राह छप्पानी.

सेवानो परताप, कल्पद्रु वांच्छित दे छे

सेवानो परताप, कामदा पुर्ण करे छे
सेवानो परताप, रंग गादीने पामे
सेवानो परताप, दुःख ओसडथी वामे
संगत सेवा जेकरे, श्री गुरु संगत दासजी
दर्शण प्रभुनां थाय छ, कहे छे दास गोपाळजी

તેમની સેવાની પ્રસંશા તેમના ગુરૂએ બીજાઓથી સાંભળી ત્યારે તે ત્યાં તેને જોવાને ગયા ત્યારે તેમણે ઉઠીને ગુરૂને નમસ્કાર કર્યા અને ત્યાં તેમની સ્તુતિ કરીને તેમને કહ્યું કે હે મહા પ્રભુ! તમે હવે તમારા ચેલાને જોઇને પ્રસન્ન થાઓ.

વિઠ્ઠલ વિપુલજીનો પ્રસંગ.

હરીદાસના શીષ્ય વિઠ્ઠલજીને પોતાના ગુરૂના વિયોગથી ઘણું દુઃખ થવા માંડ્યું. એકવાર બધા ભક્તરાજોએ એકઠા થઇને રાસ કર્યો ત્યારે તેમણે તે મોઢેથી બોલીને ગાયો અને નાચ રંગ કરીને ત્યાં તેમણે એક ભારે ઓચ્છવ કર્યો એટલે તેવામાં તેમના ગુરૂ ફરતા ફરતા તેમના સાચા ભાવને લીધે તેમને ત્યાંજ તે જગ્યાએ મળી ગયા.

જગન્નાથ થાનેશ્વરીનો પ્રસંગ.

એકવાર એક સાધુ મહાપ્રભુ થાનેશ્વરી જગન્નાથજી મહાત્માની પાસે શીષ્ય થવાને આવ્યો ત્યારે તેમણે તેનું કૃષ્ણદાસ નામ પાડ્યું અને તેની પાસે તેમણે એક પાસેના કુવામાંથી મનમોહન ઠાકોરજીની મુર્તી કઢાવરાવી અને પછી તેને તેની પુંજા કરવાનું કહ્યું અને તેણે પછી એકવાર પ્રેમને લીધે સ્વપ્નામાં પોતાનો છોકરો જે રઘુનાથ તેનું દાન કરી દીધું.

શ્રી લોકનાથ ગોંસાઇનો પ્રસંગ.

મહાપ્રભુ કૃષ્ણ ચૈતન્યના શીષ્ય લોકનાથ ઘણા પ્રેમી મહાત્મા થઇ ગયા. તે ભક્તિની બધી રીતો જાણતા હતા. રાધાકૃષ્ણની લીલામાં તેમને રોજ નવો રંગ ઉપજતો અને જળની સાથે જેમ માછલાંને પ્રિતી હોય તેમ તેમને રાત દહાડો શ્રી કૃષ્ણ લીલામાં પ્રિતી રહેતી અને તેમને ભાગવતનો કથા રસ તેજ તેમનું ખાવું પીવું અને તેજ તેમનું જ્ઞાન રૂપ હતું એકવાર તે રસ્તામાં ચાલતાં ચાલતાં ભગવતના ગુણગાત જતા હતા તે વખતે એક બાળકે તે સાંભળ્યું એટલે તેને તેમના ઉપર પ્રેમ થયો અને તેથી તે તેમનો શિષ્ય બન્યો અને પછી ત્યાંજ રસ્તામાં તેણે તેમની પાસેથી ગુરૂ મંત્ર લીધો.

શ્રી મધુગોંસાઇનો પ્રસંગ.

શ્રીમધુગુસાંઇ નામના એક મહાત્મા હતા તેમને પોતાના ગામથી વંદ્રાવન જોવાની અને ત્યાં જઇને ઠાકોરજીનાં દર્શણ કરવાની ઘણી આતુરતા થઇ તેથી વંદ્રાવન ગયા અને ત્યાં જઇને તેમણે ઠાકોરજીનાં દર્શન કર્યાં.

छप्पानी राह.

दर्शन लेवो लाव पर दरशनथी लवुं,
दर्शन लेवो लाव पाप दर्शनथी खोवुं

दर्शन लेवो लाव प्रेमने आंसु नहावुं
दर्शन लेवो लाव वचनामृत मीठुं पावुं
लाव लेवो दर्शन तणो शेवा संगत गुरु तणी
गोपाळ भाणे एटलुं आतुरता दर्शन वणी.

તે વંદ્રાવનમાં એકેએક કુંજ અને એકએક ઝાડ જોતા ફરતા અને તે એવા પ્રેમાસ્કત હતા કે ત્યાં તેમને ભુખ તરસ પણ જણાતી નહોતી. એકવાર જ્યારે ત્યાં જમનાજીમાં ચારે કાંઠે પુર આવ્યું હતું અને તે ફરતા ફરતા ત્યાં જમનાં કીનારે ગયા ત્યારે ત્યાં નદીને કીનારે એક ભેખડ તુટી પડી અને તેમાંથી ઠાકોરજીની એક મુર્તિ દેખાઇ એટલે તેમણે તે બહાર કાઢી અને તેને ત્યાં એક મંદીરમાં પધરાવી અને તેમણે તે ઠાકોરજીનું નામ ગોપીનાથ ઠાકોર પાડયું.

કૃષ્ણદાસ બ્રહ્મચારીનો પ્રસંગ.

કૃષ્ણદાસ બ્રહ્મચારી જેમનું બીજું નામ મધુ ગોસાંઇ હતું તેમણે ગોપીનાથ ઠાકોરની પ્રતિષ્ઠા કરી અને તેમને એક મંદીરમાં પધરાવ્યા અને પછી ત્યાં નરાયણજી નામના એક સાધુને તેમણે શીષ્ય કર્યા કે જેમનું હૃદય પછીથી પ્રેમમાં ભીંજાઇ ગયું એટલે તે જોઇને ત્યાંના બધા લોકોને પછી પ્રેમ થવા માંડયો અને તે ઉપરથી ત્યાંના લોકો ત્યારથી આજ દીન સુધી ઠાકોરજી ઉપર તેવોજ પ્રેમનો ભાવ લાવીને તેમની શેવા કર્યા જાય છે.

કૃષ્ણદાસ પંડીતનો પ્રસંગ.

ગોવિંદચંદ ઠાકોરના મંદીરમાં કૃષ્ણદાસ પંડીત નામના એક મહાત્મા ઠાકોરજીના ઘણા પ્રેમી સેવક થઇ ગયા. તે સંત સેવા ઉપર ઘણી પ્રિતી રાખતા અને તેમને નાના પ્રકારનો પ્રસાદ લેવરાવતા. તેમની સહેજ પ્રતિની એવી સર્વોપરિ હતી કે તે જોનારા લોકોના મનમાં તેમનો જે અનુભવ હતો તે સહેજમાં ઉતરી પડતો.

ભુગર્ભ ગોસાંઇનો પ્રસંગ.

ભુગર્ભ ગોસાઇ નામના મહાત્મા પોતાના ગામથી વંદ્રાવનમાં જઇને રહ્યા અને ત્યાં કુંજમા બેશીને તે ગોવિંદના ગુણ ગાતા. તે ઘણા વિરક્ત હતા તેથી તે ભીક્ષા માગીને ખાતા અને કોઇની ત્યાં જમવા જતા નહોતા. તે પોતે માનસીક પુજા કરતા અને તેથી માનસીક પુજા કરતાં તે ઠાકોરજીને ગળે ફુલનો હાર પહેરાવતા અને પછી પોતાની મનની વૃતિને તે ઠાકોરજીના સ્વરૂપને નિરખવામાં જોડી દેતા. મારી બુદ્ધિના પ્રમાણમાં મેં તેમની જેટલી હકીકત જાણી તેટલનાં મેં વખાણ કર્યાં. બાકી તેમની પ્રિતીના રસનો મહીમાતો અપાર છે અને મારાથી તે કહ્યો જાય તેવો નથી.

मूल छप्पयछंद.

श्री रसिक मुरारि उदार अतिमत्त गजही उपदेश दिये
तन मन धन परिवार साहित सेवन संतनि कह

दिव्य भोग आरती अधिक हरि हुते हिये मह
श्री बृंदावन चंद स्याम स्यामा रंगभीने
मगन प्रेम पीयुष पयधि परचै बहुदिने
श्रीहरी प्रिय स्यामानंद वर भजन भुमि उद्धार किये
श्री रसिक मुरारी उदार अतिमत्त गजहि उपदेश दिये

મુરારીદાસનો પ્રસંગ.

મુરારીદાસ કરીને એક સાધુ થઇ ગયા કે જેમના પ્રેમના વિસ્તારનો પાર કોઇ પામી શકે તેમ નથી માટે એવી તેમની રીતી કંઇ ન્યારીજ હતી તેમને ઘેર જે સંત સાધુ આવતા તેમની તે સારી રીતે સેવા કરતા અને તેમને જમાડતા અને પછી તેમનું ચર્ણામૃત લેઇને એક માટલામાં ભરી રાખતા અને તે પછી રોજ પીતા. તે પોતાના ગુરૂની તીથીના દીવસે ગામો ગામથી સાધુઓને તેડાવીને તેમને બાર બાર દીવસ સુધી પોતાને ત્યાં રાખતા અને ત્યાં આનંદ ઓચ્છવ કરતા. એકવાર તેમણે તે પ્રમાણે સાધુઓને તેડી ઓચ્છવ કરી તેમને જમાડયા અને પછી પોતાના એક શીષ્યને તેમનું ચર્ણામૃત લેવા મોકલ્યો ત્યારે તે બધા સાધુઓના પગનું ચર્ણામૃત લેઇ આવ્યો અને પછી તે તેમને આપ્યું. ત્યારે તેમણે તે પીને શીષ્યને કહ્યું કે આ ચર્ણામૃતમાં મને કંઇ સ્વાદ આવ્યો નહિ માટે તું કોઇનું ચર્ણમૃત છોડી દઇ આવ્યો લાગે છે ત્યારે તે શિષ્યે કહ્યું કે હા, ખરીવાત. એક સાધુને પગે રગત કોડ નીકળ્યા હતા અને તેના પગમાંથી રસી ટપકતી હતી તેથી મને તેની સુગ આવી તેથી મેં તે એકનું ચર્ણાઅત લીધું નથી ત્યારે તેમણે તેને કહ્યું કે ચર્ણાંઅતના મહાત્મની વાત તું શું જાણે! માટે જા તું તે ફરીને લેઇ આવ. અને તે ઉપરથી તે ફરીને ત્યાં ગયો અને તે રગત કોડવાળા સાધુનું ચર્ણામૃત લેઇ આવ્યો. અને પછી તેમને તે આપ્યું. એટલે તેમણે તે પીધુ એટલે તેમને તે ચર્ણમૃતનો પુર્ણ સ્વાદ આવ્યો. એટલે તેથી તે ખુશ થયા. એકવાર તે પોતાને ત્યાં ઓચ્છવ ઉપર આવેલા સાધુઓને જમાડતા હતા અને તે જોવાને ત્યાંનો રાજા તેમને ઘેર આવેલો હતો અને તે વખતે એક સાધુએ ત્યાં પોતાનો સોટો મુકીને તેનુંપણ પત્રાળું પીરસવાને તેમનો શીષ્ય જે રસોઇ પીરસતો હતો તેને કહ્યું પણ તેણે તેની લાકડીની પત્રાળી પીરશી નહિ એટલે તે સાધુ ગુસ્સે થઇ ગયો અને પોતાના લાડુ પત્રાળામાં વીટાળીને મુરારીદાસં ઉપર ફેંકયા જે તેમને મોં ઉપર વાગ્યા. એટલે મુરારીદાસે ઘણા દીન વચનથી તે સાધુને કહ્યું કે તમે બહુ સારૂ કર્યું કે તમારી સંત પ્રસાદી મને મોઢામાં લાવીને આપી. હું ઘણા દિવસથી સિદ્ધ પ્રસાદીથી વિમુખ હતો તે તમે આજ મારા ઉપર દયા કરીને મને આપી. પછી તેમણે પોતાના શિષ્યને ઘણો ઠપકો દીધો અને તેને કહ્યું કે તને કંઇ પીરસતાં આવડતું નથી. માટે તું બહાર નિકળ એમ કહી તેને પીરસવાના કામથી બાતલ કર્યો અને પોતે પેલા સાધુને તેની લાકડીનું પત્રાળું પીરસી આપ્યું. અને તેને તૃપ્ત કર્યો. ઓચ્છવ ઉપર આવેલા તે સાધુઓ બગીચામાં ઉતરેલા હતા તેથી તેમનાં દર્શન કરવાને મુરારીદાસ એકવાર બગીચામાં ગયા તો ત્યાં એક સાધુ હુકકો પીતો હતો અને તેણે મુરારીદાસને દુરથી આવતા જોઇને પોતાનો હુકકો સંતાડી દીધો એટલે મુરારીદાસને તેથી ખેદ થયો કે મારા અહીં આવવાથી તે સાધુને હુકકો સંતાડી દેવો પડયો માટે તેનું હ્રદય દુખાયું હશે તે કંઇ ઠીક થયું નહિ. માટે મારે તેનો કંઇ ઇલાજ કરવો જોઇએ. એમ વિચારી પોતે બધા

સાધુઓને પુછી વળ્યા કે કોઇની પાસે તમાકુ હોય તો મને આપો કારણ કે મારૂં પેટ ચઢયું છે એટલે તે સાંભળીને પેલો સાધુ સમજ્યો કે મુરારીદાસ પણ હુક્કો પીતા લાગે છે તો હવે મારે શું કરવા સંતાડવો જોઇએ ! એમ વિચારી તેણે પોતાનો શોક મુકી દેઇને મોરારીદાસને કહ્યું કે હે મહારાજ હુક્કો મારી પાસે તૈયાર ભરેલો છે તે લ્યો. એટલે મુરારીદાસે તે લીધો અને ખોટી ખોટી બે ફુંકો મારી અને એ પ્રમાણે તેના દેખતાં પોતે હુક્કો પીતાં બતાવ્યું જેથી તે સાધુ પછી જાહેર હુક્કો પીવા લાગ્યો અને એ પ્રમાણે મુરારીદાસે તેનું મન મેળવી લીધું અને તેને દિલગીર થવા દીધો નહિ. મોરારીદાસ પોતાનો નિર્વાહ પોતાના ગામ ગરાસ ઉપર કરતા હતા કે જે ગરાસ તેમના પુર્વજોને કોઇ રાજાએ ધર્માદામાં આપેલો હતો. પણ પછીથી કોઇ રાજા વિમુખ પેદા થયો તેણે તે ગરાસ મુરારીદાસ પાસેથી છીનવી લીધો એટલે તેમને ખરચખુટણમાં હેરાનગતી પહોંચવા લાગી. એટલે તેમણે પોતાના એક શીષ્યને ત્યાં તેડાવ્યો જેનું નામ રામાનંદ હતું અને જે પાસેના એક ગામમાં રહેતો હતો, તેને તેમણે કાગળ લખ્યો કે આપણું ગામ રાજાએ છીનવી લીધું છે અને આવક આવતી બંધ થઇ ગઇ છે માટે આ કાગળ વાંચીને તમે તરત જે સ્થીતીમાં હો તેને તે સ્થીતીમાં મારી પાસે આવજો અને વિલંબ કરશો નહિ. એટલે તે કાગળ વાંચી રામાનંદ કે જે એક સાચો ગુરૂ ભકત શીષ્ય હતો અને જે તેને કાગળ પહોંચ્યો તે વખતે તે ભોજન કરવા બેઠેલો હતો અને હાથમાં કોળીઓ લીધેલો હતો, તે જમતાં જમતાં ઉઠયો અને ગુરૂની આજ્ઞા પાળવા સરૂ તેણે કોળીઓ પણ હાથમાં રહેવા દીધો અને હાથ ઉપર તેણે એક લુગડું બાંધી લીધું અને પછી હાથ મોં ધોયા વગર તેજ સ્થિતીમાં તે ત્યાંથી ચાલી નિકળ્યો. અને ગુરૂને આવીને મળ્યો અને તેમને નમસ્કાર કર્યા. ત્યારે ગુરૂએ તેના હાથ બાંધેલો જોઇને તેને પુછ્યું કે તમારે હાથે શું થયું છે? ત્યારે તેણે કહ્યું કે તમે મને હું જે સ્થિતીમાં હોઉં તે સ્થીતિમાં તેડાવ્યો હતો એટલે તે વખતે હું ભોજન કરતો હતો અને મારા હાથમાં કોળીઓ લીધેલો હતો તેથી હું તેવો હાથ લેઇને આવ્યો અને તે કોળીઓ હાથમાંથી પડી ન જાય માટે મેં તેના ઉપર લુગડું વિંટાળી રાખ્યુ છે એટલે તે વૃતાંત સાંભળીને ગુરૂ તેના ઉપર પ્રસન્ન થયા પછી ગુરૂએ રામાનંદના હાથ તથા મોં ધોવરાવીને તેને પોતાને ત્યાં ફરી ભોજન કરાવરાવ્યું અને પછી તેમણે તેને ગામગરાસની હકીકત કહી સંભળાવી અને તેને કહ્યું કે તમે જાતે રાજા પાસે જાઓ અને ગામ ગરાસ પાછો આપડે ઘેર કરી લાવો. એટલે તે ઉપરથી રામાનંદ ગુરૂની આજ્ઞા લેઇને શામદાસ પાસે ગયા કે જે તે રાજાનો પ્રધાન હતો અને તેને તે હકીકત કહી ત્યારે તે સાંભળીને તે પ્રધાન રાજા પાસે ગયો અને તેણે રાજાને ઘણા પ્રકારે સમજાવ્યો પણ રાજા કંઇ સમજ્યો નહિ. ત્યારે પ્રધાને રાજાને કહ્યું કે તે સંત પુરૂષ કહેવાય માટે તેમને છેડ્યા કંઇ સારૂં પરીણામ નિકળશે નહિ. એટલે રાજા તે ઉપરથી ચીઢાઇ ગયો અને પોતા-

પાઇને હુકમ કર્યો કે તે સાધુને તું અહી બાંધી લાવ એટલે તેની જે કરામત હોય તે ાપણને બતાવે એટલે તે સીપાઇ જઇને તેમને તેડી લાવ્યો. એટલે રાજાએ તેમને બ- એક ચોગાનમાં બેસાડયો અને પછી એક ગાંડો હાથી તેના છુટો મુકયો. હાથીનો ૧ હાથી ઉપરથી ઉતરી પડયો કારણ કે સંત મહાત્મા સામે હાથીને લેઇ જવો પડે તેથી કોપની બીક લાગી. પછી હાથી તોફાન કરતો કરતો તેમની આગળ આવ્યો એ- ના પ્રતાપથી તે મસ્તાન હાથી પણ ગરીબ અને આધીન થઇ ગયો એટલે તેમણે તે કહ્યું કે

"ઓસો હરે કૃષ્ણ કૃષ્ણ છાંડો ગજતમ,
સુની ગયો હીયે ભાવ દેહસોં નવાઇહે."

હે હાથા! તારા મદને લીધે તને હૃદયને વિશે તમોગુણ રૂપી અંધકાર વ્યાપી રહેલો છે માટે તેને તું છોડી દે અને હવે તું પરમેશ્વરનું નામ લે. તે સાંભળી હાથીએ ત્યાં માથું નમાવ્યું એટલે તેમણે તેના માથે હાથ મુક્યો અને તેને ગુરૂમંત્રનો ઉપદેશ કર્યો અને પછી તેને તીલક કર્યું અને પોતાની માળા પહેરાવી અને તેને કહ્યું કે આજથી તારૂં નામ ગોપાળદાસ પાડ્યું. માટે આજથી તારે સાધુની શેવા ચાકરી કરતા રહેવું અને તેમનો જે એઠવાડો પડે તે તારે સંતપ્રસાદી ગણીને ખાવો અને તારે ઉદર નિર્વાહ ચલાવવો. એમ કહી તેમણે તે હાથીને પોતાનો શીષ્ય બનાવી દીધો. ગાંડા હાથીને આ પ્રમાણે તાબે થયેલો જોઇને તે રાજાની મતી બદલાઇ ગઇ અને તેથી તે તેમને પગે પડ્યો અને પોતાના અપરાધની માફી માગી અને તેમનો છીનવી લીધેલો ગરાસ તેમને પાછો આપ્યો અને વળી બીજાં નવ ગામ પણ વધારામાં આપ્યાં અને તે લેઇને તે પોતાના ગુરૂ પાસે આવ્યા અને તેમને સર્વ વૃતાંત કહી સંભળાવ્યું જે સાંભળીને તેમના ગુરૂ પ્રસન્ન થયા. પેલો હાથી પછી સંતશેવા કરતો રહ્યો અને ફરીને તે રાજાને ત્યાં ગયો નહિ. ને સંતોનાં લાકડાં, સીધું વિગેરે સામાનનો બોજ એક ઠેકાણેથી બીજે ઠેકાણે ઉપાડીને લેઇ આપતો અને તે આખા ગામમાં ફરતો અને સાધુઓની શેવા કરતો તથા તેમનાં દર્શન કરતો અને તેમનાં પત્રાળાંના એઠવાડાની જે પ્રસાદી મળતી તે તે ખાતો અને એ પ્રમાણે તે દીવસે ગુજારતો. એક દીવસે તે હાથીએ એક વણઝારાની પોઠમાંથી કેટલાક અનાજના કોથળા પોતાની પીઠ ઉપર લીધા અને તે લઇને કોઇ સાધુને ત્યાં નાંખી આવ્યો એટલે તે વણઝારાએ તેના ગુરૂ પાસે આવીને ફરીઆદ કરી એટલે રામાનંદે તે હાથીને બોલાવીને કહ્યું કે તારે લોકોને લુંટીને સંત શેવા કરવી નહિ પણ તારા શરીરની મહેનતથી જેટલી સંત શેવા બની શકે તેટલી કરવી. પછી રાજાએ તે ગાંડા હાથીને આવો સુધરી ગયેલો તથા સંત સાધુનું કામકાજ કરતો અને નમ્ર બની ગએલો સાંભળીને તેણે મહાવતને હુકમ કર્યો કે તું તે હાથીને આપણે ત્યાં પકડી લાવ એટલે મહાવત તેને પકડવા ગયો. ત્યારે તે પકડાયો નહિ અને તોફાન કરવા લાગ્યો અને મહાવતે જોયું કે તે હાથી સાધુઓના આગળ નમ્ર બની જાય છે એટલે તે જોઇને તે સાધુનો વેશ લેઇને હાથીને ફરીને પકડવા ગયો. એટલે હાથી તેને હાથે પકડાયો એટલે તેને લેઇને તે રાજા પાસે ગયો એટલે રાજાએ તેને હાથીખાનામાં બંધાવી દીધો. પછી હાથીએ વિચાર કર્યો કે આ દુષ્ટ બુદ્ધિ રાજા હવે મારી પાસે પોતાનું વૈતરૂં કરાવશે અને તેથી હવે મને સંત દર્શન થશે નહિ અને સંત પ્રસાદી પણ મળશે નહિ માટે મારે હવે જીવીને શું કરવું? એમ વિચારી તેણે ખાવું બંધ કર્યું અને એ પ્રમાણે તેણે ત્રણ દીવસ સુધી કંઇ ખાધું પીધું નહી ત્યારે રાજાએ કહ્યું કે તું તે હાથીને જમનાંજી ઉપર લેઇ જા એટલે ત્યાં તે દીલ ખુલાસો કરીને પાણી એટલે તે મહાવત તેને જમનાંજી લેઇ ગયો એટલે હાથીએ વિચાર્યું કે જ્યાં સુધી હું જીવું સુધી તે રાજા મારો કેડો મુકવાનો નથી માટે તેની ગુલામગીરી કરવાથી મરવું સારૂં. વિચારી તે જમનાંજીના એક ઉંડા ધરામાં ગયો અને ત્યાં ડુબી જઇને તેણે પોતાનું શરીર ત્યાગ કર્યું. અને એ પ્રમાણે તે દુષ્ટ બુદ્ધિ રાજા પાસે તે પાછો ગયો નહિ.

मूल छप्पय छंद,

भवप्रवाह निस्तार हित अवलंबन ये जन भये
सोझा सींवा आधार धीर हरीनाम त्रिलोचन
आसा धर अरु रांका सधना दुख मोचन
काशीश्वर अवधूत कृष्ण किंकर कट हरिया.
शोभू उदार राघव म डुंगर व्रत धरिया
पद्म पदारथ रामदास विमलनंद अमृतस्त्रये
भवप्रवाह निस्तार हित अवलंबन ये जन भये

સધના કસાઇનો પ્રસંગ.

સધનો કરીને એક કસાઇ હતો. પણ તે પોતાના કૂળ આચાર પ્રમાણે કસાઇનો ધંધો કરતો નહોતો અને તે પોતાની જાતે કોઇ હીંસા કરતો નહોતો પણ બીજાઓએ મારેલાં જાનવરોનું માંસ વેચાતું લાવીને તે વેચતો અને તેમાંથી જે નફો થતો તેનાથી તે પોતાનો નિર્વાહ ચલાવતો. એકવાર તેની દુકાન આગળ થઇને એક સાધુ નીકળ્યો અને તેણે તેને એક માણસને માંસ જોખી આપતો અને જોગો અને ગંડકી નદીના સાળંગરામને તેનાં કાટલામાં જોયા એટલે તે સાધુએ વિચાર કર્યો કે આ શાળંગરામને તે કાટલું સમજે છે અને તેથી તે તેમને આ કામમાં વાપરે છે પણ તેમનું ખરૂં મહાત્મ્ય તે જાણતો નથી. એટલે તે ઉપરથી તેણે તે કસાઇને કહ્યું કે જો હું તને આવું બીજું કાટલું લાવી આપું તો તું મને આ પથરો આપશે? ત્યારે સધનએ કહ્યું કે હા, આપીશ. પછી તે સાધુ બીજું કાટલું લેઇ આવ્યો અને તે સાળંગરામને તેણે સધના પાસેથી બદલી લીધા અને તેમને પોતાને ઘેર ઠાકોર સેવામાં પધાવ્યા. પછી રાત્રે તે સાળંગરામે તે સાધુને કહ્યું કે તું મને અહીં શું કરવા લાવ્યો? મને તો ત્યાંજ ગમે છે કારણકે તે માંસ વેચતાં ઘણા પ્રેમથી ભજન કરે છે અને તે હું તેના તાજવામાં રહ્યો રહ્યો સાંભળું છું માટે હું અહીંયાં રહેવા ખુશી નથી માટે તું મને ત્યાં પાછો મુકી આવ. એટલે તે ઉપરથી તે સાધુ તે કસાઇની દુકાને પાછો ગયો અને તેને કહ્યું કે આ ઠાકોરજી તારા તું પાછા લે. તેમને તો તારી પાસેજ રહેવાનું ગમે છે. કારણકે તેમણે મને રાત્રે સ્વપ્ન આપ્યું હતું અને તેથી હું તને પાછા આપવા આવ્યો છું; ઠાકોરજી તેનો ભક્તિ ભાવ સ્વીકારી લેછે એવું સાંભળીને તેને અંતરમાં ચોટ લાગી ગઇ. અને તેથી તે ગળગળો થઇ ગયો. પછી તેણે તે સાળંગરામને પોતાના ઇષ્ટ માની લીધા અને તે વખતથી તેણે પોતાનો કસબ છોડી દીધો. અને પોતાનું ઘર ત્યાગ કરીને તે જગન્નાથજી જાત્રા કરવા ચાલ્યો. ત્યાં રસ્તામાં જતાં તેને એક સંઘની સોબત થઇ અને તેથી તે સંઘની પછવાડે છેટો છેટો ચાલ્યો જતો. અને જ્યાં સંઘ પડાવ નાંખતો ત્યાં તે દૂર જઇ ઉતરતો અને ગામમાંથી માગી લાવીને ખાતો. અને જ્યારે તે સંઘ ઉપડતો ત્યારે પાછો તે તેની પછવાડે જતો. એ પ્રમાણે ચાલતાં ચાલતાં તે સંઘે એક ગામ આગળ પડાવ નાંખ્યો એટલે સધનો પણ ત્યાં સંઘથી છેટે ઉતર્યો. અને પછી તે ગામમાં માગવા ગયો ત્યાં એક સ્ત્રી તેને રૂપાળો જોઇને તેના ઉપર મોહીત થઇ ગઇ. એટલે તેણે તેને કહ્યું કે મારો ધણીભાઇ બહાર ગયો છે તે થોડી વારમાં ઘેર પાછો આવશે એટલે હું તમને ભીક્ષા આપીને જમાડીશ. એમ કહીને તેને પોતાને ઘેર બેસાડયો પછી થોડી વારમાં તેનો ધણી આવ્યો. એટલે તેણે રસોઇ કરીને સધનાને જમાડયો અને રાતે તેને

પોતાને ઓટલે સુવાડયો, પછી મધરાત્રે જ્યારે તેનો ધણી ઊંઘી ગયો ત્યારે તે બારણાં ઉઘાડી ઘર બહાર આવી અને સધનાને જગાડયો અને પછી તેને કહ્યું કે ચાલો આપણે હવે અહીંથી નાશી જઈએ. કારણ કે હું તારા ઉપર મોહીત થઈ ગઇ છું. ત્યારે સધનાએ તેણીને કહ્યું કે જો તું મારૂં માથું કાપી નાખે તોપણ હું તે વાત કરવાનો નથી. ત્યારે તે સ્ત્રી કંઈ ઉલટું સમજી કે તે મારા ધણીનું માથું કાપી નાંખવાનું કહે છે. એટલે તે ઉપરથી તે ઘરની અંદર ગઇ અને તેણીએ પોતાના ધણીનું માથું કાપી નાંખ્યું અને પછી બહાર આવીને સધનાને કહ્યું કે હું તેનું માથું કાપી આવી. માટે હવે ચાલો ઉઠો આપણે રસ્તે પડીએ, ત્યારે સધનાએ કહ્યું કે તેં ઘણુંજ ખોટું કામ કર્યું તેં કામાંધ થઇને તારા ધણીનું માથું શું કરવા કાપી નાંખ્યું? હું તને લઈ જઈને શું કરૂં? હું તો ત્યાગી સાધુ છું માટે મારે હવે સ્ત્રી કેવી? અને હું તને ક્યાં લેઇ જાઉં? જ્યારે એ પ્રમાણે સધનાએ તેને જવાની વાત ના કહી ત્યારે તે સ્ત્રી બુમ પાડી ઉઠી. અને પાડોસીઓને જગાડીને ભેગા કીધાં અને તેણીએ તેમને કહ્યું કે આ સાધુને મેં આજ ઘેર રાખીને ખવરાવ્યું ત્યારે તેણે મારા ધણી મારી નાંખ્યો. અને ગુણનો બદલો અવગુણ કરીને તે નાશી જાય છે. માટે તેને તમે પકડો. એટલે તે ઉપરથી તે લોકોએ તેને પકડયો અને તેને રાજા પાસે લેઇ ગયા. ત્યારે રાજાએ જાણ્યું કે તે સાધુ છે માટે તેને વધારે શીક્ષા કરવી યોગ્ય નથી પણ તેણે પોતાના હાથવતી તેના ધણીને માર્યો માટે તેના બન્ને હાથ કાપી નાખવા જોઇએ. એમ કહી તેના બન્ને હાથ કાપી નંખાવ્યા આ પ્રમાણે કામ વિષય દુશ્મનની ગરજ સારે છે.

छप्पानी राह.

काम तणो छे केर, काम कुदृष्टी करावे
काम तणो छे केर, काम अंधापो लावे
काम तणो छे केर उंच निच नहि जुवे
काम तणो छे केर जइ वेश्या घर सुवे
वळी केर मोटो छे कामनो सगां स्नहि जुए नहि
गोपाळ संगत दासथी कोइक बचे अवनी मही
दुश्मन गणवो काम भजनने नेम चुकावे
दुश्मन गणवो काम मान मोटम मुकावे
दुश्मन गणवो काम भय इश्वरनो भुले
दुश्मन गणवो काम पर स्त्री साथे जुले
दुश्मन काम हरीजन तणो निश्चे नांखे नर्कमां
गोपाळ संगत म्हेरजो उगारे एक पलकमां

પછી સધનો ત્યાંથી પોતાને ઉતારે ગયો અને ત્યાંથી પછી સંઘની સાથે જગન્નાથજીને રસ્તે પડયો. સધનાના આ પ્રમાણે હાથ કપાયા તેનું કારણ એ હતું કે આગલા જન્મમાં સધનો એક બ્રાહ્મણ હતો અને તે સ્ત્રી એક ગાય હતી અને તેનો ધણી એક કસાઇ હતો. તે કસાઇ તે ગાયને જ્યારે કાપવા જતો હતો ત્યારે તે ગાય ત્યાંથી નાશી ગઇ ત્યારે તે કસાઇ હોકાંક મારીને તે બ્રાહ્મણ પાસે તે ગાયને રોકાવી હતી અને તેણે પોતાના બે હાથ આડા

કરીને તેને રાખી હતી અને પછી તે કસાઇએ તે ગાયનું માથું કાપી નાંખ્યુ હતું. માટે તેનુ વેર લેવાને પુર્વના ઋણ સંબંધે તે સ્ત્રીએ આ જન્મે પોતાના ધણીનું માથું કાપ્યું અને જે બ્રાહ્મણે હાથ આડા કર્યા હતા તેથી તેના હાથના દોષ માટે તેણે આ જન્મે તેના હાથ કપાવ્યા. એ પ્રમાણે તેમના પુર્વે જન્મની વાત કહી. હવે સધનાની વાત કહું છું કે આગળ ચાલતાં જ્યારે સધનો સંઘની સાથે જગન્નાથજી લગભગ પહોંચાડવા આવ્યો ત્યારે જગન્નાથજી ઠાકોરજીએ ત્યાં પોતાના સેવકોને સ્વપ્ન આપ્યું કે સધનો કરીને કસાઇ મારો એક પરમભક્ત છે અને તે મારાં દર્શન કરવા સંઘ સાથે અહીં ચાલ્યો આવે છે અને તેના બન્ને હાથ કપાઇ ગયા છે તેથી તે ઘણો દુઃખી થાય છે માટે તમે એક પાલખી સામી લેઇ જાઓ અને તેને પાલખીમાં બેસાડીને અહીં તેડી લાવો. એટલે તે ઉપરથી પુજારીઓ પાલખી લેઇને સંઘ તરફ સામા ગયા અને સધનાની તપાસ કરી ત્યારે સંઘવાળા લોકોએ બતાવ્યું કે પેલો પાછળ ડો આવે છે તે સધનો કસાઇ છે એટલે તે પુજારીઓએ સધના પાસે જઇને તેને કહ્યું કે ઠાકોરજીએ તમારે માટે આ પાલખી મોકલી છે માટે તમે તેમાં બેસો. ત્યારે સધનાએ તેમને પાલખીમાં બેસવાની ના પાડી. ત્યારે પુજારીઓએ તેને સ્વપ્ના વિષેની હકીકત કહી સંભળાવી અને પછી સધનાને પાલખીમાં બેસાડ્યો. અને પછી તેને ઠાકોરજી પાસે લેઇ આવ્યા. એટલે સધનાએ નિચે ઉતરીને ઠાકોરજીનાં ઘણા પ્રેમથી દર્શન કર્યા એટલે તેના દુખનો ત્રાસ તેને મટી ગયો. પછી ઠાકોરજી તેના ઉપર પ્રસન્ન થઇને તેની સાથે બોલ્યા કે હે સધના ! મેં તારી કસોટી જોવાને આ બધું કર્યું છે અને તે કસોટીમાં તું બરોબર ઉતર્યો માટે તારી સાચી ભક્તિ જોઇને હું હવે તારા ઉપર પ્રસન્ન થયો છું. એમ કહી તેને વખાણ્યો.

ખોજીજીનો પ્રસંગ.

ખોજીજી કરીને એક હરીદાસ મહાત્મા ગુરૂ ભક્ત શિષ્ય હતા અને તેમને તેમના ગુરૂએ કહી રાખેલું હતું કે જે વખતે મારો દેહ પડે તે વખતે મારી સદ્‌ગતિ થઇ એમ તમારે સમજવું. અને તેનું પ્રમાણ એ કે તે વખતે આ મંદીરના ઘંટા વાગશે એકવાર ખોજીજી કંઇ બહાર ગામ ગયા હશે અને તેમના ગુરૂ અચાનક માંદા પડ્યા અને મરી ગયા. પણ કંઇ ઘંટા વાગ્યા નહી કારણ કે ત્યાં આગળ એક આંબાનું વૃક્ષ હતું અને તેના ઉપર એક સુંદર પાકી કેરી લટકતી હતી તેથી મરતી વખતે તેમના ગુરૂનું મન તે કેરી ઠાકોરજીને ધરાવવાની ભાવના ઉપર ગયું. તેથી તેમની તે કેરીમાં વાસના રહી ગઇ. તેથી તેમનો જીવ તે કેરીમાં ગયો અને ત્યાં એક નાનો પેળ થઇને તે રહ્યા એટલે તેમના બીજા શિષ્યો ત્યાં ઉદાસ થયા. અને તેમણે માન્યું કે ગુરૂનો જીવ ગતિને પામ્યો નહિ. પછી કેટલેક દીવસે ખોજીજી બહાર ગામથી આવ્યા ત્યારે તેમણે તેમને ગુરૂજીના મરી ગયાની વાત કહી એટલે તેમણે ઘંટાની વાત પુછી ત્યારે બીજા શીષ્યોએ તેમને કહ્યું કે ઘંટા વાગ્યો નહો તો ત્યારે તેમણે તેમને પુછ્યું કે મરતી વખતે તમે તેમને કઇ જગ્યાએ સુવાડ્યા હતા ? એટલે તે જગા તેમણે તેમને બતાવી એટલે ખોજીજી પોતે તે જગા ઉપર સુઇ ગયા અને ત્યાં ચારે તરફ નિચે ઉંચે નજર કરી જોઇ ત્યારે પેલી કેરી દેખાઇ એટલે તેમણે તે કેરી તોડી મંગાવી અને તે કાપી જોઇ તો તેમાંથી એક જંતુ નિકળ્યો કે જે થોડીવારમાં બહારની હવા લાગવાથી વલટીને મરી ગયો એટલે તે ઘંટ વાગ્યો. એટલે ગુરૂજીની ગતિ થઇ એમ માનીને બધા શીષ્યો ખુશી થયા. તેમના ગુરૂજી તો મકુંદરાજ પ્રભુના પદને પામી ચુક્યા હતા પણ પોતાના શીષ્યની યોગ્યતાને લેઇને તેમણે તેમને પરચો બતાવવા સારૂ આ [illegible] વાત કહી હતી.

રાંકા વાંકાનો પ્રસંગ.

રાંકા પુરૂષનું નામ હતું અને તેની સ્ત્રીનું નામ વાંકા હતું. તેઓ જાતે કુંભાર હતાં અને તેમને ભક્તિ ઉપર ઘણો ભાવ હતો. તેમના કુંભારના ધંધામાં જીવ જંતુની ઘણી હિંસા થતી તેથી તેમણે પોતાનો ધંધો મુકી દીધો હતો અને તેઓ વગડામાંથી લાકડાં વીણી લાવીને લાકડાં વેચવાનો ધંધો કરતાં અને એ પ્રમાણે તેઓ પોતાનો નિર્વાહ ચલાવતાં અને આ ધંધામાં પણ તેઓ ઝાડો કાપતાં નહિ પણ સુકાઇ ગએલાં લાકડાં તેઓ વગડામાંથી વીણી લાવતા. તેમની અવસ્થા ઘણી દુર્બળ હતી અને તેઓ આવે રીતે દુખી હેરાન થતાં નામદેવ કે જેને શ્રી કૃષ્ણજી સાથે પ્રગટ પરીચય હતો તેણે રાંકા વાંકા દુખી થતાં જોઇને એક દીવસ ભગવાનને કહ્યું કે હે મહારાજ ? આ રાંકા વાંકા તમારી ભક્તિ કરે છે. પણ આવે રીતે તેઓ ઘણા દુઃખી થાય છે માટે તમે તેમને કંઇ દ્રવ્ય આપો ત્યારે ભગવાને નામદેવને કહ્યું કે હું તો તેમને ઘણું આપુંછું પણ તેઓ તે લેતાં નથી. ત્યારે નામદેવે કહ્યું કે હું તે કેમ સાચું માનું ? ત્યારે ભગવાને કહ્યું કે સારૂ હું તને તે બતાવું એમ કહી નામદેવને સાથે લેઇને ભગવાન વગડામાં ગયા અને ત્યાં જઇને એક ઝાડને ઓઠે સંતાઇ ગયા કે જે જગાં આગળથી રાંકા વાંકાને લાકડાંની ભારીઓ લેઇને નીકળવાનો રસ્તો હતો ત્યાં આગળ એક સોનાની ઈંટ કરીને તેમણે રસ્તામાં મુકી. પછી રાંકા, વાંકા, ત્યાં આગળથી નિકળ્યા અને તેમાં રાંકા ભારો લેઇને આગળ ચાલતો હતો અને તેની સ્ત્રી વાંકા ભારો લેઇને પેલી કેડે પાછળ ચાલી આવતી હતી. પછી રાંકાએ તે ઈંટ નજરે જોઇ પણ તેણે તે લીધી નહી પણ મનમાં વિચાર કર્યો કે મારી સ્ત્રી તે સોનાની ઈંટ જોઇને તેનું મન કરશે કારણ કે તે સ્ત્રીની જાત છે. માટે લોભને લીધે તેને ધૈર્ય રહેશે નહિ એમ વિચારી તેણે તે ઈંટ ઉપર પગ વતી ધુળ વાળી અને તે આગળ ચાલ્યો. પછી ઘેર આવીને વાંકાએ રાંકાને પુછ્યું કે રસ્તામાં તમે પગે વતી ધુળ કેમ ખસેડતા હતા ? ત્યારે રાંકાએ કહ્યું કે મેં એક સોનાની ઈંટ રસ્તામાં પડેલી જોઇહતી પણ મેં તે લીધી નહોતી પણ તમે પાછળ આવતાં હતાં તેથી મેં વીચાર્યું કે જો કે હું મારૂં મન કાબુમાં રાખી શક્યો અને તે સોનાની ઈંટ મેં લીધી નહિ પણ તમે સ્ત્રીની જાત કદાચ લલચાઇ જાઓ અને તે ઈંટ ઉપાડી લ્યો માટે મેં તેના ઉપર ધુળ વાળી. જેથી રસ્તે ચાલતાં તમે તેને દેખી શકો નહિ. ત્યારે વાંકાએ તેને કહ્યું કે તમે આટલી બધી ભક્તિ કરી તોપણ હજી તમે કંઇ સમજ્યા નહિ ? તેને સોનાની ઈંટ તરીકે તમારે શું કરવા જાણવી પડી ? કે જેથી તમારે તેને ઢાંકવી પડી તમારે તેને ધુળ બરાબર સમજવી જોઇતી હતી એટલે ઉપર ધુળ વાળવાની જરૂર પડત નહિ. તે સાંભળીને રાંકો ઘણો ખુશ થયો અને તેણે કહ્યું કે તમારી સમજણ આગળ મારી સમજણ કંઇ હિસાબની નથી તમારી ભક્તિજ ખરી છે. તમારી ભક્તિ વાંકી છે માટે તમે વાંકા અને મારી ભક્તિ રંક અને ઓછી વજનની છે માટે મારૂં નામ રાંકા છે તે યોગ્ય છે એમ કહી તેણે સ્ત્રીનાં વખાણ કર્યાં પછી ભગવાને નામદેવને કહ્યું કે હવે તમે જોયું? જુઓ ! તે બન્ને જણમાંથી કોઇએ તે ઈંટ લીધી નહિ ત્યારે મારે હવે તેમને કેવી રીતે દ્રવ્ય આપવું ત્યારે નામદેવે કહ્યું કે તે બધું ખરૂં પણ તે બિચારાં ઘણાં દુઃખી થાય છે માટે તમારે તમારી બીજી રીતે પણ કંઇક આપવું જોઇએ, ત્યારે ભગવાને નામદેવને કહ્યું કે સારો કરીને બતાવી જાતનું. એમ કહી તેમને વગડામાં લેઇ ગયા અને ત્યાં તેમણે લાકડાં વીણી વીણીને ઢગલીઓ કરી દીધી. એવા વિચારથી કે રાંકા વાંકાને લાકડાં વીણતાં મેહનત થવું પડે નહિ અને તેમને વિના શ્રમે લાકડાં તૈયાર મળે. તો તેઓ લે

એ ફેરા વધારે વેચી આવે. જેથી તેમને તેટલું વધારે મળી શકે. ત્યારે રાંકા વાંકા સમજ્યાં કે આ લાકડાં કોઈ ભિખારી વીણીને મુકી ગયો હશે માટે આપણે તે લેવાં નહિ, એમ સમજી જ્યાં જ્યાં તેમણે તે વીણેલાં લાકડાં દીઠાં ત્યાંથી તજ્યાં તેઓ આગળ ગયાં એટલે કુ-લડું તેમને મેળું થયું અને એક ફેરો ઓછો કરી શક્યાં એ પ્રમાણે તેમની કુદરતી ભક્તિ જોઈને ભગવાને તેમને પ્રગટ દર્શન દીધાં. એકવાર રાંકા વાંકાની છોકરી કુવે પાણી ભરવા ગઈ હતી ત્યાં કુવા ઉપર નામદેવની છોકરી પણ પાણી ભરવા આવી હતી અને તેને ઘડે કંઈ છાંટો ઉડ્યો તે ઉપરથી તે બન્ને બાઈઓને વાંધો તકરાર થઈ અને પાછી તેઓ મેણાં ટોણાં ઉપર ઉતરી પડીઓ. ત્યારે રાંકા વાંકાની છોકરીએ નામદેવની છોકરીને મેણું માર્યું કે તારો બાપનો ચોર ફેરીઓ છે કારણ કે તે ભગવાનની ભક્તિ કરીને પછી તેમની પાસે પોતાનું કામ કરાવે છે. એટલે તે હકીકત તેણીએ ઘેર જઈને તેના બાપ નામદેવને કહી એટલે નામદેવ ત્યાં જઈને રાંકા વાંકા પાસે ગયો અને તેમને નમસ્કાર કરીને કહ્યું કે તમારી છોકરી કહે છે કે તારો બાપ ચોર ફેરીઓ છે, તે ભગવાનની ભક્તિ કરી તેમને પ્રસન્ન કરીને તેમની પાસે તે કામ કરાવે છે. માટે તે તેણીનું કહેવું સાચું છે હું તમારા જેવી ભક્તિ કરી જાણતો નથી માટે હે મહારાજ! હવે તમે મને તમારો ભક્ત બનાવી શીખવો. એમ કહી નામદેવ રાંકા વાંકાને નમી પડ્યો.

मुल छप्पय छंद.

परअर्थ परायन भक्त ये कामधेन कलीजुगके
लक्षगन लफालहुरा जोधपुर त्यागी
सुरज कुंभनदास बिमानी खेम बैरागी
भावन विरही भरत नफर हरिकेशो लुटेरो
हरिदास अजोध्या चक्रपानि दियो सरजु तट डेरा
तिलोक पुरुषरदिदिजुली उधव्र वनचर वंसज
परर्थ परायन भक्त ये कामधेन कलीजुगके

લડુ ભક્તનો પ્રસંગ.

લડુ ભક્ત કરીને એક મહાત્મા થઈ ગયા. તે પોતાના ગામથી નીકળીને ફરતા ફરતા કોઈ નિર્ગુણ લોકના દેશમાં જઈ ચઢ્યા. ત્યાં તે નિર્ગુણ લોકો દેવીના ઉપાસક હતા. અને તેમનામાં પોતાની ઇષ્ટ દેવીને માણસનો ભોગ આપવાનો રિવાજ હતો. અને તેથી તેમને મનુષ્ય વધ કરવામાં પણ દયા આવતી નહોતી. એકવાર તેઓ આ પ્રમાણે પોતાની દેવીની પુજા કરતા હતા અને તેને ભોગ આપવાને કોઈ માણસની શોધ કરતા હતા તેવામાં તેમણે લડુ ભક્તને ત્યાં જોયા એટલે તેમને પરદેશી જાણી તેમને પકડી લાવ્યા અને પછી તેને સ્નાન કરાવી તથા વસ્ત્ર આભુષણ પહેરાવીને દેવીને ભોગ આપવા સારૂ તેને દેવીની આગળ ઉભો કર્યો અને પછી તેની ચારે તરફ નાગી તરવારો સાથે પહેરો મુક્યો. જેથી તે નાશી જાય નહિ. લડુભટ પોતે એક ચારૂ ભક્તરાજ હતો તેથી તે કાંઈ બોલ્યો નહિ અને જેમ કર્યું તેમ તેણે તેમને કરવા દીધું પણ તેમની દેવીથી તે સહન થઈ શક્યું નહિ. અને દેવીએ વિચાર્યું કે આ કોઈ મહાત્મા છે જો તેઓ વગર સમજે તેમને મારી નાંખશે તો ઘણુ

અપકીર્ત થશે. પછી તે મુર્તી ફાટી અને તેમાંથી એક વિકાળ રૂપે દેવી પ્રગટ થયાં અને ત્યાં જેટલાં માણસો સહુ ભકતને મારવાને ઉભાં હતાં તે બધાંને તેણે મારી નાંખ્યાં એટલે બીજા લોકો ત્યાંથી જીવ લેઈને નાશી ગયા. પછી તે દેવીએ ભકતના આગળ નાચ કરવા માંડયો અને તેમનામાં સાધુ ભાવ લાવીને તેમને આધીન થઇ ગઇ. આ પ્રમાણે તેમની ભકિતના પ્રતાપે તે દેવીએ તેમની રક્ષા કરી.

શ્રી સંતભક્તનો પ્રસંગ.

શ્રીસંત ભકત એક ઘણા અનુરાગી મહાત્મા હતા. તે ગામે ગામ ફરીને ભીક્ષા માગી લાવતા અને પોતાનું ગુજરાન ચલાવતા. એકવાર એક બીજો સંત તેમને ઘેર આવ્યો ત્યારે તે ઘેર નહોતા. એટલે તેમણે તેમની સ્ત્રીને પુછયું કે સંત કયાં ગયા છે? ત્યારે તેણીએ કહ્યું કે સુવામાં. કારણ કે તેણી પોતાના ધણીને લીધે સાધુઓની ચાકરી કરતાં થાકી ગએલી હતી અને તે વખતે તેણી રસોઇ કરીને પરવારેલી હતી અને તેમાં વળી આ સાધુ ફરીને હેરાન કરશે એમ સમજી તેણીએ કંટાળી જઇને તે જવાબ આપ્યો ત્યારે તે સાધુએ વિચાર કર્યો કે તે પોતાના ધણીને તો સુવામાં ગએલો કહે છે ત્યારે મારી શેવા તે શું કરશે? એમ વિચારી તે ત્યાં ટકયો નહિ પણ ત્યાંથી બીજે ગામ જવા નીકળ્યો. ત્યાં રસ્તામાં તેને સંત ભકત મળ્યા એટલે સંત ભકતે તેને પાછો વળ્યો ત્યારે તેણે કહ્યું કે હું તમારે ઘેર ગયો હતો પણ તમે ત્યાં નહોતા તેથી મેં તમારી સ્ત્રીને પુછયું કે ભકત કયાં ગયા? ત્યારે તેણીએ મને કહ્યું કે સુવામાં ગયા એટલે તે ઉપરથી મેં જાણ્યું કે જે પોતાના ધણીને આમ કહે છે તે મારી શેવા શું કરશે? અને તે ઉપરથી હું બીજે ગામ જવા નિકળ્યો છું ત્યારે શ્રીસંતભકતે તેને કહ્યું કે તમે તેના ઉપર ખોટું લગાડશો નહિ. મારી સ્ત્રી તો ઘણી પ્રેમી છે. અને સાધુની શેવા તે ઘણી સારી કરે છે. એને સુવાની વાત તેણે ખોટી કહી નથી. કારણ કે સંત શેવાને પ્રતાપે તેને બધી વાતની પ્રગટ ખબર પડે છે. સુવામાં ગયાનું જે તેણીએ કહ્યું તે, તે વખતે હું સુવાનો વિચાર કરતો હતો કે મેં આ શાક સામાન તો લીધું પણ હવે ઘેર જઇ સુવો સળગાવીને રસોઇ કરીશ ત્યારે સંતને મારાથી જમાડી શકાશે. એ પ્રમાણે તે વખતે મારૂં મન સુવા તરફ હતું તેથી તેણે તે વાત સાચી કહી માટે તે ઉપર તમારે ખોટું લગાડવું નહિ. માટે તમે પાછા ચાલો. એમ કહી તેમને પાછા વળાવી તેમના મનનું સમાધાન કર્યું જેથી તે સાધુ પ્રસન્ન થયા.

ત્રીલોક ભકતનો પ્રસંગ.

પુર્વ દેશમાં એક નામના શહેરમાં ત્રીલોક નામનો એક સોની રહેતો હતો અને તે ત્યાંના રાજાના સોનીનું કામ કરતો હતો. તે પ્રેમી ભકતરાજ હતો અને સાધુ શેવામાં તે તત્પર રહેતો હતો. એકવાર તે રાજાને ત્યાં વીવાહ આવ્યો ત્યારે પોતાની કુંવરીને સારૂં ઝાંઝર ઘડાવાં છે એમ કહી રાજાએ તેને બે ઝાંઝરીઆં ઘડવાને સોનું આપ્યું. અને તેને લગન ઉપર તૈયાર કરી લાવવાનું કહ્યું. ત્રીલોકને ઘેર સાધુઓનો આવજા વધારે રહેતો હતો તેથી સાધુ શેવામાંથી તેને જરાપણ ફુરસદ મળતી નહોતી કે જેથી તે ઝાંઝર બનાવી શકે. અને તેથી રાજાનાં માણસ રોજ ઉપરા ઉપરી ફેરા ખાતાં. છેવટે જ્યારે લગનને બેચાર દીવસ બાકી રહ્યા ત્યારે રાજાએ ગુસ્સે થઇને પોતાના સીપાઇઓને હુકમ કર્યો કે તમે ત્રીલોકને બાંધી લાવો અને તેને ગરદન મારો. ત્રીલોકને તે વાતની ખબર પડી એટલે તે પોતાનું ઘર છોડીને ધારશીનો માર્યો વગડામાં નાશી ગયો. અને

ત્યાં સંતાઇ બેઠો. પછી તે સીપાઇઓ તેને ઘેર ગયા ત્યારે તેમણે ત્રીલોકને જોયો નહિ તેથી
તેમણે બધે ઠેકાણે તેની તપાસ કરી પણ કોઇ ઠેકાણેથી તે જડી આવ્યો નહિ. ભગવાનને
ત્રીલોક વિષે ચિંતા થઇ કે તે બિચારો સાધુ સેવા કરતો પરવાર્યો નહિ અને તેથી તે ઝાંઝર
બનાવી શક્યો નહિ એટલે તે રાજા તેને ભારે દુઃખ દેશે. એમ વિચારી પોતે ત્રીલોકનું
રૂપ લેઇને હાથમાં અમુલ્ય ઝાંઝર લેઇને તે રાજા પાસે ગયા અને તેને તે આપ્યાં એટલે રાજા
તે જોઇને ખુશી થયો અને તેની કારીગરીની તારીફ કરીને તેણે તેને કેટલુંક દ્રવ્ય ઇનામ આ-
પ્યું. તે લેઇને તેમણે ત્રીલોકના રૂપે ત્રીલોકને ઘેર મુક્યું. અને ત્યાં એક મોટો ઓચ્છવ કર્યો.
અને ત્યાં ઘણા સાધુને તેમણે સારી રીતે જમાડયા. અને તેમને નાના પ્રકારનાં પકવાન જે માગે
તે પ્રમાણે પુરાં પાડ્યાં અને પછી બધા સાધુઓને વિદાય કર્યા. અને પછી પોતે ત્યાંથી અંત-
ર્ધ્યાન થયા. અને એક સાધુનું રૂપ લેઇને તથા પોતાના ખોળામાં પકવાનની પ્રસાદી ભરીને જ્યાં
ત્રીલોક બેઠો હતો ત્યાં ગયા અને ત્યાં ત્રીલોકને તે આપીને તેમણે તેને કહ્યું કે લે આ પ્રસાદ તું
ખા. તું અહીં ભુખ્યો કેમ પડી રહ્યો છે? તું ત્રીલોકને ઘેર જા તો તને આવું ઘણું પકવાન મ-
ળશે. કારણ કે હાલ તેણે એક મોટો ઓચ્છવ કર્યો અને તેણે ઘણું પકવાન લુંટાવી દીધું. એમ
કહીને પોતે ત્યાંથી આગળ ગયા અને અંતર્ધ્યાન થઇ ગયા. પછી ત્રીલોકે વિચાર્યું કે ત્રીલોક તો
હું પંડે છું અને તે અહીંયાં બેઠેલો છું અને મારે ઘેર ત્રીલોકે પકવાન લુંટાવ્યું એવું જે તેમણે
કહ્યું તે શી રીતે? તે વાત ભગવાન વગર બીજા કોઇની નથી એમ વિચારી તે પોતાને ઘેર
ગયો તો તેણે તે પ્રમાણે થયેલું જોયું. ભગવાને ત્રીલોકના રૂપે રાજાને ત્યાં ઝાંઝર પહોંચાડયાં
અને ત્યાંથી ઇનામ લાવ્યા અને દ્રવ્યથી પોતાને ઘેર સાધુ જમાડીને ત્રીલોકના રૂપથી ભગવાને
ઓચ્છવ કર્યો તે વાત વિચારીને ત્રીલોકે ભગવાનનો શુકર માન્યો અને પછીથી તે વધારે ભાવ
લાવીને સાધુ સેવા કરતો રહ્યો.

मूल छप्पयछंद.

भिलाश अधिक पुरनकर नये चिंतामनी चतुरदास।
सोम भिम सोमनाथ हिको बिसरावा लखमन ध्याना।
महदा हुकुंद गनेस त्रीविक्रम रघुजग जाना।
बालमीक वृध व्यास जगनझाजुं बिठल आचारज
हरि जुलाला हरिदास बांहबल राघौ आरज
लारवां छितर उधव कपूर घांट मधुरी कियो मकास
अभिलाष अधिक पुरन करन ये चिंतामनि चतुरदास
भरतपाल दिग्गज जगत एथी नाइत सुरधीरे
देबानंद नरहरीया नंद मुकुंद महीपती संतराम तंबोरी
खेम श्रीरंग नंद बिसन वीदा बाजु सुत जोरी
छीत मद्वारीका दास माधव मांडन रुपा दामोदर
मल नरहरि भगवान बाल कान्हर केशौ शोहैयर
दास मयाग लोहंग गोपाळ नागु सुत महाभक्त धीर
भक्तपाल दिग्गज भगत एथा नाइत सुधीर

बद्रीनाथ उडीसे द्वारिका सेवक सबहरि भजनपर
केसो पुनि हरिनाथ भीपरेवता गोविंद ब्रह्मचारी
दीक्षित प्रेम बल भरत अच्युत अपायाहुत धारी
पंडा गोपीनाथ मुकुंद गजपति महाजस
गुजराति पि जस गोपाल ध्यानभ हरिका सरस
श्री अंग सदा सानिधरहे कृत पुंन्य पुंजे भाग भालभर
बद्रीनाथ उडीसे द्वारीका सेवक सब हरि भजनपर

પ્રતાપરૂદ્ર જગપતિનો પ્રસંગ.

પ્રતાપરૂદ્ર જગપતિ કરીને જગન્નાથજીના એક સાત્વિક ભક્ત થઇ ગયા તે એમ વિરક્ત દશામાં રહેતા હતા કે તેમનો ત્યાગ જોઇને કોઇક કોટી સન્યાસી પણ ત્યાં જગન્નાથજીના ઠાકોરજી આગળ નાચ નાચતા અને ઠાકોરજી ઉપર ઘણો પ્રેમ લાવતા અને તે ઉપરથી ઠાકોરજીએ તેમને પોતાનું પ્રગટ દર્શન દેઇને તેમના સાથે છાતીએ છાતી લગાવીને ભેટ્યા હતા અને એ પ્રમાણે ઠાકોરજીએ તેમને પ્રેમના સાગરમાં ડુબાવી દીધા હતા જેથી તેમને ઘણો હર્ષ થયો હતો.

मुल छप्पय छंद.

हरि सुजस प्रचुर कर जगतमें ये कविजन अतिशय उदार
विद्यापति ब्रह्मदास बहोरन चतुर बिहारी
गोविंद गंगाराम लालचर सानियां मंडारी
प्रिय ध्यान परसराम भक्तभाइ खाटीका नंदसेवनकी छापकवीतकेसौकोनीको
आस करन पुरन नृपति भीषम जन दयालगुन नहिनपार
हरि सुजस प्रचुर कर जगतमे ये कविजन अतिशय उदार

શ્રી ગોવિંદ સ્વામીનો પ્રસંગ.

ગોવિંદસ્વામીએ આગલા જન્મે સુભાવે ભગવાનની ભક્તિ કરી હતી તેથી આ જન્મે ગોવર્ધનનાથ ઠાકોરજી શ્રી કૃષ્ણદેવ તેમના મીત્રરૂપ થઇને તેમની સાથે રમવાની ક્રીડા કરતા. ગોવિંદસ્વામી પોતે નાની વયના હતા ત્યારે ગીલ્લીદંડા રમતા અને મંદીરમાંથી ઠાકોરજી એક નાના છોકરાનું રૂપ લેઇને તેમની સાથે ગીલ્લીડંડે રમવા જતા. એકવાર રમતાં રમતાં જ્યારે ઠાકોરજીને માથે દાવ આવ્યો ત્યારે તે દાવ લેઇને પોતે મંદીરમાં નાશી આવ્યા અને મુર્તીરૂપ બનીને સિંહાસનપર બેશી ગયા એટલે તેમનો બાળબંધુ તે દાવ માગવા સારૂ તેમની પછાડી આવ્યો એટલે ઠાકોરજીના પુજારીઓ તેનો ભેદ જાણ્યો નહી તેથી તેને મંદીરની અંદર પેસવા દીધો નહી અને તેને ધક્કા મારીને કાઢી મુક્યો અને તેમણે મંદીરનાં બારણા વાશી દીધાં એટલે તેણે પોતાના બાળબંધુને ઘણાં મેણાં માર્યાં અને તેમને કહ્યું કે હાલ મારો દાવ લઇને તમે મંદીરમાં ભરાઇ ગયા પણ હવે જો થોડીવાર બાહાર નીકળો તો હું તમને ઠેઠ પોહોંચાડુ એમ કહી તે બારણા ઉપર ધુળ તથા ઇંટા ફેંકવા લાગ્યો અને ઘણીવાર સુધી

તેમની વાટ જોઈને તે ત્યાં બહાર બેસી રહ્યો પણ ઠાકોરજી બહાર નિકળ્યા નહિ ત્યારે થાકીને તે ત્યાંથી ગયો અને ઠાકોરજી ઉપર રીસ ચઢાવી અને તે ત્યાંથી એક કુંડ ઉપર જઈને દુર બેઠો પછી ઠાકોરજીને જ્યારે ભોગ ધરાવવાની વખત થઈ ત્યારે ઠાકોરજી પોતાના પુજારી સાથે બોલ્યા કે તમે મારા બાળમિત્રને ધક્કા મારીને કાઢી મુક્યો માટે તેને મારા ઉપર ઘણી રીસ ચઢી છે. માટે હવે હું ભોગ લેવાનો નથી માટે જો તમે તેને મનાવીને અહીંયાં પાછો તેડી લાવો અને તેને ખુશ કરો તો હું ભોગ લેઉં કારણ કે અમે બન્ને જણ રોજ વનમાં જઈને ભેગા રમીએ છીએ અને ત્યાં અમે રોજ મારા મારી કરીએ છીએ અને આજ તેણે મને રમતમાં માર માર્યો હતો અને તેના સોળ પણ મારી પીઠે પડેલા તમે જુઓ એમ કહી તેમણે પોતાની પીઠે સોળ બતાવ્યા પછી તેમણે કહ્યું કે તે મારો પરમ પ્રિય મિત્ર છે માટે તેનો ભેદ તમે કાંઈ જાણતા નથી માટે તમે તેને મનાવીને અહીં તેડી લાવો. અને તેને ખુશ કરો. તે સાંભળીને તે પુજારી બહાર નિકળ્યો અને તેને શોધી કાઢ્યો અને તેની વિનંતી કરી તેને કહ્યું કે ઠાકોરજી તારા વગર ભોગ લેતા નથી અને તે કહે છે કે અમે બન્નેજણ પરમ મિત્ર છીએ અને રોજ ભેગા રમીએ છીએ અને આજ હું તેનો હાર લેવાને આવ્યો હતો ત્યારે તમે તેને એક સાધારણ છોકરૂં સમજીને તેને ધક્કા મારીને કાઢી મુક્યો અને તેથી તે રીસાઈ ગયો માટે જો તમે તેને મનાવી લાવો તો હું ભોગ લેઉં. માટે તમારો ભેદ જાણ્યા વગર અમે તમને જે ધક્કા માર્યા તે તમે અમને માફ કરો અને તમે મંદીરમાં ચાલો પછી પુજારીએ બે થાળમાં રસોઈ પીરસી ત્યારે તે છોકરાએ પુજારીને કહ્યું કે તમે મને ઠાકોરજીના પહેલું ખાવા આપો. કારણ કે જો-તમે ઠાકોરજીને પહેલું ખાવા આપશો તો તે બધું ખાઈ લેઈને પછી વગડામાં નાસી જશે. તો પછી હું તેમને ક્યાં શોધતો રહીશ? ત્યારે પુજારીએ ત્યાંના મહંતને તે પુછ્યું એટલે મહંતે તેને તેમ કરવા હા કહી એટલે મહંતની આજ્ઞાથી તેણે તે છોકરાને પહેલો જમાડ્યો એટલામાં તે છોકરાની મા તેને શોધતી શોધતી ત્યાં આવી અને તેને પુછ્યું કે આજ આટલી બધીવાર સુધી તું ક્યાં રમવા રહ્યો હતો? ત્યારે તે છોકરાએ તેને કહ્યું કે અહીં ભોગનો વખત થયો હતો તેથી હું પ્રસાદ લેવાને અહીં રહી રહ્યો એટલે આજ મને ઘણી વાર થઈ. પછી તેની મા તેને લઈને ઘેર ગઈ. પછી થોડીવાર રહીને તે છોકરો પાછો મંદીરમાં આવ્યો એટલે ઠાકોરજીએ છોકરાનું રૂપ લીધું અને પછી બન્નેજણ વગડામાં રમવા ગયા. અને ત્યાં તે છોકરાએ પોતાનો હાર ઠાકોરજી પાસેથી લીધો પછીથી તે છોકરો રોજ તે પ્રમાણે ભોગ વખતે મંદીરમાં જતો અને ત્યાં પહેલું ખાવાનું પોતે માગતો. એકવાર કોઈકને રીસ ચઢી ગઈ કે ઠાકોરજીને ધરાવ્યા વગર આ છોકરાને સૌથી પહેલું ખાવાને કેમ અપાય? માટે આ તો અનાચાર કહેવાય. માટે જો ઠાકોરને તેમજ કરાવવું હોય તો આજથી હું તેમની સેવા મુકી દઉં છું. એમ કહી તેણે રજા માગી. ત્યારે મહંતે તેને કહ્યું કે તેને તું છોકરૂં જાણ નહિ પણ તેનો પુર્વ જન્મનો ઠાકોરજીનો પરમભક્ત છે અને તેણે પુર્વ જન્મે ઠાકોરજીની સખા ભાવે ભક્તિ કરેલી હતી માટે આ જન્મમાં ઠાકોરજી તેની સાથે સખા ભાવે રમે છે માટે તે છુપા ભેદને આપણે સમજી શકીએ નહિ પણ ઠાકોરજીના ભેદને ઠાકોરજીજ સમજે.

मुल छप्पय छंद.

जे बसे बसत मथुरा मंडल ते दयादृष्टि मोपर करौ
रघुनाथ गोपिनाथ राम भद्रदास स्वामी

गुंना माली चितउत्तम विठ्ठल मनहर निहकामी
जदुनंदन रघुनाथ रामानंद गोविंद मुर्ली सोनी
हरीदास मीश्र भगवान मुकुंद केशो दंडोति
चतुर्भुज चरित्र विष्णुदास बेनीपदमो सिरधरी
जे बसे बसत मथुरा मंडल ते दया द्रष्टि मोपर करी

ગુંજા માલીનો પ્રસંગ.

લાહોરમાં ક્ષત્રીવંશમાં ઉત્પન્ન થયેલો ગુંજા નામનો એક માળી પરંભક્ત હતો તે ગુંજાદાર હાર બનાવતો તેથી તેનું નામ ગુંજા માળી પાડયું હતું. તેને એક છોકરો હતો અને તે જ્યારે મરી ગયો અને તેની સ્ત્રી વિધવા થઇ ત્યારે તેણે તે સ્ત્રીને પુછયું કે હવે તારે શું કરવાની ઇચ્છા છે? ત્યારે તેણીએ તેને કહ્યું કે મારો ધણીતો હવે મરી ગયો અને આ સંસાર નાશવંત છે માટે હવે બીજો પતી કરવાની મારી ઇચ્છા નથી તેમજ મને કોઇ પણ પદાર્થ ઉપર હવે રૂચી નથી માટે તમે મને ઠાકોરજીની સેવા આપો એટલે હવે હું પરમેશ્વરનું ભજન કરૂં. એટલે તે સાંભળીને તેના સસરાએ તેને ઠાકોર સેવા સોંપી એટલે એટલે તેણીએ પછી ઘણો ભાવ લાવીને ઠાકોર શેવા કરવા માંડી અને તેમાં તેણે ઠાકોરજીને પોતાના છોકરા માફક ગણવા માંડયા અને એ પ્રમાણે પુત્ર ભાવે શેવા કરી તેથી જ્યારે તેના પાડોશમાં બીજા છોકરાં રમતાં હતા ત્યારે તે ઠાકોરજી એક છોકરાનું રૂપ લેઇને રોજ તેમના ભેગા રમવા જતા પણ તે બાઇ કંઇ જાણતી નહોતી. એકવાર રમતાં રમતાં તે ઘરમાં આવતા રહ્યા ત્યારે બધાં છોકરાંએ તેમની પછવાડે આવીને તેમના ઘરનાં બારણાંને ધુંગને કાંકરા ફેંકવા માંડયા ત્યારે તે બાઇ ઘરની બહાર નીકળી અને તેણે તે છોકરાંને ધમકાવ્યાં. ત્યારે તે છોકરાંએ તેણીને કહ્યું કે તમારો છોકરો અમારો દાવ લેઇને ઘરમાં પેશી ગયો છે માટે તેને તમે બહાર કાઢો એટલે અમે તેની સાથે રમીએ. પણ તે બાઇએ તે કંઇ ગણકાર્યું નહિ અને તે છોકરાંને ત્યાંથી કાઢી મુકયાં. પછી જ્યારે તે બાઇ ઠાકોરજીને ભોગ લગાવવા ગઇ ત્યારે ઠાકોરજીએ તે બાઇ પ્રત્યે કહ્યું કે તમે મારા ભાઇબંધોને આજ રીસાવ્યા છે માટે આજ હું ભોગ લઇશ નહિ માટે જો તમે તેમને બોલાવી લાવી તેમને મનાવો તો હું ભોગ લઉં કારણ કે તે છોકરાંઓ સાથે હું રોજ રમુછું અને જો કે તેઓ મને મારે છે તોપણ હું તેમનો માર સહન કરૂંછું. તેઓ મારા પરમમિત્ર છે. એમ કહી ઠાકોરજીએ તે બાઇને પુત્ર રૂપ ભક્તિ ભાવ બતાવ્યો.

मुल छप्पयछंद.

कलिजुग जुवती जन भक्त राज महिमा सब जाने जगत॥
सीता झाली सुमाते सोभा प्रभुता उमा भटियानी ॥
गंगा गौरी कुंवरि उदि ढागु राणी गणेसदे रानी ॥
कला लषा क्रत गढैमान मती सुची सत भामा ॥
जमुना केली रामा राणा देवी वे भक्तनि विश्रामा ॥
जुगजे बाकीकी कमला देवकी हीरां हरिचेरी पोषे भगत॥
कलिजुग जुवती जन भक्त राज महिमा सब जाने जगत॥

ગણેશદે રાણીનો પ્રસંગ.

મધુકર કરીને ત્રણીવાની જાતનો એક રાજા હતો અને તેને ગણેશદે કરીને એક રાણી હતી અને તે બન્ને રાજા રાણી સાધુ સેવા સારી રીતે કરતાં તેથી તેમને ત્યાં ઘણા સંત સાધુ આવતા જતા રહેતા. એકવાર એક સાધુ આ પ્રમાણે તેમને ત્યાં આવ્યો અને તે તેમની સેવા ચાકરીનું સુખ જોઇને ત્યાં જાણુંકને માટે રહ્યો. પછી એકવાર જ્યારે તે રાજા કંઇ બહાર ગામ ગયો અને રાણી ઘરમાં એકલી હતી ત્યારે તે સાધુ એક છરો લેઇને તે રાણી પાસે ગયો અને તેણે તેણીને કહ્યું કે મને દ્રવ્યની થેલી બતાવ. નહી તો હું છરો મારીને મારી નાંખીશ. ત્યારે તે રાણીએ તેને કહ્યું કે દ્રવ્યની વાત તો હું કંઇ જાણતી નથી પણ જ્યારે રાજા આવશે ત્યારે હું તમને તમે માગશો તેટલું તેમની પાસેથી અપાવીશ. ત્યારે તે સાધુ પોતાનું કપટ જાહેર થવાની બીકથી તે રાણી ઉપર છરો ફેંકીને ત્યાંથી નાશી ગયો. જે તેણીને જાંગ ઉપર વાગ્યો પછી તે રાણીએ વિચાર્યું કે જો આ વાત રાજા જાણશે તો પછી તેને સાધુ સેવા ઉપરથી અભાવ થશે માટે તે વાત રાજાથી તેણીએ છુપાવી રાખી. પછી જ્યારે રાજા ઘેર આવ્યો ત્યારે તેણીએ તેને તે વાત કહી નહી પણ તેને કહ્યું કે મને રજસ્વળા થઇ છે માટે તમે મારી પાસે આવશો નહી એમ કહી તેણી ખાટલામાં સુઇ રહી. અને પગે પાટો બાંધ્યો પછી જ્યારે ચાર દિવસ થઇ રહ્યા ત્યારે રાજાએ તેણીને પુછ્યું કે ચાર દિવસ તો થઇ ગયા પણ હજી તું કેમ ઉઠતી નથી? તને કંઇ દુઃખ થતું હોય તો તે તું મને કહી દે ત્યારે તેણીએ તેને કહ્યું કે પેલો સાધુ જે રોજ આપણે ઘેર રહેતો હતો તેણે તમારા ગયા પછી ધન બતાવવાનું મને કહ્યું પણ હું તે કંઇ જાણતી નહોતી તેથી મેં તે બતાવ્યું નહી એટલે તે રીસાઇને જતો રહ્યો પણ તેના હાથમાં એક છરો હતો તે પડી ગયો એટલે તે મારી જાંગે વાગ્યો. તે સાંભળી રાજાએ વિચાર કર્યો કે જો કે તે મોઢે કહેતી નથી પણ સાધુએ તેને છરો માર્યો હોવો જોઇએ. એમ વિચારીને તેણે તેને શોધી લાવવા માણસો મોકલ્યાં પણ તે કોઇ ઠેકાણેથી જડી આવ્યો નહીં. પછી રાજાએ ત્યારથી સાધુ સેવા કરવાનું બંધ કર્યું ત્યારે રાણીએ તેને ઘણો સમજાવ્યો કે બધા સાધુ તેવા હોતા નથી માટે તમારે આ પ્રમાણે સાધુ સેવા બંધ કરવી નહીં. ત્યારે રાજા સાધુ સેવા ચાલતી રાખી પણ પછીથી તેણે પોતાના મેહેલમાં સાધુઓને રાખવાનું બંધ કર્યું.

मुल छप्पयछंद.

हरि के संपत जे भगत ते दासनिके दास ॥
नरवांहन वाहन बरी रजा पुजै मल विदावत ॥
जयंत धाग रूप अन्न भइ उदा रावत ॥
गंभीरे अर्जुन जनार्धन गोविंदजीता ॥
दामोदर सां पि लेव गदा इश्वर हेप वि दिता ॥
पद्मानंद माहिमा अनंत सुबोले तुलसी दास ॥
हरिके संपतजे भगत ते दासनिके दास ॥

નર્વાહનજીનો પ્રસંગ.

નર્વાહન કરીને એક રાજાનો દીવાન હતો તે ઘણો પ્રેમી ભક્ત હતો અને રાધા વલ્લભ ગુરૂનો શીષ્ય હતો. તે એકવાર ગાડાનાં ગાડાં ભરી જમનાજીમાંથી આવતો હતો તે વખતે એક ભીલ રાજાએ ચોરીમાં વહાણ મુકાવે તેને લુંટી લીધો અને તેને બંદીખાને નાંખ્યો. તેને એક ચાકરડી રોજ ખાવાનું ભેંકાચાડી આપતી. તે ચાકરડીએ જ્યારે તેને પુછ્યું કે તમે કોણ છો? ત્યારે તેણે કહ્યું કે હું રાધા વલ્લભનો શિષ્ય છું અને અમુક ગામનો દીવાન છું. ત્યારે તે લોંડીએ તેને કહ્યું કે અમારો રાજા પણ રાધા વલ્લભનો શીષ્ય છે અને તેથી તે ગુરૂ ઉપર તથા તેમના જે શીષ્ય હોય તેમના ઉપર ઘણો સારો પ્રેમ રાખે છે. માટે જ્યારે તે અહીં આવે ત્યારે તમે રાધા વલ્લભનું નામ લેજો. એટલે તે ઉપરથી તેણે જ્યારે તે રાજા ત્યાં આવ્યો ત્યારે તેણે કહ્યું કે રાધા વલ્લભ જે કરીએ છીએ થયા તે. ત્યારે તે રાજા સમજ્યો કે તે આપણા ગુરૂનો શિષ્ય લાગે છે એમ જાણી તે તેના સાથે ભેટીને મળ્યો અને તેના લુંટેલા માલ તેને પાછો આપ્યો અને તેને પગે પડ્યો અને તેણે પોતાના અપરાધની માફી માગી, અને પછી તેણે તેને પોતાને ઘેર પાછો વિદાય કરી દીધો.

मुल छप्पय छंद.

श्रीमुख पुजा संतकी आपुनतें अधिकी कही ॥
यहे बचन पर मानदास गांवरी जटियाले भाइ ॥
बुंदी बानिया रामदास मंडो ते मोहन बारी दाउ ॥
म डो ठी जगदीस दास लछमन चट थावलभारी ॥
सुन पंथमें भगवान सबे स ल्खान गुवाल उधारी ॥
जोबनेर गोपालके भक्त इष्ट ता निर बही ॥
श्रीमुख पुजा संतकी आ नतें अधिकी कही ॥

ગોપાલજીનો પ્રસંગ.

જોબનેર નામના ગામમાં ગોપાલ કરીને એક ભક્ત હતો તે ઘણો વિરક્ત દશામાં રહેતો હતો અને તે સાધુ સેવા સારી રીતે કરતો હતો. એકવાર એક સાધુ તેની પરીક્ષા લેવા તેને ઘેર આવ્યો એટલે ગોપાલ ભક્તે તેને આદર સત્કારથી પોતાના ઘરમાં બોલાવ્યો ત્યારે તે સાધુએ કહ્યું કે તમારા ઘરમાં તમારી સ્ત્રી ફરે છે અને હું કોઈ સ્ત્રીનું મોં જોતો નથી માટે હું અંદર નહી આવું ત્યારે ગોપાળ ભક્તે ઘરમાં જઈને પોતાની સ્ત્રીને કહ્યું કે તું રસોડામાં જતી રહે. કારણ કે આ સાધુ સ્ત્રીનું મોં જોતા નથી માટે તું રસોડામાં રહેજે બહાર નીકળીશ નહી. એમ કહી પછી તે સાધુને તે અંદર તેડી ગયા અને ત્યાં તેને જમવા બેસાડ્યો, અને તેને પોતે પીરસવા માંડ્યું અને તેમની સ્ત્રીએ તેમને જે જોઈએ તે રસોડા-માંથી આપવા માંડ્યું. એમ કરતાં તો સાધુએ અચાનક તે સ્ત્રીનું મોં જોયું એટલે તેણે ગોપાલ ભક્તને કહ્યું કે તારી સ્ત્રીએ મને મોં બતાવ્યું માટે હું જાઉં છું. એટલે ગોપાલ ભક્ત રસોડામાં ગયો અને તેણે પોતાની સ્ત્રીના મોં ઉપર એક તમાચો માર્યો ત્યારે તેણીએ તેમને

કહ્યું કે મારા એક ગાલનો અપરાધ ન હોતો પણ બન્ને ગાલ ગણી મારૂં મોં બતાવ્યું છે માટે તમે બીજે ગાલ ધર્યો એટલે તેમણે બીજે ગાલે તમાચો માર્યો. તે જોઇ તે સાધુ વિસ્મય પામ્યો. અને આ પ્રમાણે પરીક્ષા લેવામાં પ્રેમી ભક્ત લોકોને તેણે સતાવ્યાં એમ સમજી તેણે પશ્ચાતાપ કર્યો અને તે તેમને પગે પડ્યો. અને પછી તેમની માફી માગી અને પછી તેમને કહ્યું કે હું તો તમારી પરીક્ષા લેવા આવ્યો હતો માટે તમે મને તેની ક્ષમા કરો એટલે તે ભગવત્ ભક્ત તેના ઉપર ખુશી થયા અને પછી તેનો અપરાધ માફ કર્યો. અને પછી તેને કહ્યું કે આજથી તારે કોઇ સાધુની પરીક્ષા લેવી નહીં અને તેમને દુઃખ દેવું નહીં. એમ કહી તેમણે તેને વિદાય કર્યો.

मुल छप्पयछंद.

परमहंस बंसनिमें भयो विभागी बोनरो
मुरधर खंड निवास भुपसब आज्ञाकारी
राम नाम बीसवास भक्त दरग व्रतधारी
जगन्नाथ के द्वार दंडोतनि मधु पैधायो
दइ द सकीदादी हुंडि करी फेरी पठायो
सुरधुनी ओघ संगमें ते नाप बदल कुलिनरो
परमहंस बंसनिमे भयो त्रिभागी बोनरो

લાખા ભક્તનો પ્રસંગ.

મારવાડમાં લાખો કરીને એક પ્રસિદ્ધ ભક્તરાજ થઇ ગયો તે જાતનો ડગગર હતો અને તે સાધુ સેવા સારી રીતે કરતો હતો. એકવાર જ્યારે દેશમાં દુકાળ પડ્યો ત્યારે ઘણા સાધુઓ તેને ત્યાં આવવા માંડ્યા ત્યારે તેનાથી તેમને ખવરાવવાનું પુરૂં પાડી શકાયું નહિ. તેથી તેણે તેની સ્ત્રી સાથે એકવાર વિચાર કર્યો કે હવે આપણે આ ગામ છોડી બીજે ગામ નાસી જવું જેથી સાધુઓ આવતા બંધ થાય. કારણ કે અહીં આપણાથી તેમને ખાવાનું પુરૂં પાડી શકાતું નથી માટે ઘર છોડી નાસી જવું. પછી જ્યારે તે રાત્રે સુઇ ગયો ત્યારે ઠાકોરજીએ તેને સ્વપ્નામાં પ્રગટ દર્શન દીધું અને તેને કહ્યું કે તું અકળાઇશ નહિ અને ઘર છોડીને જતો રહીશ નહિ કાલ સવારે તારે ઘેર એક ગાડવું ભરીને ઘઉં આવશે એટલે તે ઘઉં તું કોઠીમાં નાખજે અને તે ઉપર ઢાંકણું ઢાંકીને તું સોડી દેજે અને નિત્યની એક કાણું કરીને તે કોઠીમાંથી તું ઘઉં કાઢતો રહેજે અને તેને દળી તેના રોટલા કરીને તું રોજ સાધુને જમાડતો રહેજે. તે કોઠી હમેશ ભરેલીને ભરેલી રહેશે. વળી તે ગાડીની સાથે એક ભેંશ પણ આવશે તેને દોહીને તું દુધ મેળવજે અને તેને વલોવીને તેનું ઘી કરીને રોટલીઓને ચોપડજે અને તેની જે છાશ થાય તે તું સાધુઓને પાવા આપજે અને તે પ્રમાણે તું સાધુ સેવા કરતો રહેજે એટલે તારી સાધુસેવામાં કાંઇ હરકત આવી પડશે નહિ. પછી સવારે ઉઠીને તેણે તે સ્વપ્નાની વાત પોતાની સ્ત્રીને કહી કે ઠાકોરજીએ આપણને આ પ્રમાણે મદદ કરી માટે હવે આપણે નાસી જવાનું બંધ રાખવું. પછી થોડીવાર થઇ એટલે ઠાકોરજીના કહેવા પ્રમાણે ત્યાં એક ઘઉંનું ગાડું તથા ભેંશ આવી. કેટલાંક માણસો ગાડું ભેંશ લેઇને તેમનું ઘર પુછતા આવીને તેમને તે આપી ગયા એટલે તે ઘઉં તેમણે કોઠીમાં નાખ્યા અને તેનું મોઢું

જપ કર્યું અને પછી ઠાકોરજીના કહેવા પ્રમાણે આખું વરસ તેમણે ખરચ નભાવ્યું. અને જેટલા સંત ત્યાં આવતા તે બધાને તે ખવરાવતા રહ્યા. અને તે ઘઉં ખુટ્યા નહોતા. તે ગાડું તથા બેલ એક પાસેના ગામમાંથી આવી હતી કે જ્યાં બ્રાહ્મણની નાતમાં કંઇ ટંટો પડેલો હતો અને ત્યાં એક જણને તેની નાતવાળા લોકોએ તેને બહાર મુકેલો હતો અને તેથી તે નાતના પંચે તેની પાસેથી દંડ તરીકે એક ગાડું ઘઉં તથા બેલ લીધેલી હતી અને તે પંચોદાગમાં તે ભક્તરાજને ત્યાં કે જ્યાં સંતસેવામાં હરકત પડતી હતી ત્યાં તે પહોંચાડી આપી એટલે તે પ્રમાણે તેમને ત્યાં ઘઉંનું ગાડું તથા બેલ આવી હતી. એકવાર લાખો ભક્ત મારવાડથી જગન્નાથજી જવાને નિકળ્યો એટલે જ્યારે તે નિકળ્યો ત્યારથી તે ઠેઠ જગન્નાથજી પહોંચે ત્યાં સુધી તેણે દંડવત નમસ્કાર કરતા જવું એવો તેણે દૃઢ સંકલ્પ કર્યો અને તેથી તેણે એક ડગલું પણ ચાલવું નહિ એવો દૃઢ નિશ્ચય કર્યો. એમ આ પ્રમાણે દૃઢ તપ ધારણ કરીને તે એક સંઘની પછાડે પછાડે જગન્નાથજી ગયો અને જ્યારે તે થોડું દૂર રહ્યું એટલે જગન્નાથજી ઠાકોરજીએ પોતાના પુજારીઓને આજ્ઞા કરી કે લાખો નામનો એક મારો પરમભક્ત મારાં દર્શન કરવા અહીં આવે છે અને તે દંડવત કરતો ચાલ્યો આવે છે માટે તે ઘણો થાકી ગયો છે. માટે તમે તેના સામા એક પાલખી લઇને જાઓ અને તમે તેને પાલખીમાં બેસાડીને અહીં તેડી લાવો. એટલે તે ઉપરથી પુજારીઓ પાલખી લઇને સામા ગયા અને તે સંઘમાંથી લાખા ભક્તને શોધી કાઢ્યો અને તેને કહ્યું કે તમે પાલખીમાં બેસો એટલે તેણે કહ્યું કે મારે દંડવત કરતાં આવવાનો નિયમ છે માટે હું તેમાં નહિ બેસું ત્યારે પુજારીઓએ તેને કહ્યું કે અમને ઠાકોરજી મોકલ્યા છે તેથી અમે પાલખી લાવ્યા છીએ અને તેમની આજ્ઞા માનીને તમે પાલખીમાં બેસો એટલે તે ઉપરથી તે પાલખીમાં બેઠા અને ત્યાંથી પછી તે મંદીરમાં આવ્યા એટલે ઠાકોરજીએ તેમને નામ લઇને બોલાવ્યા અને તેમને કહ્યું કે તમે એક માળા લાવો અને તે મને પહેરાવો એટલે તે પહેરીને ઠાકોરજી પ્રસન્ન થયા. પછી ઠાકોરજીએ તેને કહ્યું કે તમારે ઘેર તમારી છોકરી કુંવારી છે તેને પરણાવવા માટે હવે તમે ઘેર પાછા જાઓ અને ઘેર જઇને તેનું લગન કરો ત્યારે તેણે ઠાકોરજીને કહ્યું કે હવે હું ઘેર જવાને રાજી નથી. આપનાં દર્શન છોડીને મને કંઇ જવું ગમતું નથી ત્યારે ઠાકોરજીએ તેમને ઘણો આગ્રહ બતાવ્યો અને પછી તેમને ઘેર પાછા મોકલ્યા એટલે તે પોતાને ગામ પાછા ગયા, ત્યાં જતાં રસ્તામાં એક ગામમાં એક હરી ભક્ત શાહુકાર વાણીઆને ઠાકોરજીએ સ્વપ્ન આપ્યું કે મારો એક પરમ ભક્ત નામે લાખો અમુક સંઘ સાથે અહીં આવ્યો છે તેને તું એક હજાર રૂપીઆની હુંડી લખી આપ કારણ કે તેને ઘેર છોકરી કુંવારી છે તે પરણાવે એટલે તે ઉપરથી તે વાણીઆએ તેને હુંડી લખી આપી. ત્યારે લાખાએ તેને કહ્યું કે હું હરીજન છું માટે હું તારો પૈસો છોકરી પરણાવવામાં કેમ વાપરૂં? ત્યારે તે શાહુકારે તેને કહ્યું કે મને જગન્નાથજી ઠાકોરજીએ સ્વપ્ન આપ્યું છે કે તમારી છોકરી પરણાવવા માટે મારે એક હજારની હુંડી તમને લખી આપવી માટે તેમની આજ્ઞાથી આ હુંડી તમને આપું છું તે લ્યો. અને ઘેર જઇ તેને વટાવીને તમે તમારી છોકરી પરણાવજો. એટલે લાખાએ તે હુંડીને લીધી અને પોતાને ઘેર જઇને તે વટાવી અને તેમાંથી સો રૂપિઆ ખર્ચીને તેણે પોતાની છોકરી પરણાવી અને બીજા પૈસા તેણે સઘળું સંતને ખવરાવી દેવામાં વાપર્યા કારણ કે તેણે વીચાર્યું કે નાતના લોકો વીમુખ છે માટે તે સઘળું સંતને ખવરાવી દેવું તે વધારે સારૂં ગણાય. અને એ પ્રમાણે તેણે બીજા પણ ઘણા પૈસા લોકો પાસેથી છોકરી પરણાવવાને બહાને અગાઉથી લેઇ લેઇને સાધુઓને ખવરાવી દીધા હતા.

मुल छप्पय छंद.

विदित नरसी भगत जीन गुज्जर धर पावनकरी
..। समारत लोग भक्ति लौ लेस न जाने,
माला मुद्रादेखि तिसकी निंदा ठाने
ऐसे कुल उत्तपन्न भयो भागोत सिरोमनि.
ऊसर ते सर कीयो खंड दोष खोयो जीनि
बहुत ठौर परचो दीयो रसरिति भक्ति ह्रदैधरी.
जगत विदित नरसी भगत जीन गुज्जर धर पावनकरी

નરસિંમહેતાનો પ્રસંગ.

જુનાગઢમાં નાગરની જાતીમાં નરસિ મહેતા કરીને એક પરમ ભક્ત થઇ ગયા તેમના બાપને બે છોકરા હતા જેમનો મોટો ભાઇ પરણેલો હતો. એક દીવસ નરસિં ભક્ત બહારથી આવ્યા અને પોતાની ભાભી પાસે તેમણે કંઇ પાણી પીવા માગ્યું ત્યારે તેમની ભાભીએ ચીઢાઇને તેમને કહ્યું કે તમે શું કમાઇને આવ્યા છો કે વળી જલદી પાણી માગો છો માટે જો જલદી પીવું હોય તો તમે હાથે લઇને પીઓ. એટલે તે સાંભળીને નરસિં મહેતાને ચાનક લાગી કે મારી ભાભી તો કમાણી શોધે છે અને હું તો કંઇ કમાતો નથી માટે બેતર છે કે હવે પ્રાણ ત્યાગ કરવો. પણ હવે અન્ય કોઇ સ્થળે મરવું તેના કરતાં મહાદેવના મંદીરમાં જઇને મરવું તે વધારે સારૂં છે. કારણ કે તેમ મરવાથી અવગતિ થતી નથી. એમ વિચારી તે ત્યાંથીને ત્યાંથીજ પાણી પીધા વગર નિકળી પડયા અને વગડામાં જઇને એક એકાંત શિવાલયમાં ગયા અને ત્યાં જઇ તેમણે મહાદેવજીનું સાત દીવસ સુધી તપ કર્યું અને અન, જળ લેવું ત્યાગ કર્યું એટલે મહાદેવજીએ વિચાર્યું કે જો કોઇ માણસ કોઇ ઇત્તર ગરીબને ઘેર લાંઘો થાસે તો તે પણ તેની કંઇ ખબર લે છે અને આ માણસ આજ સાત દહાડાથી અહીં મારા સ્થાનમાં ભુખ્યો પડ્યો છે અને હું તેની કંઇ ખબર લેતો નથી તે કંઇ ઠીક દેખાતું નથી. એમ વિચારી શીવજીએ તેને સાક્ષાત દર્શન આપ્યું અને તેને કહ્યું કે હું તારા ઉપર પ્રસન્ન થયો છું માટે તારે હવે જે જોઇતું હોય તે માગી લે ત્યારે નરસિં મહેતાએ શીવજીને કહ્યું કે મારે શું માગવું યોગ્ય છે, તે હું કંઇ જાણતો નથી. માટે તમેજ વીચાર કરીને તમને જે સૌથી પ્રિય વસ્તુ હોય તે મને આપો એટલે મહાદેવજી શોચમાં પડ્યા. તે સાંભળીને અને જેમ આગળના વખતમાં પોતે વ્રકાસુરને વરદાન આપીને પસ્તાયા હતા તેમ આ વખતે શીવજી નરસિંહ મહેતાને વરદાન આપીને પસ્તાયા. કારણ કે પોતાને સૌથી પ્રિય એવા. તો શ્રી વિશ્નુ કહેવાય. એટલે મહેતાજીએ વિશ્નુનાં દર્શન કરવાનું માગ્યું અને તે ઉપરથી શીવજી ઘણા શોચમાં પડ્યા પણ હવે શું કરે? વચન આપ્યું મીથ્યા થતું નથી. માટે જેવું ભાવી હોય તેમ થાય. અને તે પ્રમાણે બનવા કાળ હશે માટે મારાથી તે વચન આપી જવાયું. જો કે તે હાલ બાળક રૂપ છે તોપણ આગળ જતાં કોઇ પ્રતાપી પુરૂષ થવાનો હશે અને તે હજારો સંત સાધુનો પાળક થવાનો હશે માટે મારાથી આ વચન આપી જવાયું હશે. એમ માની પછી પોતાના વચનનો નીભાવ કરવાનું નક્કી કર્યું. વકરાસુરનો પ્રસંગ એવો છે કે વકરાસુર કરીને એક દૈત હતો અને તે દેવતાઓ સાથે વારંવાર લડતો પણ દેવતાઓ

તેને કરાવતાં તેણે તેણે શંકરની ઉગ્ર ઉપાસના કરી ત્યારે શંકર પ્રસ દાન માગવા વચન આપ્યું ત્યારે વૃકાસુરે શીવનું કંકણુ માગ્યું જેના ઉપર હાથ મુકે તે બળીને ભસ્મ થઇ જાય તેવી શક્તી વાળુ તે શીવજીએ વચનથી બંધાઇને વૃકાસુરને આપ્યું એટલે તે પહેરીને તે દે... ગયો ત્યાં રસ્તામા તેને નારદજી સામા મળ્યા ત્યારે નારદજીએ તેને પુછ્યું કે તુ ક્યાં જાય છે ? ત્યારે વૃકાસુરે કહ્યું કે હું શીવજી પાસેથી કંકણુ લેઇને આવું છું અને હું દેવતા સામે લડવાને જાઉં છું. ત્યારે નારદજીએ તેને કહ્યું કે એ કંકણુમાં જે ભસ્મ કરવાનો ગુણ છે તેની પહેલી તું પરીક્ષા કર અને પછી તું દેવતા સામો લડવા જા અને તેની અજમાયશ કાઢવા તું શીવજી પાસે પાછો જા અને તેમની પાર્વતી માગ તેમાં જો તે ભસ્મ થઇ જાય તો તુ તે કંકણને સાચું માનજે. એટલે તે ઉપરથી તે શીવજી પાસે પાછો ગયો એટલે શીવજીએ તેને ફેરથી આવતો જોયો અને તેના મનની વૃત્તિ જાણી લીધી અને પોતે ત્યાંથી નાઠા અને વિશ્નુ લોકમાં ગયા અને ત્યાં વિશ્નુને મળ્યા અને તેમને કંકણની વાત કહી. એટ વિશ્નુએ તેમને તેમના ભોળાપણા માટે ઠપકો દીધો અને પછી તેમને ત્યાં બેસાડયા અને પોતે કંકણ છીનવી લાવવા વૃકાસુર તરફ ગયા અને પોતે પારવતીનું રૂપ લઇ ને વૃકાસુરને મળ્યા અને પુછ્યું કે તુ ક્યાં જાય છે ? ત્યારે વૃકાસુરે કહ્યું કે હુ મહાદેવજી પાસે તેમની પાર્વતી માગવા જાઉં છું ત્યારે વિશ્નુએ તેને કહ્યુ કે પાર્વતીતો હુંજ છું માટે તારે હવે તેમની પાસે જવાની શી જરૂર છે? ત્યારે વૃકાસુરે કહ્યુ કે ઠીક ત્યારે તમે ચાલો મારી સાથે. ત્યારે તે મોહની સ્વરૂપ બનેલા વિશ્નુએ તેને કહ્યું કે જો તમારામાં મહાદેવજી જેટલા ગુણ હોયતો હું તમારી સાથે આવું ? ત્યારે વૃકાસુરે તેને પુછ્યું કે તમારે શા ગુણ જોઇએ છે? ત્યારે તેમણે કહ્યું કે મહાદેવજીતો મારા આગળ નાચ કરે છે. માટે તે તમારા-થી બનશે ? ત્યારે વૃકાસુરે કહ્યું કે કેવી રીતનો નાચ તે બતાવો ? એટલે હું તે પ્રમાણે કરૂં ત્યારે પાર્વતીએ કહ્યુ કે શીવજીતો નાચતાં નાચતાં ઘડીકમાં પોતાનો હાથ કેડે મુકતાં ઘ-ડીકમાં ખભે મુકતા ઘડીકમાં માથે મુકતા અને એ પ્રમાણે નાચતા. ત્યારે વૃકાસુરે તે પ્રમાણે નાચ કરવા માંડયો એટલે જે વખતે તે કંકણુ વાળો હાથ તેણે પોતાના માથા ઉપર મુક્યો કે તરત ત્યાં રાખનો ઢગલો થઇ ગયો એટલે તે કંકણ લેઇને વિશ્નુજીએ લાવીને મહાદેવજીને આપ્યું એટલે મહાદેવજી ખુશ થયા. પછી તેમને પુછ્યું કે આ તમે કેવી રીતે લાવ્યા ? તે તમે મને બતાવો ત્યારે વિશ્નુએ તેમને કહ્યું કે તે જોવામાં કંઇ મજા નથી ત્યારે શીવજીએ તેમને આગ્રહ બતાવ્યો એટલે વિશ્નુજી તેમને વગડામાં લેઇ ગયા અને ત્યાં મોહની સ્વરૂપ કરીને બતાવ્યું અને મહાદેવજીને એક ઝાડ ઉપર બેસાડી રાખ્યા તોપણ ત્યાંથી તે મોહીનીનું રૂપ જોઇને તે વિર્ય સ્ખલીત થઇ ગયા. એટલે નારદજીએ તે વિર્ય અદ્ધર ઝીલી લીધું અને તેને લેઇ જતાં રસ્તામાં તે સમુદ્રમાં પડી ગયું એટલે અંજનીએ તે ગ્રહણ કર્યું એટલે તેના હનુ-માનજી થયા. એ પ્રમાણે વૃકાસુરનો પ્રસંગ કહી હવે નરસિં મહેતાની વાત ચલાવું છું કે એ પ્રમાણે શીવજીએ વચન આપીને પરતંત્રતા કરીને તથા બાળકને પ્રસન્ન સમજીને પોતાનુ મન વાળ્યું. અને પછી પોતાના પરમપ્રિય જે વિશ્નુ તેમનો અખંડ રાસ જોવાને નરસિં મહેતાને એક સખીનું રૂપ લેવરાવીને પોતે વૃંદાવન લેઇ ગયા અને ત્યાં ગોપીઓ સાથે જ્યાં શ્રીકૃષ્ણ દેવજી રાસ કરતા હતા ત્યાં તેમનાં દર્શન કરાવ્યાં ત્યારે શ્રી કૃષ્ણદેવજીએ મહાદેવજીને પુછ્યું કે આ નવી સખી કોણ છે ? ત્યારે શીવજીએ કહ્યું એતો તમારો ઘણો ભાવીક સેવક છે અને તેને આપના દર્શન કરવાને હું અહીંયાં લાવ્યો છું. તે આપને શરણે આવ્યો છે માટે

આપને જેમ યોગ્ય લાગે તેમ કરો. પછી નરસિં મહેતાને શ્રી કૃષ્ણજીએ કહ્યું કે હવે તમે ઘેર પાછા જાઓ ત્યારે મેહેતાએ કહ્યું કે હવે મારે ઘેર પાછું જવું નથી ત્યારે ભગવાને તેમને કહ્યું કે હું તમને યાદગીરીમાં એક કેદારો રાગ આપું છું તે લેઇને તમે પાછા જાઓ અને જ્યારે જ્યારે તમને કંઇ સંકટ પડે ત્યારે ત્યારે તમે તે કેદારો રાગ ગાજો એટલે હું પંડે આવીને તમને સહાય કરી જઇશ માટે હવે તમે મૃત્યુ લોકમાં પાછા જાઓ અને ત્યાં લોકોને મારી ભક્તિ શીખવો એટલે તે ઉપરથી નરસીં મેહેતા પાછા આવ્યા પછી પોતે લગન કર્યું અને પોતાને ઘેર હાકાર શેવા રાખી અને સાચા ભાવથી ભજન કરવા માંડ્યું. તેમને ત્યાં સંત સાધુને અવતા જોઇને તેમની નાતવાળાઓએ તેમની ઘણી અદેખાઇ કરવા માંડી.

એકવાર પુર્વ દેશના કોઇ ચાર શાહુકાર દ્વારકાં જતાં રસ્તામાં જુનાગઢમાં આવ્યાં અને ત્યાંથી દ્વારકાની હુંડી લેવા માટે તેઓ તે ગામમાં પુછપાછ કરવા લાગ્યા ત્યારે લોકોએ તેમને મશ્કરીમાં કહ્યું કે નરશીં મહેતો મોટો શાહુકાર છે અને તેને દ્વારકામાં આડત છે માટે તમે તેને ઘેર જાઓ એટલે તે તમારાં રૂપીઆ લે અને તમને હુંડી લખી આપે એટલે તેમણે મહેતાને હુંડી લખવા કહ્યું. એટલે નરશીં મહેતાએ જાણ્યું કે અહીંના લોકોએ મારી મશ્કરી કરી લાગે છે પણ જ્યારે તે લોકોએ હુંડી લેવા માટે ઘણો આગ્રહ બતાવ્યો ત્યારે નરશીં મહેતાએ ચારસો રૂપીઆ લેઇને ચારસોની હુંડી શામળશાહ શેઠ ઉપર લખી આપી એટલે તે લેઇને તે જાત્રાળુ લોક ત્યાંથી વિદાય થયા પછી મહેતાએ તે રૂપીઆ સાધુને ખવડાવી દીધા પછી પેલા જાત્રાળુઓ જ્યારે હુંડી લેઇને દ્વારકાં ગયાં ત્યારે શામળશા નામનો કોઇ શેઠ તેમને મળ્યો નહિ ત્યારે આખરે થાકીને તેઓ ગામ બહાર જઇને બેઠા એટલે ભગવાનને તેની ચીંતા થઇ કે મહેતાએ આ લોકોને મારા નામ ઉપર લખી આપ્યું અને તે લોકો નિરાશ થઇને જો પાછા જશે તો મારૂં નામ વગોવાશે. એમ વિચારી તેમણે એક શાહુકારનું રૂપ લીધું અને ચારસો રૂપિઆ એક ગુમાસ્તાને ખભે ઉપડાવીને પેલા વાણીઆ જ્યાં બેઠા હતા ત્યાં ગયા અને તેમને પુછ્યું કે શામળશાહને કોણ ખોળે છે! ત્યારે તેમણે કહ્યું કે અમે તો તમને આખા ગામમાં શોધી વળ્યા અને થાકીને હવે પાછા જતાં હતા પણ હવે તમે મળી આવ્યા તે ઠીક થયું, એમ કહી તેમને હુંડી આપી અને ચારસો રૂપિઆ ગણી લીધા પછી તેમણે મહેતા ઉપર જવાબ લખી આપ્યો કે આવી હુંડી આ તમે રોજ લખતા રહેજો અને અમે રોજ તે શીકારતા રહીશું અને એ પ્રમાણે લખી આપીને પછી પોતે આગળ જઇને અંતરધ્યાન થઇ ગયા. નરસિંહ મહેતાને એક છોકરો અને બે છોકરીઓ હતી તેમાંની એકનું નામ કુંવર બાઇ હતું અને તેને પરગામ પરણાવેલી હતી. પછી જ્યારે તેને શ્રીમંત આવ્યું ત્યારે તેની સાસુએ તેણીને મેણું માર્યું કે તારો બાપ તો સાધુ છે એટલે નાતના કંકરીઆવર તે શું આપવાનો છે! કુંવરબાઇથી સાસુનાં મેણાં સાંખી શકાયાં નહિ તેથી તેણે પોતાના બાપને એક કાગળ લખી મોકલ્યો કે મારી સાસુ મને મેણાં દે છે માટે મામેરૂં કરવાને તમે અહીં આવજો અને કંઇ દ્રવ્ય સાથે લેતા આવજો. તે વાંચીને નરશીંહ મહેતાએ બધા હરીજનોને એકઠા કર્યા અને પછી બે મડદાલ જેવા બળદ જે મળી આવ્યા તેવા માગી લીધા કારણ કે સારા બળદ કોઇએ તેમને આપ્યો નહિ. પછી એક બાગલી વેલ જેવી મળી આવી તેવી માગી લાવ્યા અને તે વહેલ જોડી અને તેમાં કેટલાંક કાથી જોડા મુક્યા અને મહાત્માઓના તમામ ગોપીચંદનના ગાંસડા બાંધીને તેમાં મુક્યા અને એ બધી સામગ્રિરૂપ દ્રવ્ય લેઇને તથા સાધુને સાથે લેઇને તે વહેલ જોડીને ભજન ગાતાં ગાતા કુંવરબાઇને સાસરે મામેરૂં કરવા ગયા. ત્યાં તમને એક ખ-

ડેર હવડ ઘરમાં ઉતાર્યા. પછી કુંવરબાઇની સાસુએ તથા તેણીની નણંદે તેમજ તે ગામની
બીજી સ્ત્રીઓએ કુંવરબાઇની મશ્કરી કરવા માંડી એટલે તે પોતાના બાપને મળવા ગઇ અ
ને તેણીએ મેહેતાજીને દ્રવ્યની વાત પુછી ત્યારે મહેતાએ તેણીને કહ્યું કે તારે કંઇ ફીકર રા-
ખવી નહિ ઠાકોરજી સૌ પુરૂં કરશે ત્યારે તેણીએ કહ્યું કે પૈસા વગર તમે શીરીતે મામેરૂં ક
રશો ? ને તમારી પાસે પૈસા નહોતો તો તમે અહીં શું કરવા આવ્યા ! ત્યારે નરશી
મહેતાએ તેણીને કહ્યું કે તું વિશ્વંભરને યાદ કર અને તારી સાસુને જઇને કહે કે તમારે જે
જે પહેરામણી જોઇતી હોય તે બધી તમે મને એક કાગળ ઉપર લખાવી આપો એટલે તે
પ્રમાણે મારો બાપ તમને આપે. એટલે કુંવરબાઇએ જઇને પોતાની સાસુને કહ્યું કે તમે મને
પહેરામણીની યાદ કરાવી આપો એટલે તેની સાસુએ તે મશ્કરી ગણીને તેને આખી નાગરની
ન્યાતની પહેરામણીની યાદ કરાવી આપી કે જે કોઇ રાજાથી પણ પુરી કરી શકાય નહિ અને
તેવી પહેરામણીની યાદીનો કાગળ કુંવરબાઇએ નરસિં મહેતાને આપ્યો એટલે નરશી
મહેતાએ કુંવરબાઇને કહ્યું કે તું ફરી તારી સાસુને જઇને પુછી આવ કે હજી કંઇ
બાકી રહી જતું હોય તો લખાવો કારણ કે પછીથી તમે કહેશો તે કામમાં
આવશે નહિ એટલે તે ઉપરથી કુંવરબાઇ ફરીને પોતાની સાસુ પાસે ગઇ અને તેને તે કહ્યું
ત્યારે તેની સાસુએ ચીડાઇને તેણીને કહ્યું કે તારો બાપ શું આપવાનો છે કે આવી બાંગી
વાતો કરે છે અને તેથી તે લખનારને કહ્યું કે લખો બે પથરા એટલે તે ઉપરથી બે
પથરા લખી આપ્યા પછી તે કાગળ લેઇને કુંવરબાઇએ પોતાના બાપને આપ્યો. પછી નરસિં
મહેતાએ એક એકાંત ઓરડીમાં જઇને ત્યાં પડદો કરી ઘણી આતુર વાણીથી પરમેશ્વરનું
ભજન કર્યું એટલે લખાવેલો બધો સામાન બે સોનાના પથરા સુધાંત મામેરૂં ભરી ભગવાને
નરસિં મહેતાને અંતરીક્ષથી પહોંચાડી આપ્યું એટલે મહેતાજીએ નાતના બધા લોકોને ત્યાં
તેડાવ્યા અને તેમના માગવા પ્રમાણે તેઓને બધું આપ્યું. પછી છેવટે સોનાના બે પથરા અંદર
થી નિકળ્યા તે જોઇ બધા આશ્ચર્ય પામ્યા. પછી પહેરામણીનું કામ પુરૂં થયું ત્યારે કુંવરબાઇની
નણંદે પોતાની એક નાની છોકરી સારૂ એક કાપડું માગ્યું પણ તે યાદીમાં લખાવેલું નહોતું
તેથી તે ક્યાંથી નીકળે ! એટલે તેણે કુંવરબાઇને મેણું માર્યું કે તારા બાપે શું કર્યું ! મારી
એક નાની છોકરીનો કાપડા વગર રહી ગઇ. એ સાંભળી કુંવરબાઇએ પોતાના બાપને કહ્યું
કે હવે એક કાપડાં સારૂ કહેવત રહી જાય છે માટે તમે તે ભગવાન પાસેથી મંગાવી આપો
નહિતો મારે જન્મારાનું મેહેણું રહી જશે તે સાંભળી નરશી મહેતાએ ફરીને ભગવાનની
સ્તુતિ કરી એટલે અંતરીક્ષથી એક કાપડું પડ્યું એટલે તે લઇને તેણીએ પોતાની નણંદને
આપ્યું. એકવાર જ્યારે નરસિં મહેતા નહાવા બેઠા હતા ત્યારે તેમને સતાવા સારૂ ઘણું
ગરમ ઉકળતું પાણી કરીને આપ્યું એટલે નરશી મહેતાએ, સાંસોટવા સારૂ તાઢું પાણી માગ્યું
ત્યારે લોકોએ તેમને કહ્યું કે તમેતો ભગવાનના પ્યારા ભક્ત છો અને તેથી માગ્યા મેઘ
વરસાવી શકો તેવા છો માટે અમારે શું કરવા તે આપવું ? તમારે જોઇતું હોયતો તમે પર-
મેશ્વરની સ્તુતિ કરો એટલે ભગવાન વરસાદ વરસાવશે. એમ તેમની મશ્કરી કરી એટલે
નરસિં મહેતાએ ત્યાં આતુર વાણીથી પરમેશ્વરની સ્તુતિ કરી અને મલ્હાર રાગ ગાયો એટલે
ત્યાં મુશળ ધાર વરસાદ થયો અને તેથી આખા શહેરમાં પાણી પાણી થઇ ગયું અને લોકોના
ઘરમાં પાણી પેસી જવા માંડ્યું એટલે લોકોએ આવીને નરશીમહેતાની ઘણી ઘણી સ્તુતિ
કરી અને તેમને કહ્યું કે હવે આ કોપ સમાવી દો. એમ તેઓએ તેમનાં ઘણી પ્રકારે કાલા-
વાલાં કર્યા એટલે મહેતાજીને તેમના ઉપર દયા આવી એટલે વરસાદ બંધ થઇ ગયો. કુંવર-

બાઈએ પોતાનાં સાસરીઆંની આવી નિર્દયતા જોઇને પછી પોતાના પતીનું સુખ વિસારી દીધું અને તેથી પોતાના બાપની સાથે જુનાગઢ ગઇ અને પછી ફરીને તે પાછી સાસરે આવી નહિ પણ પોતાને બાપને ત્યાંજ રહી. મહેતાની બીજી છોકરી જે પહેલેથીજ પરણેલી નહોતી તે કુંવરબાઇની હાલત જોઇને પછી તેણીએ પરણવાનું માંડી વાળ્યું અને તેથી તે કુંવારી રહી. એમ તેમની બન્ને દીકરીઓ ઘેર રહી અને મહેતાજી સાથે ભજન કરવા લાગી એકવાર તે શહેરમાં બે નટડીઓ આવી અને તેઓ ઘેર ઘેર માંગતી હતી ત્યારે ત્યાના લોકોએ તેમની મશ્કરી કરી કે આ શહેરમાં નરશીમહેતા કરીને એક શેઠીઆ છે માટે તમે તેને ત્યાં જાઓ તો તે તમને ન્યાહાલ કરશે. એટલે તે ઉપરથી તે નટડીઓ નરશીં મહેતાને ત્યાં ગઇ અને ત્યાં તેમણે સારા રાગ કાઢીને ગાવા માંડ્યું. એટલે નરશીં મહેતાજીએ તેમને કહ્યું કે તમારૂં શરીરતો ઘણું સુંદર છે માટે જો તમે મુંડ મુંડાવી સાધુ બનીને પરમેશ્વરનું ભાવ યુક્ત ભજન કરો તો તે તમારા નટીના ધંધા કરતાં તમને વધારે દીપી નિકળશે એટલે તે સાંભળી તે નટીઓનાં મન મહેતાજી તરફ આકર્ષાયાં અને તેથી તેણીઓ નરશીં મહેતાને પગે પડી અને તેમણે નરશીં મહેતાને વિનંતી કરીને કહ્યું કે તમે અમને ચેલીઓ કરો. એટલે મહેતાજીએ તેમને કહ્યું કે તમે તમારાં માથાં મુડાવો અને તમે તમારો શણગાર ત્યાગ કરો. એટલે તે ઉપરથી તેમણે તેમ કર્યું એટલે મહેતાએ તેમને ગુરૂમંત્ર આપ્યો અને તેમને પોતાની ચેલીઓ કરી. અને તેમને પોતાની બે છોકરીઓની સાથે પોતાને ઘેર રાખી. એટલે બે તેમની છોકરીઓ અને બે નટડીઓ મળીને ચાર જણીઓએ પછી હરી ભજન કરવા માંડ્યું. તેઓ બજારમાં પણ લોક લાજ મૂકીને કોઇ કોઇ વાર ગાતાં જતાં તે જોઇ નરસીં મહેતાનો સાળો કે જે તેમની છોકરીઓનો મામો થતો હતો તેને પણ લાજ આવવા માંડી કે નરસીં મહેતા મને લજાવી મારે છે અને તે મારી ભાણેજો પાસે આવો નિચો ધંધો કરાવે છે. માટે તેને આ ગામ છોડાવી દેશ નીકાલ કરાવવો જોઇએ. એમ વિચારી તેણે ત્યાંનો રાજા કે જેનું નામ મંડલીક હતું અને જેની સાથે તેને ઘણી દોસ્તી હતી તેને તેણે તે હકીકત કહી, અને મહેતાને ગામમાંથી કાઢી મુકવાનું કહ્યું, જેથી તેને લજાવવુ મટે. પછી એકવાર જ્યારે તે રાજા પોતાની સભા ભરીને બેઠો હતો કે જે વખતે તે સભામાં ઘણા પંડીતો તથા સંન્યાસીઓ બેઠા હતા. ત્યાં નરશીં મહેતાની વાત નીકળી ત્યારે તે રાજાએ નરશીં મહેતાને તેડવા શીપાઇઓને મોકલ્યા. એટલે શીપાઇઓએ આવીને નરશીં મહેતાને કહ્યું કે રાજા તેમને સભામાં તેડાવે છે. ત્યારે નરશીં મહેતાએ કહ્યું કે અમારે રાજાનું શું કામ છે? માટે અમે ત્યાં નહીં આવીએ. ત્યારે શીપાઇઓએ તેમને કહ્યું કે જો તમે નહીં આવો તો રાજાના હુકમનો અનાદર ગણીને અમે તમને બાંધીને ત્યાં લેઇ જઇશું એટલે તે સાંભળીને નરશીં મહેતા પોતાની બન્ને છોકરીને તથા પેલી બન્ને નટડીઓને સાથે લેઇને કરતાલ જોડા વગાડતા અને ભજન ગાતા ગાતા બજારમાંથી નીકળીને તે રાજ સભામાં ગયા ત્યાં રાજાએ તેમને કહ્યું કે તમે લોક લાજ મુકીને આ શું ધંધો લેઇ બેઠા છો? પછી ત્યાં પંડીતોએ પણ તેમને કહ્યું કે આવી તે વળી ભક્તી થતી હશે? કે લોક લાજ મુકીને સ્ત્રીઓ ને સાથે લેઇ અને ભજન ગાતાં બજારમાં ફરવું માટે તમે આ જે અઘટીત કામ કરોછો તે મુકી દ્યો ત્યારે નરસીં મેહેતાએ તેમને કહ્યું કે તમે પંડીત લોકો ભક્તી વિશે શું જાણો? તમે તો પુસ્તકોની પોટ પાનાંઓ કાઢી જાણો. તમને ભક્તિના રસની તો ગંધ પણ ખબર નથી. એટલે તે ઉપરથી તેઓ તેમના ઉપર ચીઢાઇ જઇને તેમને કહ્યું કે જો તમે સાચી ભક્તિ કરતા હો તો તમે અમને તેનું પારખું બતાવો. અમે ઠાકોરને એક હાર પહેરાવીએ

દીએ અને પછી તે ઠાકોરમંદીરને અમે તાળું વાસીએ અને તમને એક બીજા ઓરડામાં રાખીએ. અને પછી જો તમારી ભક્તિ સાચી હશે તો ઠાકોરજી તમને તે હાર પહેરાવશે જશે. કારણકે નરસીં મહેતા કેદારો રાગ ગાતા ત્યારે ભગવાન તેમને દર્શન દેઇને તેમને સહાય કરતા પણ તે કેદારો રાગ તેમણે સાધુઓને જમાડવાના ખરચમાં એક બીજા માણસને ત્યાં ઘરાણે મુકેલો હતો તે તે પંડીતો જાણતા હતા, તેથી આ લાગ સાધીને તેમણે તેમને દુઃખ પાડવા અને પછી તેમને ગામ ત્યાગ કરાવા સારૂ તેમણે આ તજવીજ રચી. અને તેથી તેમણે એક પાકે દોરે ફુલનો હાર ગુંથાવ્યો જેથી તે તુટી પડે નહીં અને એમ ચોકસી કરીને તેમણે ઠાકોરજીને તે હાર પહેરાવ્યો અને તેમને બન્નેને જુદી ઓરડીઓમાં રાખ્યા અને ત્યાં તાળાં માર્યાં. અને પછી બધા લોકો પો પોતાને ઘેર ગયા. મંડળીકની મા જે નરસીં મેહેતાની ચેલી થતી હતી તેણે પોતાના દીકરાને શિખામણ દીધી કે મેહેતાજી મારા ગુરૂ છે અને તે એક પ્રતાપી મહાત્મા છે માટે તું તેમને આવી રીતે સતાવ નહીં અને તું મારૂં વાહ્યું કર નહીતો સાધુના કોપને લીધે તારૂં રાજ ખેદાન મેદાન થઇ જશે. માટે નરસીં મેહેતાને તે જે નકામા કેદ કર્યાછે તે તેમને તું છોડી મુક. પણ રાજાએ તે કાંઇ માન્યું નહીં પછી નરસીં મેહેતાએ તે રાત્રે ભગવાનની ઘણી ઘણી સ્તુતિ કરી અને આતુર વચનથી તેમને અરજ કરી. પણ કેદારો રાગ તેમની પાસે નહોતો તેથી ભગવાન ત્યાં આવ્યા નહીં ત્યારે ઘણીવાર સુધી વાટ જોઇને નરસીં મેહેતાએ પછી ભગવાનને મેહેણાં માર્યાં અને તેમને કહ્યું કે હે શ્રી કૃષ્ણ મહારાજ! તમે રાધીકાની સાથે આનંદમાં બેઠા એટલે તમે અમારી ખબર શું કરવા લ્યો? પણ જો આ વખતે તમે અમારી સહાય નહીં કરો તો તેમાં અમારૂં શું જશે? સવારમાં મંડળીક અમને ગરદન મારશે તો તમે અમને સહાય ન કરી તેથી તમને તે કલંક ચોંટશે. એમાં અમારૂં કાંઇ જવાનું નથી. આ પ્રમાણે જ્યારે તેમણે મેણાનાં ઘણાં વચન માર્યાં ત્યારે ભગવાનને ચિંતા થઇ અને તેથી તે તેમને સહાય કરવાને ધાયા અને પોતે મેહેતાનું રૂપ લઇને જે માણસને ઘેર મેહેતાએ કેદારો રાગ ઘરાણે મુકેલો હતો તેને ત્યાં પોતે ગયા અને ત્યાં જઇને ભગવાને તેનું બારણું ઠોક્યું તે માણસને બે સ્ત્રીઓ હતી જેમાંની એકને કાંઇ મોટો રોગ થયેલો હતો અને તે કાંઇ ઉપાયથી મટતો નહોતો તેથી તેણીને ગામના લોકોએ કહી રાખેલું હતું કે જો તને નરસીં મહેતા મળે તો તે રોગ તારો મટે કારણકે નરસીં મહેતાને ભગવાન મળેલા છે તે ઉપરથી તે ઘણા દીવસથી નરસીં મહેતાની વાટ જોતી હતી અને તે મધરાતે તેમને કમાડ ઠોકતા આવતા સાંભળીને તેણે તરત બારણાં ઉઘાડ્યાં અને તેમને પગે પડી. પછી નરસીં મહેતાના રૂપે ભગવાને તેણીને કહ્યું કે તમે તમારા પતિને બોલાવો કે તે તેમના માગતા રૂપિઆ લેઇને મને મારો ઘરાણે મુકેલો રાગ પાછો આપે અને જે દસ્તાવેજ કરેલો છે તેના ઉપર ભરપાઇ લખી આપે. એટલે તે ઉપરથી તે સ્ત્રીએ પોતાના પતીને બોલાવ્યો એટલે તેમણે તેને માગતા રૂપિઆ આપ્યા અને તેનો દસ્તાવેજ લીધો અને તે લેઇને જ્યાં નરસીં મહેતાને કેદ પુર્યા હતા ત્યાં જઇને છાપરામાંથી એક કાણું પાડીને તે દસ્તાવેજ મેહેતાના ખોળામાં નાંખ્યો એટલે મેહેતાજી ખુશ થયા અને તેમને હીંમત આવી કે ભગવાન હવે સહાય કરવા આવ્યા પછી તેમણે કેદારો રાગ ગાયો એટલે ભગવાને પ્રગટ થઇને તેમને દર્શન આપ્યું અને તેમનું દુઃખ પુછ્યું એટલે તેમણે સારી વાત કહી એટલે ભગવાન તે હાર મંદીરમાંથી લેઇ આવ્યા અને તે મેહેતાને પેહેરાવ્યો અને પછી પોતે અંતરધ્યાન થઇ ગયા સવારમાં બધી સભા પાછી ભરાઇ અને રાજા તેમની સાથે બેઠને ત્યાં આવ્યો તો જ્યારે ઓરડાનાં તાળાં ઉઘાડ્યાં ત્યારે નરસીં મેહેતાની આગળ કેદારો તેના કંઠમાં હાર

દીઠો, એટલે બધા લોકો વિસ્મય પામ્યા અને તે સાચા ભક્ત છે એમ માન્યું. અને તેમને પગે પડયા. અને વિમુખ લોકો ભોંઠામણા પડી ગયા અને તેથી તેઓ ત્યાંથી નાશી ગયા. એકવાર એક નાગર ગોર સગાઇ કરવાને નાગરોમાં ફરતો ફરતો જુનાગઢ આવ્યો અને ત્યાં તેણે બધા નાગરોને ત્યાં જોયું પણ કોઇ ઠેકાણે તેને કોઇ વર નજરમાં બેઠો નહી. ત્યારે ત્યાંના નાગરોએ મશ્કરીમાં તેને મેહેતાને ઘેર મોકલ્યો. પણ ત્યાં તેને મેહેતાનો છોકરો પસંદ પડયો એટલે તેણે તેને ચાંદલો કર્યો અને પછી પોતાને ગામ આવીને પોતાના યજમાનને તેણે કહ્યું કે હું તમારી કન્યાનો વિવાહ કરી આવ્યો. ત્યારે તે યજમાન ઘણો શ્રીમંત હોવાને લીધે તેનો ગોર કોને ત્યાં વિવાહ કરી આવ્યો તે જાણવાને ઇંતેજાર હોવાથી તેણે ગોરને પૂછયું કે તમે કોને ત્યાં વિવાહ કરી આવ્યા? ત્યારે ગોરે તેને કહ્યું કે નરસીં મેહેતાને ઘેર મેહેતાનો છોકરો મારી નજરમાં આવ્યો તે ઉપરથી મેં ત્યાં ચાંદલો કર્યો ત્યારે યજમાન બોલ્યો કે તમે બહુ ભુંડું કરી આવ્યા. એ સાધુડો આપણી બરોબર ક્યાંથી? માટે તમે પાછા જાઓ અને તે વિવાહ ફોક કરીને બીજા કોઇ પૈસાદારને ત્યાં જઇને તે કરી આવો. એટલે તે ઉપરથી ગોરે તેને કહ્યું કે મારા જે અંગુઠે મેં તેને ચાંદલો કર્યો તે મારો અંગુઠો તમે કાપી નાખો અને હવે જો તમે તેની જગાએ બીજો અંગુઠો ચોટાડો તો હું તે વિવાહ ફેરવી શકું. માટે તે હવે મારાથી રદ થઇ શકશે નહી. ત્યારે યજમાને કહ્યું ઠીક. ત્યારે જેવું તે છોકરીનું નશીબ. પછી તેણે ગોરને લગ્નનો દિવસ નક્કી કરવાને મેહેતા પાસે મોકલ્યો અને તે નક્કી કરી આવ્યો અને તેણે યજમાનને તે ખબર આપી. એટલે તેણે લગનની તઇયારીઓ કરવા માંડી. પણ નરસીં મેહેતા તો કાંશી જોડાથી નવરા થયા નહી અને લગનને જ્યારે ચાર દિવસ બાકી રહ્યા ત્યારે ભગવાનને ચિંતા થઇ કે મેહેતા શી રીતે છોકરાને પરણાવશે? માટે પોતે લક્ષ્મીજીને સાથે લેઇને એક શેઠ શેઠાણીનું રૂપ લેઇને નરસીં મેહેતાને ઘેર જવું એવો વિચાર કર્યો અને પછી ત્યાં આવીને તેમણે લગનની તઇયારીઓ તાબડતોબ કરવા માંડી અને ત્યાં તેમણે દેવતાઇ સામગ્રીઓ તથા દેવતાઈ સુષ્ટી રચીને કોઇ રાજાના જેવો ઠાઠ ટુંકી મુદતમાં તૈયાર કરી દીધો, અને ઘોડા, હાથી, પાલખી, લશ્કર, તંબુ વગેરે લેઇને આખા ગામના લોકોને જાનમાં તેડી લેઇને તે વેવાઇને ઘેર ચાલ્યા અને પોતે અંતરીક્ષ માર્ગે ચાલ્યા અને મેહેતા કાંશીજોડા વગાડતા લોકોને સાથે લેઇને જમીન ઉપર ચાલ્યા પછી વેવાઇને ત્યાં જઇને તેને ખબર પોહોંચાડી કે જાન આવી પોહોંચી. તેનું આખું ગામ તે જાનનાં માણસોની સંખ્યા આગળ જાણે દટાઇ ગયેલું હોય તેમ તે વખતે લાગ્યું પછી વેવાઇનો આખો જાનનો સામાન એક દિવસમાં ખુટી પડયો એટલે તે નરસીં મેહેતાની પાસે આવ્યો અને તેમને કરગરી પડયો અને તેમને કહ્યું કે મારી લાજ હવે તમારા હાથમાં છે. કારણ કે મારૂં બધું રાંધું સામાન તમારી જાનના લોકો એક દિવસમાં ખાઇ ગયા માટે હવે મારા ઉપર કૃપા કરો અને મારી લાજ રાખો. મારો ગર્વ હવે ઉતરી ગયો. એટલે પેલા ગોર મહારાજે પછી પોતાના યજમાનને કહ્યું કે કેમ તે સાધુડો કેવો? એટલે તેણે શરમાઇને નીચું જોયું પછી તેણે વર કન્યાને પરણાવ્યાં અને સૌને પહેરામણી કરીને પછી તેણે જાનને વિદાય કરી.

मुल छप्पय छंद.

दिवदास वंस जसोधर सदन भई भक्ति अनपायिनी ॥

सुत कलत्र समंत सबे गोविंद परायण ॥

सेवत हरि हरिदास द्रवत मुख राम रसायण ॥

सीता पति को सुजस प्रथमही गवन बखान्यो ॥

दै सुत दीजे मोहि कवित सबही जग जान्यो ॥
गिरी गदित लीला मधुर संतनि आनंद दायिनी ॥
दिवदास बंस जसोधर सदन भइ भक्ति अनपायिनी
श्री नंददास आनंद नीधि रसिक प्रभुहित रंगमे ॥
लीला पद रस रीति ग्रंथ रचनामें नागर ॥
सुरस चाकि गुन जुक्त रसराज उजागर ॥
मधुर पयोधको सुजस राम पुर ग्राम निवासी ।
सकल सुकुल संवलित भक्त पद्रेनु उपासी ॥
चंद्रहास अंगज सुहृद परम प्रेम पयमें पगे ॥
श्रीनंददास आनंद निधि रसिक सु प्रभुहित रंगमे ॥
संसार सकल व्यापक भइ जकरी जग गोपालकी ॥
भक्ति तेज अति भाल संत मंडल को मंडन ॥
बुद्धि प्रवेस भागवत ग्रंथ संशयको खंडन ॥
नर हर गांव निवास देस प गड निस्तार्यो ॥
नवधा भजन प्रबोध अनन्यदास व्रत धार्यो ॥
भक्त कृपा बांछी सदा पद्रज राधा लालकी ॥
संसार सकल व्यापक भइ जकरी जन गोपालकी ॥
माधो द्रढ महि उपर मधुर करी लोटन भक्ति ॥
प्रसिद्ध प्रेमकी बात गढागढ परचौ दीशे ॥
उंचे ते भयो पात श्याम साचो पत कीयो ॥
सुत नाती पुनि सद्रश चलत ऊही परपाटा ॥
भक्तनि सों अति प्रेम नेम नही काहु अंग घाटा ॥
नृत्य करत नहीं तन संभार सम सरजन कलकी शक्ति ॥
माधो द्रढ महि उपर मधुर करी लोटन भक्ति ॥

માધો ભક્તનો પ્રસંગ.

ગઢાખંડ નામે શહેરમાં માધો કરીને એક ભક્ત રહેતા હતા અને તે એવા પ્રેમથી ભજન કરતાં કે તેના આનંદમાં તેમને પોતાના શરીરનું ભાન પણ રહેતું નહોતું અને તે વાત જ્યારે ત્યાંના રાજાએ જાણી ત્યારે તેને તે વાત ઉપર ઇતબાર આવ્યો નહિ તેથી તેણે માધવ ભક્તનું પારખું લેવાનું ધાર્યું અને તેથી તેણે માધવ ભક્તને પોતાને ત્યાં એકવાર ઓચ્છવ કરવાને બોલાવ્યા અને તેમને પોતાના મહેલની અગાશી ઉપર ભજન કરવાને કહ્યું ત્યાં માધવ ભક્ત પોતાની ઠાકોર સેવા આગળ નાચ કરતાં કરતાં પ્રેમમાં લીન થઇ ગયા અને

તેથી તેમને પોતાના શરીરની સુદ્ધિ પણ રહી નહિ અને અગાશીનો છેડો આવી જવાથી તે જમીન ઉપર પડી ગયા તે જોઈને રાજા ઘણો ત્રાસ પામી ગયો પણ માધવ ભકતને કંઈ ઈજા આવી નહિ અને એ પ્રમાણે ભગવાનને તેમને બચાવી લીધા.

मूल छप्पय छंद,

अभिलाष भक्त अंगदको पुरुषोतम पुरन कर्यो
नग अमोल एक ताहि सबै मिलि भुपति जाचै
सामदाम बहु करे दास नाहिन मत काचै
एक समे संकट लेवे पानी महि डार्यो
प्रभु त्रिहाणी वस्तु वदनतें बचन उचार्यो
पांच दोय संतको संते हरि हिराले उर धार्यो
अभिलाष भक्त अंगदको पुरुषोतम पुरन कर्यो

અંગદ ભકતનો પ્રસંગ.

રાયસેન ઘડમાં સલ્હાદી નામનો એક રાજા રાજ કરતો હતો તે ભક્તિમાં કંઈ સમજતો નહોતો અને તેનો કાકો જેનુ નામ અંગદ હતું તે ભકતિથી વિમુખ હતો. અંગદને એક સ્ત્રી હતી કે જે ઘણી ભક્તિવાન હતી અંગદ જ્યારે રોજ દરબારમાં જતો ત્યારે તેની સ્ત્રી પોતાના ગુરૂને ઘેર બોલાવી લાવતી અને ત્યાં તેમની પાસેથી ભાગવતની કથા સાંભળતી એક દીવસ અંગદ ઓચિંતો ઘેર પાછો આવ્યો અને ઘરમાં જોયું તો પોતાની સ્ત્રીને એક સાધુ પાસે કથા સાંભળતી જોઈ. તે ઉપરથી તે ગુસ્સે થઈ ગયો અને તેણે તે સાધુને કહ્યું કે તમે પુરૂષ વગરના ઘરમાં આવીને અહીં બૈરાઓને એકાંતમાં કથા સંભળાવોછો તે કંઈ ઠીક કરતા નથી એટલે તે સાંભળીને તે સાધુ પોથી બાંધીને પોતાને ઘેર જતો રહ્યો એટલે તે ઉપરથી તેની સ્ત્રી અન્નજળ ત્યાગ કરીને રીસાઈને બેઠી અને એ પ્રમાણે જ્યારે તેણે કંઈ ખાધું પીધું નહિ અને રીસને લીધે તેણી અંગદ સાથે કાંઈ બોલી ચાલી પણ નહી અને પોતાનું મોં પણ તેને બતાવ્યું નહિ ત્યારે અંગદ ઘણો મુઝાયો કારણ કે તે વખતે તેને કામ પ્રદિપ્ત થયેલો હતો અને તેથી તેણીને ઘણાં પ્રકારે સમજાવીને કહ્યુ કે તું શા મા માટે આવી રીસ ચઢાવે છે? હવેથી તારે જેમ કરવું હોય તેમજ કરજે અને કોઇ વાતે હવે તું મારી કંઈ આડ ગણીશ નહિ ત્યારે તેણીએ અંગદને કહ્યું કે મેં તો અન્ન જળનો ત્યાગ કરી હવે પ્રાણ ત્યાગ કરવાનો નિશ્ચય કર્યોછે માટે હવેહું તમારી સાથે નહિ બોલું ત્યારે અંગદે તેને કહ્યુ કે હવે તુ કહે તે પ્રમાણે હું કરૂ પણ તું તારી રીસ મૂકીદે ત્યારે સ્ત્રીએ કહ્યું કે જો તમે તેજ સાધુના ચેલા થાઓ અને ભગવાનની ભકિત કરવા માંડો તો હું તમારી સાથે પાછી આનંદમાં રહું. તે સાંભળી અંગદ તે સાધુને ઘેર ગયો અને ત્યાં જઈને તેણે તેમની વિનંતી કરી અને તેમને કહ્યું કે હે મહારાજ ! તમે મને શીષ્ય કરો અને મંત્ર ઉપદેશ આપો એટલે તે સાધુને તેના ઉપર દયા આવી અને તેથી તેને પોતાનો શીષ્ય કર્યો. એટલે તે સાધુના ભકિત બળના પ્રતાપથી તેની દુષ્ટ બુદ્ધિ પલટાઈ ગઈ અને તેથી તેને દીવસો દીવસ ભકિત ઉપર પ્રેમ વધતો ગયો અને તેથી તે એક સાચો ભકત બન્યો એકવાર તેનો ભત્રીજો કે જે રાજા હતો તે બધા લશ્કરને લેઈને એક બીજા રાજા સામે લડવાને ગયો ત્યારે અંગદ પણ તેના સાથે ગયો. અને તે સામા પક્ષનો રાજા આ રાજાની બારતાને લીધે પોતાનું ગામ છોડીને નાશી ગયો એટલે તેનું ગામ લુટી લીધું. અંગદ તે રાજાના મં-

મહેલમાં ચઢી ગયો અને ત્યાં તે રાજાના ગાદીના ઉપર હીરાની જડેલી એક ટોપી તેણે દીઠી-એટલે તે તેણે તે લેઇ લીધી અને તેને સંતાડીને તે પોતાને ઘેર લેઇ ગયો અને તે વાત તેણે ઘણી છાની રાખી. પછી તે ટોપીમાંથી હીરાને ઉખેડી ઉખેડીને તેના સારો કીમત ઉપજાવીને તેણે સંત સાધુઓને ખવરાવી દીધા અને છેવટે એક હીરો સૌથી મોટામાં મોટો હતો તે તેણે જગન્નાથજી ઠાકોરજીને ભેટ આપવા સારૂં બાર લાવીને પોતાની પાસે રાખી મુકયો અને તેને વાપર્યો નહિ. પછી તે ટોપીની વાત જ્યારે રાજાને ખબર પડી ત્યારે તેણે અંગદને બોલાવ્યો અને તેને કહ્યું કે આ પ્રમાણે તમે ટોપીની વાત છાની રાખી અને બધા હીરા તમે સાધુઓને ખવાડી દીધા તે ઠીક કર્યું નહિ. પણ ખેર તે બધા હીરા હું તમને માફ કરૂં છું પણ જે અમુલ્ય હીરો તમે રાખી મુકયો છે. તે તમે મને આપો. ત્યારે અંગદ તેને તે હીરો ઇનકાર ગયો. એટલે રાજાએ પોતાની ફોઇ એટલે અંગદની બેન મારફતે અંગદને કહેવરાવ્યું કે તમે તે હીરો આપો. ત્યારે તેણીએ કહ્યું કે મારૂં કહેવું તે માનશે નહિ, પછી રાજાએ તેણીને કહ્યું કે જો તમે તેને ખાવામાં ઝેર દ્યો તો હું તમને ઘણું દ્રવ્ય આપું એટલે તે ઉપરથી તેણી લલચાઇ અને તેણીએ પોતાના ભાઇ અંગદને ઝેર દેવાની હા પાડી અને બીજે દીવસે તેણે રસોઇમાં ઝેર નાંખ્યું અને તેણે ખાવાનું પિરસ્યું એટલે અંગદે ઠાકોરજીને ભોગ ધરાવ્યો અને પછી પોતાની ભાણેજ અથવા તેજ બેનની એક નાની છોકરી કે જે રોજ તેના ભેગી બેસીને જમતી તેણીને તેણે જમવા બોલાવી પણ તેણીએ તેને બહાર કાઢી મુકેલી હતી તેથીને આવી નહિ. એટલે જ્યાં સુધી તે છોકરી આવી નહી ત્યાં સુધી તે તેની વાટ જોતો રહયો. છેવટે સાંજ પડી તોપણ તે આવી નહી અને તેણે એકલાએ ખાધુ નહિ ત્યારે તેણીએ પસ્તાવો કરવા માંડયો અને રસોઇની થાળી અંગદ પાસેથી ખસેડી લાવી અને પછી તે રડી પડી અને તેણે પોતાને ઘણો ધિક્કાર આપ્યો. અને પછી અંગદને કહ્યું કે હું ઘણી અભાગણી છું. મેં દ્રવ્યના લોભને લીધે તને રસોઇમાં ઝેર દીધું છે માટે હવે તું તે ખાઇશ નહિ. હું દુષ્ટ બુધ્ધિ કંઇ સમજી નહિ તું મારી છોકરી સારૂ સાંજ સુધી ભુખ્યો બેસી રહયો અને તારા આવા ભાવ છતાં મેં તને ઝેર દીધું. અરે ! હું કેવી અભાગણી ! એમ તેણીએ ઘણો પસ્તાવો કર્યો અને થાળી ખસેડી લીધી પણ તેના ભાઇએ તે પાછી ખેંચી લીધી અને તેણીને કહ્યું કે હે રાંડ હવે તું ગાંડપણુ શાનું કરે છે ? મારા પરમેશ્વરને તો તે ઝેરનો ભોગ ધરાવ્યો ત્યારે હવે મારે ઝેર વગરનું ખાઇને જીવીને શું કરવું ? માટે હું પણ તેજ રસોઇ જમીશ એમ કહી તેણે તેને ઘરની બહાર કાઢી મુકી અને પછી પોતે ઘરની સાંકળ વાસીને અંદર પેઠો અને તે થાળીમાંની બધી રસોઇ જમી ગયો. અને પછી આખી રાત તે ભજન કરતો રહયો અને ભજનની મગનતામાં તેને ઝેરની અસર જણાઇ નહિ. પછી અંગદે વિચાર્યું કે રાજા હવે મારો પીછો છોડવાનો નથી માટે બેહતર છે કે મારે હવે આ ગામ છોડીને જગન્નાથજી નાસી જવું અને હીરો લેઇ જઇને ઠાકોરજીને ભેટ કરી દેવો. એમ વીચારી તે હીરો લેઇને છાનોમાનો નાશી ગયો. એટલે રાજાને તે વાતની ખબર પડી તેથી તેણે અંગદ પછવાડે કેટલાક ઘોડેસ્વાર હીરો છીનવી લેવા દોડાવ્યા અને તેઓએ તેને જમુના સુધી જતામાં પકડી પાડયો. અને પછી તેની પાસે તે હીરો માગ્યો ત્યારે તેણે વિચાર્યું કે આ લોક હવે મારી પાસેથી હીરો પડાવી લીધા વગર રહેવાના નથી માટે હવે મારે શું કરવું ? પછી તેણે ઠાકોરજીની ભાવના પોતાના મનમાં લાવીને તે હીરો જમુના નદીના એક ઉંડા ધરામાં ફેંકી દીધો. અને મનમાં ઠાકોરજીની સ્તુતિ કરી કે હે ઠાકોરજી મહારાજ ! હું આ

હીરો આપને ભેટ કરવા આવતો હતો પણ રસ્તામાં મને આ વિઘ્ન નડ્યું માટે તે હું અહીં રહ્યો રહ્યો આપને ભેટ કરૂં છું તે આપ સ્વીકારી લેજો. એમ સંકલ્પ કરી તેણે તે હીરો તે નદીના ઉંડા પાણીમાં ફેંકી દીધો એટલે જગન્નાથ દેવે તે હીરો નદીમાં પડતાં પહેલાં અદ્રશ્ય રૂપે અંતરીક્ષથી લેઈ લીધો અને તે જગન્નાથજીપુરીના મંદીરમાં પોતાની મૂર્તિની દાઢીએ ચોંટાડ્યો. હીરો નદીમાં ફેંકી દીધો એટલે તે ઘોડેસ્વારોએ ત્યાંથી પાછા ફરીને રાજાને તે હકીકત કહી એટલે રાજા પંડે કેટલાંક માણસ લેઇને ત્યાં આવ્યો અને ત્યાં નદીનું પાણી ઉંચાવીને તેણે હીરાને બહુ સોધાવ્યો પણ તે જડ્યો નહિ. એટલે તે રાજા નિરાશ થઇ ને પાછો ગયો. પછી અંગદ ત્યાંથી જગન્નાથજી ગયો એટલે તેણે તેજ હીરો ઠાકોરજીની દાઢીએ ચોંટેલો જોયો. અને તે જોઇને તે ઘણો ખુશી થયો. પછી તે ત્યાંજ રહ્યો અને ત્યાં ઘણા પ્રેમથી ઠાકોરજીનું ભજન કરવા લાગ્યો. એકવાર જ્યારે રાજાએ તે હીરાની વાત સાંભળી કે તે હીરો નદીમાં નાંખી દીધો તોપણ તેના ખરા ભાવને લીધે ઠાકોરજીને તે પહોંચી ગયો એટલે તે ઉપરથી અંગદનો સાચો ભક્તિ ભાવ સમજીને તે મુંઝી પડ્યો અને તેથી તેમને પ્રસન્ન કરવા સારૂ તેને પોતાને ઘેર તેડી મંગાવાનું મન કર્યું અને તેથી તેણે એક બ્રાહ્મણને જગન્નાથજી મોકલ્યો અને અંગદને કહેવરાવ્યું કે જો તમે પાછાં નહિ આવો તો રાજા તમારા વિયોગનું દુઃખ હવે વધારે મુદત સહન થઇ શકશે નહિ અને અન્ન જળનો ત્યાગ કરીને તે પોતાનો પ્રાણ ત્યાગ કરશે. ત્યારે તે હકીકત સાંભળીને અંગદને તે રાજા ઉપર દયા આવી અને તેથી પોતે તે બ્રાહ્મણની સાથે વતન ગયા એટલે રાજા તેમને મળવા સામો આવ્યો અને તેમના પગ આગળ લોટી પડ્યો અને તેની આંખોમાંથી આંસુની ધારા ચાલવા માંડી. પછી રાજાએ પોતાનું સર્વસ્વ તેમને ભેટ કરી દીધું અને તેમનો શીષ્ય બન્યો અને તેમની પાસેથી ભક્તિ ભાવ લીધો.।

मूल छप्पयछंद.

चतुर्भुज नृपतिकि भक्तिकों कोन भुप सरवर करे
भक्त आगमन सुनत सनमुख जोजन एक जाइ
सदन आन सतकार सदृश गोविंद बडाइ
पाद प्रक्षालन सुहृथ राय रानी मन सांचे
धुपदीप नैवेद्य बहुरितीन आगेनांचे
यह रीती करौ लाखी सकी तन मन धन आगे धरे
चतुर्भुज नृपतिकी भक्तिकों कोनभुप सरवर करे

ચતુર્ભુજ નામનો એકરાજા ભક્તરાજ હતો અને તે ચાર ચાર માણસો ને બેસાડીને જે સંત સાધુ તેની સરહદ આગળ થઇને જાય તેમને પોતાને ત્યાં તેડી મંગાવતો અને તેમની તે સેવા ચાકરી કરતો. અને તેમના આગળ પોતાનો ભંડાર ખોલી દેતો. જેથી તેમ જેટલું જોઇએ તેટલું દ્રવ્ય તેઓ લેઇ લે તેની એવી ઉદારતાથી ચારે દીશામાં તેનો યશ ગવાતો. એક બીજો રાજા કે જે એક પંડીત પાસે રોજ ભાગવતની કથા સાંભળતો હતો પણ તેને કંઇ ભક્તિ ભાવ ઉપજતો નહિ તે ચતુર્ભુજ રાજાની ભંડાર ખોલી દેવાની વાત

સાંભળીને આશ્ચર્ય પામ્યો તેથી તેને તેની પરીક્ષા લેવા મન થયું અને તે ઉપરથી તેણે એક ભાંડને બોલાવ્યો અને તેને કહ્યું કે તું ચતુર્ભુજ રાજાની પરીક્ષા લેઈ આવ કે તે કેવી ભક્તિ કરે છે.? ત્યારે તે ભાંડ માથા તીલક ધારણ કરી ને એક સાધુનો વેશ લેઈને તે રાજાને ત્યાં ગયો પણ તે કંઈ ભક્તિ ભાવ જાણતો નહોતો તેથી ભાંડના જેવી ચેહન ચાળા કરવા લાગ્યો એટલે ચતુર્ભુજ રાજાએ તેને પરખી લીધો કે આ કોઈ ભાંડ છે. ચતુર્ભુજ રાજા સાધુ શીવાય બીજા કોઈને નમતો નહોતો અને ભાંડ ભવૈયાઓને તો તે પૈસો સરખો પણ આપતો નહોતો પણ આ ભાંડ સાધુનો વેશ લેઈને તેને ત્યાં આવ્યો તેથી તે તેમે પગે લાગ્યો અને તેની સેવા ચાકરી કરી અને તેને વીસ ત્રીસ દીવસ સુધી પોતાને ત્યાં રાખ્યો અને જ્યારે તેને વિદાય થવાનું મન થયું ત્યારે તેણે પોતાનો ખજાનો ખોલીને તેને સોંપી દીધો અને તેને કહ્યું કે તમારે જોઈએ તેટલું દ્રવ્ય તમે આમાંથી લ્યો ત્યારે ભાંડે વિચાર કર્યો કે જો હું ભાંડના રૂપમાં અહીં આવ્યો હોત તો આ રાજા મને કંઈ આપવાનો નહોતો પણ જ્યારે મેં આ સાધુનો વેશ લીધો ત્યારે તેણે મારી ચાકરી કરી અને છેવટે પોતાનો ખજાનો પણ ખુલ્લો મુકી દીધો તો મારે તેમાંથી કંઈ પણ લેવું યોગ્ય નથી એમ વિચારી તેણે કંઈ લીધું નહિ. પણ તે રાજાની આવી ભક્તિ જોઈને તેનું મન ત્યાં પીગળી ગયું અને તેથી તેણે પોતાનો ભેદ તેને કહી દીધો કે હું તો તમારી પરીક્ષા લેવાને અમુક રાજાનો મોકલેલો અહીં આવેલો છું. અને હું કંઈ સાચો સાધુ નથી માટે તમે મને તમારી ભક્તિની કેંઈ નીશાની આપો એટલે હું લેઈ જઈને તે મારા રાજાને આપું. એટલે ચતુર્ભુજ રાજાએ એક દાબડી લેઈ તેની અંદર એક કોડી મુકી અને તેને જરીયાન કપડાથી સીવી મઢાવીને તેને આપી અને તેને કહ્યું કે આ તારી નિશાની તું લેઈ જઈને તારા રાજાને આપજે પછી ભાંડે કહ્યું કે તમે મને કંઈ ઉપદેશ કરો ત્યારે તેમણે તેને કહ્યું કે તું ઘેર જઈને ભગવાનના ગુણ ગાજે. પછી તે ભાંડ ત્યાંથી પોતાના રાજા પાસે આવ્યો. અને ચતુર્ભુજ રાજાની ભક્તિની તેણે પ્રસંશા કરી અને કહ્યું કે તે રાજાએ મારા આગળ પોતાનો ભંડાર ખુલ્લો મુકી દીધો અને મારે જેટલું લેવું હોય તેટલું લેવાની મને તેણે રજા આપી પણ મેં તેમાંથી કંઈ લીધું નહિ. પણ આ નિશાની તેમની પાસેથી લેતો આવ્યો છું તે લ્યો. એમ કહી તેણે તે દાબડો આપી એટલે રાજાએ તેનું કપડું ઉકેલીને દાબડીની અંદર જોયું તો તેમાં એક કોડી દીઠી એટલે તે વિસ્મય પામ્યો અને તેનો શું ભેદ હશે તેનો તપાસ કરવા લાગ્યો. પણ કોઈનાથી તે ભેદ ભાગ્યો નહિ ત્યારે તેણે કથા વાંચનાર પંડીતને તે પુછ્યું ત્યારે તેણે તેને તે સમસ્યાનો ખુલાસો કરી આપ્યો કે એ ડાબડી એમ સુચવે છે કે તમારી ભક્તિ, ઉપરથી તો જરીયાન જેવી છે પણ અંદરથી એક કોડીની કીમત જેટલી છે એટલે તમે જે ભાગવતની કથા સાંભળો છો પણ તેથી જ્યારે તમને હજી ભક્તિ ભાવ ઉદય થયો નહિ અને સંત સેવામાં પ્રિતી થઈ નહિ ત્યારે તમારી ભક્તિ ઉપર ઉપરની છે. એટલે તે ભાંડે કહ્યું કે પંડીતનું કહેવું સાચું છે તેની ભક્તિના બરોબરી કોઈ કરી શકે તેવું નથી. તેને ઘેર જનાવર સરખાં પણ ભક્તિ કરે છે અને તે તમને બતાવવા સારૂ હું તેની પાસેથી એક પોપટ અને એક મેનાં માગી લાવ્યો છું અને તમને બતાવીને તે પાછાં મોકલાવી દેઈશ એમ કહી તેણે તે પોપટ મંગાવ્યો એટલે તે પોપટે તે રાજાની આખી સભાને ત્યાં આગળ ઝાટકી નાંખી અને તેણે ત્યાં બધા લોકોને કહ્યું કે તમે બધા અહીં એકઠા થઈને આ જુઠી માયા કેટલો શું કરો છો તમે કૃષ્ણ કૃષ્ણ બોલો જેથી તમારો કંઈ ઉદ્ધાર થાય એમ તેણે તેમને પરમેશ્વરનું નામ લેવાનું કહ્યું. એટલે ભાંડે રાજાને કહ્યું કે જુઓ તેના ઘરનો પોપટ પણ આવી ભક્તિ કરે

કે એની ભક્તિ વધારે ત્યાં કોઈ માણસ મણુ કરવું નહિ કરી માટે આ પોપટને તમે રાખો કરો એમ કહી તે પોપટને તેણે રાજા પાસે રખાવ્યો અને પોપટે પછી રાજાને ઘણી ઘ- ણી રીતથી ભક્તિનો રંગ ચઢાવ્યો.

मुल छप्पयछंद.

लोक लाज न कुल शृंखला तजी मीरां गिरधर भजी
सदृस गोपिको प्रेम प्रगट कलिजुगाहि दिखायो
निर अकुंस अति निडर रसिक जस रसना गायो
दुष्टनी दोष विचार मृत्युको उद्यम कियो
बार न बांको भयो गरल अमृतज्यों पियो
भक्ति निसान भजायके काहु तें नाहिन लजी
लोक लाजन कुल शृंखला तजी मीरां गिरधरहुं भजी

મીરાંબાઈનો પ્રસંગ.

મીરાંબાઈ મારવાડમાં મેરતા ગામમાં જનમ્યાં હતાં અને તે ત્યાંના રાજાની કુંવરી હ- તાં અને તેનાં માબાપ હરીજન હતાં તેથી મીરાંબાઈને પણ નાનપણથી ભક્તિનો રંગ ચઢ્યો હતો. તેમને ઉદેપુરના રાણાને ત્યાં પરણાવેલાં હતાં.. પણ તે લોકો વિમુખ હતાં તેથી તેઓ ભક્તિમાં કંઈ જાણતા નહોતા એકવાર જ્યારે મીરાંને સાસરેથી પહેલું આણું આવ્યું ત્યારે તેણીનાં માબાપે તેને કહ્યું કે તારે વસ્ત્ર આભુષણ દ્રવ્ય જે જોઈએ તે તું માગીલે. ત્યારે મીરાં બાઈએ તેમને કહ્યું કે મારે તેમાંની એક ચીજ જોઈતી નથી. પણ મારે તો ફક્ત એક ઠાકોર સેવા જોઈએ છે તે આપો એટલે પોતાની કુંવરીની આવી વૃત્તિ જોઈને તેનાં માબાપ ખુશી થયાં. અને તેને ઠાકોર સેવા આપી એટલે તે લેઈને તે સાસરે ગઈ. પછી તેની સાસુ તેને તથા પોતાના છોકરાને લેઈને પોતાની કુળદેવીના મંદીરે પગે લગાડવાને લેઈ ગઈ અને ત્યાં મીરાંના પીઉએ તે દેવીને નમસ્કાર કર્યા. પછી મીરાંની સાસુએ મીરાંને તે દેવીને પગે લાગવા- નું કહ્યું ત્યારે મીરાંએ કહ્યું કે મારૂં માથું તો મેં શ્રી ગીરધરલાલ ઠાકોરજીને ત્યાં વેચેલું છે તે થી મારૂં માથું અહીં કેવી રીતે નમે? જો મારે બીજું માથું હોત તો તે હું અહીં નમવાત તે સાંભળીને તેની સાસુ એકદમ ચીડાઈ ગઈ અને તેણે ઘેર આવીને પોતાના પતીને તે કહ્યું કે આપણા કુંવરની વહુ તો ઘણી જબરી મળી. મેં તેને દેવીના આગળ નમસ્કાર કરવા વારંવાર કહ્યું પણ તેણે ત્યાં પોતાનું માથું નમાવ્યું નહિ. પણ ઉલટી ત્યાં તે મારી સામું બોલી અને મને ભુંડાં લોકો વચ્ચે ભુંગાંભુંડી પાડી. માટે તે વહુ હવે મારા કામની નથી. માટે તેને તમારે ફાવે તેમ કરો મારે તે જોઈતી નથી. આજ પહેલેજ દીવસ જ્યારે તે મારા સામું બોલી અને તેણે મારું અપમાન કર્યું તો આગળ ઉપર તે કેવી મારી ચાકરી કરશે! રાણો તે વાત સાંભળી ને ઘણો કોપાયમાન થઈ ગયો અને તેણે તેણે તેને પોતાના શહેર બહાર એક અલગ મહેલમાં રાખી. મીરાંને તો તેટલુંજ જોઈતું હતું એટલે તેથી તે ઘણી ખુશી થઈ. પછી ત્યાં તે ભગવાનની રૂડી સેવા કરવા લાગી અને ત્યાં જે સંત સાધુઓ આવે તેમની ચાકરી બરદાસ કરવા લાગી. એટલે તે વાત આખા ગામમાં ફેલાઈ ગઈ કે મીરાંબાઈ તો સાધુડી થઈ ગઈ. અને એમ તેણીની નિંદા થવા લાગી એટલે તે ઉપરથી તેની નણંદ તેને ત્યાં ઠપકો દેવા

ગઇ કે હે મિરાંબાઇ તમે તમારા માબાપના કુળને તથા તમારા સસરાના કુળને કલંક શા-માટે લગાડો છો? તમે આ વાત છોડી દો ત્યારે મીરાંએ તેને કહ્યું કે પરમેશ્વરની ભક્તિ કરવા-થી અથવા સંત સેવા કરવાથી કંઇ કલંક લાગતું નથી પણ તેમ ન કરવાથી કલંક લાગે છે માટે તે વાત તો મારે પ્રાણ સાથની છે માટે તે વાત હું કોઇ દહાડો મુકી દેવાની નથી. એટ-લે નણંદે આવીને તે વાત મીરાંના પતીને કહી એટલે તેણે એક પ્યાલામાં ઝેર ઘોળીને એક નોકર સાથે મીરાંને મોકલાવી દીધું કે આ મીરાંને પઇઆવ. જેથી તેનો શોક કરવો મટે. એ-ટલે મીરાંબાઇએ પોતાના પતીનો મોકલેલો તે ઝેરનો પ્યાલો મન સાથે સ્વીકારી લીધો અને તે પોતાના ઠાકોરજીને. ભોગ લગાવી તે પોતે પી ગઇ અને પછી ભજન કરવા લાગી ત્યાં ભ-ક્તિની ધુનમાં તેને ઝેરનો ઝંઝાવાટ સરખો પણ માલમ પડયો નહી અને તે ઝેર તેને હજમ થઇ ગયું. મીરાંના પતીએ અન્ય પુરૂષને મીરાંને ઘેર જતા બંધ કરીને ઘર ફરતી ચોકી મુકી હતી અને કોઇ પરપુરૂષ તેના ઘર અંદર માલમ પડે તો તેને તરત ખબર આ-પવી પહેરેગીરોને તેણે સુચના આપી હતી અને તેવામાં એકવાર ગીરધરલાલ ઠાકોરજી તેણીને સાચો ભક્તિભાવ જોઇને માણસનું રૂપ લઇને તેની સાથે નાચ રંગ કરવા લાગ્યા કારણ કે તે-ણે સ્વામીભાવે ભક્તિ કરી હતી તેથી તેમણે તેને પતીરૂપે ફળ આપ્યું. અને તે જોઇ ચોકીદાર તેના પતી પાસે ગયો અને તેને કહ્યું કે આજ મિરાંના ઘરમાં કોઇ પુરૂષ માલમ પડેછે એટલે તે ઉપરથી તે પોતાની તલવાર ખેંચીને નાગી તલવારે ત્યાં આવ્યો અને ત્યાં આવી-ઇને મીરાંને કહ્યું કે દરવાજો ઉઘાડ એટલે મિરાંએ દરવાજો ઉઘાડયો. એટલે તે અંદર ગયો અને પછી મીરાંને કહ્યું કે હમણાં તારી જોડે જે પુરૂષ નાચરંગ કરતો હતો તે કયા ગયો. ત્યારે તેણીએ કહ્યું કે તે તો કંઇ ગયા નથી પણ આ તમારા આગળ ઉભા. પણ તમારી ચર્મ ચક્ષુથી તમે તેમને જોઇ શકતા નથી માટે જો તમારે તેમને જોવા હોયતો તમે પ્રેમ લવીને તેમની ભક્તિ કરો તો તે તમને પ્રગટ દર્શન દેશે. એટલે તે ખસીયાણો પડી ગયો અને ભીંતના એક ચિત્રામણ જેવો તે બની ગયો. કારણ કે તે વિમુખ હતો. અને તેની તેની કં-ઇ અસર થઇ નહિ. પછી મીરાંના સાચાભાવને લીધે ઠાકોરજી મીરાંને પ્રત્યક્ષ થઇને તેની સા-થે નાચરંગ કરે છે એમ જાણીને તે પોતાને દ્વેશ ભાવ મુકી દઇને પોતાને ઘેર પાછો ગ-યો. એકવાર એક વિષયી સાધુ મીરાંને ત્યાં આવ્યો અને તેણે મીરાંને કહ્યું કે તું મને તારા અંગનો સંગ કરવાદે ત્યારે મીરાંએ તેને કહ્યું કે ભલે હું તે પ્રમાણે કરવાદેવા તયાર છું. પણ હાલ તમે ભોજન કરીલ્યો અને પછી નીરાંતે તમે મારા શરીરને જેમ કરવું હોય તેમ કરજો. એમ કહી મીરાંએ તેને ભોજન કરાવ્યું અને થોડીવાર તેને ટાઢો પડવા દીધો. પછી જ્યારે ત્યાં સંતલોકોની બધી સભા ભરાઇ ત્યારે મીરાંએ તે સમાજની વચમાં એક પથારી પાથરી અને પછી પેલા સાધુને કહ્યું કે હવે તમે આવો આ મારૂં શરીર તમારે આ-ધીન છે માટે તમારે જેમ કરવું હોય તેમ કરીલ્યો અને તમે કોઇવાતે કંઇ શંકા રાખશો નહી. એટલે બધાના વચમાં આ પ્રમાણે તેની વાત જાહેર થઇ ગઇ તેથી તે ફીકો પડી ગયો અને તેથી તેની વિષય વાંસના જતી રહી અને તેથી તે મીરાંને પગે પડયો અને તેણીને વી-નતી કરી કે હે માતા તમે મને ઉગારીલ્યો અને મને ભક્તિ શીખવો. એકવાર અકબરશાહ બા-દશાહે સાંભલ્યું કે મીરાંના ઠાકોરજી મીરાંની સાથે નાચરંગ કરે છે. અને પ્રગટ માણસનું રૂપ લે છે. એટલે તે ઉપરથી તેને અચંબો થયો અને તેથી મીરાંને જોવાને સારૂ તે ઉદેપુર આ-વ્યો અને તાનસેનને સાથે તેડતો આવ્યો. ત્યાં મીરાંના ઘેર શ્રી ગીરધરલાલનું પ્રત્યક્ષ દર્શન ક-રીને તેઓ ન્યહાલ થયા અને પછી ત્યાથી તેઓ પોતાને વતન પાછા ફર્યા. અને તાનસેને ત્યાં ઠાકો-

રજીનાં પદ બનાવીને ગાયાં. વૃંદાવનમાં જીગોસાંઇજી કરીને એક મંહત રહેતા હતા. અને તે કોઈ સ્રીનુ મોં જોતા નહોતા પછી મીરાં જ્યારે ઠાકોરજીના દર્શણ કરવાને વંદ્રાવનમેં ગઈ ત્યારે તેણીએ જીગોસાંઇને ત્યાં જઇને તેમને કહેવડાવ્યું કે મીરાં તમને મળવાને અત્રે આવેલી છે ત્યારે જીગોસાંઇએ તેણીને કહેવડાવ્યું કે હું કોઇપણ સ્રીનું મોં જોતો નથી. ત્યારે મીરાએ તેમને ફરીને કહેવડાવ્યું કે બહુ સારૂ થયું કે તમે આજ મને આ પ્રમાણે કહ્યું કારણ કે હું પણ કોઈ પરપુરૂષનું મોં જોતી નથી આટલા દીવસ સુધીતો હું એમજ સમજતી હતી કે વંદ્રાવનમા એકજ મારા સ્વામી શ્રી કૃષ્ણજી પુરૂષરૂપ છે અને બીજો કોઈ પુરૂષરૂપ નથી અને આજ તમે કહેવડાવ્યું કે હું કોઇ સ્રીનુ મુખ જોતો નથી ત્યારે મને માલમ પડેછે કે વંદ્રાવનમા બીજો પુરૂષ પણ છે અને તેથી તમે પર પુરૂષ હોવાથી હું પણ લગારે મુખ જોવા ચાહતી નથી. કારણ કે શ્રીકૃષ્ણ શીવાય બધાંને હું પુરૂષ રૂપ જાણતી નહોતી. મીરાંનું આ પ્રમાણે બોલવું જ્યારે જીગોસાંઇએ સાંભળ્યું ત્યારે તે બહાર આવ્યા અને ત્યાં તેમણે મીરાંના દર્શણ કર્યાં અને પછી બંને જણે ભકતી વીનોદની વારતાઓ કરી અને એ પ્રમાણે મીરાંએ જીગોસાંઇનો પણ મુકાવ્યો. મીરાંબાઇ ત્યાંથી દ્વારકાં ગયાં. ત્યાં ગીરધારીલાલ ઠાકોરજી ઉપર ઘણી પ્રીતી લાવીને લાડ લડાવતાં પછી તે ત્યાંજ રહ્યાં. તેમના પતી રાણાજીએ મીરાંબાઇના ચાલા ઘણા પડ્યા જોઇને તથા દેશ દેશાંતરમાં તેણીના વખણ થતાં સાંભળીને તેમનાં દર્શણ કરવાની પોતાને ચટપટી થઇ અને તેથી તેણીને ઉદેપુર તેડી લાવવા સારૂ તેણે ...તાના નોકરોને દ્વારકાં મોકલ્યા. અને તેણે તેમને કહ્યું કે તમે મીરાંને કહેજો કે તમારાં દર્શણ ...ા સારૂ રાણાએ અન્ન ખાવાની બાધા રાખી છે. માટે જો તમે નહીં આવેતો રાણાનો ...છુટી જશે. એટલે તેમની તે હકીકત સાંભળીને મીરાંને રાણા ઉપર દયા આવી અને ...થી તેણી ઉદેપુર જવાને તૈયાર થઇ. અને પછી તેણી શ્રી રણછોડરાય ઠાકોરજીને મળવાને ...થા તેમની પાસેથી વિદાયગીરી લેવાને મંદીરમાં ગઇ એટલે ત્યાં રણછોડરાય ઠાકોરજી મીરાં બાઇ સાથે ભેટયા એટલે મીરાં બાઇ તેમના સ્વરૂપમાં એકાકાર લીન થઇ ગયાં અને ફરીને તે મીરાંના રૂપે દેખાયાં નહીં એટલે તેડવા આવેલા લોકોએ ઉદેપુર જઇને તે હકીકત રાણાને કહી અને રાણો પછી મન વાળીને રહ્યો.

मुल छप्पय छंद

आंबेर अछीन कुर्मको द्वारीको नाथ दर्शण दीयो
श्री कृष्णदास उपदेश परमतत्व परचो पायो
निर्गुन सगुन निरुप तीमीर अज्ञान नसायो
काछ वाछ निकलंक मनो गांगेय युधिष्टिर
हरिपुजा प्रहलाद धरम ध्वज धारी जगपर
पृथ्वीराज परचो प्रगट तन संख चक्र मंडीत कीयो
आंबेर अछीत कुर्मको द्वारीकां नाथ दर्शन दीयो

પૃથીરાજ રાજાનો પ્રસંગ.

પૃથીરાજ કરીને એક રાજા હતો અને તે એક ગુરૂ ભકત હરીજન હતો અને તે સંત સાધુની સેવા ચાકરી કરતો. એકવાર તેના ગુરૂ દ્વારકાં જતાં રસ્તામાં તેને ત્યાં આવ્યા અને

તેને કહ્યું કે અમે દ્વારકાં જઇએ છીએ માટે જો તારે અમારી સાથે દ્વારકા આવવું હોયતો તૈયાર થા. એટલે તેણે દ્વારકા જવાની તૈયારી કરી એટલે તેના દીવાનને તે વાતની ખબર પડી. એટલે તે શોચમાં પડ્યો કે પૃથીરાજ અહીં છે સંત સાધુની શેવા થાય છે પણ જો તે દ્વારકાં જશે તો સંત લોકો પછી અહીંથી વિમુખ જશે એમ વિચારી તેણે તે હકીકત તેમના ગુરને કહી એટલે ગુરૂએ પૃથીરાજને દ્વારકાં તેડી જવાનો વિચાર માંડી વાળ્યો. તેણે ગુરૂને કહ્યું કે તમે પૃથીરાજ આગળ કેશો નહિ કે મેં તમને આ વાત કહી છે ત્યારે ગુરૂએ કહ્યું કે ઠીક. પછી ગુરૂએ બીજે દીવસે પૃથીરાજને કહ્યું કે તું અમારી સાથે દ્વારકાં આવીશ નહિ પણ ઘેર રહીને સંતની શેવા કરજે એટલે તેજ તારે દ્વારકાં સમજવી. ત્યારે પૃથીરાજે ગુરૂને કહ્યું કે જો હું દ્વારકા આવ્યો હોતતો મને ત્યાં ઠાકોરજીનાં દર્શન થાત અને ત્યાં હું ગોમતીમાં સ્નાન કરત અને મારે હાથે હું દ્વારકાંની છાપો મરાવત. પણ હવે આપ મના કરોછો એટલે મારા મનના મનોર્થ મનમાં રહ્યા. એટલે તે સાંભળી ગુરૂએ તેને કહ્યું કે તેની તું ચીંતા ન કર. એક બે દિવસમાં તને અહીં તારા ઘર આગળજ દ્વારકાંનાં દર્શન થશે. એટલે તું ઠાકોરજીનાં દર્શન કરજે અને ગોમતીમાં સ્નાન કરજે અને તારી ભુજાઓ ઉ-પર તું છાપ લેજે, એ પ્રમાણે તને ઘેર બેઠે દ્વારકાં જવાનું સર્વફળ પ્રાપ્ત થશે. એમ કહીં ગુર ત્યાંથી વિદાય થયા અને પૃથીરાજ ગુરૂની આગ્ના માથે ચઢાવીને ઘેર રહ્યો. પછી પૃથીરાજ ને રોજ ધારવાનું ચિંતવન થવા માંડ્યું અને ગુર સાથે તેનાથી ન જવાયું તેનો શોચ માંડ્યો. પછી તે વાતને બે એક દીવસ વિત્યા એટલે ત્રીજા દીવસની રાત્રે તે જ્યારે ઘર (સુતો હતો ત્યારે બારણેથી હાંક મારીને તેને બોલાવ્યો કે હે પૃથીરાજ હે પૃથીરાજ. એટ તરત જાગી ઉઠયો કે મારા ગુરૂના જેવા અવાજે મને આ વખતે કોણ બોલાવે છે ? અ ઉપરથી તેણે બારણું ઉઘાડીને જોયું તો ત્યાં તેણે પોતાના ગુરૂને દીઠા એટલે તેણે તેમને • સ્કાર કર્યો. પછી ત્યાં આગળ તેણે ગોમતી જેવું એક મોટું તળાવ જોયું અને ત.. ઘાટ ઉપર ઠાકોરજીની મુર્તી દીઠી. એટલે તેણે ઠાકોરજીનાં દર્શન કર્યાં પછી તે ગોમતીમાં નાહ્યો અને પોતાની ભુજાઓ ઉપર છાપ લીધી. અને એ પ્રમાણે તેને દ્વારકાં ગયા , ગોમતી-નાહ્યાનું તથા ભગવાનનાં દર્શન કર્યાનું તથા હાથ ઉપર છાપો લીધાનુ એ બધું ફળ પોતાને ઘર આંગણે મળ્યું. એટલે તેણે પોતાના ગુરૂનો મોટો આભાર માન્યો. એટલામાં તેની રાણી જાગી ઉઠી અને પોતાના પતીને દીઠા નહિ એટલે થોડીવાર વાટ જોઇને તેમની તપાસ કરવાને તે બારણે આવી તો ત્યાં તેણે રાજાને ભીને લુગડે જોયો રાજાએ તેને બહાર આવેલી જોઇને તેની પાસે વસ્ત્ર બદલવા કોરાં કપડાં માગ્યાં. ત્યારે રાણીએ તેને પુછ્યું કે તમારાં લુગડાં ભીનાં શાથી થયાં ? ત્યારે રાજાએ તેને કહ્યું કે ગુર મહારાજે મને જે વચન આપ્યું હતું તે આજ તેમણે પાળ્યું એટલે આપણા ઘર આગળ આજ દ્વારકાં આવ્યાં છે ત્યાં ગોમતીમાં હું નહાયો અને મેં ઠાકોરજીનાં દર્શન કર્યાં એટલે ગુરૂ અદ્રશ્ય થઇ ગયા. એ પ્રમાણે ગોમતી સ્નાનમાં મારાં લુગડાં ભીનાં થયાં પછી રાણીએ તેને કોરાં લુગડાં આપ્યાં અને પછી તે ઘરમાં ગયા. બીજે દિવસે સવારમાં આખા ગામમાં તે વાત ફેલાઇ અને તેથી આખા ગામના લોકો ત્યાં ગોમતીમાં નાહાવા સારૂ તથા ત્યાં ઠાકોરજીનાં દર્શન કરવા સારૂ એકઠા થઇ ગયા. પછી તે વાત દેશ દેશાંતર ફેલાઇ ગઇ કે પૃથીરાજ રાજાના સાચા ભાવને લીધે તેના ઘર આગળ દ્વા-રકાં આવી છે તેથી દેશે દેશના લોકો ત્યાં જાત્રા કરવાને આવવા લાગ્યા અને ત્યાં નાના પ્રકા-રની ભેટો લાવવા માંડ્યા. પછી પૃથીરાજે ત્યાં આગળ એક મોટું મંદીર બંધાવ્યું કે જે મંદીર

તથા દ્વારકાં ત્યાં આગળ હજી સુધી કાયમ છે. એકવાર પૃથીરાજ પાસે એક બ્રાહ્મણ આવ્યો કે જે હજી કંઇ મુદતથી આંખે આંધળો થઇ ગયો હતો અને તેથી તે એક પહાડમાં જઇને મહાદેવજીની તપશ્ચર્યા કરતો હતો. તેને મહાદેવજીએ પ્રસન્ન થઇ આજ્ઞા કરી કે તું પૃથીરાજ પાસે જા અને ત્યાં જઇ તું તેમના અંગ લોહવાના રૂમાલને લઇને આંખો સાથે ધરશ એટલે તું દેખતો થઇશ. એટલે તે ઉપરથી તે બ્રાહ્મણ પૃથીરાજ પાસે આવ્યો અને તેણે પોતાની હકીકત પૃથીરાજને કહી. એટલે પૃથીરાજે વિચાર્યું કે મારો જૂનો અંગુચો બ્રાહ્મણને સ્પર્શ કરવા આપવો તે ઠીક નહી તે ઉપરથી તેણે એક નવો રૂમાલ મંગાવ્યો અને તેને પોતાના શરીર સાથે જરા અડાડી તે બ્રાહ્મણને આપ્યો. એટલે તેણે તે પોતાની આંખો સાથે ધર્યો એટલે તેની આંખે દેખાવા લાગ્યું અને દેખતો થઇને તે પોતાને ઘેર ગયો.

मुल छप्पय छद.

— भक्तनिको आदर अधिक राजवंसमें इन कीयो
लघु मथुरा मेरता भक्त अति जैमल पोषे
ठोडे भजन निधान रामचंद हरिजन तोषै
अभैराम एक रस नेम निवाके भारी
कर्मसि सुरतान भगवान वीरम भुपति वृत धारी
इश्वर अखेराज रायमल कान्हर मधुकर नृप सर्वसु दियो
भक्तानिको आदर अधिक राजवंसमें इन कियो

જેમલનો પ્રસંગ.

મિરાંબાઇનો બાપ જેમલ રાજા ઠાકોરજી ઉપર ઘણો ભાવ રાખતો હતો અને તે ઠાકોરજીની સેવા પોતાના હાથે કરતો હતો. અને પોતાની ઠાકોરજી શેવા બીજો કોઇ જુએ નહિ તે સારૂ તે ગુપ્ત રીતે કરતો. અને તેટલા સારૂ તેણે પોતાના મ્હેલની અગાશીમાં થાંભલા મુકીને તે ઉપર એક અદ્ધર બંગલો બંધાવ્યો હતો. અને ત્યાં હાથે ઉપાડી લેવાય તેવી એક સીડી મુકી હતી અને એકાંત બંગલામાં તેણે પોતાની ઠાકોર શેવા પધરાવી હતી અને ત્યાં તે રોજ પોતાને હાથે ઠાકોર શેવા કરતો અને શેવા કરી રહીને તે નિસરણીને ઉપાડી લેતો. એટલે તે બંગલા ઉપર પછી કોઇ જઇ શકે તેવું રહેતું નહિ. અને તે બંગલા હેઠળ પોતે જાતે ચોકી ભરતો. એકવાર તેને ત્યાંથી કંઇ દૂર ગયેલો જોઇને તેની રાણીને મન થયું કે રાજા પોતે રોજ મેડા ઉપર એકલો ચઢીને ત્યાં છાનુંમાનું રોજ શું કરે છે ? તે જોઉં વારૂ. એમ ધારીને તેણે તે નિસરણી મુકી અને ઉપર જઇને તે બંગલામાં જોયું તો ત્યાં પારણાની એક બાજુ ઉપર એક છોકરો અતી રૂપવાન તેણે દીઠો અને બીજી બાજુએ ઠાકોરજીની મુર્તી પધરાવેલી જોઇ. એટલે તે જોઇને તે રાણી તરત પાછી ઉતરી પડી. અને નિસરણી ત્યાંથી ઉપાડીને ઠેકાણે મુકી દીધી. પછી જ્યારે રાજા આવ્યો ત્યારે તેણે તેને વાત કરીકે તમારા મેડામાં એક બાળક છે તે કોણ છે ? એટલે તે સાંભળીને રાજા તેણીના ઉપર ગુસ્સે થઇ ગયો, કે મારી ગુપ્ત ક્રીયા તારે શા માટે જોવી પડી ? પછી તે બાળ સ્વરૂપની વાત ઉપર અચંબો પામ્યો. પોતાના ભાવને લીધે ઠાકોરજીએ રાણીને દર્શન દેઇને પડચો બતાવ્યો અને હું જે આટલી મુદતથી ઠાકોરજીની શેવા કરૂં છું તેને તો ઠાકોરજી દર્શન દેતા નથી

એમ વિચારી તેણે મનમાં ઠાકોરજીની વિનંતી કરી કે હે મહારાજ! તમે મારા ઉપર તેવી કૃપા ક્યારે કરશો?

मुल छप्पयछंद.

खेमाल रतन राठौरके अटल भक्ति आइ सदन.
रैना हरी गुन राम भजन भागवत उजागर
प्रेमी परम किशोर उदार राजन रतनाकर
हरिदासनिके दास दसा ऊंची ध्वजधारी
निरभै अनन्यउदार रसिक जस रसना भारी
दसधा संपति संतबल सदा रहत प्रफल्लित वदन
खेमालरतन राठौरके अटल भक्ति आइ सदन
कलिजुग भक्ती कररी कमान राम रेन केरी जु करी
अजीर धर्म आचर्यो लोकहीत मनो नीलकंठ
निंदकजन अनराय कहा महिमा जानेगो मुसठ
बिदित गाधर्वीव्याहकियो दुस्यंत प्रमानै
भरत पुत्र भागवत स्रुमुख सुखदेव बखाने
औरभुपको उछबै सके द्रष्टजाय नाहिन धरी
कलिजुग भक्ति कररी कमान राम रेन केरी जु करी

મધુકર વાણીઆનો પ્રસંગ.

મધુકર શાહ નામનો એક વાણીઓ બંગાળામાં રાજા થઇ ગયો તે પણો ભક્તિવાન હતો અને સંત સાધુની સેવા તે સારી રીતે કરતો. પોતાને ત્યાં જેટલા સાધુસંત આવતા તે બધાનું પોતે ચરણામૃત લેઇને તે પી જતો. તે જોઇને તેના નાતવાળા લોકો તેના ઉપર ઘણું બળતા. કે કોઇની નાત જાત જોયા વગર માત્ર સાધુ જાણીને તે રાજા બધા સાધુઓના પગ ધોઇને પી જાય છે અને આપણને તે વટલાવે છે. પણ તે રાજા હતો એટલે તેની પંચાત કોણ કરી શકે? પછી એકવાર તેની પરીક્ષા લેવા સારૂ તેના નાતવાળાઓએ એક ગધાડું પકડ્યું અને તેના કપાળમાં ગોપિચંદનનું તીલક કર્યું અને તેની ડોકમાં બે ચાર માળાઓ નાંખી અને પછી તેને રાજાના ઘર તરફ હાંકી મુક્યું. એટલે રાજાએ તે ગધેડાને સાધુના રૂપમાં આવતું જોઇને તે તેને પગે લાગ્યો અને તેને સારૂ ત્યાં ખાવાનું મુક્યું. અને પછી તેના પગ ધોઇને ચર્ણામૃત પીધું. અને તે પ્રમાણે તે ગધેડાની સેવા કરી. પછી તેની ડોકની માળા ઉતારી લીધી અને તેનું તીલક ધોઇ નાંખ્યું અને પછી તેને ત્યાંથી હાંકી મુક્યું એટલે તેની નાતવાળા લોકો તેનો આવો ભક્તિ ભાવ જોઇને તેઓ અંજવાઇ ગયા અને તેથી તેને પગે પડ્યા અને તેઓ ભક્તિ કરવા લાગ્યા.

રાજારામનો પ્રસંગ.

શરદ પુનમની રાત્રે જ્યારે બધા ભક્તો એકઠા થઇને નૃત્ય ગાન અને રાસ લીલા કરતા હતા ત્યારે ત્યાં આગળ રામ રાજા આવ્યા અને તે રાસ જોઇને પોતે ઘણા પ્રસન્ન થયા

અને તે ઉપરથી તેમણે રામના મહંતને સોના સારી ભેટ આપવાનું મન કર્યું. અને તે ઉપર થી તેમણે વિચાર્યું કે મારે તેમને શું આપવુ ? અને એમ વિચાર કરીને તેમણે પોતાની કન્યા વસ્ત્ર આભુષણ પહેરાવીને તેમને દાન કરી દીધી. અને તેના ઉપર વળી ઘણું દ્રવ્ય તેમણે ભેટ આપ્યું એ પ્રમાણે ભક્તિમાં પીગળી જઇને તેમણે નાત કુળનો અથવા પોતાની મોટાઇનો વીચાર રાખ્યા વગર તેમણે પોતાની કન્યા એક સાધારણ સાધુને પરણાવી દીધી.

मूल छप्पय छंद,

हरि गूरु हरीदासनीसों राम घरनि साची रही
आरजको उपदेश सु तो उरनिके धार्यो
नवधा दसधा प्रीति आनधर्म सबै विसार्यो
अच्यूत कुल अनुराग मुगट पुरुषार्थ जान्यो
सारा सार विवेक बात तीनो मनु मान्यो
दासतन अनन्य उदारता संतनि मुख राजा कही
हरि गूरु हरिदासनि सों राम घरनि साची रही

રામારાજાનો બીજો પ્રસંગ.

વૃંદાવનથી રામરાજા મથુરા ગયા ત્યાં તેમની સાથે તેમની રાણી પણ જાત્રા કરવા ગયેલાં હતાં ત્યાં રામરાજાએ પોતાની પાસે જેટલું દ્રવ્ય હતું તેટલુ બધું ત્યાંના સંત સાધુને તથા ત્યાંના ભકત બ્રાહ્મણોને આપી દીધું તે એટલે સુધી કે તેમણે પોતાની પાસે કંઈ રહેવા દીધું નહિ. અને પોતાને વતન પાછા જવાને રસ્તાની વાટ ખર્ચી પણ તેમણે કંઇ રાખી નહિ. પછી જયારે તેમને ઘેર જવાનું મન થયું ત્યારે તેમની પાસે કંઇ વાટ ખર્ચી નહોતી તેથી તેમણે પોતાની રાણીને કહ્યું કે હવે શું કરવું ? ત્યારે રાણી પાસે આંગળી ઉપર સોનાની પાંચ વિટીંઓ રહી ગએલી હતી તે તેણે રાજાને કાઢી આપી એટલે તે લેઇ ને તેમણે નાભા સ્વામીને પહેરાવી દીધી એટલે રાણીએ તેમને કહ્યું કે હવે આપની પાસે કંઇ દ્રવ્ય રહ્યું નહિ માટે કોઇનું કરજે કાઢી લાવો તો આપણે આપણા વતન જઇએ. એટલે તે પ્રમાણે તે કોઇની પાસેથી કરજે પૈસા લેઇ આવ્યા અને તે ખરચીને તેઓ પોતાને વતન ગયાં એ પ્રમાણે તેમણે પોતાની ઉદારતાને લીધે પોતાની વાટ ખરચીના પૈસાનો પણ વિચાર રાખ્યો નહોતો.

मुल छप्पय छंद.

अभिलाष उभै खेमालका ते किशोर पुरा कीया
पयनि नुपर बांधि नृत्य नगधर हित नाच्यो
राम कलस मनरली सीस ताते नही बाच्यो
बानि विमल उदार भक्ति महिमा विस्तारी
पेमपुंज सुठशील विनै संतनि रुचिकारी
सृष्टि सराहैं रामजस लघुवेश लछन आजे लीया
अभिलाष उभै खेमालको किशोर पुरा किया

કિશોર ભકતનો પ્રસંગ.

ખેમલ નામનો એક શાહુકાર જ્યારે મરવા સુતો ત્યારે તે વખને તેનો જીવ છુટતે નહોતો. તે ઉપરથી તેના છોકરાઓએ તેને પુછ્યું કે તમારા મનમાં શું વાસના બાકી રહી ગઇછે? તમે આમ રગડાઓ છો. તમારા મનમાં જે હોય તે અમને કહીદો એટલે અમે તે પુર્ણ કરીએ. જેથી તમારો જીવ ગતિને પામે. તે વાણીઆએ પોતાના છોકરાઓને કહ્યું ? હું આટલાં વરસ સુધી જીવ્યો પણ મારાથી ભાવ સહીત ઠાકોરજીની શેવા થઇ શકી નહી માટે હવે મને તેનો પસ્તાવો થાય છે, અને મારૂં મન અકળાય છે. ત્યારે તે ઉપરથી તેના છોકરાએ તેને કહ્યું કે આ વાત તો તમારી જાતની છે તેથી અમે લાચાર છીએ અને તેથી તેમાં અમારો કંઇ ઉપાય નથી. જો પૈસા ટકાની અથવા બીજી કઇ વાત હોત તો તે અમે કરીને તમને તૃપ્ત કરત. પછી તેના છોકરાનો છોકરો જે ઉમરે નાનો હતો પણ બુદ્ધિશાળી હતો. તેણે તે વાત પકડી લીધી અને તેણે પોતાના દાદાને કહ્યું કે હું તમારૂં પણ પુરૂં કરીશ અને ઘરમાં ઠાકોર શેવા પધરાવીને સાચા ભાવથી તેમની શેવા કરીશ અને સંત સાધુની ચાકરી પણ કરીશ. અને તેનું હું તમને વચન આપુછું. માટે તમે તમારી ઇચ્છા પુર્ણ થએલી ગણજો. અને હવે કોઇ ચીજમાં તમારી વાસના રાખશો નહિ. એટલે તે સાંભળી તેનો દાદો ખુશી થયો અને પછી તેણે તેને સોપરત કરી કે તું સાચા ભાવથી ઠાકોર શેવા જીવે ત્યાં સુધી કરજે. એમ કહી તેણે પ્રાણ છોડી દીધા અને તે છોકરાએ પછીથી તેજ પ્રમાણે કર્યું.

मुल छप्पयछंद.

खेमल रतन राठौरके सुफल वेलि मीठी फली
हरिदास हरिभाक्त भक्ति मंदीरको कलसों
भजनभाव पँरिपकवहृदे भागिरथि जलसों
त्रिधाभांति अतिअननि रामकीर्ता निवाही
हरिगूरु हरिवल्लभा तिनहि सेवा द्रढसाही
पूरन इंदु प्रमुदित उदधि त्यौं दास देखी बाढे रली
खेमाल रतन राठौरके सुफल बेली मीठी फली
हरिवंस चरनबल चतुर्भुज गौड देस तीर्थ कीयो
गायो भक्ति प्रताप सबहि दासत्व द्रढायो
राधा वल्लभ भजन अनन्यता बर्ग बढायो
मुरलीधरकी छाप कवित अतिही निर्दुषन
भक्तनिकी अंध्रिरेनु वहे धारी सिर भुषन
संतसंग महा आनंद में प्रेमरहत भीज्यो हियो
हरिवंस चरनबल चतुर्भुज गौडदेस तीर्थ कीयो

ચતુરભુજદાસનો પ્રસંગ.

ગૌડ બંગાળા દેશમાં જયાં બધા દેવીના ઉપાસકો રહેતા હતા અને જયાં વિશ્નુ ભકિત કોઇ સમજતું નહોતું ત્યાં ચતુરભુજ નામના મહાત્મા ગયા. અને તે દેવીના મંદીરમાં જઇને ઉતર્યા.

એટલે તે દેવી મૂર્તીમાન થઇને તેમને પગે પડી અને પોતાને ચેલી કરવા વીનંતી કરી ત્યારે ગણે દેવીને કહ્યું કે આ બધા લોકો જે તારા ભક્ત છે અને જેઓ માણસને મારી નાંખવામાં પણ દયા લાવતા નથી, તેવા ક્રુર લોકોને જો તું સુધારે તો હું તને ચેલી કરૂં. એટલે ાએ તે પ્રમાણે કરવાનું કબુલ કર્યું એટલે તેમણે તેને મંત્ર ઉપદેશ કર્યો. પછી તે દેવીએ ના રાજાને સ્વપ્ન આપ્યું કે મારા મંદીરમાં મારા ઇષ્ટ ગુરૂ આવ્યા છે. માટે બધા લોક ાના શિષ્ય થાઓ. અને બાળા તીલક ધારણ કરો. અને તેમની કંઠી બાંધો અને સવારમાં ોને તે પ્રમાણે જો તમે નહીં કરો તો હું તમારૂં આખું ગામ મારી નાંખીશ અને ખેદાન દાન કરીશ. એટલે બીજે દીવસે તે રાજાએ સવારમાં ડરના માર્યા આખા ગામમાં તે પ્રમાણે ઢેરો પીટાવ્યો અને પોતે ચતુર્ભુજ મહાત્મા પાસે ગયો અને તેમનો શિષ્ય થયો. એટલે ત્યારથી તે દેશમાં વિશ્નુ ભક્તિનો પ્રસાર થયો અને સંત શેવા ચાલતી થઇ. અને તેઓ નના પ્રકારના ભોગ સામગ્રીઓ સાધુઓને ભેટ કરવા લાગ્યા. એકવાર ચતુર્ભુજદાસ ત્યાંના લોકોને કથા સંભળાવતા હતા, અને તેવામાં ત્યાં આગળ એક ચોર એક માણસનું ધન ચોરી લાવીને ાવીને શ્રોતાની અંદર સંતઇ ગયો. કારણકે તે ધનનો માલીક તેની પછવાડે પડેલો હતો અને ને પકડીલે તેની બીકના તે શ્રોતાઓના વચમાં ભરાઇ ગયો. એટલે તે ધનનો માલીક ત્યાં ાઢાર ઉભો રહ્યો. પછી કથા ચાલતાં ત્યાં એક એવો પ્રસંગ નીકળ્યો કે કોઇ માણસે જોકે ામે તેવો અપરાધ કર્યો હોય પણ જો તે તેનો પસ્તાવો કરે અને ફરીથી તેવું નહીં કરવાનો ોશ્ચય કરીને જો તે કોઈ ગુરૂ પાસેથી મંત્ર ઉપદેશ લે અને ગુરૂની કંઠી બાંધે તો તે માણસનો નવો અવતાર થયો એમ સમજવું એટલે સાંભળી પેલા ચોરને તે કથાના વકતાને ગુરૂ કરવાનો ભાવ થયો અને તેથી તેણે પોતાનું ચોરેલું ધન ચતુર્ભુજ દાસને અર્પણ કરી દીધું. અને તે તેમનો શિષ્ય થયો. પછી જ્યારે શ્રોતાઓ વેરાઇ ગયા ત્યારે ધનના માલીકે તે ચોરને પકડ્યો અને તેને રાજા પાસે લેઇ ગયો. ત્યારે રાજાએ તેને પુછ્યું કે તેં ચોરી કરી છે? ત્યારે તેણે કહ્યું કે મેં આગલા જનમમાં ચોરી કરી હતી પણ આ જનમમાં ચોરી કરી નથી એટલે રાજાએ તે સાંભળીને તેને ગરદન મારવાનો હુકમ કર્યો. ત્યારે તેણે કબુલ કર્યું કે મેં ચોરી કરી છે, પણ મેં કથામાં સાંભળ્યું હતું કે અપરાધ કર્યા પછી જો કોઇ તેનો પસ્તાવો રે અને પછી કોઇને ગુરૂ કરે તો તેનો નવો જન્મ થાય છે અને તે ઉપરથી મેં ચોરી ે ના કહી હતી. એટલે તે સાંભળી તે રાજા ચોરને તથા ધનના માલીકને લેઇને ચતુર્ભુજ ા પાસે ગયો, અને તેનો ખુલાસો પુછ્યો. ત્યારે ચતુર્ભુજદાસે તેને કહ્યું કે હા તે સાચી છે. શિષ્ય થયા પછી શિષ્યનો નવો જન્મ થયો સમજવો. કરણકે ાર જ્યારે મહાદેવજીએ પોતાની જટાની એક લટ છોડીને ગંગાજીને પૃથ્વી ર જવાની આજ્ઞા કરી ત્યારે ગંગાજીએ શીવને કહ્યું કે પૃથ્વી ઉપર પાપી લોકો મારામાં ન કરીને તેઓ તેમનું પાપ મને સોંપી જશે. તો હું તે કારણથી ઘણી પાપી થઇ શ. માટે તમે મને આવી આજ્ઞા ના કરો તો સારૂં. ત્યારે મહાદેવજીએ ાજીને કહ્યું કે તારે અપવીત્ર થવાની ચીંતા રાખવી નહીં કારણ કે તને પવીત્ર કરનાર લોકો પ્રવાહમાં સ્નાન કરશે ત્યારે તું તેથી પવિત્ર થઇશ અને હું તને તે નજરો નજર બતાવીશ. ો તે સાબીત કરી બતાવા અમે કોઇવાર પૃથ્વી ઉપર આવી જઇશું. પછી કેટલીક મુદત યાબાદ મહાદેવજીએ એક બ્રાહ્મણનું રૂપ લીધું અને પાર્વતીજી એક બ્રાહ્મણી બન્યાં અને ો પૃથ્વી ઉપર ગંગાજીને કીનારે આવીને બેઠાં અને પછી તે બ્રાહ્મણ મરી ગયો એટલે ા સ્ત્રી પોક પોક મૂકીને રોવા બેઠી ત્યારે ત્યાં ગંગાજી સ્નાન કરવાને આવતા લોકોએ

તે બાઈને પૂછ્યું કે તું કેમ રડેછે? ત્યારે તેણીએ તેમને કહ્યું કે મારો પતી અહીં ગુજરી ગયો તેને મારે ગામ લેઈ જઈને બાળવો છે અને મારી પાસે બીજું કોઈ માણસ નથી કે જે તેને મારે ગામ પોહોંચાડી આપે. અને પોતાની જાતે જંગલમાં લાકડાં વીણી લાવીને તેને બાળે. માટે હું તે કારણસર રૂદન કરૂં છું. કારણ કે મારા પતીએ પોતાની લાશને પોતાના વતનમાં અગ્ની દાહ દેવાની ઇચ્છા બતાવી હતી. એટલે તે સાંભળીને બધા લોકો રસ્તે પડ્યા. કારણકે આ કામ તેમનાથી થઈ શકે તેવું નહોતું. તેઓ વખતે તેણીને લાકડાં જોઈએ તો મંગાવી આપે પણ તે લાશને ઉચકી જાય તેવા નહોતા. પણ ત્યાં એક કઠીઆરો માથે લાકડાનો ભારો લેઈને આવ્યો અને તેણે તે બ્રાહ્મણીના કહ્યા પ્રમાણે તે લાશને ઉચકી લેઈ જવાનું તથા તેને બાળવાનું કબુલ કર્યું. ત્યારે બ્રાહ્મણીએ તેને કહ્યું કે એ બધું તો ખરૂં. પણ જેણે પોતાનો જન્મ ધરીને કંઈ પાપ ન કર્યું હોય તેની પાસે અગ્ની દાહ દેવરાવવાનું મારા પતીએ મને કહ્યું છે માટે તું આવડી મોટી ઉમરનો થયો ત્યાં સુધી કંઈ પણ પાપ કર્યા વગર કેમ રહ્યો હશે? તે મને કહે જો તું પાપથી રહીત હોય તો તે પ્રમાણે કર. એટલે તે કઠીઆરાએ તેણીને કહ્યું કે હમણાં હું પાપથી રહીત થઉંછું. એમ કહી તે ગંગાજીમાં સ્નાન કરી આવ્યો અને પછી તેણે તેણીને કહ્યું કે હવે નિશ્પાપ થયોછું ત્યારે બ્રાહ્મણીએ તેને પુછ્યું કે તે કેવી રીતે? ત્યારે તેણે તેણીને કહ્યું કે ગંગાજી માતા આખા જગતને પાવન કરનાર છે અને તેમાં મેં સ્નાન કર્યું એટલે મારાં જેટલાં પાપ થયેલાં હશે તે બધાં જતાં રહેલાં સમજવાં ગંગાજી આખા જગતની માતા છે અને માતાના ઉદરમાંથી જન્મેલું બાળક નીષ્પાપ ગણાય છે માટે મેં સ્નાન કર્યું તેથી જાણે હું માતાના ઉદરમાંથી નીકળ્યો એમ ગણાય. તેથી હાલ મારો નવો જન્મ થયો. કારણકે જગત જનની ગંગાજીના ઉદરમાંથી હું નીકળીને આવું છું. અને તેથી હું હાલ પાપ વગરનો છું. એ સાંભળીને તે બ્રાહ્મણ બેઠો થયો અને તે કઠીઆરાને સાક્ષાત મહાદેવજીના રૂપે દર્શણ દીધું. પછી મહાદેવજીએ ગંગાજીને મુર્તીમાન ત્યાં બોલાવ્યાં અને તેમને કહ્યું કે મેં જે તમને આગળ ઉપર કહી રાખેલું હતુ કે તેમને પાવન કરનાર લોકને હું નજરે બતાવીશ. માટે આ કઠીઆરાને તમારે તેવો પાવન કરનાર માણસ સમજવો. બાકી બીજા લોક જે તમારા પ્રવાહમાં સ્નાન કરી જાયછે. તેમને તમારે ખોટા સ્નાન કરનારા સમજવા. આ પ્રમાણે દ્રષ્ટાંત કહી સંભળાવીને ચતુર્ભુજદાસે તે રાજાના મનનું સમાધાન કર્યું અને ઉપદેશ લીધા પછી તે ચોરનો નવો જન્મ થયો એમ સમજ પાડી. કારણ કે તે સતગુરૂની રૂપી ગંગાજીમાં સ્નાન કરી આવ્યો તે સાંભળીને તે રાજાનું મન બીજાઈ ગયું અને તે દ્રવ્ય તેમને સોંપી દીધું. એકવાર પરગામથી ચતુર્ભુજદાસને ત્યાં કેટલાક સાધુ આવતા હતા. તેઓ ભાગોળે આવીને થાકી જવાથી ત્યાં બેઠા અને ત્યાં ભાગોળે કેટલાક છોકરાઓ રમતાં હતાં તેમને તેમણે ચતુર્ભુજ ભકતનું ઘર પુછ્યું અને કહ્યું કે અમે ભુખ્યા થયા છીએ માટે તે કેટલું દુર છે?. ત્યારે તે છોકરાઓએ તેમને કહ્યું કે આ પાસેનું ખેતર ભકતનું છે. અને તેમાં બાજરી પાકી તૈયાર થઈ છે માટે જો તમે કહો તો અમે તેનો પોંક પાડી આપીએ એટલે તે ખાઈને પછી તમે ભકતરાજને ઘેર જાઓ. એટલે તેમણે કહ્યુ ઠીક એટલે તે છોકરાઓએ બાજરીનો પુંખ પાડી લાવીને તેમને ખવરાવ્યો અને પછી સાધુઓ ત્યાંથી ચતુર્ભુજદાસને ઘેર ગયા એટલે ચતુરભુજદાસે તેમને સારૂ રસોઈની તૈયારી કરાવવા માંડી. ત્યારે તે સાધુઓએ તેમને કહ્યું કે અમે જ્યારે તમારા ગામની ભાગોળે આવ્યા ત્યારે ત્યાં કેટલાક છોકરા રમતા હતા અને તેમને અમે તમારૂં ઘર પુછ્યું ત્યારે તેમણે અમને તમારૂં ખેતર બતાવ્યું અને તેમાંથી પોંખ પાડી લાવીને અમને ખવરાવ્યો એટલે અમને ઘ

કંઇ ખાવાની રૂચી નથી માટે તમે મોડેથી રસોઇ કરાવજો. એટલે તે સાંભળીને જદાસ ખુશી થયા અને તેમણે આખા ગામમાં ગોળ વેહેંચાવરાવ્યો. ત્યારે લોકોએ તેમ છયું કે આ શાનો ગોળ વહેંચાવ્યો ? ત્યારે તેમણે કહ્યું કે આજથી મારૂં નામ ભકતમાં . અને તે નામ ચાલતું ચાલતું મારા ઘરથી ગામની ભાગોળે સુધી ગયું તે જાણીને મેં ગોળ વેહેંચાવ્યો કારણ કે ગામ બહાર જે છોકરાં રમતાં હતાં તેમણે પણ મને તરીકે જાણ્યો અને તેમા ભકતનું ખેતર કહીને તેમણે સાધુઓને મારૂં ખેતર બતાવ્યું. ચતુરભુજદાસે નાના પ્રકારનાં ભોજન કરીને પેલા સાધુઓને ત્યાં જમાડયા અને પછી સાથે ભકિતની ચર્ચા ચલાવતાં બેઠાં.

मुल छप्पय छंद.

चालककी चरचरी चहुंदिसि उदधि अंतलों अनुसरी
अरु कोप मुनी चरित्र प्रसिद्ध पुनी पंचाध्याइ
कृष्ण रुक्मिणी केलि रुचिर भोजन विधि गाइ
गिरिराज धरनकी छाप गिरा जलधर ज्यौं गाजै
संत शिखंडी खंड हृदे आनंदके काजै
जाडा हरन जग जाडता कृष्णदास देही धरी
चालककी चरचरी चहुंदिसि उदधि अंतलों अनुसरी
विमलानंद प्रबोधबम संतदास सींवा धर्म
गोपीनाथ पदराग भोग छप्पन भुंजाये
पृथू पद्धति अनसार देव दंपति दुर लाये
भगवत भक्त समान ठौर धेको वलगायो
कवित्त सुरसौं मिलित भेद कछु जात न पायो
जनम करम लीला जुगत रहसि भक्ति भेदी मरम
विमलानंद प्रबोधबस संतदास सींवा धर्म

સંતદાસનો પ્રસંગ.

તેહવારી ગામમાં સંતદાસ નામના રાજા એક પ્રેમી ભકત થઇ ગયા. તેમને એકવાર એવી ઇચ્છા થઇ કે હું ઠાકોરજીને છપ્પન ભોગ કરાવું. પણ તે વખતે તેમની પાસે પુરતું દ્રવ્ય નહોતું તેથી નીરૂપાયે તે છપ્પન ભોગ કર્યા વગર બેશી રહ્યા. એટલે ઠાકોરજીએ તેની સાચી ભાવના જાણી તેને છપ્પન ભોગ માની લીધો. અને જ્યારે જગન્નાથજીમાં ઠાકોરજીને ભોગ ધરાવ્યો ત્યારે ઠાકોરજીએ પંડયાને સ્વપ્નામાં કહ્યું કે તેહવારીના અમુક રાજાએ મને છપ્પન ભોગ ધરાવેલો છે તેથી હું ધરાઇ ગયેલ છું. માટે હાલ મને કાંઇ ભોગની રૂચી નથી. એમ કહી ઠાકોરજીએ તે છપ્પન ભોગ ધરાવનારનું નામ ત્યાં પ્રગટ કરાવ્યું, અને પોતાના ભકતનું માહાત્મ વધાર્યું.

मुल छप्पयछंद.

श्रीमदन मोहन सुरदासकी नाम सुखला जरी अटल
गानं काव्य गुन रासि सुजस सहचरी अवतारी
राधा कृष्ण उपास्य रहसि सुखको अधीकारी
नवरस मुख्यसिंगार विविध भांतिनि करि गायो
बदन उचारत वेर सहस पायनि व्है धायो
अंगिकारकी अवधि यह जो आख्या भ्राता जमल
श्री मदन मोहन सुरदासकी नाम सुखला जरी अटल

સુરદાસનો પ્રસંગ.

સુરદાસ નામનો એક વાણીયો પાદશાહનો પ્રધાન હતો અને જો કે તેનું નામ હતું પણ તે આંખે આંધળો નહોતો એકવાર પાદશાહે તેને ખંડણી ઉઘરાવવા સારૂ મોકલ્યો અને ત્યાં તેણે ઘણો પૈસો એકઠો કર્યો અને પછી તેણે વિચાર કર્યો કે આ પૈ પાદશાહને ત્યાં મોકલવો તેનાં કરતાં શ્રીનાથજી ઠાકોરને ત્યાં ભોગ ધરાવાના કામમાં રવો તે વધારે સારૂ છે. એમ વિચારી તેણે તે દ્રવ્યથી ગોળનાં ગાડાં ભરાવીને ત્યાંથી શ્રીના મોકલી દીધાં અને પછી ત્યાં રહે ન્હે તેણે ઠાકોરજીની વિનંતી કરી કે હે મહારાજ ! ત. આ ગોળનાં માલપુવા કરાવી ભોગ લેજો. પછી ગાડાં મધ રાત્રે શ્રીનાથજીનાં મંદીર આગળ આવી પોહોચ્યા અને ગાડીતોએ ત્યાંના મહંતને તે વખતે સુતેલા જગાડયા અને તેમને કહ્યું કે સુરદાસે ઠાકોરજીને માલપુવાનો ભોગ લગાવવા સારૂ ગોળનાં ગાડાં મોકલ્યાં છે તે લ્યો. ત્યારે મહંતને કહ્યું કે અત્યારે તો અડધી રાત ગઇ છે અને ઠાકોરજી ઉંઘી ગયા છે. તેથી માલપુવાનો ભોગ સવારે ધરાવીશું. માટે તમે સવારે તે લાવજો. એટલે ઠાકોરજીએ મંદીરમાંથી અવાજ આપ્યો કે હુંતો હજી જાગુ છું અને મારે અત્યારે માલપુવા ખાવા છે માટે તમે મને અત્યારે માલપુઆ કરી આપો. એ પ્રમાણે ઠાકોરજીએ પોતાના ભકતને પ્રેમ જોઇને અડધી રાત્રે માલપુવા કરાવરાવીને ભોગ લીધો. સુરદાસે એકવાર પાદશાહને ચીઠી લખી મોકલી કે હુંતો અહીં સંત લોકોની રક્ષા કરૂં છું અને ભક્તિ કરૂંછું એટલે તે ચીઠી કોઇ એક સાધુએ વાંચતાં સાંભળી લીધી એટલે તે ઉપરથી તે સાધુ સુરદાસની પરીક્ષા લેવાને માટે સુરદાસ પાસે ગયો. સુરદાસ તે વખતે ઠાકોર મંદીર આગળ બેઠા હતા એટલે તે સુરદાસને બતાવા સારૂ પોતાના જોડા હાથમાં લેઇને તે મંદીરમાં જવા લાગ્યો ત્યારે સુરદાસે તેને કહ્યું કે ઠાકોર મંદીરમાં જોડા સાથે લેઇને જવું યોગ્ય નથી માટે જો તમને જોડા ચોરી જવાની ધાસ્તી રહેતી હોયતો તમે દર્શન કરી આવો ત્યાં સુધી હું તમારા જોડા જોતો રહીશ. એમ કહી તેમણે તેના જોડા પોતાના હાથમાં તે પાછો આવ્યો ત્યાં સુધી પકડી રાખ્યા એટલે તેમની સચ્ચાઇ જોઇને તે સાધુ તેમને પગે પડયો અને તેમના પગ ધોઇ પીધા પાદશાહને કાને વાત આવી કે સુરદાસે ખંડણી ઉઘરાવીને સાધુઓને ખવરાવી દીધી એટલે તે ઉપરથી તેણે સુરદાસને પકડી લાવવા લશ્કર મોકલ્યું એટલે સુરદાસે દ્રવ્યને બદલે પથરાની ગુણો ભરી અને તેમણે બાદશાહને એક ચીઠી લખી કે હે પૃથ્વીપતી ! મેં તમારૂં બધું ધન સાધુઓને ખવરાવી દીધું છે અને તેથી મારી પાસે હવે કંઇ બાકી રહ્યું નથી. તેથી મેં આ ગુણોમાં પથરા ભરીને

ા છે. અને હવે હું અહીંથી નાશી જાઉં છું. એમ લખીને ચીઠી એક પેટીમાં મુકીને
કરની વચમાંથી રાતો રાત નાશી ગયા એટલે લશ્કર તે ગુણો લેઇને પાદશાહ પાસે
અને પાદશાહે તે પેટીમાંથી ચીઠી ખોલીને વાંચી તો સુરદાસે સંત સેવામાં ધનને
નાંખ્યું છે એમ જાણીને તે ખુશી થયો. સુરદાસના પછી તેની જગાએ જે ખાજે
થયો તેણે તે સાંભળ્યું કે બાદશાહે તો સુરદાસને તે માફ કર્યું. માટે સુરદાસે જે
સાધુઓને ખવરાવી દીધું તે સારૂ મારે તેને યોગ્ય શીક્ષા કરવી જોઇએ. એમ વિચારીને
સુરદાસને પકડવા માણસો મોકલ્યાં અને તેઓ સુરદાસને ત્યાં પકડી લાવ્યા. તેને દીવાન
ા એટલે દીવાને નોકરોને કહ્યું કે તે લુચ્ચ હરામી માણસનું મને મોં બતા-
ાર કેદમાં પુરી દો એટલે તે ઉપરથી સુરદાસને કેદમાં પુરી દીધા. અને
દિવસ સુધી કેદખાનામાં રહ્યા, પછી સુરદાસે કેદખાનામાંથી એકવાર બાદ-
મોકલ્યો કે:—

दुहो.

इक तम अंधीआरो करे शुन्य दइ पुनि ताहि
दश तम तें रक्षा करो दीनमनी अकबरशाहि

ફારસીમાં અકબર એવું પ્રકાશ કરનારનું નામ છે માટે હે અકબરશાહ પાદશાહ તમે
.રશાહ થઇને તમારા રાજ્યમાં આ અંધારૂં ચલાવા દો છો તે આપને યોગ્ય નથી ત-
ા જાણુની બહાર તમારા દીવાને મને કેદ કરી રાખ્યો છે માટે તમે મને તે કેદખાનામાંથી
ડાવો બાદશાહે તે દુહો વાંચીને તરત માણસ મોકલ્યાં અને તેમને છોડી મુકાવ્યા પછી
ત્યાંથી તે વંદ્રાવન ગયા, ત્યાં જઇ પછી તેમણે ઠાકોરજીનાં રોજ નવાં નવાં પદ બનાવવાને માં-
ડયાં અને ઠાકોરજીના ભક્તિ રસમાં ભીંજાઇ ગયા. સુરદાસનાં પદ સાંભળીને ઘણા લોકોને
પ્રેમ થવા લાગ્યો કારણ કે તે પદ પ્રેમ રસથી ભરપુર બનાવેલાં હતાં.

मुल छप्पयछंद.

कात्यायनीके प्रेमकी बात जाय कापै कही
मारग जात अकेल गान रसनाजु उच्चारे
ताल मृदंगी वृक्ष रीझि अंबर तहां डारे
गोपनारि अनुसारि गिरा गदगद आवेसी
जग प्रपंचतें दुरिअजा परसें नहि लेसी
भगवान रीति अनुरागकी संत साखि मेली सही
कात्यायनीके प्रेमकी बात जाय कापै कही
कृष्ण विरह कुंती शरीर त्यों मुरारि तन त्यागियो
विदित बोलोदा गांव देश मुरधर शब जाने
महा महोछो मध्य शंत परिषद परवाने
पगनि घुंघरु बांधी रामको चरित दिखायो
देशी शारंगपानि हंश ताशंग पठायो
उपमा और न जगतम व्रथाविना नाहिन वियो
कृष्ण विरह कुंती शरीर त्यों मुरारि तन त्यागियो

શ્રી મોરારીદાસનો પ્રસંગ.

શ્રી મોરારીદાસ કરીને એક માહાત્મા હતા અને તે એક રાજાના ગુરૂ હતા. જ્યારે એકવાર સ્નાન કરીને આવતા હતા ત્યારે રસ્તામાં તેમને એક ઠેકાણે ઢેડવાડામાં કાનમાં સવાલ પડયો કે જે ચર્ણામૃતના અધિકારી હોય તે આવજો. એટલે તે સાંભળી ભાવચાઇને ઊભા રહ્યા. ત્યાં આગળ એક ચમાર ભક્તનું ઘર હતું અને તેણે ઠાકોર કરી રહીને ચર્ણામૃત લેવાને પોતાનાં ઘરનાં માણસોને હાંક મારી કે જે ચર્ણામૃતના અધિકારી હોય તે આવજો. એટલે તે અવાજ સાંભળીને મોરારીદાસે વિચાર કર્યો કે શું હું ચર્ણામૃતનો અધિકારી ન કહેવાઊં ? એમ વિચારી પોતે ચમારના ઘરમાં પેઠા ચમાર બાવરો બની ગયો કારણ કે મુરારીદાસ તો રાજાના ગુરૂ હતા. ચમારે તેમને ઘરમાં આવેલા જોઇને તેમને કહ્યું કે હે મહારાજ ! આ તમે શું કર્યું ? હું નીચ માણસ છું માટે તમે મારા ઘરમાં પેઠા એ તે શું કહેવાય ! પછી ચર્ણામૃત માગ્યું ત્યારે તેણે કહ્યું કે મારાથી તે કેમ અપાય ! ત્યારે મોરારીદાસે કહ્યું કે તું ભગવાનની સેવા કરે છે અને તારો ભાવ સાચો છે માટે તું અમારાથી શ્રેષ્ટ છે માટે તારા કરતાં અમે તુચ્છ કહેવાઇએ. તે સાંભળીને તે ચમારની આંખમાંથી આસુ વહેવા લાગ્યાં, અને ગભરાઇ ગયો તોપણ મોરારીદાસે તો તેને કહ્યું કે ઠાકોરજીનું ચર્ણામૃત લેવું તેમાં વર્ણનો કાંઇ બાંધ નથી. માટે તારે કાંઇ પણ શંકા લાવ્યા વગર તે મને આપવું યોગ્ય છે તો પણ તેણે તે આપ્યું નહીં. ત્યારે મોરારીદાસે પોતાને હાથે તે લીધું અને પોતે પી ગયા. અને ઠાકોર સેવાનાં દર્શન કરીને તે પોતાને ઘેર ગયા. એટલે તે વાત આખા ગામમાં ફેલાઇ કે રાજાના ગુરૂ ચમારના ઘરમાં પેઠા અને તેમણે ચમારનું ચર્ણામૃત લીધું. અને તે વાત ચાલતી રાજાને કાને ગઇ. એટલે રાજાને તેથી સોચ પડયો કે મારા ગુરૂએ આ ઘણું અયોગ્ય કામ કર્યું પોતાના ગુરૂનાં દર્શન કરવાનો તે રાજાનો નિત્ય નિયમ હતો પણ તે દિવસે આ વાત સાંભળીને તેને ગુરૂ ઉપર અભાવ થયો તેથી તે ગુરૂ પાસે ગયો નહીં. તેથી ગુરૂએ તે ગામનો ત્યાગ કર્યો અને પોતે ત્યાંથી બે ત્રણ ગાઉ છેટે એક બીજા ગામમાં જઇને રહ્યા. પછી બીજે દીવસે રાજાને ગુરૂનાં દર્શન કરવાની આતુરતા થઇ તેથી તે ગુરૂને ઘેર ગયો પણ ત્યાં ગુરૂને જોયા નહીં તેથી તે ઘણો શોકાતુર થયો અને પછી જ્યાં તેના ગુરૂ ગયા હતા ત્યાં તે ગયો અને ત્યાં જઇને તેણે તેમને સાષ્ટાંગ નમસ્કાર કર્યા અને તેની આખોમાંથી આંસુ નીકળી પડયા. મોરારીદાસ પોતાના શિષ્યથી મુંઢ ફેરવીને બેઠા અને તેનું મોં પણ જોયુ નહીં એટલે રાજા તેથી ઘણું અકળાયો. પછી ગુરૂ તેના ઉપર દયા લાવ્યા અને તે પોતાનો શિષ્ય હોવાથી તેને નર્કની અગ્નીથી બચાવવો એમ વિચારીને પછી તેને બધાના વચમાં યોગ્ય ઠપકો દીધો કે તું વિમુખ છે અને તે ગુરૂની અવગણના કરી માટે તું ગુરૂ દ્રોહી છે. એમ તેને ઘણાં કડવાં વચન સંભળાવ્યાં. જે બધું તે સાંખી રહ્યો. પછી રાજાએ પોતાનાં બંને હાથ જોડીને નમ્રવાણીથી ગુરૂની વિનંતી કરી કે હે મહારાજ ! મેં આપનો મોટો અપરાધ કર્યો માટે આપ મને દંડ કરો. આપ મારા અપરાધ સામુ જોશો નહીં. અને આપ મારા ઉપર અનુગ્રહ કરીને મને દર્શન દો. હું ગમે તેવો રાજા તો પણ હું આપના આગળ એક નાદાન બચ્ચું છું. અને આપ તો કૃપાળુ છો અને આપની કૃપાની ન્યુનતાને લીધેજ મારામાં તેવી કુબુધિ થઇ માટે આપની કૃપાને વધારો જેથી મારામાં ફરીને તેવી કુબુદ્ધિ આવ નહી એટલે તે સાંભળીને ગુરૂ પ્રસન્ન થયા અને રાજાને ફરીને કહ્યું કે તું મુર્ખ છે. ભક્તિનો રસ્તો તું બીલકુલ જાણતો નથી કારણ કે ચમારને તું ચમાર રૂપ દેખે છે. પણ તે

ચમાર તારા બધા બ્રાહ્મણો કરતાં વિસેષ છે, આગળ ઉપર વાલ્મીક ઋષી થઇ ગયા કે જે જ્યાં સુધી તે ભીલના સંગમાં હતા ત્યાં સુધી તે ભીલમાં ગણાતા અને પછી જ્યારે તે ઋષિઓની સંગતમાં રહ્યા ત્યારે તે એક ઋષિમાં ગણાવવા લાગ્યા.

छप्पानी राह.

संगतनो परताप कनक पारसथी थाये
संगतनो परताप तरुथी शीतळ वाये
संगतनो परताप मोती छिपीमां बाझे
संगतनो परताप तृशा सरोवर भांजे
प्रताप संगत अती घणो मुख्खे नव जाये कह्यो
गोपाळ प्रताप संगत थकी चोराशी नव जाये वह्यो.

માટે માણસનાં જે કર્મ છે તેજ માણસને નીચો ઉંચો બનાવે છે માટે ચમાર યોની ઉપરથી તારે તેને કંઇ ચમાંર સમજવો નહીં. આ પ્રમાણે ગુરૂએ તેને ઠપકો દીધો. પછી રાજા તેમને પોતાને ગામ તેડી ગયો એટલે ત્યાં બધા લોકો તે વાત સાંભળીને તેમનાં દર્શન કરવાને તેમને ત્યાં ગયા. ત્યાં ગુણી લોકો નૃત્ય ગાન કરવા લાગ્યા અને ત્યાં સંત સમાજની ધ્વની છવાઈ રહી. પછી મુરારીદાસે ત્યાં પોતાને પગે ઘુઘરા બાંધ્યા અને સાતે સુર તાણીને ત્યાં નૃત્ય ગાન કરવા માંડયું અને ત્યાં તેમણે શ્રી રામચંદ્રજીના વનવાસ જતી વખતનું શ્રી રામ વીયોગના પ્રસંગનું ભજન ગાયું. અને એટલામાં તેમના પ્રાણ નીકળી ગયા એટલે તે ઉપરથી તે રાજા ઘણો દુ:ખમાં પડયો. પોતાના ગુરૂ શ્રી રામ શરણે ગયા તે ઉપરથી તેણે ઘણો શોક કર્યો અને પોતે પરતાવા લાગ્યો કે મોરારીદાસ જેવા પ્રતાપી સંત હવે ફરીને મને ક્યાં મળશે. !

मुल छप्पयछंद.

कलि कुटील जीव निस्तार हित वाल्मीक तुलसी भयो ॥
तेना काव्याने बंध करि सतकोटि रामायन ॥
इक अक्ष उद्धरे ब्रह्म हत्यादि परायन ॥
अत्र भक्तनि सुख देन बहुरि लीला बिस्तारी ॥
राम चरण रस मत्त रटत अहनि सि व्रत धारी ॥
संसार अपार के पारको सुगम रुप नव कालयो ॥
कलि कुटिल जीव निसतार हित वालमीक तुलसीभयो ॥

તુલસીદાસનો પ્રસંગ.

તુલસીદાસ નામના એક મહાત્મા થઇ ગયા. તે પેહેલી અવસ્થામાં ઘણા વિષયી હતા. તેથી તેમને પોતાની સ્ત્રી વગર એક દિવસ પણ ચાલતું નહેતું. તેમની આવી ટેવથી તેમની સ્ત્રી તેમનાથી કંટાળીને તથા તેમના ઉપર રીસ ચઢાવીને એક દિવસ તેણી તેમને કહ્યા વગર પોતાને પીયર જતી રહી. તુલસીદાસ જ્યારે ઘેર આવ્યા ત્યારે તેમણે પોતાની સ્ત્રીને ઘરમાં દીઠી નહીં એટલે તે પોતાને સાસરે ગયા. એટલે તેમની સ્ત્રી લજ્યા પામી ગઇ અને તેથી તેણીએ

રીસમાં તુલસીદાસને ઠપકો દીધો કે તમે મારાં હાડકાં ચામડામાં આટલો બધો સ્વાદ કેમ મા ન્યો છે? મારા ઉપર જેવો પ્રીતી ભાવ છે તેવો શ્રી રામચંદ્રજી ઉપર રાખો તો તમારૂં કે કલ્યાણ થાય? તે વાત સાંભળીને તુલસીદાસને હાડો હાડ ચુટકી લાગી ગઈ ને તેથી તે ત્યાંથી પાછા ફર્યા અને કાશી ચાલી નીકળ્યા. અને ત્યાં જઈ તેમણે ઠાકોરજીની શેવા કરવા માંડી અને ઠાકોરજી ઉપર તેમને દ્રઢ ભાવના થઇ તેમની સ્ત્રી પછી તેમની પાછળ કાશીએ ગઇ. અને ત્યાં તેણીએ તેમને ઘણાં કાલાવાલાં કર્યા અને તેમને કહ્યું કે મેં તો તમને સેહેજ માં મારી મૂર્ખાઇને લીધે કહ્યું. માટે હવે તમે તે માફ કરો અને ઘેર પાછા ચાલો. હવેથી હું મને કોઇ પણ દિવસ એવું કંઇ પણ કહીશ નહીં. પણ તુલસીદાસે તે કાંઇ માન્યું નહી અ ને પાછા ગયા નહીં. કાશીમાં તુલસીદાસ જ્યાં દીશા જંગલ જતા હતા ત્યાં જે પાણી વધતુ રોજ પોતે એક ઝાડ આગળ રેડતા એટલે ત્યાં આગળ એક પીશાચ રહેતું હતું તેને પીવાનું મળતું તેથી તે પીશાચ તેમના ઉપર પ્રસન્ન થયું અને એકવાર દ્રષ્ટીમાન થઇને તેણે તુલસીદાસને દેખા દીધી અને તેમનો ઉપકાર માન્યો. એટલે તુલસીદાસે તેને પુછયું કે તું કોણ છે? ત્યારે તેણે કહ્યું કે હું એક પ્રેત છું આગલા જનમમાં હું એક રાજાનો પુરોહીત હતો. અને તે રાજા બીજા બ્રાહ્મણોને દાન આપવાને મને જે કંઇ દ્રવ્ય સોંપતો તેમાંથી થોડું હું તે બ્રાહ્મણોને આપતો અને બાકીનું દ્રવ્ય હું મારે ઘેર લેઇ જતો. એકવાર જ્યારે તે રાજા કાશીએ જાત્રા કરવા આવ્યો ત્યારે તેણે મને આ પ્રમાણે ઘણું દ્રવ્ય આપ્યું અને બીજા બ્રાહ્મણોને તે દાન આપવા માટે મને સોંપરત કરી અને મેં તે દ્રવ્યમાંથી થોડું દ્રવ્ય બ્રાહ્મણોને આપ્યુ. બાકીનું દ્રવ્ય મેં લેઇ લીધું અને પછી થોડા વખત પછી મારૂ મૃત્યુ થયુ. તેથી હું અહીં આ પ્રેત યોનીને પામ્યો છું. અને ઘણા વરસથી હું અહીં તરશે મરતો હતો. કારણ કે શુધ્ધ જળ પીવાને અમને પ્રેતને અધીકાર નથી. અને અશુદ્ધ જળ મને અહીં કોઇ પાતું નહોતું. તે તમે મને પાયું. તેથી હું તમારા ઉપર પ્રસન્ન થયો છું. માટે તમારે જે જોઇએ તે મારી પાસેથી માગી લ્યો ત્યારે તુલસીદાસે તેને કહ્યું કે જો તુ પ્રસન્ન થયો હોઉ તો મને શ્રી રામચંદ્રજીનાં દર્શન કરાવ. ત્યારે તે પ્રેતે કહ્યું કે હું તો મહા અધમ યોનીમાં છું માટે શ્રી રામચંદ્રજીનાં દર્શન તો મારાથી તમને કરાવી શકાય તેમ નથી પણ હું તમને હનુમાનજીનો પતો બતાવી દેઉં. અને પછી જો તમે હનુમાનજીના પગ પકડી લ્યો અને તેમ ને વિનંતી કરો તો તે તેમને શ્રી રામચંદ્રજીના દર્શન કરાવશે. એમ કહી તેમને સુચના આપી કે આ ગામમાં અમુક જગાએ રામાયણની કથા થાય છે અને ત્યાં રોજ હનુમાનજી રા સાંભળવાને આવે છે અને તેમની નીશાની એ છે કે તે સર્વે શ્રોતાઓથી પહેલા આવે અને સૌથી છેલ્લા તે જાય છે. અને એ નિશાની પ્રમાણે જે માણસો છેલ્લા જાય તેને તમ હનુમાનજી સમજવા અને તે ઉપરથી તમારે તે જાય ત્યારે તેમની પુઠે પુઠે જવું અને ગળ જતાં તે વગડામાં જ્યારે એકલા પડે એટલે તમારે તેમના પગ પકડી લેવા અને તેમ કહેવું કે મેં તમને ઓળખ્યા છે કે તમે સાક્ષાત હનુમાનજી છો અને રામચંદ્રજી પરમ ભકત છો માટે તમે મને શ્રી રામચંદ્રજીનાં દર્શન કરાવો. એમ કહી તેના પગે બાઝ પડવું. અને તે છોડાવે તોપણ તમારે તેમને છોડવા નહી. અને તેમને વિનંતી કર્યે જવી. એ ટલે તે પ્રસન્ન થશે અને શ્રી રામચંદ્રજીનાં તમને દર્શન કરાવવાનું કબુલ કરશે. બીજે દીવસે તે પ્રમાણે તુલશીદાસ રામકથામાં ગયા અને જે માણસ ત્યાંથી છેલ્લો નીકળ્યો તેની પાછળ પાછળ તે વગડા સુધી ગયા અને જ્યારે તેમને એકલા પડેલા દીઠા ત્યારે તુલસીદાસે તેમના પગ પકડી લીધા અને તેમને વિનંતી કરીને કહ્યું કે મેં આપને ઓળખ્યા છે. આપ હનુમા

અને શ્રી રામચંદ્રજીનાં આપ પરમ ભક્ત છો માટે આપ કૃપા કરીને મને શ્રી રામચં દર્શન કરાવશો. હનુમાનજીએ તેને ઘણું સમજાવ્યો પણ કોઈ વાતે તે સમજ્યા ત્યારે હનુમાનજીએ તેમને પ્રગટ દર્શન દીધું. પછી શ્રી રામચંદ્રજીનાં દર્શન કરાવવા માટે તેને કહ્યું કે અમુક દીવસે તમે ગંગાજીના ઘાટ ઉપર બેસજો એટલે ત્યાં તમારી તે ઘોડા ઉપર બેઠેલા શ્રી રામ અને લક્ષ્મણ બંને જશે. એટલે તમે તેમનાં દર્શન . અને તે પ્રમાણે તુલસીદાસ નીમેલે દીવસે વાટ જોતા ગંગાજીના ઘાટ ઉપર બેઠા શ્રી રામ અને લક્ષ્મણ બંને રાજાઓના કુંવરોના વેશમાં ઘોડેસ્વાર થયેલા તેમની થઈને ગયા પણ તુલસીદાસે તેમને રાજાના કુંવરો સમજીને તેમને ઓળખ્યા નહી. પછી ગથી હનુમાનજી આવ્યા અને તેમને કહ્યું કે ઘોડેસ્વાર થયેલા શ્રી રામ અને લક્ષ્મણ અહીં ઈને જે ગયા તેમના દર્શન તમે કર્યાં કે નહીં ? ત્યારે તુલસીદાસે હનુમાનજીને કહ્યું કે મારાથી તેમને ઓળખી શકયા નહી. માટે હવે તમે ફરીને ઓળખ કોઈ સંકેત રાખો. અને તે ઉપ ા પછી હનુમાનજીએ ચીત્રકોટમાં તેમને ફરીને શ્રી રામચંદ્રજીનાં દર્શન કરાવ્યાં હતાં. એકવાર એક બ્રાહ્મણુંથી અજાણપણામાં ગૌહત્યા થઈ ગઈ હતી તેથી તેની નાતવાળા લોકોએ તેને નાત બાહાર મુકયો હતો. અને તે ગૌહત્યામાંથી પાવન થાય ત્યારે તેને ન્યાતમાં લેવો એવો ઠરાવ કર્યો હતો. તેથી તે બીચારો ગામો ગામ ભીખ માગતો ભટકતો ફરતો અને દરેક જગાએ તે સવાલ નાંખતો કે આપો રે રામ કોઈ ગૌ હત્યારાને. તે પ્રમાણે ટેલ નાંખતો નાંખતો તે કાશીમાં ગયો કે જયાં તુલશીદાસ રહેતા હતા. અને ત્યાં જઈને તેણે આ પ્રમાણે લ નાંખી એટલે તુલસીદાસે રામ નામ સાંભળીને તેને પોતાની પાસે બોલાવ્યો. અને તેની સર્વ હકીકત પુછી કે તુ આ પ્રમાણે કેટલાં વર્ષથી કહે છે.? ત્યારે તેણે કહ્યું કે બાર વર્ષથી હું આ પ્રમાણે ટેલ નાંખું છું કારણ કે બાર વરસથી મને નાત બહાર મુકયો છે ત્યારે તુલસીદાસે તેને કહ્યું કે એક વાર જો કોઈ માણસ રામ નામ લે તો તેની હત્યા જતી રહે. અને તું બાર વરસથી રામ નામ લે છે છતાં હજી તારી હત્યા ગઈ નથી માટે તેમ નહીં. તારી હત્યા ગયેલી સમજવી. એમ કહી તેને પોતાની સાથે જમવા બેસાડયો કારણ કે તુલસીદાસ પણ બ્રાહ્મણ જ્ઞાતીમાં હતા. પછી તે વાત કાશીના બ્રાહ્મણોએ જાણી એટલે તેમણે તુલસીદાસને કહ્યું કે તમે તે હત્યારાની સાથે બેસીને જમ્યા માટે તમને પણ અમે નાત બહાર મુકીએ છીએ. ત્યારે તુલસીદાસે તેમને કહ્યું કે તમે લોકો પોથીઓ વાંચી જાણોછો પણ તમે પોથીઓનો સારાંસાર હૃદયમાં ઉતારી શકતા નથી માટે તમારામા કાંઈ અકલ નથી અને તેથી તમારૂં અજ્ઞાન ગયું કહેવાય નહી. બાર બાર વરસથી તે બિચારો રામનામ લે છે. કે જે રામ નામનો પ્રતાપ એવો છે કે એકવાર પણ જો કોઈ રામનામ લેતો તેની ગમે તેવી હત્યા હોય તોપણ તે દૂર થાય અને આ માણુસ આજે બાર વરસ થયાં રામનામ લે છે ત્યારે તેની હત્યા હવે કેવી રીતે રહી. ત્યારે તે લોકોએ કહ્યું કે તે વાતની અમને પ્રતીતી આવતી નથી. ત્યારે તુલસીદાસે તેમને પુછયું કે અમે શું કરીએ તો તમને તે વાતની પ્રીતીતી પડે. ત્યારે સર્વ બ્રાહ્મણોએ એક મત થઈને તુલસીદાસને કહ્યું કે જો તે હત્યારો એક થાળમાં લાડુ ભરી લેઈને કાશીવિશ્વનાથના મંદીરમાં જઈને ત્યાં માહાદેવજીના પોઠીઆને તે પોતાને હાથે લાડુ ખવરાવે અને જો તે પોઠીઓ તે લાડુ ખઈ જાય તો અમે તેની બ્રહ્મહત્યા ગઈ. એમ સમજીએ. એટલે તે ઉપરથી પોતે કાશીવિશ્વનાથના મંદીરમાં ગયા અને ત્યાં જઈને પોઠીઆ આગળ ઉભા રહ્યા અને પછી તેમણે નંદીની પ્રાર્થના કરી કે હે નંદીશ્વર ? તમે માહાદેવજીના વાહન રૂપ છો અને તેથી તમે

રામ નામનો મહીમા સારી રીતે જાણો છો. આ માણસ બાર વર્ષથી રામનામ લે છે તે તેની હત્યા હજી ગઈ નથી એમ બધા લોકો કહે છે. પણ જો તેની હત્યા હવે ગઈ હે અને જો તે વાત સાચી હોય તો આ માણસ પોતાના હાથે તમને લાડુ ખવરાવે તે ખાજો સ્તુતી કરીને પછી પેલા હત્યારાને આજ્ઞા કરી કે તું લાડવા ખવરાવ. એટલે તે નંદીને ખવરાવવા લાગ્યો અને નંદીએ તે ખાવા માંડયાં. પથ્થરના પોઠીઆને લાડુ ખાતા જોઈને લોકો વિસ્મય થઈ ગયા. તેથી તેઓ તુલસીદાસને પગે પડયાં એટલે ત્યાં જય જય ધ્વની રહી. એકવાર તુલસીદાસને ત્યાં ચોર લોકો ચોરી કરવાને આવ્યા ત્યારે આગળ ચોરે વખતે ધનુષ્ય બાણ હાથમાં લીધેલો એવો એક સીપાઈ આખી રાત સુધી ચોકી કરતો દેખાયો. અને જે તરફ તે ચોર લોકો જતા તેની તરફ તે આગળ આગળથી દેખાતો અને તેથી આખી રાત સુધી તે ચોર લોકોને તેણે આડાઅવળા ફેરવ્યા અને ચોરી કરવા દીધી નહી. એટલે નીરાશ થઈને તે લોકો પાછા ગયા અને સવારે આવીને તુલસીદાસને કહ્યું કે તમે એક શામળો સીપાઈ કોણ રાખ્યો છે કે જે તમારા ઘરની આખી રાત ચોકી કરે છે ? એટલે તે સાંભળીને તુલસીદાસ પોતે સમજી ગયા કે શ્રીરંગનાથજી વગર બીજુ કોઈ નહી હોય તેથી તેમણે કંઈ ઉતર દીધો નહી પણ તેમને આંખમાંથી પ્રેમના આંસુ નીકલી પડયાં પછી તેમણે પોતાનુ સઘળુ દ્રવ્ય બીજે દીવસે સંત સાધુઓને ખવરાવી દીધું કે જેથી ફરીને ચોરનો ભય રહે નહીં અને શ્રી રંગનાથને તેની ચોકી કરવી પડે નહીં. આ હકીકત જોઈને તે ચોર લોકનાં મન તેમની ભકિતના પ્રતાપથી પીગળી ગયાં. અને તેથી તેઓ તેમના શિષ્ય થયા. એકવાર તેમની એક ચેલીનો પતી મરી ગયો ત્યારે તેણી તેની પાછળ સતી થવા જતી હતી ત્યાં જતાં રસ્તામાં તેણી પોતાના ગુરૂનાં છેલ્ટનાં દર્શન કરવા માટે તુલસીદાસ પાસે આવી. ત્યારે તુલસીદાસે તેણીને આશીર્વાદ આપ્યો કે અખંડ સૌભાગ્યવંતી. ત્યારે તેણીએ કહ્યું કે મારો પતી તો મરી ગયો અને હવે હું તેની પાછળ સતી થવા ને જાઉછું. અને હવે આપ મને અખંડ સૌભાગ્યવંતી થાની કહો છો ? ત્યારે તુલસીદાસે તેણીને કહ્યું કે એનો હવે જે મારા મોંથી નીકળ્યું તે ખરૂ. હવે તે કેમ મીથ્યા થાય. માટે હવે તારા પતીના શબને તું પાછું મંગાવ એટલે તે ઉપરથી તેણીએ પોતાના સગાઓને કહ્યું કે જો તમે હવે પછી ભકતી કરવા માંડો તો મારા ગુરૂ મારા પતીને સજીવન કરે. એટલે તેઓએ તે પ્રમાણે કરવાનું કબુલ કર્યું. એટલે તેણીએ શબને તુલસીદાસ પાસે મુકાવ્યું. તુલસીદાસે તેના ઉપર પાણી છાંટયું એટલે તે બ્રાહ્મણ તરત બેઠો થયો અને પોતાને ઘેર ચાલીને ગયો. એટલે તે વાત આખા ગામમાં ફેલાઈ કે તુલસીદાસે મુવેલું માણસ સજીવન કર્યું. તે વાત ચાલતી દીલ્લીમાં પાદશાહ પાસે ગઈ એટલે પાદશાહે તુલસીદાસને દીલ્લી તેડાવ્યા અને તેમને કહ્યું કે અમે સાંભળ્યુંછે કે તમે મુવેલાં મડદાં જીવતાં કરોછો માટે તે તમારી કરામત તમે અમને બતાવો. તુલસીદાસે પાદશાહને કહ્યું કે મારામાં તો કાંઈ કરામત નથી અમે તો સાધુ લોક છીએ અને ભગવાનનું ભજન કરી જાણીએ છીએ. એટલે તે ઉપરથી પાદશાહે તેમને કેદ કરાવ્યા અને તેમને એક કોટડીમાં પુરી મુકાવ્યા. પછી જ્યારે રાત પડી ત્યારે તુલસીદાસે પોતાના ઇષ્ટ હનુમાનજીને યાદ કર્યા. એટલે હનુમાનજી તેમની સહાય કરવાને ત્યાં આવ્યા. અને ત્યાં આખા શેહેરમાં કરોડો વાંદરાં થઈ ગયાં. અને તે વાંદરાઓએ પાદશાહની બેગમોનાં વસ્ત્ર ખેંચવા માંડયાં અને પાદશાહને થપડાકો મારવા માંડી. એ પ્રમાણે આખા શેહેરના લોકોને પણ પજવવા માંડયા. એટલે પાદશાહ તેથી ઘણો મુઝાયો. અને આ દેવતાઈ કોપનું કારણ શોધવા લાગ્યો. એટલે તેને તુલસીદાસને કરામત જોવા સારૂ કેદ કર્યાની વાત સાંભરી આવી. તેથી પોતે તેજ વખતે અડધી રાતે તુલસીદાસ પાસે ગયો. અને ત્યાં જઈને પદશાહે તુલસીદાસની બણી

વિનંતી કરી અને તેમને કહ્યું કે આ રાજપાટ હવે આપનું સમજજો. હું તે આપને દઇને અહીંથી ચાલી નીકળું છું. માટે હવે આપ મને આ દુ:ખમાંથી છોડાવો. પછી તુલસીદાસે પાદશાહને કહ્યું કે તમારે કરામત જોવી હતી તે હવે જોઇ લ્યો. ત્યારે પાદશાહે કહ્યું કે મારી તકસીર હવે આપ મને માફ કરો. અને મારા પર આપ રહેમ કરો; પછી તુલસીદાસને પાદશાહ ઉપર દયા આવી. અને તેને કહ્યું કે આ તારા નગરમાં હનુમાનજી ફર્યા માટે તે હવે તારો મુકામ નથી માટે તું હવે બીજે કોઇ ઠેકાણે નવું શહેર વસાવ અને આ શહેરમાં હનુમાનજી રહેશે. તે સાંભળીને પાદશાહે તે શેહેર છોડી દીધું. અને તેની પાસે બીજું શહેર વસાવ્યું અને તે જુની દીલ્લીમાં અદ્યાપી પર્યંત તે પ્રમાણે જથાબંધ માંકડાં ત્યાં રહે છે. તુલસીદાસ પછી ત્યાંથી કાશીએ ગયા અને ત્યાંથી પછી તે વૃંદાવન ગયા. અને ત્યાં જઇને તે નાભાજીને મળ્યા. અને તેમની કાવ્ય સાંભળીને તે ઘણા ખુશી થયા. વૃંદાવનમાં મદનગોપાળના મંદીરમાં એકવાર તુલસીદાસ દર્શન કરવા ગયા હશે ત્યાં એક સાધુએ તેમની મશ્કરી કરી કે સૌ લોકો પોત પોતાના ઇષ્ટ દેવ આગળ માથું નમાવે છે અને પોતાના ઇષ્ટ દેવ વગર બીજા દેવને જે માથું નમાવે તે સાચો ભક્ત કહેવાય નહીં. તે ઉપરથી તુલસીદાસ ત્યાં આગળ ખમચાઇને ઉભા રહ્યા અને ઠાકોરજીને તેમણે વિનંતી કરી કે હે મહારાજ ! મારા ઇષ્ટ દેવ શ્રીરામચંદ્રજી અને તમે શ્રીકૃષ્ણદેવજી બન્ને જો કે એક રૂપ છો તોપણ મારા ભાવને લેઇને આપ રામ મુર્તિ થાઓ; એટલે હું આપને નમસ્કાર કરૂં. એ પ્રમાણે વિનંતી કરી એટલે ઠાકોરજીના હાથમાં ધનુષ્ય બાણ પ્રતીત થયાં. એટલે તે જોઇને ત્યાં બધા લોકો વિસ્મય પામી ગયા અને તે ઉપરથી તુલસીદાસની કિર્તિ ચારે તરફ વિશેષ ફેલાઇ.

मुल छप्पयछंद.

गोप्य कोल रघुनाथकी मानदास परगट करी ॥
करुणा वीर शिंगार आदि उज्जल रस गायो ॥
परउपकारक धीर कवित कविजन मन भायो
कौसलेस पद कमल अनन्य दासव्रत लीनो ॥
जानकी जीवन सुजस रहत निसि दिन रंगभीनो ॥
रामायन नाटककी रहसि उक्त भाषा धरी ॥
गोप्य केलि रघुनाथकी मानदास परगट करी ॥
श्री वल्लभजुके वंसमें सुरतरु गिरिधर भ्राजमान ॥
अर्थ धर्म काम मोक्ष भक्त अनपायनी दाता ॥
हस्तामल श्रुति ज्ञान सबही शास्त्रके ज्ञाता ॥
परिचर्या व्रजराज कुंवर के मनको कर्षे ॥
दरसन परम पुनीत सभा जन अमृत वर्षे ॥
विठ्ठलेस नंदन सुभाव जग कोउ नही ता समान ॥
श्रीवल्लभ जुके वंसमें सूर तरु गिरिवर भ्राजमान ॥
विठ्ठलवंस कल्याण के शिष्यसोंनि सदगुणानिकर ॥

रत्नानान घुतसुबुद्धि प्रेम पुलकित आनंद भर ॥
उत्तम भुषण भोग भजन सुठी सुंदर ताता
भ्राता मदन मुकुंद मेघ बाइ तिहि माता ॥
अहमदाबाद आधीन अति अच्युत गोत्र सेवा सुधर
विठ्ठलवंस कल्याण के शिष्यसोनी सदगुण निकर ॥
श्री वल्लभ जुके वंसमें गुन निधि गोकुलनाथ अति ॥
उदाधि सदा अक्षोभ सहज सुंदर मतिभाषा ॥
गुरू वर्तन गिरि राज भल्लपन सब जग साखी ॥
विठलेसकी भक्ति भयो वेला द्रढता के ॥
गत तेज प्रताप नमित नरबर पद जाके ॥
निर्व्यलीक आसय उद्धार भजन पुंज गिरिधरनि रति॥
श्री वल्लभ जुके वंसमें गुन निधि गोकुलनाथ अति ॥

ગોકુલનાથજીનો પ્રસંગ.

ગોકુળનાથજી કરીને એક મહાત્મા હતા. તેમની પાસે એક માણસ એક લાખ રૂપિઆ લેઈને આવ્યો અને તેમને ભેટ મુક્યા. ત્યારે ગોકુળનાથજી મહંતે તેને કહ્યું કે આ લાખ રૂપિઆ તું શું કરવા લાવ્યોછું ? ત્યારે તેણે કહ્યું કે મારે તમારો ઉપદેશ લેઈને તમારી પાસેથી દીક્ષા લેવી છે. ગોકુલનાથજીએ તેને પુછ્યું કે તારે કઈ ચીજ ઉપર સૌથી વધારે પ્રીતી છે? ત્યારે શિષ્યે કહ્યું કે દુનિયાદારીની કોઇ પણ ચીજ ઉપર અને તેમાં વળી દ્રવ્ય ઉપરનો મારી બીલકુલ પ્રીતી નથી. અને તેણે કહ્યું હું એવા પુરૂષને ગુરૂ કરવા શોધતો ફરૂંછું કે જે ગુરૂ મને પરમેશ્વરનો કે જેને વેદ પણ પાર પામી શકતા નથી એવા ભગવાનનો ખરો રસ્તો મને બતાવે. અને તેવા ગુરૂ શોધતાં આપ એકજ મને જડી આવ્યાછો. માટે આપ મને દિક્ષા આપો. એટલે ગુરૂએ તેને ખરો પ્રેમી જાણ્યો. અને તેથી તેને દિક્ષા આપી. એક વાર શ્રીનાથજીના મંદીર બાહાર એક બારી આગળ ઉભા રહીને એક ભંગીઓ ઠાકોરજીનાં દર્શન કરતો હતો. એટલે તે ઉપરથી મહારાજે વિચાર્યું કે મંદીરમાં ભંગીયાનો પડછાયો પડે તે ઠીક નહી અને તે ઉપરથી તેમણે તે બારી બંધ કરાવી દીધી એટલે તે હલાલખોર દર્શન કર્યા વગર ભુખ્યોને તરસ્યો ત્યાં બેશી રહ્યો. એટલે ઠાકોરજીએ તેને રાતે સ્વપ્ન આપ્યું કે તું મહંતને કહે કે બારી ઉઘાડી મુકાવે. અને તે પ્રમાણે તે ભંગીઆએ તે મહંતને કહ્યું પણ મહંતે તે ઉઘાડી મુકી નહી. અને એ પ્રમાણે તેણે ત્રણ દિવસ સુધી લાંઘણો કરી. અને મહંતે જ્યારે ન માન્યું ત્યારે ઠાકોરજી બોલ્યા કે હું જાતે ઉઠીશ ત્યારે તે કામ થશે અને તે ઉપરથી ઠાકોરજી મુરતીમાન થઇને બારણા આગળ આવ્યા અને દરવાનને કહ્યું કે તું મહંતને કહેજે કે તે બારણું ઉઘાડું મુક. અને આ ભંગીઆને તે દર્શન કરવા દે. કારણ કે તે ભંગીઓ મારો સાચો પ્રેમી ભક્ત છે. તમે તેનું દર્શન બંધ કરાવ્યું તેથી તે ત્રણ દિવસથી ભુખે મરે છે. માટે તમે બારીને ઉઘાડી દો હું ત્રણ દીવસથી તમને કહેવરાવું છું પણ તમે મારી આજ્ઞાનો અનાદર કરોછો. માટે હવે સવારમાં જો બારી ઉઘાડી નહીં મુ તો હું તે ભંગીયાને ઘેર જઇ બેસીશ.

૧ કહી પોતે મંદીરમાં જઈને મુરતીરૂપ થઇ ગયા. પછી દરવાને તે હકીકત મહંતને કહી ને મહંતે તે દીવસથી પછી જારી ખુલ્લી રાખવા માંડી.

मुल छप्पय छंद

रसिक रंगीलो भजन पुंज सुठि बन वारी श्यामकौ ॥
बात कवित वड चतुर चोख चोकस अतिजाने ॥
सारासार विवेक परमहंसनि परवाने ॥
सदाचार संतोष भुत सबको हितकारी ॥
आरज गुन तन अमित भक्ति दसधा व्रत धारी ॥
दरसन पुनीत आसय उदार आलाप रूचिर सुख धामकौ
रसिक रंगीलो भजन पुंज सुठि बनवारी स्यामकौ ॥
भागौत भलीविधि कथनकौं धन्य जननि एकै जन्यौ ॥
नाम नारायन मिश्रवंस नव लाजु उजागर ॥
भक्तनिकी अतिभीर भक्ति दसधाको आगर ॥
आगम निगम पुरान सार शास्त्रसब देखे ॥
सुर गुरू सुक सनकादि व्यास नारद जु विशेषे ॥
सुधा बोध मुख सुर धुनि जस बितान जगयेतन्यौ ॥
भागौत भली विधि कथन कौ धन्य जननि एकै जन्यौ ॥
कलिकाल कठिन जग जीतियौ राघोडी पुरी परी ॥
काम क्रोध मद मोह लोभकी लहर न लागि ॥
सुरज ज्यौं जल ग्रहे बहुरि ताहि ज्यौं त्यागी ॥
सुंदुर शील स्वभाव सदा संतनि सेवा व्रत ॥
गुरू धरम निकष निरबह्यो विश्वमें विदित वडो भुत ॥
अल्ह राम रावल कृपा आदिअंत जुक्ती धरी ॥
कलिकाल कठिन जग जीतियो राघोडी पुरी परी ॥
हरिदास भलपन भजन बल बावन ज्यौं बढयो बावनो ॥
अच्युत कुल सौं दोष सुपनेहु उर नही आने ॥
तिलक दाम अनुराग सबनि गुरुजन करि माने ॥
सदन मांहि वैराग्य विदेह निकीसी भांती ॥
रामचरन मकरंद रहत मनसा मदमाती ॥
जोगानंद उजागर बंसकारी निसिदिन हरिगुन गावनो ॥
हरिदास भलपन भजन बल बावन ज्यौं बढयो बावनो ॥
जंगली देसके लोग सब परसराम किये पारषद ॥

ज्यों चंदन को पवन नींब पुनि चंदन करइ ॥
बहुत काल तम निबड उदै दीपक जीम रहइ ॥
श्रीभट पुनि हरीव्यास संत मारग अनुसरइ ॥
कथा कीरतन नेम रसना हरिगुन उच्चरइ ॥
गोविंद भक्ति गद रोग गति तिलक दाम सद वैदहद ॥
जंगली देसके लोग सब परसराम किये पारषद ॥

વનમાળીદાસનો પ્રસંગ.

વનમાલીદાસ કરીને એક સંત મહંત હતા. તેમને ઘેર ઠાકોર સેવા હતી. તેમના પ્રતાપને લઇને મોટાં મોટા પૈસાદાર લોક તેમના શિષ્ય થતા હતા. તેથી તે પોતાની ઠાકોર સેવા ધામધુમથી કરતાં હતાં. પણ ચીતથી પોતે ઘણા વિરકત રહેતા હતા. તેમની વિરકત દશાના વખાણ સાંભળીને એક બીજો સાધુ તેમની પરિક્ષા લેવાને તેમને ઘેર આવ્યો અને ત્યાં મોટો ઠાઠ જોયો તે ઉપરથી તેણે તેમને કહ્યું કે લોકો તમને ત્યાગી કહે છે પણ તમે ત્યાગી શાના ? તમે ભારે ઠાઠ રાખો છો અને પુષ્કળ દ્રવ્ય વાપરો છો. એ સાંભળી વનમાળીદાસે તેને કહ્યું કે આમાં મારૂં કાંઇ નથી. ઠાકોરજી દ્રવ્ય આપે છે અને ઠાકોરજીના કામમાં વપરાય છે. સેવક લોકો સામગ્રી લાવે છે અને હું તે વાપરૂછું બાકી મારૂં ચીત તો વિરકત છે અને મને તેનો કાંઇ વિક્ષેપ થતો નથી. તેમ છતાં જો તને આ વાતે ઠીક લાગતું ન હોય તો ચાલ આપણે બન્નેજણ લંગોટી વાળીને વગડામાં જઇએ. મારે આ સામગ્રીની કાંઇ અપેક્ષા નથી. એમ કહી તેને સાથે લઇને પોતે એક પહાડની ગુફામાં જઇને બેઠા. પોતે ગુફાની અંદર બેઠા અને તેને બહાર રાખ્યો. તે ગુફા પાસે એક વણઝારો પોતાની ધનદોલત લઇ ઉતરેલો હતો અને તે ફરતો ફરતો તે ગુફા આગળ આવ્યો. અને તેણે તે મહારાજને ઓળખ્યા. કારણ કે તે વણઝારો તેમનો શિષ્ય હતો. તેથી તે એક થાળમાં મોહોરો ભરીને ભેટ આપવા ત્યાં ગુફા આગળ લાવ્યો. અને ગુરૂના આગળ તે મુકી. અને તેમને નમસ્કાર કર્યા અને પછી તેમને તે પોતાના મુકામ ઉપર તેડી ગયો. અને તેમને કહ્યું કે હે મહારાજ! આ રીદ્ધી સીદ્ધી આપની છે. તે પરીક્ષા લેનાર સાધુ આ ચમત્કાર જોઇને ત્યાં ચકીત થઇ ગયો. તેથી તે મહારાજને પગે પડયો અને તેમને કહ્યું કે હે મહારાજ! તમારી વીરકત વૃતિ સાચી છે. તમે લંગોટી વાળીને નીકળ્યા અને પહાડમાં એકાંતમાં જઇને બેઠા તોપણ ઠાકોરજીએ તમને પાછી આ ધન દોલત મેળવી આપી. માટે એ તો તમારા પ્રારબ્ધનો ખેલ છે એમ કહી તેણે પોતાના અપરાધની ક્ષમા માગી અને ત્યાંથી ચાલતો થયો.

मुल छप्पय छंद.

गुननिकर गदाधरभट्ट अति सबहिनकों लागे सुखद ॥
सज्जन सुहृद सुसील वचन आरज प्रतिपाले ॥
निर्मत्सर निहकाम कृपा करुनाकौ आलै ॥
अनानिभ जन द्रढ करन धर्यो वपु भक्तनिको जै ॥
परम धर्मको सेत बिदित वृंद्रावन गाजै ॥

भागवत सुधा वरषै वदन काहुकों नाहिन सुखद ॥
गुनानिकर गदाधर भट्ट अति सबहिनिकों लागे सुखद ॥

ગદાધર ભટનો પ્રસંગ.

વૃંદાવનના એક મંદીરના મહંતને ભાગવતની કથા સાંભળવાની ઈચ્છા થઈ ત્યારે તે કોની સેવા સાંભળવી તેની તપાસ કરવા લાગ્યો. ત્યારે ત્યાંના લોકોએ તેને કહ્યું કે ગદાધર પંડીત બહુ સારી કથા કરી જાણે છે માટે તમે તેની પાસે ભાગવતની કથા કરાવો. એટલે તેમણે કાગળ લખી આપીને બે માણસોને ગદાધર ભટને ગામ તેડવા સારૂ મોકલ્યા. એટલે તે માણસો ગદાધરના ગામની ભાગોળે આવીને ત્યાંના લોકોને ગદાધરનું ઘર પુછ્યું. એટલે તે વખતે ગદાધર ત્યાં આગળ એક કુવા ઉપર હાથ પગ ધોતા હતા. તેથી તેમને કહ્યું કે પેલા ગદાધર રહ્યા એટલે તે માણસોએ ગદાધરને તે મહંતનો કાગળ આપ્યો. એટલે તે વાંચીને ગદાધર એકદમ મુર્છા પામી ગયા. કે શું આ માણસનો પ્રેમ વળી કેવો હશે? કે તે કથા સાંભળવાને મને અહીંથી વૃંદાવન તેડાવે છે? પછી થોડીવારે જ્યારે મુર્છા વળી ત્યારે સ્વસ્થ થઈને તે માણસોની સાથે પોતે વૃંદાવન ગયા. ત્યાં જઈને તેમણે ભાગવતની કથા શરૂ કરી. તે કથામાં એવો પ્રેમ આવતો કે તે વખતે ત્યાં આગળ કથા સાંભળનાર શ્રોતાજન જાણે કોઈ ભીંત ઉપરનાં ચીતામણ હોય તેવા સ્થિર ભાનને ભાગી જતા. ત્યાં પોતે નાના પ્રકારની શ્રી કૃષ્ણ લીલા ઉમંગ ભેર કહેતા, તેથી બધા લોકોને તે કથા ઉપર ઘણો ભાવ ઉપજતો એકવાર ત્યાં કોઈ પાસેના ગામનો એક નાનો રાજા નામે કલ્યાણસીંગ ત્યાં કથા સાંભળવાને આવ્યો અને તે ગદાધરની વાણી સાંભળીને ઘણો પ્રેમ આસકત થઈ ગયો. કે જેથી તે ત્યાંજ રહ્યો અને પોતાને ગામ પાછો ગયો નહીં. ત્યારે તેની રાણીઓએ વિચાર્યું કે ગદાધરના સંગમાં આપણો પતી વખતે કંઈ ત્યાગી થઈ જશે માટે આપણે તેની સોબત છોડાવવાનો ઉપાય કરવો જોઈએ. એમ વિચાર કરી તેવામાં તે રાણીઓએ એક ગર્ભવંતી પોમલીને ત્યાં આગળ દીઠી. એટલે તે રાણીઓએ તેણીને પોતાની પાસે બોલાવીને તેણીને વીસ રૂપીઆ આપ્યા અને તેણીને કહ્યું કે જો તું અમારૂં ધારેલું કામ પાર પાડીશ તો વળી તને બીજું ઘણું દ્રવ્ય આપીશું ત્યારે તે પોમલીએ તેઓને કહ્યું કે તે તમારૂં કામ શું છે? તે તમે મને જલદીથી બતાવો કે હું તે કરી લાવું. ત્યારે તે રાણીઓએ તેણીને કહ્યું કે અમારો પતી વૃંદાવનમાં એક સાધુની કથા સાંભળવામાં અમને ત્યાગ કરીને બેઠોછે અને અમને હવ કામ વિષય વ્યાપ્યો છે:—

छप्पानी राह.

काम घणो बळवान, इंद्रिने भंग करे छे.
काम घणो बळवान, कामथी कोइक बचे छे,
काम घणो बळवान, लोक मर्जादा मुके,
काम घणो बळवान, चींत्वनथी पण चुके.
काम वश आखुं जगत छे, कोइने ते मुके नहीं,
कामारि शंकर भज्ये, गोपाळ छुटे ते सही.
कथा कहुं शुं काम, काम रावणने हणीयो.

कथा कहूं शुं काम, इन्द्र बिलाडो बनीओ,
कथा कहूं शुं काम, कामे कीचक मार्यो,
कथा कहूं शुं काम, कामे भरथरी बार्यो,
कथा कहूं शी कामनी, शास्त्र पुराणों गाय छे,
गोपाळ गंगतदासथी, अचरज मन ले थाय छे,

માટે તું તેના ગુરૂની કથામાં જઈને તેને કહે કે તમે ગર્ભ રહ્યાનું હવે તમે સંભાળ કેમ લેતા નથી ? અહીં આવીને પંડીત બનીને કથા કરવા બેઠા એટલે મને શું કરવા [illegible] કરો ? જો એમ હતું તો મારી સાથે જ્યારે સંગ કર્યો ત્યારે તમારું ભાન ક્યાં જતું રહ્યું હતું ? તમે જાણતા નહોતા કે તમારે મારી ખબર રાખવી પડશે ? એમ શીખવીને તે રાણીઓએ તે પીંગળીને એક દાસીની સાથે વિદાય કરી એટલે તે દાસી ગદાધરનો મુકામ છેટેથી તેણીને બતાવીને પાછી ફરી. પછી તે પીંગળી જ્યાં ગદાધર કથા કરતા હતા ત્યાં ગઈ અને ત્યાં ભરી સભામાં બધા શ્રોતાઓના સાંભળતાં તેણીએ ગદાધરને કહ્યું કે તમે મારી સાથે સંગ કર્યો અને તેનો મને ગર્ભ રહ્યો અને તમે તો હવે મને મુકીને અહીં આવીને કથા કરવા બેઠા. ત્યારે મારો સંગ કરતી વખતે તમને વિચાર કેમ ન સુઝ્યો ? કે તેનું ભરણ પોષણ મારે કરવું પડશે માટે હવે હું ક્યાં જાઉં ? ગદાધરે તે સાંભળીને તેણીને કહ્યું કે તારી વાત સાચી છે. એમ કહી તેણીને ત્યાં બેસાડી. એટલે તે ઉપરથી બધા શ્રોતાઓના મનમાં ગદાધર વિશે ઘણો અભાવ થઈ ગયો કે ગદાધર આવા પ્રેમી ભક્ત થઈને તથા આવા પંડીત બનીને આવો ધંધો કરે છે માટે હવે તેમની કથા સાંભળવી નહીં. તેમની કથા સાંભળવાથી આપણું શું ભલું થવાનું છે ? એમ વિચારીને બધા શ્રોતા ઉઠી ગયા અને તેમને એવી શરમ પ્રાપ્ત થઈ કે જો પૃથ્વી ફાટે તો તેમાં સમાઈ જઈએ. પછી ત્યાં રહીને વલ્લભદાસ ફરીને ગઢડાના ઠાકોર બેઠા હતા તે તલવાર ખેંચીને પીંગળી પાસે ગયા અને તેણીને ધમકાવીને પુછ્યું કે તું સાચે સાચું બોલી દે નહીં તો આ તલવારથી તારા કટકે કટકા કરી નાંખીશ. એટલે તે બીઈને તે પીંગળી રડી પડી અને તેને કહ્યું કે મને તો કલ્યાણપુરીની રાણીઓએ વીસ રૂપીઆ આપીને ગદાધર ઉપર આ પ્રમાણે જુઠું આળ ચડાવવાને મોકલી છે. તેથી હું અહીં આવી છું. માટે તેમાં મારો વાંક નથી. એટલે તે હકીકત સાંભળીને કલ્યાણપુરીગને પોતાની રાણીઓ ઉપર ઘણો ક્રોધ ચડ્યો તેથી તે તલવાર લઈને પોતાની રાણીઓનાં માથાં કાપી નાખવાને ત્યાંથી જવા લાગ્યો. ત્યારે ગદાધરે તેને સમજાવી રોક્યો અને તેને જવા દીધો નહિ. તે કલ્યાણદાસ પછીથી એક પ્રતાપી ગઢવાળા [illegible] થયો કે જેણે પછીથી ઠાકોરજીનાં ઘણાં ઘર બનાવ્યાં. રૈયાકલ્યાણદાસે ગદાધરને પુછ્યું કે તમે તે પીંગળીને કહ્યું કે હા તે સાચી વાત છે તેનું શું કારણ ? માટે તેનો મને ખુલાસો કરી બતાવો. ત્યારે ગદાધરે તેને કહ્યું કે પરમાત્મા સર્વવ્યાપક છે અને જે પરમાત્મા તેણીના ગર્ભ [illegible] અંતરમાં હતા, તેજ પરમાત્મા મારામાં પણ છે માટે મારામાં ને તેનામાં વાસ્તવીક કંઈ ભેદ નથી. માટે મારે તે વાત સાચી કહેવી પડી. એકવાર ગદાધરની કથામાં કોઈ બીજા ગામના મ[illegible] હતા ત્યાં કથા સાંભળવા આવ્યા એટલે ગદાધરે તેમને આદરસત્કાર કરીને પોતાની પાસે બેસાડ્યા. પછી કથાનો પ્રસંગ ચાલતાં ગદાધરની તથા સર્વે શ્રોતાજનની આંખોમાંથી પ્રેમનાં આંસુ પડવા માંડ્યાં એટલે તે જોઈને તે મહંત લજ્જા પામી ગયા, કે બધા લોકો પ્રેમી છે અને શું હું પ્રેમી નથી ? કે મને આંસુ પડતાં નથી. અને આ વાત જો બધા લોકો જાણશે તો મારી આબરૂ

…ગ પીચારીને તેણે પોતાની પાસે એક મરચું હતુ તે પોતાની આંખોમાં ફેરવ્યું. એટલે …તેમાંથી પાણી પડવા માંડ્યું. એટલે તે વાત ગદાધરે જાણી લીધી. તેથી તેમણે તેને …ગાવ્યો કે તમારે આંસુ લાવવાને આ પ્રમાણે આંખમાં મરચાં ઘાલવાં નહી. તેથી તો …નુકશાન થાય. એતો પ્રેમની વાત હતી માટે જેને પ્રેમ આવે તેની આંખમાંથી અશ્રુ… …ય માટે આવો બનાવટનો અશ્રુપાત કરવાથી શું ફળ થાય? કંઈજ નહી. એકવાર ગદા… …ેર પ્રાંઈ ચોર ચોરી કરવા આવ્યો અને તેણે તેમની બધી સામગ્રી એકઠી કરીને મોટો …બાંધ્યો પણ તેનાથી તે માથે ચેંચાયો નહી. ત્યારે ગદાધરે તે જોઈને તે ઉંચકીને તેને ચઢાવવા ગયા. એટલે તે ચોર વિસ્મય પામ્યો. અને તેમને કહ્યું કે તમારૂં ધન લીધેલું મને …શે? તમે દયા લાવીને ચોરને પણ આ પ્રમાણે ગાંસડી માથે ચઢાવવા આવ્યા માટે હું લેઈને ક્યાં છુટું? માટે હું તે લેતો નથી. એમ કહી તેણે તે લીધું નહી. ત્યારે ગદાધરે …ું કે તું તે લેઈ જા. સવારે મને સેવકો બીજું ઘણું દ્રવ્ય આપી જશે. મને કાંઈ ખોટ …ા નથી પણ તેણે તે લીધું નહી. પણ ફરતો તે તેમનો શિષ્ય થયો. અને તે દીવસથી તેણે ચોરી કરવાનો ધંધો મુકી દીધો. એકવાર ગદાધર મંદીરમાં ચોકો અબોટ કરતા હતા તે વખતે એક સેવક દ્રવ્ય લેઈને ભેટ કરવાને આવ્યો. એટલે તેમના એક શિષ્યે તેમને …કે તમે હાથ ધોઈ નાંખીને તે ભેટ લેઈ લ્યો. એટલે તે ઉપરથી તેમણે તે ચેલાને ઘણો …વ્યો ત્યારે તે ભેટ લાવનારો માણસ સમજ્યો કે ગદાધરે મને ધમકાવ્યો. એટલે તે ઉપરથી …ણે તેના મનનું સમાધાન કર્યું. કે મેં તો તમને કહ્યુ નહોતું. પણ મેંતો મારા ચેલાને તે કહ્યુ …ું કારણ કે તેણે મને ઠાકોરસેવા કરતાં વિઘ્ન કરાવ્યું. કારણકે તે ઠાકોરસેવાના ઘણા પ્રેમી હતા …ને તે પોતે હમેશ આશા રહીત રહેતા. અને તેથી જ્યારે તેમના ચેલાએ આ. પ્રમાણે તેમને અબોટ કરતાં હાથ ધોવાનું કહ્યું. ત્યારે તેમણે તેને કહ્યું કે શું તું ઠાકોરસેવા કરતાં દ્રવ્યને વિ-શેષ ગણે છે? અને શું તું ઠાકોરસેવાને અલ્પ ગણીને મને દ્રવ્ય લેવા માટે ઉતાવળ કરવા …ાગે છે? માટે મેં તેને ઠપકો દીધો. એમ કહી તે ભેટ લાવનારને સમજાવ્યો.

मुल छप्पयछंद.

चरन सरन चारन भगत हरि गायक एता हुवा ॥
चौमुख चोरा चंड जगत इश्वर गुनु जाने ॥
करमानंद और कोल्ह अलु अक्षर परवाने ॥
माधो मथुरा मध्य साधु जीवानंद सींचा ॥
दूजा नारायनदास नाम मांडन तन भीचा ॥
चोरासी रुपक चतुर बरनत बानी जुजुवा ॥
चरन सरन चारन भगत हरि गायक एता हुवा ॥

કરમાનંદ ચારણનો પ્રસંગ.

કરમાનંદ હરીને વિષે ચારણ ઘણો પ્રેમાસક્ત થઈ ગયો. તેણે એવી વાણી બનાવી છે કે …સે તેવા કઠણ હૃદયનો માણસ પણ તે વાણી સાંભળીને પીગળી જાય. કરમા-નંદ પોતાના મનનો ત્યાગ કરીને વંદાવન જવાને નીકળ્યા અને પોતાની ઠાકોર સેવાનો

સંપુટ તેમણે પોતાને ગળે બાંધી લીધો. રસ્તે ચાલતાં એક ઠેકાણે તેમને દીશાજંગલ હાજત થઇ આવી. તેથી તેમણે પોતાની ઠાકોરસેવા એક લાકડી સાથે બાંધી. લાકડીને જમીનમાં ઉભી દાટી. ઠાકોર સેવા એ પ્રમાણે અધ્ધર રાખીને પોતે દીશા જંગલ અને પછી જ્યારે પાછા આવ્યા ત્યારે તેમને રસ્તામાં બીજા સાધુઓ મળ્યા અને તેમને પોતાના રથમાં બેસાડી દીધા એટલે ત્યાં વાત ચીતના પ્રસંગમાં કરમાનંદ પોતાની સેવા જે તેમણે યાદ આવ્યુ. એટલે ત્યાં તેમણે ઠાકોરજીની માનસીક પુજા કરી ને સાચો ભાવથી ઠાકોરજીનું ધ્યાન કર્યું એટલે તે લાકડી પુજા સહીત તેમની પાસે ત્યાં વંદ્રાવન આવી. તે સાચા ભાવને લીધે ભગવાને તેમને આ પ્રમાણે પરચો આપ્યો.

કોલ્હ અને અલ્હનો પ્રસંગ.

કોલ્હ અને અલ્હ બંન્ને ભાઇ થતા હતા. તેમાંનો કોલ્હ વિરક્ત ચિત રહેતો હતો તે નાના પ્રકારનાં પદ રચીને ઠાકોરજીને લાડ લડાવતો. બીજો ભાઇ અલ્હ રાજાને ગુણી વ હતો અને તેથી તે પોતાના રાજાનાં પદ બનાવતો અને કોઇક વાર તે ભગવાનનાં પણ બનાવતો. પેહેલો ભાઇ આચાર વીચાર પાળતો. અને પરનારી ખાતો નહોતો પણ બીજો બ સર્વે ભક્ષણ કરતો. નાનો ભાઇ હમેશાં મોટા ભાઇની આજ્ઞામાં રહેતો અને આજ્ઞાનું ઉલંઘન કરતો નહોતો. એકવાર બન્ને જણ દ્વારકા જાત્રા કરવા ગયા અને ત્યાં ઠાકોરજીના આગળ મોટા ભાઇએ પ્રેમ લાવીને નમ્ર વાણીથી ઠાકોરજીનાં કેટલાંક પદ ગાયાં. ત્યારે બીજા ભાઇને તેવું કાંઇ આવડતું નહોતું તેથી તેણે આતુરવાણીથી રાજાનિજે જોડેલાં એક બે પદ ગાયાં. એટલે ને સાંભળીને ઠાકોરજીએ હાં કહીને હુંકારો દીધો ને પોતાના પુજારીને કહ્યું કે તમે મારી માળા એને પહેરાવી દો. એટલે તે સાંભળીને બીજા ભાઇને ઘણું ખોટું લાગ્યું. અને તેને ઠાકોરજી ઉપર ઘણી રીસ ચઢી આવી, કે હું કે જે ઘણા પ્રેમથી તેમનાં પદ ગાઉછું તેનાઉપર તો તે રીઝયા નથી અને મારા નાના ભાઇએ રાજાનાં પદ ગાયા તેપણ તે ખુશી થઇ ગયા માટે મારે હવે દુનિઆમાં શું મોં બતાવવું? એમ વીચારીને તે દરીઆમાં જઇને પડયો. ત્યાં ભગવાને તેને ડુબવા દીધો નહી. પણ પાણીની અંદર રસ્તો બતાવીને તેને તેને સોનાની દ્વારકામાં લાવ્યાં. અને પોતાના અનુચર મોકલીને તેને પોતાની પાસે તેડી મંગાવ્યો. અને તેને પ્રગટ દર્શન દીધું. પછી જમવાને માટે તેને બે પત્રાલીઓ મુકાવી. ત્યારે તેણે પુછ્યું કે બે પત્રાલી કોની મુકી ત્યારે ભગવાને કહ્યું કે એક તારી અને એક તારા ભાઇની, ત્યારે તેણે કહ્યું કે મારો ભાઇ તો જમીન ઉપર છે અને હું તો દરીઆમાંછું, માટે તે શી રીતે ખાશે? ત્યારે ઠાકોરજીએ તેને કહ્યુ કે તું તે ત્યાં લેઇ જઇને તેને આપ. કારણ કે તે તારો ભાઇ તારા વીયોગથી અન્ન જળ ત્યાગ કરીને બેઠો છે. માટે તું ત્યાં પાછો જા અને તેને મારો સંદેશો પોહોચાડ કે પુર્વ જન્મે તું એક રાજાનો કુંવર હતો અને મારો પરમ ભક્ત હતો. અને ઘર ત્યાગ કરીને વનમાં તપશ્ચર્યા કરવા ગયો હતો. ત્યાં એક બીજો રાજા આવ્યો અને તને તે પોતાને ઘેર લેઇ ગયો. અને ત્યાં તુ ભોગ ભોગવવામાં પડ્યો એટલે મારી ભક્તી તને છુટી ગઇ. બાકી તું મારો સાચો ભક્ત છે. અને તેથી હું તને ઘણો ચાહુંછું. એ પ્રમાણે તેને મારો સંદેશો કહેજે. તું આજકાલનો નહીં ભક્ત નથી જે તેથી મેં તારા પદ ઉપર હુંકારો ન દેતાં મેં તેના રાજાના પદ ઉપર પણ જે હુંકારો દીધો, તેથી તારે રીસ ચઢાવવી નહી. તારો ભાઇ પુર્વજન્મથી મારી ભક્તિ કરતો આવે છે માટે મારો સંદેશો કહીને તેને તું

ાજી પત્રાળી મારી પ્રસાદી તરીકે આપજે. એમ કહી તેને એક માણસ સાથે મોકલીને ઉપર વિદાય કર્યો. એટલે તે દરીઆની બહાર આવ્યો અને ત્યાં નાનો ભાઇ મોટા ભાઇને ઘણો ખુશી થયો. અને પછી તેની હકીકત પુછી એટલે તેણે સર્વ હકીકત કહી સં- . પછી તેણે ઠાકોરજીનો સંદેશો કહ્યો અને તેને ઠાકોર પ્રસાદી ખાવા આપી. પછી બન્ને ાએ ભાવ સહીત ભક્તિ કરવા માંડી. અને તેઓ પોતાને ઘેર પાછા ગયા નહીં પણ ત્યાંથી ાર વનમાં ગયા. અને પછી તેમને દીવસો દીવસ ભક્તિનો રંગ વિશેષ ચઢતો ગયો.

નારાયણ ભક્તનો પ્રસંગ.

અલ્હના વંશમાં બે ભાઇઓ થયા તેમાંનો મોટો પરણેલો હતો અને નાનો કુંવારો હતો. તે નાના ભાઇનું નામ નારાયણદાસ હતું. એકવાર નારાયણદાસને તેની ભાભીએ ટાઢું ખા- મૂક્યું. એટલે તે ઉપરથી તેણે પોતાની ભાભીને કહ્યું કે મને ટાઢું ખાવાનું કેમ મૂક્યું? ગને રમ કરી આપો. ત્યારે તેની ભાભીએ કહ્યું કે તમે શા કમાઉપણા ઉપર ગરમ ખાવાનું મા- ા ? તમારાં ઘરડીઆંએ જેમ ઠાકોરજીને હુંકારો દેવરાવ્યો હતો તેવો તમે કયો દેવરાવ્યો કે ા ગરમ ખાવા જોઇએ ? એટલે તે સાંભળીને નાના ભાઇને ચાનક લાગી ગઇ અને તેથી તે છોડીને જતો રહ્યો. અને તેણે દ્રઢ ભાવથી ભગવાનની ભક્તિ કરી અને શ્યામ સુંદર ાનને તેણે પોતાનાં ઘરડીઆંની માફક ભક્તિ કરીને વશ કર્યાં અને તેથી પોતાનું નામ ાર્થ કર્યું.

मूल छप्पय छंद,

नरदेव उभै भाखा निपुन पृथ्वीराज कवीराज हुवा ॥
सवैया गीत श्लोक वेलि दोहा गुन नवरसा ॥
पिंगल काव्य प्रमान विविध विध गायो हरि जस ॥
परदुख विदुष श्लाध्य वचन रसना जु विचारै ॥
अर्थ कवित्त निमोल सबै सारंग उर धारैं ॥
रुकमनी लता वरनन अनुप वागीश वदन कल्यान सुवा॥
नरदेव उभै भाषा निपुन पृथ्वीराज कविराज हुवा ॥

પૃથ્વીરાજનો પ્રસંગ.

મારવાડ દેશમાં વિકાનેર શેહેરમાં પૃથ્વીરાજ કરીને એક મોટો રાજા ભક્તરાજ થઇ ગયો. તે કવીઓના વિષે એક કવીરાજ થઇ ગયો. અને ઠાકોર સેવા ઉપર તેને અચળ પ્રિતી હતી. એકવાર બાદશાહે કંઇ કામસર તેને પોતાની પાસે દીલ્હી તેડાવ્યો. એટલે તે દીલ્હી ગયો ત્યાં તે રોજ માનસી પુજા કરતો અને માનસી પુજામાં તેને પોતાના ઘરના ઠાકોરજીનાં દરસન દીલ્હીમાં રહ્યાં રહ્યાં થતાં. એકવાર જ્યારે બે ત્રણ દીવસ સુધી તેને પોતાના ઠાકોરજી ધ્યાનમાં આવ્યા નહી ત્યારે તેણે પોતાને ઘેર કાગળ લખ્યો કે ત્રણ દિવસથી ઠાકોરજી મારા ધ્યાનમાં દેખાતા નથી. માટે ઠાકોરજી મંદીર મુકીને કયાં જતા રહ્યા છે? તેનો જવાબ તાકીદે લખજો. તેમના પ્રધાને તે પત્ર વાંચીને જવાબ લખ્યો કે તમારૂં લખવું સાચું છે. ઠાકોરજીનું મંદીર લાલ પડી ગયું હતું, તેથી તે દુરસ્ત કરાવા સારૂ અમે બે ત્રણ દીવસ સુધી ઠાકોરજીને મંદીર બહાર પધ-

રહ્યા હતા. અને મંદીર દુરસ્ત કરીને હવે પાછા અંદર પધરાવ્યા છે. એ પ્રમાણે જવાબ આપી પોતે ખુશી થયા. પૃથ્વીરાજે એવી દ્રઢ પ્રતિજ્ઞા કરી હતી કે મારે મરતી વખતે મ[illegible] દેહ ત્યાગ કરવી. દીલ્હીનો પાદશાહ તેમના ભક્તિભાવથી વાકેફ હતો અને તેમની આ [illegible] લીનેશી તેણે કંઇ જાણી. એટલે તે કેવી સાચી પડે છે તેનું પારખું લેવાને તેણે તેમના અ[illegible]ન વખતે પૃથ્વીરાજને કાંઇ દુર દેશાવર મોકલ્યા. જેથી તેમની મથુરાંની પ્રતિજ્ઞા જુઠી પડે જ્યારે મરવાનો વખત પાસે આવ્યો ત્યારે ઠાકોરજીએ પૃથ્વીરાજને ચેતાવી દીધા કે તું ઘણે દેશાવર આવ્યો છું. અને અમુક દીવસે તારો કાળ થવાનો છે અને તારે મથુરામાં દેહ છોડ[illegible] આવશ્ય છે. માટે તું તાકીદથી પાછો ફર. તે ઉપરથી તેણે એક સાંઢણી મંગાવી અને તે ઉ[illegible] બેસીને તે રાતને દિવસ ચાલીને મથુરાંમાં આવી પોહોચ્યા અને ત્યાં જમુનાજીમાં સ્નાન કર[illegible] બહાર નીકળ્યા એટલે તેમનો પ્રાણ છુટી ગયો. એટલે ત્યાં જય જય ધ્વની થઇ રહી પછી વાત પાદશાહે સાંભળી ત્યારે તેમના મરણને લીધે તેણે ઘણો શોક કર્યો અને પૃથ્વીરાજ [illegible] રાજા મને હવે ફરીને ક્યાં મળશે એમ કહી તેણે ઘણો વિલાપ કર્યો.

શીવા ભકતનો પ્રસંગ.

શીવો ભક્ત કરીને એક પ્રેમી ભક્ત થઇ ગયો. તે કાબા લોકનો સરદાર હતો. અને ઠાકોરજીની ભાવ સહીત ભક્તિ કરતો હતો. એકવાર કોઇ મુસલમાને તેના ઘરને આગ લગા[illegible] એટલે આતુર વાણીથી તેણે ભગવાનને પોકાર્યા અને કહ્યું કે હે દ્વારકાનાથ તમે જલદીથી આ[illegible] પધારો અને તમે મારી રક્ષા કરો. નહીં તો મારૂં આખું ઘર સળગી જશે. દ્વારકાનાથે તેની અ-રજ એકદમ મન ઉપર લીધી અને પોતાના પ્રેમી ભક્તની વહારે ધાયા અને તેના ઘરની આગ બુઝાવી દીધી. અને તે મુસલમાનોને પોતે મારી નાંખ્યા. અને એ પ્રમાણે તેને સાચી ભક્તિનો પડચો આપ્યો.

मुल छप्पय छंद.

पृथ्वीराज नृपकुलवधुभक्त भुप रतनावती ॥
कथा कीरतन प्रीती सीर, भक्तनकी भावै ॥
महा महोत्सव मुदित नित्य नंदलाल लडावै ॥
मुकुंद रचन चितवत भक्ति महिमाध्वजधारी ॥
पतिपर लोभ न कियो टेक अपनी नहि टारी ॥
भलपन सबै विशेष हीआ वैर रदन सुन खाजती ॥
पृथ्वीराज नृप कुल वधु भक्त भुप रतनावती ॥

રત્નાવતી બાઇનો પ્રસંગ.

માનસીંગ કરીને એક રાજા હતો તેને માધવસંગ કરીને એક નાનો ભાઇ હતો અને તેને રત્નાવતી નામની રાણી હતી, જેને એક કુંવર હતો. એકવાર માધવસીંગ પોતાના કુંવર-ને સાથે લઇને કંઇ પરદેશ ગયો અને રાણીને ઘેર મુકી ગયો તે રાણી પોતાની દાસીઓ સાથે દીવસો ગુજારતી હતી. તેવામાં એક દીવસે તેની એક દાસી ગામ બહાર કોઇ ઠેકાણે

[illegible] હશે ત્યાં જઈ ચડી અને ત્યાં હાજર સેવા થતી હતી તેથી તે જોવાને તેણું મન [illegible] આવ્યો તેથી તે ત્યાં આગળ બેઠી. અને તે સાધુઓએ પ્રેમથી કેટલાંક પદ ગાયાં તેમાંના એક બે તેણે મોઢે કરી લીધાં. પછી તે ત્યાંથી રાણી પાસે ગઈ અને ત્યાં પોતાનું [illegible] કરતાં તે શીખેલાં પદ ઘણા પ્રેમથી ગાવા લાગી. એટલે તે રાણીએ તે સાંભળ્યાં અને ઘણું પ્રીય લાગ્યાં તેથી તેણીએ દાસીને પુછ્યું કે તું આજ આ પદ ક્યાંથી શીખી અને આનું શું નામ છે? તેથી મને તું સમજણ પાડ એટલે તે દાસીએ તેણીને [illegible] તમે [illegible] રહેનારાં રાણી તમારે આવાં પદની સાથે શું કામ છે? તમે તમારે [illegible] મોજ મજા કરો અને મહેલમાં [illegible] રહો. આ પદ તો ભગવાનનાં ગુણાનુ[illegible] [illegible] છે. આ તો સાધુ લોકોનાં પદ છે. આપણા જેવા [illegible] સાધુ [illegible] [illegible] તેઓ ઘણા પ્રેમથી તે પદ ગાતા હતા. અને મને પ્રીય લાગ્યાં એટલે મેં તે [illegible] લીધાં. અને મને તે ગાવાનો પ્રેમ થાય છે માટે હું તે ગાઉં છું. તે પ્રેમની વાત તમે [illegible] ત્યારે રાણીએ તેને પુછ્યું કે તે સાધુ કેવા હોય? હાજર સેવા કેવી હોય તે બધું તું [illegible], કારણકે તેના ગાવાને લીધે મને તે ગાવાની આતુરતા થઈ છે. માટે જેમ બને તેમ [illegible] તું મને લઈ જા. નહીંતો તે ગાવાની આતુરતામાં મારો પ્રાણ જતો રહેશે, કારણકે તારી સાંભળીને મને ઘણો પ્રેમ ઉત્પન્ન થયો છે. માટે તું મને તેની સમજણ પાડ એટલે [illegible] તેને કહ્યું કે એ વાત તમારા લાગની નથી, તેમ તેમ રાણીએ તેને ઘણો આગ્રહ [illegible] અને તેને ઘરેણું ગાંઠું ઇનામમાં મુકાવી દીધું અને તેને પોતાના જેવું રૂપ ધરીને તેને [illegible] પાસે બેસાડી અને તેને તે બધા પુછવા લાગી. એટલે દાસીએ તેને સર્વ સમજાવ્યું કે [illegible] પ્રકાર સેવા કરી આ પ્રમાણે ભોગ ધરાવવા આ પ્રમાણે ધ્યાન કરવું આ પ્રમાણે [illegible] તમેએ બધી સમજણ પડી એટલે રાણીએ પોતાને ત્યાં હાજર સેવા પધરાવી અને પ્રેમથી સેવા કરવા લાગી અને ત્યાં તે ગાવે [illegible] અને આંખમાંથી પ્રેમનાં આંસુઓ [illegible] રાણીએ એક દિવસ સાધુ [illegible] તેથી તેને સાધુ જોવાની ઘણી ઉતકંઠા [illegible] અને તેથી તે જેથી વખતે તેના પ્રભુ ઠરી શકે તેવું [illegible] રાણીએ દાસીને કહ્યું [illegible] તે સાધુનાં દર્શન કરાવ. ત્યારે દાસીએ તેને કહ્યું કે [illegible] તમારાથી સાધુનાં દર્શન થશે નહીં, જો તમારે સાધુનાં દર્શન કરવાં હોય તો તો સાધુને તમારે ઘેર તેડાવો અને તેમની સેવા કરો. તે ઉપરથી તેણીએ દાસીને કહ્યું કે જા તું એમને નોતરું દઈ આવ. તે ઉપરથી તે દાસી સાધુ પાસે ગઈ અને તેમને રાણીના [illegible] નોતરું દીધું. એટલે સાધુઓના મહંતે દાસીને કહ્યું કે તું તારી રાણીને કહે કે તારામાં રાણીપણું ક્યાં આગળ છે? તેને તું શોધી જો. પછી અમે રાણીને ત્યાં આવીશું. એટલે દાસીએ તે વાત રાણીને કહી. તે ઉપરથી રાણીએ વિચાર કર્યો કે આ શરીરના ક્યા અવયવને રાણી સંજ્ઞા લાગુ પા[illegible] [illegible]? દરેક અવયવનાં નામ જુદાં છે. એટલે એ પ્રમાણે તેણી તે સંતની વાણીના ગુણાર્થ સમજી ગઈ. તેથી તેમનાં દર્શન કરવાને વધારે આતુર થઈ. તેથી પોતે લોકોની લાજ મરજાદ મુકી દઈને તથા એકલા છોડી દઈને સાથે લઈને તે મહંતની પાસે ગઈ અને તેણીએ ઘણી દીન વાણીથી તેમને પોતાને ત્યાં પધારવા માટે કહ્યું. એટલે સાધુઓએ તેમનો પ્રેમ જાણીને તેમનું નિમંત્રણ સ્વીકાર કર્યું. પછી રાણી અત્યન્ત હરખી હરખી સાધુની મંડળીને પોતાના મહેલમાં લઈ ગઈ. એટલે તે જોઈને [illegible] [illegible] [illegible] [illegible] ભાગી ગયા. પછી ત્યાં સાધુઓના [illegible] કરવાને આવેલા [illegible] [illegible] ગયા. એટલે તે [illegible] [illegible] ગયા. એટલે [illegible]

વાતને તેની ચીંતા થઇ કે રાજાની રાણી મુંડીઆઓ ભેગી કેમ બેઠી ? થોડે વાર તેણું વે એક મુકી દીધી તે ઉપરથી તેણે રાજા માધવસીંગને કાગળ લખ્યો કે તમારી રાણ જાત મુકી દઇને મુંડીઆઓ ભેગી બેઠી છે એટલે તે વાંચીને રાજાને અંગે અંગ આ ગી ગઇ. પછી થોડી વારે રત્નાવતીનો કુંવર કે જે પોતે એક ભક્ત હતો અને તેથી ં આ તીલક કરતો અને તે પ્રમાણે કરીને તે પોતાના બાપને સલામ કરવાને માધવસી દરબારમાં આવ્યો અને તેણે સલામ કરી ત્યારે રાજાએ તેને કહ્યું કે આવો મુંડકીપુત કુંવર તે સાંભળીને ચુપ થઇ રહ્યો પછી જ્યારે કચેરી બરખાસ્ત થઇ ત્યારે તેણે એ કુનને પુછયું કે રાજાએ આજ મને મુંડકી પુત કેમ કહ્યો ? ત્યારે તે કારકુને તેને ઃ કરી આપ્યો કે આજ તમારે ઘેરથી વજીરનો કાગળ આવ્યો છે તેમાં લખ્યું છે કે પડદો મુકી દઇને રાણી સાહેબ મુંડકા સાધુઓનાં ભેગાં ભજન કરે છે માં ઘણું અઘટતું કામ થાય છે. તે ઉપરથી રાજાએ તમને મુંડકા પુત કહીને બોલાવ્યા સાંભળીને છોકરો ઘણો ખુશી થયો. પોતાની માએ આ પ્રમાણે ભક્તિ કરવા માંડી તેને ધન્ય કહેવા માંડ્યું. પછી તેણે પોતાને ઉતારે જઇને પોતાની માને કાગળ લખ્યો દીવાને રાજાને કાગળ લખ્યો છે કે તમારી રાણી મુંડકાઓ ભેગો ભજન કરે છે અને તે ત્યારે આજ હું રાજાને સલામ કરવા ગયો ત્યારે રાજાએ મને મુંડકી પુત કહીને બોલા માટે તમે તેમનું બોલવું પાળજો. કારણ કે તમે પતિવ્રતા સતી છો અને રાજાએ ત મુંડકાં કહ્યાં માટે રાજાનું બોલવું મીથ્યા થવા દેશો નહીં પણ તેમનું બોલવું તમારે વ્રતા સ્ત્રી તરીકે પાળવું. એટલે માંથુ મુંડાવીને સાધુ થઇ જવું જેથી તેમનું બોલવું પડે. તમારી આ વાત સાંભળીને હું ઘણો ખુશી થયો છું. અને મારા લખ્યા પ્રમાણે પોતાનો બોલ તમે પાળશો એવી હું આશા રાખું છું એ પ્રમાણે લખીને તેણે પોતાની કોઇ ખાસ માણસ સાથે કાગળ મોકલ્યો. એટલે તે વાંચીને તેની મા ઘણી ખુશી થઇ. તે તેણીએ તરતજ પોતાનું માંથુ મુંડાવી નાંખ્યું અને પોતે સાધુનો સ્વાંગ પહેરી લીધો અને પોતાના દીકરાને જવાબ લખ્યો કે મેં તમારા લખવા મુજબ કર્યું છે. પછી વજીરે રાણીના મુંડાવ્યાની વાત સાંભળી એટલે તે વધારે ગુસ્સે થઇ ગયો. રાણીએ રાજાનું નાંમ બોળ્યું એ સમજી તેણે તરત રાજાને કાગળ લખ્યો અને તેમાં લખ્યું કે હવે તો રાણી તેના છોકરાના લખવા ઉપરથી માંથું મુંડાવીને બરોબર સાધુ બની ગઇ છે. એટલે તે વાત જાણીને રાજાએ પોતાના કુંવરને ઠેર મારી નાંખવા સારૂ તલવાર ખેંચી અને તેને મારી નાંખવાને તેને ઉતારે જવા નીકળ્યો એટલે લોકોએ તેને ઘણો સમજાવ્યો પણ તે સમજ્યો નહીં કારણ કે તેને અંગે અંગ રીસ વ્યાપી ગઇ. તેથી કોઇના કહેવાથી તેને શાંતી વળતી નહોતી ત્યારે લોકોએ તેને કહ્યું કે કુંવરને મારી નાંખવાથી તમને કલંક લાગશે માટે આ વાત તમે જવા દો. એટલે તેણે તે વાત લક્ષમાં લીધી અને પછી રાણીને મારી નાંખવાનો વિચાર કર્યો. અને તે ઉપરથી પોતાને મહેલ ગયો અને પોતાના પ્રધાનને મળ્યો. એટલે પ્રધાને તેને કહ્યું કે રાણીને મારી નાંખશો તો લોકોમાં તમારી ઘણી નિંદા થશે માટે તેમ ન કરતાં એક બીજો ઉપાય તમને બતાવું તે તમે કરો. આપણે જે વાઘ પાળેલો છે તેને એક બે દીવસ ભુખ્યો રાખો અને એ પ્રમાણે તેને ચીડ- વીને તેનું પાંજરૂં તેણીનાં બારણાંમાં ખુલ્લું કરાવીને મુકી દો. એટલે તે વાઘ રાણીને મારી નાંખશે અને તમારે માથે રાણી માર્યાનું કલંક પણ આવશે નહીં એટલે તે વાત રાજાના ધ્યાન- માં ઉતરી. તેથી તેણે તે પ્રમાણે વાઘનું પાંજરૂં રત્નાવતી રાણીના ઘર આગળ ઉઘાડું મુકી

હતું. રત્નાવતી તે વખતે ઠાકોર શેવા કરતી હતી અને ઘરના બારણા તરફ તેની પુંઠ હતી તેથી તેણીએ વાઘને દીઠો નહીં. પણ તેની દાસીએ તે દીઠો એટલે દાસીએ રાણીને ચેતાવી કે તમે પાછળ જુઓ. એટલે રાણીએ પુંઠ ફેરવીને જોયું તો વાઘને દીઠો. એટલે વાઘને નમસ્કાર કર્યા અને પછી તેની સ્તુતી કરી કે હે મહારાજ! તમે ભક્ત વત્સ આગળ તમારે પ્રહેલાદને માટે નરસીંહરૂપ ધરવું પડયું હતું અને આજ હવે મારે ૮ નરસીંહ રૂપ ધારણ કરીને આપ મારે ઘેર પધાર્યા તે બહુ સારૂં કર્યું. પછી તે વાઘ રાણીની ચારે તરફ ફરીને રાણીની પ્રદક્ષિણા કરીને તે વારંવાર પાંચ સાત ફેરા રાણીને પગે લાગ્યો. પછી રાણીએ તેની પુજા કરી અને તેને કપાળમાં તીલક કર્યું. પછી તેની કોટમાં માળા પહેરાવી. પછી તે વાઘ ત્યાંથી પાછો ફર્યો અને ત્યાં જેટલા વિમુખ લોકો ઉભા હતા તેમને તેણે મારી નાખ્યા અને પછી તે વનમાં જતો રહ્યો. રાજા તે વાત જાણીને આશ્ચર્ય પામ્યા કે વાઘ જેવાં ક્રુર પ્રાણીએ પણ રાણીના ભક્તી તેજ આગળ પોતાનો જાતી સ્વભાવ છોડી દઇને ગરીબ બની ગયો અને પોતે રાણીને મારવાને બદલે ઉલટો તે તેને પગે પડયો અને તેની પ્રદક્ષણા ફર્યો, અને રાણીએ વળી તેને તીલકમાળા કરી. પછી તેણે પાછા ફરી ઘણા લોકોને મારી નાંખ્યા અને પછી તે વનમાં જતો રહ્યો તે ઉપરથી તે કંપી ઉઠયો. તેણે રાણીની ભક્તી સાચી જાણી. અને પોતે તેણીને જે દુઃખ દીધું તેથી તેણી તેના ઉપર ક્રોધાયમાન થશે તો તેનું રાજપાટ સર્વ જતું રહેશે એવી તેને ધાસ્તી પેઠી તેથી તે રાણી પાસે જાતે ચાલીને ગયો અને ત્યાં જઇને તેણીના આગળ દંડવત પગે પડયો અને તેણે પોતાના અપરાધની ક્ષમા માગી. અને તેણીને વિનંતી કરી ને કહ્યું કે આજથી આ રાજપાટ તમારૂં સમજજો અને તમારે ફાવે તે પ્રમાણે તમે હાકોર શેવા કરજો અને સંત સાધુની બરદાસ કરજો. તમારો આવો પ્રતાપ નહીં જાણવાથી અમે અજાણપણામાં તમને જે દુઃખ દીધું હોય તે હવે અમને માફ કરજો એમ કહી રાજા તેણીને કરગરી પડયો. એટલે રાણીએ તેને ભક્તિ કરવાને ચેતાવ્યો. પછી આખા શેહેરના લોકો ત્યારથી રત્નાવતી બાઇને એક દેવી તરીકે માનવા લાગ્યા. પણ તે રાજાનો મોટો ભાઇ જેનું નામ માનસીંગ હતું તે તેણીને માંનતો નહોતો અને ઉલટી તે નાના ભાઇની મશ્કરી કરતો કે રાજા થઇને તે સ્ત્રીને પગે પડયો. અને બધું રાજ તેણે સ્ત્રીને સોંપી દીધું, એવી તેની નિંદા કરતો. એકવાર માનસીંગ અને માધવસીંગ બન્ને ભાઇઓ દ્રવ્ય લેઇને એક વહાણમાં બેશીને જમનાજીમાં થઇને કોઇ પ્રદેશથી આવતા હતાં. ત્યાં રસ્તામાં તેમને તોફાન લાગ્યું અને વહાણ ડુબી જવાની તૈયારીમાં હતું એટલે માધવસીંગે માનસીંગને કહ્યું કે તમે રત્નાવતીની નીંદા કરોછો તેથી તમને આ આફત નડે છે માટે તમે જો તેની કંઇ માનતા માનો તો તે તમને પેલે પાર ઉતારી દે. એટલે તે ઉપરથી મોટા ભાઇએ રત્નાવતીનું મનમાં ધ્યાન કર્યું અને તેણની માનતા માની કે હે રત્નાવતી બાઇ! મારા અપરાધ તમે ક્ષમા કરજો અને તમે અને આ તોફાનમાંથી બચાવી લેજો. જો આ તોફાનમાં મારો જીવ બચશે તો મારી સાથે જે દ્રવ્ય છે તે સર્વ હું તમને ભેટ કરી જઇશ, એમ કહી તેણે રત્નાવતી બાઇની બાધા રાખી એટલે થોડીવારમાં તે તોફાન શમી ગયું. અને તેઓ આબાદ કીનારે ઉતર્યા, એટલે માનસીંગ રત્નાવતી પાસે ગયો અને પોતાનું સર્વે દ્રવ્ય ભેટ મુકી દીધું અને સાચો ભાવ માનીને તે તેમને પગે પડયો.

मुल छप्पयछंद.

पारीख प्रसिद्ध कुल कांथडया जगन्नाथ सींवा घरम ॥
श्री रामानुजकी रीति प्रीति पन हिरदे धार्यो ॥

संस्कार सम तत्व हंस ज्यौं बुद्धि बिचार्यो ॥
सदाचार मुनि व्रति इंदिरा पद्धति उजागर ॥
रामदास सुत संत अनन्य दसधाकों आगर ॥
पुरुषोतम परसादतें उभेअंग पहर्यो बरम ॥
पारीख प्रसिद्ध कुल काथड्या जगन्नाथ सीवा धरम ॥
कीरतन करत कर सूपनहूं मथुरादास नमाड्यो ॥
सदाचार संतोष सुह्रद सुठि सील सुभासै ॥
हस्तक दीपक उदै मेटि तम वस्तु प्रकासै ॥
हरिको हिय विश्वास नंद नंदन बलभारी ॥
कृष्ण कलस सों नेम जगत जाने सिरधारी ॥
श्री वर्धमान गुरु वचन रति सों संग्रह नहि छांड्यो ॥
कीरतन करत कर सुपनहुं मथुरादास नमाड्यो ॥

પારીખ ભક્તનો પ્રસંગ.

તીજારા ગામમાં ગુરૂ ભકત એવો એક શિષ્ય રહેતો હતો. એકવાર તેના ગુરૂ કંઇ બહાર ગયા હશે તેવામાં તે ગામના બજારમાં કોઇ એક સાધુ આવેલો હતો અને તે પોતાના સાળંગરામ ઠાકોરજીને બજારમાં નચાવતો અને પોતે ઢોલકી વગાડતો તે પ્રમાણે તેના ઠાકોરજી ત્યાં એની મેળે નાચતા. એટલે તે જોઈ બધા લોકોને આશ્ચર્ય લાગ્યું અને તેથી ત્યાં ઘણા લોક જોવાને ભેગા થઇ ગયા એટલે તે વાત તે ગુરૂભકત શિષ્યે સાંભળી એટલે તેને પણ તે જોવાનું મન થયું તેથી તે ત્યાં જઇને જોઇ આવ્યો. અને તે વાત ઉપર તેને ઘણું આશ્ચર્ય લાગ્યું. થોડીવારમાં જ્યારે તેના ગુરૂ ઘેર આવ્યા ત્યારે તેણે તે વાત પોતાના ગુરૂને કહી. તેણે ગુરૂને કહ્યું કે આ નવાઇ જેવું જોવાનું છે માટે તમે ચાલો હું તમને તે દેખાડું ત્યારે ગુરૂએ તેને કહ્યું કે મારે તે જોવાની મરજી નથી. પણ શિષ્યે જ્યારે ઘણો આગ્રહ કર્યો ત્યારે પોતે શિષ્યની સાથે બજારમાં ગયા. અને ત્યાં જઇને ઉભા એટલે સાળંગરામ નાચતા બંધ થઇ ગયા એટલે તે ઉપરથી પેલો સાધુ આશ્ચર્યમાં પડયો અને ચારે તરફ જોવા લાગ્યો. તો તેણે આ સાધુને નવા આવેલા જોયા. તેથી તે સમજ્યો કે આમના પ્રતાપથી મારા ઠાકોરજી નાચતા બંધ થઇ ગયા માટે હું તેમને મારી નાંખું. એમ વિચારી તેણે પોતાના તમોગુણી ઇષ્ટ દેવને ઉદ્દેશીને તે સાધુને મુઠ મારી. પણ તેમના ભકિતના તેજ આગળ તે મુઠ તેમની આગળ જઇ શકી નહી. પણ પાછી ફરીને તે મુઠના મારનારા ઉપરજ પડી. એટલે તેથી તે ત્યાં આગળ ઉંધો થઇને પડ્યો. તે ઉપરથી તે શિષ્યના ગુરૂને તેના ઉપર દયા આવી અને તેઓ તે તેની પાસે ગયા એટલે તેમનું હૃદય તેના ઉપર દ્રવીભુત થયું. એટલે તેની મુઠ વળી ગઇ અને તે પ્રમાણે તેનો જીવ બચાવ્યો. પછી તેમણે તેને શિખામણ દીધી કે આજ પછી તારે આવા તોફાની પ્રપંચ કરવાં નહીં. પણ પરમેશ્વરની ભકિત કરવી જેથી તારો ઉધાર થાય.

मुल छप्पय छंद.

नृतक नरायन दासको प्रेम पुंज आगे बढयो ॥
पद लीनो परसिद्ध प्रीति जामें द्रढ नातो ॥
अक्षर तनमें भयो मदन मोहन रंग रातो ॥
नाचत सबको आहि काहीपै पद बनि आवे ॥
चित्र लिखत सो रह्यो त्रिभगदेसी ज्युं दिखावे ॥
हिंडयासराय देखत क्षुनी हरि पुर पदवीको चढयो ॥
नृतक नरायन दासको प्रेम पुंज आगे बढयो ॥

નારાયણ ભકતનો પ્રસંગ.

નારાયણ કરીને એક પ્રેમી ભકત થઇ ગયા. તે પોતાની ઠાકોરશેવા આગળ ભાવ લાવીને નાચ રંગ કરતા અને ગામ ગામ ફરતા. એ પ્રમાણે ફરતાં તે હંડીઆંસરાઇ નામનાં ગામમાં આવ્યા ત્યાં તેમનો નાચ જોઇને ત્યાંના બધા લોકો તેમના ઉપર પ્રેમઆશકત થઇ ગયા. તે વાત ત્યાંના એક મુસલમાન રાજાએ સાંભળી એટલે તે પણ તેમનો નાચ જોવાને આવ્યો. ઠાકોરજી આગળ તેમને નાચતા જોઇને તેમને પોતાને ત્યાં તેવો નાચ કરાવાને બોલવાનો વીચાર થયો તેથી ઘેર જઇને તેમને દરબારમાં તેડાવ્યા. અને તેમને કહ્યું કે જે પ્રમાણે તમે ઠાકોરજી આગળ નાચતા હતા તે પ્રમાણે તમે મારા દરબારમાં નાચો, એમ તેમને વિનંતી કરીને કહ્યું. એટલે તે ઘણા શોચમાં પડ્યા કે હું તો મારા ઠાકોરજી આગળ નાચું છું અને આતો મ્લેચ્છ છે માટે મારાથી તેના આગળ કેમ નચાય ? પછી વીચાર કરીને તેમણે એક યુકિત શોધી કાઢી. તેમણે ઠાકોરનું ત્યાં આસન કર્યું અને મુર્તીના બદલે તેમણે પોતાની કોટમાંથી માળા કાઢીને મુકી અને પછી તેમણે ઠાકોરજીના જેવો ભાવ લાવીને ત્યાં પ્રેમ પુર્વક ગાન તાન કર્યું. તેના સાચા ભાવને લીધે ત્યાં આગળ પ્રત્યક્ષ ઠાકોરજી તે સિંહાસનમાં દેખાયા અને તેનો હાથ ઝાલીને તેનું સનમાન કરયું. એ પ્રમાણે ભગવાને તેના ટેકની લાજ રાખી ઠાકોરજી વગર બીજા કોઇના આગળ તે નાચતો નહોતો અને તે ઉપરથી તે રાજાએ તેની પરીક્ષા લેવાને ધારયું હતું અને તેમ તેણે ઠાકોર શેવા વગર દરબારમાં નાચ કરાવ્યો પણ તેની સાચી ભાવનાને લીધે ભગવાને તેની ટેક રાખી અને તેના ભક્તિનો પડચો બતાવ્યો.

मुल छप्पय छंद.

गुन गन विसद गोपालके एते जन भये भुरिदा॥
वोहिथराम गोपाळ कुंवर वर गो गोविंद मांडिल ॥
छीत स्वामी जसवंत गदाधर अनंतानंद भल ॥
हरि नाभ जीश्न दीनदास बछपाळक म्हरजस गायन ॥
गोसु रामदास नारदस्याम पुनि हरि नारायन ॥
कृष्णजीव (रगज्ञान जन स्यामदास विहारी अमृतदा ॥

गुन गन विसद गोपाळ के एते जन भये भुरिदा ॥
निवर्त भये संसार तें मेरे यजमान सब ॥
उद्धव रामरेनि परसराम गंगाधुषेत निवासी ॥
अच्युत कुल कृष्णदास विश्राम शेषसाइ के बासी ॥
किंकर कुंडा कृष्णदास खेम सोटा गोपाळनंद ॥
जैतारन बिदुर दयास दामोदर मोहन परमानंद ॥
उद्धव रघुनाथ चतुरोन गन कुंज औक जे बसत अब ॥
नि वर्त भये संसार तें ले मेरे यजमान सब ॥

જેતારન ભક્તનો પ્રસંગ.

જોથડાની પાસે એક ગામમાં જેતારણ નામનો હરીભકત બ્રાહ્મણ રહેતો હતો. અને તે ખેતીનો ધંધો કરતો હતો. એકવાર તેણે ખેતરમાં ઘઉં વાવ્યા હતા પણ વરસાદ સારો ન થવાથી જેવી બધા લોકોની ખેતી સુકાઇ ગઇ તેવી તેની ખેતી પણ સુકાઇ ગઇ, તેથી તે ચિંતામાં પડયા કે ઘઉં તો પાકયા નહી અને સંત શેવા હવે હું શી રીતે કરીશ ? એટલે ભગવાને તેને રાત્રીને વીષે સ્વપ્ન દીધું કે તારા સુકઇ ગયેલા ઘઉંના છોડવાઓને વાઢીને તું એકઠા કર અને પછી તેની અંદર બળદને ફેરવ. એટલે તેમાંથી ઘઉં નીકલશે. તેને ઝાટકીશ તો તે પરાલમાંથી બે હજાર મણ ઘઉં નીકળશે, એટલે તે ઘઉંને તું ઘેર જઇને કોઠીઓમાં ભરજે. અને તારે ત્યાં જે સાધુ આવે તેને તું ખવરાવતો રહેજે. અને તેમની શેવા ચાકરી કરજે. પછી તે સ્વપ્નાની વાત ઉપરથી તેણે બીજે દિવસે સવારમાં ઘઉંના છોડવા ખેતરમાંથી કાપી લીધા અને પછી તેનો ઢગલો કર્યો અને તેમાં બળદનું હાલર ફેરવીને ઘઉંને ઝાટકી કઢાવ્યા. તો તેમાંથી બે હજાર મણ ઘઉં નીકળ્યા. એટલે તે ગામના બધા લોકોને તેની દૃઢ ભાકત ઉપર શ્રદ્ધા ઉત્પન્ન થઇ અને તેને ભગવાને પોતે સહાય કરી એમ નકી માન્યું.

मुल छप्पय छंद.

श्री स्वामी चतुरोनगन मगन रेन दिन भजन हित ॥
सदा युक्त अनुरुकत भक्त मंडलकों पोषत ॥
पुर मथुरा ब्रजभुमी रमत सबहीकों तोषत ॥
परम धरम द्रढ करन देव श्रीगुरु आराधौ ॥
मधूर बैन सुठि ठौर ठौर हरिजन सुख साधौ ॥
संत महंत अनंत जन जस बिस्तारत जासु नित ॥
श्री स्वामी चतुरोनगन मगन रेन दिन भजन हित ॥

ચતુરોન ભકતનો પ્રસંગ.

ચતુરોન ભકત એક સાચો ભાવીક અને પીગળેલા અંતઃકરણનો હરીજન હતો તેને ત્યાં એકવાર તેના ગુરૂ આવ્યા, ત્યારે તેણે પોતાની એક નવી સ્ત્રી કે જે ઘણી રૂપવંતી સ્ત્રી હતી, તેણીને તેણે પોતાના ગુરૂની શેવા ચાકરી કરવામાં લગાવી, અને તેણીને તેણે કહ્યું કે જે

પ્રમાણે મારા ગુરૂ મહારાજ તને આજ્ઞા કરે તે પ્રમાણે તું વર્તજે અને તેમને પ્રસન્ન કરજે એક દીવસે તેના ગુરૂને કામ વિષય ઉતપન્ન થયો, તેથી તેણે તેણીને કહ્યું કે તું મને અંગ સ્પર્શ કરવા દે, એટલે તેણીએ તે હકીકત પોતાના પતીને કહી અને પતીએ ગુરૂ પાસે જઈને કહ્યું કે "હે મહારાજ! આ સ્ત્રી આ ઘર અને આ બધી મીલકત હું આપને અર્પણ કરૂં છું. માટે સર્વના માલીક આપ છો. માટે હવેથી સુખે આપ તે ભોગવજો. એમ કહી સર્વનો ત્યાગ કરીને તે પોતે વંદ્રાવન ગયો. અને ત્યાં જઈને તેણે શ્રી ગોવીંદચંદ ઠાકોરજીની શેવા કરવા માંડી. ત્યાં પોતે દરરોજ ઠાકોરજીનાં દર્શન કરતો અને ગોવરધન પર્વત રાધાકુંડ આદી વંદ્રાવનનાં તીર્થોની જગ્યામાં તે ફરતો રહેતો. અને તે પ્રમાણે કરતાં તેને ત્રણ દીવસ વીતી ગયા. પણ ત્રણ દીવસ સુધી તેણે કંઈ ખાધું પીધું નહોતું, ત્રીજે દીવસે તેને પાણી પીવાની તરસ લાગી. ત્યારે તેણે કોઈ માણુસ પાસે પાણી પીવાને માંગ્યું એટલે ઠાકોરજીએ તેના ભાવને લેઈને તેને સાક્ષાત દર્શન દીધું. અને તેમણે તેને પાણીને બદલે દુધનો પ્યાલો પાયો. તેમને આજ્ઞા કરી કે આ વંદ્રાવનમાં તમારે ઘેરઘેર દુધ પીવું કારણ કે અહીં દુધની ઘણી છત છે માટે તમારે અહીં પાણી પીવું નહીં. આ પ્રમાણે ઠાકોરજીએ તેમને પ્રત્યક્ષ પડચો બતાવ્યો તેથી તે ઘેરઘેર ફરીવળતા અને જ્યાં જ્યાં દુધ સંતાડી રાખેલું હોય ત્યાંથી ખોળી કાઢીને પોતે પી જતા. તે ઉપરથી દુધ પીવાનો રીવાજ અદ્યાપી પર્યંત ચાલ્યો જાય છે. સાધુઓ વંદ્રાવનમાં પોતાને હાથે દુધ લેઈને પી જાય છે.

मुल छप्पय छंद.

माधुकरी मांगी सेवे भगत तिनपर हों बलिहार कियो
गोमा परमानंद प्रधान द्वारिका मथुरा खोरा
कालष सांगानेर भलो भगवान कौ जोरा
विठ्ठल टोंडे खेम पंडा गुनोरे गाजे
स्याम शेनके बंश चींधड पीपा रविराजै
जैतारानि गोपालके केवल कुबे मोललियो
माधुकरी मांगी शेवै भगत तिनपर हों बलीहार कीयो

केवल कुबा कुंभारनो प्રસંગ.

કેવળ કરીને એક ભકતરાજ થઈ ગયો. તે સંત શેવાનો અભીલાસી હતો. તે જાતના કુંભાર હતા. અને કુંભારના ધંધામાં તે જે કમાતો તેનાથી તે પોતાનું ગુજરાન ચલાવતો અને સાધુ શેવા પણ કરતો. જ્યારે તેને પઈસાની તંગાસ પડવા માંડી ત્યારે તેણે વ્યાજે પઈસા લાવીને સંતશેવા ચાલતી રાખી. પણ પછી તો તેને વ્યાજે મળવા પણ ન માંડયું. ત્યારે તેને સંત શેવામાં હરકત થવા લાગી. એકવાર તે એક વાણીઆ પાસે ઉધાર પઈસા લેવા ગયો ત્યારે તેણે તેને કહ્યું કે જો તું મારો એક કુવો બનાવી આપવાનું કબુલ કરે તો હું તને પૈસા ધીરૂં એટલે તેણે તે હા કહી અને તે પઈસા લેઈને તેણે સંત સાધુઓને ખવરાવી દીધા. પછી પેલા વાણીઆએ તેને કુવાને માટે ઉઘરાણી કરવા માંડી એટલે કેટલાક મજુર લેઈને તે તેનો કુવો કરવા ગયો અને ત્યાં કુવાનો ખાડો ખોદવા માંડયો. કુવો ખોદતાં પણ પોતાને મોઢેથી પરમેશ્વરનું નામ વીસારતો નહોતો અને જેમ કોઈ પોપટ રામરામ બોલતો

રહે તેમ તે પણ મોઢેથી રામનામ બોલતો અને કુવો ખોદવાનું કામ કરતો રહેતો. કુવાનું ખોદાણ નીચે જતાં ત્યાં રેત વાળું આવ્યું અને ત્યાંથી એક ભેખડ તુટી પડી અને તેથી કેવળ કુંભાર અંદર દબાઇ ગયો અને તેના ઉપર લાખો મણ માટીનો બોજ પડ્યો અને કુવાનો ખાડો પુરાઇ ગયો એટલે તે ઉપરથી બધા લોકોએ ત્યાં થોડું ઘણું ખોદીને તેમને બહાર કાઢવાનો યત્ન કર્યો પણ તે ઘણા ઉંડા દટાએલા હતા તેથી તે નીકળી શકયા નહીં. કુવો કરતાં આ પ્રમાણે એક ભકત દટાઇ મુવો તેથી બધા લોકો ત્યાં પસ્તાવા લાગ્યા. અને કેવળ ભકતના જીવતા રહ્યાની આશા મુકીને પછી કોઇએ તેમને બહાર કાઢવાની કાળજી રાખી નહીં. એક મહીના પછી જ્યારે તે જગા આગળથી કોઇ માણસ જતો હતો અને તે ત્યાં ઉભો રહ્યો હશે, તે વખતે તેણે ત્યાં રામનામની ધ્વની ચાલતી સાંભળી એટલે તે ઉપરથી તે તે ખેતરના માલીકને ઘેર ગયો અને તેને કહ્યું કે મેં આ પ્રમાણે જમીનમાં માણસ બોલતું સાંભળ્યું. એટલે તે ઉપરથી તે બીજા માણસોને લેઇને ખેતરમાં આવ્યો અને ત્યાં કુવાના ખાડા આગળ કાન માંડીને સાંભળ્યું તો અંદર શ્રી રામનામની ધ્વની ચાલતી સાંભળી એટલે તે ઉપરેથી તેણે ઘાંટો કાઢીને ભકતને બોલાવ્યા એટલે તેને ભકતે તેને હુંકારો દીધો એટલે તે ઉપરથી ભકત હજી જીવતા છે એમ તેને લાગ્યું. એટલે તેણે મજુરોને બોલાવ્યા અને તેમણે કેવળ ભકતને ખોદી કાઢવા માંડ્યાં. ખોદતાં ખોદતાં જ્યારે ભકત નજીક આવ્યા ત્યારે ભકતે કહ્યું કે હવે તમે સાચવીને કોદાળી મારજો, કારણ કે હવે થોડી માટી વચમાં રહીછે. માટે જો જોર કરીને કોદાળી મારશો તો મારૂં માથું ફુટી જશે. એટલે તે ઉપરથી તેમણે કોદાળીથી ખોદવું બંધ કર્યું અને હાથથી માટી કાઢીને તેમણે તેમને જીવતા બહાર કાઢ્યા. જેટલા દીવસ તે અંદર રહ્યા હતા તેટલી સોનાની તાંસળીઓ તથા તેટલા સોનાના ઘડા અંદરથી નીકળ્યા. પછી લોકોએ તેમને પુછ્યું કે તમે શી રીતે જીવતા રહ્યા ત્યારે તેમણે કહ્યું કે જ્યારે ભેખડ તુટી પડી ત્યારે મારા મોં આગળ માટીનું એક ગચ્છું આડું પડી ગયું હતું અને તેથી મારી ડોક વાંકી થઇ ગઇ અને અંદર પોલકાર રહ્યું હતું તેથી હું જીવતો રહ્યો અને મારે જમવાને સારૂં તાંસળાંમાં રોજ ઠાકોરજીનો પ્રસાદ આવતો અને પીવાને સારૂં પાણીનો ઘડો ભરીને આવતો એટલે તે ઉપરથી હું જીવતો રહ્યો. તે હકીકત સાંભળીને બધા લોકોએ તેમને એક સાચા ભકત તરીકે ઓળખ્યા. પછી તે કુવાવાળો શખસ તેમને પોતાને ઘેર લેઇ ગયો. ત્યાં એક મંદીર બનાવી કેવળ ભકતને તેણે પોતાને ત્યાં રાખ્યા અને સોનાના તાંસળાં તથા સોનાના ઘડા પણ તેણે કેવળ ભકતને આપી દીધા. તે વખતથી કેવળ ભકતનું નામ કેવળ કુબા પડ્યું કારણ કે તે વખતથી તેને ખભે ખાંધ નીકળી હતી. નહીંતો પહેલાં તેમને એકલા કેવળ નામે બોલાવતા હતા. એકવાર કોઇ એક સાધુ ગાડા ઉપર ઠાકોરજીની મુર્તી લેઇને પોતાને ગામ જતાં રસ્તામાં કેવળ કુબાને ત્યાં આવીને ઉતર્યો અને તેણે પોતાના ઠાકોરજીને કેવળ ભકતને ત્યાં મંદીરમાં મુકયા પછી કેવલ ભકતને મનમાં ભાવના થઇ કે આ મુર્તી બહુ સારી છે માટે તે જો આપણે ત્યાં રાખે તો હું તેમની સેવા પ્રેમથી કરૂં. પછી બીજે દીવસે સવારે તે સાધુ પોતાની મુર્તિને લેવા ગયો તો તે મુર્તિ તેનાથી ઊંચકાઈ નહીં તેમ તે જરા હાલી પણ નહીં. અને જમીન સાથે તે મુર્તી સજડ ચોંટી ગઇ, એટલે મુર્તી ઉપાડવાને મદદ કરવા સારૂ તે બીજા વધારે માણસોને બોલાવી લાવ્યો. પછી બધાંએ એકઠું જોર કરીને તે મુર્તિ ઉંચકવા માંડી પણ તે ઉપડી નહીં. ત્યારે તે સાધુ સમજ્યો કે મારા ઠાકોરજીને અહીં રહેવાનો ભાવ થયોછે તો હવે ભલે તે અહીં રહે એમ કહી ઠાકોરજીને મુકી તે સાધુ પોતાને ઘેર ગયો અને કેવળ ભકતે તે ઠાકોરજીનું પછી ત્યાં આગળ એક મંદીર બંધાવ્યું. પોતાના રહેવાની વાત જાણીને તે ઠાકોરજી ત્યાં રહ્યા, અને

તે સાધુ સાથે ગયા નહી તેથી તેમણે તે ઠાકોરજીનું નામ જાનરાય પાડયું. અને પ્રેમથી તેમની સેવા કરવા માંડી. એકવાર તેમને દ્વારકાં જવાનું મન થયું. સવારમાં જરૂર નીકળવું એવો નિશ્ચય કર્યો. એટલે ઠાકોરજીએ રાત્રે તેમને સ્વપ્ન આપ્યું કે તમે જો દ્વારકાં જશો તો તમારે ઘેર જે સંત સાધુ આવશે તે પછી સેવા ચાકરી વગર તમારે ત્યાંથી વિમુખ જસે માટે તમે દ્વારકાં જવાનું બંધ રાખો અને તમે ઘેર રહીને સાધુઓની સેવા કરજો એટલે તમને ઘેર રહ્યે રહ્યે દ્વારકાનું ફળ મળશે ત્યારે તેમણે ઠાકોરજીને કહ્યું કે દ્વારકાં જઈએ તો ગોમતીમાં નાહીએ અને તીલક છાપ કરીએ. માટે તમે મને દ્વારકાં જવાની આજ્ઞા આપો. ત્યારે ઠાકોરજીએ તેમને કહ્યું કે તીલક છાપ અને ગોમતી સ્નાન બધું તને ઘેર બેઠે થશે. એ ઉપરથી તેને પોતાના ગામમાંજ ગોમતી અને દ્વારકાંની બધી સામગ્રી પ્રતીત થઇ જેથી તે પોતાના ગામમાંજ ગોમતી તળાવમાં નહાયો અને દ્વારકાંધીશ ઠાકોરજીનાં તેણે દર્શણ કીધાં પછી તેણે પોતાની ભુજાઓ ઉપર દ્વારકાંની છાપો પાડેલી જોઇ એટલે તે જોઇને તે ખુશી થયો એકવાર કોઇ સાધુ દ્વારકાં જતો હતો તેથી તેણે પોતાના કોટની માળા તેને આપી અને તેને કહ્યું કે ગોમતીમાં જયાં સંગમ થાય છે ત્યાં આ મારી માળાને નવરાવીને તું પાછી લાવજે એટલે તે પ્રમાણે તે સાધુ સંગમ ઉપર માળા લેઇને તેને ગોમતીમાં નવરાવવા ગયો એટલે તે તેના હાથમાંથી સરકી પડી અને ગોમતીમાં ખોવાઇ ગઇ પણ તે માળાં કેવળભકત ને પોતાના ગામના ગોમતી સરોવરમાં તેજ વખતે તરતી માલમ પડી એટલે તેમણે તે ઉચ- કી લીધી અને આ પ્રમાણે અસલ દ્વારકાં અને તેના ગામની દ્વારકાં બંને એકરૂપ છે એમ બતાવીને ભગવાને તેમને આ પડચો આપ્યો. એટલે તે ઉપરથી તે ઘણા પ્રસન્ન થયા. તેમને સાચા ભકત જાણીને ઘણા લોકો તેમના શિષ્ય થયા અને તે શિષ્યો પણ પછી સાધુ સેવા કરતા રહ્યા. એકવાર તેમને ઘેર તેમનો સાળો આવ્યો હશે. અને તે દીવસે બીજા સાધુ સંત પણ આવ્યા હશે. અને તેમને ઘેર દુધપાકની રસોઇ બનાવી હશે ત્યારે તેમણે જાણ્યું કે મારી સ્ત્રી પોતાના ભાઇને તે સાધુઓના પહેલાં દુધપાક જમવા આપશે એવી શંકા લાવીને તેમણે પોતાની સ્ત્રીને કુવે પાણી ભરવા મોકલી અને પછી તેણે સાધુઓની પંક્તિને જમવા બેસાડી અને રસોઇ પીરસી એટલે તેટલામાં તેમની સ્ત્રી પાણીનું બેડું લેઇને આવી અને જોયું તો સાધુઓને પહેલા જમાડવા માંડેલા દીઠા અને તેણીના ભાઇની કંઇ દરકાર રાખેલી દીઠી નહી અને તેને જમવા પણ બેસાડેલો દીઠો નહી તેથી તે કેવળ ભકત ઉપર ગુસ્સે થઇ ગઇ અને તેણી કુબાજીને ઠપકો દેવા લાગી એટલે તે ઉપરથી સાધુઓ સમજયા કે આપણે લીધે તેમના ઘરમાં આ ટંટો પેડો એટલે કુબાજીએ તે સાધુઓને કહ્યું કે મારી સ્ત્રી તો સંત શેવા ની ઘણી અભીલાષી છે અને તમને આટલા બધા મોડા જમવા કેમ બેસાડયા તે સારૂ તેણી મને આ ઠપકો દે છે માટે તમે કંઇ ખોટું લગાડશો નહી. એમ આડું અવળું સમજાવીને તેમણે સાધુને જમાડી કહાડયા અને પછી તેણે પોતાની વિમુખ સ્ત્રીને તેના ભાઇ સાથે તેના બાપને ઘેર વીદાય કરી દીધી અને પછી ફરીને તેણીને બોલાવીજ નહી. એટલે તેણી બીજા ધણીને ત્યાં નાતરે ગઇ અને ત્યાં તેણીને બે ચાર છોકરાં થઇ ગયાં. એકવાર જયારે દેશમાં દુકાળ પડયો ત્યારે તેણી ઘણી હેરાન થવા લાગી. તેણીને પોતાના નવા ધણીનું તથા પોતાના છોકરાંનું ગુજરાન ચલાવવાનું મુસ્કેલ પડવા લાગ્યું ત્યારે તેણીએ પોતાના ધણીને કહ્યું કે જો તમે મારા આગલા ધણીને ત્યાં ચાલો તો કાળનું વર્ષ આપણે ત્યાં કાઢી આવીએ. નહીતો અહીં આગળ આપણે બધાં ભુખે મરી જઇશું. ત્યારે તેના ધણીએ તેને કહ્યું કે તે હવે આપણને કેમ સંઘરશે ત્યારે તેણીએ કહ્યું કે તે મારો આગલો ધણીતો સધુ છે અને ઘણો દયાવાન પુરૂષ છે અને તેને ત્યાં રોજ ઘણા સાધુ જમે છે એટલે આપણા ઉપર તે દયા લાવશે અને

આપણો નીભાવ ત્યાં સારી રીતે થશે એમ કહી તેણી પોતાના ધણીને તથા પોતાના છોકરાંઓને લેઇને કેવળ કુબાજીને ગામ ગઈ અને તેણીએ એક માણુસ સાથે કેવળ ભકતને કહેવડાવ્યું કે તમારી આગલી સ્ત્રી દુકાળને લીધે પોતાનાં છોકરાં જીવાડવા સારૂ તમારે ત્યાં આવી છે માટે તમારી શી આજ્ઞા છે! ત્યારે કુબા ભકતે તેણીને કહેવડાવ્યું કે તમે ખુશીથી ચાલ્યાં આવો પછી તેઓ આવ્યાં એટલે કુબાજીએ તેમને એક ઓસરી બતાવી દીધી કે તમે આ જગાએ રહેજો અને સંત સાધુઓની શેવા કરજો સંત લોકોને તમે પાણી લાવી આપજો અને તેમનાં વાસણ માંજી આપજો અને તમે બધાં રોજ અહીં ખાજો; અને એ પ્રમાણે તેમણે તેઓને પોતાને ત્યાં રાખ્યા અને તે કાળનું વર્ષ કઢાવ્યું. પછી જયારે વરસાદ વરસ્યો અને સકાળ થયો ત્યારે કુબાજીએ તેમને કહ્યું કે હવે તમે તમારે વતન પાછા જાઓ ત્યારે તે સ્ત્રીએ કહ્યુ કે મારે તો હવે અહીંજ રહેવાની ખુશી છે, તમને મુકીને મેં જે બીજો પતી કર્યો, તે મેં મોટી મુર્ખાઈ કરી માટે તે હવે તમે મને માફ કરો અને તમે મને અહીં રાખો. ત્યારે કુબાજીએ તેણીને કહ્યું કે હવે તે પસ્તાવો કરવો કાંઇ કામનો નથી. માટે તમે તમારે ઘેર પાછાં જાઓ. તેમણે તેણીને પછી કહ્યું કે જુઓ હવે તમારો પતી સારો કે મારો પતી? એમ કહી તેમણે તેણીને પોતાના કુટુંબ સાથે ત્યાંથી વિદાય કરી કુબાજીએ જે જે લોકોને શિષ્ય કર્યા હતા તે તે લોકોને તેમણે બીજું કંઇપણ કર્તવ્ય બતાવ્યું નહોતું પણ ફકત સાધુઓની સેવા ચાકરી કરવાનુંજ બતાવ્યું હતું.

मुलछप्पय छंद

श्री अग्र अनुग्रहतें भये शिष्य सबै धरमकी ध्वजा
जंगी प्रसिद्ध प्रयाग बिनादी पुरन बनः...
नरसिंघ भल भगवान दिवाकर द्रढ व्रतधारी
कोमल ह्रदे कीशोर जगत जगन्नाथ सलुधौ
औरो अनुग उदार खेमखीची धर्मधीर लघु उधौ
त्रिविध ताप मोचन सबै सौरभ प्रभु जीन सिर भूजा
श्री अग्र अनुग्रहतें भये शिष्य सबै धरमकी ध्वजा
भरतखंड भुधर सुमेर टीला लाहाकी पद्धति प्रगट
अंगज परमानंददास जोगी जग जागै
खरतर खेम उधार ध्यान केसो हरीजन अनुरागै
सस्फुट ल्यो ला सबद लोहकट बंस उजागर
हरिदास कवी प्रेम सबै नवधाके आगर
अच्यूत कुल सबैसदा दासातन दसधा अघट
भरतखंड भुधर सुमेर टीला लाहाकी पद्धति प्रगट
मधूपुरी महोछो मंगलरूप कान्हरकौं सौकौ करे
चारिवरन आश्रम रंक राजा अन्नपावे
भक्ति नीकौं बहुमान बिमुख कोइ नही जावे

बिरा चंदन बसन कृष्ण कीरतन बरखै
प्रभुके भुषन देइ महामन अतिशय हरखै
बिट्ठल सुनवि मल्यो फीरे दास चरन रज सिरधरै
मधुपूरी महोछो मंगल रूप कान्हर कौशौ कौ करे
भक्तनीसों कलिजुग भले निवाही नेवा खेतसी
आवहि दास अनेक उठी आदर करी लीजै
चरन धोइ दंडवत सदनमें डेरो दीजे
ठौर ठौरहरि कथा ह्वदे अति हरीजन भावे
मधुर वचन मुहलाय विविध भांती तिन्है लडावे
सावधान सेवा करे दुःखन रति चेतसी
भक्त निसो कलिजुग भले निवाही नेवा खेतसी
बसन बढे कुंती वधु सौं तुंबर भगवानके
यह अचरज भयो एक खांड घ्रत मैंदा बरखें
रजत रुकमकि रेल स्राष्टि सबहि मन हरखे
भोजन रास विलास कृष्ण कीरतन कीनों
भक्तनकों बहुमान दान सबहीकों दानों
किराति कीनी भीम सुत मधुपुरी सुनी भुप मनोर्थ आनकें
बसन बढे कुति वधु त्यों तुंबर भगवानके

તુંબર ભગવાનદાસનો પ્રસંગ.

તુંબર ભગવાનદાસ કરીને એક ભકત થઇ ગયા તે દરેક વરશે મથુરાં આવીને ઠાકોરજીનો એક મોટો ઓછ્છવ કરતા અને ત્યાં ઘણો પૈસો ખરચ કરતા અને ત્યાં તે પહેલાં સંત સાધુઓને નાના પ્રકારની રસોઇ કરાવીને જમાડતા અને પછી બ્રાહ્મણોને સીધું આપીને તે જમાડતા. એકવાર અદ્રષ્ટના યોગે જ્યારે તે નિર્ધન દશામાં આવી ગયા. ત્યારે તે વારે તેમનાથી વર્ષો વર્ષની માફક પુષ્કળ દ્રવ્ય મહોચ્છવ ઉપર લેઇ જવાયું નહીં. તેથી પોતાની પાસે જે કંઇ સેજ સાજ હતું તે લેઇ જઇને તેમણે મથુરાંના મહંતને આપ્યું. અને તેમને કહ્યું કે મારી પાંસે ઓણસાલ આટલુંજ દ્રવ્ય છે કારણ કે હાલમાં મારી દસા નબળી ચાલે છે અને તેથી વરસો વરસની માફક દ્રવ્ય લાવવાને મારાથી બની શક્યું નથી. માટે તમારે ફાવે તો તે તમારા મંદીરના ભંડારમાં નાંખીદો. અથવા સંત સાધુઓને જમાડો. અને તમારે ફાવે તો બ્રાહ્મનોને જમાડો એટલે તે સાંભળીને તે મહંતે તેનનુ સનમાન કર્યું અને તેમનું જે સીધું હતુ તે કોઠારમાં નખાવી દીધું. અને તેમના જે રોકડા રૂપીયા હતા તે પોતાની થેલીમાં નાંખી દીધા અને પછી તેમણે બ્રાહ્મણોને બોલાવ્યા અને તેમને મંદીરના કોઠારમાંથી સીધું આપ્યું. અને મંદીરની થેલીમાંથી પૈસા કાઢી આપીને બ્રાહ્મણોને પહેલા જમાડયા અને તેમના પછી સાધુઓને જમાડયા અને જેમ જેમ તે મહંત થેલીમાંથી પૈસા કાઢતા ગયા તેમ તેમ તે દ્રવ્ય સો સો ગણું વધતું ગયું અને જ્યાં

તે પહેલાં એક ગણું આપતા ત્યાં તેમણે આ વખતે વીસ વીસ ગણું આપ્યું. પણ તે ખુટ્યું નહીં એવો તેમના ભાવને લેઇને ઠાકોરજીએ તેમને પડચો બતાવ્યો.

मुल छप्पय छंद.

जसवंत भक्त जैमालकी रुढा राखी राठवड
भक्तनी सों अतिभाव निरतंर नाहीं
करजोरे इक पाय मुदीत मन आज्ञा माही
श्री वंद्रावन वास कुंज क्रीडा रुची भावे
राधावल्लभ लाल नित्ये प्रति ताही लडावे
परम धरम नवधा प्रधान सदन साच निधि प्रेम जड
जसवंत भक्त जैमालकी रुढा राखी राठवड
हरिदास हरीभक्तनींहित धरी जननी एकै जन्यो
अमित महागुन गोप्य सार वित सोइ जानै
देखत कौतुकाधार दुर आसै उनमानै
दइ दामा मोपे जे विदित वंद्रावन पायो
राधावल्लभ भजन प्रगट प्रताप दीखायो
परम धरम साधन सृद्रढ कलिजुग कामधेनुं में गन्यों
हरिदास हरिभक्तनि हित जीनि जननी एकै जन्यो

હરિદાસ વણિકનો પ્રસંગ.

હરીદાસ નામનો એક વણીકભક્ત કાશીની પાસેના એક ગામમાં રહેતો હતો. અને તેણે એવું પણ લીધું હતું કે મારે વ્રજભુમીમાં દેહ ત્યાગ કરવો. એકવાર તેને સખત તાવ આવ્યો અને તેના હાથની નાડીઓ ચાલતી બંધ થવા માંડી ત્યારે વૈદલોકોએ તેની જીવવાની આશા છોડી. એટલે તેનાં સગાં લોકોએ તેનું પણ સાંચવવા તેને વંદ્રાવન લેઇ જવા એક પાલખી મંગાવી. અને તેને પાલખીમાં સુવાડીને તેઓએ વંદ્રાવનને રસ્તે પગલા માંડયું એટલે તેણે પોતાની ચાર છોકરીઓ કે જેઓ કુંવારી હતી તેમને નીકળતા પહેલાં સાધુઓને પરણાવી દીધી અને પછી પોતે વ્રજભુનું ધ્યાન કરતો પાલખીમાં બેશીને નીકળ્યો. જે વખતે તે ત્યાંથી નીકળ્યો તે વખતે સાવધ અવસ્થામાં હતો. અને તેથી પોતે રાધાવલ્લભ શ્રીકૃષ્ણ ભગવાનના ગુણ ગાતો ગાતો નીકળ્યો. બધા લોકો ત્યાં અચંબામાં પડયા કે વંદ્રાવન ઘણું દુર છે અને તેમની તબીયત આખર આવી પહોંચી છે માટે ત્યાં પહોચતાં પહેલાં તેમનો દેહ રસ્તામાં છુટી જવાનો છે. માટે તે વંદ્રાવન નહીં જાય તો વધારે સારૂ. પછી જ્યારે વંદ્રાવન થોડે દુર રહ્યું એટલે તેમનો દેહ રસ્તામાં છુટી ગયો એટલે તે ઉપરથી તેમની સાથે આવેલા લોકોને ઘણો પસ્તાવો થવા લાગ્યો કે વંદ્રાવન પહોચ્યા પહેલાં તેમનો દેહ તો રસ્તામાં છુટી ગયો અને તેમના પણ પ્રમાણે વંદ્રાવન ઠેઠ જવાયું નહીં. તોપણ તેઓ તેમની લાસને બાળવાને ઠેઠ વંદ્રાવન લેઇ ગયા. ત્યારે ત્યાં વંદ્રાવનના લોકોએ તેમને પૂછ્યું કે આ તમે કોને બાળવા આવ્યા છો ત્યારે તમણે તે લોકોને કહ્યું કે "હરીદાસને" ત્યારે તેમાંના જે લોકો ત્યાં

હરીદાસને ઓળખતા હતા તેમણે તેમને કહ્યું કે હરીદાસનેતો અમે હમણાંજ અહીં ફરતા જોયા હતા. તે હમણાંજ અહીં આવ્યા હતા. અને તેમણે ઠાકોરજીનાં દર્શણ કર્યા. ચીરઘાટમાં તેમણે સ્નાન કર્યું અને હમણાંજ અહીંથી તે ગયા. અને અમે તે અમારી નજરો નજર જોયું છે. અને આ તમે તેમના મરી ગયાની વાત કરો છો તે શું કહેવાય ? એટલે તે હકીકત, સાંભળીને તે લોકોની આંખમાં પાણી ભરાઇ આવ્યું. અને તેમણે માન્યું કે પોતાના પણ પ્રમાણે હરીદાસની સદ ગતી થઇ ચુકી. અને ભગવાને તે વાતનો આ પડચો આપ્યો એમ તે સમજ્યા. પછી હરીદાસની ભક્તિનો પ્રભાવ જોઇને તે લોકના હૈયાં ભીંજાઇ ગયાં અને તેઓ અંદર અંદર કહેવા લાગ્યા કે જેના ઉપર શ્રી હરીની કૃપા છે એવા હરીજનનો કોણ પાર પામી શકે તેમ છે!

मुल छप्पयछंद.

भक्तिभार जुडे जुगल धरम धुरंधर जग विदित
बांबोली गोपाळ गुननि गंभीर गुनारट
दछिन दिस विष्णुदास गांव काश्मीर भजनभट
भक्तनिसों यह भाय भजै गुरु गोविंद जेसे
तिलक दाम आधीन सुबर संतनी प्रति तेसे
अच्युतकुळ पन एक रस नि बह्यो ज्यों श्रीमुख गदित
भक्ति भारजुडे जुगल धरम धुरंधर जगविदित

બાંબોલી ગોપાળનો પ્રસંગ.

બે ગુરૂ ભક્ત શિષ્ય હતા. અને તેમણે એવું કામ માથે લીધું હતું કે જ્યાં જ્યાં ઠાકોરજીનો મહોત્સવ થતો અને સંત સેવા થતી ત્યાં ત્યાં તેઓ પોતાને ઘેરથી એક ગાડું ભરીને સીધું સામાન લેઇ જતા અને ત્યાં સંત સેવામાં જેટલી ન્યુનતા પડતી તેટલી તેઓ પોતાના સરસામાનથી પરિપુર્ણ કરતા. અને એ પ્રમાણે ત્યાં સેવા ચાકરી કરીને તેઓ સંતને રીઝવતા અને પછી તેઓ પોતાને ઘેર પાછા ફરતા. એકવાર તેમણે પોતાના ગુરૂને વિનંતી કરી કે આપણે ત્યાં એકવાર મહોત્સવ કરો. એટલે તેમના ગુરૂએ તેમને તેમ કરવાની રજા આપી. એટલે તે ઉપરથી તેમણે પોતાને ત્યાં સીધુ સામાન તૈયાર કર્યું. અને પછી તેઓએ ગામેગામ નોતરાં મોકલાવીને સાધુઓને પોતાને ત્યાં તેડાવ્યા. અને તેઓએ તેમની સારી સેવા ચાકરી કરી, તેમને પાંચ દીવસ સુધી પોતાને ત્યાં રાખ્યા. તેમને નાના પ્રકારનાં વસ્ત્ર પહેરાવ્યાં. પછી જ્યારે તેમને વિદાય કરવાનો વખત થયો ત્યારે તેમના ગુરૂએ તે બંન્ને શિષ્યોને કહ્યું કે તમે બહાર જઇને ફરી આવો અને જુવો કે આપણે ત્યાં કોણ કોણ સાધુ આવ્યા છે અને કોણ આવવાના રહી ગયા. એટલે તે ઉપરથી તેઓ બધા સાધુ મંડળમાં ફરી વળ્યા તે ત્યાં તેમણે નામદેવનાં દર્શણ કર્યા. પછી આગળ જોતાં તેમણે કબીર સાહેબને જોયા. એટલે તેમણે કબીર સાહેબની પ્રદક્ષિણા કરીને દર્શણ કર્યાં. એટલે કબીર સાહેબે તેમને કહ્યું કે તમે આજ પ્રમાણે સદા સંત સેવા કરતા રહેજો. એટલે તે સાંભળીને તે બંને ગુરૂભાઇઓની આંખમાંથી આસુઓ વહેવા માંડયાં એટલે એક સાધુએ બીજા સાધુને પુછ્યું કે આ બંને જણ કેમ રડે છે? ત્યારે ત્રીજા સાધુએ કહ્યું કે એ રડવું સાધારણ નથી. એ તો સંત સેવાનો પ્રતાપ છે. તેમનાં હૃદય પ્રેમથી ભીંજાઇ ગયાં છે; માટે તેમને પ્રેમનો અશ્રુપાત થાય છે.

मुल छप्पय छंद.

कील्ह कृपा कीरती बिसद परम पारसद सिष प्रगट
आस करन रिषिराज रुप भगवान भक्त गुरु
चतुरदास जग उभै छाप छीतर जु चतुरवरु
लाखो अदभुत रायमल खेम मनसा क्रम बाचा
रसिक रायमल गौर देवा दामोदर हरिरंग राचा
सबैसु मंगलदास द्रढ धरम धरम धुरंधर भजन भट
कील्ह कृपा कीरती बीसद परम पारसदा शीष प्रगट
रस ससी उपासक भक्तराज रघुनाथ भट निर्मलबैन
आगम निगम पूरान सार शास्त्र जु बिचार्यो
ज्यों पारो दे पुंठहि सबनिको सार उचारीयो
श्री रुप सनातन जीव भटनारायन भाख्यो
सो सर्व सब्बस्सांच जतन करी नीके राख्यो
फानिबंस गोपाल सुवरागा अनुरागा को अैन
रस रसि उपासिक भक्तराज रघुनाथभट निर्मल बैन
कठिन काल कलिजुगमें करमेंति निह कलंक रही
नश्वरपति रति त्यागी क्रष्णपदसौं रति जोरी
सबै जगतकी फांसी तरकी तिनका ज्यौं तोरी
निर्मल कुल कांथडया धन्य परसा जीहि जाइ
बिदित वंद्रावन वास संत मुख करत बडाइ
संसार स्वाद सुखवांती करि फेरी नही तिन तन चही
कढिन काल कलिजुगमें करमेंति निह कलंक रही

કર્મેંતી બાઈનો પ્રસંગ.

કર્મેંતી કરીને એક બાઇ હતી તે સેખાવત રાજાના પુરોહિતની છોકરી થતી હતી. અને તેણીને ઠાકોર સેવા ઉપર ઘણો પ્રેમ હતો. તેણી પોતા ઠાકોરજીની સ્વામી ભાવે સેવા કરતી એકવાર તેણીને સાસરેથી તેણીને લેવાને તેડું આવ્યું. અને બીજે દીવસે સવારમાં તેણીને. તેડી જવા નક્કી વિચાર કર્યો. પણ તેણીને તે વાત અનુકુળ નહોતી. તેથી તેણી અડધી રાતે. ઉઠીને મન સાથે વિચાર કર્યો કે મારી હાડકાં ચામડીની દેહ શું ખપની છે? અને ક્ષણી તે નાશવંત છે. માટે તેનો ઉપયોગ હરી સેવામા કરવો યોગ્ય છે એમ વિચારી તેણીએ ત્યાંથી નાસી જવાનું નક્કી કર્યું અને તેથી તેણી લાજ મર્જાદ મુકીને મધરાતે એકલી ઘરમાંથી નીકળી પડી અને વંદ્રાવનને રસ્તે પડી. અને એ પ્રમાણે તેણી મધરાતે એકલી ઉઘે વગડે ચાલી ગઈ. પછી જ્યારે સવાર થયું ત્યારે તેના બાપને ખબર થઇકે તેની છોકરી તો નાશી ગઇ એટલે તેણે રાજાને કહીને કેટલાક ઘોડે સ્વાર તેણીની પાછળ દોડાવ્યા. એટલે કર્મેતીએ તેમને છેટેથી આવતા જોઇને પોતે ગભરાટમાં પડી અને હવે ક્યાં સંતાઇ જવું તેનો લાગ શોધવા માંડ્યો

ત્યારે ત્યાં તેણીએ એક મરેલા ઉંટનું હાડ પીંજર ખોખું કે જે ઘણું દુર્ગંધ મારતું હતું તે જોયું. અને તે ખોખા શિવાય બીજે કંઈ સંતાઇ જવાની જગા દીઠી નહીં. તેથી તેણીએ તે દુર્ગંધને સુગંધ માની લીધી. અને થોડી વખતનું દુઃખ સહન કરીને પછી અનંત સુખની પ્રાપ્તી પામવાનો વિચાર કરીને તેણી તે ઉંટના હાડ પીંજરના સંતાઇ ગઇ અને એ પ્રમાણે તેણી ત્રણ દીવસ સુધી તેમાં રહી. ઘોડેસ્વારે તેણીને છેટેથી જતી જોઇને તેઓ તે જગાએ આવ્યા અને તેમણે તે જગાએ તેણીની ત્રણ દીવસ સુધી તપાસ કરી પણ તેણીનો કંઈ પત્તો માલમ પડ્યો નહીં કારણ કે તેણી ઉંટના મુડદામાં પેઠેલી તેથી તેનો તો વહેમ સરખો પણ તેઓને આવેલો નહીં એટલે તેમણે ત્યાં તપાસ કરી નહીં. પછી છેવટે તેઓ થાકીને પાછા ગયા એટલે તેણી તે ખોખામાંથી બહાર નીકળી અને પોતાનું શરીર તથા લુગડાં નાહી ધોઇને સ્વચ્છ કર્યાં પછી તેણીને એક સંઘની સોબત થઇ આવી અને તેની સાથે તેણી ગંગાજી ગઈ અને ત્યાં ગામની ભાગોળે એક ઝાડ ઉપર ઝોળી બાંધીને તેણીએ રહેવા માંડ્યુ પછી તે હકીકત ત્યાં કેટલાક આવતા જતા જાણીતા લોકોએ જોઇને તેણીના બાપને જઇને કહી એટલે તે ઉપરથી તેણીનો બાપ તેણીને પાછી તેડી લેઇ જવાને ત્યાં મથુરાં આવ્યો. અને ત્યાં બ્રહ્મકુંડ ઉપર તપાસ કરી તો તેણીને એક ઝાડ ઉપર ઝોળીમાં બેઠેલી જોઇ તેણે તેણીને બોલાવીને હેઠે ઉતારી અને પછી પોતે તેણીના આગળ રડી પડ્યો અને તેણીના પગમાં લોટી પડ્યો. અને પછી તેણીને કહ્યું કે હું રાજાનો ગોર કહેવાઉં અને આખા ગામમાં મારી વાત ઉડી કે રાજાના ગોરની છોકરી નીકળી ગઇ ને સાધુ થઇ ગઇ માટે આખા ગામમાં મારૂં નાક કપઇ ગયું માટે તું પાછી ચાલ. તારે ઠાકોર સેવા કરવી હોયતો ભલે તું ઘેર રહીને કરજે પણ તું મારી સાથે ઘેર પાછી ચાલ એટલે તે સાંભળીને કર્મેતીએ પોતાના બાપને કહ્યું કે તમારે પેલા ગધેડાની પેઠે અસલથીજ નાક હતું ક્યાં કે હવે તે કપઇ ગયું. તે ગધેડાનો પ્રસંગ એવો છે કે—એક વનમાં એક સિંહ રહેતો હતો અને તે રોજ ઘણાં જનાવર મારતો અને તેમાંથી તે પોતાની ભુખ પ્રમાણે ખાતો અને બાકીનાં જનાવર મારેલાં નકામાં પડ્યાં રાખતો તે ઉપરથી તે વનમાં બધાં જનાવરો ભેગાં થઇને એક સંપ કર્યો કે આપડે આપણા રાજાને અરજ કરો કે જો તમે અમારા આ પ્રમાણે જુલમ ગુજારશો તો અમે બીજા વનમાં જતાં રહીશું તમારા જુલમથી અમારી આખી જાતનું સત્યાનાશ વળી જાય છે. અને તમેં તેનો ઉપયોગ કરતા નથી. માટે અમેં જતાં રહીશું તો પછી રઇયત વગર તમે કોના ઉપર રાજ કરશો? માટે અમેં બધાં એક મત થઇને તમને કહીએ છીએ કે અમેં અમારી દરેક જાતમાંથી વારા પ્રમાણે રોજ એક એક જાનવર તમને ભક્ષ કરવાને આપ્યે જઇશું. અને પછી તમારે બીજા કોઇ જાનવરને મારવું નહીં. જેથી અમારી આબાદાની રહે અને તમને પણ ભક્ષ મળે. જો તમેં અમારી આ અરજ સ્વીકારો તો અમેં તમારા વનમાં રહીએ નહીંતો આ વન છોડીને અમેં બીજા વનમાં જઇએ. એટલે સિંહે તે વાત કબુલ રાખી. અને પછી રોજ વારા પ્રમાણે જે જાનવર આવતું તે ખાઇને તે બેશી રહેતો એકવાર તે વારો ફરતો ફરતો એક શિયાળ ઉપર આવ્યો ત્યારે તે શીયાળ સિંહ પાસે ગયું અને સિંહને અરજ કરીકે હું તો એક નાનું જનાવર છું માટે તેને મારીને તમારૂં શું પેટ ભરાશે? માટે તમે મને આજ્ઞા કરોતો હું કોઇ મોટું જાનવર પકડી લાવું. એટલે સિંહે તે વાત કબુલ રાખી. પછી શિયાળ ત્યાંથી વનમાં ગયું અને તેણે એક ગધેડાને ચરતો જોયો એટલે તેને કહ્યું કે હે ગધેડા ભાઇ મેં તમારે માટે એક સ્ત્રી શોધી કાઢીછે માટે ચાલો હું તમને તે પરણાવી દેઉં. એટલે ગધેડા ભાઇ તો હરખાઇ ગયા અને શિયાળની સાથે ચાલ્યા. પછી સિંહે તેમને છેટેથી આવતાં જોઇને ધુરકાયો કરીને તલપ મારી એટલે તે ગધેડો ત્યાંથી જીવ લેઇને નાસી ગયો એટ

એ સિંહે શીયાળને કહ્યું કે તે તો નાશી ગયું અને હું તને પણ ચુકું છું. માટે ચાલ તું તેયાર થા. ત્યારે શિયાળે કહ્યું કે તમે આમ અધીરા થઈ જઇનેને હવે જવા દેશો નહીં. પછી તે શિયાળ તે ગધેડા પાસે ગયું ત્યારે ગધેડાએ કહ્યું કે તું તો મને મારી નાંખાવા લેઈ જાય છે માટે હું તારી સાથે નહીં આવું. ત્યારે શિયાળે કહ્યું કે પરણવું કંઇ સહેલું નથી, સાસરામાં તો સાસુ મશ્કરી કરે, નાક પકડે, કાન ઝાલે, તે બધું સહન કરે તો તેને કન્યા પરણાવે. માટે તું આમ ભડકી નાસી જાયછે તે થી રીતે તને હું પરણાવું. માટે હવે ફરીને ચાલે તો હું તને પરણાવું. એમ કહી તેને સાથે લેઇને તે શિયાળ સિંહ પાસે ગયું એટલે સિંહે તે ગધેડાને પકડીને મારી નાંખ્યો. પછી તે સિંહને તરશ લાગેલી હતી તેથી શિયાળને તે ગધેડાને સોંપીને પોતે એક નાળા ઉપર પાણી પીવાને ગયો. એટલે શિયાળે વિચાર્યું કે સિંહ આવીને ગધેડાને ખાઇ જશે. અને હું ભુખ્યું રહીશ. માટે લાવ હું કંઇ તેમાંથી ખાઇ લેઉં. એમ વિચારી તેણે નાક તરફનો નરમ પદાર્થ જે તેનાથી ખવાઇ શકયો તે તેણે ખઇ લીધો. પછી સિંહ પાછો આવ્યો અને જોયું તો તેણે ગધેડાનું નાક દીઠું નહીં. તેથી તેણે શિયાળને પુછ્યું કે આ ગધેડાનું નાક કયાં ગયું! ત્યારે શિયાળે તેને કહ્યું કે તેને વળી નાકજ કયારે હતું કે હવે તે જતું રહ્યું. ગધેડા જાનવરને નાક હોતુંજ નથી. જો તેને નાક હોય તો એકવાર જે તમારા પંજામાંથી બચ્યું તે વળી ફરીને મરવાને તમારી પાસે આવે! આવેજ નહીં. માટે તેને નાક હતુંજ નહીં એમ કહી શિયાળ પોતાને રસ્તે પડયું. એમ ગધેડાનો પ્રસંગ કહી હવે તેણીના બાપની વાત ચલાવું છું. તેણીએ બાપને કહ્યું કે જેને પહેલેથી નાક હોય તો તેને પછી તે જવાની ધાસ્તી રહે. જો તમને નાક હોતે તો તમે આ જન્મ શાનો લીધો હતો તમે યમરાજને ત્યાં કબુલ કરીને આવ્યા છો કે હવેથી હું ભગવાનનું નામ એક પળ પણ વીસારીશ નહીં ચોરાશી લાખવાર જન્મ મરણ થયા પછી જે એકવાર મનુષ્ય દેહ પ્રાપ્ત થાય છે તેવો મનુષ્યા દેહ પામ્યા છતાં તમે તમારી કબુલાતને હજી પાળતા નથી માટે તમારે નાક કયાં છે? તમે તો નકટ છો. જો તમને લાજ શરમ કંઇ હોત તો તો તમે કયારના ભગવાનનું ભજન કરીને પારંગત થઇ ગયા હોત. અને આ જન્મારા સુધી ગોથાં ખાતા રહ્યા નહોત. એમ કહી તેણીએ પોતાના બાપને ઝાટકી નાંખ્યો. એટલે તે પોતાને ઘેર પાછો ગયો. એટલે રાજાએ તેને પોતાને ત્યાં બોલાવીને તેણીની ખબર પૂછી. ત્યારે તેણે તે સઘળી હકીકત કહી સંભળાવી. એટલે તે સાંભળીને તે રાજાની આંખોમાં પ્રેમનાં આંસું ભરાઇ આવ્યાં. અને તેણે કર્મેતીની સાચી ભક્તિ પારખી લીધી અને તેથી તેને એવી ભાવના થઇ કે હું જાતે જઇને તેમને મારે ત્યાં તેડી લાવીને મારે ઘેર રાખું તો પછી મારા ભાગ્યનો પાર રહે નહીં. એમ વિચારી તે કર્મેતી પાસે ગયો. પણ કમતી પાછી આવી નહીં. તેથી તે રાજાએ તેણીને સારૂં ત્યાંજ એક મકાન બંધાવી આપ્યું અને તેગની પાસે સેવા ચાકરી કરવામાં કેટલાંક માણસ મૂકયાં અને તેમની સંભાળ પછી તેણે ત્યાંજ રાખવા માંડી.

मुल छप्पय छंद.

गोविंदचंद गुन ग्रंथनको खरग सेन बनी बिसद
गोपी ग्वाल पितु मात नाम निरनै किय भारी
दानकेलि दीपक प्रचुर अति बुद्धि विचारी
सखा सखी गोपाल काल लीलामें वितयो
कायथ कुल उदार भक्ति द्रढ आन न चितयो

गौतमी तत्र उर ध्यान धरि तन त्याग्यो मंडल सरद
गोविंदचंद गुन ग्रंथन कौं खरग सेन बानी बिसद ॥

ગોવીંદ ભક્તનો પ્રસંગ.

ગોવીંદ ભક્ત ગ્વાલીયરના નીવાસી પોતાને ઘેર સંત સાધુઓને તેડીને રાસની લીલા કરતા. તે વખતે નાચતા અને તેમને પ્રેમને લીધે અશ્રુપાત થતો. અને તે પોતના દેહનું ભાન પણ ભુલી જતા. તેમનો સાચો ભાવ હોવાથી જે લોકો તેમને નજરે જોતા તેમનું પણ ભક્તિ તરફ વલણ થતું.

मुल छप्पयछंद.

सखा स्याम मन भावतो गंग ग्वाल गंभीर मति ॥
स्यामजुकी सखी नाम आगम विधि पायो ॥
ग्वाल गाव व्रजगांव पृथक नीके करि गायो ॥
कृष्णकेलि सुख सिंधु अटल उर अंतर धरइ ॥
तारसम नित मगन असद आलापन करइ ॥
व्रजवास आस व्रजनाथ गुरु भक्ति चरन रज अननि गति॥
सखा स्याम मन भावतो गंग ग्वाल गंभीर मति ॥

ગંગ ગોવલનો ભક્તનો પ્રસંગ.

ગંગ નામના સાધુ વંદ્રાવન આવ્યો અને ત્યાં પોતે ઘણા ભાવથી ઠાકોરજીની સેવા કરવા લાગ્યા. વલ્લભ ભક્ત તેમની સાથે રહેતા. કે જેગનો સ્વર નાચમાં એકતાર થઈ જતો. તેમના નાચની પ્રસંશા સાભળીને દીલ્હીનો પાદશાહ તેમને જોવાને એકવાર વંદ્રાવન આવ્યો અને તેમનો નાચ જોઈને તે ઘણો ખુશી થઈ ગયો. અને તે ઉપરથી તેણે તેમને પોતાને વતન તેડી જવાની વિનંતી કરી અને કહ્યું કે તમારા નાચ ઉપરથી હું ઘણો ખુશી થઈ ગયો છું માટે તમે મારી સાથે ચાલો અને મને રોજ આવું સંભળાવજો. પણ ગંગ સાધુએ તે વાત સ્વીકારી નહીં. તેથી તે પાદશાહે તેમને કેદ કરીને પોતાની સાથે લીધા. અને દીલ્હી પોહોચ્યા એટલે દીલ્હીના બજારમાં પાદશાને બીજા કેટલાક સાધુ ભેગા થયા અને તેમણે પાદશાહને સમજાવ્યો કે તમે સાધુ લોકોને કેદ કરીને પરાણે તેડી લાવ્યા તે ઠીક કર્યું નહીં સાધુને તો તેમનો રાજીપો હોય તો તેડી લવાય. જોરાવરથી તેમને લાવવામાં તમારૂં ભલું થશે નહીં તે સાંભળીને પાદશાહે ગંગ ભક્તને ત્યાંથી છુટા કરીને રજા આપી.

मुल छप्पय छंद.

सोती सलाध्य संतनि सभा दुतिय दिवाकर जानियो ॥
परम भक्ति परताप धरम ध्वज नेजा धारी ॥
सीता पतिको सुजस वदन सोभित अति भारी ॥
जानकी जावन चरन सरन थाती थिर पाइ ॥
नरहार गुरुप्रसाद पुत पोते चलि आइ ॥
राम उपासक छाप दृढ और न कछु उर आनियो ॥
सोती सलाध्य संतनि सभा दुतिय दिवाकर जानियो ॥

जीवत जस पुनि परम पद लालदास दोनो लही ॥
हृदै हरि गुन गान सदा सत संग अनुरागी ॥
पद्म पत्र ज्यौं रह्यो लोभकी लहर न लागी ॥
विष्णु रात सम रीति बंधेरे त्यों तन साजयो ॥
भक्त वराती व्रंद मध्य दुलह ज्यों राजयो ॥
खरी भक्ति हरिषा पुरे गुरु प्रताप गाढी रहि ॥
जीवत जस पुनि परम पद लावदास दोनों लही ॥
भक्तनहित भगवंत रचि देही माधो ग्वालकी ॥
निसिदिन यहे विचार दास जीहि विधि सुख पावे ॥
तिलक दामसों प्रीति हृद अति हरिजन भावे ॥
परमारथ सों काज हिये स्वार्थ नहीं जाने ॥
दसधा मत्त मसल सदा लीला गुन गाने ॥
आरति हरिगुन सील सम प्रीति रीति प्रतिपालकी ॥
भक्तनि हित भगवंत रचि देही माधौग्वालकी ॥
श्री अगर सुगुरु प्रतापतें पुरी परी प्रयागकी ॥
मानस वाचक काय राम चरननि चित दीनो ॥
भक्तनिसों अति प्रेम भावना करि सिर लीनो ॥
रास मध्य निर्जन देह दुति दसा दिखाइ ॥
आडौ बलियो अंक महोछो पुरी पाइ ॥
क्यारे कलप औली ध्वजा विदुष श्लाघा भागकी ॥
श्री अगर सुगुरु प्रतापतें पुरी प्ररी प्रयागकी ॥
प्रगट अमित गुन प्रेम निधि धन्य विप्र जीहिं नाम धर्यो ॥
सुंदर सील सुभाव मधुर बानी मंगल कर ॥
भक्तनिकों सुख दैन फल्यो बहुधा दसधा तरु ॥
सदन वसत निर्वेद सार भुक जगत असंगी ॥
सदाचार उदार नेम हरिदास प्रसंगी ॥
दया दिष्ठ वस आगरे कथा लोग पावन कर्यो ॥
प्रगट अमित गुन प्रेम निधी धन्य विप्र जाहि नाम धर्यों ॥

પ્રેમદાસનો પ્રસંગ.

પ્રેમનીધી નામના ભક્ત આગ્રા શહેરમાં રહેતા હતા અને તે મરજાદી સેવા કરતા હતા. તે કોઇના છોવા વગરના જળથી પોતાના ઠાકોરજીને સ્નાન કરાવતા અને તેવું જળ લાવવા સારૂ તે પોતે પાછલી રાતે ઉઠતા અને નદીએ જળ ભરવા જતા. જેથી રસ્તામાં તેમને કોઇ છુએ નહીં. એક દિવસે વરસાદ થયો ત્યારે રસ્તામાં કાદવ કીચડ થઇ ગયો તેથી તેમના મનને ચીંતા થઇ કે હું શુદ્ધ જળ હવે શી રીતે લાવી શકીશ? રાતે અંધારામાં વખતે કાદવમાં પગ

પડશે તો છાંટા ઉડશે અને મારૂં જળ અપવિત્ર થશે. માટે આજ હું પવિત્રપણે શા રીતે જળ લાવું ? એમ ચિંતા કરતા તે પાછલી રાતે ઉઠયા અને ઘર બહાર નીકળ્યા એટલે એક છોકરો મશાલ સળગાવીને આગળ ચાલતો તેમને દેખાયો તેથી પોતે મશાલને અજવાળે અજવાળે ફરી જમીન ઉપર પગ મુકીને ચાલ્યા ગયા અને તે છોકરો ઠેઠ નદી સુધી ગયો એટલે પ્રેમનીધીએ સ્નાન કરી લીધું અને જળનો ઘડો ભરીને પાછા ફર્યા. એટલે તે છોકરો પણ તેમની આગળ આગળ ચાલવા માંડ્યો તે ઠેઠ તેમના ઘર સુધી આવ્યો એટલે પ્રેમનીધી જળ લઇને ઘરમાં પેસવા ગયા. ત્યાં તેમને મનમાં વિચાર થયો કે મારી આગળ જે મશાલ ધરીને આવ્યો તે કોણ હશે? માટે લાવ તેને હું પુછી જોઉં એમ વિચારીને તેમણે પાછું જોયું તો તે છોકરો પણ દીઠો નહી. તે ઉપરથી તેમણે જાણ્યું કે આ કામ ભગવાન વગર બીજા કોઇનું નથી. મારા મનની ચીંતા દુર કરવા સારૂ પોતે મશાલી બનીને મારી સાથે આવ્યા. એમ વિચારી તેમની આંખોમાંથી આંસુની ધારા વહી, પોતે ઠાકોરજી પાસે સેવા કરાવી તેનો પસ્તાવો કરવા લાગ્યા. પ્રેમનીધી પોતે તેજ ગામમાં કથા કરતા અને તે વખતે હજારો સ્ત્રીઓ તથા હજારો મરદો કથા સાંભળવાને એકઠા થઇ જતા. કારણ કે તેમની કથાની કહેણી પ્રેમરસથી ભરપુર હતી. તેમના મોહોલ્લાના લોકો તેમની આ વર્તણુક જોઇને તેમના ઉપર દાઝે બળવા માંડ્યા સ્ત્રી પુરૂષોને એકઠા કરીને પોતે નાચે છે અને ઢોંગ કરે છે અને તેમાં મર્યાદાનો ભંગ થતો ગણીને તે લોકોએ પાદશાહ પાસે જઇને ચાડી ખાધી કે અમારા ગામમાં પ્રેમદાસ સ્ત્રી પુરૂષોને એકઠા કરીને પોતે નાચે છે અને તેમાં લોક મરજાદનો લોપ થાય છે માટે તે બંધ કરાવવું જોઇએ એમ વિચારી ફરીયાદ કરી અને તે ઉપરથી બાદશાહે ચોપદાર મોકલ્યો અને ચોપદારે આવીને પ્રેમદાસને કહ્યું કે તમને પાદસાહ તેડે છે, ત્યારે પ્રેમનીધીએ કહ્યું કે પાદશાહને અમારૂં શું કામ પડ્યું? એમ તો ભજનીક લોક છીએ. ત્યારે ચોપદારે કહ્યું કે પાદશાહનો એવો હુકમ છે. માટે તમે ચાલો નહી તો તમને પકડીને લઇ જવામાં આવશે. તે ઉપરથી પ્રેમદાસે આવવાની હા કહી અને પછી પોતાના ઠાકોર તરશે મરે નહીં માટે તેમના મો આગળ તેમણે પાણી એક ઝારી ભરીને મુકી અને ઠાકોરજીને કહ્યું કે હું પાદશાહ પાસે જાઉંછું તેથી હવે તમને વખતો વખત પાણી કોણ પીરશે? માટે હું આ ઝારી ભરીને મુકુંછું તે તમે તમારે હાથે લઇને પીજો, એમ કહીને પોતે ચોપદાર સાથે પાદશાહને ત્યાં ગયા. પાદશાહએ પ્રેમનીધીને પુછ્યું કે લોક મરજાદા મુકીને તમે સ્ત્રી પુરૂષોને એકઠા કેમ કરો છો ? ત્યારે તેમણે કહ્યું કે પ્રેમને લીધે ભક્તિ કરવાને તેઓ એકઠાં થાય છે. હું કંઇ તેમને ઘેર બોલાવા જતો નથી. ત્યારે પાદશાહે તેમને કહ્યું કે તમારા મોહોલ્લાના લોકોએ મને તેની ખબર આપી છે માટે હું તમને કહુંછું માટે તે વાત હવેથી બંધ કરો સ્ત્રી પુરૂષો એકઠા થવાથી વિષય દ્રષ્ટીને ઉત્તેજન મળે છે માટે તમે તે વાત મુકી દ્યો. પણ તેમણે તે વાત સ્વીકારી નહીં એટલે પાદશાહે તેમને કેદમાં નાખ્યા. પછી ઠાકોરજીએ માણસનું રૂપ લેઇને પાદશાહને રાત્રે સ્વપ્નામાં કહ્યું કે ત્રણ દિવસથી હું તરસે મરૂંછું કારણ કે મારા ભક્તને તેં કેદ પર્યા છે, માટે તું તેમને છોડી દે હું તેના વગર બીજા કોઇને હાથે પાણી પીતો નથી કારણ કે તે મારો પ્રેમી ભક્ત છે. પાદશાએ ઉંઘને લીધે તે કાંઇ ગણકાર્યું નહીં. ત્યારે પાદશાહને લાત મારીને ઠાકોરજીએ કહ્યું કે હું તને જે કહુંછુ તે તું ધ્યાનમાં કેમ લેતો નથી? તું એકદમ તેમને અત્યારે ને અત્યારે છોડી મુક રાજા તે ઉપરથી ઝબકી ઉઠ્યો અને તેણે તેજ વખતે પોતાના ચોપદાર પાસે પ્રેમનીધીને બોલાવ્યા અને તેમને કહ્યું કે (ઠાકોરજી) સાહેબ તમારા વગર ત્રણ દિવસથી પાણી પીતા નથી અને ત્રણ દિવસથી તરશે મરે છે માટે તમે અત્યારે ને અત્યારે તમારે ગામ જાઓ અને હવેથી તમે તેમની સેવા ચાકરી સારી રીતે કરજો. એમ કહી તેમને એમ કહી તેમને એક પાલખીમાં બેસારી તેમના આગળ એક મસાલ ધરાવરાવીને

તેમને તેજ વખતે વિદાય કર્યા. અને તેમના ગુજરાયને માટે તેણે તેમને કેટલાંક ગામ ભેટ આપ્યાં અને પ્રભનીથી ઘણા ભાવથી પોતાના ઠાકોરજીની સેવા કરતા રહ્યા.

मुल छप्पय छंद.

दुवलो जाहि दुनियां कहे शो भक्त भजन मोटो महत ॥
सदाचार गुरु शिष्य त्याग विधि प्रगट दिखाइ ॥
बाहिर भीतर विषद लाली नहि कलि जुग काहीं ॥
राघो रुचिर सुभाव असद अलाप न भावे ॥
कथा कीरतन नेम मिले संतनि गुन गावे ॥
ताप तोल पुरो निकष ज्यों धन अहरन हीरो सहात ॥
दुवलो जाहि दुनियां कहे शो भक्त भजन मोटो महत ॥
दासनिकेदास न कों चौकस चौकी एमंडी ॥
हरि नारायण नृपति पदम वेर छे विराजे ॥
गांव हुसंगाबाट अटल उध्यो भल छाजे ॥
भले तुलसीदास भट ख्यात देव कल्यानो ॥
वो हिथ बनियां रामदास सुहल परम सुजानो ॥
औली परमानंदके ध्वजा सबल धर्मकी मंडी ॥
दासनिके दासनकौं चोकस चौकी ए मंडी ॥
अबला सरीर साधन सबल एवाइ हरिभक्ति बल ॥
देमा प्रगट सब दुनि राम बाइ बीरा हीरामनि ॥
लालीनीरां लक्षमी जुगल पारवती जगतधनि ॥
खीचानिके सिधना गोमती भक्त उपासिनी ॥
बांद राणी विदित गंगा जमुना रैदासिनि ॥
जेवा हरखा जोइ सनि कुंवर राय कीरति अमल ॥
अबला सरीर साधन सबल ए बाइ हरिभक्ति बल ॥
कान्हरदार संतानि कृपा हरि हृदे लाहो लह्यो ॥
श्री गुरु सरन आइ भक्ति मारग सत जान्यो ॥
संसारी धर्मही छांडी झुठ अरु सांच पिछान्यो ॥
जयों सखा द्रुमचंद जगत सों यहि विधी न्यारो ॥
सब भुत सम द्रष्टि गुनानि गंभीर अतिभारी ॥
भक्त भलाइ बदव नित कुवचन कबहु नाहिन कह्यो ॥

कान्हर दास संतनि कृपा हारे ह्रदे लाहो लह्यो ॥
लटेरा थानि विधी परम धरम अति पीन तन ॥
कहनि रहनि एक एक प्रभुपद अनुरागी ॥
जस वितान जगत न्यो संत समंत बड भागी ॥
तै सोइ पुत सपुत नुत फल जैसोइ परसा ॥
हारि हर दासनिटहल कवित रचना पुनि सरसा ॥
सुर सुरानंद संप्रदाय दृड केशव अधीक उदार मन ॥
लह्यो लटेरा आन विधी परम धरम अति बीनतन ॥
केवलराम कलियुग के पतित जीव पावन किया ॥
भकत भागवत विमुख जगत गुरुनाम न जानें ॥
अैसे लोक अनेक अैंचि सन मारग आनें ॥
निरमल राति निहकाम अजाते सदा उदासी ॥
तत्व दर सितम हरन सील करुनाकी रासी ॥
तिलक दाम नवधा रतन कृष्ण कृपा कारि द्रढ दिया ॥
केवलराम कलिजुग के पतित जीव पावन किया ॥

કેવળ રામનો પ્રસંગ.

કેવળરામ સંત ઘેરે ઘેર ફરતા અને પોતે લોકોને કહેતા કે તમે કૃષ્ણનું નામ લ્યો અને નામ રૂપી મને દાન આપો. અને તમે ઘણા ભાવથી સેવા કરો; કેટલાકએક અનાચારી ભેખ ધારી સાધુઓ એકવાર તેમની પાસે આવ્યા. ત્યારે પોતે તેમના ઉપર દયા દ્રષ્ટી લાવીને તેમને ભક્તી શીખવી. તેઓ તેમના અંતઃકરણની લાગણી જોઇને તથા તેમના શરીરનો તથા મનનો ભાવ પ્રગટ જોઇને તથા તેમની ભકતીથી તેમનું જે તદાકારપણું થતું તે જોઇને તેઓ પોતે પીગળી ગયા. કેવળરામની વાત સમજાવી સમજાવાય તેવી નથી.

मुलछप्पय छंद

श्री मोहन मिश्रित पद कमल आस करन जस विस्तार्यो ॥
धरम शीत गुन सीव महा भागवत राज रुषि ॥
पृथ्वीराज कुल दीप भव सुत विदित कील्ह स्रिष ॥
सदा चारु अती चतुर विमलवानी रचना पद ॥
सुर धीर उद्धार विनै भलपन भक्तनि हृद ॥
सीतापतिराधासुवर भजन नेम उरमे धर्यो ॥
श्री मोहन मिश्रित पद कमल आस करन जस विस्तर्यो ॥

નરવર રાજાનો પ્રસંગ.

નરવરપુર નામના શેહેરમાં નરવરનામનો એક રાજા થઇ ગયો. તે પોતાના ઠાકોરજીની શેવા ઘણા ભાવ સહીત કરતો. તેણે પોતાની હદની ચારે તરફ માણસો રાખ્યાં હતા અને તેમને તેણે એવો હુકમ આપ્યો હતો કે જે સંત સાધુને તેઓ દેખે તેમને તેમણે પોતાની પાસે તેડી લાવવા. એમ તેમની સારી રીતે તે સેવા ચાકરી કરતો. એકવાર તેમનો ઉપરી જે આખા મુલકનો પાદશાહ હતો તે તેમને ગામ આવીને ઉતર્યો અને તેણે પોતાના ચોપદાર તેમની પાસે મોકલ્યો અને તેમને કહેવરાવ્યું કે અમે તમારે ગામ આવી ઉતર્યા છીએ માટે તમે અમારા લશ્કરને સારૂ સીધા સામનનો બંદોબસ્ત જલદીથી કરી આપો. ચોપદારે આવીને જોયું તો તેમને ઠાકોર સેવા કરતા દીઠા એટલે તે પાછો ફર્યો અને પાદશાહને ખબર કહી કે રાજા તો શેવામાં એકતાર થઇને બેઠા છે, અને તે મારા સામુ પણ જોતા નથી એટલે તે ઉપરથી પાદશાહ ગુસ્સે થઇ ગયો અને તે પોતાની તરવાર મ્યાનમાંથી ખેંચીને તેને ઠેર મારી નાંખવા સારૂ તેના મુકામે ગયો. તો તેણે પણ રાજાને હજુ સુધી ઠાકોર સેવા કરતો જોયો. તેથી તે ત્યાં આગળ ઉભો થઇ રહ્યો. પણ રાજાને તે વાતની કંઇ શુદ્ધી રહી નહીં. અને પોતે તો દંડવત પડી પડીને ઠાકોરજીની સ્તુતી કર્યે ગયો પણ કંઇ આડીઅવળી નજર તેણે કરી નહીં. પાદશાહ ઘણીવાર સુધી ઉભો રહ્યો પણ જ્યારે રાજાએ કંઇ ઉંચુ નીચું જોયું નહીં ત્યારે તે ઘણો ગુસ્સે થઇ ગયો તેથી તેણે તરવારનો ઘા કર્યો. જે તે રાજાને પગની એડી ઉપર વાગ્યો. પણ રાજા ઠાકોર સેવામાં લીન થઇ ગયેલો હતો તેથી તેણે તે કાંઇ જાણ્યું નહીં. એટલે પાદશાહ સમજ્યો કે પ્રેમને લીધે તેને પોતાના શરીરનું પણ ભાન નથી. એમ સમજીને પછી તે તેની વિશેષ ચીકીત્સા જોવાને ત્યાંજ ઉભો રહ્યો કે શું કરે છે તે જોઉં. પછી થોડીવારે રાજા દંડવત કરી રહીને ઉભો થયો અને ઠાકોરજીને ભોગ લગાવ્યો. પછી ઠાકોરજીને પડદો કરીને તેણે ઘણા ભાવથી ઠાકોરજી આગળ નાચ કર્યો અને ઠાકોરજીની સ્તુતી કરી અને ઠાકોરજીના આગળ ગુણ ગાયા. તે સાંભળીને પાદશાહ તેના ઉપર ઘણો ખુશી થઇ ગયો. અને તેમના ભાવની સચ્ચાઇ તેણે જોઇ લીધી. પછી જ્યારે તે પુજા કરીને મંદીરમાંથી બાહાર આવ્યા ત્યારે તેમણે પાદશાહને ત્યાં ઉભેલો દીઠો. પછી પાદશાહે તેમને તરવાર માર્યાની વાત કહી ત્યારે તેમણે કહ્યું કે મને તે વાતની કંઇ ખબર નથી. પાદશાહે તેમની સાચી ભકતી જોઇને પછી તેમની માફી માગી. અને આ પ્રમાણે હમેંશ શેવા કરતા રહેવાની તેણે તેમને ભલામણ કરી. કેટલીક મુદત વિત્યા બાદ તે ભકતરાજ રાજા ગુજરી ગયા અને પાદશાહે જ્યારે તે ખબર સાંભળી ત્યારે તે ઘણો દીલગીર થયો અને તેણે તેમના મૃત્યુનો શોક પાળ્યો. આવો ભકતરાજ રાજા હવે મને કયાં મળશે! અને તેમના ઠાકોરજીને જેવી રીતે તે લાડ લડાવતા હતા તેવી રીતે હવે તેમના વગર ઠાકોરજીને કોણ લાડ લડાવશે. એમ મનમાં લાવીને તેણે અફસોસ કર્યો પછી તેણે એક બ્રાહ્મણને તેમના ઠાકોર શેવાની સોંપણ કરીને તેમને ગામ મોકલ્યો, અને તેને તે સેવા બદલ એક ગામ ઇનામ લખી આપ્યું.

मुल छप्पय छंद.

निहकिंचन भकतनि भजे हरि प्रतीति हरिवंसके ॥

कथा कीरतन प्रीति संत सेवा अनुरागी ॥

खरिया खुर्परीति ताहि ज्यौं सर्बसु त्यागी ॥

संतोषी सुठ शाल अमद अलाप न भावे ॥
काल व्रथा नहि जाय निरंतर गोविंद गावै ॥
सिष सपुत श्रीरंगकौं उदित पारषद अंशके ॥
निहकिंचन भक्तनि भजे हरि प्रतीति हरिवंसके ॥
हरिभक्ति भलाइ गुन गंभिर बांटौ परी कल्यानके ॥
नंद किसोर द्रढ व्रत अन्नय मारग इक धारा ॥
मधुर वचन मन हरन सुखद जानत संसारा ॥
पर उपकार विचार सदा करुणाकी रासी ॥
मन वच सर्व सरुप भक्तपद रेनु उपासी ॥
धर्मदा सुत शील सुठि मन मान्यौ क्रष्ण सुजान के ॥
हरि भक्ति भलाइ गुन गंभीर बांटौ परी कल्यान के ॥
विठ्ठलदास हरि भक्तिके दुहु हाथ लाडु लिया ॥
आदि अंत निरवाह भक्त पदरज व्रत धारी ॥
रह्यो जगतसों एड तुछ जाने संसारी ॥
प्रभुता पतिकी पधित प्रगठ कुल दीप प्रकासी ॥
महन सभाअं मान जगत जानें रे दासी ॥
पद पढत भइ परलोक गति गुरु गोविंद जुग फल दीयो ॥
विठ्ठलदास हरि भक्तके दुहु हाथ लाडु लीया ॥
भगवंत रचे भारी भगत भक्तनिके सनमानकों ॥
कावह श्रीरंग सुमति सदानंद सर्वसु त्यागी ॥
श्यामदास लघुलंव अननि लाखे अनुरागी ॥
मारु मुदित कल्यान परस वसी नारायण ॥
चेता ग्वाल गोपाल संकर लीला पारायण ॥
संत सेवा कारज किया तोषत स्याम सुजानके ॥
भगवंत रचे भारी भगत भक्तनिके सन मानकों ॥
तिलक दाम परकामकों हरिदास हरि निरमयो ॥
सरनागतिकों सिबिर दान दधीच टेक बलि ॥
परम धर्म प्रल्हाद सीस जगदेव देत कलि ॥
विकाबाति बानेत भक्तिपन धर्म धुरंधर ॥
तुंवर कुल दीपक संत सेवा नित अनुसर ॥
पार्थ पीठि अचिरज कौन सकल जगतमें जसलियो ॥
तिलक दाम परकामकों हरिदास हरि निरमयो ॥

હરીદાસ ભક્તનો પ્રસંગ.

હરીદાસ કરીને એક પ્રેમી ભક્તરાજ થઇ ગયા કે જેમની ભક્તી સર્વોપરી હતી. પ્રહ્લાદ આદી જે ભક્ત થઇ ગયા તે બધાનું સત્વ એકલા એક હરીદાસમાં આવેલું સમજવું, તે પોતે એક રાજા હતા. પણ તેમની અચળ ભક્તીને લીધે તેમણે જગન્નાથજીને વશ કરી લીધા હતા. તેથી જગન્નાથજી ઠાકોર તેમના ઉપર ઘણા પ્રસન્ન થઇ ગયા હતા. એકવાર એક નટી તેમને ત્યાં ગાનતાન કરવાને આવી અને તેણીએ ત્યાં ઠાકોરજીના ગુણાનુંવાદ ગાયા એટલે પોતે તેણીના ઉપર ઘણા ખુશી થઇ ગયા તેથી તેમણે તેણીને ઘણો શરપાવ આપ્યો. પણ તેથી તેમને તૃપ્તી થઇ નહીં તેણીની યોગ્યતા પ્રમાણે પોતાથી તેણીને કાંઇ અપાયું નહિ અને એમ સમજીને પોતે પોતાનું માથું તેણીને ઉતારી આપવાનું કહ્યું એટલે નટીએ તેમને તેમ કરતાં વારી રાખ્યા. અને તેમને કહ્યું કે જ્યારે મારે તેની જરૂર પડશે ત્યારે હું તે તમારી પાસેથી માગી લેઇશ માટે હાલ તમે તે મારી થાંપણ તરીકે તમારી પાસે રહેવા દ્યો. તમે મારા જમણા હાથમાં પોતાનું જે દાન આપ્યું છે અને તેનો સંકલ્પ મુકયો છે તે મારો જમણો હાથ હવેથી હું બીજા કોઇના આગળ ધરવાની નથી. પાસેના ગામના બીજા એક રાજાએ આ વાત સાંભળી તેથી જ્યારે તે નટી ફરતી ફરતી તેના ગામમાં ગઇ અને જ્યારે તે રાજાને તેણીએ રીઝવ્યો અને જયારે તે રાજાએ તેણીને ઘણું દ્રવ્ય આપ્યું ત્યારે તેણીએ તે લેવાને પોતાનો ડાબો હાથ ધર્યો. ત્યારે તે રાજાએ તેણીને કહ્યું કે તું ડાબો હાથ કેમ ધરે છે? ત્યારે તેણીએ કહ્યું કે મારો જમણો હાથ તો હરીદાસ રાજાને ત્યાં વેચાયેલો છે. ત્યારે તે રાજાએ તેણીને પુછયું કે તે કેવી રીતે? ત્યારે તેણીએ કહ્યું કે તેમણે મને જમણા હાથમાં પોતાના મુસ્તકનું દાન આપ્યું છે અને તેવું દાન હાલમાં બીજો કોઇ મને આપી શકે તેવો હું દેખતી નથી માટે મારો જમણો હાથ હું બીજા કોઇ આગળ ધરતી નથી. એટલે તે રાજાએ તેની પરીક્ષા જોવા સારૂ તે નટીને કહ્યું કે એવી વાતતો ઘણાએ કહેછે માટે શું તે ઉપરથી માથુ કાપી આપે કે? ત્યારે તેણીએ કહ્યું કે હા. જે તેવા સત્યવાદી હોય તે માથુ પણ કાપી આપે, ત્યારે રાજાએ તેણીને કહ્યું કે જો તે વાત સાચી હોય તો હું તને તેવુ દાન દશ ઘણું આપીશ માટે તું મને તે વાત સાચી કરી બતાવ તે સાંભળી તે નટી હરીદાસ રાજા પાસે ગઇ અને તેમનું મુસ્તક માગ્યું એટલે તેમણે તે કબુલ કર્યું એટલે નટીએ તે ઉતારી લેઇને તેને સોનાનો એક થાળમાં મુકયું. અને તે ઉપર એક રૂમાલ ઓઢાડયો પછી ત્યાંના લોકોને તેણીએ કહ્યું કે તમે રાજાના ધડને અડસો નહીં હું થોડીવારમાં પાછી આવીને તે મુસ્તકને પાછુ ચોટાડી દેઇશ. એમ કહી તે મુસ્તક લઇને તે નટી તે બીજા રાજા પાસે ગઇ અને રૂમાલ ઉઘાડીને તેને તે મુસ્તક બતાવ્યું એટલે તેણે તે મુસ્તકને ઓળખ્યું કે જે હરીદાસનું મુસ્તક છે તે મુસ્તક જોઇને તે મુર્છા પામી ગયો. કે હવે નટીને હવે મારે માથુ કાપી આપવું પડશે. મારે એકજ માથુ છે અને મેતો તેણીને દશ ઘણું આપવાનું કહ્યું છે. તે હવે હું તેણીને શી રીતે આપી શકીશ એમ શોચ કરતો તે બેભાન થઇ ગયો પછી તે નટી ત્યાંથી પાછી ફરી અને ધડ સાથે માથુ મુકયું. એટલે હરીદાસ રાજા બેઠા થયા. પછી તે પોતાને રસ્તે પડી. જગદીશ રાજાની અચળ પ્રીતી અને તેમની ભક્તિનો આદો પ્રત્યક્ષ પડયો જોઇને તે બીજા રાજાએ પોતાની કુંવરી તેમને વેરે પરણાવને તેમની ઘણી વીનંતી કરી પણ તેમણે તે વાત સ્વીકારી નહી અને પોતે તેને ભક્તી કરવાને ચેતાવી દીધો. જે ઉપરથી તે રાજા પણ પછીથી એક મોટો ભક્તરાજ નીવડયો. અને સંત શેવાનો અભીલાસી થયો એકવાર તેમને ત્યાં એક સાધુ આવ્યો અને તેમની સારી શેવા ચાકરી જોઇને તે તેમને

તે રાજાની કુંવરી સાથે તે સાધુને દીલ લાગી ગયુ અને એક
ાધુ અને તે રાજાની કુંવરી બન્ને વસ્ત્ર વગરનાં થઇને અગાસીમાં
અને પરોઢીયું થયું ત્યારે રાજા દીશા જંગલ જવાને સારૂ અગા-
ત્યાં ઉંઘતાં જોયાં તેથી તેણે પોતાની ઓઢેલી ચાદર તે બન્નેના ઉ
ઢાંધા અને પોતે હેઠે ઉતર્યો. બન્ને જણ જ્યારે જાગ્યાં ત્યારે ચાદર ઓઢાડેલી જોઇ
ભરાયાં. તે ચાદરને કુંવરીએ ઓળખી અને રાજાએ તેમને જોયાં એમ જાણીને રા-
બન્નેને ગરદન મારશે એમ ધારતી ગામી ગયાં. પેલો સાધુ બીતો બીતો નીચે ઉતરી
ાને લાગ જોતા હતો પણ રાજાને તેણે એટલે દાતણ કરવા બેઠેલો જોયો. રાજાએ તે
એટલે વિચાર્યું કે આ સાધુ ધાસ્તીનો માર્યો અહાંથી નાશી જવાનું ધારે છે. એમ ચિ-
તેમણે તેને બોલાવ્યો અને તેને કહ્યું કે આ રાજપાટ હવે તમારૂં સમજજો. આ મારો
લ પણ તમારોજ છે માટે તમે કોઇ વાતે સંકોચ પામશો નહીં. મેં તમને જે ચાદર ઓઢા-
ી હતી તેનું કારણ માત્ર એટલુંજ હતું કે તમને કોઇ અગાશીમાં જુવે તો તે ભક્તીની નીંદા
કરે અને તેથી ભક્તી વગોવાય, માટે કોઇ તે જાણે નહીં. માટે મેં તમને ચાદર ઓઢાડી હતી.
માટે પડદે રહીને તમે બધુ સુખ ભોગવો. આ બધી સામગ્રી તમારી સમજજો. રાજાનો આવો
ભાવ જોઇને તે સાધુ ત્યાં લજવાઇ ગયો અને પૃથ્વી ફાંટે તો તેમાં સમઇ જઉં એવું તેને લા-
ગ્યું. તેની વિષયવૃતી જતી રહી અને તેથી તેણે સાચી ભક્તી પોતાના મનપર લીધી અને પછી
થી તે વીરક્ત દશામાં રહીને સાચી ભક્તી કરવા લાગ્યો.

मुल छप्पयछंद.

नंद कुंवर कृष्णदासकों निज पगतें उपर दियो ॥
तान मान सुर ताळ सुलप सुंदरी सुठि सो है ॥
सुधा अंग सु भंग गान उपमाकों को है ॥
रत्नाकर संगीत राग माला रंग रासी ॥
रीजय राधालाल भकत पद रेंनु उपासी ॥
स्वर्न कारख रघु सुवन भकत भजन पन द्रढ लियो ॥
नंद कुंवर कृष्णदासकों निज पगतें नुंपुर दियो ॥

કૃષ્ણદાસ સોનીનો પ્રસંગ.

કૃષ્ણદાસ કરીને એક સોની ભાવીક ભકત હતો. રાધાકૃષ્ણની શેવા તે ભાવથી કરતો અને પોતાની ઠાકોરશેવા આગળ તે નૃત્ય ગાન કરતો. એક દિવસ તે પોતાને પગે ઘુઘરા બાંધીને ઠાકોરજીના આગળ નાચ કરતો હતો તેવામાં નાચતાં નાચતાં જ્યારે તે પોતે એક તાર થઇ ગયો ત્યારે તેને શરીરનુ પણ ભાન રહ્યું નહીં અને તેવામાં તેના એક પગનો ઘુઘરો છુટી ગયો એટલે ઠાકોરજીએ તે બાંધી લીધો પણ નાચમાં તેને વિક્ષેપ થવા દીધો નહીં. પછી જ્યારે નાચ થઇ રહ્યો ત્યારે તેને સાંભર્યું આવ્યું કે પગનો ઘુઘરો તો છુટી ગયો હતો અને શીરીતે તે બંધઇ ગયો. ઠાકોરજીએ તે બાંધી લીધો તેની તેને તે વખતે ખબર રહી નહીં તેથી પોતે ઠાકોરજી પાસે આ પ્રમાણે સેવા કરાવી એમ સંભારીને તેમને પોતાની આંખમાંથી આંસુધારા ચાલવા માંડી.

मुल छप्पय छंद.

परम धर्म प्रति पोषके सन्यासी ए मुकुट मति
चित सुख टीकाकार भकित सर्वोपर राखी ॥
दामोदर तीर्थराम अर्चन विधि भाखी ॥
चंद्रोदय हरि भकित नरसिंह धारत्य कीनी ॥
माधो मधुसुदन सरस्वती परनहंस कीरति लीनी ॥
प्रबोधानंद रामभद्र जगदानंद कलिजुग धनी ॥
परम धर्म प्रति पोषके सन्यासी ए मुकुट मति ॥

પ્રબોધાનંદ સરસ્વતીનો પ્રસંગ.

પ્રબોધાનંદ કરીને એક મહાત્મા થઇ ગયા તે શ્રીકૃષ્ણચૈતન્યનાશિષ્ય હતા, અને રાધા કૃષ્ણની સારી રીતે ભાવથી શેવા કરતા. તે જ્યારે વૃંદાવનમાં ગયા ત્યારે ત્યાં પોતે ઠાકોરજીનાં ઘણા પ્રેમથી રોજ દર્શન કરતા અને પોતે પોતાની બંન્ને આંખોની દ્રષ્ટીને એક તાર કરીને ઠાકોરજીની મુર્તી સામું ધ્યાન કરીને જોઇ રહેતા. તેમની આવી રીતી જોઇને ઘણા લોકો તેમને જોવા આવતા અને જે તેમને જોતા તે તેમની ભક્તિથી આકર્ષણ પામતા.

मुल छप्पय छंद.

अष्टांग जोग तन त्यागियो दारिकादास जाने दुनी ॥
सरिता कुकस गांव सलिलमें ध्यान धर्यो मन ॥
रामचरने अनुराग सुद्रढ जाके सांचौ पन ॥
सुत कलत्र धन धाम ताहिसों सदाउदासी ॥
कठिन मोहको फंद तरकि तोरो कुल फांसी ॥
कील्ह कृपा बलभजनके ज्ञानखडग माया हनी ॥
अष्टांग जोग तन त्यागियों दारिकादास जाने दुनी ॥
पुरण प्रगट महिमा अनंत करिहै कौन बखान ॥
उदै अस्त परवत गहिर मध्य सरिता भारी ॥
जोग युक्ति विश्वास तहां द्रढ आसना धारी ॥
व्याघ्र सींघ गुंजे खरी कछ संकन माने ॥
अर्धन जातें पोन उलट उरधको आनै ॥
साखि सबद निरमल कही कथया पद निर्वान ॥
पुरन प्रगट महिमा अनंत करि है कौन बखान ॥
श्री रामानुज पद्धति प्रताप भट्ट लक्ष्मन अनुसर्यो ॥
सदाचार मुनिवृत्ति भजन भागवत उजागर ॥
भकतनिसो अति प्रीति भकित दसधा कौ आगर ॥

.ठि शीलहदै स्वारथ नहीं लेसी ॥
। प्रतिपाल संत मारग उपदेसी ॥
भागवत वखानिके नीरखी रविवर न कर्यो ॥
श्री रामानुज पद्धति प्रताप भट्ट लक्ष्मन अनुसर्यो ॥
दधीच पाछे दुसरी करी कृष्णदास कलि जीती ॥
कृष्णदास कलि जीति न्योत नाहर बल दीयो ॥
अतिथ धर्म प्रतिपाल प्रगट जस जगमें लीयो ॥
उदासीन तांकी अवधी कनक कामीनी नही रातो ॥
राम चरन मकरंद रहत निसिदिन मदमातो ॥
गलतें गलीत अमीत गुन सदाचार सुठी नीती ॥
दधीच पाछे दुसरी करी कृष्णदास कली जीती ॥

કૃષ્ણદાસનો પ્રસંગ.

કૃષ્ણદાસ કરીને એક મહાત્મા થઇ ગયા તે એકવાર પહાડની ગુફામાં એકાંત ભજન રતા બેઠા હતા ત્યાં એક વાઘ આવ્યો એટલે તેમણે પોતાની જાંગ કાપીને તેને ખાવા આ , તે ઉપરથી વાઘે ચતુરભુજ મુરતી થઇને તેમને દરશન દીધા અને તેમને કહ્યું કે હે આજકાલ અન્ન અને જળ સરખું આપી શકાતું નથી અને તેને ઠેકાણે તમેં તમારૂં શરીર કાપીને આપ્યું અને મને અતીથી જાણીને તમે મારી સેવા ચાકરી કરી તેથી હું તમારી ઉપર પ્રસન્ન થયો છું. આવો ધર્મ પાળવો એ ઘણું કઠણ કામ છે અને તેથી તમારો મહિ- મોટો છે. આ તમારો કઠણ ધર્મ પાળવાનો પ્રસંગ જોઇને હું તમારા ઉપર રીઝયો છું એમ પોતે અંતર્ધ્યાન થઇ ગયા.

मुल छप्पयछंद.

भली भांती निवही भगति सदा गदाधरदासकी ॥
लाल बिहारी जपत रहत निसिबासुर फुल्यो ॥
सेवा सहज सनेह सदा आनंद रस झुल्यो ॥
भक्तनिसों अति प्रीति रीति सबही मन भाइ ॥
आसय अधिक उदार रसना हरिकीरती गाइ ॥
हरि बिस्वास हिये अनिके सुपने हु अंन न आसकी ॥
भली भांति निवही भगति सदा गदाधरदासकी ॥

કૃષ્ણદાસનો પ્રસંગ.

કૃષ્ણદાસ બુરાનપુરની પાસે એક બગીચામાં રહેતા હતા અને શ્રી કૃષ્ણ સેવા ઉપર તેમને ઘણી પ્રીતી હતી ગામ બહાર બગીચામાં ઝાડ તળે [illegible] તાપ તડકો સહન કરતા. તેથી ગામના લોકોને તેમના ઉપર ઘણી દયા આવતી. ક્યારે ચોમાસુ આવ્યું ત્યારે લોકોએ તેમને કહ્યું કે હવે ચોમાસુ બેઠું માટે તમે ગામમાં રહેવા આવો પણ તેમણે તે કાંઇ માન્યું નહી. એકવાર વરસાદ વરસ્યો અને તેમનાં લુગડાં પલળી ગયાં ત્યારે ભગવાને

ત્યાંના એક શાહુકારને સ્વપ્નામાં કહ્યું કે તારી પાસે પુષ્કળ દ્રવ્ય છે
સારૂં મંદીર બંધાય અને તેમાં ઠાકોર શેવા પધરાવ અને પછી તે
ભકતને તું તે મંદીરમાં તેડી લાવ. અને જો તે ના આપે તો તું તેમને
લાવજે અને તેમની સારી રીતે શેવા ચાકરી કરજે. એટલે શાહુકાર તે પ્રમાણે કરી
પછી કૃષ્ણદાસ પાસે ગયો અને તેમને કહ્યું કે મને ભગવાને સ્વપ્નામાં તમને તેડી લેઈ જવા
કહ્યું છે માટે તેમની આગના માનીને તમે મારે ત્યાં ચાલો એમ કહીને તેણે તેમને નવા
મંદીરમાં લાવીને રાખ્યા. જ્યાં તે પોતે સાધુ શેવા કરતા રહ્યા. ત્યાં મંદીરમાં ગામના લોકો
જેટલી ભેટ લાવતા તેટલી બધી પોતે તેને તેજ દીવસે પુરી કરી દેતા અને કંઇ વધારી
રાખતા નહી. તે જોઈને તેમના એક ચેલાએ વિચાર કર્યો કે મહારાજ તો રોજ બધું ખવરાવી
દેછે માટે જો હું કસર કરીને થોડું થોડું એકઠું કરી રાખુ તો કોઇવાર જો કાંઇ ભેટ ન
આવે તો તે દિવસે તે સાધુઓને ખવરાવવા પોહોચશે, તે વાત તેના ગુરૂએ
લીધી તેથી તેમણે તેને ઠપકો દીધો અને તેને કહ્યું કે કાલે ઘણું દ્રવ્ય આવશે માટે
સારૂ તારે આજથી રાખી મુકવુ નહીં અને એ પ્રમાણે તેણે જેટલું રાખ્યું હતું તે
બધું સાધુઓને ખવરાવી દીધું. બીજે દીવસે ત્રણ પહોર વિત્યા પણ ત્યાં સુધી કોઇ કાંઇ
લાવ્યો નહીં એટલે ત્યાં સુધી બધા સાધુઓ ત્યાં ભુખ્યા બેસી રહ્યા એટલે ચેલાએ ગુરૂને
કે કાલે તમે બધું ખવરાવી દીધુ અને આજ કંઇ આવ્યું નહીં માટે આજ હવે શું ખાશો?
એટલે તે વખતે એક વાણીયો બસે રૂપીઆ લેઇને આવ્યો અને તેણે કૃષ્ણદાસ આગળ ભેટ મુ
કયા, એટલે ગુરૂએ પોતાના ચેલાને કહ્યું કે લે, ખા, હવે તારે કેટલુંક ખાવું છે? વાણીઆ
એ તે ઉપરથી જાણ્યું કે ગુરૂ મારા ઉપર ગુસ્સે થયા. તેથી કૃષ્ણદાસે તેના મનનું સમાધાન
કર્યું અને તેને કહ્યું કે કાલે અમારે આ પ્રમાણે વાત બની હતી અને આજ અત્યાર સુધી
કોઇની શેવા આવી નહોતી અને તમે આ એકદમ બસો રૂપીઆ લાવ્યા તે ઉપરથી મેં ચે-
લાને ઠપકો દીધો તેમા તમને કંઇ કહ્યું નથી માટે તમારે ખોટું લગાડવું નહી. પછી તે ચે
લો ખુશી થયો અને તે દીવસથી જેટલું રોજ આવતું તેટલું બધું તે વાપરતો રહેતો. કેટલા
ક દીવસ પછી કૃષ્ણદાસ મથુરાં ગયાં અને પોતે ઠાકોરજીના ગુણ ગાતા ત્યાંજ નીવાસ કરીને રહ્યા

मुल छप्पयछंद.

हरि भजन सीव स्वामी सरस श्रीनारायणदास अति ॥
भक्ति जोग जुगत द्रढ देह निजबल करि राखी ॥
हिये सारु पानंद जालरस रसना भाखी ॥
प्रचै प्रचुर प्रताप जान मनि रहस सहायक ॥
श्रीनारायण प्रगट मनु लोगनि सुखदायक ॥
नित सेवत संतानि महत दाता उत्तर देस गति ॥
हरि भजनसीव स्वामी सरस श्रीनारायणदास अति ॥

ગદાધરદાસનો પ્રસંગ.

ગદાધર નામના માહાત્મા બદ્રીનાથમાં રહેતા તે મથુરામાં આવ્યા અને ત્યાં કેશવજીનું
મંદીર જોઇને પોતે ત્યાં રહ્યા ત્યાં મંદીરમાં રોજ ઘણા લોકો દર્શન કરવા આવતા અને
તેઓ મંદીર બહાર જોડા કાઢીને દર્શન કરવા જતા પણ જોડા કોઈ લેઈ જશે એવી

બીકથી બધા લોકોનું મન એ પ્રમાણે જોડામાં રહેતું તેથી દર્શનનો પુરો લાભ તેઓ લેઇ શકતા નહીં તેથી ગદાધરે લોકોને કહ્યું કે લોકોના જોડા આખો દીવસ સાચવવાનું કામ હું કરીશ માટે તમે સુખેથી દર્શન કરવા જજો અને તમારા જોડા મને સોંપજો તે પ્રમાણે તે રોજ જોડાનું રખવાળુ કરતા એક દીવસે ત્યાં એક ચોર આવ્યો અને તેણે બધા જોડા એકઠા કર્યા અને ગાસડો બાંધીને તેણે ગદાધરને માથે ચડાવ્યો અને પોતાની સાથે લેઇને તે ચાલ્યો. આગળ જતાં બજારમાં કોઈ–વાણીઆએ ગદાધરને ઓળખ્યા તેથી તેણે તેમને નમસ્કાર કર્યા. અને તેમના માથે જોડાનું પોટલું જોઇને તેમને પુછ્યું કે આ શું ? ત્યારે તેમણે કહ્યું કે હું તે આ માણસને ઘેર પહોંચાડવા જાઉં છું. તે ઉપરથી તેણે તે ચોરને ખુબ માર્યો અને તેમની ગાંસડી ઉતરાવી નાંખી. ગદાધરે તે ચોરને કહ્યું કે તું તારે આ ગાંસડી લેઇ જા પણ તે ચોર તેમનો ભક્તી ભાવ જોઇને શીતળ થઇ ગયો પોતાની ચોર બુદ્ધિ તેણે મુકી દીધી અને તેમને પગે લાગ્યો અને પોતાના અપરાધની તેણે ક્ષમા માગી અને તેમનો ચેલો થયો.

મુળ છપ્પય છંદ.

भगवानदास श्री सहित नित सुहृद सील सजन सरस ॥
भजन भाव आरुढ गुढ गुन वलित ललित यस ॥
सीता श्री भागवत रहंसि ज्ञाता अक्षर रस ॥
मथुरा पुरी निवास आस पद संतनि इक चित ॥
श्रीजत खोजी स्याम धाम सुखर अनुचर हित ॥
अतिगंभीर सुधीर मति हुल सत मन जाके दरस ॥
भगवानदास श्री सहित नित सुहृद सील सजन सरस ॥

નારાયણદાસનો પ્રસંગ.

નારાયણદાસ નામના એક મહાત્મા થઇ ગયા તેમણે એક રાજાને શિષ્ય કર્યો ત્યારે તેને કહ્યું કે જેટલા માળા તીલક વાળા ભક્ત હોય તેનો તારે દુઃખ દેવું નહીં. એમ કહી ગુરૂ ત્યાંથી ચાલ્યા ગયા જ્યારે મહેસુલ ભરવાનો વખત આવ્યો ત્યારે એક વાણીઓ નામે ભગવાનદાસ જે માળા તીલક કરીને મહેસુલ ભરવાને ગયેલો અને રાજાએ તેને તે પ્રમાણે જોયો અને પોતાના ગુરૂની આપેલી શીખામણ તેને યાદ આવી. તે ઉપરથી તેણે તેનું મહેસુલ લીધું નહીં. અને બીજાઓનું મહેસુલ લીધું. બીજા લોકોએ તે વાણીઆના મહેસુલનું કારણ પુછ્યું ત્યારે તેણે કહ્યું કે રાજા મહારાજ છે અને મને તેમણે ભક્ત જાણ્યો તેથી તેમણે મારી પાસેથી કર લીધો નહીં. ત્યારે બીજે દીવસે બીજા લોકો જે કર ભરવા ગયા તેમણે પણ ટીલાં કર્યા એટલે રાજાએ તેમના પૈસા પણ લીધા નહીં એ પ્રમાણે આખા ગામે તીલક કર્યા એટલે રાજાએ આખા ગામનું મેહેસુલ માફ કરી દીધું અને બધા લોકોએ ભક્તી ભાવ જાણ્યો તથા બધા લોકોએ ઘેર ઘેર મંદીર બનાવી દીધા અને તેથી રાજાના ખજાનાના પૈસા આવતા બંધ થયા એટલે રાજ ચલાવવું તેને મુશ્કેલ પડ્યું તેથી તે રાજ મુકી દેઇને વૃંદાવનમાં જઇને રહ્યા અને ત્યાં ઠાકોરજીની સેવા સાચા ભાવથી કરવા લાગ્યા ત્યાં પોતે ઠાકોરજીના સામુ જોઇને પ્રેમથી ધ્યાન કરતા. તેમણે પોતાના ભાવને લીધે પોતાના આખા ગામને ભક્ત બનાવી દીધું.

मुळ छप्पयछंद.

भक्त पक्ष उदारता यहनि वही कल्यानकी ॥
जगन्नाथकौदास निपुन अति प्रभु माने भायो ॥
परम पारिषद समाझि जानि प्रिय निकाटि बुलायो ॥
प्राण पयानो करत नेह रघुपति सों जोयो ॥
सुत दारा धन धाम मोहातिनका जौं तोर्यो ॥
को घनी ध्यान उरमें लस्यो राम नाम मुख जानकी ॥
भक्त पक्ष उदारता वहनि वहि कल्यानकी ॥
सोदस्सो भुरामको सुनो संत तिनकी कथा ॥
संत दास सद् व्रत्ति जगत छोइ कर डार्यो ॥
माहिमा महा प्रवीन भक्ति वित धर्म बिचार्यो ॥
वहुरो माधोदास भजन बल परचो दीनो ॥
परम धर्म विस्तार हित प्रगट भये नाहिन तथा ॥
सोदर सोभुरामके सुनो संत तिनकी कथा ॥
बुडियै बिदित कान्हर क्रपाळ आत्माराम आगम दरसी ॥
कृष्ण भक्ति को थंभ ब्रहम कुल परम उजागर ॥
क्षिमा सील गंभीर सर्व लक्षनको आगर ॥
सर्वसु हरिजन जाने हृदै अनुराग प्रकासै ॥
आसन वसत सनमान करत आति उज्जळ आसौ ॥
सोभुराम प्रसादतें क्रपा दृष्टि सब परि बसी ॥
बुडियै बिदित कान्हर क्रपाळ आत्माराम आगम दरसी ॥
भक्त रत्न माला सुधन गोविंद कंठ विकास कीये ॥
रुचि रसि लघन नील लीळ रुचि सुमाति सरित पति ॥
विविध भक्ति अनुरकत व्यक्त बहु चरित चतुर आति ॥
लघु दीर्घ सुर सुद्ध वचन अविरुध विचारन ॥
विश्ववास विश्वास दास परचै विस्तारन ॥
जानि जगत हित सब गुनानि सुसम नरायनदास दिये ॥
भक्त रत्न माळा सुधन गोवींद कंठ विकास किये ॥
भक्तेश भक्त भव तोष कारिसंत नृपती बासो कुंवर ॥
श्रीजुत नृपमनि जंगतसींध द्रढ भक्ति परायन ॥
परम प्रीति किय सुबस शीळ लक्षमी नारायन ॥
जासु सुजस सहजही कुटील कलि कल्प जुघायक ॥
आज्ञा अटल सू प्रगट सुभट कटकनी सुख दायक ॥
अतिहि प्रचंड मार्तंडसम तम खंडन दोर्दंड बर ॥
भकतेस भक्त भव तोष करी संत नृपती बासों कुंवर ॥

નામદેવ કુવરીનો પ્રસંગ.

નારાયણ કરીને એક રાજા થઇ ગયો તે ઘણો પ્રેમી ભક્ત હતો અને પોતાના ઠાકોરજીની સેવા પોતે ઘણો ભાવ લાવીને કરતો. ઠાકોરજીને તરશ લાગે માટે તે પોતાને હાથે ઠાકોરજીને પાણી પાતો અને તેમને લાડ લડાવતો એકવાર બાદશાહે તેને દિલ્હી બોલાવ્યો ત્યારે પોતાની ઠાકોર શેવા પાલખીમાં લઇને તે નિકળ્યો. પાણીનો એક ઘડો ભરીને પોતે માથા ઉપર લેઇ લીધો અને પોતે પાલખીની પાસે પાસે ચાલતો જેથી ઠાકોરજીને જો તરસ લાગે તો પોતે ઝટ પાણી પાઇ શકે. આ પ્રમાણે ઠાકોરજીને લેઇને તે દીલ્હી ગયો અને ત્યાં પણ પોતે કોઇને છુવા વગર ઠાકોરજીને સારૂ પાણી પોતાના માથા ઉપર લાવતો. જયસીંઘ નામનો એક બીજા રાજાએ તેમની આવી રીતની એકવાર સેવા જોઇને તેમને કહ્યું. કે તમે ઘણા પ્રેમ ભાવથી ઠાકોર શેવા કરતા લાગોછો? ત્યારે તેમણે તેને કહ્યું કે તમારી રાંડી રાંડ બેન કે જેનું નામ જશવંતી અથવા નામદેવ કુંવરી છે અને જેવી તે પોતે શેવા કરે છે અને પોતાના ઠાકોરજીને લાડ લડાવે છે તેવી શેવાની તો ગંધ માત્ર પણ મારી શેવામાં નથી તમારી બેન નામદેવ કુવરી સર્વ ભક્તોમાં શ્રેષ્ટ છે. આ પ્રમાણે જ્યારે જયસીંઘે પોતાની બેનનો પ્રેમ ભાવનાં વખાણ બીજાને મોઢેથી સાંભળ્યાં તેથી પોતે જે તેણીની નીંદા કરતો હતો અને તેણીના ભક્તીભાવ ઉપર જે દ્વેશ રાખતો હતો તે ઝેર તેને ઉતરી ગયું. કારણ કે પોતાની બેન જે ભક્તિ કરતી હતી તે તેને બીલકુલ ગમતું નહોતું અને તેથી તેણે તેણીના જીવાતમાં આપેલું એક ગામ હતું તે પણ ખાલસા કરી દીધું હતું અને પોતે વખતો વખત તેણીને બહુ સતાવતો પણ જ્યારે તેણે આવી તેણીની પ્રસંશા થતી સાંભળી એટલે તેણે પોતાના દીવાનને દીલ્લીમા રયે રયે એક કાગળ લખી મોકલ્યો કે નામદેવ બેનને હવે તમે કોઇ સતાવશો નહીં અને તેણીનું ગામ પાછું તેણીને આપી દેજો અને તેમને સંત શેવા છુટથી કરવા દેજો અને જેવી રીતે ભક્તિ કરવી હોય તેવી રીતે તેમને કરવા દેજો કારણ કે તેમનો ભક્તિ ભાવ સાચો છે માટે તેમને કોઇએ હરકત કરવી નહીં. અને તેમને તમે પંડે જઇને કહેજો કે હવે ખુશીથી તમે રાત દિવસ સાધુ શેવા કરજો.

मुल छप्पयछंद.

गिरधर ग्वाल गोपालकौ सखा साच लौं संग कौ ॥
प्रेमी भक्त प्रसिद्ध गान अति गद गद बानी ॥
अंतर प्रभुसौं प्रीति प्रगट रहना हित छानी ॥
नृत्य करत अमोद विपिन तन वसन बिसारे ॥
हाट कपट हितदीन रीझी ततकाल उतारे ॥
माल पुरे मंगल करन रास रचौरस रंगकौ ॥
गिरधर ग्वाल गोपालकौ सखा सचलौं संग ॥

ગીરધર ગ્વાલનો પ્રસંગ.

ગીરધર ગ્વાલ કરીને એક બ્રાહ્મણ હતો. અને તે સંત સેવાનો અભીલાસી હતો. એકવાર તેમની નાતના કોઈ સંત ગુજરી ગયા ત્યારે તેમના પગનું ચર્ણામ્રત લેઇને હોતે પીધું હશે તે ઉપરથી તેમની ન્યાતના બીજા બ્રાહ્મણોએ તેમને કહ્યું કે તમે આ મુડદાના પગ ધોઇ કેમ પીધા? ત્યારે તેમણે કહ્યું કે એતો સંત ચર્ણામ્રત કહેવાય માટે તે વાત તમે શું સમજો? જો તમને તે બાબતની છીટ હોય તો ભલે તમે તે ન લ્યો. મે તો મારી પ્રેમ ભાવનાને લેઇને તેમનું ચર્ણામ્રત લીધું.

मूल छप्पयछंद.

गोपाली जन पोषेकौं जगत यसोदा औतरी ॥
प्रगट अंगमें प्रेम नेमसों मोहन सेवा ॥
कलिजुग कलुष न लग्यौ दास तें कबहु न छेवा ॥
बानी सीतल सुखद सहज गोविंद धुनि लागी ॥
दक्षन कला गंभीर धीर संतनि अनुरागी ॥
अंतर शुद्ध सदा रेहे रसिक भक्ति निज उरधरी ॥
गोपाली जन पोषकों जगत जसोदा औतरी ॥
श्री रामदास रस रीतसों भली भांति सेवत भगत ॥
शीतळ परम सुशील बचन कोमल मुखनि कसे ॥
भक्त उदित रवि देखि हृदे बारिज जम विकसै ॥
अति आनंद मन उमंगी संत परिचर्या करइ ॥
चरण धोइ दंडवत विविध भोजन विस्तरइ ॥
वछ वन निवास हरि जुगल चरण उर जगमगत ॥
श्री रामदास रस रीतिसों भली भांती सेवतभगत ॥

રામદાસ ભકતનો પ્રસંગ.

રામદાસ કરીને એક મહાત્મા થઇ ગયા તેમને મળવા સારૂ એકવાર એક સાધુ તેમને ઘેર ગયો અને તેમને પુછ્યું કે રામદાસ કયાં છે? ત્યારે તેમણે કહ્યું કે હમણા રામદાસ અહીં આવશે એટલે હું તમને બતાવીશ એમ કહીને તેને બેસાડયો પછી જ્યારે જમવાનો વખત થયો ત્યારે તેના હાથ પગ ધોવરાવીને તેને જમવા બેસાડયો પછી તેને માલમ પડયું કે આજ પુરૂષ પોતે રામદાસ છે એમ જાણીને પોતે તેમને પગે પડયો. રામદાસે આ પ્રમાણે પ્રસિધ થયા વગર તેની સાથે વર્ત્યા તે ઉપરથી તેને રામદાસ ઉપર વધારે ભાવ થઇ આવ્યો.

એકવાર રામદાસને ત્યાં પોતાની છોકરીનાં લગનનો પ્રસંગ આવ્યો અને તેમને ઘેર પકવાન પાડ્યાં હતાં અને તે પકવાન એક ઓરડામા ભરીને તેમના છોકરાએ તેને તાળુ મારી રાખ્યું હતું અને તેણે પોતાના એક છોકરાને ત્યાં ચોકી કરવા બેસાડી રાખેલો હતો કે રખેને કોઇ સાધુ ત્યાં આવી ચઢે અને રામદાસ તે પકવાન સાધુઓને ખવરાવી દે ત્યારે રામદાસે વિચાર્યું કે જો કોઇ સાધુ અહી આવી ચડે તો બહુ સારૂ થાય હું તેમને પકવાનના પોટલે પોટલા બંધાવી દઉ નાતના સાકુટ લોક તે જમી જાય તેના કરત મારા હરીજન ને પકવાન ખાય તો વધારે સારૂ તેવામાં એકવાર તે છોકરો જ્યાર કંઇ આઘો પાછો ગયો હશે ત્યારે તેમણે તે ઓરડાની કુચી શોધી કાઢી અને ઓરડો ઉઘાડી સાધુને બોલાવીને પકવાનનાં ગાસડા બંધાવી દીધા અને એ પ્રમાણે તેમણે બધુ પકવાન આપી દીધુ.

मुल छप्पय छंद.

बिप्र सार सुत धर जनम रामराय हरि रति करी ॥
भक्ति ज्ञान वैराग्य जोग अंतर गति पाग्यो ॥
काम क्रोध मद लोभ मोह मतसर सब त्याग्यौ ॥
कथा कीरतन मगन सदा आनंद रस झुल्यो ॥
संत निरख मन मुदित रवि उदत पंकज फूल्यौ ॥
वैर भाव जिनि द्रोह किये तासु पागि खसिभैपरी ॥
बिप्र सारस्वत घर जनम रामराय हरि रति करी ॥
भगवंत मुदित उदार जस रसना अस्वाद कीये ॥
कुंज बिहारीकेलि सदा अभ्यंतर भासै ॥
दंपति सहज स्नेह प्रीति परमित परकासै ॥
अनागि भजन रस रीति पुष्टि मारग करि देखी ॥
विधि निषेध बल त्यागि पागि रति हृदै बिशषी ॥
माधव सुत संमत रसीक तिलकदाम धरि सेव लिये ॥
भगवंत मुदित उदार जस रस रसना अस्वाद कीये ॥

ભગવંત ભકતનો પ્રસંગ.

ભગવંત નામે એક મોટો પ્રેમી ભક્ત હતો અને તે એક રાજાનો દીવાન હતો. શ્રીકૃષ્ણની સેવા ઉપર તેને ઘણો પ્રેમ હતો. અને સંત શેવા તે ગણી સારી રીતે કરતો. વંદ્રાવનનો જે કોઇ સખસ પોતાને ગામ આવતો તેને તે શ્રીકૃષ્ણ સમજતો અને તેમ સમનજીને તે તેમની સેવા કરતો એકવાર તેમનાં ગુરૂ શ્રી ગોસાંઇજીએ વંદ્રાવનથી તેમને ત્યાં આવવાનો વિચાર કર્યો એટલે તે વાત સાંભળવાથી ભગવંતદાસને ઘણો હરખ થયો તેમણે પોતાની સ્રીને પૂછ્યું કે આપડે

ઘેર ગુરૂ પધારવાના છે માટે આપણે તેમની શી ચાકરી કરીશું ? ત્યારે તેમની સ્ત્રીએ કહ્યું કે આપણે બન્ને જણ બે ધોતીઆં પહેરીને ઘર બહાર નીકળી જઇશું અને આખું ઘર માલ સામગ્રી સાથે આપણે તેમને અર્પણ કરી દેઇશું. અને આપણે વૃંદાવન જઇને ત્યાં ઠાકોરજીની સેવા કરીશું. તે સાંભળીને ભગવંતદાસ ઘણા ખુશી થયા અને પોતાની સ્ત્રીની પણ આવી સાધુ બુદ્ધિ જોઇને તેણીનાં વખાણ કર્યાં. પછી પોતે ગુરૂની વાટ જોતા રહ્યા કે ક્યારે ગુરૂ અહીં પધારે. તેમના ગુરૂ વંદ્રાવનથી નીકળ્યા પણ રસ્તામાં તેમને ખબર મળી કે તમારો ચેલો તમારી વાટ જોઇને રહ્યા છે કે તમે ત્યાં જાઓ એટલે તે પોતાનું ઘરબાર તમને સોંપી દેઇને તે બન્ને સ્ત્રી પુરૂષ વંદ્રાવન આવીને રહે. ગોસાંઇજીએ તે સાંભળીને વિચાર્યું કે જો આપણે ત્યાં જઇશું તો તે બંધમાં પડવું પડશે. માટે બેહેતર છે કે ત્યાં જવુંજ નહીં. તે ઉપરથી પોતે રસ્તામાંથી પાછા ફર્યા અને ત્યાં ગયા નહીં. ભગવાનદાસ તે વાત જાણીને ઉદાસ થઇ ગયા. અને તેથી પોતે ગુરૂના દર્શન કરવા તેમની પાસે ગયા. ભગવાનદાસ જ્યારે વંદ્રાવનમાં ગયા અને તેમનું ઘર સુનું પડ્યું એટલે વંદ્રાવનનો રહીશ એક માણસ તેમના ઘરમાં ચોરી કરવા પેઠો પણ તે પકડઇ ગયો અને રાજાએ તેને કેદમાં નાંખ્યો તે વાત જ્યારે તેમણે વંદ્રાવનમાં રહ્યે રહ્યે જાણી એટલે પોતે ઘેર પાછા આવ્યા અને રાજાને જઇને કહ્યું કે વંદ્રાવનના લોક તો મારા ઇષ્ટ અને પુજ્ય છે માટે તેમને તમે શું કરવા કેદ કર્યા? તે લોકો તો મારા ધનના માલીક છે માટે તમે તેમને છોડી મેલો એમ કહી તેમણે રાજાની વિનતી કરી અને તે ચોરને છોડાવી દીધો. ભગવંતદાસે એવું એક પણ લીધું હતું કે મરતી વખતે મારે વંદ્રાવનમાં દેહ છોડવી. એકવાર તે આંબામાં ઘણા માંદા થઇ ગયા અને અંતકાળ નજીક આવ્યો અને જ્યારે તે શરીરે બે શુદ્ધ થઇ ગયા ત્યારે લોકોએ તેમને વંદ્રાવન લેઇ જવા સારૂ તેમને એક પાલખીમાં બેસાડીને ઉચકી લીધા. પછી જ્યારે અડધે રસ્તે આવ્યા ત્યારે તેમના શરીરને શુદ્ધિ આવી ત્યારે તેમણે તે લોકોને પુછ્યું કે તમે મને ક્યાં લેઇ જાઓછો? ત્યારે તે લોકોએ તેમને કહ્યું કે તમારા દેહ ત્યાગનો વખત નજીક આવ્યો છે માટે અમે તમને વંદ્રાવનમાં લેઇ જઇએ છીએ જેથી તમારૂં લીધેલું પણ પરીપુર્ણ થાય ત્યારે તેમણે કહ્યું કે હવે મારે વંદ્રાવન નથી જવું માટે તમે મને પાછા લેઇ જાઓ. કારણ કે મારે દેહને જ્યારે વંદ્રાવનમાં બાળે ત્યારે ઠાકોરજીને તેની ગંધ આવે માટે મારે મારી દેહ વંદ્રાવનમાં બળાવવી નથી. દેહમાંથી જે પુરૂષ જનારો છે તે તો દેહ પડ્યા પછી તરત શ્રીકૃષ્ણજી પાસે જશે દેહના જવાથી તેને કાંઇ જવાનું નથી. તે તો દેહ વગર ચાલ્યો જશે માટે હવે તમે મને પાછા લેઇ ચાલો. એ પ્રમાણે તેમણે પોતાનો ભાવ તથા પોતાનો પ્રેમ બતાવીને પોતે વંદ્રાવનમાં દેહ ત્યાગ કરવાનું કબુલ કર્યું નહીં.

मुल छप्पयछंद.

दुर्लभ मानुष देहकों लालमती लाहो लियो ॥

और स्यामसो प्रीति प्रीति जमुना कुंजन सों ॥

बंसी बटसों प्रीति प्रीति ब्रज रज पूंजन सों ॥
गोकुल गुरुजन प्रीति प्रीति धुनि बाहर बनसों ॥
पुर मथुरांसों प्रीति प्रीति गिरि गोवरधनसों ॥
वास अटल वृंद्रावन पुन द्रढ करि सो नगरी कियो ॥
दुर्लभ मानुष देहकों लालमती लाहो लियो ॥
कविजन करत बिचार बडो को ताहि भनीजे ॥
को कहे अवनी बडी जगत आधार फनी जे ॥
सो धारी सिर शेष शिव भुषन कीनो ॥
शिव आसन कैलास भुजा भरि रावन लीनो ॥
रावन जीत्यो बालि राघौ इक सायक दंडे ॥
अग्रकहे त्रै लोकमें हरि उर धारे ते बडे ॥
हरि सुजस प्रीति हरिदासकों त्यों हरि भावे हरिदास जस ॥
नेह परसपर अघट निबाहि चारों जुग आयो ॥
अनुचरको उतकर्ष श्याम अपने मुख गायो ॥
ओत पोत अनुराग प्रीति सबही जगजानै ॥
पुर प्रवेश रघुवीर भृत्य कीरति जु वखानै ॥
अगर अनुग्रह गुन वरनतें सीता पति तिनि पाय वस ॥
हरि सुजस प्रीति हरिदासकों त्यों हरि भावे हरिदास जस॥
उतकर्ष सुनत संतनिकौ अचिरज कौउ जिनि करो ॥
दुर्वासाप्रति श्याम दासवस सा हरि भाखी ॥
धृव गज पुनि प्रल्हाद राम सिबरी फल साखी ॥
राजसुय जदूनाथ चरन धोय जुठि उठाइ ॥
बहू पांडव विपति निवारि दियो विष विषया पाइ ॥
कलि विशेष परचौ प्रगट आस्तिक व्हेक चित्त धरौ ॥
उतकर्ष सुनत संतनिकौ आचिरज कोउ जीनि करो ॥

ભાવાર્થ.—જે લોકોએ ગૌર સ્યામ સુંદર ભગવાન સાથે પોતાની પ્રીતી જોડી, જેમણે યમુનાજી, કુંજવન, બંસીવટ, અને વૃજ નગરીની રજના ઢગલા સાથે પોતાની પ્રીતી જોડી જેમણે ગોકુલ નીવાસી લોકોને ગુરૂ રૂપ ગણીને તેમની સાથે પ્રીતી જોડી, ગોકુળની ધ્વની અને બહાર વન સાથે પોતાની પ્રીતી જોડી, જેમણે મથુરાં પુરી અને ગોવર્દ્ધન પર્વત ઉપરે પ્રીતી કરી

અને જેમણે વંદાવનમાં અટળ નિવાસ દ્રઢ કરીને કર્યો તેવા બાહ્મમતી પ્રેમીજનોએ આ દુર્લભ મનુષા દેહનો ખરો લાહવો લીધો એમ હું માનુછું. કવીજનોએ એકઠા થઇને વિચાર કરી જોયો કે મોટામાં મોટું કોણ હશે કે આપડે તેના ગુણ ગાઇએ. ત્યારે કોઇએ કહ્યું કે જગતના આધાર રૂપ પૃથ્વી મોટી, ત્યારે બીજાએ કહ્યું કે તે તો શેશનાગે પોતાની ફેંણુ ઉપર અદ્ધર રાખી છે અને તે શેશનાગને તો મહાદેવજીએ પોતાનું ભુષણ કરીને રાખ્યો છે, અને તે શીવજીના કૈલાસને તો ઉખેડીને રાવણ લેઇ જતો હતો અને તે રાવણને તો વાલી વાંદરે જીત્યો હતો અને તે વાલીને શ્રી રામચંદ્રજીએ એક બાણથી મારયો હતો માટે આ જગતમાં સર્વે એક એકથી માથ પામેલ છે માટે અગ્રદાસના શીષ્ય કહે છે કે જેણે શ્રી હરીને પોતાના હૃદયમાં ધારણ કર્યા તેને ત્રણે લોકમાં સૌથી મોટો સમજવો. જેમ હરીદાસને હરીજસ ઉપર પ્રીતી હોય છે તેમ શ્રીહરીને પોતાના દાસના ગુણ સાંભળવા ગમે છે એમ અરસપરસ અઘટ પ્રીતી ચારે જુગથી ચાલતી આવી છે, કંઇ આજ નવી વાત કહી નથી. પોતાના દાસનાં વખાણ ભગવાને પોતાને મોંઢે ગાયાં છે, અને હરી અને હરીદાસની ઓતપોત પ્રીતી અને પ્રેમ વીશે આખુ જગત જાણે છે, રાવણને મારીને સીતાજીને પાછાં લેઇ આવતાં અયોદ્ધા પુરીમાં પ્રવેશ કરતાં શ્રી રામચંદ્રજીએ પોતાના ભકત જે ભરથજી જે પોતાના ભાઇ થતા હતા તેમનાં પોતે પોતાના મોંઢે વખાણ કર્યા છે. માટે શ્રી નાભાજી શ્રી ગુરૂઅગ્રદાસજીના અનુગૃહથી કહે છે કે જે લોકો આ ભકતજનોના ગુણનું વર્ણન કરશે તે લોકો નકકી સીતાપતી શ્રી રામચંદ્રજીને પોતાને વશ કરી લેશે, કારણ કે જેમ હરીદાસને હરીના ગુણ ગાવા ગમે છે તેમ શ્રી હરીને પોતાના ભકતના ગુણ સાંભળવા ગમે છે સંતજનોનાં વખાણ સાંભળીને આશ્ચર્ય લાગે છે કે જુઓ અંબરીશના પ્રસંગમાં દુર્વાસા પ્રત્યે ભગવાને પોતે કહ્યું છે કે હું મારા ભકતને વશ છું; ધ્રુવ, ગજ, પ્રહ્લાદ, શબરીનાં બોર વીગેરે પ્રસંગની વાતો પણ તેજ વાતની શાખ પુરે છે. પાંડવના રાજસોય યજ્ઞ વખતે ભગવાને પોતે પોતાના ભકતના પગ ધોયા હતા અને તેનો એંઠવાડો ઉઠાવ્યો હતો, પાંડવોની સ્ત્રી દ્રૌપદીની સહાય કરી હતી અને ચંદ્રહાસને ઝીષને બદલે વીષયા અપાવી. વીશેશે કરીને કલીયુગને વીશે પ્રગટ પડચા મળે છે માટે આવાત આસ્તીક બનીને તમે મન ઉપર લેજો કારણ કે સંતજનોના વખાણ સાંભળીને આશ્ચર્ય લાગે છે અને તેમ કરવાનું કેવું મન થાય છે ?

फल स्तुति दोहा.

पादप पेडहि सींचते पावै अंग अंग पोष ॥
पुरबजा ज्यौं बरनतें सुनी मानीय संतोष ॥
भक्त जीते भुलोकमें कथे कोनपैं जाय ॥
समुद्र पान शुद्ध करे कहां चिरी पेट समाय ॥
श्री मुराति सब वैष्णवा, लघु दीर्घ गुनि अगाध ॥
आगे पीछे बरनतें, जीनि मानो अपराध ॥

फलकी शोभा लाभ तरु, तरु सोभा फल होय ॥
गुरु शिष्यकी कीर्तीमें, अचिरज नाही कोय ॥
चारी जुगानिमें जे भगत, तिनके पदकी धूरि ॥
सबसु शिरधर राखिहों, मेरो जीवनि मुरि ॥
जग कीरति मंगण उदे, तीनो ताप नसाय ॥
हरिजनको जस बरनते, हरि हरि अटल वसाय ॥
हरिजनको जस वरनतें, जु करै असुचा आव ॥
इहां उदर वाढे विथा, अरु परलोक नसाय ॥
जो हरि प्रीतिकि आसहे, तौ हारजिन गुनगाय ॥
नांतर सुकृत भुंजे बीजलौं, जन्म जन्म पछताय ॥
भक्त दाम संग्रह करे, कथन श्रवन अनुमोद ॥
सो प्रभु प्यारा पुत्र क्यों, बेठे हरिकी गोद ॥
अच्युत फुल जस इक वरहु, जार्क। भति अनुरागि ॥
उन कीय भक्ति भजन सुनि, निश्चे होय विरागि ॥
भक्तदाव जीन कथी, तिनकी जुठीन पाय ॥
मो मन सारु अक्षर द्वै, कीनो सिलौ बनाय ॥
काहुके बल यज्ञ, कुलकरनीकी आस ॥
भक्तातनाम माला अगर उर, बसो नरायणदास ॥

ભાવાર્થ—જેમ ઝાડને મુળમાં પાણી પાવાથી દરેક ડાળેડાળને પુસ્ટી મળે છે તેમ ભકતની વાત કરવાથી ભગવાનની ચર્ચા સમજી લેવી. ભુલોકમાં જે જે ભકત થઇ ગયા ત કોનાથા કહી શકાય તેમ છે. જેમ સમુદ્રનું પાણી કીડાના પેટમાં સમાવું અશકય છે તેમ ભકત જનોના ગુણ પુરેપુરા ગાવા તે મારાથી બનવુ અશકય છે માટે બધા વૈશ્નવો (હરીજનો) ભગવાનનીજ મુરતી રૂપ છે એમ હું માનુંછું. તેમાં કોઇ નાનો મોટો નથી પણ સર્વ ગુણી અને અગાધ છે અને તેમની વાતો મારાથી જે આગળ પાછળ મુકઇ ગઇ છે તે હું મારો અપરાધ માનુંછું કારણ કે તેમ કરવાને લીધે હું અસમરથ છું. એક વાત પછી બીજી વાત મુકયા વગર બધી વાત સંગાથે મારાથી થઇ શકી નથી. જેથી કોઇ વાત આગળ પાછળ કહી ગણાય નહી. ફળની શોભા એ ઝાડનો લાભ અને ઝાડની શોભા છે તેમ શીષ્યની કીરતી તે ગુરૂની શોભતા છે. ચારે જુગમાં જે જે ભકત્ત થઇ ગયા તેમના પગની જે ધુળ તે બધી એકઠી કરીને મારી જીવન બુટી ગણીને હું મારે માથે ચઢાવુંછું. જગતમાં કીરતી અપાવનાર, કલ્યાણનો ઉદય કરનાર અને ત્રણે તાપને દુર કરનાર હરીજનનો જસ વર્ણન કરવાથી શ્રીહરી હ્રદયને વીશે અટલ (કદી ટળે નહી તેમ) વાસો કરીને રહે છે. જે માણસ હરીજનના જસ વર્ણન કરવામાં

દોષ દ્રષ્ટી કરશે અથવા પોતાનું મન પાછું ખેંચી લેશે તેઓ આ લોકને વીશે નાના પ્રકારનાં દુઃખ ભોગવશે અને તેમનો પરલોક પણ જશે એટલે ઉભય લોકથી ભ્રષ્ટ થશે જો તમે ભગવાનના પ્રેમની આશા રાખતા હો તો તમે હરીજનના ગુણ ગાઓ નહીંતો તમારાં સુકૃત શેકઇ ગયેલાં બિજ જેવાં ગણજો અને પછી જન્મો જન્મ પસ્તાજો. જે લોકો ભક્ત હોય છે તેઓ કથન શ્રવણ અને પ્રેમરૂપી દ્રવ્યનો સંગ્રહ કરે છે અને તેવા લોકો ભગવાનને પુત્ર બરાબર પ્યારા લાગે છે અને તેથી તેઓ ભગવાનને ખોળે બેસે છે. અચ્યુતકુળના યશરૂપ અને એક વર રૂપ કે જેમની મતી પ્રેમમાં અનુરાગ પામી હતી તેમની ભક્તી ભજન સાંભળીને વૈરાગીલોકને નીશ્ચયતા પ્રાપ્ત થાય છે. જેમણે ભક્તદાવની વાત કહી તેમના જુઠની (એઠવાડો) મેળવીને મારા મન સાથે સાર રૂપ એવા બે અક્ષર મેં લીધા છે. કોઇને વધુનું બળ હોય, કોઇને કુલ કરનાની આશા હોય પણ નારાયણદાસ કહે છે કે મારા ઉરને વીશે તો અગ્રદાસના શીષ્ય નાભા સ્વામીએ રચેલી ભક્તમાળ નામની માળા નીરંતર વસજો.

ઇતિ ભક્તમાળ પ્રસંગ સંપુર્ણ.

શ્રી કૃષ્ણાર્પણ મસ્તુ.

સંવત ૧૯૫૬ ના આસો સુદ ૧૦ ને દીવસે ચોપડી લખવી શરૂ કરી; કાર્તીક સુદ બીજને ગુરૂવારે તા. ૨૫ માહે અકટોબર સને ૧૯૦૦ ને રોજ પુર્ણ કરી

અથ ધર્મ વીચાર.

૧ ઓંકાર સત ગુરૂ પ્રસાદી.

મંગળાચરણ.

દોહરાની રાહ.

ગણેશ ગીરજા સૂતને નમન આવાર,
ગ્રંથ બનાવા મન કરૂં કરજો મારી વાહાર,
અનુકુળ જો આપ છો કોણ કરે પ્રતિકુળ,
વિઘ્ન કોઇ નડે નહિ કલેશ તણું જાય મુળ,
મંગળમય છો દેવતા, મંગળ, વર, દાતાર,
મંગળમય આ ગ્રંથને કરજો વિધ્યાધાર.
વળી મા તુ, સરસ્વતી, માહા માયા ભરપુર,
અર્જ, મારી, આ, ઉર, ધરો, હે અંબે આરાસુર,
વાણી, મમ, વાસો, કરી, ગ્રંથ કરવો, સાર,
મંદમતી, શું, વિનવે, કવિ, પણ, કથે, અપાર,
તોપણ, ભાવીક, ભકતનાં, પ્રેમથકી, પરસંન,
સાહાય, કરો, મુજને, નક્કી, સરસ્વતી, ગીરજા તન,
વળી, નમુ, ગુરૂદેવને, સરખા, વ્યાપક, જેહ,
સંગત, નામ, પ્રસીદ્ધછે, સંગત મંસ, છે તેહ,
ગુરૂ, ગોવીંદ, તે એક છે, ગુરૂ રૂપ છે રાંમ
ગુરૂ, અવજ્ઞા, જો કરી જીવન કોને કાંમ,
નમસ્કાર અસંખ્ય છે અર્જ કરૂં હું હજાર,
કવીતા કરવા મૂજને રજા કરો આ વાર,
ધર્મ મિત્ર ત્રિકમ તણો, માનું હું આભાર,
કવીતા કરવા પ્રેરવ્યો લેશ ન લાગી વાર.
પ્રશ્નોતર આ ગ્રંથને, મન સમજવા કાજ,
આરંભ કરૂં હું આજથી, લેશ ધરૂં નહી લા...,
માથાફોડ અનેક જે કરીએ દુનિયાંદાર,
તેના કરતાં ધર્મની પ્રીત કરૂં ધરી પ્યાર,

" વિનોદ " વધવા કારણે સ્નેહ ધરીને મન,
પ્રશ્નો, પુછું આપને, સાંભળજે એક તન.
ગોપાળ કવિતા હોંશથી પરવારે શામાટ,
ધર્મ સમુંદર ડોળતાં ઇશ્વર જડશે વાટ.

પ્રશ્ન ૧ છપ્પાની રાહ.

ધર્મ કર્મનો અર્થ વળી મુક્તીનો કહેજે,
સાધુ ને જ્ઞાની વળી, પાપી પીડા લેહેજે,
સ્વર્ગ નર્કનુ રૂપ ભક્તી પ્રેમની કેવી
દારૂ ને વળી લાંચ ખાંચ ધર્મ શી કહેવી
પૃથક પૃથક સૌ વર્ણીને ઉત્તર દેજે સર્વના
ગોપાલ સંગત દાસથી, લેશ ધરે તું ગર્વ, ના.

ઉત્તર–ધર્મ વિશે ચોપાઇની રાહ.

અવસ્ય જે કરવાનુ કામ, ધર્મ કહેવું નહિ બીજું નામ,
એવાં કાંમ છે બે જગ માંય, વહેવાર એક પર્મારથ માંય;
વહેવારીકને મુકી દઇ, પર્મારથને પકડું સહી,
પરમારથ જે કરવું કામ, તેનું નામ છે ધર્મ તમામ
પરમ અર્થ સાથે પરલોક ભજન દાન વ્રત હીંસા રોક
તપ તીરથ ને સાધે જોગ કપટ રહીતથી વર્તે લોક
દયા ક્ષમા સત ભાષણ કરે નીષ્પાપ જગમાં વીચરે
એવી રીતે જે કંઈ થાય નામ તેહનું ધર્મ કે'વાય
સફળ ધર્મ તે ત્યારે થાય રામ નામ જો મુખ્યે ગાય
નહીતો વિઘ્ન અતીશે નડે ઇર્ષા ગર્વાદિથી પડે
રામ પરાયણ જે કંઈ કરે તે માનું હું ધર્મજ ખરે
લેવું દેવું જે કંઇ દાન ભણે ભણાવે લોક પ્રમાણ
ઇશ્વર ઉપર આસ્થા ધરે ખટ કર્મ બ્રાહ્મણ અનુંસરે
દ્રઢ ભાવથી યુદ્ધજ કરે ગો બ્રાહ્મણનું પાલણ કરે
ભણે ભણાવે લોકે કહી ઇશ્વર રાખે આસ્થા સહી
ક્ષત્રી જનનો એવો ધર્મ ન્યાય પળાવે સઘળે પર્મ
પાળે ઢોરને ખેતી કરે વેપાર પક્ષને જે અનુંસરે
ગો બ્રાહ્મણની શેવા કરે ઇશ્વર સમ જે બ્રાહ્મણ ધરે
ધર્મ એના પળેછે જેહ વૈશ્ય કહે સૌ લોકો તેહ

ત્રણે વર્ણનો દાસજ થઇ વહેવાર કરે જે જગમાં જઇ
તેવા જનનો શુદ્રજ કહું દાસ ધર્મ શુદ્રોનો સઉ
પતી પુત્રને સેવક ધર્મ જુદા ધર્મ ને જુદાં કર્મ
વળી સતીનો જે કહેવાય. અનેક ધર્મછે જગની માંય
ધર્મ ધુરીંધર જગમાં નામ, અર્જુન નારદ ફરસુરામ
શુક, જનક, સનકાદિક મુની, કઇક મુનીને કંઇક ધુની.
ધર્મ ધરી અજરામર થયા, સાપ ગયા લીસોટા રહ્યા
તો પણ સેજે જે કંઇ બને, ભજન ભરૂંસો શે રાખે કને
ગોપાળ ગુરૂની સંગત થકી, ધર્મ પળાશે તારો નકી.

કર્મવિશે દોહરાની રાહ.

મન વાણીને કાયાથી વળી ક્રીયા જે થાય
કર્મ કહુછું તેહને સાંભળ ગોપાળરાય
તેના વળી બે ભેદછે શારૂ નરસું હોય
નરસાને મુકીદઇ સારૂ પકડ્ય સોય
સારાના પણ ભેદછે સકામ ને નિષ્કામ
સકામને મુકી દઉ નિષ્કામે રીઝે રાંમ
પુણ્ય દાનને ધર્મ ધ્યાન ભજન નેમ વ્રત જેહ
જગ વ્યહવારો જે કરે કૃષ્ણાર્પણ કર તેહ
વ્યહવારીક પણ કર્મકો કરીયે જો નિષ્કામ
પરમ પદારથ પામીએ પામે વૈકુંઠ ધામ
અજામેલ પાપી અતી વળી પાતીક ગુણકા નાર
વેંવાર જગમાં વીચરી પામ્યાછે નિસ્તાર
સકામતો દુઃખ રૂપછે વીઘ્નો કરશે આડ
સ્વર્ગ શુખ જો સાંપડે પાછા હેઠે પાડ
ફળની આશા છોડીને રામ ભજન કર હોગ
ગોપાલ સંગત દાસથી, ભલો બન્યો આ જોગ.

ચોપાઇની રાહ.

વળી કર્મ કહું બીજી રીત, પ્રારબ્ધ ક્રીયમાણ સંચીત
ફળ દેવા જે તત્પર થયું પ્રારબ્ધ તેનું નામજ કહ્યું
કર્મ હમેશાં કર્તો જાય ક્રીયામાણ તેને કહેવાય
સંચીત તે સંચય થઈ રહે ને ઢગલા રૂપે પોતે વહે
જેવી રીતે કોઠી એક અનાજ નાંખે કઇ અનેક

ઉપરથી સૌ નાંખે જાય એક મેક સઘળાં તે થાય
નીચે કાણું રાખે એક, એકેકે સૌ નીકળે ટેક
નીયમ નહીં કે કોણ આવશે, વારો કોનો પહેલો થશે
મનુષ્ય કર્મ ફળ કયારે થાય કોઇનાથી પણ નહીં કહેવાય
હરીની વાતો જાણે હરી. ગોપાળ સંગત શું કહે ફરી

મુક્તિ વિશે. ચોપાઇની રાહ.

બંધનથી જે છુટા થવું તેનું નામ તે મુક્તિ કહ્યું
બંધનના છે બઉ પ્રકાર વે,વારીક પરલોકીક ધાર
વેંવારીકને મુકી દઈ પરમારથને ઝાલું સહી
લૌકીક બંધનનું જે દુ:ખ યત્ન કરી પણ લે છે સુખ
પરલૌકીક બંધનનું દુ:ખ યત્ન કરે તે મુક્તિ સુખ
જન્મ મરણનો ભારે ત્રાસ મુળ થકી કરવો તે નાશ
નાશ તેહનો ત્યારે થાય સકળ વાસના અલગી જાય
હેતુ વાસના વિષયનાં સુખ, તજો જનો માની તે દુ:ખ
ચાર પોળીઆ મુક્તિ તણા દયા એક સુવિચારો ઘણા
સંતોષ માનો સૌપરે સંગત સંત છે ચોથો ખરે
મુક્તિ પામવા યત્નો ધરો ધર્મ કાર્યમાં પ્રીતી કરો
વૈકુંઠાદી પામે લોક ક્ષીણ પુણ્ય તે થાયે ફોક
ઘટાકાશ મહાકાશે જેમ જીવ શીવમય થાયે તેમ
મુક્તિ તે સાચીછે નેક પણ અંચકી હું માનું એક
સદા શુન્યવત રહેવું પડે તેમાંથી શું ફળ નિવડે
માટે પ્રેમ પ્રભુની પાસ સદા સર્વદા રહેવું ખાસ
પ્રીતમ દર્શણનો જે લાવ તે માનું હું ઉત્તમ ભાવ
સંગતગુરૂનો એવો બોધ ગોપાળ તું કર તેવો શોધ

સાધુ વિષે. ચોપાઇની રાહ.

સાધન વાળો જે જન હોય સાધુ માનું નક્કી સોય
વીવેક વૈરાગ ખટ સંપતી મોક્ષ પામવા રાખે મતી
એવાં સાધન કોઇકજ કને ઉપર સાધુ સૌકો બને
વીવેક ધરવો મુશ્કલ ધર્મ સત્યા સત્યથી સમજે મર્મ
સત વસ્તુ ઇશ્વરછે એક બ્રહ્મ કહ્યાથી વ્યાપક છેક
ચેતન આતમ એકજ સઉ વિશેષ્ય એક વિષેશણ બહુ
પણ નિર્ગુણ એકજ રૂપ જ્ઞાનજ મયછે એક અનૂપ

ત્રણે કાળમાં રહેછે છેક માટે સત્ય છે એકા એક
નાશવંત સઘળો પરપંચ કાયીક માયીકનો જે સંચ
વીશય વાસના જે પરસાર અનીત્ય આખો છે સંસાર
માટે તેને મુકી દઇ ગોપાળ ભજ તું ઇશ્વર સહી

રહીત રાગ પણુ જે થાય, વૈરાગ નામ તેનું કહેવાય
લોક પરલોકે એકજ સુખ વીશય ભોગ છે સઘળે મુખ્ય
વિશય ભોગ છે અંતે દુ:ખ, વીશય કાળમાં લાગે સુખ
અંતે ફટકા ખાવા પડે એવું માની પાછો પડે
ત્રાસ ધરે વિશય સુખ વીશે, વૈરાગ રાખે સર્વોપરે
છ સંપતી છથી બને, શમ દમ ઉપરતી જો કને
સમાધાન ને શ્રદ્ધા ધરી, તીતીક્ષાને છઠ્ઠી કરી
વીશય ભોગથી રોકે મન તેનું નામ તે ઉત્તમ શમ
ઇદ્રીગણ રોકે વેવાર તે ઉત્તમ તું દમને ધાર
ઉપરાંમ વૃતી જેની થઇ તેનું નામ ઉપરતી સહી
મન સંશયને નીવૃત કરે, સમાધાન તે નિશ્ચે ખરે
સદા સર્વદા આસ્તીક પણું ધ્યાન કરે જે ઇશ્વર તણું
ઇશ્વર સત્તા સઘળે લહી તેનું નામ છે શ્રદ્ધા સહી
તાઢ તાપનાં સહેવાં દુ:ખ ભુખ પ્યાસને સેહેવી મુખ્ય
સહન કરે જે સઘળે કાંમ, તીતીક્ષા છે તેનું નામ
એવાં સાધન વાળો જેહ, રામ ભજન છે જેને નેહ
એવા જનને સાધુ કહે, બીજા સાધુ અસાધુ વહે
મોક્ષ થવાનાં સાધન જેહ, અધકો રાખે સૌથી નેહ
ગોપાળ સંગત ની છે વા'ર, એવા સાધુ છે. બલીહાર

જ્ઞાની વિશે. ચોપાઇની રાહ.

જાણપણું જેમાં જેટલું, જ્ઞાની પણું તેમાં તેટલું
લોકા લોકે જાણે વાત, જ્ઞાની જનની એવી ખ્યાત
પીંડ બ્રહ્માંડ તે ગણે, ઇશ્વર વ્યાપક સઘળે ભણે
વાસુદેવમય અનુભવ કરે પૈત ભાવ એકે ના ધરે
સાધુ લક્ષણ જે કાંઈ કહ્યાં જ્ઞાનીમાં તે પેહેલાં રહ્યાં
એવા જ્ઞાની કોઇકજ થાય, દુર્લભ મળવા છે જગમાંય
જનક વિદેહી શુક અવતાર ગણીએ તો છે મુઠ્ઠી ભાર
આજ કાલ જ્ઞાની બહુ વસે સતયુગ આવ્યો પાછો દીસે

શુક અર્થ ખળ જ્ઞાની કહ્યું આજ કાલમાં દીસે બહું
પ્રક્રીયા શીખે બે ચાર અંતર ધાર-જુદાને ધાર
કહે વળી "બ્રહ્માસ્મી" છીયે ભય ભીતીથી નહી કો બીં'યે
કર્તવ્ય શું ને કેવી વાત જીવ શીવ છે એકજ જાત
કોણ ભજન ને કોનું કરૂં હું બ્રહ્મ છું એકજ નરૂં
ઉપરથી એમ બોલે ખરે અંતર વાસના ઉંડી ધરે
પકડાય નહી જે ઘરનો ચોર મન કરે ત્યાં ઘોરં ઘોર
પોપટીયું છે એવું જ્ઞાન ભોગ થકી ભુલેછે સાન
ખળ જ્ઞાની કહે કંઈ ના નડે ઇંદ્રી ભોગ ઇંદ્રી પર પડે
એમાં શું છે હાની બ્રહ્મ બીક રાખવી તે છે ભ્રમ
"બ્રહ્માસ્મી" એમ જાણી મન ભોગ વિશય વર્તાવે તન
જ્ઞાન વિષે કંઇ હાની નથી શાસ્ત્રો કહેછે સઘળે કથી
રૂચી ભયાનક રોચક વેણ શાસ્ત્ર મર્મની તે છે કેહેણ
એવા મર્મને જાણીએ અમે ઘાણી બેલ વહોછો તમે
રૂચી ભય ઉપજાવા કાજ લાલચ દેવા લોક સમાજ
કથા પુરાણે કીધી ઘણી અજ્ઞાનીને ગાયું ભણી
આત્મા ચૈતન જાણી કરી ભય રાખું હું કોનો ફરી
એવાં અનેક ગપાષ્ટક ભણે વીષય તણા તો દાસજ બને
ધુળ ઘલાવે લોક એવા જન છે જ્ઞાની ફોક
અંતર વાસના અલગી થાય અભીમાન સૌ દુર ઘલાય
સાધુ લક્ષણ હોવે સાર પ્રેમ એક ઇશ્વરમાં ધાર
ધન્ય જ્ઞાની છે એવા જંન ગોપાળ સંગત સુખના દન

પાપી પીડા લહે તે વિશે દોહરાની રાહ.

કાયિક વાચિક માનસિક પાપ તેનાં જે થાય
લોકા લોકે દુઃખ સહે અંતે નર્કે જાય
જુઠ, જારી, ચોરી, કપટ, હીંસા ઇર્ષા ગર્વ
નીંદા, ચાડી, ક્રોધ જે રાગ દોશ છે સર્વ
પાપ કર્મ પ્રીતી ધરી વર્તે જે જગમાંય
દેહાંતે દુઃખ પામશે નર્કે સેજે જાય
રૈરવ કુંભીપાક જે કહ્યાં નર્ક જે મુખ્ય
યમના યોગે જાય છે ત્રાહ્ય કરેછે દુઃખ
(વળી) જન્મ મર્ણના દુઃખનાં અસહ્ય દુઃખો ધાર
લક્ષ વીંછીની વેધના અહી કાટે જો હજાર

એકે કાળે વેદના સઘળી ભેળી થાય
અનુભવ દર્શાવાય કયાં બુદ્ધી થાકી જાય
જણનારીની વેદના અવર ન જાણે કોય
હાય હાયથી દુઃખ સહી અંતે દેછે રોય
એવી રીતે દુઃખને સહન કર્યાં કયાં જાય
ગોપાળ સંગત દાસથી, સમરી લે જદુરાય

સ્વર્ગ વિષે છપ્પાની રાહ.

વૈકુંઠ આદી લોક સુર્ય ચંદ્રની સાખે
અધિપતિ છે એકેક પુરાણે શાસ્ત્રે ભાખે
વીવીત્ર પ્રકારે સુખ્ખ વળી તે લાંબુ ચાલે
ઇંદ્રિ જન્ય જે સુખ રહીત સૌ અધકા માલે
પણ ઈર્ષા ગર્વના દુઃખથી સુખકર કો લાગે નહી
ક્ષીણ પુણ્ય વહી જાય જે સકામ સ્વર્ગ છે તે સહી

ચોપાઇની રાહ.

કેવળ પ્રેમ પ્રભુની પાસ, સદા સર્વદા રહેવું ખાસ
પ્રીતમ દર્શણ લેવો લા,વ, અમૃતથી પણ અધકો ભાવ
ચર્ણ કમળમાં પ્રીતી વળે, ચીરંજીવ પદ એવું મળે
પ્રીતમ દર્શણની જે પ્યાસ, સંગત;સુખ્ખ છે તે અવીનાશ

નર્ક વિષે ચોપાઇની રાહ.

અનેક નર્ક શાસ્ત્રો કહે, પાપી જન જયાં પીડા લહે
સ્થુળ નર્કનાં દુઃખો જેહ, ધર્મરાયની શીક્ષા તેહ
આગળ જે કંઇ વર્ણન થયાં, ફરી નહી તે જાયે કહ્યાં
સુક્ષ્મ એક નર્ક છે જેહ, પ્રીતમ દર્શણ વીણ જે નેહ

પ્રેમ ભકિત વિશે છપ્પાની રાહ.

પ્રેમ ભકતીની વાત પ્રેમથી ભાનજ ભુલે
પ્રેમ લગ્નમાં મગ્ન પ્રેમથી મનમાં ફુલે
પ્રેમ ધર્યો વ્રજનાર ઉપમા જેની આપે
પ્રેમ ધર્યો પ્રેહલાદ સ્તંભથી નીકળ્યા આપે
પ્રીતમ દર્શણ પ્રેમવીણ અધકું કો એકે નથી
સુખ સ્વર્ગ તણાં સમે, ગોપાળ સંગત કહે, કથી

દારૂ વિષે છપ્પાની રાહ.

દારૂ છે દુઃખ રૂપ લોક પર લોકે સાલે
પાપ ઘણેરાં થાય જમ દ્વાર તે ઘાલે
બુદ્ધિ ચંચળ કરે ભજન નેમ વૃત મુકે
વિષય રહે મસ્તાન ધ્યાન હરીનું ચુકે
વળી પ્રેમ ઈશ્વર નવ ભજિ, કો, ભય હરી ગણુતો નથી
ગોપાળ સંગત દાસથી, ખાંચ ધર્મ તે કહે કથી

લાંચ વિષે ચોપાઇની રાહ.

સીધું ઉંધું કરવા કાજ, સાચ તજી જુઠાને બાઝ
ન્યાય તણો અન્યાયજ કરી, લેવો બદલો લાંચજ ખરી
કોઇ કહે ખુશીથી દઉં, કોઈ કહે હું ગુપચુપ લઉં
લે લાંચ આપે જે કોઈ, પાપ કરેછે બંને સોઇ
જગત વળી જો જાણે નહી, જગ કર્તા તો જાણે સહી
ધાર અંતરમાં ઘડીએ જેહ, અંતરયામી જાણે તેહ
કપટ તણો વર્તાવો ધરી, સત્યાનાશ સામાનુ કરી
ઇશ્વર તે કયમ રાજી થાય, સ્વાર્થ વિષે સુજે નહી કાંઈ
કોઇ કહે હું ન્યાયે લઉં, સામા સામી રાજી સઉ
અંતર ઉંડા ભેદજ હોય, જાણીશકે નહીં મનથી કોઇ
સ્વાર્થ વસે ત્યાં અનર્થ મુળ, ભલે કહે તે ન્યાયીક તુલ્ય
વીના અનર્થે ગર્થજ નથી, બીજે રસ્તે મળતું નથી
જો મળે તો થોડું મળે, ધનીક પણું કયાં તેનું ફળે
લાખ કરોડની વાતો જેહ, વીના અનર્થે નાવે તેહ
લેવું દેવું સ્વારથ કરે, સ્વારથથી સત્ય પાછું ફરે
પૈસો જો અન્યાયી ભળે, પરલોકી સુખ કયાંથી મળે
અન્યાય પૈસો છે અંધકાર, જેવું અંન તેવો ઓડકાર
જેના પૈસો જેવો હોય, મતી કારવે તેવી સોય
મતી પ્રમાણે કર્મજ થાય, સત્ય કર્મ સૌ વહેતાં જાય
ત્યારે ફળ તેનું શું મળે, કીટ પતંગી થઇને બળે
અનરથનો જે પૈસો હોય, શુદ્ધ કહે નહી તેને કોય
નેક કમાણી શું કહું વાત, અર્ધ ભજન છે તેની ખ્યાત
ખરી મજુરી પૈસો જેહ, ભજન ગણે ભગવાનજ તેહ
ભલે અવકાશ ભજન ના બને, ભજન સમું ઇશ્વર તે ગણે

મીઠું રોટલો ખાવો ભલે, અન્યાયી અમ્રત પણ નડે
લાંચ ખાંચ છે ધર્મજ તણી ન્યાયી જન તે છે નરમણી
શુદ્ધ પૈસો છે લાખ કરોડ, પુણ્ય નથી કાંઇ તેની જોડ
ગોપાળ સંગત શું, કે'વાય નેક કમાણી કરજો સહાય

પ્રશ્ન ૨. છપ્પાની રાહ.

કોણ સુખ જગ વિષે કોણ અતિ લાભજ મોટો
કોણ દુઃખ જગમાંય કોણ હાંની ને તોટો
મનુશ જન્મ શું કામ સફળ તે કેમજ થાયે
ચીંતા ચીતા સમાન કરૂં હું કોણ ઉપાયે
વળી ક્રોધ તણા આવેશમાં મન વાર્યું રહેતું નથી
ગોપાળ સંગત દાસથી, પ્રશ્ન વિનોદે કહું કથી

ઉત્તર-સુખ વિષે-છપ્પાનીરાહ.

નીવૃત્તી સુખ રૂપ દુઃખ પ્રવર્ત્તી કરશે
ભજન ભરૂંસે રહી અવર સાધન જો તજશે
સર્વ કામના રામ, રામ શર્ણું જો લેશે
પરવારે જગ કામ ધામ તે અવીચળ રહેશે
સુખ નથી નીવૃત્તી સમ, શાસ્ત્ર સકળ જોયું મથી
નીવૃત્તી સુખ માંગજે ગોપાળ સંગત દાસથી

ચોપાઇની રાહ.

કોઇ કહે પરલોકે સુખ, કોઇ ચહે આ જગનું સુખ
દુઃખ તજી સૌ સુખજ ચહે પરમાનંદની પ્રાપ્તી કહે
સકળ સુખ સાધન છે રામ, રામ ભજન જો આઠોજામ
પરમાનદની પ્રાપ્તિ રામ ગોપાળ સંગતસુખનું ધામ

લાભ ને તોટા વીષે-ચોપાઇની રાહ.

સુખથી અનુભવ ઉલટો જેહ દુઃખ કહેછે લોકો તેહ
જન્મ મર્ણનાં દુઃખો સઉ, ગયે લાભ તે મોટો કહું
જન્મ મર્ણ દુઃખ શાથી જાય, શર્વ ભાવ ભજીએ જદુરાય
ગોપાળે સંગત કહેછે ભાખ, રામ ભજનમાં પ્રીતીર ાખ

છપ્પાની રાહ.

સંતોષે છે લાભ અતૃપ્તી માંનો તોટો
જન્મ મર્ણ દુઃખ જાય નહીતો તોટો મોટો
મનોવ્યથા૰ રહે, દુર, ગ્રહે જો અંતર તોષા
અતૃપ્તી કરશે હાય પડે મુખે કંઇ સોષા
તોષા ભુકતીનો પોળીઓ રામ વસીષ્ટ ભાખીઓ
ગોપાળ સંગત દાસથી, તેની દઉછું સાખીયો

દુઃખ વિશે—ચોપાઇની રાહ.

હું મારાનું મોટું દુઃખ, ન્યાય કરીને મનથી મુક
હું તે કોણ આવ્યો કયાં થકી, વિચાર તેનો કરવો નકી
પાંચ તત્વથી જે હું બન્યો મળ મુત્રનો થેલો થયો
હું પણ તેમાં શું કરૂં શા માટે હું દુઃખજ ધરૂં
નીર્જીવ દેહ પડે જેવાર ભલે દુઃખ દે પારાવાર
શરીર તે કાંઇ જાણે નહી અભીમાની ગયોછે સંહી
અભીમાન હતું જયાહરે દુઃખ થતું તેને તાહરે
મમત્વ છે ત્યાં મોટું દુઃખ ગોપાળ સંગત કરજો સુખ

કર્તવ્ય વિષે—ચોપાઇ ની રાહ.

જન્મ મર્ણનું ભારે દુઃખ ઉપાય તેના કરવા મુખ્ય
સાર્થક મુનુષાદેનું જેહ જન્મ મર્ણથી ઉગરે તેહ
જન્મ મર્ણ ઉગરે શા થકી પાપ પ્રજાળે પોતા થકી
પાપ પોતાનું કયારે બળે રામ ભજન નીષ્કામે ભળે

છપાની રાહ.

શીવ શંકરની સેવ દેવ સઉ આચીક કાઢો
રામ રટણની ટેવ ટેવ હર દમથી પાડો
ઉપાસન પુરૂ કરી માત પીતા નીજ પોખો
સગાં સ્નેહી સંષ વે'વાર કરવો ચોખો
વળી પાપ પશ્ચાતાપનું કામ કોઇ કરવું નહી
ગોપાળ સંગત દાસથી, કર્તવ્ય ગાયું મેં કહી

સફળતા વિશે. ચોપાઇની રાહ.

પરમારથ જે કરીએ કામ ફળની આશા રાખી તમામ
નીષ્ફળ તે સૌ વહેતાં જાય ધાર્યું ફળ નહી ઉતરે ક્યાંય
અનેક વિઘ્નો વચમાં નડે ઇર્ષા ગર્વ કંઇ વચમાં પડે
ક્રોધ કરેછે સૌનો નાશ, ફળ આશાનો ક્યાં રહે વાસ
નીંદા ચાડી આદી દોષ ફળને રાખેછે કંઇ કોશ
યત્ન કરી સાધે પરમાર્થ પણ સુધરે નહી એકે સ્વાર્થ
ખોડ ખાંપણો રહેછે ઘણી ફળ આશા શી કર્મજ તણી
માટે ફળ આશાને તજી કરીએ કર્મ જો ઇશ્વર ભજી
લાભ હાનીને સરખાં ગણી કૃષ્ણાર્પણને અંતર ભણી
ત્યારે કર્મ સફળતા થસે ગોપાળ સંગત રાજી થશે

ચીંતાનો ઉપાય. ચોપાઇની રાહ.

લાભ હાની જે મનમાં ધરી ચીતા સમી ચીંતા છે ખરી
મનો વ્યથામાં રહે મશગુલ અંતર પીડા મનની શુળ
ચેહેન પડે નહી એકે વાત ઉંઘ ન આવે એકે રાત
ચીતા ભલી છે તેથી કહુ એકી કાળે ટાળે સહુ
ઉપાય તેનો એકજ કહું ઇશ્વર કૃતછે, સઘળું સહું
કર્ત્તા હર્ત્તા જગનો એક પુર્ણ કરેછે ધાર્યું છેક
જે જેમ થવાનું હોય ઊલટ કરે નહી તેને કોય
ઇશ્વર ભાવી છે બળવાન ઇશ્વર વીણ નહી હાલે પાન
ગજુ નથી માણસનું કોઇ ઇશ્વર ભાવી બદદે સોઇ
નીમિત માત કારણ છે સઉ માટે ચીંતા શાની લઉ
ચીંતન ઉપાય ચીતા નથી શાંતી લેવી સઉથી મથી
ગોપાળ સંગત ગુરૂની મેહેર કેણ ચીંતા ને કોનો કેર

ક્રોધ વિષે. ચોપાઇની રાહ.

મનનાં માનેલાં જે કામ વીઘ્ન પડે વચમાં કે ઠામ
ક્રોધ આવેછે વેગે ધાઇ રોમ રોમમાં પ્રગટે ભાઈ
અંધકાર વ્યાપેછે છેક વિચાર સુઝે નહી કો એય
નહી કરવાનાં કામો થાય વળી ઘાત કંઇ નેથી થાય
મન વારેલું રહેતું નથી મરૂં કાપું કેહેજે કથી
વીચાર કરવાનો પણ કાળ જડે નહી જ્યાં ક્રોધી ફાળ

ઉપાય તેનો છે પણ એક મૌન ધરે ઇંદ્રીયે છેક
મૌન ધરી જો બેશી રહે ક્રોધ વળી શું તેને દહે
ક્ષમા ધરે જો મનની માંહીં મહન શીળતા રાખે સાહી
જોર ન ચાલે ક્રોધજ તણું સહાય કરેછે ઇશ્વર ઘણું
રામ શર્ણુંમાં પ્રીતી ધરે વળી વીચારો મનમાં કરે
કેહાલીમાને ક્રોજ નડે નીર્જીવ દેખી પાછો પડે
ક્રોધ ન લાગે શબને કાંઈ ભલે દેહ કોઈ કાપી ખાય
શબવતથી વર્તે સંસાર ક્રોધ કરે શું તેને ધાર
નીર્માનીન થઇ જગમાં ફરે ક્રોધ રહેછે તેની પરે
મળ સુત્રનો દેહ કહેવાય અભીમાન તેનો શો થાય
અભીમાનથી અલગા રહી હું મારાને મુકી દઈ
મન મારીને મૌની થાય ગોપાળ સંગત સુખની સહાય

પ્રશ્ન ૩. છપ્પાની રાહ.

કોણ જીવ છે શીવ એકતા કેવી કરવી
કોણ રહે જગ મૂળ મુળ જગત શી ધરવી
નાસ્તીક આસ્તીક કોણ જગત્કારણ શું કેહેછે
કોણ પીંડ બ્રહ્માંડ જગત કર્તા કયાં કહેછે
વળી નારીથી જગ, ઉપજ્યું નારી નીંદા સઉ કરે
ગોપાલ સંગત દાસથી, નીવેડ તેનો શું ધરે.

જીવ વિષે. ચોપાઇની રાહ.

દેહ ધારી દુનીઆમા જેહ હું પણાથી વર્તે તેહ
સુખ દુઃખ અનુભન જે કરે જીવ સંજ્ઞા તેને વરે
પંચભુતના પચીસ ભાગ સ્થુળ શુક્ષ્મ ને કારણ લાગ
જાગ્રત સ્વપ્ન સુસુપ્તી વીષે હું પણું જ્યાં સઘળે દીસે
જીવ પણાની હોવે જાણુ અનુભવથી કરજે પરમાણ
વેદાંત મતની વતે કહું જીવ રૂપ દર્શાવી દઇ
ચતુષ્ટ અંતસ્કર્ણાભાસ વ્યાપક ચેતન તેટલું ખાસ
વ્યાપક ચેતન ને આભામ ઘટાકાશની સમજણ પાસ
જીવ રૂપ કે,છે તેહને, સુખ દુઃખ પોતે અનુભવે
પરાધીન પોતે છે રૂપ ચેતન પશ્વર એક અનુપ

જીવ વિષે. ચોપાઇના રાહ.

કર્તા હર્તા પાળક જેહ, ઇશ્વર કર્તીએ જગના તેહ
ઘડી પલકતા જાણે ભેદ, લેશ માત્ર પણ જ્યાંનહી ખેદ

પર્માનંદ પોતે છે રૂપ, વળી જ્ઞાનમય એક અનુપ
જગદાધાર જગતના ધણી, જગત હયાતી સૌ તે તણી
પીતા સમાને પાળે લોક, સીક્ષા દઈ પાપોથી રોક
અધકું ઓછું નહી તે પાસ, તાઢ ઉંડાઈ અગ્ની ખાસ
જે જેટલો આગળ જાય, તાઢ તેની ઓછી થાય
તેમજ સમ દર્શી છે હરી, અધકું ઓછું નહી તે જરી
જે જેવું વર્તે જગમાંય તેહ ફળ પોતાથી પાય
અગમ અગોચર વાતો જેહ, તેને પણ જાણે છે તેહ
ઉપમા તેને શું દે કોઇ, સર્વ સામગ્રી તેની જોઇ
શંકર કર્તા શંકર રૂપ, શંકરમય છે શીવ સ્વરૂપ

એકતા વિષે. ચોપાઇની રાહ

વળી વેદાંતી મતથી કહું એકતાને દર્સાવી દઉં
અજ્ઞાન આભાસે જે જીવ, માયા આભાસે છે શીવ
અજ્ઞાન માયા અલગી કરી, શુદ્ધ ચેતનને નરવું કરી
સુખી દુઃખી જીવોના ભાવ, કર્તા હર્તા ઇશ્વર ભાવ
એવા ભાવથી અળગું એક બંન્ને વ્યાપક ચેતન છેક
ભેદા ભેદ રહીત છે જેહ એકતા તેવી દે છે કહી
શુદ્ધ અશુદ્ધની વાતો જેહ પંડીતપણાની વાતો તેહ
અજ્ઞાન નથી કો તેની પાસ સદા શુદ્ધ છે અવીનાશ
મેરી તેરી રગડો તેહ સગુણ નીરગુણ કેહેવો જેહ
અકથ રૂપ છે ઇશ્વર તણુ કેમ જાય વાણીથી ભણ્યું
પણ ભાવીક ભક્તોના ખરા અંશ કળાથી અવતાર ધર્યા
તેના ભેદ તો જાણે તેહ નેતિ નેતિ વેદો કેહ
બ્રહ્મા પણ નહી જાણ્યો ભેદ મનુષ્ય ચહે તે મોટો ખેદ
વાસુદેવમય છે સંસાર રાગ દ્વેષ નહી કોથી ધાર
ઇશ્વરથી ઉપજ્યો સંસાર, ઇશ્વરમય છે તે આચાર
પ્રલય કાળ પણ ઇશ્વર રૂપ, એકજ છે બ્રહ્માંડી રૂપ
વળી વસે પોતાની પાસ અંતર્યામી રૂપે ખાસ
ઇશ્વર એકની સત્તા લહી એવી એકતા કરવી સહી
ગોપાળ સંગત ગુરૂની મેહેર જગત તણુ ઉતારે ઝેહેર

જગતના મુળ વિષે દોહરાની રાહ.

જગ જેનાથી ઉપજ્યું વળી પામે વિસ્તાર
મુળ જગતનું તે કહ્યું મુળ વાસના સાર
પ્રલય કાળ ઇશ્વર વિષે લય પામેછે જેહ
કર્મ શુભા શુભ વાસના જગ કારણ છે તેહ
વૃક્ષ બીજમાં જ્યં રહે હુતાસન અંગાર
સકળ વાસના ત્યં રહે એકોહં અહંકાર
એક એકમાં લય થઇ પાંચે ભુત સમાય
મહા માયાના રૂપમાં સઘળું આવી જાય
અનિર્વચનિય કલ્પિત તે માયા મોટી માત
એક અંશ ઇશ્વર વિષે રહેછે શઘળા સાથ
બીજ થકી અંકુર જ્યં અંકુરથી જ્યં વૃક્ષ
જગત પસારો તે કરી થઇ રહેછે પ્રત્યક્ષ
તોપણ પોતે એકછે કાયા માયા સાથ
સગુણ નીર્ગુણ એક છે સદા જ્ઞાનમય જાથ
એવા અગમ્ય ઇશ્વર વિષે કર્મ શુભા શુભ જેહ
લીન થયેલાં જે હતાં પાછાં નીકળ્યાં તેહ
ફળ દેવાને પુર્વનું જગત કર્યું ઉત્પન
જગત રૂપ પોતે બન્યા થઇ ઇશ્વર પરસન
માટે કારણ તેજ છે જીવ વાસના જેહ
મુળ જગત પણ તેજ છે ગોપાળ સંગત કેહ,

જગતની મુળ વિષે. ચોપાઇની રાહ.

અસહ્ય દુઃખ જે તનમાં થાય, તેનું નામજ સુળ કહેવાય
વીષય વાસના પ્રીતી જેહ, સુળ થઇ સાલે છે તેહ
શબ્દ સ્પર્શ રૂપ રસ ગંધ, જગ્ત જેનાથી થાયે અંધ
સુખકર લાગે વીષયી કાળ, કરે છે હાલ બેહાલ.
વીષય ચિંત્વન સાલે શુળ, અંત મળેછે ધુળે ધુળ
ગોપાળ સંગત કરૂણા કરો, વિષયી પ્રીતી મનથી હરો,

નાસ્તિક વિષે. ચોપાઇની રાહ.

૧ ઇશ્વરની, હયાતી નથી, નાસ્તીક કહુંછું તેને કથી
૨ પરંપરા વહે છે પરવાહ, આદી અંત નથી તે માંહ

૩ કર્ત્તાની કંઈ જરૂરજ નથી, કાર્ય કારણ સૌ વહેછે મથી.
૪ પંચ ભુતના મીશ્રણ થકી, ચેતનતાની હેતુ વકી
૫ કુલાલીપાન તણી જેમ બને, મીશ્રણતાથી ચેતન બને
૬ સલાહશાંતી વર્તાવા કાજ, શાસ્ત્ર પુરાણો કરીયાં સાજ
૭ શામાટે નીયંતા લહું, આંખોમાંહય સપી રહે સહુ
૮ જગકર્ત્તા જો મુખથી કહો, તો મુજને બતલાવી દ્યો
૯ નજરે દેખું માનું જેહ, નહીતો આળપંપાળો તેહ
૧૦ ગુમાર લોક સમજાવા સહી, ભય, લાલચ, શાસ્ત્રોમાં કહી
ખોડ ખાંપણ જય યંત્રે નડે, ભાગી તુટી તે જય પડે
તેમજ મોત વિષે પણ ગણું, ઓછું અધકુ તત્વજ પણું
અથવા યંત્ર ઘસાઈ ગયું, શરીર મોત પણ તેમજ થયું
એવાં અનેક ગપોડાં કરે, તર્ક વિષે પણ કંઈ અનુસરે
વીષય વાધે રહેવા મસ્તાન, શાસ્ત્ર સંતને, દે નહી માન
તેવા જનને છે ધિક્કાર, ડુબે ડુબાવે અપરંપાર

---

૧ બુદ્ધી પ્રમાણે ઉત્તર કહું, ગોપાળ સમજી લેજે સઉ
હયાતી બાપ દાદાની ગણે, હવે નથી જે તારીકને
કાર્ય બાપ દાદાથી બન્યો, માને સૌ તે (જો) નહી અનુભવ્યો
જગત કાર્યને કર્તા હરી, નહી માને શા માટે ફરી
૨ દ્રષ્ટી ગોચર જે કંઇ હોય, આદી અંત પણ નકી હોય
મુળ ન માનું કયાંથી વૃક્ષ અનુભવીને જો પ્રત્યક્ષ
વર્તમાન દીસેછે જે અહીં વગર ઉત્પતી નહીં તે રઈ
વળી ઉત્પતી જેની હોય નાશ થાય તે નકી સોય
(માટે) પરંપરાનો પરવાહ નથી નીશ્ચે જોયું સઘળે મથી
૩ (જો) કર્તા નહીંતો કાર્ય કયાં થકું જે દેખું તું આંખો થકું
ઘડો જોઇને માન કુંભાર વૃથા ધર્યો તેં ભુપર ભાર
કાર્ય જોઇ કર્તાને માન, તે વગર નહી ફરકે પાન
૪ કારણ જડ નહી કોઇ સ્વતંત્ર કાર્ય કરવામાં સઉ પરતંગ
જડ કારણથી જગ ના બને ઇશ્વર શકતી ઇશ્વર કને
પોતે ચાહે જે કંઇ જેમ થાય તેહ તતક્ષણ તેમ
કાર્ય કારણનો નહી કંઇ ભેદ, ઇશ્વર કારણ સૌનો વેદ
૫ કાથા ચુના પાનજ થકી, લાલીપણું જયમ થાયે નકી
તેમજ ચેતનતા જો હોય, પાંચ ભુત મીશ્રણતા જોય

ચેતનતા કયં દીસે નહીં, મર્ણ પછી દેહછે સહી
મીશ્રણતાથી ચેતન નથી, જડ પ્રયોગને કેહેછે મથી
૬ સઘાં શાંતોના સારૂ શાસ્ત્ર, વળી નહી કો દુઃખને પાત્ર
હેતુ શાસ્ત્ર જો એવો હોય, પોતે પોતાનું કયં જોય
ભલે, અવરનો પુત્રજ, મરે, દુઃખ તેનું તું કયં ના ધરે
ભલે અવર ઝાનમમાં જાય, તને તેની શી હાની થાય
બિજાના દુઃખે દુઃખ નડે, શા માટે નહીં વચમાં પડે
તું તારા સ્વારથને રોય, અવગુણ શાસ્ત્ર તણા-કયં જોય
(માટે) શાસ્ત્ર હેતું શું લહેતો નથી નર્ક બતાવાઉ કેહેછે મથી
૭ નીયંતા જો જગનો નથી નીયમ થકી ચાલે શાવતી
નાનું શકડુ રાજ જ હોય રાજા રહીત ચાલે નહી કોય
ભલે પ્રજા સત્તા તે હોય, રાજ ચલાવે મુખીયો કોય
સતાઓ સૌ એકજ ધરે, નહીતો ખાતાં સઘળાં લડે
વીશ્વ સઉ નીયમમાં વસે, નીયમ થકી ઉલટું નહી ખસે
વીશ્વનાથ નીયંતા કહું, નહીતો સરખુ રહે કયં સઉ
૮ કર્તાને તું જોશે કેમ, ચર્મ આંખછે તારી તેમ
તે પણ દીધી તેની સોય, દ્રષ્ટીગોચર કયાંથી હોય
લાયક નહી તું જોવા તેહ, મહા સામર્થ્યના ઇશ્વર જેહ
વ્યહવારમાં પણ સમરથ નહીં મોટો બાદશા જોવો કંહી
અધીકાર જેનો જે હોય, દર્શણ તેનું પામે સોય
ઇતર રૈયત દર્શણ કયાં કરે, ધક્કા ખઇને પાછી ફરે
માટે દર્શણ કરવું હોય, લાયક પણું પેહેલેથી જોય
ખરા ભાવથી કરે જતન, અધકા ભાવથી દન પર દન
જગ વ્હેવારો ભુલે છેક, વીષય વાસના સઘળી ટેક
પ્રીતમ દર્શણ કરવા ખાસ, રટણ કરે જો શ્વાસો શ્વાસ
જગત પ્રપંચ દેખાયે નહી, દરબાર ખડકી ઉઘડે સહી
ભુત ભવીષ વર્તમાનિ પાપ, ભસ્મ હોવછે જયારે આપ
ત્યારે આંખો ચેતન થાય, ચેતનથી ચૈતન દેખાય
અકથ રૂપ જે ઇસ્વર તણું, સેહેલ નથી તે જોવા પણું
જોવું હોયતો કંમર કસો, મન મારી મારીને વસો
ખરા ગુરૂનો લેજો બોધ, પછી કરજો ઇશ્વરનો શોધ
અનેક ભકતને પ્રત્યક્ષ થયા, તુજ ઉપર પણ કરશે મયા

૧ માત્ર ભય ઉપજાવવાનું.

મેહેનત મજુરી કરવી નહી, બદલો માગે પોતે સહી
આળ પંપાળની વાતો નથી, ઇશ્વર પોતે કે'છે કથી
બાપ દાદા પોતાના જેહ, માને પણ તું સૌને તેહ
માને દીઠેલું કો વાર, નહી માને કયં બીજી વાર
એતે કોના ઘરનો ન્યાય, નહી માનેતો ગોથાં ખાય
માંન માંન હું કહું છું મથી, નહી માનેતો અધમા ગતી
૯ વગર ભયે બીવડાવા કાજ, શાસ્ત્રો સઘળાં કીધાં સાજ
કર્તા શાસ્ત્ર ગરજ શી હતી, હયાતી તારી પણ ન'તી
સ્વાર્થ પોતાના સારૂં કરી, ભવ દેખાડયો બીજે ફરી
સલા, સંપ સાચવવા કાજ, લાલચ દીધી લોક સમાજ
પોતાની જો સ્થીરતા હોત, તારૂં કહેવું સાચું જોત
પણ હવેતો તે કોઇ નથી, હવે સ્વાર્થ કોનો કહે કથી
તારૂં કહેવું ખોટી વાત, પ્રગટ પરલોકે છે સાક્ષાત
સ્થુળ દ્રષ્ટીથી દેખે નહી, પરલોકીની વાતો કહી
જાગતો જાણે નહી કંઇ પેર ઉંઘ્યો કરે સ્વપ્ને જે સેલ
અવસ્થા ભેદથી પડીયા જુદા ઉંઘ્યો જાગ્યો બંને જુદા
પ્રગટ પરલોક તેને દેખાય સંસાર સુઝે નહી જો કાંય
માટે ગુમાર સમજાવા નહી શાસ્ત્ર વાત છે નક્કી સહી
૧૦ ન્યુનાધીકતા તતવજ તણી કારણતા કયં મોતજ બની
મર્યું પછી પણ તેવું રહે ચેતનતા નહી તેમાં કહે
ઓછું વધતું શું ત્યાં થયું જડ રૂપ થોડામાં થયું
વળી એક કહું બીજી વાત કોગળિયું જયાં ચાલ્યું જાત
એક મરે છે જીવે એક તત્વો ત્યાં છે સઘળે એક
માટે તત્વ સ્વતંત્રજ નથી પરતંત્ર વર્તે ઇશ્વર વતી
તર્ક ગપાષ્ટક સઘળાં બેહુ નાસ્તીક જન જે કહેછે તેહુ
વીષય મદીરા પીવા કાજ મન સમઝાવને સઘળાં સાજ
વળી કહે તે લોક સમાજ ભજન સાથ શું ઇસ્વર કાજ
ભજન ન કરીએ ઇશ્વર તણું ઇશ્વર ખીજે છે કયં ઘણું
પણ સમજે નહી તે કંઇ મર્મ પોતા માટે છે તે કર્મ
ભજશે નહી તો ખાશે માર અંતે જાશે જમને દ્વાર
વળી બીજી એક વાતજ કહું પડે માંદા જો છોકરો વહુ
જોશી તંત્રી જો કોઇ મળે સાજા કરવાનું જો કળે
દોરા ચીઠી કરવા કહી સાજુ કરવા કેછે સહી

આસ્તીકપણું સ્વીકારી કરી દોરા ચીઠી બાંધે ખરી
ખરૂં હશે તો મળશે ફળ ખોઇશ નહી કંઇ જો નીષ્ફળ
પરીક્ષા એમ લેવાને ફરે-સ્વાર્થ વિષે આસ્તીકપણુ ધરે
માટે એના મનનો ધર્મ નહી માનેતો એનું કર્મ
સ્થુળ નાસ્તીકની વાતો કહી સુક્ષ્મ નાસ્તીકની કહુંછું ગઇ
એક લેખે સઘળાંને કહું નાસ્તીકપણુ સઘળામાં જોઉ
કર્ત્તા હર્ત્તા ઇશ્વર કહે પણ તે અંતરથી નહી લહે
સઘળું કહેછે ઇસ્વર હાથ પોતે ભીડેછે કયં બાથ
ઇસ્વર હાથ કરવા ચહે અણપ્રતીતી કયં તું લહે
મોઢથી કહે રામ આશરે ફરી ફરીને રૈયત્નો કં
માટ પ્રતીતી એવી કંઇ આસ્તીક જનને શોભે નહી
ખરો આસ્તીક તો કોઇકજ કોય રામ સમર્પણ જેને હોય
ગોપાળ સંગત આસ્તીક કરી ભ્રાંતી ઉપજે નહી કો ફરી

આસ્તીક વિશે છપ્પાની રાહ.

આસ્તીક માનું તેહ હયાતી ઇશ્વર માને
સત્તા સઘળી છેક એક ઇશ્વરની જાણે
કર્ત્તા હર્ત્તા એક સકળ વિશ્વને પાળે
ખાલી નહી કો ઠાંમ પવન પણ નહી કો હાલે
વળી અસાર આ સંસારથી રટણ રામ નીત્યે કરે
ગોપાળ સંગત દાસથી આસ્તીક જન છે તે ખરે

—o--

આસ્તીક માનું તેહ વાત શાસ્ત્રોની માને
સંત પુરૂષની વાત સકળપર શ્રદ્ધા આણે
આફત કાળે રામ ધર્મનું રક્ષણ કરવા
જન્મ ધરે ભગવાન ભકતજન સુખીયા કરવા
પુરાણ કથા સૌ પ્રેમથી લીલા કીધી રામ જે
ગોપાળ સંગત દાસથી સાચી માને સાવ તે

જગતના કારણ વિષે. છપ્પાની રાહ.

કારણ સઘળે એક હરી ઇચ્છા છે કારણ
'એકોહં બહુસ્યામ" એજ કારણ છે તારણ
લીલા કીધી આપ ખેલ રમવાને ખાસો
એકના થઇ અનેક વળી પોતાનો વાસો

પ્રબળ અવિદ્યા થઈ કરી અભીમાન જીવે ધર્યું
ગોપાળ સંગત દાસથી સ્વતંત્રતા સુખ પરવર્યું

અભીમાન ધરી દેહ હુંજ સુખી હું દુઃખી
વાસના ધરી અનેક હુંજ રહ્યો સૌ સુખી
પુન્ય પાપ સૌ ન્યાય ધર્મરાય થઇ ચુકવે
સીક્ષા સહે અનેક હું પણ નહી કો મુકવે
કર્મ ફળોની વાસના પ્રલયે જે રહી જાયછે
ગોપાળ સંગત દાસ થી સૃષ્ટી ફરી ફરી થાયછે

બીજું કારણ એક વળી, કહું છું તુજ ભાખી
"અભિનિમત્તોપાદાન" કારણ કહું દેઇ સાખી
કરોળીઓ જે એક જડને ચેતન બે છે
ગુંથે જે કંઇ જાળ હેતુ વસ્તુ પણ તે છે
તેવી રીતે જગ બન્યું શીવશક્તા રૂપ એકથી
ગોપાળ સંગત દાસથી શંકરમય તે કહે કથી

સ્વપ્ને જયં કોઇ જીવ સ્વપ્ન સામગ્રી તેની
અનુભવ કરે અપાર વાસના જેવી જેની
ભોક્તા ભોગ્ય પદાર્થ બનેછે પોતે આપે
પણ જાગે જે કાળ પ્રબળત તેની કાપે
તેવી રીતે માનજે પ્રલય થઈ હોવે ફરી
ગોપાળ સંગત દાસથી સકળ લિલા શ્રી હરી

પીંડ વિષે. છપ્પા ની રાહ.

પૃથ્વી પાણી તેજ વળી આકાશ ને વાયુ
પાંચ ભુત પચ્ચીસ મળ્યાથી સઘળું જાયું
કર્તા પુર્યા વાસ ઘટાકાશ જયં કહેછે
પીંડ કહે સઉ કોઇ જીવાત્મા જયાં રહેછે
વળી પીંડ સઊ તેઓજ રહે જે પડવાનો નકીજછે
ગોપાળ સંગત દાસથી શ્રેયકર સૌ ભકતીજ છે

બ્રહ્માંડ વિષે. છપ્પાની રાહ.

જગત કર્તા જે દેહ, અમાપ સઘળે જે છે
વ્યાપક છે ભરપુર મહા, માયાકૃત તેછે

વનમાં ઝાડ અનેક પીંડ બ્રહ્માંડે જાણો
એકમાં રહ્યા અનેક અંગ સૌ ઇશ્વર માંનો
જીવ રહ્યો જ્યં પીંડમાં વ્યાપક તોપણ એકછે
ગોપાળ સંગત દાસથી બ્રહ્માંડ રૂપ હરી એક છે

જગત કર્તા કયાં રહેછે તે વીશે. છપ્પાની રાહ.

વ્યાપક રહેછે જીવ પીંડમાં સઘળે વ્યાપી
વીશેશ લાગે છેક હૃદય દેશ ને નાભી
વળી વૈકુંઠાદી લોક હૃદય દેશ સમ જાણો
વીશેશ લાગે ત્યાંય ગણો શાસ્ત્રો પરમાણો
બાકી સઘળે એકછે પીંડ બ્રહ્માંડી વેશમાં
ગોપાળ સંગત દાસથી અંતર્યામી સૌ દેશમાં

નારી વિષે. ચોપાઇની રાહ.

માહા માયા જે ઇશ્વર તણી સ્ત્રીલીંગ પણ તેને ગણી
તે પછી જે નારી કહી તે સઘળી મહી આવી ગઇ
મહા મનોહર સ્ત્રીનું મુખ જોવાથી પણ થાયે સુખ
અલંકાર આભુષણ ધરી ઉભી રહેછે જયાં સુંદરી
કોણ રહે ત્યાં ધીરજ ધરી નીર્ખ્યાવીણ રહે કોણ ફરી
નજર ઠરેછે જોવા થકી, વાતચીતની શીછે વકી
કામણગારી કામ સ્વરૂપ, માન મુકાવે મોટા ભુપ
નારી બહુ વખાણે કોક, શામારે નીંદેછે લોક
નવ માસ કીધી તુજ વેઠ, સંભાળીને રાખ્યો પેટ
પ્રસુત કાળે દુઃખો સહી, નજીક મોત પણ દીઠું સહી
તોપણ જન્મ આપ્યો તુજને, અપકારી થાવું કેમ બને
બાળ પણે લીધી સંભાળ, નહીતો તું હોતે કેમ હાલ
ભીનાથી કોરામાં ધરી, આપ-સુવેછે ભીને ફરી
તારે દુઃખે દુઃખી થતી, બાધા આખડી રાખે મતી
હું મરૂં પણ જીવજે તું, તુજવીણ જીવતર મારૂં શું
અનેક એવાં કલપાંતો કરી, તારા દુઃખમાં રહેછે મરી
ઉછરી મોટો જયારે થાય, તોપણ દુર ઘડી નહી જાય
ઉમ્મર લાયક જયારે થાય, પરણાવછે તુજને માય

નારી તે વહુના રૂપ તુજને માને અધકો ભુપ
સુખ સંસારી દેછે બહુ વીષય ભોગની વાતો કહું
હવે તને સંભાળે તેહ વૃદ્ધ જુવાની કાળો જેહ
પોતાથી પણ અધકો ગણે તબીયત તારી રાખે ઘણે
સૌભાગ્યપણું પણ તારા થકી પ્રાણનાથ કહે તુજને નકી
સેવક થઈને સેવા કરે ઘર આખાની ધોંસરી ધરે
માન મરજાદા તારી થાય (નહીતો) વાંઢો રૂંડો તું કેહેવાય
છોકરાં છૈયાં મોટાં કરે નહીતો કારજ કયાંકો સરે
એવા અનેક ઉપકારો કરે શામાટે તું અપકાર ધરે
ગુણ પછવાડે ગુણજ થાય અવગુણ કરે તે નર્કે જાય
માટે નારી નીંદા નહી નહીતો કારણ ઘો મુજ કહી
ખરી વાત છે તારી સહુ પણ અવગુણ હું તુજને કહું
લાળ લીંટ સૌ મોંમાં ભર્યું લોહી માસ છે સ્તનમાં ભર્યું
યોની પેટ મળમુતર સહુ આયુષ ઓછું કર્તા કહું
સ્વભાવ નારી ને જે રૂપ માંનો અંધારો તે કુપ
કોણ વસ્તુછે તેમાં સાર વીચાર તેનો કર નિરધાર
નારી નામ છે મોહ સ્વરૂપ ચીંતન પણ છે કામ સ્વરૂપ
દર્શણ ભાષણ સઘળે કાંમ કાંમ રૂપ છે આટો જાંમ
નારીમાં જે નેહજ થાય દ્રઢ વાસના તેથી થાય
જન્મ મરણ વાસનાથી થાય વાસનામાં સૌ ગોથાં ખાય
"યામતિર્સાંગતિર્ભવેત" વાસના વાધે સંગે હેત
નીત્ય કામ જે કરવાં ખંત વાસના સુજે તેવી અંત
દ્રઢ આસકતી જેમાં હોય મર્ણે સાથે સમજેછે સોય
વીના આસકતી નારી નથી સંગવીના આસકતી નથી
માટે સંગ નારીનો જેહ જન્મ મરણનો હેતુ તેહ
નારીનાં સુખ ચીંતન કરી સંગ કરેછે તેનો ફરી
એકવાર પણ જુવે જેહ નારી ચીંતન હોવે તેહ
માટે પણ નહી લાયક તેહ એકવાર પણ જોવા તેહ
જન્મ મરણનો ભારે ત્રાસ નારીસંગ છે દુખનો વાસ
માહા માયા ઇશ્વરની જેહ અંધ કર્યા છે સૌને તેહ
માટે કોઇનું ચાલે નહી ચાલે રામકૃપા જો સહી
રામ બચાવે તો કોઇ બચે નહીતો બ્રહ્માજીને પણ પચે

માહા મોહ તણો મહીમાય ઇશ્વર તમને નમીએ પાય
કૃશ્ણાર્પણ છે મારો દેહ લાભ હાની છે તમને તેહ
જે જેવું વર્તાવો તમો પરતંત્રતાથી વર્તુ હમો
રામજી પણ છોડું નહી સંગ આસક્તીનો એવો રંગ
માટે શર્ણ તમારી લહું પાપી હું શું મુખથી કહું
માહા રાખી પ્રભુ કરજો સહાય ગોપાળ સંગત શ્રી રઘુરાય

પ્રશ્ન ૪ છપ્પાની રાહ.

પરસ્ત્રી પરધન પાપ કોણ કારણ તેનું
નીંદા ચોરી જુઠ કપટ પાપ કહે શેનું
હીંસા ઇર્ષા ગર્વ સર્વમાં પાપો શું છે
નીર્દયતા ને નેહ પાપ ઇંદ્રીનાં શું છે
વળી પાપ રૂપ સંસારછે પાપ પ્રજાળણ કોણછે
ગોપાળ સંગત દાસથી પ્રશ્નોતર આ ગૌણ છે

ઉત્તર. પરસ્ત્રી વિષે. ચોપાઇની રાહ

જેને જે હોય નારી વરી તે માને પોતાની પરી
મમત્વ બુદ્ધી બાંધી કરી માંને તે પોતાની ખરી
ભોગવશે પોતાનો કરે કંઇ આશાઓ મનમાં ધરે
સ્ત્રી રૂપછે તેનું ધંન માંન્યું જે પોતાને મન
ઘણી મેહેનતથી સાચવે તે બીજાને અડવા ના દે
પ્રાણ થકી પ્યારીને ગણે સુખ સંસારી ત્રીયા કને
એવી પ્રીતમ વસ્તુ જેહ ગ્રહણ કરે કો બીજો જેહ
નીસાસો દે તેનો ધણી તેજ લાગણી પાપજ ભણી
બળાત્કાર જયાં હોવે કામ મારા મારી પાપજ માન
લોકોમાં જે નીંદા થાય માન આબરૂ સઘળી જાય
એસી વૃત્તિ પાણ સ્વરૂપ સ્ત્રી પારકી દુઃખનું રૂપ
ચોરી ચાડી જારી જુઠ નીંદાથી લોકોદે પુંઠ
વીશ્વાસ તેનો કોઈ ના કરે અધમ કર્મને અનુસરે
રાવણ રગદોળ્યો રણની માંય ઇંદ્ર આપ બીલાડો થાય
શલ્યા થઇને અહલ્યા પડી ભસ્માસુરની ભસ્મજ જડી

લોક પરલોકે નહી કંઇ સુખ મર્ણે પછી નર્કોનાં દુઃખ
ગોપાળ સંગત સંગત કને પરસ્ત્રીથી બચાવો મને

પરધન વિષે દોહરાની રાહ.

પોતાની મેહેનત થકી પૈ પૈસો કે લાખ
કમઇ કરી જે મેળવે સંભાળીને રાખ
મમત્વ બાંધે મન થકી આશા કરે હજાર
જાણે જે સુખ માણશુ સકળ લોક જે સાર
જીવ થકી અધકો ગણી કોડી કોડી જોડ
પૈસો પરમેશ્વર ગણે પુરે મનમાં કોડ
એવાં ધંનને જે હરે મન કમને કે ભાવ
ચોરી લુંટો જે કરે નર્કે જાયે સાવ
સ્વારથ કરવા આપનો કમને આપે લાંચ
નીસાસો મનથી કરે નર્કે જાણો સાચ
ચોરીથી જે ધન હરે લોકા લોકે દુઃખ
સુખ તેનું પરવારીયું ધુળ પડછે સુખ
નીસાસોદે અતી ઘણો ધણી કરે કલ્પાંત
હાય કરે અંતર વીષે કદી પડે નહી શાંત
દુઃખ થાય તે લાગણી પાપજ સઘળું માંન
ધર્મ અર્થ કો, ના, સરે સત્યાનાસજ જાણ
લુંટયે જે ધન જાયછે અશક્ત પણાથી આપ
શરાપ દેછે મુખ થકી નકી ડસંજો સાપ
દુઃખ લાગણી શ્રાપછે માટે તે છે પાપ
પરધન સઘળું માંનજે નકી તે છે પાપ
ખરી મજુરી નેકથી (અથવા) નીષ્કામે જે દાન
તે વીણુ પૈસો જે હરો પરધન સઘળું માન
જેવું જેનું દ્રવ્યછે મતી કરે લેનાર
શુભ અર્થ ના સાંપડે નર્કે અગ્ની દે દાર
પરની ચીજ એકે નહી સુખકર લોકે સાર
ગોપાળ સંગત દાસથી નેક મજુરી ધાર

નીંદા વીષે ચોપાઇનો રાહ.

પુઠં પછાડે અવગુણ જેહ નીંદા કહેછે લોકો તેહ
મનોવ્રત્તી તેની દુખાય સુણે નીંદા જે પુંઠે થાય

તેથી પાપ ઘણેરૂં થાય નીંદક નર્કે નીશ્ચે જાય
જેની નીંદા કરવી હોય પુઠ જુવેછે તેની સોય
માણસભયને નીંદક ગણી પુંઠ કરે નીંદા બે મળી
એવો ભય માણસનો ગણે ઈશ્વરભય એક ના ગણે
તે ન સાંભળે સાંભળે રામ શીક્ષા દેછે નીંદક કામ
સકળ રૂપ છે ઈશ્વર તણાં ઈશ્વર માને પોતાપણાં
તેની નીંદા જે કોઈ કરે ઈશ્વર નીંદા છે તે ખરે
પાપ તણો નહી તેમાં પાર અંતે દુઃખના પારાવાર
સુકૃત વેગે ચાલ્યું જાય નીંદા જો મુખેથી થાય
ભુંડું ચીંતવન નીંદા રૂપ નીંદા નર્ક તણા છે કુપ
નીંદા પ્રબળ પાપ સૌ કને વીલા કોઈ તજે તેહને
ગોપાળ સંગત સગત કને નીંદા પાપ છોડાવે મને

ચોરી વીષે ચોપાઈનો રાહ

છાનું છપનું લેવું જેહ ચોરી કહેછે લોકો તેહ
સપત જે બીજાની હોય રજા વગર જો લેવે કોઈ
તે સઘળું ચોરીનું રૂપ ભલે હોય કો ભારે ભુપ
પોતાની સંપતને ગયે નીશ્વાસ ઘણી નાંખે છે હૃયે
તેથી પાપ ઘણેરૂં થાય જમપુરીમાં સેજે જાય
ચોરી વ્યાસન થાયે લોક માન આબરૂ થાયે ફોક
સીક્ષા રાજા તેને કરે સોંસરી ચોરી, નીસરે
સંગત ગુરૂ છો આપો આપ ગોપાળઉગારો ચોરીપાપ

જુઠ વીષે ચોપાઈની રાહ.

જે જેમને જેવું હોય તે છોડી કહે બીજું કોય
તે સઘળું છે જુઠજ રૂપ જુઠ રૂપ છે પાપ સ્વરૂપ
અધીકારના ભયને જોઈ જુઠું બોલેછે જે કોઈ
માણસનો ભય અધકો ગણે ઈશ્વરભય એકે ના ગણે
સ્વારથ આગળ મુકે સાન જુઠા સારૂ દે પરમાણ
એક જુઠાનું કરે અનેક પાપ વધારે છેકા છેક
જુઠાને સાચું પાડવા સત્યાનાશ કોનું કાઢવા
શેર મગદળના સાક્ષી થઈ સાક્ષી પુરે લાંચો લઈ

કલ્પાંત કરે સામાનો જીવ રાજી તે કયં થાયે શીવ
સત્યરૂપ ઇશ્વર છે આપ, ગમે નહી તે જુઠાં પાપ
સત્ય સુખ છે લોકા લોક હરીશ્ચંદ્રતો હોવે કોક
બાકી જગ જે કહે છે સાચ મન મનાવ મનની લાંચ
ખરી રીત તે ખળતું નથી વાર વાર મેં જોયું મથી
પણ એટલું જો સચવાય નીજ સ્વાર્થ માં ના બોલાય
તો પણ તે છે મોટી વાત જુઠ માફ જ્યાં હોવે ઘાત
પરનોદ્રોહ મટવા કાજ સંપ કરાવા લોક સમાજ
ઇશ્વર માફ કરેતે જુઠ, શાચુ કહેતો પૈસે ઉંટ
માટે તોલ સૌ મનમાં કરી પરમારથ સાચવવું ફરી
સાચું કહેવું સઘળી રીત, ઉલટી સમજે વાતો સીધ
બંને પક્ષ સચવાએ જાય, ઈશ્વર તેથી રાજી થાય
બાકી સ્વારથનું જે જુઠ ઇશ્વર પામે તેથી રૂઠ
જુઠુ જ્યારે આસન થાય માન મર્જાદા તેની જાય
આલોકમાં સીક્ષા થાય, રાજઓથી કંઇ દંડાય
પરલોકે દુઃખ પામે ઘણું તેથી જુઠુ પાપજ ગણું
ઘણી પ્રકારે સુજને નડે સત્ય પાળવું મુશ્કેલ પડે
ગોપાળ સંગત સાચી પ્રીત, સત્ય પળાવો સઘળી રીત

કપટ વીષે. ચોપાઇની રાહ.

કપટ અંગ છે જુઠા તણું અંદરનો વર્તાવો ગણું
ઉપરથી સમજાવે સાચ, સ્વારથ આગળ રાખે ખાંચ
એવો જે વર્તાવે કરે, કપટ માનવું તેને ખરે
સ્વારથ આગળ સુજે નહીં, અનેક પાપો રાખે મહીં
આડુ અવળુ કહેછે લોક, કરે ધર્મ પોતાનો ફોક
ભોળા લોકો સમજે નહી, ઇશ્વર તો સમજે છે સહી
છતરાયાથી દે નીશ્વાસ, ફરી ન રાખે તેની આશ
સ્વારથ કે પરમારથ માંય, કપટ કરે તે નરકે જાય
કપટ કરી જે ધનને હરે, પ્રભુ બની જે લોકે ફરે
સુખ સંસારી લેવા કાજ, છેતરેછે લોક સમાજ
ધીક ધીક એવા જનને કહુ, કપટ ભાવ જે વર્તે સઉ
મન સમજાવા સઘળી વાત, તજવું તે છે અઘરીવાત
મોહ જાળ માયાની ઘણી, માહા માય જે ઇશ્વર તણી
ગોપાળ સંગત રાખું કને, કપટ ભાવ છોડાવજો મને

હીંસા વાષે. ચોપાઇની રાહ.

મન વાણીને કાયા કરી, ઘાત કરે જે પ્રાણી તણી
હીંસા સઘળી તેને કહું બુરા ભાવ તે હીંસા સઉ
પ્રાણ જાયછે હીંસા થકી જે વહાલો છે સૌને નકી
પ્રાણ હયાતી સૌની ધરે, પ્રાણ રહીત મડદુ છે ખરે
એવીપ્યારી વસ્તુ જેહ, હરણ કરે જે લોકો તેહ
હીંસક કહે છે સઘળા લોક દુઃખ સહે તેથી પરલોક
મનો લાગણી જે દુઃખાય પાપ વળી તેને કહેવાય
હીંસા સમ બીજુ નહી પાપ સ્વાર્થ ક્રોધ છે તેનો બાપ
ત્રણે રીતની હીંસા જેહ ત્યાગ થવી મુશ્કલ છે તેહ
ગોપાળ સંગત કરજો વહાર હીંસા પાપે કરજો પાંર

ઇર્ષા વીષે. છપ્પાની રાહ.

ઇર્ષા મોટું પાપ લાભ બીજાને દાઝે
પરનું સારૂં જોઇ આપ અંતર નહી રાઝે
ઉપાય નહી કો એકો એકના સુખથી દુઃખી
ચાલે નહી કંઈ જોર કર્મ રેખ જર્યા સુખી
અનર્થ મુળ તે એક છે સ્વર્ગ લોક જો સાંપડે
ગોપાળ સંગત માનજે ઇર્ષાથી પાછો પડે

દોહરાની રાહ.

બીજાનું સુખ જોઇને મનમાં આણે દ્વેશ
હું આવો કયં ના થયો મોટું કયં છે શેશ
હું તે જો સરખા થઉં દાઝે નહી મુજ મન
એને નહી મુજને મળે તો હું થઉં પરસન
પણ ઉલટું જે આ બન્યું મુજને નહી તે પાસ
કલ્પાંત કરે જે આપથી દે છે મુખ નીશ્વાસ
બળે પોતે તે આપ છે બીજાને પણ આડ
દુઃખ બંનેને તે કરે નીંદા પાપો પાહાડ
સુકૃત ચાલ્યું જાય છે ઇર્ષ આવે પાસ
ગોપાળે ગુરૂનો આશરો શ્રી ગુરસંગત દાસ

ગર્વ વીષે. ચોપાઇની રાહ.

ઓછું વધતું જે કંઈ હોય માન ધરે તેનું જે કોઈ
તેજ ગર્વ માનીંતા ભાવ અભીમાન છે સઘળું સાવ
અભીમાન છે બેઉ પ્રકાર શુદ્ધા શુદ્ધ તમોમય જાણ
અભીમાનજે શુદ્ધજ કહું, ગર્વ રૂપ તેતે નથી લહું
તે તો છે એક નીશ્ચય રૂપ અભીમા નહીન તેનું રૂપ
(પણ) અશુદ્ધ રૂપ જે છે અભીમાન તમો ગુણ જેમાં પરધાન
તે માનું હું પાપ સ્વરૂપ અનર્થ મુળ છે તેનુ રૂપ
ગર્વ ધરી પોતાની માંય સૌથી ઉચો મનમાં થાય
પોતાને જાણે સૌ શ્રેસ્ટ બીજા સઘળા માંને હેઠ
એમ ગણી વહેવારો કરે આડો અવળો જગમાં ફરે
એમાં જો કોઈ આડો પડે, તો તેની સામો તે લડે
જોર પ્રમાણે જીતી જાય, તોપણ ગર્વ ન આઘો થાય
ગરીબ લોક સંતાપે ઘણું દુઃખ ભોગવવું નર્કો તણું
અભીમાનની શી કહું વાત સુકૃત સઘળું એળે જાત
હું દયાની છું દાની ઘણો જપી તપી જ્ઞાનીમાં ગણો
ચાર વેદનો સમજુ મર્મ સઘળા સમજે છે તે ભર્મ
અભીમાન એવું જ્યાં થાય બારે વાટે સઘળું જાય
દુર્યોધન કીધું અભીમાન સો ભાઇની કીધી હાણ
રાજ પાટ પોતાનું ગયું વળી મોત પોતાનું થયું
રાવણ રાજા લંકા તણો અભીમાન વાધ્યોતો ઘણો
કુળ સર્વનો લાવ્યો હાણ પોતે રઝળ્યો પથ્થર પહાણ
ગોપાળ સંગત કહું શું અમો ગર્વ થકી છોડવજો તમો

નીર્દયતા વિષે. ચોપાઇની રાહ.

બીજાને દુઃખાતો જોઇ મનથી પીગળે નહી જે કોઇ
દયા રહીત વર્તવો થાય નીર્દયતા તેને કહેવાય
દયા મુળ છે ધર્મજ તણું દયા રહીત અધર્મજ ગણું
ભલે ઉપાય એકે ના બને શકતી દ્રવ્ય તણી નહી કને
તો પણ અરે એક ઊચરે જો પોતાથી કંઇ ના સરે
તો પણ તે મોટું પુન્ય નહીતો નીર્દયતાની ધુન

દયા ખરી જે હૃદયે વસે દયા ઉપર જે મોઢે વસે
દયા નહીતે અદયા કહું ખરી દયા તો મનમાં લહું
માટે મોઢાની જે વાત ખરી પડાવો મનથી બાથ
ગોપાળ સંગત ગુરૂની મયા સર્વ ભાવ પળાવો દયા

સ્નેહ વિશે. ચોપાઇની રાહ.

પ્રીતી અંતરથી જે થાય સ્નેહ નામ તેનું કહેવાય
હું મારૂં જે ઠામે વસે સ્નેહ ઘણો તે સઘળે થશે
હું મારાનો છુટે થાપ સ્નેહ કરે શું તેને પાપ
હું મારૂંને વીષયા પ્રીત સૌને ઘેરે સ્નેહ ખચીત
અંતર સ્નેહ વાસો જ્યાં કરે દ્રઢ વાસના તેથી ખરે
જન્મ મરણ છે વાસના થકી તેથી કહું છું દુઃખની વકી
દુઃખ ફળ છે પાપજ તણું માટે સ્નેહને પાપજ ગણું
"સ્નેહ મુળાનિ દુઃખાનિ" સ્નેહ રહીત છે ચીંતામણી
ઉપર છોડે છુટે નહી અંતર છોડે છુટે સહી
ગોપાળ સંગત એવું કહે સ્નેહ તજી ઇશ્વરને લહે

ઇદ્રિનાં પાપ વીષે. ચોપાઇની રાહ

પાંચ કર્મને પાંચે જ્ઞાન દશ ઇંદ્રીયો છે પરમાણ
પાદ શિશ્ન પાણિને વાક ગુદા ગણી કર્મેંદ્રી રાખ
શ્રોત્ર ત્વચા ચક્ષુ નેઘ્રાણ જીહવ્યા ઇંદ્રી જ્ઞાને માન
દસ ઇંદ્રીના દસ વેપાર મન મસ્તાનો સઊમાં ધાર
તે સઘળાનાં પાપો જેહ વીસ્તારીને કહું છું તેહ
આવન જાવન આઠો જામ પાદ કરે જે સઘળું કાંમ
વીના ધર્મ વેપારો જેહ પાપ રૂપ માનું હું તેહ
૨ સ્ત્રિ ગમનનો જે વેપાર જરૂર વીના જે અધકો ધાર
ધર્મ અર્થ તેથી ના સરે પાપ રૂપ માનું તે ખરે
૩ લેવા મુકવાનું જે કામ હાથ કરે છે સઘળે ઠાંમ
પરમ અર્થ જો હોવે નહી સેવા પુજા પણ કોનહી
પુન્ય દાન એકે ના કરે ઉલટી હીંસાઓ જો કરે
તે સઘળું છે પાપ સ્વરૂપ કર્મેંદ્રી પાણી જે રૂપ
૪ વાક ઇંદ્રી વાણીને લહું રામ કૃષ્ણ જો મુખથી કહુ
નહીતો પાપ ઘણાં તેહનાં ડીંદા ચાડી જુઠા પણાં
હીંસા ક્રોધ ઇર્શા સઊ અભીમાન પણ મુખથી કહું

પં.પાન પાન સૌ અતીશે કરી મળ ત્યાગે જે આખો ફરી
એમાં નહી કો પુન્યનું કામ પાપ રૂપ કહું તેનુ નામ
૧ હરી નામ ને હરીના ગુણ સાંભળવા કાનોનું પુન્ય
નીંદા-જુઠ વેચારીક વાત સાંભળવું તે પાપજ ભાત
૨ ગુરૂ ઈશ્વરના ચર્ણે સ્પર્શ પુન્ય-રૂપ છે સૌથી સર્સ
સ્ત્રી આલીંગન સઘળું થાય પાપ રૂપ તેને કહેવાય
ગુરૂ ઇશ્વર સંતોનાં જેહ દર્શણ કરવાં દુર્લભ તેહ
૩ એવાં દર્શણ ચક્ષુ કરે વીષયી દર્શન પાપો ખરે
૪ સુંઘવાની આસક્તી કરી ભમરો પામે મોતજ ફરી
માટે ધ્રાણ છે પાપ સ્વરૂપ રામ અર્પ્યું સૌ પુન્ય સ્વરૂપ
૫ તાજા તીખા સ્વાદો કરે રામ રસ જે સ્વાદો પરે
સ્વાદ રામરસનો ના ધરે વિષયી સ્વાદો સૌ કોકરે
તે સઘળું છે જીભ્હા પાપ ગુરૂ છોડાવો આપો આપ
નને આધરે સઉ રહે સકળ ઇંદ્રીઓ મનથી લહે
મન છોડે તેમાંથી કોઇ, વિષય કરે શું તેને જોઇ
ગોપાળ સંગત કરૂણા કરો, ઇંદ્રી જન્ય પાપે સો હરો

પાપ બાળનાર વીષે. ચોપાઇની રાહ.

મન વાણી ને કાયા થકી સદૈવ પાપોની છે વકી
ક્ષણ ક્ષણ પ્રત્યે થાતું જાય વગર પાપ નહી એકે જાય
પરમ અર્થ નહી સાંધ્યો જાય વળી પાપ પણ તે કહેવાય
સાર વસ્તુ સંસારે નથી પાપ રૂપ સૌ કહે કથી
તે સંસારી સઘળાં પાપ બાળી નાંખે ઇશ્વર જાપ
નારાયણના નામજ થકી પાપ ભસ્મની સઘળી વકી
સુર્યનારાયણ અગ્ની રૂપ પ્રચંડ અગ્નીનું જે રૂપ
પ્રલય કાળ તક ભસ્મજ કરે અનંત શકતી આપે ધરે
એવા નારયણ જે હરી ઉપમા તેની શું કહું ફરી
નામ માત્ર પણ મહીમા ઘણો અજામેલ પાપી જે ઘણો
નીમીશ માત્રમાં ઉદ્ધાર કર્યો કોણ કર્મે તે ગજને કર્યો
નારાકણનું નામજ એક બસ્મ કરેછે પાપો છેક
મહા મંત્ર છે એકજ નામ જાપ કરે જો આઠો જામ
પાપ રૂપ છે આ સંસાર પાપ પ્રજાલણ નારણ ધાર

રટણ નામ નીષ્કામે કરે નારાયણ તે ઉરમાં ધરે
ગોપાળ સંગત દીન દયાળ જાપ કરીને પામો બાળ

પ્રશ્ન ૫ છપ્પાની રાહ.

રાજા રામ ને કૃષ્ણ પ્રભુ સમે કય પેખે
મુર્તી પથ્થર રૂપ ઇશ્વર સમ કયં લેખે
ઇશ્વર સઘળે વ્યાપ્ત શરીર નહી કો તેને
ભક્ત કારજ કેમ થાય દર્શન કયાં છે તેને.
વળી ત્યાગ સકળ સંસારનો શાસ્ત્રો કહેછે લોકથી
રામ ખેલ આ કયં રચ્યો ગોપાળ સંગત કહે કથી

ઉત્તર. રાજા રામ અને કૃષ્ણ વીષે. ચોપાઇની રાહ

રામ કૃષ્ણ રાજાઓ થયા મુખે કહે જે નહી અનુભવ્યા
રાજા સમ વર્તવો કર્યો કઇક જીવનો ઓદ્ધાર કર્યો
અવીધાકૃત જીવોના દેહ રામ કૃષ્ણ માયાવી દેહ
આગળ પાછળ સુજે નહી જીવ ભાવ તે સઘળો સહી
માયા રહે ઇશ્વર આધાર બાધ કરે નહી માયા થાપ
સદા સર્વદા જાણે આપ લેશ રહે નહી માયા થાપ
ઘડી પાલકની જાણે વાત ઇશ્વર પોતે જે સાક્ષાત
કર્ત્તા હર્તા હોવે જેહ ઇશ્વર કહેછે લોકો તેહ
ચમત્કાર એવા બહુ કર્યા માયા શકતીને અનુસર્યા
ભક્ત જનોના ભાવે કરી અંશ કળાથી જન્મો ધરી
પ્રગટ થયા પુરૂષોતમ રામ કંઇક ભકતનાં કીધાં કામ
જેણે જેવું માગ્યું હતું તેને તેવું દીધું હતું
અનેક લીલા કીધી આપ વળી રહ્યા પોતે નીષ્પાપ
કંઈ જીવોને દીધો બોધ ખરો તાવનો કીધો શોધ
વળી રૂપ પોતાનું જેહ પ્રગટ બતાવ્યું ભકતો જેહ
અનેક વે'વાર કીધા હરી માહા માયાથી લીલા કરી
અસંગ પોતે આપે રહ્યા પ્રભુ સમા તે જાયે કહ્યા
સકળ રૂપ છે ઇશ્વર તણું સોનામાં જેમ હોવે કડું
સકળ વસ્તુ જો ઇશ્વર રૂપ રામ કૃષ્ણ કયં માને ભુપ.

રામકૃષ્ણનું લીધે નામ બળી જાય છે પાપ તમામ
ગોપાળ સંગત ગુરૂનો યંત્ર રામ કૃષ્ણ છે મોટો મંત્ર

મુર્તિ વીષે. ચોપાઇની રાહ

યાદ લાવવા વસ્તુ કોઇ ઉપમા બીજી મુકે જોઈ
કાષ્ટ પથ્થર કે ધાતુ રૂપ મનમાં માની શકતી અનુપ
અરૂંધતી તારાને ન્યાય મુર્તી રૂપે તે કહેવાય
અરૂંધતી જ્યાં નજરે પડે, કાંમ નથી કો બીજા વડે
તેવી રીતે ઇશ્વર મળે મુર્તી રૂપે ઇશ્વર ફળે
ચેળ ભમરીની રીતી જેહ સૌ લોકોને માલમ તેહ
ચેળ ભમરીના ચીંતન વડે ભમરી થઇ પોતે નીવડે
જે શકતીનું કરીયે ધ્યાન ખરા ભાવથી કરીયે માન
તદ રૂપ તેનું ફળ થાય ઇશ્વર પદ સેજે દરસાય
વળી એક છે બીજી રીત પાંચ ગુણો સઘળામાં સ્થીત
'અસ્તી''ભાતી''પ્રીયજ' પણું 'નામ' 'રૂપ' વીણુ નહી કો અણુ
એ સઘળું છે સૌમાં એક નામ રૂપ છે માયા ટેક
ત્રણે ગુણ ઈશ્વરના જેહ સઘળે ભાસે એકજ તેહ
જેથી ઇશ્વર વ્યાપક વદે મુર્તીથી જુદા છે કદે
સઘળે વ્યાપક એક અનુપ મુર્તી ક્યાંથી જુદુ રૂપ
સઘળે વસે મુર્તી કયં નહી માટે મુર્તીમાં પણ સહી
સઘળે વ્યાપક તે છે સહી પણ વીષેશતા મુર્તી મહી
સામાન્યપણાને સમજે કોઇ યાદ ન લાવે વસ્તુ જોઇ
વીષેશ પણે જ્યાં વસ્તુ હોય ભાન પડે સૌ કોને જોય
ભાન કરાવા ઈશ્વર વાત મુર્તી માની છે સાક્ષાત
દેખા દેખીથી પણ થાય રામ નામ મંદીરમાં ગાય
વીષય ભોગ જ્યાં ઘરમાં થાય રામ નામ નહી ત્યાં કેવાય
ચમત્કાર છે મુર્તી તણો રામનામ જે મુખે ભણો
ભાવ થકી ફળદાતા થાય ગોપાળ સંગત સેવા માંય

ઇશ્વર વિષે. ચોપાઇની રાહ.

સર્વદેશી સૌ શાસ્ત્રો વદે એક દેશી ઇશ્વર નહી કદે
અમુક નથી કો તેનો દેહ વીરાટ રૂપ છે એકજ તેહ

તો પણ હું કહું સાંભળ વાત વ્યાપક તડકો સઘળે જાત
આગિઓ કાચ ધરે જ્યાં કોઇ વીશેશ પણે ત્યાં બાળે સોઇ
વ્યાપકતા સૌ સરખી રહે વળી વીષેશથી રૂને દહે
તેમજ વીરાટ રૂપે રહી કાર્ય કરે છે ભકતો સહી
વળી એક કહું બીજી રીત સાંભળવાથી હોય ખચીત
સત્તા વ્યાપક રાજા કોઇ સલાહ વર્તે સત્તા જોઇ
પણ જ્યાં જાગે બંડા બંડ લશ્કર લઇ જઈ દેછે દંડ
બીજે સત્તા રહે આબાદ કાંઇ ન પોચે ખામી ખાદ
વળી એક છે ત્રીજી રીત વ્યાપક જીવ શરીરે સ્થીત
અંગો અંગ જુદા છે સહુ જીવ ભાવ તો એકજ લહુ
એક અંગમાં વાગે કહીં બીજું સહાય કરે છે સહી
વ્યાપક જીવ રહ્યા આબાદ વીશેશ થઇને પકડયો પાદ
ઈશ્વર એમ પોતાપણ ગણી વાહાર કરે છે ભકતો ભણી
દુર્જન લોકો કરવા નાશ જન્મ ધરે પોતે અવીનાશ
પોતે પોતા રૂપે રહે વિષેશપણાથી જન્મો ધરે
અધર્મ કાઢી સ્થાપે ધર્મ નીષ્કામતાથી જોડે કર્મ
અકળ શકતી છે માયા હરી કોણ કલ્પના તેની કરી
માટે રૂપ ધરીને રાંમ ભકતજનોનાં કીધાં કામ
ખરો ભાવ જો જોશે રાંમ ભકતી જો કીધી નીષ્કામ
ગોપાળ સંગત કરૂણા કરી દર્શણ દેશે તુજને હરી

રામ રચના વીષે. ચોપાઇની રાહ.

શાસ્ત્રો કહે છે સૌને કથી સુખ સંસારે એકે નથી
સંસાર ઉલટો હેતુ દુઃખ ત્યાગ કરીને પામો સુખ
સત્ય વચન છે શાસ્ત્રો તણાં મર્મ વાકય છે તેમાં ઘણાં
મનના ત્યાગે ત્યાગજ ભણ્યો ઉપરનો સૌ દુઃખનો ગણ્યો
ભલે સંગ ઉપરનો રહે મનમાં નહી તો શું તે દહે
ઉપર ત્યાગ ને અંતર મન વાંસના નહી છુટે કોઇન
અંતર વાસના વળગી રહે જન્મ મરણ દુઃખ તેથી લહે
ખરો ત્યાગ જો અંતર થાય દુઃખ ત્યાગી ને સુખીઓ થાય
બેઉ પ્રકારની સૃષ્ટી બની એક જીવ એક ઇશ્વર તણી

જીવકૃત તે દુઃખ હેતુ ગણો હું મારૂ જ્યાં પોતાપણું
હું મારૂં જે રાખે નહી કોણ દુઃખ તે થાયે સહી
ઇશ્વરકૃત જે શ્રષ્ટી કહી રતીભાર દુઃખ હેતુ નહી
ભલે મરે જો કોઇનો પુત્ર અથવા કો ભાગે ઘરસુત્ર
પોતાનું જ્યાં માન્યું નથી દુઃખ બીજાને થાતું નથી
વાસના હું મારાની જેહ દુઃખ હેતુ છે સઘળી તેહ
માટે કરવી વાસના ત્યાગ શાસ્ત્રો કહેછે સૌનો ત્યાગ
ત્યાગ સકળનો નહી કો બને ઓછું અધકું સૌની કને
કાર્ય માત્રતો સૌની કને જગત છોડી કયાં જાવું બને
ભલે ઉપાધી વળગી રહી કોણ દુઃખ જો અંતર નહી
ધન્ય પુરૂષ જે એવા થયા ખરા ભાવથી વનમાં ગયા
ધન્ય વળી તેવા નર જેહ વીના વાસના વર્ત્યા જેહ
વેવાર જગમાં સર્ખા વહ્યા અંતરથી નીરાળા રહ્યા
માટે અંતરનો જે ત્યાગ ખંરૂ સુખ છે મોટાં ભાગ્ય
એવો ત્યાગ કરાવા કાજ શાસ્ત્રો કહેછે લોક સમાજ
માટે બાધ નડે નહી કોઇ ત્યાગ કહ્યો જે શાસ્ત્રો સોઈ
વળી ખેલ આ જગનો જેહ સર્વ કહ્યો જે આગળ તેહ
તો પણ કંઈક કહું આ જગે જેથી શાંતી તુજને લગે
મોજ પોતાની ધરીને હરી અનેક રૂપ માયા વીસ્તરી
એક શીવથી જીવજ થઇ અનેક રચના કીધી સહી
જેમ જેમ આગળ વધતું ગયું હું પણ તેમાં આવી ગયું
કરૂં કર્મ ને ભોગું ભોગ વાસનાઓના કીધા હોગ
તેથી જગ આ ચાલ્યું જાય ઉપજે ખપે ને પાછું થાય
વીના વાસના નહી કો કાળ શમ ખેલ છે હાલો હાલ
પુર્વ વાસના જીવો જેહ જગત કરાવે પાછાં તેહ
હર્ખ શોક નહી ઇશ્વર વીષે વાસના એકજ કારણ દીસે
ગોપાળ સંગત મોટું ભાગ્ય સકળ વાસના મનથી ત્યાગ

ગ્રંથ સમાપ્તી વીશે દોહરાની રાહ.

અનેક શંકા જગ વીશે ઉપજે ને થાય લીન
સમાધાન મનથી કરે ભ્રાંતી થાયે ક્ષીણ
પાર નથી શંકા તણો સમાધાન નહી સાર

સંશય સર્વે છેદીને ભજલે જ ધાર
ખોળ્યામાં ખોવઈ જશે કરવાનું જે કામ
માટે શંકા પરહરી ભજલે રામ નીષ્કામ
શંકા સૌ હર્તા હરી અંતર મન જો ભાવ
સમાધાન પોતે કરે અંતર્યામી સાવ
લોકો શંકા દુર કરી અભીમાન ધરી આપ
તેમાં તારૂં શું વળ્યું રામ કર્યો નહી જાપ
અનેક શાસ્ત્રો જગ વીશે અનેક કર્તા બોધ
અનેક કર્તા ગ્રંથના અનેક કર્તા શોધ
તત્વ શોધી કંઈ તારવે અકલ ધરે આકીન
તોપણ તેથી શું થયું રામ ભજન નહી લીન
માટે ગ્રંથ ગાવા થકી વીરામ કર ગોપાળ
તારી તે શી ગણતરી મનને પાછું વાળ
વળી શીખ છે તુજને શ્રી ગુરૂ સંગતિદાસ
રામ ભજન તે અધીક છે કવીતા કરવા પ્રાસ
માટે સમેટી સઉ કરી રામ ભજન મન જોડ
કૃષ્ણ ભજન કર પ્રેમથી નહીતો હારીશ હોડ
પંદર દીવસ પુરા કરી ગ્રંથ કર્યો તૈયાર
કવીતા કરવી બંધ કર ગુરૂ શીખામણ ધાર
ખોટ નથી કો જગ વીશે ગ્રંથ તણા ભંડાર
રજા હવે તું પુર્ણ કર સંગત શીખ વરનાર
અમદાવાદ ખાડીઆ વીશે દેસઇની જે પોળ
ઘર સેવકનું આવિયું બીજું ડાભી ઓળ
પ્રભુરામ પીતા થકી ગોપાળ થઇ ઉત્પંન
શ્રી ગુરૂ સંગતિદાસને ગુરૂ ગ્રહ્યા મેં મન
નાનક વંશ ઉત્પન થઇ તરણતારણમાં વાસ
અમ્રીતસરની પાસજે પંજાબ દેશે ખાસ
ભક્ત જનોના ભાવથી વળી ભક્તો કારણ આપ
પ્રગટ થયા મુજ તારવા સંગત ઇશ્વર આપ
ઇતી ધર્મ વીચાર સંપુર્ણ. શ્રી કૃષ્ણાર્પણ મસ્તુ.

અથ વૈરાગ શતક સંક્ષેપ.

છપ્પાની રાહ.

ગણપતી ગીરજા તંન, સુત શંકરના કહીએ
પ્રણમી પ્રથમે પાગ, ગ્રંથ આરંભને કરીએ
સરસ્વતીની સહાય, ગ્રંથ કરવાને લેઇએ
દેવી દેવની દયા હોય તો પારજ પડીએ
વળી દેવી કાર્ય દયા વીના, પુરણ ક્યાં હોવે કહે
વાસ વસો રસના વીશે, દેવી દેવ દયા નીધે
ભર્થરી ભારે ભુપ, ભર્તખંડ એક બનીઓ
પીંગળા પોતા તણી, તન મન ધન તે ગણીઓ
અશ્વપાળ જે એક, તેને તે રાંણી મોહી
ગુણકા ગુણની હાણ, ફળ અમૃતનુ લેઇ
રાજા ભર્થ આગળ ધર્યું ગુણકા અમર શું કામની
અમર જો આપે થયા (તો) ભીતી ભાગી ગામની
અચરજ લાગ્યું અર્તો, ભ્રાંતિ રાજાની ભાગી
સાર રહિત સંસાર ગણી પીંગળાને ત્યાગી
ભણ્યો શ્લોક વૈરાગના શેવા ઉર શંકર લીધી
ગીરજા ગૌરી નાથ, નાથ અનાથ દયા નીધી
જ્ઞાની ગુણીને અજ્ઞ, ત્રય, જાત પુરૂષની જાણો
જ્ઞાની ઇર્ષા ગરક, ગુણી અહંકારી માનો
અજ્ઞ ન જાણે કશું કંઇ, બોધ ન લાગે તેને
એ ત્રણે પુરૂષની માંહ્ય, કેવું મારે તે કોને
શ્રોતા વકતા આપ થઇ, ભણ્યો ભર્થરી મનને
શીખામણ દીધી ઘણી, સુણો જનો સૈ તેમને

—:o:—

દોહરાની રાહ.

સકામ કર્મ એકે નથી, સુખકર લોકે સાર
મહાન પુણ્યનું કર્મ પણ, પુનરાવૃત્તી ધાર

૧ તરવી દોહલી, નીજ મત કહું છું માન
પૃથ્વી પર્વત ખોદીયા, કર્યા કીમીયા ખાંણ
સમુદ્ર નીચે નીકળ્યો કર્યો મસાણે વાસ
તોયે તૃપ્ત થઈ નહી (માટે) તું જા બીજાની પાસ
પવન ભક્ષ છે સર્પનું ઘાસ પશુનું જાણ
માણસ ભક્ષણ કારણે બુદ્ધિ વૃત્તી માણ
નીચ પુરૂષની સેવમાં, સહન કર્યું મે અપાર
આંસુ ધારા આંખમાં, દુઃખના પારા વાર.
હાસ્ય સહ્યું મે ઉર વીશે, રાખી મનમાં ધીર;
તોયે હે આશા હજુ, નીષ્ફળ રહી તું ચીર,
સુર્ય ચદ્રના વેગથી, રાત દીવસ વહી જાય;
આયુશ ઓછુ થાય છે, કાળ ઘણેરો જાય
જન્મ જરાને દુઃખ સહી, અંતે આવે મર્ણ
તોયે ત્રાસ થતો નથી, મોહ મદીરા વણ
ભુખ ભાગવા કારણે, સહ્યાં દુઃખ અનેક;
ગદ્ગદ વાણીથી કહ્યું, ટુકડો આપો એક
ઈચ્છા ભોગ શિથળ થઈ ગયો, પુરૂષથા છેક;
સુહૃદ મીત્ર મરી ગયા, જીર્ણ થયો હું છેક.
આંખે કંઈ સુજે નહી, થર થર ધ્રુજે કાય.
તોયે હે દેહી હજી, કયું ન ભજે જદુરાય;
સારા સાર વીચારથી, ભવજળ તરવા કાજ.
બુદ્ધિ બળને વાપરો, કહે છે ભરથર રાજ;

——:o:——

રાગ પ્રીતમના મૈનાની ચાલ.

સંસાર સાર અસાર છે, છુટવા ન કર્યું જતન.
ધ્યાન હરીનું નવ થયું સાલે ઘણું રે તે મન. સંસાર.
ધર્મ ધરી સ્વર્ગ ના લીધું, ન કર્યાં પયોધરપાન;
નારી પદ્મણી ના ભોગવી સ્વપ્ને પણ નહી ભાંન. સંસાર.
હાય સમો સૌ વીતી ગયો, પશ્ચાતાપ અતી ધાર.
માતાનું જોબન કાપવા, ધર્યો જન્મ મેં સાર ટેક
ભોગો વળી ભોગવ્યા નહી, ભોગ્યો ગયોરે હું આપ.
તપ ન કીધુંરે મે તન થકી, ઉલટો તપી રહ્યો આપ.
કાળ તો કંઇ વીત્યો નહી, વીત્યું આયુશ જાન.

તૃષ્ણા તો જીર્ણ થઇ નહી, જીર્ણ થયાં મમ ગાત ટેક
ક્ષમા કરી પણ સકામથી, નહી નિષ્કામ કીન;
સુખ ભોગોનું મેં ત્યાગીયું નહી શંતોષ લીન ટેક
તાઢને તાપ સહન કર્યા, નહી તપ કરી લેશ.
ધ્યાન ધર્યું મેં ધન તણું, શંકર ધ્યાન ન લેશ;
કર્મ એવાં મુનીઓસમાં કર્યા કર્મ અપાર
સકામે સર્વે વહી ગયાં કર્યા તપ મુની ધાર. સંસાર.
દૈવ આધીન સંસાર છે દેવ દાનવ માન
માણસ તે કોણ માત્ર છે, માનો દૈવ બળવાંન ટેક
ત્યાગ સરવમાં એક છે, ભોગો ત્યાગીએ આપ
પરમ પદારથ પાંમીએ; વાંમે સકળ સંતાપ ટેક
ભોગો જો ત્યાગે આપને, દેછે દુઃખ અનંત
તેથી કરી ભોગો ત્યાગજો, લેજો ભકિત ભગવંત (સંસાર. ટેક)

—:o:—

ચોપાઇની ચાલ

વીવેક લેઈ જો શાંતી વરે, તૃષ્ણા તરૂણી ધર્ડ઼ી કરે
ત્યારે સુખ આવે છે ધાય, જે સુખ ઇંદર લેવા ચાંય
ભીક્ષા ભોજન વીણ સ્વાદે કરે, એકવાર વળી દીનમાં ભખે
ભુતળ સાથર સોવે કોઇ, શેવક જન નીજ ઇંદ્રી હોઈ
જીરણ વસ્તર જીરણ ગોદ, તો પણ વીશય ન ત્યાગે મોદ
નારી સ્તન છે માંસ વીકાર, કળસ કનક જે ઉરમાં ધાર
લાળ લીટીનું મુખછે સ્થાન, ચંદ્ર વદન તે ઉપમા જાણ
જંઘા જેમળ મુતર ખાંણ, હસ્તી સુંઢ તે ઉપમા જાણ
નારીમાના નર્ક પોટલો, કવીએ કહી વાળ્યો ઓટલો
ભુખ ભાગવા વનફળ ખરાં, પાણી પીવા મીઠાં ઝરાં
સુઇ રેહેવાને પૃથ્વી સાર, વલકલ અંબર છે તૈયાર
આવી સામગ્રી છે ઘણી, શા માટે હું જાચુ ધની
એકે જગતને ઉત્પન્ન કર્યું, બીજાએ પ્રતીપાલન કર્યું
ત્રીજે તૃણવત દીધું દાંન, પોતે નવ માન્યું અભીમાન
આજ કાલના પૃથ્વીપતી, મદ રાખે તે કેવી મતી

દોહરાની રાહ.

એક રાજા સાથેનો સંવાદ

તું રાજા તવ રાજ્યનો, હું રાજા ગુરૂ સેવ
તું અભીમાની રાજ્યનો, બુદ્ધિ રાજ્ય મમ દેવ
તું પ્રસિદ્ધ વૈભવ થકી, હમ પ્રસિદ્ધ કવીયો કરે
હું તું ભેદ ઝાઝો નહી, ભેદ પર લોકે બહુ ધરે.

છપ્પાની ચાલ.

માટીનો એક પીંડ તેવી પૃથ્વીને માનો
આશ પાશ ચોતરફ જળે વીંટેલો જાણો
તેમાંનો કોઇ ભાગ ભાગના ભાંગજ બનીયા
તેમાંનો કોઇ એક એકના રાજા બનીયા
વળી રાજા રાજાઓ લઢે ટુકડા પૃથ્વી કારણે
તેને જા જાચન કરૂં (તો) ધિક ધિક મુજ અવતારને

દોહરાની ચાલ.

નટ ભાટ એકે નથી, નથી ગાન કરનાર
પરદ્રોહી બુદ્ધિ નથી, નથી, અસ્ત્રી કુચ ધરનાર

હરીગીત છંદની ચાલ.

હતિ વિદ્યા પુર્વના કાળમાં, સંસાર તરવા સાધના
વળી તેજ વિદ્યા થતી ગઇ, સુશ વિષય દેવા સાધના
હવે તેજ વિદ્યા નવ ગણે, કો કાળનો મહીમા ગણો
અધમથી સૌ અધમ થાયે, અસ્ત કાળ ન દુર ગણો
ધન્ય માંનો તેમને જે જીવત આખું ગાળતા
શિવશંભુ શંકર દેવતા, ને સેવતાં પ્રાણાંતતા

રાગ ભેરવી ગજલની ચાલ.

તમને રાજા કહે જોઇ રાજની લક્ષ્મી
અમે રાજા છીએ ગણી વાણી અમારી લક્ષ્મી
તમે સૂર કહાવો જીતી દેશ પરદેશા
અમે સૂર છીએ મન મારી રહ્યા હમેશા

કરે સેવા તમારી લોક ગણી ને રાજા
સેવા કરે હમારી મુમુક્ષુ થવાને કાજા
મારે માનો નહી જો તમો હમોને કાંઇ
માનીએ હમે પણ નહી કણક જો રાઇ
હમે ભીક્ષા માગી ભરણ હમારૂં કરીએ
વળી દીગાંબરનું વસ્ત્ર શરીરપર ધરીએ
અમે નીંદર લેઇએ ભુતળ સેજ સમારી
શુ કાંમ ધનીકની ગરજ રાખવી ભારી

ડુમેલા છંદની ચાલ.

સેવક જોબન ધંન ગયે, વળી બંધુ ગયે માન ભ્રષ્ટ થએ જો
હેમ ગીરી અને ગંગ કીનારે, ભુમી પવીત્રમાં વાસ કીયો જો

ચોપાઇની ચાલ.

વનફળ ખાઇને જીવે સાર, શેન ભોવન પથ્થરને ધાર
એવાં સાધન શાંતી કરે, શિવ ભક્તો તે નિશ્ચે ધરે
ઉપરામ વ્રત્તી જેની થઈ તેને ઘર વન સરખું સહી
કમળ પત્રનું બીંદુ જેમ, પ્રાણ પોતાનો અસ્થીર તેમ
સમજયો એવી સઘળી ધેર, તોપણ ગયો ધનીકને ઘેર
જાચન કીધી કરી વખાંણ, પાપ કર્યાં મેં ખાણો ખાંણ
ગણ્યો નહી કંઇ કાળનો વેગ, દૂર દશાઓ દિઠિ અનેક
અરે ભાઇ મેં ભારે ભુપ, દીઠા એવા કંઇક અનુપ
રાજ સભાઓ ભરી બેસતા, સુંદર સ્ત્રીઓમાં માલતા
સેવક મીત્તર પુત્રો બહુ, નામ માત્ર રહ્યા તે સહુ
અહો જુવો એ દેવ મહીમાય, કાળ તમોને નમીએ પાય
માતપીતા જે જન્મ આપીઓ, તીત્તર બંધુ હતો સાથીઓ
તેતો સૌ કાળને વશ થયા, અને હમે એકલા બાકી રહ્યા
નદી કીનારે ઉગ્યુ તરૂ, દિન દિન પ્રત્યે સુતુ ખરૂં
આયુશ સમજો એણીપેર, મર્ણ આવશે કરશે કેર

પ્રીતમનો મૈનાની ચાલ.

સરખા રહી, સંસારમાં, સર્પ અને પુષ્પહાર
શત્રુ અને વળી મીત્રમાં, મણી લોહને ધાર, સરખા.

પુષ્પ પથારી પથ્થર વીશે, તરણું તારૂણી એક
એમ સમાન દ્રષ્ટી કરી, દીવસો ગાળુ એ ટેક.　　સરખા
શિવ શિવ શિવ શંકર કહી જાપ કરતો રે જાઉં
એવા દીવસો ક્યારે આવશે, જપી શીવમાં સમાઉં.　સરખા
ગંગા તીરે શિલાગીરી તણી. પદ્માસન ધરી ધ્યાંન
યોગ નીંદ્રાને ધારણ કરી, છોડું દેહ અભિમાન.　　સરખા
હર્ણાં પોતાની ભીતી તજી, વળી ધસેરે શરીર
એવા શંકર કરતા દીનો ક્યારે ગાળુરે હું ચીર.　　સરખા
ચંદ્ર પ્રકાશે ધોળું કર્યું ગંગા ત્રઠ ગીરી પાહાડ
ભોગો ભોગીને સંસારના, ઉપજ્યો વીણ આડ.　　સરખા
આતુરતાથી ઉચ્ચારતો, શિવ શિવ હે શીવ સાર
એવા દીવસો ક્યારે આવશે હે રૂંઢમાળ ધરનાર.　　સરખા
સંસાર સઘળો ખોળી જોયો દીઠો પુરૂષ ન એક
વીશય હાથીને જે વશ કરે મન માર્યુંછે છેક.　　સરખા
દેવ મોટા માહાદેવછે, ગંગા સરિતા છે સાર
ગીરી ગુફાને ઘર ગણી, દીગાંબર વસ્ત્ર ધાર　　સરખા
કાળ રૂપી મીત્ર માનીને, શાખા વડ અસ્ત્રી જાણ
એવી સામગ્રી તૈયારજો, જાચન કરે કયમ જાણ.　　સરખા
મારા દિવસો જે આગલા, દુ:ખકર લાગેરે ભાઇ
સ્વપ્ના સમુ સઉ વહી ગયું, અચરજ લાગેરે ભાઇ.　સરખા
શુદ્ધ વિદ્યા કો ન સાંપડી, ધ્યાન ધર્યું મેં ન ધીર.
માતપીતાને પોખ્યાં નહી, દોષ દીધો મેં વીર　　સરખા
જોબનવતી નવ ભોગવી સ્વપ્ને પણ કંઈ ચીર
કાગ સમુરે જીવીત કરી, સુકૃત કીધું શું વીર.　　સરખા
ભુંડ વિષ્ટા ભોગો ભોગવ્યા સાલે ઘણીરે તે પીડ
એવી નહી ભવ પારથી, યોગી આનંદ વીર.　　સરખા.
સંસાર સાવ અસાર છે, વૈરાગ લેઇનેરે મન
શરણ જઇ શિવ એકને, ગાળુ હર હર દમ　　સરખા

ચોપાઇની ચાલ.

તમે રાજા છો ધનથી તોષ, તૃષ્ણા એજ દરીદર સોશ
ફેર નહી સંતોષે માન, તૃષ્ણા એજ દરીદર જાણ

મન ગમતો જગમાં વિચરે, ભીક્ષા ભોજન સાધુ ફરે
શાસ્ત્ર શ્રવણ છે શાંતિ સાર, વીષય ત્યાગ થયો ભવપાર
આ સઘળુ ફળ આપ્યુ કોણ, મોટા તપનો ઉગ્યો ભાણ
વીચાર એવો કરીએ ફરી, દૈવ દયા મુજ ઉપર કરી

દુમીલાની ચાલ.

કર પાત્ર ધરી ભીખ અન્ન લઇ, દીગઅંબર રૂપી જે વસ્ત્ર ધર્યું છે
ભુતર સેજ સમારી કરી, ગત સંગ કરી મન શાંત થયું છે.
ધનધાન્ય કહો સઉ લોક તમે, જેણે કર્મનું મુળ ન મુળ કર્યું છે
ધન આતમ યોગી જે ત્યાગી થઇ, થયા બ્રહ્મ પરાયણ સુખ લહ્યું છે

ચોપાઇની ચાલ.

ચંચળ ચીત વાળા સૌ રાજ, પરસન કરવા અઘરૂં કાજ
સેવા સ્વામી સેવક કરે, તોએ રાજીપો નવ ધરે
વીશાળ આશા વળગી રહી, જરા અવશે જલદી સહી
આવે મોત ન લાગે વાર, હવે સખા તું તપને ધાર
ભોગો ચંચળ દામિનિ વેગ પરપોટા સમ આયુષ છેક
નાશવંત માની સંસાર યોગ કરીને સીદ્ધી ધાર
ભીક્ષા માગી ભરવું પેટ, જેમ તેમ ઉતારો વેઠ
ધનધન એવા જનને કહું, ધીક ધીક દીન સંસારી લહુ

છપાની ચાલે

કોઇ કહે ચંડાળ, કોઈ બ્રાહ્મણમાં લેખે
કોઇ કહે એ શુદ્ર કોઈ તપસી રૂપ દેખે
કોઈ કહે યોગીંદ્ર, તત્વ બુદ્ધીને પામ્યો
સુખ શાંતીને વરી, દુઃખ સંસારી વામ્યો
વીવીધ પણે જગ બોલતું, તોષ કોપ તે નવ ધરે
ધન ધન એવા પુરૂષને, જે નિવૃત્ત યોગે વરે

ચોપાઇની ચાલ

ભવ બંધન તુટયાં જેમનાં, વિષય સર્પ પામ્યા તેમના
શરદ ચંદનિ રાત્યો જેહ, વનમાં વીચરી ગાળે તેહ
શરણુ લેઇ એક ચીત્તજ તણું, સુકતમાં જે લાગ્યું ઘણું
દોષ રહીત ભીક્ષાને ભખે, ધન ધન એવા યોગી સખે

ઇંદ્રીયજન વીશયનાં સુખ, તજો જનો માની તે દુઃખ
નાશવંત માની સંસાર, નીત્ય ભાવ ઇશ્વરમાં ધાર
અહો ! પ્રીયે તું થા તૈયાર, ખા વન, ફળ, ભુ, સેજ, સમાર
વલકલ વસ્ત્રમાં પ્રીતી કરો, પુણ્ય પવીતર વનમાં ફરો
કરો અગોચર વનમાં વાસ, નીચ ધનીક ન આવે પાસ
ધનીક શબ્દ કાને નવ પડે, એવા વનમાં જા તું ખરે
અરે ચીત તજ મોહ સંસાર, જટા ધાર શિવ પ્રીતી ધાર
સંગ કરો ગંગા તટસાર. સ્વર્ગ મોક્ષ પામે નહિ વાર
ગાંન તાન આગળ જો થાય કવીઓથી મન રંજન થાય
મદન મોહના ચામર કરે, ભલે સુખ સંસારી ધરે.
જો એવું સુખ પામો નહી, નાહી, તો નિર્વીકલ્પ સમાધી સહી
અરે બુદ્ધ તું મનથી જાણ, ક્ષણભંગુર અસ્ત્રી સુખ માન
ઉપરાંમ વૃત્તી તેથી કરો, બુદ્ધિ તરૂણી મૈત્રી ધરો
નારી નવ ઉગારે નરક, શીવ ભકિતમાં થાને ગરક
માતા લક્ષ્મી મુજને છોડ, હું ન ભજું બીજાને જોડ
ઇચ્છા ભોગ તણી નવ ધરૂં નીસ્પૃહીને શું તું કરૂં
પવિત્ર પાન ખાખરનું લઇ, વૃતી ભીક્ષા કરીએ સહી
મહાદેવનો કરીએ જાપ, ભવ તારણ છે આપો આપ
ભ્રાત પુત્રની વાતો કહું, હુંતે તું ને તુંતે હું
વેરાગી થઇ લીધો ભેખ, પડીઆ જુદા હું તું છેક
અરે બાળા શું મુજને જુવે, નીરમુળ કામ કર્યો છે હવે
મોહ હમારો સઘળો ગયો, કામ તજી નિષ્કામી થયો
તારણ સમ તરૂણી હું ગણું, મેં લીધું છે સાધુ પણું
કટાક્ષ કેમ મારે છે મને, જંપ જંપ શું કહેવું તને
મનહર મંદીર વસવા ઘણાં, સાંભળવા ગાયન નહીં મણા
પ્રાણ થકી પ્રીય લાગે પ્રીયા, સુખ સંસારી પુઠે ત્રીયા
પણ ચંચળ એ સઘળુ સુખ, દીવો જેમ પતંગને દુઃખ
એમ વિચાર કરીને રહ્યા, સંત પુરૂષો વનમાં ગયા.

રાગરામગ્રીની ચાલ

કંદ ખુટયાં શું કંદર વીશે, પર્વત પાણી કયાં સુકાય
વલકલ ખુટયાંરે શું વન થકી, વૃક્ષો એફળ કયાં થાય. કદ ખુટયાં
નથી રે ખુટયાં નીર નદી તણાં, નહી ફળ મુળ કંદ
કેમરે જાચો ધની નીચને, ધનથી થાય તે અંધ કંદ ખુટયાં.

હીમ ગીરીની શીતળ શીલા, ઠંડી ગંગાથી એક
એ સઘળું ક્યાં જતું રહ્યું પ્રીતી પરધન છેક. કંદ ખુટયાં.

પ્રલય અગ્નીની જવાળા થકી, મેરૂ બળે છે જે વાર
સાગર નીર સુકાઇ ગયે, થાય મચ્છ નીરાધાર. કંદ ખુટયાં.

ધરા ધર પાદ ધરઇ ધરા, અંત પામેછે રે આપ
શરીર મનુષ્યની શી કહું, ચળીત સઘળું છે બાપ. કંદ ખુટયાં.

સંગ રહીત ને નીસ્પૃહ બની, બની થયો એક શાન્ત
કરી કર પાત્ર દીગંબરી, કરૂં કર્મનો અન્ત. કંદ ખુટયાં.

એવો સમય ક્યારે આવશે, હે શીવ શંકર બાપ
દીવસો મારા શંકર કરૂં, રાત્રે જપુ તવ જાપ. કંદ ખુટયાં.

શું થયું લક્ષ્મી મળ્યા થકી, શત્રુ દાબે શું પાગ
માન દીધાંરે સેવક જને, જીવ્યા કલ્પ અથાગ, કંદ ખુટયાં.

શું થયું કંથા જીરણ ધરે, અથવા સુંદર વસ્ત્ર
શુ થયું ગજ ઘોડા થકી, અથવા એક પત્નીવ્રત. કંદ ખુટયાં.

ભાત ભાતનાં ભોજન કરે, અથવા કર્યે વાળુ માત્ર
બોધ પ્રત્યક્ષ જે બ્રહ્મનો, અથવા ભણ્યે જુદાં શાસ્ત્ર. કંદ ખુટયાં.

એ સર્વે તોલે નવ ગણો, શંકર ભકતી જે સ્નેહ
જન્મ મરણ ભય જે ગણે, બંધુમાં નહી નેહ. કંદ ખુટયાં.

કામ વીકાર જેને નહી, સંસર્ગ દોષનો નાશ
નીર્જન વનમાં વાસો વસે, રાખે વેરાગની આશ. કંદ ખુટયાં.

અજર અમર જે અનંત છે, બ્રહ્મ પ્રકાશ સ્વરૂપ
દેવ અશાસ્વત માનિને, ચીંતવન કરો શીવરૂપ. કંદ ખુટયાં.

ચોપાની ચાલ.

અરે મંન તું મનથી મેલ, ચીતને ચંચળતાથી ઘેર
પળમાં ચીત આકાશે જાય, પળમાં ભુતલ દુર પલાય
પળમાં ફરી વળે ચોદશે, બ્રહ્મ લહી શાંતી ના વસે
ગોપાળ ગુરૂ તણી જો મ્હેર, ચીત થાકીને બેસે ઘેર

ચોપાની ચાલ.

અજ્ઞાની જંતુ ઘણા, ઉદ્યમ કરી અપાર
રાત દિવસ નિષ્ફળ કરે, કરી વે'વાર હજાર
વારવાર દુઃખો વહી, મોહ ધરે સંસાર
લજ્યા કેમ કરે નહીં, મોં સમ કોણ ગુમાર

પથારી પૃથ્વી કરી, હાથ ઓસીકું સાર
ચંદર ને દીવો ગણી, વૃત્તીને ગણી નાર
યોગેશ્વર રાજા સમે, લે છે સુખ અપાર
સાર રહીત સંસારને, જ્ઞાન કરે છે છેક
ત્રણે લોકનુ રાજ્ય પણ, જ્ઞાની ચહે ન એક
એવા વીધીવત જ્ઞાનથી, તજો ભોગ મતી મંદ
આસન વસ્તૃ માંનમાં, કરે પ્રીતી જન અંધ
ધર્મ અર્થને, કામની, વિધિ કર્મ વ્રત દાંન
વેદ પુરાણે વાત છે, કર્મ સકામે માંન
પુણ્ય થકી સૌ સાંપડે, સ્વર્ગ લોકમાં વાસ
પુત્રાપ્રુતી થાય છે, થયે પુણ્યનો નાશ
બંધન જન્મ મર્ણ તણું, તુટે નહી કો કાળ
બ્રહ્મજ્ઞાન વેદાંતથી ભસ્મ થાય જંજાળ
વ્યાપક ઇશ્વર એક છે બ્રહ્મ કહે તે માટ
કુંદન કહુ તે એક છે એક તણા સૌ ઘાટ
જોબન ધન આયુ ગણો, ચપલ મનોરથ જેમ
વિજળિ ચમકાર સમે, વિશય તણું સુખ તેમ
આલિંગન અસ્રી તણાં રહે નહીં બહુવાર
માટે ભવ તરવા વીશે, બ્રહ્મ ચીંતનને ધાર
લોભ કદી પામે નહીં, પુરૂષ વીવેકી ભાઇ
યત્ન કરે બ્રહ્માંડ પણ, ડગે નહી રતી રઇ
સમુદ્રમાંની માંછલી, તરફડ કરે અપાર
સાગર કદી ચળે નહીં, ત્યમ જ્ઞાની બ્રહ્માધાર
ચીનય જોતા જગતને, અંધ ગન્યાથી કાંમ
તે દેખું હું બ્રહ્મમય, શત્રુ મીત્રને ગાંમ

રાગ પ્રીતમના મૈનાનો.

જ્યાં લગી સ્વસ્થ શરીર છે, વ્યાકુળ રહીત છે રોગ;
ઘડ પણ ઘેરે ન તન વિશે, ઇંદ્રી શકિતના જોગ. જ્યાં લગી
આયુશ ક્ષીણ થયું નથી, સઘળો બની રહ્યો જોગ.
આત્મા પોતાનો ઓદ્ધાર કરવા ઉદ્યમો યોગ. જ્યાં લગી.
ઉદ્યમ નિષ્ફળ તે માનવો, કુવો ખોદવો લાહ્ય
શરીર અશક્ત થયા પછી, શંકર ભજ્યા નહી જાય. જ્યાં લગી.

જન્મ ધરીને સંસારમાં, અભ્યાસ વીદ્યા નહી કીન
સુર થઈ જસ ના લીધો, છેદી શરીર હસ્તીન. જ્યાં લગી.
અમ્રત પાંન જે કાંમની, ચાંદનીમાં નહી લીન
વ્યર્થ જોબન તેનું માનવું, શુન્યઘર દીવો દીન. જ્યાં લગી.

ચોપાઇની ચાલ.

સ્થળ એકાંત યમીને યતી, મુકત રૂપ હોવે જે વર્તી
તેજ એકાંત પ્રગટાવે કાંમ, મદમાતી જો આવે ધામ
તેવી રીતે એકજ જ્ઞાન, નાશ કરે છે મદને માંન
અજ્ઞ જનો મદ માંની કરે, સમ વિશમ અધિકારે ફરે
અનીર્વચની આખો સંસાર, સારો નરસો શો વીચાર
કોઇ જગા વીણા ગુલ્તાન, રૂદન હાય કરે કો સ્થાન
સુંદર સ્ત્રી હોવે કો જગે, ઘર્ડી બુઢીયાં વળી કો જગે
જ્ઞાન વીદ્યા ચર્ચા કો ઠાંમ, મદિરા મત્ત લહે કો ગાંમ
સારૂં નરસું સઘળે ઠામ, સ્થીર નહી તે કોને કાંમ
અમૃત ઝેર કહ્યું નવ જાય, દ્રઢ માને તે ગોથાં ખાય
મંન મનસુબા જીરણ થયા, ગઇ જુવાની ઘરડા થયા
શૌર્ય આદી જે દેહના ગુણ, ગુણી વગર જુવે તે કોણ
શુરો કાળ આવ્યો ઝટ માંય, કરવો મારે કોણ ઉપાય
શંકર ચર્ણ સેવામાં મતી, તે વીણ બીજી નહી કો ગતી
મધુર સુંગધી જળનું પાંન, તરસ ભાગવા જળ નીદાન
ભુખ ભાગવા ભોજન કરે, કાંમ સમાવા સ્પર્શજ કરે
ઉપાય એ સૌ રોગો તણા, લોક ગણે સુખોની મણા
સંગત સંગ તજો સંસાર, ભવસાગરની પેલે પાર

લલીતની ચાલ.

નીજ સ્વરૂપમાં રમણ જો કરૂં
સ્વર્ગ આશને કદિ નહીં ધરૂં
ગુરૂ વચન ધરી, કર્મને કરી
ગંગ જળ થકી, સ્નાનને કરી
પુષ્પ પવીત્રથી પુજન જો કરૂં
ગીરી ગુફા વીશે ધ્યાનને ધરૂં
જન સેવા તજી દુઃખને હરી
દીવસ આહારા નીર્ગમું હરી

દોહરાની ચાલ.

વિપત્તી પીડા થકી કુટુંબ દયાથી હીન
ગંગા સરીત સેવે નહી, તે જન બુદ્ધિ હીન
મંગળ ભાસે મર્ણ જો, કાશીક્ષેત્રે થાય
કરે ત્યાગ કાશી તણો અબુદ્ધિ તે કહેવાય

રાગ ચોપાઈની ચાલ.

સેવા રાજાની ચીત્ત ત્યાગ, વિશ્વેશ્વર કાશી અનુરાગ
વીધી દુઃખ દે અપરંપાર, પુનરાવૃત્તી વારંવાર
કામારી વિષ્ણુ છે એક, (તોપણ) મમ ભક્તિ શંકર વિશેખ
શંકર ભકત હોવે જે કોય, કાંમ ફરે શું તેને જોય
ધનુંષ તારૂં પીડા શી કરે, કોયલ શબ્દ શું કાને નડે
સુંદર બાળા શું તું કરે, મારૂં ચીત શંકરને ધરે
ભકત યોગી સુખે વીચરે, શતખંડી કાપીનો ધરે
ભીક્ષા માગી ઉદરને ભરે, મશાણ ભુમી વાસો કરે
શત્રુ મીત્રમાં સરખો ભાવ, એકાંત સેવે ઇશ્વર ભાવ
અરે ભાઇ ભોગેને જાણ, ક્ષણ ભંગુર વીશયોને માંન
વીશય ભોગ માનો સંસાર, વીશય તજીને સુખને ધાર
આવાગમન તેં કર્યાં અપાર, નીવ્રત થઇ શાંતીને ધાર
ઉપાય કામ હરવાનો કરો, આત્મારાંમ એકાગ્રે કરો
ધન્ય ગણું હું તેવા જન, બ્રહ્મધ્યાંન જે હોવે મન
ધીક માનો તેને સઉ કોઇ, ક્રીડા વંન કરે છે મોહી
ધીક ધીક છે તેનો અવતાર, વૃથા ધર્યો ભુ ઉપર ભાર

છપ્પાની ચાલ.

મર્ણ ગળે છે જન્મ, જરા જોબનને ઘેરે
ધન ઇચછા સંતોશ, અસ્ત્રી શાંતીને હેરે
દ્દેશ ગુણો ને ગળે, સર્પ વન પૃથ્વી ઘેરે
દુરજન ઘેરે રાજ, ધૈર્ય ચંચળતા હેરે
(એમ) એકની પુઠે એક છે, રીપુ વીના કોયે નથી
સંગત સાચા માનીને, ભજન કરો સૌ ભાવથી

ચોપાઈની ચાલ.

મનમાં વ્યથા શરીરે રોગ, નાશ કરે આરોગી લોક
લક્ષ્મીને આપત્તી નડે, મ્રત્યુથી સૌ એ ખડબડે
માટે નામ તણો છે નાશ, નાશ રહીત માનો અવીનાશ
સુખ નથી સંસારે કયાંય, નીશ્ચે જોયું મહીતળ માંય
મળ મુત્ર ગર્ભાશય દુઃખ, સ્ત્રી વીયોગ ભુવનમાં દુઃખ
જરા, અનાદર, સ્ત્રીનું, દુઃખ, સંગત શીવ ભજ્યાથી સુખ

ચોપાઈની ચાલ.

સો વર્ષ આયુ નીરમાણ, પચાસ નીદ્રાનાં પરમાણ
જરા બાળપણનાં પચવીસ, પચીસ માને પૈસો ઈષ્ટ
વ્યાધી રોગ તણો સંયોગ, દુઃખ સહે કુટુંબ વિયોગ
જીવતર સઘળુ ચાલી જાય, હરશેવા સ્વપ્ને ના થાય
જ્ઞાની કનક કામની તજે, ધન્ય ધન્ય ઇશ્વર જે ભજે
ધીક અમારું જીવતર જાય, ધન ઇચ્છા પુરી નય થાય
જરા વ્યાઘ્ર સમ આવે સહી, શત્રુ રોગો દુઃખને દેઇ
ફુટયો ઘટને વે'છે નીર, આયુશ ઓછું થાયે ચીર
અહો અચરજ તે મોટી વાત, વીરૂદ્ધ કર્મ કર્યા કયં જાત
વ્યસન થાય જે ભક્તી બ્રહ્મ, છાંડે જે બુદ્ધીનો ભ્રમ
સ્ત્રી ભાષણ સ્ત્રી દર્શણ થકી, કોણ પ્રયોજન મૈથુન થકી
ધન્ય ગણો તેનો અવતાર, પર ઉપકારે જન્મે સાર
ભાર સકળ પૃથવીનો સહ્યો, એવો કુર્મતો એકજ થયો
ખગ મંડળ નીયંતા સાર, એકજ તારો મુને ધાર
જીવતર વ્યર્થ ઇતર જન તણું, જેમ ધુલર ફળ જંતુ ઘણા
ભવસાગર જો તરવો હોય, તજો જનો ત્રીયા સૌ કોય
ઠગાઇ ગયો ઇંદ્રીયો થકી, તે માટે હુ નીંદુ નકી
જરા કરેછે દુર્બળ તંન, નાશ કરેછે સુખના દન
આંખે કાને ઓછો થાય, મરજાદા સહુ દુર પલાય
ધણીઆંણી સેવા ના કરે, છોકરો થઇ દુસ્મનમાં સરે
ખેદ તણી છે મોટી વાત, વ્રદ્ધપણું વણ સાડે ગાત
નટ બાજીગર જેવો ખેલ, ગેબ થાય ખુટયે દીવેલ
જરા જુવાની બાળક પણું, પલકે રહીને થાયે ફનુ

મહાદેવ, દેવોના, દેવ, તેની કરવા ધારૂં સેવ
ચંચળતા મારી સઉ ગઈ, શાસ્ત્ર વીચારે શાંતી લહી
સંકલ્પ વીકલ્પ સઘળા ગયા, ભરથરી એછે શીવની મયા
ભય ગણવો ભોગોમાં રોગ, ભ્રષ્ટપણું તે કુળનો રોગ
દ્રવ્ય વીશે રાજા ભય ઘણો, માય વીશે ગરીબી તણો
બરવીશે શત્રનો ભય, રૂપ વીશે ઘડપણનો ભય
શાસ્ત્ર તણો ભય વાદે ગણો, ગુણીજનોમાં ખળનો ગણો
કાયાને ભય છે કાળનો, નીર્ભે એક વૈરાગજ ગણો
શ્રી ગુરૂ સંગતનો પરતાપ ટાળે જે ત્રીવીધના તાપ
ગોપાળ પ્રણુ કવીતા કરી, સુણો જનો સૌ હેતજ ધરી
અમદાવાદ દેશાઇની પોળ, બીજુ ઘર છે ડાભી ઓળ
પેટલાદ પુરૂ છે ગામ, પુર્ણ કર્યું આ તેણે ઠામ
ભરથરી ભુપ ભણ્યો વૈરાગ પદ કર્યું નીજમત અનુરાગ
ગીરધર બાપુલાલ દલાલ, ત્રીકમજી જગજીવનનુ વા'લ
સ્નેહ કરાવ્યો રૂડી પેર. કવીતા કીધી સેલ
પણ શીખામણ ગુરૂની ધરી, હરી ભજનમાં પ્રીતી કરી
હર સમરણ છે મોટી વાત, સૌ પુરૂષારથ આવી જાત
હેત કરીને રૂદિયે ધરો, માથા ફોડો દુર કરો
સંગત પુરો મનના કોડ, જય જય બોલો શ્રી રણછોડ

ઇતી વૈરાગ શતક.

શ્રી કૃષ્ણાર્પણ મસ્તુ.

અથ મણીરત્નમાળા.

રાગ પર્ભાતીઆની ચાલ.

ગણુપતિ દેવનુ પ્રથમ સમરણુ કરી, મણી અને રત્નની માળ ગાઉં
સરસ્વતી માતને હાથ જોડી કહું, બુદ્ધિ દેજો મને જોગ માગું
શરણ ગુરુ તણી હરી હર જોગણી, નાવ પકડે તે ભવ પાર જાણો
બંધ તે જાણવો વીષય પ્રીતી થકી, પ્રીતી વીણુ હોય તે મુક્ત માનો
હુંપણું દેહમાં નર્કનું રૂપ છે, સ્વર્ગનું રૂપ તે ત્યાગ તૃષ્ણા
આત્મ પરમાત્માનો બોધ જેણે લીધો, જીતી સંસાર ને સુખ માણ્યાં
અંતર બોધ તે મોક્ષ હેતુ ગણો, નર્કનું બારણું નારી સમજો
પ્રાણુ હીંસા તજે સ્વર્ગને પામશો, ત્યાગી હીંસાત્મ દાતાર ગણજો
સુખે સુતો ગણો સમાધી જે કરે, જાગતો જાણજો વીવેક જેને
શતરૂઓ માનજો ઇંદ્રીઓ વીશયની, મીત્ર પરમાણજો રહીત એને
દરિદ્રી જાણવો તૃષ્ણા જેને ઘણી, શ્રીમંત માનવો સંતોશ જેને
ઉદ્યમ રહીતને મૃતક જીવતો ગણો, આશાના ત્યાગ વીણુ સુખ કોને
હું અને માહરૂં એજ બંધન ગણો, કેફ તે માનજો લલીત લલના
આંધળો માનવો મદન વશ જે થયો, મ્રત્યુ વશ તે થયો અપજસ જેના
ગુરૂ તે સમજવા બોધ પરલોક દે, શીષ્ય કર્તૃત્વ છે ગુરૂ સેવા
રોગ મોટો ખરો સંસાર રૂપ જે, શ્રીગુરૂ માનવા વૈદ્ય જેવા
હું અલ્યા કોણુ ને મારૂં છે શું અહીં, તત્વ વીચાર ઔષદ્ધ તેનું
આચરણુ શીયળ તે ઘરેણું માનવું, જાણવું તીર્થ મન શુદ્ધ જેનું
કનક ને કામની ત્યાગવા જોગ છે યોગ છે શ્રવણુ ગુણુ વેદ ઘોષા
મુક્તિ હેતું વિષે પોળીઆ ચાર છે, દયા સત્સંગ સુવિચાર તોષા
સંત તે માનવા પરમ વૈરાગી જે, મોહથી રહીત શીવ તત્વ જાણે
તાવ ચીંતા ગણો પ્રાણુ લેનાર જે, શુન્ય વીવેક તે મુર્ખ જાણે
ભક્તિ શિવ વિષ્ણુની કર્મ કરવા વીશે, દોષથી રહીત થઇ જન્મ ગાળો
વિદ્યા તે જાણવી બ્રહ્મ વીદ્યા વડી, બોધ તે જાણવો મુક્તિ વાળો
આત્મ પરમાત્મને જાણવો લાભ છે, જગત જીત્યું જેણે મન જીત્યું
ઝેરમાં ઝેર છે સમગ્ર જે વીષય તે, વિષયની પ્રીતીથી સુખ ફીટયું
ધન્ય તેને કહો ઉપકાર પર ચહે, પુજવા યોગ તત્વવીબ્ધ માનો
પાપ ને સ્નેહ તે યોગ કરવા નહી, યોગ તે વેદ અધ્યયન જાણો

તેજ વિજ્ઞાન છે નારિથી જે બચ્યે, હેડને બેડી તે નારિ .સમજો
દીવ્યવ્રત માનજો કપટથી રહિત જે, કોમળતા મૃદુલતા વૃત્ત ગણુજો
નારિ પ્રપંચ તે ગુહ્યથી ગુહ્ય છે, ત્યાગ નવ થઇ શકે ખોટી આશા
મુર્ખ તે જાણુવો વીધા જેને નહીં, હોય મુમુક્ષુ સત સંગ વાસો
મુર્ખને પાપિજો ખળ તથા નીચને, ત્યાગ જો સંગ મુમુક્ષુ થાવા
ભકિત મમતા રહિત સંગ સત્સંગથી, મુમુક્ષુને નીત્ય હરિ ગુણુ ગાવા
જાચના જન વિશે મુળ નાનમતણું, પ્રભુ પદ યાચના મુળ મોટું
જનમ્યો તે જાણવો જન્મ ફરી ના ધરે, મ્રતક તે માનજો મ્રત્યુ ખોટું
મુંગો તે માનજો યોગ બોલે નહીં, ગુરૂ વચન ના સુણે બેહેરો જાણો
નારિની જાતની પ્રતીત કો નવ કરો, શીવ અદ્વૈતને તત્વ માંનો
ઉત્તમ સૌ થકી માનજો સદાચરણ, નવ કરો કર્મ કે શોક પામો
કામ ને કંસના વેરી શિવ વિસ્નું જે, પુજવા સમ ગણી દુખ વામો
શતરૂ મોટા ગણો કામ ને ક્રોધ જે, લોભ તૃષ્ણા અને અસત્ત વાણી
તૃપ્તી જે વીશયની નવ થાએ કદી, દુઃખનું મુળ મમત્વ કહાંણી
કથન કિર્તારનું મુખ્ખ શોભા વડી, સત્ય તે માનવું હિત્ત પ્રાણી
ત્યાગ સ્ત્રી માત્રનો સુખનું રૂપ છે, આપવા યોગ છે અભયની વાંણી
મંન મરવા થકી મોક્ષપદ સાંપડે, મુકતી નક્કી થએ ભીતી ભાગે
શલ્યને બોજ તે મુર્ખતા નિજ તણી, યોગ જે વૃદ્ધ ગુરૂ સેવા પાગે
મન વચન કાયથી સમય પ્રાણાંતમાં, ચીંત્વન યોગ છે રામ રામા
ખોટી જે વાસના સંતના ચોર છે, યોગ વીદ્દાન શોભા સભામા
શાંતીનુ સુખ છે બ્રહ્મ વિદ્યા થકી, અધીક વીદ્યા થશે દાંન કીધે
મોહ સંસારનો લોક અપવાદનો, સંતજન હોય તેણે ભય ગણવો
બંધુ તે જાણવા સાહ્ય દુઃખમાં કરે, પાલણા કરે તે માબાપ ગણવો
રૂપજે સુખ છે શાંતને બોધ છે, તત્વ તે શીવ છે પાર બુદ્ધી
જગત વ્યાપક હરી બ્રહ્મ રૂપે ગણી , જગત જાણ્યું જેને તત્વ બુદ્ધી
લોક પરલોકમાં જાણજો દુર્લભ, સદ્દગુરૂ સંગતી બ્રહ્મ વીચાર.
બ્રહ્મના બોધથી ત્યાગ સર્વે થશે, અજીત વળી કામ જે રહીત છે પાર
વેદ અધ્યન કરી બોધ જે નવ ધરે, નવ કરે ધર્મ નર પશુ માનો
નારિને જાણજો અમ્રત વિખ સમુ, મિત્ર પરિવાર પણ શતરૂ જાણો
જોબન ધન વળી આયુને માનજો, ચલીત જેમ વીજળી ઝબક થાએ
યોગ્ય સુપાત્રને આપવું દાન છે, નીશિક્તા નવ કરો પ્રાણ જાએ
યોગ્ય પ્રાણાંત છે માનસી પુજન જે, શિવ શિવ શિવ કહી પ્રાણ ખોવા
કર્મ તે માનજો પ્રેમ પુશ્કળ કરે, પ્રભુ પદ પ્રીતીથી ગુણ ગાવા

અસત સંસાર ગણી આસ્થા કરવી નહી, મા'રૂં કરે મિથ્યા મરવા
ખોટો આ ખેલ સંસારનો સમજજો, ચીંતવન શીવ હરદમ કરવા
શ્રી ગુરૂ સંગતીદાસની મ્હેરથી, દાસ ગોપાળ મણીરત્ન ગાઇ
સાંભળે જે શીખે સેવ તવ આપજો, જાનકી નાથ જનક જમાઇ

ઇતી મણી રત્નમાળા સંપુર્ણું.

શ્રી કૃષ્ણાર્પણમસ્તુ.

અથ ધર્મ વિનોદ.

ગણપતીની સ્તુતી.

ભેરવી ગજલની ચાલ

(જીને આપકું જોયા નહીં જોગી હુવાસો કયા ભયા.)

ગણ પતી ગિર્જા નંદ છો, આનંદ ધન સુખ સાહ્યક
કર્તા મંગળ દુઃખ હર્તા, દેવ છો અતિ લાયક
પરથમ તમોને વંદીને, આરંભ કરશે કામ જે
પરીપુર્ણ તે નિશ્ચે કરો, ગત વીઘન રહીત કલેશ જે
ગજ આનંદ ઉમીઆ નંદ છો, ઉંદર જે વાહન કરો
હસ્તિ વદના ગજન હંતા, દુંદાળ દુઃખ દુર કરો
તમે દેવ આદી દેવ છો, યોગેશ ધારે ધ્યાનમાં
ગોપાળસંગત જો કરે, તો મતિ દ્યો ગુણ ગાનમાં

સરસ્વતીની સ્તુતી રાગ ઉપર પ્રમાણે

સરસ્વતિ માતા હાથ જોડી નમન કરૂં હું આપને
અતિ વીમળ કરજો દુઃખ હરજો, સુપ કરજો સર્વને
તમે આધશકિત ઇશ્વરી છો, બ્રહ્મને બ્રહ્મ રૂપીણી
તમે અથ રસના મમ વસો, દેવી હે નારાયણી

દોહરાની ચાલ. ગણપતિ સ્તુતી.

ગણપતિ ગીરજા સુતને, વંદુ વારંવાર
બળ બુદ્ધિ દેજો મને, હરજો દુઃખ નીવાર; ૧

મંગળકારી દેવને, સંભારે જે વાર
નિર્વીઘ્ન હોય તેહને, કામ આદર્યા સાર ૨
અલ્પમતિ જાણું નહી, કાવ્ય તણો કંઈ સાર
નહી પીંગળ ને છંદ નહીં, ગદ્ય પદ્યનો પાર. ૩
કેવળ પ્રેમ હુલાસથી , કાલાંવાલાં કાજ
એ કુકોના બોલહી, રીઝાવું મહારાજ ૪
તમે આદ્ય તમે ઇશ છો, પરથી પરમેશ,
માયાનીજ સ્વિકારીને, રચ્યો ખેલ બહુ બેશ . ૫
તો પણ માયાતીત છો, કોવીદ જાણે ભેવ
ભેદ જાવા કારણે, ધરે, ધ્યાંન યેગેશ ૬
અગમ અગોચર આપછો, મનનો પણ નહી વેગ,
મંદમતી શું વીનવે જ્યાં ત્યાં એકાએક. ૭
અનંતનામી એક છો, અનંત રૂપે એક,
સબળ બ્રહ્મ ગણેસને, લહે સો વીરલો એક. ૮

ગુરૂ સ્તુથી રાગ બનજારો નાટકનો.

તમને વંદુ હું વારંવરા, ગુરૂ સંગત દાસ હમારા.
ગુણ ગાતાં રહી જાય બાકી, ઉમા શીવ સંવાદની શાખી
જેથી ગુરૂ ગિતા થઇ સારા, ગુરૂ સંગત દાસ હમારા.
ગુરૂ શબ્દનો અર્થ છે મોટો, જેની કૃપાનો નથી કંઇ ટોટો
ગુરૂ ગોવિંદ શાસ્ત્ર આધારા, ગુરૂ સંગત દાસ હમારા
તમેં હીત કરતા ઉપકારી, લ્યો નર્કોથી સૌને ઉગારી
તમેં રામ રતન દેનારા, ગુરૂ સંગત દાસ હમારા
તમેં ભ્રમથી લીધો ઉગારી, તે પર મજબુત મેખો મારી
હવે ડગે નહી તલભારા, ગુરૂ સંગત દાસ હમારા
કૃપા કીધી કાહાનજીભાઇએ, પ્રભુ કર ગ્રહીને લઇએ
એમ પ્રેર્યા દયા ધરનારા, ગુરૂ સંગત દાસ અમારા
મોટી સિદ્ધિ શકતિના સ્વામી, તમને કહેવું શું અંતરજામી
માટે જોશો ન દોશ લગારા, ગુરૂ સંગત દાસ હમારા
આકર્શણ શકિત ચલાવો, મને સંમારગમાં નભાવો
એવા અકળ ગુણો છે તમારા, ગુરૂ સંગત દાસ હમારા
સંગત નામનો અર્થ છે એવો, કરે સંગત પોતા જેવો
તેની ભકિત ભાગ્ય હમારા, ગુરૂ સગત દાસ હમારા

લલિતછંદની ચાલ.

સંગ તાહરો, જો કર્યો હશે
ગતી માહરી, તો પ્રભુ થશે
તન મન ધન થકી, સેવ જો થશે
દાન ધ્યાન જો, મન વીશે ઠસે
સકળ ભય તજી. નામ જો ભજ્યું
જીવત માહરૂં, સફળ તો થયું

રાગ પર્ભાતીઆનો. ગુરૂ મેળાપ.

આજ તો અવનવી વાત એક ઉચરૂં, સંગતી દાસની ભાળ લાગી
કાહાનજીભાઇએ મોકલ્યા તેમને, પ્રેમને હેતની હા વાગી. ટેક.
અમદાવાદ શેહેરમાં આવી પોતે રહ્યા, પર્માંરથ રૂપની જોડી
સંશય સર્વને ભેદીને છેદીને, જગ સંસારની બેડી તોડી. ટેક,
અતિશય બોધિને બુદ્ધિને શોધિને, રામરસનું વળી બીજ વાવ્યું
શિષ્યસંમુખકરી શક્તિ દીધી ઘણી, બીજને પોણીથી ખુબ સીંચ્યું. ટેક
રારસ વેલીનું ઝાડ જે ફુટીયું, ઉંટીયું ભ્રાતીનું નાંખ્યું કાઢી
અધિકાર વગરની વસ્તુ કો ના ફળ, જાઓ પુરાણની શાખ પાઢી, ટેક.
છે અત્તિ સુગમ વળી શીખ જે દીધીઓ. શક્તિઓ સિદ્ધીઓ જેથી પામે
નવ બને મુજથકી દોષ કોનો કહું બગ કરે ભાગ્ય તો દોષ વાંમે. ટેક,
શરણુ એક તમતણી રાખું સંગત ઘણી, લેજો સંભાળ મને બાળ જાણી
નીયમ કો ના બને ગોપાળ તેશુંકરે, મ્હેરછેસ્વામીનીમંન આણી. ટેક,

કક્કો. રાગ ઓખાહરણનો.

કકા કામારીને ભજો, પરનીંદા પરધનને તજો
ખખા અંતે ખોટો ખેલ, બળે દીવો જો પોંચે તેલ.
ગગા ગુરૂની મોટી વાત, જ્ઞાન જ્ઞાન કરે સાક્ષાત
ઘઘા ઘણું કેહેવું શું પડે, ગુરૂ સુખીને કાંઇ ના નડે
ચચા ચતુરાઇ મુકી દઇ, ચતરૂભુજની કરો સગાઈ
છછા છબીલો કેહેછે વાત, મારો ભગત્ત તે હું સાક્ષાત
જજા જાણપણુ મુકી દઇ, ગુરૂ ચરણમાં વાગો ધાઇ
ઝઝા ઝાનવી તેને જાણ, ચરણ રજ પાવન પરણાણ
ટટા ટેક તો એવી ધરે, પ્રભુ નામથી કંઇ ઓસરે
ઠઠા ઠીક બન્યોછે જોગ હરી ભજનનો કરની યોગ

ઢઢા ઢાલ ભજનની કરો, ભવસાગરને સેજે તરો
તતા તારણ ગુરૂનો મંત્ર. પાર ઉતારણ હોકાયંત્ર
થથા થાકી બેસવું નહી, જેમ તેમ હરીને ભજવા સહી
દદા દાન દયા દીનતા, અમરત પેઠે જે સેવતા
ધધા ધ્યાન હરીનું ધરે, હરી ભાવને જે અનુંસરે
નનઃ નારાયણ રાજી થાય, અભીમાનથી છેટે જાય
પંપા પુતશામની ટેક, જેવી ભક્તિ તેવો નેક
ફફા ફરીફરી શું કહું. ભજશે નહીં તે ખમશે બહું
બબા બહાનાં કાઢશે નહી, જમ કીંકર પકડશે સહી
ભભા ભાર તારે તો રહે, જમને તું અઠવા ના દે
મમા મનુષ્ય થયો તે સાર, લક્ષ ચોરાશી થાયે બાહાર
યયા યાદવપતી જો મ્હેર, કોણ જમડો ને કોનો કેર
રરા રામ રમેછે સહી, ભક્તજનોના રૂદીયા મહી.
લલા લય ભજનમાં થાઓ, ચેળ ભમરીની રીતી સાઓ
વવા વાસુદેવનું રૂપ, જયાં ત્યાં ગણવું એક અનુપ
શશા શાસ્ત્ર પુરાણે વાત, હરી ભક્તની એકજ ખ્યાત
ષષા ષટ દરસનથી એક, એક જાણવો એજ વીવેક
સસા સ્રાર સમજીને ભજો, ભકિત સ્વાદને ચાખીજો
હહા હામ ન મુકીશ હવે, સમરથ ગુરૂછે માથે તને
ગુરૂ બોલતો સમજે મર્મ, ગોપાળ કહે તે ભાગે ભર્મ

રાગ પ્રભાતીયું. ભકિત જ્ઞાન વિશે.

પ્રભાતના પહોરમાં, સમરવા શ્રી હરી
શુરે સુતો અલ્યા, ઉંઘ આણી
માતાના ઉદરમાં, સંભાળ જેણે કરી
જગત કર્તા હરી, લેને જાણી.　　ટેક.
તેજ અજ ઇશ છે, શીવને શકિત છે
શકિત પોતા થકી, હોય ન અળગી
નિગુણ એજ છે, સરગુણ તેજ છે
અપાર લીલા ધણી, દુર કળથી.　　પ્રભાત
પંચ મહા ભુતને, નીયમમાં રાખીને
નટવર થઇ વડો, ખેલ કીધો
ચોગથી પીંડના, અનેક પોતે બને
ગુરૂ ગમ હોય એતેણે ક લીધો.　　પ્રભાત

અકળ માયા હરી, નામ તે રૂપની
ભર્મી ભુલી પડયો કોને ગાવું
સ્ત્રી પુરૂષ લીંગથી પાર પોતે ધણી
અગમ ને અગોચર, કોને ધાવું પ્રભાત.
ભકત પ્રતિપાળ છે, ભુમીમાં ભુદરા
રૂપ નરસિંહે, હિણાક્ષ્ય માર્યો
શરણ જેકો ગયા, નીસ્યે તે ઉધ્ધર્યા
પ્રતાપ સંગત ગોપાળ વાર્યો. પ્રભાત,

રાગ કાફી. ભકત વિષે.

રામ ધુન લાગીરે, સંસાર સાવ ઝેર થયો
હરી રસ ચાયોરે, મુખે નવ જાય કહયો
પરપંચ ને પકડો નવ ગમે, નવ ગમે મોટમ માન
ખોટો હોય તે ખોળે બેસે, સાચાનું શું પરમાણ
વાત તો એવી છે રે, એતો હવેલો થયો (રામધુની)
દુનીયામાં કાંઇ સમજતો નથી, (ને) થયો ભગતડો છેક
મારા તારામાં કાંઈ ન સમજે, નથી એનેરે વીવેક
વેશ એવો હલકોરે, ભગતનો ન જાય સહયો (રામધુની)
ભગતે તે શું ભુડું કીધુ કે, દુનીયાં ડહાપણ ડાળે
ભગત બીચારો કાંઇ ના ખીજે, રામ મગન થઇ માલે
બલીહારી સંગત એવારે ગોપાળ એવો કયમ ના થયો (રામધુની

ગુરૂ સ્તુતિ રાગ કલ્યાણ નાટકનો

સંગત સ્વામી અંતરજા કરજોમી, મોટી મહેર
વાર વાર વર માંગુ સ્વામી, ઉતારજોને ઝેર

સંત ગુરૂ તમો પ્રણમીએ અમો, અરજ ઉર ધરો દુઃખ પરહરો
જગ તારણ જગ ભાર ઉતારણ, રાખું મોટી આશ
એકવાર નીજ દરશણ દઇને, કેહેવરાવો સાબાશ
સત ગુરૂ તમો પ્રણમીએ અમો, અરજ ઉર ધરો દુઃખ પરહરો
ગરૂડાગાંમી સારંગપ્રાણી, કપા કરો માહારાજા
ત્રીકમજી તેવડમાં રે'જો દેવા દરશણ કાજ
સંત ગુરૂ તમો પ્રણમીએ અમો, અરજ ઉર ધરો દુઃખ પરતરો

સોરઠો.

સંગત દાસ પ્રતાપ, સઉ જોડાએ જાય છે
પ્રીતમ તુજ બલીહાર, તુજવીણ ગોથાં ખાય છે.

પ્રશ્ન ગુરૂનામ વિશે છપ્પાની ચાલ.

પાંચ અક્ષર નામ, અકલથી જાણો મનમાં
લક્ષ્યારથ એક લહી. ગણો વ્યાપક તે સૌમાં
શાથી લકડ બને શુદ્ધ મલિઆગર ચંદન
કોણ કરેછે મેર નીચ, નમાવી ગરદન
એ બેઉ પ્રશ્નના અર્થથી જે નામ નૌતમ થાય છે
તે ભવ તારણ દુઃખ નિવારણ દેવ મમ કેહેવાય છે

ઉત્તર સંગદાસ

પ્રીતમના મહીનાનો રાગ ઇશ્વર સ્તુતી.

પુન્ય ને દાન કર્યું નથી, નહિ જપ લેશ
જાય જવાની માહરી, આવ્યા ધોળા કેશ (પુન્ય
રામ રટણ કંઇ નવ થયું, ગુરૂ શરણ છે એક
કામના તજીને ભજુ હવે, રાખો મારી એ ટેક (પુન્ય)
નહીતો રખડીને હું પડું, પણ રાખજો લાજ
જીવતર મારૂં સફળ કરો, હે! ગરીબ નીવાજ (પુન્ય)
ભારે ભરૂંસો સંગત તણો, ગુરૂ કરજો સહાય;
ઇશ ગોપાળરે આવજો, અંતે હે રઘુરાય (પુન્ય)

રામ કૃષ્ણ હરેના અર્થ વીશે રાગ છપ્પાની ચાલ.

સરણાં ગતનાં દુઃખ ને હર્ણ કરે છે
કર્મયોગી જે સ્વરૂપ માહીં, રમણ કરે છે
દુઃખ મુળ જે પાપ નગે તેના હરનારા
રમણ સ્થાનનું રૂપ, જે ભક્તયોગ કરનારા
વળી રમણ સ્થાન મુમુક્ષુનું, જ્ઞાનયોગી જે ધ્યાયછે
તે રામકૃષ્ણહર નામ આદિ મહાદેવ કહેવાય છે.
પાપ મુળ કામાદિક, દોષ હરો છો
કામાદિનું મુળ વાસના, રહીત કરો છો
અશ્રદ્ધા આદિ દોષ હરો, કથા સાંભળતાં છો
ભક્ત જનોનાં દુઃખને કરશણ કરતા

વળી સત્યાનંદ સ્વરૂપ છો, ત્રણે કાળ પ્રભુ આપજી
એકવાર નીજ દરશણ કરવા, રાખું મોટી આશજી
શ્યામ સુંદર દેહ જગતને મોહ પમાડે
તત્વજ્ઞાનથી તીમીર અજ્ઞાન હટાડે
જ્ઞાની જનનાં ચીત્ત, ને જે હરણ કરે છે
દીગાંબર ધરી કાય, યોગ નીંદ્રામાં રહે છે
એ અનંત રૂપ ગુણ આપના શ્રી ગુરૂ સંગત દાસજી
સેવક જનને તારવા, પ્રભુ લીધો અવતારજી

શીવ સ્તુતી. રાગ બનજારો.

જય શીવ શંકર મહાદેવા, કરૂં ભાવ ધરીને સેવા
છો દેવતણા અધી દેવા, જય શીવ શંકર મહાદેવા. ટેક ૧
માર્કંડને આયુષ દીધી, તમે દક્ષને શીક્ષા કીધી
ગીરજાપતી સ્વયંભુ એવા, જય શીવશંકર મહાદેવા. ટેક ૨
પુષ્પદંત અનુગ્રહ કીધો, દધી સુત શીરપર લીધો
ભક્તજનની માની સેવા, જય શીવશંકર-મહાદેવા. ટેક ૩
તમે ભોળાનાથ કહેવાયા, ભીલડીની પુંઠે ધાયા
નથી શક્તિ તમ ગુણ કેહેવા, જય શીવશંકર મહાદેવા. ટેક ૪
આપે ભસ્મને રૂદ્રાક્ષ શોભે, સર્પ હાર જનોઇએ ઓપે
દુરજન જોઇને કંપે એવા, જય શીવશંકર મહાદેવા. ટેક ૫
તમે રાવણને બળ દીધુ, ભસ્માસુરને કંગણ દીધું
તમે ગૌરીનાથ પ્રભુ કેવા, જય શીવશંકર મહાદેવા ટેક. ૬
છો સ્મશાંન કેરા વાશી, સચ્ચીદાનંદ અવિનાશી
સો સેવાથી પાંમે મેવા, જય શીવશંકર મહાદેવા. ટેક ૭
ગુરૂ સંગત દાસ પ્રતાપે, સ્નેહી ગોપાળરાય જ્ઞાન આપે
કહે ત્રીકમ હરીગુણ ગાવા, જય શીવશંકર મહાદેવા. ટેક ૮

તત્વવીવેક વીશે. છપ્પાની ચાલ.

મીઠો લાગે મધ, રામ રસ જે ઉર ધાર્યો
સ્ત્રી બનીને રામ આપ મહીશાસુર માર્યો
ત્રીયા પુરૂષમાં એક બ્રહ્મ તત્વ સઉ પેખો
કુમ બુદ્ધિના જનો ભેદા ભેદા દેખો
દાનવ માનવ મહીપતી, કાં રંકને રાય
સકળ શીરોમણ સાર છે, રામ નામ મહીમાંય

પ્રશ્ન છપ્પા.

રામ નામનો અર્થ સ્નેહી, મુજને સમઝાવો
કૃષ્ણ કહે શુ થાય, પ્રભુશું કરવા ગાવો
નારાયણ ભગવાંન અનાદી નામ કહ્યું છે
લ્યો શું કરવા નામ, કામ પ્રયોજન શું છે
નીતી રીતી ને સત્યતા દયા ક્ષમા શાંતી ધરી
તે તો જાશે સ્વર્ગમાં શામાટે ભજવા હરી
કહો પ્રીતીની રીત, વીત્ત શું કામે લેવું
અસ્ત્રીનો ઉપયોગ, પુત્રથી શું સુખ કહેવું
ધરમ પુણ્યની માત, પાપનો બાપ કયો છે
ભાગો સગળો ભર્મ કરગરી શેવક પુછે
વળી મોટો સંદેહ મન વીશે જ્ઞાની જન શું નહીં કરે
ત્રીકમ પ્રભુનો આશરો, તે નીવ્રત્તી નીશ્ચે ...

ઉત્તર છપ્પા.

રમી રહ્યા બ્રહ્માંડ રાગ તેથી કહેવાયા
દુઃખો કરશણ કરે કૃષ્ણ તેથી કહેવાયા
નારાયણનું નામ પાપને ભસ્મ કરે છે
અવીદ્યા જેથી જાય સાક્ષાતકાર મળે છે
દયા ક્ષમા ને નીતીઓ, ભજન વીના શા કામની
સ્વર્ગ તેથી જો સાંપડે (તો) જાય ઝાડ જનાત્તર માનવી.
બંદુક ગોળી ચોટ પ્રીતીને તેવી સમજો
પ્રીતમ વીના ન ચેહેન, અવર ના લાવે દુજો
શુદ્ધ મેળવી ધંન દાંન નીષ્કામે દેવું
પ્રજા કરવાને કાજ પાંણી ગ્રહણને કરવું
વળી પીત્રુ તરપણ કારણે પુત્ર હોયતો બહુ ભલો
નહીતો રામ રટણ થકી બ્રહ્મરૂપને જઇ મળો.
ધરમ પુણ્યની માત સત્ત દયાને માનો
બાપ તાત જે પાપ, અભીમાનજ પરમાણો
શરણ લેઇને રામ સુખની વૃત્તી લઇએ
જ્ઞાનીને નવ હોય રાગ દ્વેશ નીજ લઇએ
ગુરૂ ગોવીંદ તે એક છે, સઘળે જોયું મેં મથી
સંગત ગુરૂ બલીહાર છે ગુણ ગાવાથી છે ગતી.

—:*:—

અથ ગીતા સાર.

રાગ ચોપાઇનો

શ્રી ગુરૂ સંગતનો પરતાપ, ભવતારણ છે આપો આપ
રામ ભજન કહે સઘળે ભાખ, શાસ્ત્ર સ્મૃતીની દેછે સાખ
ખળ જ્ઞાની થઈ લોકો સહુ ભજન ત્યાગથી ખમશે બહુ
રૂપ રામ છે બ્રહ્મજતણું સીતાજી માયાને ગણું
સરગુણ નીરગુણ એકજ બ્રહ્મ, બ્રહ્મ જાણ્યેથી ભાગે ભ્રમ
કળી કાળ ચાલ્યો આ જાય, ધર્મ વ્રતિ કો એકજ સાય
શ્રીમદ ભગવત ગીતા સાર, દુર્લભતા કેહેછે અપાર
જીવ જંતુ દુનિયાંમાં જેહ, પર્મારથ ના પ્રીછે તેહ
મનુષ્ય એક તણો અવતાર, બળ બુદ્ધિ વાપરવા સાર
મનુષ્ય હજાર વિશે કો એક, પુર્વ પુણ્ય જો વાધે છેક
રત્ન કરે પરમારથ કાજ, ત્યાગ કરે વિશયોનો સાજ
રત્ન હજાર કરનારા વિશે કોઇ એકજ સીદ્ધિએ વસે.
સિધ્ધો હજાર વિશે કો એક, આત્મારામ જાણે કો એક
મમ માયા દુસ્તર છે ખરી, પણ અનન્યભકત મુજ કરસે પરી
અલ્પ અલ્પ પુણ્ય વૃધ્ધી થયે, છેલ્લે જન્મે જ્ઞાની જયે
વિશ્વ સઉ વાસુદેવ લહી, મુજને એક ભજે છે સહી
દુર્લભ છે એવા મહાત્મા, જ્યાં ત્યાં લે'છે પરમાતમા
જગ કારણ જગ હેતુ જેહ, પ્રાંણી માત્ર વસેછે તેહ
વ્યાપક વિશ્વ વિશે જે છેક, ભકિત એકાંત મળે તે એક
દુરાચારિ પણ મારો ભકત, અનન્ય ભકિયે ત્યાગે
સાધુ શ્રેષ્ટ ગણે જમી સઉ સાથ, મારી ભકિતનો પ્રતાપ
માટે મન મારામાં રાખ, ભકત પુજનથી મુજને પાગ
મમ પરાયણ મુજમાં ચીત્ત, (તો) તું મુજને પામીશ ખચિત
સ્થિતી ચિત તણી બ્રહ્મ વિશે, દેહ દર્શીયે કષ્ટે થશે
સદા સર્વદા વ્રત્તિ એક, બ્રહ્મમય રેહેવી દુર્ઘટ છેક
માટે સગુણ રૂપ મમ જેહ, યાદ કરો મુકીને છેહ
કર્મ આર્પી મમ ધ્યાનજ કરે. મમ પરાયણ થઈવીચરે
અનન્ય ભકિત ઉપાસે મને, ચિત્ત વિશે જોડે કૃષ્ણને
મર્ણ યુકત સાગર સંસાર, ઓધાર કરૂં નવ લાગે વાર

સંકલ્પ વિકલ્પ મનના ધર્મ, નિશ્ચયતા બુદ્ધિનું કર્મ
એ સઉ ભાવ કરે સ્થિર જેહ મમ પરાયણથઈને રેહ
એમ કર્યાથી જ્ઞાનજ થાય, દેહાંતે મુજનેજ પમાય
સ્થિતી ચિત્ત કરિ ના શકે, (તો) વિરાગી મનને ખેચી રખે
ક્ષણ ક્ષણ પ્રત્યે મારૂં નામ, સ્મરણ જાપ કરો આઠો જામ
અર્જુન એમ કરી અભ્યાસ, મમ દર્શનની રાખે પ્યાસ
નામ સ્મરણ એકે નાં બને, (તો) પ્રીતી કર મમ વૃત્તો ભણે
મમ પરાયણ કર્મો કરે, તો નિશ્ચે તુ મોક્ષજ ધરે
ભકિત એકાંત સેવે જો અને, અનન્ય ભકતી હોવે જો તને
ગુણાતીત, સ્થિતી તવ થશે.બ્રહ્મ લહયાથી મુકિત થશે
ભકિતની છે મોટી વાત, જ્ઞાન થકી તે અધકી જાત
ભુલ ચુક ઠેકાણે થાય, ઇશ્વરપદ સેંજે દર્શાય
(માટે) રામ કૃષ્ણ હરીનું નામ, ભુલવુ નવ કો એકે ઠાંમ
સંગત ગુરૂને છે બલિહાર, ભવસાગરથી કાઢે બહાર
ગોપાળ ગુરૂ તણી જો શર્ણ રામ રટણથી સુધરે મર્ણ

ઇતી ગીતાસાર

જે સચ્ચિદાનંદ અને જય શ્રીકૃષ્ણ વિશે.

હરીગીત છંદ (ચાલ ભેરવીની ગઝલ.)

સ્નેહી સજ્જન દાસ ત્રીકમ બુદ્ધિશાળી મીત્ર છો
તેથીજ કેહેવા મન કરૂં, તમે વાદ કરવા યોગછો
સત ચીત આનંદ નામ જે, વેદાંત શાસ્ત્ર સિરોમણી
માનું હું તે એક છે, પ્રભુ રામ કૃષ્ણ શંકર ગણી
એ નામ નિરગુણ રૂપનાં, જે નામ રૂપની પાર છે
તેને તમે કેમ નામ આપો, નામ યોગ સાકાર છે
વળી પિંડ પોતે રૂપ છે. સુખ સંપતી ને મોક્ષ ધારે
કહો અકતા શું કરે, જવ શકિત માયા નવ ધરે
કઠણ મોટું કાર્ય સમજો, ગ્રહણ કરવું બ્રહ્મ છે
અજ ઇશ જેવા ભુલા પડીયા, કોણ માત્ર મનુષ્ય છે
તેથી કરીને સગુણ રૂપે, સગુણ નામે બોલવું
સગુણ નિરગુણ એક છે, પણ સુગમ સગુણને માનવું
બ્રહ્મજ્ઞાન તેને કહો જે, વ્યાપક હરી તે એક છે

છે મુજ વીશે ને તમ વિશે, વળી જગત રૂપે તેજ છે
સમજવાની વાત છે તે હું જ પોતે બ્રહ્મ છું
વ્યવહારમાં સરખો રહીને, બ્રહ્મ ખપવો ભ્રમ છું
તેથીજ કહું હું આપને. પ્રભુદાસ સુગમ અમાપ છે
જય રામ ને શ્રી કૃષ્ણ કેહેવાં, લાગે વળી શું પાપ છે
સ્નેહી તમોને શું કહું, છે એક વસ્તુ તે ખરે
ગોપાળ સંગત દાસથી, શ્રી રામ નામ રૂદે ધરે

મોત વિશે છપ્પાના ચાલ.

મરવું નક્કી માંન, નથી કોઇ જગમાં રહેવું
મરવું નક્કી માન, સુણો શાસ્તરનું કેહેવું
મરવું નક્કી માંન, ગયા કંઇ મોટા મોટા
મરવું નક્કી માંન, ખમ્યા બહુ જમના સોટા
મરવું નક્કી માનજો, રંક રાજા ને રાણીઓ
સંગત સાચા (ગુરૂ) જે કરે, તેની રેંછે કાંણીઓ

ગોપાળના પોતાપણાવીશે. છપ્પાની ચાલ.

હું અવગુણની ખાણ, નથી કંઇ મુજમાં બાકી
રહયો વિશય લપટાઇ, કરમની કેવી સાખી
નહિ દૈસે કંઇ ખુર, નથી કિધું મેં જપ તપ
બજન વ્રત નહી થયું, ગયું આયું સૌ ગપસપ
શિક્ષા શું દઉ અન્યને, ગુણ એકે મુજમાં નથી
સંગત ગુરૂની, મ્હેર જો, ગોપાળ ભય એકે નથી

ત્રીકમના પોતાપણા વીશે છપ્પાની ચાલ.

નથી ગુણ મુજમાં લેશ કઠોર અતિ બુદ્ધિ મારી
કરી ગુરૂએ ગુહ્ય સાન અહી મેં હીમત ધારી
પણ સાહેબ છો એક એક તમે શ્રી અંતરજામી
કરજો મારી સાર વાહાર, અતી ગોકુળગાંમી
અધમ ઓધારણ નાથ છો, નામ થકી પાતીક ટળે
પણ માગું હું એટલું ગોપાળરાય નીત્યે મળે.

ભુજંગી છંદની ચાલ.

અહો મીત્ર મારા અતિ શું વખાણું
કર્યો સંગ મેં આપનો તે હું જાણું
કુતર્કના વાદ વીવાદ ત્યાગી
પ્રભુ નામની વાત એક પ્યારી લાગી
અહી જ્ઞાન ધરી ધ્યાંન એકાગ્ર ચીતે
કર્યો નીશ્ચય સચ્ચીદાનંદ પ્રીતે
ગુરૂ બોધ ગ્રહી અંતરે ભ્રાંતિ ભાગી
પ્રભુ નામની વાત એક પ્યારી લાગી
થઈ ધીર સુરવીર અતી શીઘ્રતાથી
કરો પરગજુ કામ બહુ નીસ્પૃહાથી
તેથીજ હું આપને કહું સુભાગી
પ્રભુ નામની વાત એક પ્યારી લાગી
છો દ્વીજ જાતીમાં ગોપાળ નામે
કૃપા ઇશ્વરી છે વીજય સર્વ ઠામે
તથાપી ગુરૂથી ગ્રહો જ્ઞાન માગી
પ્રભુ નામની વાત એક પ્યારી લાગી
છે આપના ગુણ અપાર ભાઇ
હું અલ્પ મતિ કહો શકું કેમ ગાઇ
મુજ ઉપરે ભાવ રાખો છ શારો
કહે ત્રીકમ સેજ સ્તુતી સ્વીકારો

ભકતમાળ સાર સંક્ષેપ   રાગ કાફી

ગોવીંદ ગુણ છે એવારે, શેવકની તો વારે ધાવું
મોટો મહીમા તારોરે, તેને તો અભેદાન દેવું   ટેક
ધ્રુને ધરા ઉપર ધર્યા, ચીરંજી ગ્રહ પરદાન
વહાણવટી સાગર વહે, જેનું લેઇને એધાણ
વાસુદેવ વશ થાયેરે, તેને તો હરદમ ગાવું   ટેક
પ્રેલાદની પ્રતીપાળજ કીધી, દૈતનો મારી બાપ
નરસીંહ નામ ધરાવ્યું પોતે, સ્થંભેથી નીકળી આપ
રામ રમાયણ એવું રે, પ્રેમઆંણી ખુબ પીવું   ટેક

પંચાળીનાં પટકુળ પુર્યા ને રાખી સભામાં લાજ
ગોવીંદ ગાતાં ગુણકા તારી સાર્યા તે સઘળાં કાજ
અજામેલ પાપી એવોરે, નારાયણ નામ રટયું ટેક
તેને તમે વીમાનજ આપ્યું ને પુર્યાં મનના કોડ
જરાસંધ સાથે યુદ્ધજ કરતાં, નાઠા તે શ્રી રણછોડ
અદભુત મા'તમ એવુંરે, કોયે કયમ બને કળવું ટેક
સમુદ્રમાંથી સાહીને કાઢયો, રામ કહેતાં ગજરાજ
પરમારથથી પારધી માર્યો, ઉગાડયો તો બાજ
નામ નૌતમ તારૂં રે નામે ભવ પાર થાવું ટેક
વીદુરની તો વીનતી સુણીને ભાજી ભાવી ભગવાન
સુદામાનો સોના મેહેલજ કીધો તાંદુલ દીધું માન
શલ્યાની અહલ્યા કીધી રે, શરાપનું તો નામ ગયું ટેક
રાવણ ને તમે રણમાં રોળયો ને દેવના ભાગ્યાં દુઃખ
વીભીક્ષણને તમે રાજ્ય આપ્યું કીધું ભગતને સુખ
ભુનો ભાર ઉતારી રે પોતાને સ્વધામ જવું ટેક
કૃષ્ણ રૂપે કંસને માર્યો કામ બાળયો શીવરૂપ
ભોળા થઈને ભીલડી ધાયા, લીલાઓ કીધી અનુપ
માયા મોહ પમાડે રે તેથી અઘરૂં તરવું ટેક
મીરાં ઉપર મેહેર કરીને પચવીદીધું ઝેર
નરસીમેતાને હારજ આપ્યો રાજા મંડળીકને ઘેર
કબીર કારજ કીધું રે જમાતને તો અન્ન દીધું ટેક
એવા અનેક ભકતો કહે મહીમા આપનો મોટો
સુજને પ્રભુ તારો ગણી દર્શનનો પણ ટોટો
સંગતસુખ થાશે રે ગોપાળ ગુણ ગાતા રે'વું ટેક

ગુરૂ મહાત્મ વીશે રાગ સીતાજીના મહીનાનો.

ગુરૂ જ્ઞાનની છે મોહોટી વાત, ગુરૂ ગમ દોહલી
ગુરૂ પ્રાણ તણા આધાર, શીખામણ દે ભલી
રીતી એવી બતાવી છે એક, પરમારથ રૂપની
કર્યો સંસાર ભજન સ્વરૂપ બલીહારી તે દેવની

રાગ. ફેર પ્રીતમના મહીનાનો

સાંનમાં મને સમજાવીને, દીધું ઓનોપંમ દાન
વગર પરીશ્રમે થઇ શકે વીના કોઈની જાણ સાનમાં

સકળ સીદ્ધી વળી જે ધરે મોટો છેરે પરતાપ
સંગત ગોપાળ જો કરે ટાળે ત્રીવીધિના તાપ સાનમાં.

ઇશ્વરના ગુણ વીશે.

રાગ પરભાત, (સુખ દુઃખ મનમાં ન લાવીએ.)

અહીમા મોટોરે મહાદેવનો, જેણે હળાહળ પીધું
દુઃખ ટાળ્યાં સૌ દેવનાં, મહા કૃપાના સીંધુ (મહીમા મોટોરે)
ભોળા થઇ ભોળા નાથજી, પુંઠે ભીલડીનિ ધાયા
ધારા ગંગાની ધરા નવ ધરી, ગંગા જટામાંરે લાવ્યા ટેક.
રામ રતન અમુલ છે, રાખો રૂદીયારે માંહી
રાવણ રોળ્યો રણ વીશે, સાથ કુંભકર્ણ ભાઈ ટેક.
વૈભવ વીભીષણ આપીયો, રાજ લંકાનું દીધું
સલ્યાની-અહલ્યા કરી, મોટું કૌતક કીધું ટેક.
બ્રહ્મા પોતે ભુલા પડયા, જેનો પાર ન જડીઓ
નામ નારાયણ અવનનું, જેથી અજામેલ તરીઓ ટેક.
પ્રેહેલાદ પાળ્યો પ્રીતથી, રૂપ નરસીંહ ધારી
નામે તારી ગુણકા, ગોવીંદ ગીરીવર ધારી ટેક.
કૃષ્ણજી મોહ્યાં કુબજા, માસી પુતના મારી
ક્રોધ કરીને માર્યો કંસને માતા લીધી ઉગારી ટેક.
સંગતીદાસ શરણ થકી, ભય સઘળોરે ભાગ્યો
ગોપાળને ગુરૂ સાચા મળ્યા, રામ રસ અનુરાગ્યો ટેક.

ગુરૂ સ્તુતિ.

રાગ પ્રીતમદાસના મહીનાનો નાટકનો વીલાપ.

ગુરૂના ચરણ મમ શીશ છે, પ્રભુ સ્વરૂપ છો આપ
કૃપા કરી મુજ ઉપરે, ટાળો ત્રીવાધીના તાપ ગુરૂ
આશા અતિ મુને આપની, પ્રભુ દરશન માટે
મમ અંતર તમ દુર કરી, બતલાવોની વાટ. ગુરૂ
માત પીતા મમ ભ્રાત તો ગુરૂ છો મહારાજ
ઉપમા શી આપું અતી ઘણી, મારા શીરનારે તાજ ગુરૂ
સંત ચરણની શેવામા, નહીં કાયરનું કામ
હરીજન હેતથી આવશે, વહાલુ રામનું નામ ગુરૂ
ગુરૂના ચરણ કોઇ શેવશે, કરશે જ્ઞાન પ્રકાશ
તો તે પરમ પદ પાંમશે,કેહેછે ત્રીકમદાસ ગુરૂ

ચાલ આર્યગીતી છંદની.

મનને ઉપદેશ વિશે.

મનુષ્ય દેહ પાગ્રાને, નામ હરીનું નહીં જાણ્યું સ્વપને
એવા જન જગમાંહે. પેદા થઇને લજવી જનુનીને
મીથ્યા જન્મ ગુમાવી, માયા બોજ ગ્રહી શીરપર લીધો
ધન ધન ધન તેને પ્રેમ ધરીને પ્રભુનો રસ પીધો

રાગ નાટકનો બનજારો.

આ જગની ખોટી સગાઈ, છે રામ ભજન સુખદાઇ
હરી ભજન થકી કાંઇ તરીઆ, મહા અધમાધમ ઓધરીઆ
કરી રામ નામ કમાઇ. છે રામ ભજન સુખદાઈ
આ સંસાર સાગર મોટો, આ દેહ અસાસ્વત ખોટો
તરવા હરી નામ પના, છે રામ ભજન સુખદાઈ
જો પ્રભુ ભજન કાંઇ થાસે તો ભવનો ફેરો જાશે
નહીતો ભટકસો ભાઇ તે રામભજન સુખદાઇ
કહે દાસ ત્રીકમ નહી થોડું, ઘટે આયુશ થાયે મોડું
લ્યો દસરથ સુતને ગાઇ, છે રામ ભજન સુખદાઇ

મનને શીખામણ.

રાગ. ક્ષત્રીકલંકનો.

અરે દુષ્ટ તજ મીથ્યા અભીમાન, પરપંચ સંચ શાને કરેરે.
તારી બુદ્ધિ બળી કહું મારૂં માંન, પ્રપંચ. ૧
એક પેટને કાજ અપાર. પ્રપંચ.
ભાવે ભજી લે શ્રી વીશ્વાધાર. પ્રપંચ. ૨
આપ્યા દાંત તે આપશે ભક્ષ પ્રપંચ.
પ્રભુ પદ વીશે આપો અતી લક્ષ. પ્રપંચ. ૩
અન શાઇને કર્યું તે તેં હરામ. પ્રપંચ.
ભુલ્યો મંદ મતી રામનું નામ. પ્રપંચ. ૪
હરી ભજન વીના હે ગુમાર પ્રપંચ.
માથે લક્ષ ચોરાસીનો માર પ્રપંચ. ૫
ખરૂં કહેતાં લાગે દુઃખ અપાર પ્રપંચ.
દુર બુદ્ધિ જનને છે ધીક્કાર પ્રપંચ, ૬

સૌથી સાચું શ્રી હરીનું નામ પ્રપંચ.
પ્રીતે ભકિત કરી લે નિષ્કામ પ્રપંચ. ૭
ક્ષણ ભંગુર મલ્યો આ દેહ પ્રપંચ.
સુત વિત્ત દારા નાશવંત તેહ પ્રપંચ. ૮
તેમાં પ્રોયું તે ચિત્ત અપાર પ્રપંચ.
રટયા રામ વીના મીથ્યા ધરાભાર પ્રપંચ. ૯
અંતે સાહ્યક શ્રી જુગદીસ પ્રપંચ.
કહે ત્રીકમ ભજો હરનીસ પ્રપંચ. ૧૦

પ્રશ્ન છપ્પો.

છે જગમાં શું સાર, અસાર, કહો મુજને ભાઇ
ખરો શતરૂ, કોણ કોની છે ખરી સંગાઈ
શાથી સંકટ ટળે, ઉપાસીક કોના થાવું
નીરાકાર ભગવાન, ગુણ તે કોના ગાઉં
સાધુને પીડા અતી પાપીજન કુશળ રહે
છો સ્નેહી સમજાવજો કર જોડી ત્રીકમ કહે

ઉત્તર રાગ પંચમી.

ભજન સાર સંસારમાં સમજો
અસાર વસ્તુ ભોગો ગણજો
વીષયી ઇંદ્રી શતરૂ માનો
વીષય રહિત મિત્રો પરમાણો
દુઃખ મુળ તે સ્નેહજ જાણો
નીરાશાસમ કો સુખ ન માણો
નીરાકાર સાકાર થઇ અદભુત લીલા વીસ્તરી
ગુણ ગાવા છે ઇશના ત્રીકમ સમજો મીસ્તરી

મનનો પસ્તાવો.

રાગ (ભેખ ઉતારો રાજા ભરથરી.)

મનના મનસુબા મનમાં રહ્યા, પુર્ષારથ એળે જાયજી;
જાણ્યું હતું તે જગ વીશે, સાર્થક જન્મનું થાયજી. મનના

અવસર સઘળો એળે ગયો, જપ્યા નહીં ભગવાનજી
અવકાશ મુજને નહી મળ્યો, દૈવ મહા બળવાનજી. મનન
વ્યાધીઓ ઘેરે તનને, મન અતી કરે વાદજી.
કેમરે સેહેવાસે દુઃખ મર્ણનાં. રામ કેય આવે યાદજી મનના
અધાર સુસુપ્તીના કાળમાં, ભાન દેહનું જાએજી
અસહ્ય દુઃખો થાશે જીવને, રાંમ રાંમ કઠણ થાએજી મનના
એવીરે વખતે તમેં આવજો, ગોવીંદ ગીરીધર લાલજી
સંગત સ્વામી વારે ચડી, લેજો ઉગારી ગોપાળજી મનન

રામ નામના આધાર વિશે.

છપ્પાની ચાલ.

આધાર મોટો માન, સકળ આધારે રહે છે
આધાર મોટો માન, દેવ પણ આધાર લેછે
આધાર મોટો માન, સકળ વ્યોમ વાયુને
આધાર મોટો માન, તેજ પૃથ્વી, પાણીને
આધાર મોટો માયા તણો માયાને પણ આધાર છે
ગોપાળ સંગતમાનજો સૌ આધાર નીરાધાર છે

નામસ્મરણ રૂપી સાધન વીશે.

સાધન સૌનું સાર, નામ હરીનું બોલે
સાધન સૌનું સાર, નથી કઇ તેની તોલે
સાધન સૌનું સાર, નામથી સકળ ફળે છે
સાધન સૌનું સાર, નામ વિણ નીષ્ફળ રે'છે
સાર સાધન પુર્શાર્થનું, રામ નામ મુખે કહયું
ગોપાળ સંગત જો કહે સૌ પુરષારથ આવી ગયું

ત્રીકમના છુટા પડવા વિશે.

રાગ સીતાજીના મહીના.

કરૂ વીનંતી જોડીને હાથ, સ્નેહી શ્રી ગોપાળને
રાખજો હમ ઉપર મ્હેર, લઇ સંભાળને

થઈ અજાણુ જાણ્ય પ્રમાણુ, પ્રીતી અતી રીતની
સ્વારથ કે પ્રપંચ લગાર, નહી આશા વીતની
ભજ્યા ભાવ ધરી ભગવાંન, ભલુ તો તેથી થશે
કરે કોઈ શતરૂતા અપાર, અંતે દુઃખી તે થશે
કરોછો નિસ્પૃહાથી કામ પ્રભુ પદ પામશો
ખરી ખાત્રી થઇ સુજ મન, સકળ દુઃખ વાંમશો
દિનદિનના સકળ સમાચાર કાગળ લખી કહાવજો
જેષ્ટાગવરી આદી જે બેહેન માતુને બોલાવજો

રાગ કુંડળીઆનો.

દુર્લભ મનુષા દેહમાં જન્મ ધરી જે કોય
શ્રી ગુરૂ સંગતદાસને ગુરૂ કરે ગતી હોય
ગુરૂ કરે ગતી હોય સફળ જન્મારો થાશે
નહિતર જાશે વ્યર્થ માર જમડાનો ખાશે
કહે દાસ ગોપાળ સંગત સાચા ગુરૂ જાણો
શ્રી ગુરૂ સંગતદાસ ગુરૂ કરીને આનો

દુહો.

राम सरखा जे सर्वमां, गत व्यापक छे जेह
दास शिष्य छु तेमनो सङ्गत मम छे तेह.

ઇતિ ધર્મ વિનોદ સંપુર્ણ.

શ્રી કૃષ્ણાર્પણમસ્તુ.